## માધ્યમિક અભ્યાસક્રમ

# ૨૨૩ - ભારતીય સંસ્કૃતિ અને વારસો

પુસ્તક - ૧


અભ્યાસક્રમ સહયોજક
આર.એન.મીના

ભાષાંતર સહયોજક
ડૉ.રાજેશ કુમાર



**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન**

(એમ.એચ.આર.ડી, ભારત સરકાર હેઠળની એક સ્વાયત સંસ્થા)

એ - ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યુશનલ, એરીયા સેકટર - ૬૨ નોઈડા -૨૦૧૩૦૯ (ઉ.પ્ર)

વેબસાઈટ : **www.nios.ac.in,** ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૮૦૯૩૯૩

© રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન

(કોપી)

*સચિવ, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન, એ-૨૪-૨૫, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા નેશનલ હાઈવે ૨૪, સેક્ટર-૬૨, નોઈડા-૨૦૧૩૦૯ દ્વારા પ્રકાશિત અને મુદ્રિત*

## સલાહકાર સમિતિ

**ડૉ.સિતાંશુ એસ.જેના**
*અધ્યક્ષ*
*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન*
*નોઈડા*

**ડૉ.કુલદીપ અગ્રવાલ**
*નિયામક (શૈક્ષણિક)*
*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન*
*નોઈડા*

**કુમારી ગોપા બિસવાસ**
*સંયુક્ત નિયામક (શૈક્ષણિક)*
*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન*
*નોઈડા*

## અભ્યાસક્રમ સમિતિ

**ડૉ.શ્યામસિંગ શશી**
*મહાનિયામક*
*પ્રકાશન વિભાગ,* M I B
*ભારત સરકાર*

**પ્રો.આર.પી.શર્મા**
*ભૂતપૂર્વ વડા અને ડીન*
*શિક્ષણ વિભાગ*
*દિલ્હી યુનિવર્સિટી*

**પ્રો.ભિક્ષુ સત્યપાલ**
*બૌદ્ધિક અભ્યાસ વિભાગ*
*દિલ્હી યુનિવર્સિટી*
*નવી દિલ્હી*

**શ્રી આઈ.એસ.અસ્થાના**
*ભૂતપૂર્વ આચાર્ય*
*ભારતીય ડીગ્રી કોલેજ*
*ફરુખાબાદ, ઉ.પ્ર.*

**પ્રો.એમ.કે.દાસ**
*ડીન, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન*
*એમ.જી.કાશી વિદ્યાપીઠ*
*વારાણસી, ઉ.પ્ર.*

**ડૉ.હુમા મસુદ**
*પ્રોગ્રામ ઓફિસર*
*(શિક્ષણ) યુનેસ્કો*

**ડૉ.પ્રત્યુશ કે.માંડલ**
*સહાયક અધ્યાપક (ઈતિહાસ)*
DESSH, NCERT, *નવી દિલ્હી*

**ડૉ.ઈન્દુ વિરેન્દ્ર**
*સહાયક અધ્યાપક*
*જામીયા મીલીયા ઈસ્લામીયા*
*યુનિવર્સિટી, નવી દિલ્હી*

**કુ.અનિતા દેવરાજ**
*આચાર્ય*
*ડી.એ.વી.પબ્લિક સ્કૂલ,*
*બહાદુરગઢ, હરિયાણા*

**ડૉ.એસ.એસ.હસન**
*સંસ્કૃતિ ફાઉન્ડેશન*
*નવી દિલ્હી*

**ડૉ.રમેશ ચંદ્ર**
*ભૂતપૂર્વ રીડર (અર્થશાસ્ત્ર)*
DESSH, NCERT & SEO, NIOS
*નવી દિલ્હી*

**શ્રી રામનારાયણ મીના**
*શૈક્ષણિક અધિકારી (સંસ્કૃત)*
*અને અભ્યાસક્રમ સંયોજક (*ICH*)*
*શૈક્ષણિક વિભાગ,* NIOS

**ડૉ. સી.એમ.ખન્ના**
*અધ્યક્ષ,* MDPP& SK, *નવી દિલ્હી*

## પાઠ લેખકો અને સમીક્ષકો

**શ્રી આઈ.એસ.અસ્થાના**
*ભૂતપૂર્વ આચાર્ય*
*ભારતીય ડીગ્રી કોલેજ*
*ફરુખાબાદ, ઉ.પ્ર.*

**કુ.અનિતા દેવરાજ**
*આચાર્ય*
*ડી.એ.વી.પબ્લિક સ્કૂલ,*
*બહાદુરગઢ, હરિયાણા*

**ડૉ.રમેશ ચંદ્ર**
*ભૂતપૂર્વ રીડર (અર્થશાસ્ત્ર)*
DESSH, NCERT & SEO, NIOS
*નવી દિલ્હી*

**શ્રી હિતેન્દ્ર શ્રીવાસ્તવ**
*આચાર્ય, સ્પેસ ઈન્ડિયા સ્કૂલ*
*ખંજાવાલા, દિલ્હી-૮૧*

**ડૉ. સી.એમ.ખન્ના**
*અધ્યક્ષ,* MDPP& SK,
*નવી દિલ્હી*

**ડૉ.ઈન્દુ વિરેન્દ્ર**
*સહાયક અધ્યાપક*
*જામીયા મીલીયા ઈસ્લામીયા*
*યુનિવર્સિટી, નવી દિલ્હી*

**ડૉ.પ્રત્યુશ કે.માંડલ**
*સહાયક અધ્યાપક (ઈતિહાસ)*
DESSH, NCERT, *નવી દિલ્હી*

**ડૉ.સર્વદામન મિશ્રા**
*લેક્ચરર, ઈતિહાસ*
*સરકારી કોલેજ, અજમેર (રાજ.)*

**શ્રી રામનારાયણ મીના**
*શૈક્ષણિક અધિકારી (સંસ્કૃત)*
*શૈક્ષણિક વિભાગ,* NIOS

## સંપાદકો

**શ્રી આઈ.એસ.અસ્થાના**
*ભૂતપૂર્વ આચાર્ય*
*ભારતીય ડીગ્રી કોલેજ*
*ફરુખાબાદ, ઉ.પ્ર.*

**કુ.અનિતા દેવરાજ**
*આચાર્ય*
*ડી.એ.વી.પબ્લિક સ્કૂલ,*
*બહાદુરગઢ, હરિયાણા*

**ડૉ.રમેશ ચંદ્ર**
*ભૂતપૂર્વ રીડર (અર્થશાસ્ત્ર)*
DESSH, NCERT & SEO, NIOS
*નવી દિલ્હી*

**શ્રી રામનારાયણ મીના**
*શૈક્ષણિક અધિકારી (સંસ્કૃત)*
*અને અભ્યાસક્રમ સંયોજક (*ICH*)*
*શૈક્ષણિક વિભાગ,* NIOS

## અભ્યાસક્રમ સયોજક

**શ્રી રામનારાયણ મીના**
*શૈક્ષણિક અધિકારી (સંસ્કૃત)*
*શૈક્ષણિક વિભાગ,* NIOS

## ગ્રાફિક્સ આર્ટિસ્ટ

**શ્રી મહેશ શર્મા**
*ગ્રાફિક્સ આર્ટિસ્ટ*
*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન,*
*નોઈડા*

# પ્રમુખશ્રીનો સંદેશ

*પ્રિય અભ્યેતા / વિદ્યાર્થી*

*સતત પરિવર્તિત થતા જતા જન-સમાજની જરૂરીયાતો કેટલાંક જૂથોની સમય સાથે પરિવર્તિત થવાની પધ્ધતિ અને આવડતને પરિપૂર્ણ કરવા માટે જરૂરી અપેક્ષાઓ અનુસાર બદલાય તે અનિવાર્ય બાબત ગણાય. શિક્ષણએ પરિવર્તન માટેનું એક અદકું ઓજાર છે. યોગ્ય સમયનું અને યથાયોગ્ય શિક્ષણ જ સમાજની મહત્વાકાંક્ષાઓની આપૂર્તિ કરવા ઉપરાંત નવીન સમસ્યાઓનો સામનો કરવા તેમજ તે માટે જોઈતી હિંમત કેળવવા સારૂ વ્યાવહારિક પરિવર્તનની આવશ્યકતા હોય છે. અવાર નવાર તેમજ તબકકાવાર રીતે પાઠયક્રમોમાં જરૂરી ફેરફારો દ્વારા અસરકારક રીતે આવું સઘળું પરિવર્તન કરી શકાય. કોઈ પણ જડ (અપરિવર્તન શીલ) પાઠયક્રમ આવો કોઈજ હેતુ પાર પાડી શકે નહી. કારણ કે તે આવી કોઈ વૈયકિતક અથવા સામાજિક (સામૂહિક) જરૂરીયાતને પોષાતો હોતો નથી.*

*એકમાત્ર ઉક્ત હેતુસર સમગ્ર રાષ્ટ્રના કેળવણીકારોએ સમયાન્તરે એકઠા થઈને આવા પરિવર્તન માટે જરૂરી ચર્ચા-વિચારણાઓ કરવી જોઈએ. આથી જ એક ચર્ચા-વિચારણાની ફલશ્રુતિ રૂપે રાષ્ટ્રીય પાઠયક્રમ માળખા (NCF 2005) ની રચના કરવામાં આવી છે. તેણે વિવિધ કક્ષાઓ જેવી કે પાયાની પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સંદર્ભે વિષદ ચર્ચા- વિચારણાઓને અંતે એક ભૂમિકા તૈયાર કરી છે.*

*ઉક્ત તમામ -રાષ્ટ્રીય તથા સામાજિક બાબતોને ધ્યાનમાં રાખી ને અમે તાજેતરમાં માધ્યમિક કક્ષાનો પાઠયક્રમ અદ્યતન તેમજ જરૂરીયાત અનુસારનો બની રહે એ રીતે સુધાર્યો છે આમ તો અભ્યાસ સામગ્રીનું ઉત્પાદન એ NIOS કાર્યક્રમો મુક્ત વિદ્યાલયી કે દૂરવર્તી શિક્ષણનો એક સર્વાંગી તથા અતિઆવશ્યક ભાગ ગણાય. એ ન્યાયે અમે ખાસ કાળજી રાખીને આ અભ્યાસ સામગ્રી તમારા જેવા ઉપયોગ કર્તા (અભ્યેતાઓ) માટે તે મૈત્રીપૂર્ણ, રસપ્રદ તથા અતિઆવશ્યક બની રહે તે માટે પૂરતો પ્રયાસ કર્યો છે.*

*આ સંદર્ભે અત્રેઆ અભ્યાસ સામગ્રીને રસપ્રદ તથા તમારી જરૂરીયાત મુજબની બનાવવામાં મદદકર્તા તમામ વિખ્યાત વિતજનોનો આભાર માનું છું. આશા રાખું કે તમને પણ તે અસરકારક તેમજ તન્મય કરી દેનાર બની રહેશે.*

*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન વતી અત્રે હું આપ સર્વે ને અત્યંત ઉજ્જવળ તેમજ સફળ ભાવી માટે શુભકામનાઓ પાઠવુ છું.*

*ડો. એસ. એસ. જેના*
*અધ્યક્ષશ્રી,* NIOS

# નિયામકશ્રીની નોંધ

*પ્રિય અભ્યેતાઓ / વિદ્યાર્થીઓ*

*રાષ્ટ્રીય મૂકત વિદ્યાલયી સંસ્થાન* (NIOS) *નો એ હંમેશનો પ્રયત્ન છે કે તે તમને અવાર નવાર નવો તેમજ તમારી જરૂરીયાતને પહોંચી વળે તેવો અભ્યાસક્રમ આપે. હવે અમે માધ્યામિક કક્ષાના તમામ વિષયોના અભ્યાસક્રમ સુધારી રહયા છીએ. આ સંદર્ભે તમને નવો અભ્યાસક્રમ આપવાના હેતુસર અમે CBSE (સેંટ્રલ બોર્ડ ઓફ સ્કૂલ એજયુકેશન)તેમજ વિવિધ રાજયોના માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જુદા જુદા વિષયો સંદર્ભે મસલતો યોજી છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું શૈક્ષણિક સંશોધન અને તાલીમ માટેની રાષ્ટ્રીય સંસ્થાને આધારે ઘડાય છે. આમ વ્યાપક અને તુલનાત્મક અભ્યાસ બાદ અમે જીવનને સુસંગત તેમજ સરળ એવાં અભ્યાસક્રમ ઘડીએ છીએ. રાષ્ટ્રના જાણીતા શિક્ષણવીદો / કેળવણીકારોને સાથે લઈને તેમના માર્ગદર્શન અંતર્ગત અમે અભ્યાક્રમોને સુધારીને અદ્યતન બનાવતા રહીએ છીએ.*

*આ ઉપંરાત અમે શૈક્ષણિક-અભ્યાસક્રમ સાગ્રી પર પણ નજર રાખતા હોઈએ છીએ. અમે એમાંની જૂનીપૂરાણી તથા નકામી થઈ ગયેલી માહિતી રદ કરીને તેની જગ્યાએ નવીન તથા સુસંગત બાબતો તેમાં ઉમેરીને આ અભ્યાસક્રમને આકર્ષક તેમજ અસરકારક બનાવતા રહીએ છીએ. ભારતીય સંસ્કૃતિ અને વારસાનો વિષય વાસ્તવમાં રસપ્રદ અને આનંદદાયક છે જેનાથી તમને નવાં નવાં ક્ષેત્રોમાં આપણા દેશના પ્રદાનનો ખ્યાલ આવશે.*

*મને આશા છે કે અત્રે તમારા માટે ઘડાઈ રહેલ આ અભ્યાસ સામગ્રી સાચેજ રસપ્રદ અને નવું જાણવાની ઉત્કંઠાવાળી બની રહેશે. આ સંદર્ભે તમારા કોઈપણ સૂચન આવકાર્ય છે.*

*મારા તરફથી આપ સર્વને સુખી એન સફળભાવીની અભ્યર્થના.*

*(ડૉ.કુલદિપ અગ્રવાલ)*

*નિયામક શૈક્ષણિક*

# આપની સાથે બે બોલ

*પ્રિય અભ્યેતા*

*ભારતીય સંસ્કૃતિ અને વારસા જેવો રસપ્રદ વિષય પસંદ કરવા બદલ અભિનંદન. વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાંથી એક એવી આપણી ભારતીય સંસ્કૃતિ એક લાંબો ઈતિહાસપટ ધરાવે છે. જેનાથી આપ સુમાહિતગાર હશો જ. આ પાઠયક્રમમાં તમે આપણા ભવ્ય રાષ્ટ્રનો સમૃધ્ધ અને ફળદાયી સંસ્કૃતિ તથા વારસાથી સુમાહિતગાર થશો, અને મને ખાત્રી છે કે તમે આ પ્રાચીનતમ સંસ્કૃતિના એક અંગ હોવા બદલ જરૂરથી ગર્વ અનુભવશો. તમે કલ્પનાપણ નહી કરી હોય કે આપણા પૂર્વજોએ એક માનવ તરીકે જીંદગીનાં વિવિધ ક્ષેત્રો જેવાં કે કલા અને સ્થાપત્ય,સંગીત, નૃત્ય અને નાટક, વિજ્ઞાન, શિક્ષણ, તત્વજ્ઞાન અને ધર્મ બાબતે પોતાની મેળે જ કેવો અદભૂત વિકાસ સાધ્યો હતો. આપણી સંસ્કૃતિ અને વારસો એટલા બધાં તો આકર્ષક હતાં કે તેને અપનાવવાનું કે અનુસરવાનું કામ ઘણાં રાષ્ટ્રોએ પણ કર્યુ છે. તમે એ બધા વિશે આ અભ્યાસ સામગ્રીમાં વાંચવા મળશે. અને મને ખાત્રી છે કે તમને એ વાંચતાં અત્યંત આનંદ અને સુખદ ખુશી પ્રાપ્ત થશે.*

*આપણી વિશાળ સંસ્કૃતિ અને વારસાને લગતી સઘળી માહિતી આટલા ટૂંકા પાઠયક્રમ થકી કહી ન શકાય. પરંતુ હું એટલું ચોકકસ કહીશ કે તે તમને આને લગતા પુસ્તકો વાંચવા તે પુસ્તકાલય સુધી જરૂર દોરી જશે. જો તમે ઈચ્છશો તો આને લગતી અઢળક માહિતી તમને ઈન્ટરનેટ પરથી પણ મળી રહેશે. તમારામાંથી કેટલાક આ બધુ પોતાની આંખોથી અને પ્રથમ કક્ષાના અનુભવ કરવા જોવા માટે થઈને આવાં સ્થળોની રૂબરૂ મુલાકાત લેવા પણ ભાગ્યશાળી બની રહેશે. આ માટેનો બીજો માહિતી સ્ત્રોત છે. તેના ભંડાર સમા સગ્રહાલયોનો જયાં તેના સંરથાનકો આવા નમૂનાને સ્નેહ અને ભારે જહેમતપૂર્વક જાળવી રાખતા હોય છે.*

*આ અભ્યાસ સામગ્રીનો હેતુ તમને એક મિત્ર, તત્વવેતાના રૂપમાં જ્ઞાન માટેની તમારી ખોજને સાર્થક કરવાનો અને એ દ્વારા તમને રસપ્રદ માહિતી ક્ષેત્રે ઉંડા ઉતરી જવાની તક આપવાનો છે. જો આમ થઈ શકશે તો અમને સર્વે NIOS ખાતે એની જાણ થતાં જ્ઞાન મેળવવાની તૃષા તૃપ્ત કરાવ્યાનો તથા આપણા પૂર્વજોએ સ્થાપેલા વૈભવ વારસાને તમારા સુધી પહોંચાડયાનો અત્યંત આનંદ થશે.*

*આ સંદર્ભમાં કોઈપણ પ્રકારની ટીકા-ટીપ્પણી કે સૂચનને અમે આવકારીએ છીએ. અત્રે આપ સર્વેને તમારા શિક્ષણ, કારકીર્દી ઘડતર અને જીવનમાં તમામ સફળતાઓ હાંસલ થાય તેવી અભ્યર્થના.*

*આર.એન.મીણા*
*શૈક્ષણિક અધિકારી(સંસ્કૃત)*
*(સહયોજક,ભારતીય સંસ્કૃતિ અને વારસો)*

# અભ્યાસ સામગ્રીના ઉપયોગની રીત

*અભિનંદન, હવે તમે સ્વયં અભ્યાસુ બનવાનો પડકાર સ્વિકાર્યો છે. NIOS એ પ્રત્યેક ડગલે અને પગલે તમારી સાથે રહીને માનસશાસ્ત્રીય ઢબે,નિષ્ણાતોની સહાયથી તમને ધ્યાનમાં રાખીને અભ્યાસ સામગ્રી તૈયાર કરી છે. સ્વયંશિક્ષણના માળખાનું અત્રે અનુસરણ કરવામાં આવેલ છે. જો અત્રે આપેલી સૂચનાઓ ધ્યાનમાં રાખશો તો તમે તેનો મહત્તમ લાભ ઉઠાવી શકશો. અભ્યાસ સામગ્રીમાં અને નીચે દર્શાવેલ ચીન્હો તમને ચોકકસ માર્ગદર્શક બની રહેશે.*

**શિર્ષક (મથાળુ):** *તેમાં સમાવિષ્ટની સ્પષ્ટ સૂચના આપે છે. માટે તે અવશ્ય વાંચવુ.*

**પ્રસ્તાવના :** *એ તમને પાઠથી અવગત કરાવશે અને સાથેસાથે ગત પાઠ સાથે સાંકળી પણ રાખશે.*

**હેતુઓ / ઉદ્દેશ્યો:** *તે પાઠના અભ્યાસ બાદ નિષ્પન્ન થયેલા (નીપજેલા) અને અપેક્ષિત જ્ઞાનની કેફિયત આપશે. જે તમે મેળવી ચૂકયા હોવાથી તેને અવશ્ય વાંચીને ખાત્રી કરો કે તમે તે મેળવ્યું છે ( કે નહી ?)*

**અનુક્રમ :** *સંપૂર્ણ અનુક્રમને વિભાગો તથા પેટા વિભાગોમાં વિભાજીત કરેલ છે. વિભાગ તમને એકથી બીજા સાથે સંપર્ક કરાવશે. જ્યારે પેટાવિભાગો અનુક્રમના તત્વો સાથેની સમજ કેળવવામાં મદદરૂપ બની રહેશે.*

**નોંધ :** *પ્રત્યેક પૃષ્ઠની બાજુમાં હાંસીયામાં પૂરતી જગ્યા આપવામાં આવી છે. જેથી તમે ત્યાં જરૂરી મુદ્દા કે નોંધ ટપકાવી શકો.*

**પ્રવૃત્તિઓ :** *વિચારને (ખ્યાલને) પૃષ્ઠ કરવાના આશયથી કેટલીક પ્રવૃતિઓની ભલામણ કરવામાં આવી છે.*

**પાઠસંલગ્ન પ્રશ્નો :** *પ્રત્યેક વિભાગને અંતે ઘણા ટૂંકા અને જાતે જ તૈયાર કરી શકાય તેવા પ્રશ્નોત્તરો આપેલ છે. જે તમને તમારી પ્રગતિ ચકાસવામાં મદદરૂપ બનશે. તેને જરૂરથી ઉકેલશો (હલ કરશો) એની સફળ પૂર્ણતાથી તમને ખ્યાલ આવશે કે તમે આગળનો અભ્યાસ શરૂ કરી શકો તેમ છો કે તમારે જે તે પાઠનો ફરી અભ્યાસ કરવો જરૂરી છે.*

**તમે શું શીખ્યા ? :** *એમાં તમને પાઠના મુખ્ય મુખ્ય મુદ્દાઓ ટૂંકમાં આપ્યા છે. જે તમને પાઠનો સારાંશ જણાવી પુનરાવર્તન કરાવશે. તેમાં તમને તમારા પોતાના મુદ્દા પણ ઉમેરવાની છૂટ છે.*

**પાઠાંત પ્રશ્નો:** *આ એવા લાંબા અને ટૂંકા પ્રશ્નો છે જે તમને સમગ્ર પાઠની સ્પષ્ટ સમજ આપવા માટેની તક પૂરી પાડશે.*

**પાઠાંત પ્રશ્નોતર:** *એ તમને કઈ રીતે પાઠાંત પ્રશ્નોના સાચા ઉત્તર આપી શકાય તે સમજાવશે.*

**પાઠાંત પ્રશ્નોની સૂચના :** *એ તમને સાચા ઉત્તર શોધવામાં મદદરૂપ બનશે.*

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકરણ-૧ | સંસ્કૃતિ | ૧ |
| પ્રકરણ-૨ | ભારતીય સંસ્કૃતિ | ૧૦ |
| પ્રકરણ-૩ | પ્રાચીન ભારત | ૨૦ |
| પ્રકરણ-૪ | મધ્યયુગીન ભારત | ૫૦ |
| પ્રકરણ-૫ | આધુનિક ભારત | ૭૩ |
| પ્રકરણ-૬ | ભારતીય ભાષાઓ અને સાહિત્ય- ૧ | ૯૩ |
| પ્રકરણ-૭ | ભારતીય ભાષાઓ અને સાહિત્ય- ૨ | ૧૧૨ |
| પ્રકરણ-૮ | પ્રાચીન ભારતીય ધર્મો અને તત્વજ્ઞાન | ૧૩૦ |
| પ્રકરણ-૯ | મધ્યયુગીન ભારતના ધર્મો અને તત્વજ્ઞાન | ૧૪૮ |
| પ્રકરણ-૧૦ | આધુનિક ભારતની ધાર્મિક સુધારણા ચળવળો | ૧૬૨ |
| પ્રકરણ-૧૧ | ભારતીય ચિત્રકળા | ૧૭૯ |
| પ્રકરણ-૧૨ | ભારતીય રંગભૂમિ કૌશલ્ય કલાઓ: સંગીત, નૃત્ય અને નાટક (ભારતીય પ્રસ્તુતિ - રંગભૂમિ કૌશલ્ય કળાઓ) | ૧૯૪ |
| પ્રકરણ-૧૩ | ભારતીય સ્થાપત્ય | ૨૧૬ |
| પ્રકરણ-૧૪ | ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | ૨૪૬ |
| પ્રકરણ-૧૫ | પ્રાચીન ભારતના વૈજ્ઞાનિકો | ૨૬૪ |
| પ્રકરણ-૧૬ | મધ્યકાલીન ભારતમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો | ૨૭૫ |
| પ્રકરણ-૧૭ | આધુનિક ભારતના વૈજ્ઞાનિકો | ૨૮૪ |
| પ્રકરણ-૧૮ | ભારતમાં શિક્ષણ | ૨૯૫ |
| પ્રકરણ-૧૯ | ભારતીય સામાજિક માળખું | ૩૧૫ |
| પ્રકરણ-૨૦ | સમકાલીન ભારતના સામાજિક-સાંસ્કૃતિક મુદ્દાઓ | ૩૩૫ |
| પ્રકરણ-૨૧ | ભારત બહાર ભારતીય સંસ્કૃતિનો પ્રસાર | ૩૪૬ |
| અભ્યાસક્રમ | | ૩૬૯ |
| નમૂનાનું (આદર્શ) પ્રશ્નપત્ર | | |
| પ્રતિભાવ પત્રક | | |

# ૧

# સંસ્કૃતિનો પરિચય

અંગ્રેજી શબ્દ 'કલ્ચર' મૂળ લેટિન શબ્દ 'કલ્ટ' કે 'કલ્ટસ'માંથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ ખેડાણ કરવું અથવા ઉગાડવું અથવા શુધ્ધ કરવું અને પૂજન-અર્ચન કરવું એવો થાય છે. ટૂંકમાં તેનો અર્થ કોઈ એક ચીજ વસ્તુનું એવું તો વાવેતર કે શુધ્ધીકરણ કરવું કે તે આપણી પ્રસંશા કે સન્માનને યોગ્ય બની રહે. એ વાસ્તવમાં સંસ્કૃત ભાષાના 'સંસ્કૃતિ' શબ્દ જેવું જ છે. આમાં સંસ્કૃતિ શબ્દ 'કી' (કરવું) જે સંસ્કૃત ભાષાના મૂળ શબ્દમાંથી ઉતરી આવેલ છે. આમાં મૂળે ત્રણ શબ્દો ઉતરી આવેલા છે. 'કી', 'પ્રકૃતિ' (જે તેનું મૂળ સ્વરૂપ) અને સંસ્કૃતિ (સુધરેલ બાબત કે સ્થિતિ) અને 'વિકૃતિ' ( બદલાયેલું કે નષ્ટ થઈ જવા પામેલી સ્થિતિ વાળું ) જ્યારે પણ પ્રકૃતિ અથવા મૂળ વસ્તુનું નવું શુધ્ધ ધારણ કરાય છે ત્યાં તેને 'સંસ્કૃતિ' અને જ્યારે તે નષ્ટ થઈ જાય છે અથવા બગડી જાય છે ત્યારે તેને 'વિકૃતિ' કહેવામાં આવે છે.

## હેતુઓ

આ પાઠ વાંચ્યા પછી તમે

- સંસ્કૃતિનો મૂળ ખ્યાલ અને અર્થ સમજી શકશો.
- સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચેનો સંબધ સ્થાપિત કરી શકશો.
- સંસ્કૃતિ અને વારસા વચ્ચે જોડાણ / અનુસંધાન કરી શકશો.
- માનવજીવનમાં સંસ્કૃતિની ભૂમિકા અને પ્રભાવની ચર્ચા કરી શકશો.

## ૧.૧ સંસ્કૃતિનો ખ્યાલ

*સંસ્કૃતિ એ એક જીવનનો માર્ગ છે. તમે જે ભોજન લઈ રહ્યા છો , વસ્ત્ર પરિધાન કરો છો, જે ભાષા બોલો છો, જે ઈશ્વરની પૂજા કરો છો તે તમામ સંસ્કૃતિનાં વિવિધ ઘટકો છે. અત્યંત સાદા શબ્દોમાં કહીએ તો સંસ્કૃતિ એટલે આપણા જે વસ્તુ કરીએ કે વિચારીએ છીએ. તે તમામનું મૂળ સ્વરૂપ. આ એજ વસ્તુ છે કે જે આપણે સમાજના એક સભ્ય તરીકે પરંપરાગત રીતે કરતા આવ્યા છીએ. એ દૃષ્ટિએ સામાજિક જૂથોના સભ્ય તરીકેની માનવ જાતની તમામ સિધ્ધિઓને સંસ્કૃતિ કહી શકાય. આમ કલા, ગાયન- વાદન, સ્થાપત્ય ,શિલ્પકલા, તત્વજ્ઞાન, ધર્મ અને વિજ્ઞાનને સંસ્કૃતિનાં અંગો તરીકે જોઈ શકાય. એ જોતા સંસ્કૃતિમાં રિવાજ, પરંપરાઓ, તહેવારો, જીવન જીવવાના માર્ગો તથા જિંદગીની વિવિધ સમસ્યાઓને સમાવિષ્ટ કરી શકાય.*

*સંસ્કૃતિમાં માનવ સર્જિત વાતાવરણ કે જેમાં દુન્યવી તથા દુન્યવી ન હોય તેવી / દૈવી ચીજ વસ્તુઓનો સમાવેશ થાય છે. સમાજ વિજ્ઞાનીઓમાં એક સામાન્ય કરાર છે કે સંસ્કૃતિ એ એક સ્પષ્ટ / ખૂલ્લી અને સંપૂર્ણ એવી માનવજાત દ્વારા ગૃહિત વ્યવહારની પધ્ધતિ છે. આ વાત પુસ્તકો દ્વારા હસ્તાંતરિત થાય તો માનવ જૂથોની વિશિષ્ટ સિધ્ધિઓનું ઘડતર તેમના સ્થૂળ તેમજ કલાત્મક સ્વરૂપમાં નિખરવા માંડે, સંસ્કૃતિનો અત્યંત મહત્વનો અર્થ તો એમાંજ પડેલો છે કે તેમાં જ્યારે ઐતિહાસિક મૂળની સાથે સાથે તેનાં મૂલ્યોને પણ પસંદ કરવામાં આવતો હોય. હમણાં હમણાંતો સંસ્કૃતિને ઐતિહાસિક રીતે હસ્તાંતરીત કરવાની પધ્ધતિ સ્થૂળ પ્રતિકોમાં દર્શાવવાને બદલે લોકો પોતાના જીવન તરફના અભિગમ દ્વારા પોતાનું જ્ઞાન સંવર્ધિત અને વિકસિત કરીને જણાવવાનું વધુ પસંદ કરતા થયા છે.*

*સંસ્કૃતિ એટલે આપણી પ્રકૃતિ અને જીવન શૈલી તથા વિચારસરણીની અભિવ્યક્તિ, તે આપણા સાહિત્ય, ધાર્મિક વ્યવહાર નવરચના તેમજ આનંદ પ્રમોદમાં ઝલકતી હોવી જોઈએ સંસ્કૃતિને દુન્યવી અને દૈવી નામનાં બે વિશિષ્ટ અંગો છે, દુન્યંવી સંસ્કૃતિ હેતુ સાથે બંધ બેસે છે કે જે આપણા જીવનના દુન્યવી પાસા જેવાં કે વસ્ત્રો, ખાન-પાન ઘરવખરીની ચીજવસ્તુઓ, જ્યારે બીન દુન્યવી વસ્તુઓ એટલે વિચારો, આદર્શો, ખ્યાલો અને માન્યતાઓ.*

*પ્રત્યેક સ્થળે-સ્થળે તથા દેશે-દેશે સંસ્કૃતિ અલગ અલગ હોય છે તેનો વિકાસ સ્થાનિક કક્ષાએ પ્રચલીત ઐતિહાસિક પ્રક્રિયા પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો આપણે અન્યને અભિનંદવા, વસ્ત્રપરિધાન, ખાનપાન, સામાજિક તેમજ ધાર્મિક રીતભાત તથા વ્યવહાર વગેરેમાં બીજાથી જુદા પડીએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો કોઈપણ રાષ્ટ્રના લોકોને તેમનાં વિશિષ્ટ લક્ષણોને આધારે જ અલગ તારવી શકાય.*

### પાઠગત પ્રશ્નો ૧.૧

૧. *તમે એવું કઈ રીતે કહી શકો કે કલ્ચર અને સંસ્કૃતિ સમાન અર્થ ધરાવે છે ?*

..........................................................................

૨. *ખાલી જગ્યાઓ પૂરો :*

*(અ) માનવજાત અને તેનાં જૂથોની સિધ્ધિઓ..............કહેવાય.*

*(બ) સંસ્કૃતિને બે વિશિષ્ટ અંગો જેવા કે દુન્યવી અને ........... છે.*

## ૧.૨ સંસ્કૃતિ અને સભ્યતા

*સંસ્કૃતિ અને સભ્યતા નામના બે શબ્દો મોટાભાગે એક સમાન રીતે/અર્થમાં વપરાતા હોય છે. તેમ છતાં તે બંનેને એકબીજાથી જુદા પાડે તેવા તેના અર્થ છે. સભ્યતા અર્થાત જીવન જીવવાનો શ્રેષ્ઠમાર્ગ હોવો અને કયારેક તો પ્રકૃતિ પણ તેમની જરૂરીયાતો પરિપૂર્ણ કરવા બંધાયેલી જણાય છે. તે સમાજનાં રાજકીય રીતે વિશિષ્ટ જણાતા જૂથો કે જે સમૂહગત રીતે કામ કરીને તેમના ખાન પાન ની ચીજ વસ્તુઓ, પોશાકો, સંચાર પ્રણાલી વગેરેને ઉત્કૃષ્ટ બનાવે છે.*

*બીજીબાજુ સંસ્કૃતિને આંતર મન સાથે સંબંધ છે. કેમ કે તે મનોમસ્તિષ્ક સાથેની સંસ્કારિતાથી જોડાયેલ છે. તેમાં કલા, વિજ્ઞાન, ગાયન વાદન, નૃત્ય સહિતની માનવજીવનને લગતી વિવિધ પ્રવૃતિઓને પણ સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગણાવી શકાય. એક વ્યકિત કે જે ગરીબ છે અને સસ્તાં વસ્ત્રો પહેરે છે. તેની ગણના કદાચ અસંસ્કારી કે અસભ્ય માણસ તરીકે થતી હોઈ, તેમ છતાં પણ તે વાસ્તવમાં અત્યંત સંસ્કારી વ્યકિત હોય શકે છે. એજ રીતે કોઈક અઢળક સંપતિનો દેખાવ કરવાથી ભલે સંસ્કારી જણાતો હોય પરંતુ હકિકતમાં તે સંસ્કારી ન પણ હોય.*

*એટલા માટે જ્યારે જ્યારે આપણે સંસ્કૃતિનો વિચાર કરીએ ત્યારે આપણે સમજવું રહ્યુ કે તે સભ્યતાથી કંઈક અલગ બાબત છે. આપણે આગળ જોઈ ગયા તેમ સંસ્કૃતિ એ માનવ જાતની આંતરીક સંસ્કારીતા છે. માનવ એટલે માત્ર શારિરિક અસ્તિત્વ જ નહી. પરંતુ તેની ત્રણ કક્ષા - શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વરૂપનું જીવન અને કવચ/કતૃત્વ. તેથી સામાજીક તેમજ રાજકીય જીવન જીવવાની ઉત્તમ રીતો અને આપણી આસપાસની કુદરતને માણવાની પધ્ધતિને જ સભ્યતા કહેવાય. જો કે સંસ્કારી બનવા માટે આટલું પર્યાપ્ત નથી. તે તો માત્ર ત્યારે જ સંસ્કારી કહી શકાય કે જયારે માનવીની બૌદ્ધિકતાનું ઉંડાણપૂર્વકનું સ્તર અને સજાગતા તેની અભિવ્યકિતમાંથી છલકતી હોય.*

## પાઠગત પ્રશ્નો ૧.૨

૧. સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચે શો તફાવત છે ?

..........................................................................

૨. સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચે રહેલ બે સમાનતાઓ દર્શાવો.

..........................................................................

## ૧.૩ સંસ્કૃતિ અને વારસો.

સાંસ્કૃતિક વિકાસએ ઐતિહાસિક પ્રક્રિયા છે. આપણા પૂર્વજો તેમના પૂરોગામીઓ પાસેથી ઘણું બધું શીખ્યા છે. સમયપટ પર આગળ વધતા એમને એમાં પોતાના અનુભવને આધારે ઘણો ઉમેરો પણ કર્યો છે, અને જે નકામું જણાય છે, તેને જતુ કર્યુ છે. આ દષ્ટિએ આપણે આપણા પૂર્વજો પાસેથી ઘણું શીખ્યા છીએ. સમયાંન્તરે આપણે તેમાં નવા ખ્યાલો ઉમેરવા સાથે નવા વિચારો કે જે અસ્તિત્વમાં/હયાત હોય તેને ચાલુ રાખ્યા છે તથા જે હવે કામના નથી તેને છોડી દીધા છે. આ રીતે સંસ્કૃતિ પેઢી દર પેઢી હસ્તાંતરીત થઈને આગળ વધતી જ રહી છે. આ રીતે આપણને આપણા પૂર્વજો દ્વારા વારસાગત મળેલી સંસ્કૃતિ એજ આપણો વારસો ગણાય. આ વારસો ઘણા તબક્કે હયાત હોવાનું જણાય છે. આમ સમગ્ર પણે માનવોએ જે સંસ્કૃતિને વંશ પરંપરાગત જાળવી છે તેને માનવ વારસો કહી શકાય. એક રાષ્ટ્ર પણ આ રીતે જે સંસ્કૃતિ વારસામાં આપે છે તેને જે તે રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો કહી શકાય.

સાંસ્કૃતિક વારસો સંસ્કૃતિના એવા બધા પાસા, મૂલ્યોને આવરી લે છે. કે જે માનવ જાતને તેના પૂર્વજો દ્વારા પેઢી દર પેઢી હસ્તાન્તરીત થતો આવ્યો હોય. તેઓનું પોષણ, રક્ષણ અને નિભાવ આવા અતુટ તેમજ સાતત્યપૂર્ણ વારસાને લીધે થતો હોવાથી તેનો તેમને ગર્વ પણ છે.

વારસાનો ખ્યાલ સ્પષ્ટ કરવા માટે કેટલાંક દષ્ટાંતો અત્રે ટાંકયાં છે. જે પર્યાપ્ત થઈ પડશે. તાજમહેલ, દિલ્હી અને ગાંધીનગરનું અક્ષરધામ સ્વામીનારાયણ મંદિર, આગ્રાનો લાલ કિલ્લો, દિલ્હીનો કુતુબમિનાર, મૈસૂરનો રાજમહેલ, દેલવાડા (રાજસ્થાન) ના જૈન મંદિરો, નિઝામુદ્દિન ઓલીયાની દરગાહ, અમૃતસરનું સ્વર્ણ મંદિર, દિલ્હીનું શિશગંજ ગુરૂદ્વારા, સાંચીનો સ્તૂપ, ગોવાનું ખ્રિસ્તિ દેવળ, ઈન્ડીયા ગેટ વગેરે આપણા વારસાના મહત્વ પૂર્ણ સ્થળો છે અને તેમનું કોઈ પણ ભોગે રક્ષણ થવું જ જોઈએ.

સ્થાપત્ય કલા વિષયક રચનાઓ, પુરાવશેષો, કલાત્મક ચીજો, બૌધ્ધિક સિધ્ધિઓ, તત્વજ્ઞાન, જ્ઞાનનો ખજાનો, વૈજ્ઞાનિક સંશોધનો અને શોધ ખોળો વગેરે પણ આવા વારસાનો જ એક ભાગ છે. ભારતના સંદર્ભમાં જોઈએ તો બૌધ્ધાયન, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્યનું ગણિત, ખગોળ શાસ્ત્ર અને જયોતિષશાસ્ત્ર વિષયક, કણાદ અને વરાહમિહિરનું ભૌતિકશાસ્ત્ર ક્ષેત્રનું, નાગાર્જુનનું રસાયણશાસ્ત્ર વિષયનું સુશ્રુત

અને ચરકનું વૈદકશાસ્ત્ર વિષયક તથા પતંજલીનું યોગ્ય શાસ્ત્ર વિષયક જ્ઞાન એ વાસ્તવમાં ભારતના સાંસ્કૃતિક વારસાનો અગાધ ખજાનો છે. સંસ્કૃતિ પરિવર્તનશીલ છે. પરંતુ આપણો વારસો અપરીવર્તનશીલ છે. આપણે વ્યકિતગત રીતે કોઈ એક સંસ્કૃતિ સાથે કોઈ ચોક્કસ જૂથ સાથે સંકળાયેલ હોઈએ અથવા આપણે જે જ્ઞાન ધરાવીએ છીએ તે કયાંકથી ઉછીનું લીધેલું હોય તેમ છતાં આપણું ભારતના સાંસ્કૃતિક વારસા સાથેનું જોડાણ અફર / અપરિવર્તનશીલ છે. આપણા ભારતનો સાંસ્કૃતિક વારસો આપણને પરસ્પર બાંધી/જોડી રાખે છે. દા.ત. ભારતીય સાહિત્ય અને ધર્મ ગ્રંથો જેવાકે વેદો, ઉપનિષદો, ગીતા અને યોગ પ્રથા વગેરે એ સાચું જ્ઞાન, સાચું કર્મ, વર્તણુંક, અને રીતો થકી સંસ્કૃતિના પૂરક એવા વિકાસ માટે ઘણું મોટુ યોગ દાન આપ્યું છે.

### પાઠગત પ્રશ્નો ૧.૩

૧. સાંસ્કૃતિક વારસો એટલે શું ?

..........................................................................

૨. સાંસ્કૃતિક વારસાના કેટલાંક દષ્ટાંતો ટાંકો.

..........................................................................

## ૧.૪ સંસ્કૃતિનાં સર્વસામાન્ય લક્ષણો

આવો આપણે હવે વિશ્વભરની વિવિધ સંસ્કૃતિઓના કેટલાક સર્વ સામાન્ય લક્ષણોની ચર્ચા કરીએ.

**૧. એવી સંસ્કૃતિ કે જે બહુશ્રુત/ વિદ્વતાપૂર્ણ અને સ્વયંસિધ્ધ હોય :**

સ્વયંસિધ્ધ સંસ્કૃતિ એટલે એવી સંસ્કૃતિ કે જે વંશ વારસાગત રીતે ચોક્કસ વર્તણુકો વિકસવા પામી હોય. વૈયકિતક રીતે કેટલાંક ગુણો માણસની રીતભાતોમાં વિકસ્યા હોય પરંતુ સામાજીક સાંસ્કૃતિક વર્તણુંકમાં તે વારસાગત રીતે ઉતરી આવ્યુ ન હોય. તે બધુજ પરિવારના સભ્યો તથા જૂથો અને જે સમાજમાં જીવતા હોય તેની પાસેથી શીખવા મળતુ હોય છે. એના પરથી એ તદ્દન સ્પષ્ટ થાય છે કે માનવ સંસ્કૃતિ પર ભૌતિક તેમજ સામાજિક વાતાવરણ કે જ્યાંથી તેનું પાલનપોષણ થાય છે.તે પ્રભાવક પરિબળો રહ્યા છે.

**૨. સંસ્કૃતિએ લોક જૂથો વચ્ચે વહેંચાતી બાબત છે :**

૩. સંસ્કૃતિ એટલે એકત્રીકરણઃ સંસ્કૃતિમાં ભળેલ સ્થૂળ અને વિવિધ જ્ઞાનને એકથી બીજી પેઢી સુધી પહોંચાડવાનું હોય છે. આવી સમય સાથે વહેતી સંસ્કૃતિમાં વધુને વધુ જ્ઞાન ઉમેરાતું જતું હોય

*છે. આમાંનું પ્રત્યેક જીવનમાં આવતી સમસ્યાઓના ઉકેલ / ઉપાય તરીકે કામ કરતુ અને એકથી બીજી પેઢી સુધી પસાર થતું રહેતું હોય છે. આવી શૃંખલા એક ચોક્કસ સંસ્કૃતિના રૂપમાં સમય સાથે ચાલતી જતી હોય છે.*



**૪. સંસ્કૃતિ પરિવર્તનશીલ છે :**

*આવા જ્ઞાન, વિચારો કે રીતરિવાજોનાં રૂપમાં રહેલા લક્ષણો સંસ્કૃતિમાં જેમ જેમ ઉમેરાતા જાય તેમ જુના લક્ષણો વિસરાતા / લૂપ્ત થતા જાય છે. સમય જતા જે તે સંસ્કૃતિમાં પરિવર્તનો આવવાની શકયતા રહે છે.*

**૫. સંસ્કૃતિ ગતિશીલ વેગવાન છે :**

*કોઈ સંસ્કૃતિ કાયમી ધોરણે પ્રભાવશાળી રૂપમાં રહેલી નથી. સંસ્કૃતિ સતત પરિવર્તન પામતી રહે છે. જેમ જેમ નવા ખ્યાલો અને પધ્ધતિઓ ઉમેરાતા જાય છે. તેમ સમય વિતતાં જુના માર્ગો બદલાતા કે નવા રૂપ રંગમાં ઢળતા જતા હોય છે. આ સંસ્કૃતિનું એક લક્ષણ છે કે જે સંસ્કૃતિના સ્થળમાંથીજ પરિવર્તશીલતાનો ગુણ લઈને આવે છે.*

**૬. સંસ્કૃતિ આપણેને ચાલી શકે તેવી સિદ્ધ વર્તણુંકની પધ્ધતિની એક શ્રેણી આપે છે :**

*તે દર્શાવે છે કે કોઈ એક પ્રવૃતિ કેમ કરીને ચલાવી શકાય અને કઈ રીતે કોઈ એક વ્યકિતએ યોગ્ય પણે પોતાની વર્તણુંક કરવી જોઈએ.*

**૭. સાંસ્કૃતિ વિવિધતાઃ**

*આ એક રીત છે કે જેમાં વિવિધ અને પારસ્પરિક આધારો ધરાવતા ભાગો છે. જો કે આ ભાગો સ્વતંત્ર છે, તેમ છતાં તે સમગ્ર પણે સંસ્કૃતિનું ઘડતર કરવા માટે પરસ્પર નિર્ભર રહેતા હોય છે.*


**૮. સંસ્કૃતિ એક ઓળખ છે :**

*મોટે ભાગે એવું જોવામળતું હોય છે કે વર્તણુંકની એક આદર્શ રીત છે, કે જે કોઈ એક વ્યકિત તેમજ તેના જેવીજ સંસ્કૃતિ ધરાવતા લોકો દ્વારા સામાજીક અનુસરણ અને સ્વીકૃતિ પામેલ હોય છે.*

### પાઠગત પ્રશ્નો ૧.૪

૧. *ચાલી શકે તેવી / સિદ્ધ વર્તણુંક પધ્ધતિ એટલે શું ?*

..........................................................................





૨. એવું તમે કઈ રીતે કહી શકો કે સંસ્કૃતિ વેગવાન / જોરદાર છે

..........................................................................

## ૧.૫ માનવજીવનમાં સંસ્કૃતિનું મહત્વ

સંસ્કૃતિ જીવન સાથે પ્રગાઢપણે જોડાયેલ છે. તે ઉપરથી ઉમેરાયેલ નથી તેને આપણે માનવ જાતના એક આભુષણ તરીકે વાપરી શકીએ. તે કોઈ રંગનો સ્પર્શ માત્ર નથી પરંતુ તે આપણને માણસ બનાવે છે. સંસ્કૃતિ વગર કયાંય માણસ હોઈ શકે જ નહી સંસ્કૃતિ પરંપરાઓ , માન્યતાઓ , જીવનનો માર્ગ વગેરે જેવી અત્યંત આધ્યાત્મિક બાબતોથી લઈ ને અત્યંત ભૌતિક બાબતો થકી ઘડાય છે. તે આપણને જીવન જીવવાનો એવો અર્થ દર્શાવે છે કે જેના થકી આપણે આપણા જીવનને યોગ્ય દોરી શકીએ છીએ. માનવએ સંસ્કૃતિના પાલક છે. એજ રીતે સંસ્કૃતિ જ આપણને માનવ બનાવતી હોય છે.

સંસ્કૃતિનુ મૂળ તત્વ ધાર્મિક માન્યતાઓ અને તેની પ્રતિકાત્મક અભિવ્યક્તિમાં રહેલ છે. આપણે ધાર્મિક ઓળખનું મૂલ્ય સમજવું જોઈએ. અને આંતરિક શ્રદ્ધા યુક્ત સંવાદો કે જે વાસ્તવમાં આંતરસાંસ્કૃતિક સંવાદો છે. તેનાથી સુમાહિતગાર પણ રહેવું જોઈએ. જે રીતે આખુ જગત વધુને વધુ વૈશ્વિક બનતુ જાય છે અને આપણે વધુ વૈશ્વિક અસ્તિત્વ ધરાવતા થયા છીએ. તે જોતાં એવો વિચાર આવ્યા વિના રહેતો નથી કે વાસ્તવમાં જીવન જીવવાનો કોઈ એક જ સર્વ સ્વીકૃત માર્ગ હોવો જોઈએ. સહ અસ્તિત્વની જરૂરીયાત જ સાંસ્કૃતિક અને માન્યતાઓના સહઅસ્તિત્વની આવશ્યકતા ઉભી કરે છે. આથી કોઈ ભૂલ ન થાય તે માટે આપણે અન્યની સંસ્કૃતિ વિશે જાણીને જ આપણી સંસ્કૃતિને જાણીએ તે એક સૌથી સારી બાબત બની રહેશે. હવે પ્રશ્ન એ થાય છે કે આપણે આપણી સંસ્કૃતિને જ સારી રીતે જાણતા ન હોઈએ તો આપણે અન્યની સંસ્કૃતિ સાથે સંવાદ કઈ રીતે સાધી શકીશુ ?

સંસ્કૃતિ સાથે પ્રગાઢ રીતે જોડાયેલા ત્રણ સનાતન અને વૈશ્વિક મૂલ્યો છે - સત્યમ, શિવમ, સુંદરમ સંસ્કૃતિ તેને જ કહેવાય કે જે આપણને તત્વજ્ઞાન તેમજ ધર્મ થકી સત્યથી વધુને વધુ નજીક લાવી શકે, તે આપણા જીવનમાં કલા થકી સુંદરતા ભરી શકે. જેથી આપણે કલાપૂર્ણ અને સૌદર્યપૂર્ણ બની શકીએ. એક માત્ર સંસ્કૃતિ જ એવી બાબત છે કે જે આપણને અન્ય માનવોથી વધુને વધુ સમીપ લાવીને સ્નેહ, સહનશક્તિ અને શાંતિના મૂલ્યો શીખવી શકે તેમ છે.

## પાઠગત પ્રશ્નો ૧.૫

૧. સુંદર જીવન માટે સંસ્કૃતિ શું પુરુ પાડતી હોય છે ?

..........................................................................

૨. સમાજમાં કોને અસંસ્કૃત કહી શકાય ?

..........................................................................

## તમે શુ શીખ્યા ?

- 'કલ્ચર' શબ્દ લેટીન ભાષાના 'કલ્ટ' અથવા 'કલ્ટસ' માંથી ઉતરી આવ્યો છે જેનો અર્થખેડાણ કે શુદ્ધ કરવું એવો થાય છે.
- 'સંસ્કૃતિ'શબ્દ સંસ્કૃતના મૂળ 'કૃ' કેજેનો અર્થ કરવું થાય છે. તેના પરથી ઉતરી આવ્યો છે.
- સંસ્કૃતિનો અર્થ,કોઈક વ્યકિતગત કે સમૂહગત જીવન,વિચાર,અનુભવ કે પોતાના સંગઠન થકી જીવન ઉજવવું અથવા તેને બીજા સાથે વહેચવું એવો થાય છે.
- સંસ્કૃતિને પોતાનાં જુદાજ લક્ષણો છે. તે મેળવી,ગૂમાવી કે અન્ય સાથે વહેચી શકાય છે. તે એકત્રિત, વેગવાન- ગતિશીલ તેમજ આપણને સિદ્ધ વર્તણુંક શૈલીની વિશાળ શ્રૃંખલા આપે છે. તે બદલી શકાય છે. સંસ્કૃતિને ભૌતિક તેમજ બિનભૌતિક એવાં (બંને)પાસાં છે.
- સહેજ ગહન રીતે જોઈએ તો, સાહિત્ય ગાયન-વાદન,નૃત્ય શિલ્પ, સ્થાપત્ય અને અન્ય વિવિધ કલા સ્વરૂપોની સાથે ઘણી સંસ્થાઓ તેમજ એવાં માળખાં કે જે સમાજનું સંચાલન સરળ અને સુગઠિત કરે છે. તેને સંસ્કૃતિ કહેવાય છે.
- સંસ્કૃતિ આપણને ખ્યાલો, આદર્શો અને સુંદર જીવનમાં મૂલ્યો આપે છે.
- સ્વયં અંકુશિત વર્તણુંક, અન્યની લાગણીઓની કદર કરવી અને અન્યના હક્કો જાળવવા એજ સંસ્કૃતિનાં ઉતકૃષ્ટ શિખરો છે.
- સાંસ્કૃતિક વારસો એટલે, સંસ્કૃતિનાં મૂલ્યોનાં એવાંપાસાં કે જે માનવને તેના પૂર્વજો થકી પેઢી દર પેઢી અપાય છે.
- સ્થાપત્યકલાપૂર્ણ રચનાઓ, ભૌતિક કલાકૃતિઓ, બૌધ્ધિક સિધ્ધિઓ, તત્વજ્ઞાન, જ્ઞાનનો સુખદ અનુભવ, વૈજ્ઞાનિક સંશોધનો અને શોધખોળોએ આપણા વારસાનો એક ભાગ જ ગણાય.

## સત્રાંત સ્વાધ્યાય

(૧) તમે સંસ્કૃતિના ખ્યાલની વ્યાખ્યા કઈ રીતે કરશો ?

(૨) સંસ્કૃતિ અને સભ્યતા કઈ રીતે સમાનાર્થી ગણાય ?

(૩) સાંસ્કૃતિક વારસો એટલે શું ?

(૪) સંસ્કૃતિમાં સામાન્ય લક્ષણો શું છે ?

## પાઠગત પ્રશ્નોના જવાબો

**૧.૧.**

૧. સંસ્કૃતિનો શાબ્દિક અર્થ કરવું એવો થાય છે અને સંસ્કૃતિનો શબ્દશઃ અર્થ શુધ્ધ કરવું કે ખીલવવું /કેળવવું એવો થાય છે.

૨. (અ) સંસ્કૃતિ

(બ) બિનભૌતિક

**૧.૨.**

૧. સંસ્કૃતિ એટલે આપણે જે છીએ તે અને સભ્યતા એટલે આપણે જે ધારણ કરીએ કે ઉપયોગમાં લઈએ છીએ તે.

૨. સંસ્કૃતિ અને સભ્યતા બંનેમાં પરિવર્તન થતું રહે છે. સભ્યતા એ સંસ્કૃતિનું આધુનિક સ્વરૂપ છે.

**૧.૩**

૧. આપણા પૂર્વજો પાસેથી આપણે જે વંશવારસાગત રીતે મેળવ્યું છે. તેને સાંસ્કૃતિક વારસો કહેવાય.

૨. તાજમહલ, આગ્રાનો લાલકિલ્લો, વેદો, ઉપનિષદો અને ગીતા (સ્થાપત્ય કલાપૂર્ણ પુરાવશોષો, જ્ઞાનના ખજાના , વૈજ્ઞાનિકઅને બૌધ્ધિક સિધ્ધિઓ )

**૧.૪**

૧. સંસ્કૃતિ વર્તણુંકનું એવું આદર્શ સ્વરૂપ ઘડે છે. કે જે દરેક દ્વારા વ્યક્તિગત રીતે અનુસરાય તેવી આશા રખાય છે.

૨. સંસ્કૃતિ અવિરત પણે બદલાતી રહે છે. તેમાં નવા ખ્યાલો તેમજ પધ્ધતિઓ ઉમેરાતા જ રહે છે.

**૧.૫**

૧. એક સુંદર જીવન તરફ અગ્રેસર થવા માટે સંસ્કૃતિ આપણને ખ્યાલો અને મૂલ્યો પૂરાં પાડે છે.

૨. જેના વિચારોમાં, લાગણીઓમાં અને કાર્યોમાં પોતાનોજ અંકુશ ન હોય તેવી વ્યક્તિને અસંસ્કૃત(વ્યક્તિ) કહેવાય.

# ૨
# ભારતીય સંસ્કૃતિ

આપણો એક માનવજાત તરીકેનો વિસ્મયકારક અને વિવિધ ક્ષેત્રીય વિકાસ પછી ભલે તે ભાષા, સાહિત્ય , કલા અને સ્થાપત્ય, વિજ્ઞાન અને ધર્મ ક્ષેત્રે હોય તે અંગે તમે ક્યારેય વિચાર કર્યો છે ? તમને ક્યારેય નવાઈ લાગી છે કે આ સઘળું કઈ રીતે શક્ય બન્યું હશે ? આ એટલા માટે શક્ય બન્યું છે કે આપણને એ દરેક તબક્કે નવી શરૂઆત કરવી પડી નથી, પરંતુ તે આપણી વિગત / ભૂતકાલીન પેઢીઓના કામકાજ પર નિર્માણ કરાઈ છે. તમારે ક્યારેય તમારા પોતાના માટે પોતાનું કથાપત / લેખન અથવા નવી ભાષાશૈલી વિકસાવવી પડી છે? આનો લાભ લેવાનો આનંદ તમને સમાજના એક સભ્ય તરીકે મળીજ રહયો છે જેમાં તમારા પોતાના / મૌલિક પ્રદાન દ્વારા તમે ભાવિ પેઢી માટે નવનિર્માણ કરી શકો છો આ એક અવિરત અને ક્યારે સમાપ્ત થતી ન હોય તેવી પ્રક્રિયા છે. તે સંસ્કૃતિના નામથી વિખ્યાત અને તમારા હસ્તક હોય તેવું એક અદભુત તત્વ છે. સંસ્કૃતિએ જીવન જીવવા માટેનો એક માર્ગ છે. તમે અને તમારો પરિવાર જે રીતે આવી સંસ્કૃતિ ધરાવો છો એ જ રીતે તમારો વિસ્તાર / પ્રદેશ અને રાષ્ટ્ર પણ તે ધરાવતો હોય છે. તમે ભારતીય સંસ્કૃતિની આવી ભવ્ય વિશેષતાઓ જાણવા તથા તેના વિવિધ અંગોને ઓળખવા માટે આતુર હશો. આ એકમમાં આપણે ભારતીય સંસ્કૃતિ કઈ રીતે મહાન છે અને તેની શી વિશેષતાઓ છે, તે અંગે સમજ કેળવીશું.

## હેતુઓ

આ પાઠનું અધ્યયન કર્યા પછી તમે

- ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓના લક્ષણો વર્ણવી શકશો .
- ભારતીય સંસ્કૃતિનું હાર્દ પિછાણી તેની મહાનતા અંગે જાણકારી મેળવશો.

- *ભારતીય સંસ્કૃતિમાં રહેલ આધ્યાત્મિકતાનું મહત્વ ચર્ચી શકશો.*
- *તેમાં રહેલ એકરૂપતા તેમજ વિવિધતા વર્ણવી શકશો.*
- *વિશ્વની અન્ય સંસ્કૃતિઓના ભારતીય સંસ્કૃતિ પર પ્રભાવક તથા એકરૂપ થયેલ તત્વોની પ્રક્રિયા શોધી શકશો.*

## ૨.૧ ભારતીય સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણોઃ

*ભારતીય સંસ્કૃતિ પણ તેના જીવનની માફક બહુવિધ પાસા ધરાવે છે. તેને વિશ્વની અન્ય માનવ જાતની માફક પોતાનું આગવું બૌધિક તેમજ સામાજિક પાસુ છે. તેમા રહેલ અર્ધ જાગૃત મનની અરજ/અપીલ ચારિત્ર નિર્માણ પર ભારે પ્રભાવ પાડે તેવી છે.*

*ભારતના નકશા પર એક નજર કરતા વેત તમને વિવિધતા સભર, ભૌતિક તથા સામાજિક વાતાવરણ દેખાય આવશે. આપણે આપણી આસપાસ વિવિધ ભાષા - ભાષી લોકોને જોઈએ છીએ કે જે વિવિધ ધર્મા તથા વિવિધ રીતીરિવોજોનું પાલન કરતા હોય છે. સાથે સાથે નૃત્ય અને ગાયન વાદનના વિવિધ સ્વરૂપો પણ ઘણી મોટી સંખ્યામાં દેખાય છે. પરંતુ આ તમામ વિવિધતાના પાયામાં રહેલ એકતા એને બળ આપવાનું કામ કરે છે. લોકોમાં રહેલ આવો પારસ્પરીક સુમેર ભારતમાં સદીઓથી જોવા મળે છે. ઘણી બધી જાતીના અને વિવિધ આધ્યાત્મિક તેમજ ધાર્મિક માન્યતાઓ ધરાવતા અહીં આવીને સ્થાયી થયા છે. / વસ્યા છે. આપણે એ ભૂલવું જોઈએ નહીં કે મિશ્ર પ્રકારનો તથા વેગવાર એવો ભારતીય સંસ્કૃતિનો આ લક્ષણ એ આ તમામ વિવિધ સાંસ્કૃતિક જૂથોના લાંબા સમયપટનું પ્રદાન છે. ભારતીય સંસ્કૃતિનું આ વિશિષ્ટ લક્ષણ એજ તેના નિવાસીઓની ખાસીયત ગણાય.*

### ૨.૧.૧ સાતત્ય પરિવર્તન

*વિશ્વના જુદા-જુદા ભાગોમાં ઘણી બધી મહાન સાંસ્કૃતિઓ વિકસી છે. એમાંની ઘણી બધી નાશપામી કે બીજી સંસ્કૃતિઓમાં ભળી જવા પામી છે. વાસ્તવમાં સહનશીલતાએ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. ઘણા ક્રાંતિકારી પરિવર્તનો આવવા છતાં ભારતીય ઈતિહાસ આજ દિવસ સુધી તેની મહત્વપૂર્ણ એક સૂત્રતા સ્પષ્ટ પણે જાળવી શકયો છે.*

*આશરે ૪૫૦૦ વર્ષો પુર્વે ભારતીય ઉપખંડમાં પાંગરેલી હરપ્પન સંસ્કૃતિ અંગે તમે વાંચ્યું જ હશે પુરાતત્વવિદોએ તો હરપ્પન સંસ્કૃતિની પરીપક્વતા પુર્વે પણ અહી વિકસેલ સંસ્કૃતિના આધારભુત પુરાવાઓ શોધી કાઢયાં છે. તે દર્શાવે છે કે આપણી પાસે ઘણો ભવ્ય ભુતકાળ છે. નવાઈ પમાળે તેવી વાત તો એ છે કે આજેપણ ભારતનાં ગામડાઓમાં મકાન બાંધવાની જે શૈલી અપનાવાય છે તે હરપ્પકાલીન સંસ્કૃતિથી ખાસ જુદી પડે તેવી નથી. હરપ્પા સંસ્કૃતિની માતૃદેવી તેમજ પશુપતિનાથની પુજાવિધી જેવી કેટલીક બાબતો આજે પણ વ્યવહારમાં પ્રચલીત છે. એ જ રીતે વૈદીક, બૌધ, જૈન, તથા કેટલીક અન્ય*

પરંપરાઓ તો આજે પણ વ્યવહારમાં છે. આ સંદર્ભે એ ન ભુલવું જોઈએ કે બદલાયો પદ્ધતિઓ દ્વારા દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાં બંધાતા બહુમાળી ભવનોથી તદ્દન જુદી રીતે હજુ પણ સંસ્કૃતિમાં માત્ર એકમાળી મકાનો જ બંધાતા હતાં. અહી નોંધવા જેવી બાબત એ છે કે આપણી સંસ્કૃતિમાં સાતત્યની પરીવર્તન આવતું ગયુ છે. તેમાં સાતત્યની સાથે પરીવર્તન નોધાતુ ગયુ છે.વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિનું એ નોંધપાત્ર લક્ષણ રહયું છે કે તેમાં સાતત્યની સાથેસાથે પરીવર્તન પણ નોંધાતુ ગયુ છે જ્યારે આપણી સંસ્કૃતિનો મુળ આત્મા યથાવત જળવાઈ રહયો છે.આધુનિક સમય માટે જે નકામુ થતુ ગયું તે કાઢીને ફેંકી દેવાતું ગયું છે. આપણા લાંબા ભુતકાળમાં આવા ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. પરીણામે ચળવળો ચાલી છે ને સુધારાઓ થતા ગયા છે. ઈ.સ. પુર્વેના છઠ્ઠા સૈકા દરમ્યાન વૈદિકાલીન સુધારાના ચળવળને જૈન તેમજ બૌધ્ધ ધર્મની સ્થાપના થઈ. જ્યારે અઢારમાં અને ઓગણીસમાં સૌકા દરમ્યાન ધાર્મિક તેમજ સામાજિક જાગૃતિ આવતાં આધુનિક ભારતમાં વૈચારીક તથા વ્યવહારીક ક્ષેત્રે ક્રાંતિકારી પરીવર્તન આવતાં ગયા છે. તેમ છતાં ભારતીય તત્વજ્ઞાનનાં મુળ સ્ત્રોત વ્યવહારમાં ચાલુ છે.માટે સાતત્ય અને પરીવર્તન એ ભારતીયની સંસ્કૃતિનું એક કાયમી તત્વ રહયું છે.તે પણ આપણી સંસ્કૃતિનું એક અનન્ય લક્ષણ દર્શાવે છે.

**વિવિધતા અને એકતા**

છેલ્લી ત્રણ શહસ્ત્રાબ્દીથી ભારતીય સંસ્કૃતિ શાંતીથી છતાં સફળતાં પૂર્વક અન્ય ધર્મો અને સંસ્કૃતિઓ સાથે ભળીને સમયાંતરે પોતાનામાં આત્મસાત કરતી રહી છે.

વાસ્તવમાં વિશ્વભરમાંથી ઘણી ઓછી સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિ જેવી વિવિધતા છે. તેમને નવાઈ લાગતી હશે કે કેમ કેરળનાં લોકો રસોઈ બનાવવામાં કોપરેલ વાપરે છે ? જ્યારે ઉત્તરપ્રદેશના લોકો રાયડા/સરસવનું તેલ વાપરે છે કારણ કે કેરલાએ દરીયાઈ કાઠાંનો પ્રદેશ છે અને ત્યાં નારીયેળ પુષ્કળ પ્રમાણમાં થાય છે.જ્યારે ઉત્તરપ્રદેશ એ સપાટ/મેદાની વિસ્તાર છે અને ત્યાં રાયડો/સરસવ મોટા પ્રમાણમાં પાકે છે . એવી જ રીતે પંજાબના ભાંગડા નૃત્ય, તમીલનાડુના પોંગલ અને આસામના બીહુ નૃત્યમાં શી સમાનતા છે ? તે તેમની ઉજવણી પાકની સમૃધ્ધ લણણી ટાંણે જ કરવામાં આવે છે.તમે કયારેય નોંધ્યુ છે કે આપણે બંગાળી, તમીલ, ગુજરાતી કે ઉડીયાં જેવી વિવિધ ભાષાઓ બોલીએ છીએ.ભારત એ અસંખ્ય નૃત્યોની અને ગીત સંગીતની ભૂમિ છે.જે માટેભાગે લગ્નટાણે અથવા બાળકના જન્મ સમયે સમાન રીતે જોવા મળતી હોય છે.

આપણા દેશમાં બોલાતી અસંખ્ય ભાષાઓ અને બોલીઓએ વિવિધતાસભર સાહિત્યનું સર્જન કર્યુ છે.વિશ્વના મહાન આઠ ધર્મોના લોકો અહી ભાતૃભાવપૂર્વક એકસાથે વસે છે. તેમને ખબર છે કે ભારત વિશ્વના જૈન, બૌધ્ધ, શીખ અને અલબત હિંદુ ધર્મો જેવા કેટલાય ધર્મોની જન્મભુમિ છે.સ્થાપત્યકલા ઉપરાંત શિલ્પ અને ચિત્રકલાની પ્રગતી અહી થવા પામી છે.એ બાબત અસંખ્ય ઉત્સવો અને રીતરીવાજોમાં પણ જોવા મળે છે.આ બધાને લીધે ભારતીય સંસ્કૃતિ મિશ્ર સમૃધ્ધ અને સુંદર

બનવા પામી છે.આપણી સંસ્કૃતિમાં આવી વિવિધતા આખરે કેમ છે ? તે માટે ઘણાંબધા કારણો છે. દેશની વિશાળતાં, તેની ભૌતિક તેમજ વાતાવરણીય વિવિધતાં જેવા ઘણાં પરીબળો એ માટે જવાબદાર ગણાય.

આપણી સંસ્કૃતિમાં રહેલ વિવિધતા માટેનું બીજું એક મહત્વપૂર્ણ કારણ તેના વિવિધ જાતિજુથોનું મિશ્રણ છે.સ્મૃતિમાં પણ ન આવે એટલા સમયથી દુરદુરથી તથા સમિપેથી ઘણાં બધા લોકોએ અહીં આવીને વસવાટ કર્યો છે.આપણે ભારતમાં આવીને પ્રોટો-એસ્ટ્રોલોઈડો, નિગ્રો અને મોગલો જેવી વિવિધ જાતિઓના લોકો વસેલા જોવા મળે છે.એ જ રીતે વિવિધ ધર્મો-જાતિઓના જેવા કે ઈરાનીઓ, ગ્રીકો, કુશાણો, શકો, હુણો, આરબો, તુર્કો, મુઘલો તેમજ યુરોપવાસીઓ પણ ભારત આવીને તેની પ્રજા સાથે હળીમળીને રહેતાં જોવા મળે છે. અહીં આવીને વસેલા અન્ય સંસ્કૃતિના લોકો પોતાના સાથે તેમની સાંસ્કૃતિક આદતો, વિચારો અને મતો પણ સાથે લઈને આવેલાં છે. જે અહીંની મુળ સંસ્કૃતિમાં ઓતપ્રોત થઈ જવા પામેલ છે. તમને એ જાણીને નવાઈ લાગશે કે ઈસુની માત્ર બીજી સદીની આસપાસ કુશાણો, શકો અને પહ્લવો દ્વારા સલવાર, કુર્તા અને ટોપી વગેરે જેવા સીવેલા વસ્ત્રો ભારતમાં આવવા લાગ્યાં હતાં.એ પૂર્વે ભારતીયો સીવ્યાં વગરનાં વસ્ત્રો પહેરતાં હતાં. એનું આધુનિક સ્વરૂપ એટલે શર્ટ/ પહેરણ, પાટલુન/સ્કર્ટ વગેરે કહી શકાય છે. જે યુરોપવાસીઓ દ્વારા અઢારમા સૈકામાં લાવવામાં આવ્યાં. આમ, ભારતે વિચારોના મિશ્રણની પ્રક્રિયા સૈકાઓ વિતતાં નોંધપાત્ર રીતે દર્શાવેલ છે.એણે સંસ્કૃતિમાં વૈવિધ્ય અને સંપન્નતાનો ઉમેરો નોંધાવ્યો છે. ઉપરોક્ત તમામ સંદર્ભે બાહ્ય સંસ્કૃતિઓ સાથેનું ભારતનું સાહચર્ય ધર્મો સાથેનું અને વિવિધ સાંસ્કૃતિક આદાન-પ્રદાન ભારતમાં ચાલુ જ રહયુ છે.ભારતમાં લખનઉનું ચિકનકામ, પંજાબનું ફુલકબી ભરતકામ,કાન્તાનબી બંગાળી ભરતકામ અને ઓરિસ્સાનું પટોળા કામ વગેરે વિવિધ પ્રાદેશિક છટા દર્શાવે છે.જો કે ઉત્તર,દક્ષિણ,પુર્વ અને પશ્ચિમ ભારતની ઉક્ત લાક્ષીણકતાઓ થકી પોતપોતાની આગવી સંસ્કૃતિનું દર્શન કરાવે છે. જે પોતાના ચોક્કસ/મર્યાદિત સીમાતિઓના દાયરામાં જ વિકસ્યા નથી.આવા ભૌતિક વિધ્નો હોવાં છતાંય ભારતીય એકથી બીજા ભાગ સુધી વ્યાપાર, રોજગાર તથા ધાર્મિક પ્રવાસો/યાત્રાઓ માટે ફરતાં જ રહે છે. કેટલાક વિસ્તારો મૈત્રીપૂર્ણ રીતે જોડાયા છે. પરીણામે દેશના એક ભાગથી બીજા ભાગ સુધી લોકોએ સાંસ્કૃતિક આદતો અને વિચારો ફેલાતાં કર્યા છે. લશ્કરી પ્રવૃતિઓને લીધે પણ લોકો એકથી બીજા સ્થળે ગયાં છે. આ બધા થકી વિચારોનું આદાન-પ્રદાન સહજ બન્યું છે. આવા સંપર્કોથી જ ભારતીય સંસ્કૃતિમાં એક જ સમાનતા વિકસી છે. જે આપણા ઈતિહાસમાં અવિરતપણે જળવાઈ રહેલી જોવા મળે છે. બીજું એક રૂપતત્વને હવામાન ગણાય છે. ભૌગોલીક વિવિધતા અને હવામાનને લગતી વિષમતા હોવા છતાં ભારતે પોતાની સ્વભાવિક એકરૂપતા જાળવી રાખી છે. વરસાદની પદ્ધતિ એ સમગ્ર ભારતની ભૌગોલીક એકતાં અપવનારુ એક સૌથી અગત્યનું તત્વ ગણાય.વરસાદનું આગમન એ વાતની ખાત્રી કરાવી આપે છે કે ભારતનાં લોકો માટે ખેતીએ એક મુખ્ય વ્યવસાય છે.બીજીબાજુ ભૌતિક બાબતોમાં રહેલી વિવિધતામાંથી નીપજતી લોકોની ખાનપાન,વસ્ત્રપરીધાન, નિવાસ તથા આર્થિક પ્રવૃતિઓએ સામાજિક,આર્થિક અને

રાજકીય સંસ્થાઓના ઘડતરમાં મુખ્ય ભાગ ભજવ્યો છે.ભારતની ભૌતિક બાબતો તથા વાતાવરણની આવી વિવિધતા એ જ વિવિધ પ્રદેશોમાં વિવિધતાપૂર્ણ સંસ્કૃતિ વિકસાવવાનું કામ કર્યુ છે.જુદા જુદા પ્રદેશોની આવી ખાસ બાબતો એ જ તેની સંસ્કૃતિની આગવી ઓળખ પ્રદાન કરી છે.

આપણી સંસ્કૃતિની આવી મિશ્ર પ્રકૃતિએ આપણા ગાયન, વાદન, નૃત્યના સ્વરૂપો , નાટકો અને કલાના વિવિધ સ્વરૂપો જેવા કે ચિત્રકામ,શિલ્પકામ અને સ્થાપત્યકલા વગેરે પણ એક સમાન રીતે ભારે પ્રભાવ પડ્યો છે. જુદી જુદી ભાષાઓમાં રચાયેલ આપણું સાહિત્ય પણ તેની આ પ્રકૃતિનું પ્રતિપાદન કરે છે.

આપણા રાજકીય સ્વરૂપો પર પણ વિવિધતામાં રહેલ એકતાએ ચોક્કસ પ્રભાવ પાડ્યો છે. પ્રારંભિક વૈદિકકાળમાં ગ્રામ્ય સમાજ હતો, કે જેમાં લોકો ઘાસચારાની શોધમાં એકથી બીજી જગ્યાએ વિચરતા રહેતા હતા. પરંતુ જેવી આ લોકોએ ખેતી કરવાની શરૂઆત કરી કે તુરંત તેઓ સ્થાયી વસવાટ કરતા થયા. એમાંથી સામાજિક પ્રગતિ થતાં નગરોના વિકાસ માટે કાયદા-કાનુનની જરૂરીયાત ઉભી થવા પામી. જેણે રાજકીય સંસ્થાઓને જન્મ આપ્યો. તેમાંથી લોકોની શાસનકારી ભાગીદારીયુક્ત સભા અને સમિતી જેવી સંસ્થાઓ ઉદભવી. સમયાંતરે રાષ્ટ્રનો ખ્યાલ ઉદભવ્યો અને વિસ્તારો પરનું પ્રભુત્વ/ વર્ચસ્વ શક્તિ દર્શાવવા માટેનું એક માત્ર માપદંડ બની રહયો.કેટલીક જગ્યાએ પ્રજાસત્તાક તંત્રની રચના થવા પામી.ભારતમાં ઈ.સ. પૂર્વેની છઠ્ઠીથી ચોથી સદી સુધીનો સમયગાળો મહાજન પદોના યુગ તરીકે ઓળખાયો.આવા રાજ્યોમાં રાજાઓ પાસે ખાસ સત્તાઓ હતી.એ જ રીતે મહાન સામ્રાજ્યોમાં મહાન સમ્રાટોની આપખુદ સત્તા અમલમા આવવા પામી. તમે સમ્રાટ અશોક સમુદ્રગુપ્ત અને હર્ષવર્ધન જેવા મહન પ્રાચીન રાજવીઓથી વાકેફ હશો જ. મુઘલોએ પણ ભારતમાં વિશાળ સામ્રજ્યનું સર્જન કર્યુ. બ્રિટીશરો ભારતમાં સત્તા સ્થાપી શક્યા અને ૧૮૫૮માં ભારત બ્રિટીશ તાજનો એક ભાગ બની જવા પામ્યું. છેવટે આપણે લાંબા સંઘર્ષબાદ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ કરી શક્યા. આજે આપણે સર્વ સત્તાધીશ, સમાજવાદી, બિનસાંપ્રદાયીક અને લોકશાહી પ્રજાસત્તાક બની એક સમાન સરકારની વિશાળતાયુકત પ્રબળતાં ખડી કરી દીધી છે.


## પાઠગત પ્રશ્નો ૨.૧

(૧) જ્યાં ભાંગડા એક પ્રચલીત લોક નૃત્ય છે એવા રાજ્યનું નામ જણાવો.

(૨) આસામનું નૃત્ય કયાં નામથી પ્રચલીત છે ?

(૩) સલવાર, કુર્તા, ટોપી વગેરે ઈ.સ. પૂર્વેના બીજા સૈકા દરમ્યાન ભારતમાં કોણ લઈ આવ્યું ?

(૪) પટોળા નામના વસ્ત્ર માટે કયો પ્રદેશ જાણીતો છે ?





## ધર્મનિરપેક્ષ/બિનસાંપ્રદાયીક દષ્ટિબિંદુ

ભારતનું ધર્મ નિરપેક્ષ ચારિત્ર્ય/લક્ષણએ તેઢની પ્રજા લાંબા સમયથી ચાલ્યા આવતાં વિવિધતાં સભર સાંસ્કૃતિક સમન્વયનું પરીણામ છે.સંઘર્ષના કેટલાક અપવાદરૂપ દષ્ટાંતો સિવાય મોટેભાગે અહીના લોકો સદીઓથી શાંતિપૂર્વક સાથે રહેતાં આવ્યાં છે.ભારતની વિખ્યાત સાંસ્કૃતિક પરંપરા મોટા પ્રમાણમાં વિવિધ ધાર્મિક જુથો સંપીને એકસાથે રહેતાં આવ્યા હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

તમને ખ્યાલ હશે જ કે આપણો દેશ સુવિચારો અને આદતોમાં મોટી વિવિધતા ધરાવે છે. આ વિવિધતા કોઈ એક માત્ર વિચારધારાનું વર્ચસ્વ/પ્રભુત્વ ચાલી શકે નહી. તમને યાદ હશે કે ભારતમાં હિન્દુ, મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, બૌધ્ધ, જૈન, પારસી અને યહુદી પ્રજા એક સાથે જ વસવાટ કરી રહી છે. ભારતનું બંધારણ તેને એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર જાહેર કરે છે. તેમાં પ્રત્યેક સ્ત્રી-પુરૂષને પોતાની ઈચ્છા અનુસાર ધર્મનું ખુલ્લું પાલન અને તેનું પ્રદર્શન કરવાની છુટ છે.રાજ્યને તેમાં પોતાનો કોઈ ધર્મ નથી.માટે પ્રત્યેક ધર્મને સમાન રીતે જોશે. કોઈને ધર્મને નામે પક્ષપાત કરવા દેવાશે નહી.તેથી જ મોટા પ્રમાણમાં તેના લોકોએ જીવો અને જીવવાદોનો વિશાળ ખ્યાલ વિકસાવવો જ પડશે.

આપણી રાજનીતિ ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર આપવાની સાથેસાથે ધર્મનિરપેક્ષતાની પણ ખાત્રી આપે છે. પાશ્ચાતય પરીપ્રેક્ષ્યમાં જોઈએ તો ધર્મનિપેક્ષતાનો વિકાસ એટલે ચર્ચ/દેવળ અને રાજ્યનું એકબીજાથી તદન સ્વતંત્ર અસ્તિત્વ ભારતમાં ધર્મનિપેક્ષતાની વધુ હકારાત્મકતા સાથે સામાજીક માળખાના દેશભરમાંના વ્યાપને પહોંચી વળવા માટે અને ખાસ કરીને લઘુમતીઓના હિતોની જાળવણી માટે અપનાવામાં આવેલ છે.

## વૈશ્વિકતાવાદ

સાતત્યતાનું ખ્યાલ રાજ્યની ભૌગોલીક અને રાજકીય સીમાઓ પુરતો જ મર્યાદિત નથી ભારત પાસે એક વૈશ્વિક ખ્યાલ છે જેનો શાંતિ અને સુમેળનાં સંદર્ભમાં તે સમગ્ર વિશ્વમાં એક સંદેશ પાઠવે છે.ભારતે જાતિવાદ તથા સંસ્થાનવાદના વિરોધમાં ઉગ્ર પ્રતિકાર કરતો અવાજ ઉઠાવ્યો છે.તેને વિશ્વમાં સર્જતા સત્તા જુથો સામે વિરોધ નોંધાવ્યો છે.વાસ્તવમાં ભારત બીનજોડાણવાદી ચળવળનાં સભ્ય રાષ્ટ્રોનું એક સ્થાપક રાષ્ટ્ર છે.ભારત અર્ધવિકસીત રાષ્ટ્રોનાં વિકાસ માટે સમર્પિતા બંધાયેલ છે.આ સંદર્ભે ભારત પોતાની વિશ્વ ભાતૃત્વના ભાગરૂપ વૈશ્વિક વિકાસ સાધવા માટેની જવાબદારીનું વહન કરી રહ્યું છે.

અત્રે એ યાદ રહેશે કે ભારતીય ઉપખંડ યુગોથી એક સાંસ્કૃતિક એકમ તરીકે રાજકીય સીમાડાઓ વિંધીને અખંડ રહી શક્યું છે.

## ભૌતિક અને આધ્યાત્મવાદ

સંસ્કૃતિ એ કોઈ પણ જાતિ કે રાષ્ટ્રના મસ્તિષ્ક, રસ, વર્તન, વિચાર, કલા, કૌશલ્યો અને આધ્યાત્મિક વિકાસ માત્ર છે.

ભારત આધ્યાત્મિકની ભૂમિ હોવાનું વિશેષ કરીને પશ્ચિમનાં દેશોમાં જાણીતું છે. પ્રાચીનકાળથી આજદીન પર્યતનો ઈતિહાસ દર્શાવે છે કે ભૌતિકતાવાદી અને અને બિનભૌતિકતાવાદી સંસ્કૃતિ જોડેજોડે ચાલુ રહે છે. તમને યાદ હશે કે હરપ્પન સંસ્કૃતિ એ શહેરી સંસ્કૃતિ હતી. આ એક અવું પદ્ધતિસરનું નગર આયોજન હતું કે જ્યાં માર્ગો એક બીજાને છેદતાં હતાં.તેમની પાસે ગણિતનું તથા તોલમાપનું ઉત્કૃષ્ટ જ્ઞાન હતું.તેમણે વૈજ્ઞાનિક ઢબે પોતાનાં નગરો વસાવીને પાણીના નિકાલ માટે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.હરપ્પા વાસીઓ વિદેશ વ્યાપાર કરતાં. સુમેર સંસ્કૃતિના લોકો સાથે તેઓ વ્યાપારીક હેતુસર દરીયો ખુંદતાં હતાં.

દવાઓ, ઔષધિય વનસ્પતિ ,જડીબુટી, તારાઓ તેમજ ગ્રહો, નક્ષત્રો ઉપર તેમને ઉત્તમ ગ્રંથો લખ્યા હતાં."પૃથ્વી સુર્યનું પરીભ્રમણ કરે છે." અથવા " પૃથ્વી ગોળ છે." એવાં કેટલાંક સિધ્ધાંતો ભારતવાસીઓએ યુરોપવાસીઓએ સ્વીકાર્યો તેનાથી ઘણા વહેલા પ્રસ્થાપિત કર્યા હતાં. એ જ રીતે ગણિત તથા ઔષધ વિજ્ઞાનનાં અને અન્ય વિજ્ઞાનના ક્ષેત્રોમાં પ્રાચીનકાળમાં ભારતે હાંસલ કરેલ સિધ્ધિઓ સાચે જ નોંધપાત્ર હતી. ધાર્મિક કે અન્ય ખ્યાલો/જ્ઞાન કેળવવા કે તેના પ્રચાર-પ્રસાર કરવા પર કોઈ જાતનું વિરોધ કરવામાં આવતો નહતો .

તત્વજ્ઞાન અને નાસ્તિકવાદને ક્ષેત્રે પણ ભારતમાં ખાસ્સો વિકાસ થયો હતો. તેમે જાણતાં જ હશો કે જૈન ધર્મ અને બૌધ્ધ ધર્મમાં ભગવાનની અસ્તિત્વ પર ચુપકીદી સુવાઈ છે. આ તમામ બાબતો આપણે કહી જાય છે કે વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિએ એકીસાથે ભૌતિકવાદી અને બિન ભૌતિકવાદી કે આધ્યાત્મિકવાદી હતી.

" ભારતીય સંસ્કૃતિએ સાદગી અને ગહન જ્ઞાન ધરાવતી પ્રજાનું જીવંત ઉદાહરણ છે."

## ૨.૨ સાંસ્કૃતિક ઓળખ- ધર્મ અને પ્રદેશ

આપણી સાંસ્કૃતિક ઓળખ ધર્મ અને પ્રદેશ જેવા કેટલાંક પરીબળો પર આધારીત છે. પરીણામે પ્રત્યેક ભારતીય જુદી-જુદી ઓળખ ધરાવે છે. આ ઓળખ ચોક્કસ સમયનાં સમૂહો પર ભાર મુકે છે અને રાજકીય, સામાજિક, કે આર્થિક પરીપેક્ષ્ય કે જેતે વ્યક્તિ પોતે પોતાની રીતે શોધી કાઢે છે અને તેના પર જ તે બીજાઓ કરતાં ફાવી જાય છે. એટલે કે અહી પ્રત્યેક વ્યક્તિ પાસે બીજા જેવું જ કંઈક સામાન્ય કે સમાન છે.પરંતુ અન્ય બાબતોમાં તે તદ્દન જુદી પડે છે. દા.ત. માન્યતાઓ સિવાય પૂજા અને વિધિવિધાનો એ કંઈક અંશે એક સમાન શ્રધ્ધા ધરાવતાં દેશભર અન્ય લોકોમાં સામાન્ય હોય તેવું ભાગ્યે જ જોવા મળે છ. અરે પુજા વિધિનાં સ્વરૂપો અને વિધિવિધાન પણ સાંપ્રદાયીક તેમજ પ્રાદેશિક તફાવતવાળા હોય છે. એટલા માટે જ હાલમાં તમામ હિંદુઓ કે મુસ્લીમો પણ એક સરખા નથી. તમીલનાડુના બ્રાહ્મણો તેમના સહધર્મિ એવા કાશ્મીરીઓથી તદ્દન જુદા તરી આવે છે. એ જ રીતે કેરલનાં અને ઉત્તરપ્રદેશનાં મુસ્લીમો

પણ સાંસ્કૃતિક ઘણી બાબતોમાં જુદા પડે છે. વાસ્તવમાં પ્રાદેશિક ઓળખ એ વધુ સાચી બાબત છે.જુદા જુદા ધર્મના અને જાતિના લોકોમાં પણ ભાષા,ખોરાક, વસ્ત્ર પરીધાન ,મુલ્યો અને વિશ્વદર્શન બાબતે એક સમાન હોય તેવાં લક્ષણો જોવા મળે છે. બંગાળના પ્રત્યેક હિંદુ તેમજ મુસ્લીમ પોતે બંગાળી હોવાનો ગર્વ લે છે. એ જ રીતે અન્ય કેટલીક બાબતે પણ હિંદુ, ખ્રિસ્તી અને મુસ્લીમો વચ્ચે પ્રદેશના વિવિધ તત્વો સમાન રીતે વહેંચાતાં જોવા મળે છે.

સૈદ્ધાંતિક રીતે જોઈએ તો જુદા જુદા ધર્મ જુથોમાં તેમના ધર્મનાસિદ્ધાંતો માટે ઊંડી શ્રદ્ધા હોય તેવું જોવા મળતું હોય છે.દા.ત. વેદો અને શાસ્ત્રો હિંદુઓ માટે કુરાન અને હદિસ મુસ્લીમો માટે તથા ખ્રિસ્તઓ માટે બાઈબલ એક પ્રેરણા સ્ત્રોત હોય શકે છે.તેમ છતાં વિવિધ ધર્મિક લોકોનાં ધાર્મિક વિધિવિધાન અને તેમની જીવનશૈલી મોટાભાગે પરસ્પર ભળી ગયેલ તેવું જણાય છે.

જનજાતિઓમાં આવી ધાર્મિક સંસ્કૃતિ સવિશેષ રીતે ઘણી મજબુત હોય તેમ લાગે છે. ઉદાહરણ તરીકે નાગાલેન્ડ જેવા નાના રાજ્યમાં એવી જાતિઓ છે કે જે પોતપોતાના વસ્ત્રપરીધાન,બોલી અને માન્યતાઓમાં પરસ્પર / એકબીજાથી જુદી પડે છે. છત્તીસગઢમાં બસ્તર જિલ્લામાં આવા ઘણાં જુદા જુદા ધાર્મિક જુથો છે.

## ૨.૩ સાંસ્કૃતિક પ્રભાવ

આધુનિક પરીપ્રેક્ષ્યમાં કહીએ તો આપણી સંસ્કૃતિ પર મુખ્યત્વે ત્રણ નોંધપાત્ર લક્ષણો જોવા મળે છે. તે છે પશ્ચિમીકરણ, અયોગ્ય રાષ્ટ્રીય સાંસ્કૃતિક રીતો અને લોકપ્રિય સંસ્કૃતિ.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પૂર્વે અમિર-ઉમરાવો તેમજ લોક સેવાઓના સભ્યો દ્વારા પાશ્ચાત્ય શૈલીઓ અપનાવવામાં આવી હતી. તેનો પ્રભાવ આગળ જતાં મધ્યમ વર્ગો તેમજ ગામડાંઓ સુધી વિસ્તર્યો. આ વિધાનના આધાર તરીકે ગામડાંઓમાંની હાલની અંગ્રજી માધ્યમની શાળાઓ ટાંકી શકાય.

સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન નવી પદ્ધતિઓનો વિકાસ થયો. તે રાષ્ટ્રીય શૈલી બની રહી. ઉદાહરણ તરીકે ગાંધીટોપી તેમજ ખાદીનું પરીધાન હવે માત્ર એક વિધિ કે પ્રતિક બની રહ્યું છે. પરંતુ તે રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક એકરૂપતાને ક્ષેત્રે ઘણું બધું પ્રદાન કરી ચુકેલ બાબત છે.

લોકપ્રિય સંસ્કૃતિએ બીજી રીતે જોઈએ તો પ્રસાર માધ્યમોની જ દેન ગણાય. આ ક્ષેત્રે ફિલ્મોનો પ્રભાવ ઘણો મોટો છે. રેડીયો તેમજ ટેલીવિઝન પણ ખ્યાલોને વર્તણુંકોને નવો આકાર આપે છે.તેમની પકડને નકારી શકાય તેમ નથી. આધુનિક પ્રસાર માધ્યમોએ પણ પરંપરાગત અને લોકહીતના મુદ્દાઓને ખાસ મહત્વ આપેલ છે.

## પાઠગત પ્રશ્નો ૨.૨

(૧) વિદેશથી આવીને ભારતમાં વસેલા લોકોનાં બે દૃષ્ટાંતો આપો

(૨) ભારતને એકતા પ્રદાન કરવામાં વાતાવરણના કયા ભાગ/તબક્કાનો ફાળો છે.

(૩) દરિયા પારના દેશોની સંસ્કૃતિ કે જેને હરપ્પાન સંસ્કૃતિ સાથે વેપારી સંબંધો હતા.તેનું નામ દર્શાવો.

## તમે શું શીખ્યા ?

- સંસ્કૃતિનો અર્થ/મતલબ ઘણો જ વિશાળ અને વ્યાપક છે. તેને એક ચોક્કસ વર્તણુંક તરીકે પણ વ્યાખ્યાયિત કરી શકાય. તે સમાજમાં વસતા લોકોની જીવન જીવવાની રીત સૂચવે છે.
- સંસ્કૃતિના ઘડતરમાં જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈતિકતા, કાનૂન, રીતરીવાજો તથા અન્ય શક્તિઓ તેમજ સમાજના સભ્યો થકી અપનાવવામાં આવેલી આદતોનો ફાળો હોય છે.
- પોતાની સ્વિકૃતિ તથા વ્યાપકતાને લીધે જ ભારતીય સંસ્કૃતિ સૈકાઓથી સંરક્ષિત/સચવાયેલ રહી છે.
- વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિને વિશિષ્ટતા પ્રદાન કરતું એક ખાસ લક્ષણ છે.
- આજે ભારતીય સંસ્કૃતિ તરીકે જે વિખ્યાત છે. તેને વિવિધ સંસ્કૃતિઓનું યુગે યુગે સાંસ્કૃતિક સમન્વય કહી શકાય.
- આધ્યાત્મિકતા અને મુલ્યનિષ્ઠ જીવન શૈલીએ ભારતીય સંસ્કૃતિનો અર્ક છે. કે જેને વૈજ્ઞાનિક મિજાજ પણ છે.

## પાઠાંત સ્વાધ્યાય

(૧) સંસ્કૃતિના વિવિધ અંગો કયા કયા છે?

(૨) દુન્યવી અને બિનદુન્યવી સંસ્કૃતિનો અર્થ આપો.

(૩) ભારતીય સંસ્કૃતિના ધર્મનિરપેક્ષતાના લક્ષણની વ્યાખ્યા કરો.

(૪) ભારતીય સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણોનું વર્ણન કરો.

(૫) નીચેના પર ટુંક નોંધ લખો.

(અ) ભારતમા સાંસ્કૃતિક સમન્વય

(બ) આધ્યાત્મિકતા

(ક) ભારતીય સંસ્કૃતિનું આત્મસાત/સ્વિકૃત કરવાની ખાસીયત.

(૬) ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં "વિવિધતામાં એકતા"ને સમજાવો.

## ૨.૧ પાઠાંત પ્રશ્નોના જવાબ

(૧) પંજાબ

(૨) બીહુ

(૩) કુશાણો, શકો અને પહલવો (પાર્થિયનો)

(૪) ઓરિસ્સા

# ૩

# પ્રાચીન ભારત

શું તમે એમ વિચારો છે કે ભારતીય પ્રજાની સંસ્કૃતિ પરાપૂર્વથી આવી જ હતી ? જવાબના જ છે. કોઈ સંસ્કૃતિ પુર્વવત જળવાઈ રહેતી નથી. આ સત્ય ભારતના સંદર્ભે પણ એજ રીતે લાગુ પડે છે. તે ઘણાં બધા પરીવર્તનો શા માટે ઉદભવતાં હોય છે ? આમ એટલા માટે બનવા પામ્યું છે કે એવા તમામ વંશો તમામ આક્રમણખોરો કે જે ભારતમાં આવીને સ્થાયી થયાં તે તમામ આપણી સંસ્કૃતિ અને રાષ્ટ્ર પર પોતાની છાપ છોડી ગયાં છે.ભારતીય સમાજની વર્તમાન સંસ્કૃતિને સમજવા માટે એ જરૂરી છે કે આપણે ભુતકાળમાં થવા પામેલ પ્રક્રિયાને સમજી લઈએ. માટે અત્રે આપણે આપણા થકી પ્રાચીન ભારતનાં લોકોના જીવન પર એક નજર કરવા પ્રયત્ન કરીશું. જેમાં હડપ્પાકાળથી વૈદિક, મોર્ય તેમજ ગુપ્તયુગ જેવા પ્રાચીન ભારતીય ઈતિહાસમાં વિવિધ તબક્કાઓ વિશે વાંચશો.આમા ભારતીય જનસમાજમાં સમાજ અને સંસ્કૃતિના સંદર્ભે આવવાં પામેલા પરીવર્તનો પર ભાર મુકવામાં આવ્યો છે.જયારે આપણે ઈતિહાસનું વાંચન કરીએ છીએ, ત્યારે સમજાય છે કે સદીઓ પર્યંતના લાંબા વિકાસને અંતે વર્તમાન વિશ્વનો ઉદ્‌ભવ કેવી રીતે થવા પામ્યો છે આપણે આપણા ભાવીને સંપન્ન/સમૃદ્ધ કરવા માટે ભુતકાળમાંથી જે મેળવ્યું છે,તેની કદર કરીએ તે ઘણું મહત્વનું છે.

## હેતુઓ

આ પાઠનાં વાંચનના અંતે તમે.....

- ઈતિહાસના અભ્યાસનું મહત્વ અને ઉપયોગીતાને સમજી શકશો.
- હરપ્પા સંસ્કૃતિને ભારતની પ્રથમ નગરીય સંસ્કૃતિ તરીકે પિછાણી શકશો.
- વૈદિક સમાજ ધર્મ અને તત્વજ્ઞાનનું પરીક્ષણ કરી શકશો.

- જૈન અને બૌધ્ધ ધર્મના ઉદય માટેનાં કારણો વર્ણવી શકશો.
- આ સમયે દક્ષિણ ભારતનાં પ્રારંભિક ઈતિહાસને જાણી શકશો.
- સફળ સમ્રાટોનાં શાસનકાળમાં થયેલ મહત્વના સાંસ્કૃતિક વિકાસનું વિવેચન કરી શકશો.

## ૩.૧ ઈતિહાસનાં અભ્યાસનુ મહત્વ

મને ખાત્રી છે કે ઘણીવાર જાતને પુછતાં હશો કે તમે ઈતિહાસનો અભ્યાસ શા માટે કરો છો ? ઈતિહાસનો અભ્યાસ એ ભુતકાળ જાણવાનો એક માર્ગ છે. આપણા પૂર્વજો જેમ તેઓ વર્તતા હતા, તેમજ શા માટે જીવતા હતા અને તેઓ જે તકલીફો ભોગવતા હતાં. તેમાંથી બહાર નિકળવા માટે શા ઉપાયો અજમાવતા હતાં, એ બધું જાણવા માટે ઈતિહાસ એક સારો ઉપાય છે. તમારા માટે એ મહત્વપૂર્ણ છે કે તમે આજના ભારતમાં જે કંઈ થઈ રહ્યું છે, તેને સારી રીતે સમજવા માટે તેના ભુતકાળથી સુમાહિતગાર રહો.આ પાઠનો અભ્યાસ કર્યા પછી તમે આપણા દેશની સદીઓ પુર્વે શરૂ થયેલ વાર્તાઓ વિશે જાણતાં થશો.

ઈતિહાસએ માત્ર તારીખો તેમજ ઘટનાઓ અને એ પણ મહદ અંશે રાજકીય ઘટનાઓનો અભ્યાસ છે એવું માની લેવાની જરૂર નથી. જીવનનાં ઘણા બધા પાસાને સમાવી લેતો એનો વ્યાપ ઘણો જ વિશાળ છે.તેમાં જીવનની શૈલીનો અભ્યાસ સમાવિષ્ટ છે. જેને આપણે સંસ્કૃતિ કહીએ છીએ. સંસ્કૃતિને કયારેય માત્ર કલા, સ્થાપત્ય, સાહિત્ય અને તત્વજ્ઞાન પુરતી મર્યાદિત વ્યાખ્યાયિત કરવામાં આવતી હતી. જયારે આજે તેમાં સમાજની સઘળી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવે છે. એટલા માટે ઈતિહાસનું ધ્યાન કેવળ સમાજનાં ઉપલા વર્ગ પરથી હટીને હવે સમાજનાં તમામ તબક્કાના લોકો સુધી પહોંચ્યું છે. હવે તે રાજાઓ અને રાજપુરૂષોની માફક જ સામાન્ય લોકો કે જે ઈતિહાસનું સર્જન કરે છે. એમને પણ આવરી લેતો થયો છે. તમા કલા અને સ્થાપત્યના અભ્યાસ ઉપરાંત ભાષાઓ, સાહિત્ય અને ધર્મના વિકાસ ને પણ સમાવી લેવામાં આવેલ છે.આપણે માત્ર સમાજના ઉચ્ચ વર્ગમાં શું થઈ રહયું છે એટલું જ જોતા નથી, પરંતુ આપણે સમાજના નીચલા વર્ગનું હિત શેમાં નિસ્બત ધરાવે છે તે પણ જોવાનો પ્રયત્ન કરીએ છીએ. આ બાબતો ઈતિહાસને વધુ રસપ્રદ કરીને તેને આપણા સમાજને વધુ સારી રીતે જાણવા માટે સહાયભુત બનાવે છે.

એ લોકો કે જેમણે આપણા સમાજના ઉચ્ચ વર્ગો તથા સામાન્ય કક્ષાનું ઘડતર કર્યુ હતું. તે તમામ આવું શરૂ કરનારા મુળ ભારતીય વર્ગના કે અહી જ વસવાટ કરનારા જ હતાં એવું નથી. ઘણાં લોકો અન્ય વિસ્તારમાંથી આવીને ભારતમાં સ્થાયી થયાં હતાં. તેઓ સ્થાનિક સ્ત્રીઓ સાથે લગ્ન કરીને ત્યાં વસતાં લોકો સાથે હળીમળી જઈને ભારતીય જન સમાજનો એક ભાગ બની ગયાં. તેથી જ આપણા

સમાજમાં વિવિધ પ્રકારના લોકોનો સમૃધ્ધ વારસો રહેલો છે. આ વિવિધ લોકોની મોટી સંખ્યાને લીધે આપણા દેશમાં ઘણી મોટી સંખ્યામાં ધાર્મિક, ભાષાકીય તેમજ રીત રીવાજોને લગતી વિભિન્નતાઓ જોવા મળે છે.

વર્તમાન ઈતિહાસ મુખ્યત્વે બે બાબતો પર આધાર રાખે છે. આમાંનો એક એટલે આપણને ઈતિહાસવિદો દ્વારા બચાવ કરવા માટે અપાયેલ કેટલાંક વિધાનો કે જે ધર્મનિરપેક્ષ રીતે થયેલા વિશ્લેગાણ હોય છે. તેનો કાળજીપૂર્વકનો અને મહત્વપૂર્ણ અભ્યાસ . બીજી બાજુ ઐતિહાસિક ઘટનાઓને પોતાનાં ચોક્કસ કારણો હોય છે. જેનું પૂર્ણતઃ પરીક્ષણ થવું જરૂરી છે. આ ઉપરાંત ભુતકાળનું પણ વિષયસંગત વિશ્લેષણ થવું ઘટે. માત્ર આ જ રીતે ઈતિહાસનું જ્ઞાન આધુનિક બની શકે.

ભારતનો ભુતકાળ કેટલાંક હજારો વર્ષો સુધી પથરાયેલો જોવા મળે છે. તેનો અભ્યાસ માત્ર આપણા પૂર્વજો આપણા માટે જે પુરાવા મુકતા ગયાં છે. તેને આધારે જ કરી શકીએ. પૂર્વે જ્યારે છાપકામ પ્રચલીત થયું ન હતું, ત્યારે કાગળ પર હાથથી લખાયેલા દસ્તાવેજો/નોંધો તૈયાર થતાં. પણ તેથી પૂર્વે કે જ્યારે કાગળ પણ બન્યો ન હતો, ત્યારે આવાં લખાણો સુકાં ભોજપત્રો પર થતાં. વૃક્ષની આંતર છાલ તથા તામ્રપત્રો પર અને કેટલીક વખત તો તે વિશાળ ખડકો, સ્થંભો, પથ્થરની દિવાલો અથવા માટી કે પથ્થરમાંથી બનેલ ઈંટો પર કોતરવામાં/લખવામાં આવતાં. એથી પણ પાછળ અર્થાત જ્યારે લિપિ જાણીતી બની હતી. ત્યારે પણ એ પ્રાચીન દિવસોમાં જીવન માટેનું આપણું જ્ઞાન તેમણે પોતાની પાછળ છોડેલા અવશેષો જેવા કે તેમનાં માટીનાં વાસણો, હથીયારો સાધનો વગેરે ચીજોના માધ્યમથી આપણા સુધી પહોંચ્યુ છે. આ એવી ચીજો છે કે જે સખત છે જેને જોઈ શકાય કે સ્પર્શી શકાય છે અને કયારેક તો તે ખરેખર જમીનમાંથી ખોદી કાઢવામાં આવેલ હોય છે. તે તમામ સાંકેતિક પ્રયાસો એ ઐતિહાસિક ખજાનો ખોદી કાઢવાની એક રમતનાં ભાગરૂપ હોય છતાં તે આપણી સંસ્કૃતિના એક ભાગનું ઘડતર કરનાર હોય છે. આવા સંકેતો તરીકે મોટેભાગે હસ્તપ્રતોનો વપરાશ થતો હોય છે.આવી પ્રાચીન હસ્તપ્રતો એજ પ્રાચીન ગ્રંથો છે. પછી ભલેને ભોજપત્રો પર, બર્ચ નામના વૃક્ષની જાડી છાલ પર કે કાગળ પર છપાયેલ અક્ષરો હોય. અન્ય ઉપરોક્ત પ્રકારો જેટલા જુના નથી. એમાંની કેટલીક ભાષાઓ જેમ કે પાલી અને પ્રાકૃત વગેરેમાં લખાયેલ ગ્રંથો આજના ભારતનાં ભારતમાં રોજીંદા વપરાશમાં જોવા મળતી નથી. બીજા કેટલાંક ગ્રંથો સંસ્કૃત અને અરબી ભાષામાં લખાયેલા છે. જેને આપણે ધાર્મિક વિધિ-વિધાનો વેળાએ ઉપયોગ કરતાં હોઈએ છીએ. પરંતુ રોજીંદા ઉપયોગમાં-ઘરમાં વાપરતાં નથી. બીજી ભાષાઓ જેમ કે દક્ષિણ ભારતમાં બોલાતી તમિલા ભાષા કે જેનું સાહિત્ય પ્રારંભિક/ પ્રાચીનકાલીન હોવા છતાં આજે પણ તે વપરાશમાં જોવા મળે મળે છે. તેવી બધી ભાષાઓ "શાસ્ત્રીય" ભાષાઓ કહેવાય છે. વિશ્વના ઘણા બધા ભાગોનો ઈતિહાસ આવી ઘણી "શાસ્ત્રીય" ભાષાઓમાં આલેખાયો છે. યુરોપમાં પ્રાચીન હસ્તપ્રતો મોટેભાગે ગ્રીક અને લેટીન ભાષામાં લખાયેલી છે. જ્યારે પશ્ચિમ એશિયામાં તે અરબી તથા હિબ્રુમાં અને ચીનમાં શાસ્ત્રીય ચીની ભાષા વપરાયેલ છે.


## ૩.૨ પ્રાચીન ભારત

ભારત પાસે તેના વિશાળ સમયપટને આવરી લેતો સળંગસુત્ર ઈતિહાસ છે. બલુચિસ્તાનના મહેરગઢમાંથી ઈ.સ. પૂર્વે ૭૦૦૦ના સમયનાં નવપાષણ યુગીન વસવાટના પુરાવશેષો ઉપલબ્ધ થયાં છે. તેમ છતાં આવી સર્વપ્રથમ સંસ્કૃતિની ખિલવણી આશરે ઈ.સ.પુર્વના ૨૭૦૦ દરમ્યાન ભારતીય ઉપખંડના ઉત્તર પશ્ચિમ ભાગના વિશાળ વિસ્તારમાં થયેલ જોવા મળે છે.જેને હડપ્પા સંસ્કૃતિના નામે ઓળખવામાં આવે છે. આ સંસ્કૃતિના મોટા ભાગના સ્થળો સિંધુ નદી, ઘગ્ગર તથા તેની શાખા નદીઓના તળ પ્રદેશમાં આવેલ છે.

નગરીય સંસ્કૃતિ તરીકે ભારતની સર્વપ્રથમ જાણીતી સંસ્કૃતિ આ હરપ્પા સંસ્કૃતિ સાથે સંકળાયેલ છે. હરપ્પાવાસીઓએ સર્વપ્રથમ નગર આયોજન, સફાઈ વ્યવસ્થા, ગટર વ્યવસ્થા અને પહોળા તથા સરખા બંધાયેલા માર્ગોવાળાં નગરો વસાવ્યા હતાં. તેમણે પાકી ઈંટોના સ્નાન ગૃહ, રસોડું તેમજ કુવાની સુવિધા ધરાવતાં બે મજલા/ ભવનો/મકાનો બાંધ્યા હતાં. કિલ્લેબંધ નગરોમાં તો મહાસ્નાનાગર, કોઠાર તથા સભાગૃહો જેવા મહત્વના ભવનો પણ હતાં.

ગ્રામ્ય વિસ્તારોમાં હરપ્પાવાસીઓ માટે ખેતી મુખ્ય વ્યવસાય હતો.જે લોકો નગરોમાં વસવાટ કરતાં હતા તેમને આંતર-બાહ્ય વેપાર ઉપરાંત નગરોમાં વસતાં લોકોને મેસેપોટેમીયા જેવી સંસ્કૃતિ ધરાવતાં રાષ્ટ્રો સાથે ગાઢ વ્યાપારીક સંબંધો હતાં.તેઓ ઉત્કૃષ્ટ પ્રકારના કુંભકાર હતાં. વિવિધ પુરાત્વિય સ્થળોએથી આવા અનેક વાસણો, રમકડાં, મુદ્રાઓ, આકૃતિઓ વગેરે મળી આવ્યા છે.આવા હરપ્પા નિવાસીઓ પાસે ધાતુશાસ્ત્રનું તથા મિશ્રણ ધાતુ બનાવવાનું ઉત્તમ જ્ઞાન પણ હતું. મોહે-જો-દડો ખાતેથી મળી આવેલ કાંસાની નર્તકીએ લોકોની શિલ્પ કલાની આવડત તથા સૌદર્યકલાની સુઝ દશાર્વે છે. જુદી જુદી કલા અને તેના માધયમો રૂપે છીપલા, હાથીદાંત, હાડકા જેવી ચીજો વપરાતી. ગુજરાતના ધોળકા તાલુકાના અમદાવાદ પાસે આવેલા લોથલ ખાતે અશ્મિય બંદર /ધક્કો પણ હતો. તે પણ સુઆયોજિત અને કિલ્લેબંધ નગર હતું .તે પશ્ચિમ જગત સાથેના દરીયાઈ વ્યાપાર માટેનું એક અગત્યનું બંદર હતું. આ સંદર્ભે ધોળાવીરા નામનું ગુજરાતનું તથા કાલિબંગન નામનું રાજસ્થાનનું બીજુ નગર પણ ઘણું જ અગત્યનું હતું.

એકશિંગા ગેડાવાળી અસંખ્ય મુદ્રાઓ, પિંપળાના પાન અને દેવતા વગેરે હરપ્પા વાસીઓની ધાર્મિક માન્યતાઓ ઉપર પ્રકાશ પાથરે છે. આ દેવતાની પુજા આગળ જતાં ભગવાન શિવની અને અન્ય માતૃદેવીઓની પુજાત તરીકે પ્રચલિત બની. તેઓ મોટે ભાગે મૃત્યુ પછીના જીવન તમજ મંત્ર-તંત્રમાં માનતા હતાં. પશુઓની આકૃતિઓ, ખૂંધવાળો સાંઢ, હાથી અને ગેંડાના ચિત્રો ઉપસાવેલ / કોતરેલ મુદ્રાઓ પરથી એમ સ્પષ્ટ થાય છે કે એ પશુઓ ત્યારે પવિત્ર ગણાતા હશે.પિપળાનું ચિત્ર ઘણી બધી મુદ્રાઓ પરથી મળી આવ્યું છે.





*હરપ્પાવાસીઓ લેખન કલાથી સુમાહિતગાર હતાં અને તેમની મોટાભાગની મુદ્રાઓ પર કોઈક લિપિનું રૂપ દર્શાવેલું હતું. પરંતુ કમનસીબે આમાની કોઈપણ લિપિ હજુ સુધી ઉકેલી શકાઈ નથી. પરીણામે આપણું હરપ્પા સંસ્કૃતિને લગતું જ્ઞાન માત્ર પુરાવશેષો પર નિર્ભર રહેલુ છે. ખોદકામથી મળેલ પુરૂષ અને સ્ત્રીની વિવિધ મુદ્રાઓ પરની આકૃતિઓ દર્શાવે છે કે એ લોકો કોતરણ અને વણાટકલાથી વાકેફ હતાં. આ લોકો મોટેભાગે , કપાસ ઉગાડનાર સૌપ્રથમ પ્રજા હતાં. મેસેપોટેમીયા/ ઈરાકમાંથી મોટી સંખ્યામાં મળી આવેલ મુદ્રાઓ દર્શાવે છે કે મેસેપોટેમીયાની સંસ્કૃતિને સિંધુ ખીણ સાથે વ્યાપારીક સંબંધો હતાં. ઈ.સ. પૂર્વે ૧૮૦૦માં હરપ્પા સંસ્કૃતિનું પતન થવા પામ્યુ. ખરેખર તે માટે શું કારણ હતું તે આપણે આજ સુધી જાણી શકયાં નથી.*

## ૩.૩ વૈદિક સંસ્કૃતિ

*હરપ્પા સંસ્કૃતિના પતન પછીનાં સૈકાઓમાં ગંગા-જમનાના મેદાની પ્રદેશોમાં ક્રમિક રીતે એક નવી સંસ્કૃતિ પાંગરી આ સંસ્કૃતિ આર્ય સંસ્કૃતિના નામથી જાણીતી બની. આ સંસ્કૃતિ અને તે પૂર્વે થઈ ગયેલ સંસ્કૃતિ વચ્ચે નોંધપાત્ર તફાવત રહેલો હતો.*

*આર્યો,સિંધુ તથા સરસ્વતિ ( કે જે હાલ અસ્તિત્વમાં નથી) નદીના તળ પ્રદેશોમાં વસવાટ કરતાં હતાં. તેઓ જે દેવી-દેવતાઓની પૂજા કરતાં હતાં તેમની સ્તુતિમાં અને સમ્માનમાં એમણે ઘણાં સ્તોત્ર રચ્યાં. તે બધા ઋગ્વેદ, સામવેદ , યજૂર્વેદ અને અથર્વવેદ જેવા ચાર વેદોમાં સંકલિત/સંગ્રહીત કરાવેલ છે. વેદ શબ્દનો અર્થ પવિત્ર અને આધ્યાત્મિક જ્ઞાન એવો થાય છે. આ વેદોને સર્વોચ્ચ એવું આમધ્યાત્મિક જ્ઞાન પીરસાતાં અચુક ગ્રંથો તરીકે સ્વિકારવામાં આવે છે. શરૂઆતમાં આ વેદો મૌખિક પરંપરામાં જળવાયેલા હતાં. ત્યારથી લઈને આર્યોને લગતું આપણું જ્ઞાન આ વદો પર જ નિર્ભર છે. આ સમયની સંસ્કૃતિને વૈદિક સંસ્કૃતિ કહે છે.વિદ્વાનો આ સમયને પ્રારંભિક અને અનુવૈદિક કાળ એમ બે ભાગમાં વહેંચે છે. પ્રારંભિકકાળનું ઋગ્વેદ જ્યારે પાછળના સમયનું અન્ય તમામ વૈદિક સાહિત્ય જેવા કે બ્રાહ્મણો ,અરણ્યક તથા ઉપનિષદો દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવે છે. બે મહાકાવ્યો રામાયણ અને મહાભારત તથા પુરાણો જોકે ઘણા મોડેથી સંકલીત કરાયાં હોવા છતાં પણ તત્કાલીન જીવન અને સમાજ ઉપર પુરતો પ્રકાશ પાથરે છે. પુરાવશોષો પણ ઉત્તર પ્રદેશનાં કેટલાંક વિસ્તારોમાંથી ઉપલબ્ધ થયાં છે.*

*ઋગ્વેદમાં લગભગ ૨૫૦ જેટલી સ્તુતીઓ ઈન્દ્રદેવ કે જેને નગરોના સંહારક તેમજ ૨૦૦ જેટલી સ્તુતીઓ અગ્નિ દેવ માટે રચવામાં આવેલ છે.તમને એ ખ્યાલ છે કે અગ્નિ તથા માણસો વચ્ચે મધ્યસ્થિ ગણવામાં આવતો હતો ?*

### સમાજ અને ધર્મ

*જો કે આર્યોનો સમાજ પિતૃપ્રધાન હતો. તેમ છતાં સ્ત્રીઓને પુરતાં માન-સમ્માન આપવામાં*

આવતા હતા. કુટુંબ એ સમાજનું સૌથી નાનું એકમ હતું . કેટલાક કુટુંબો કુલ ભેગા થઈને એક ગામ બનતું. જયારે કેટલાંક ગામો ભેગા મળીને એક જાતિ કે જનપથ બનતું જેનો વડો રાજન કહેવાતો તેના વડાની મુખ્ય કામગીરી પોતાની જાતિનું બ્રાહ્ય આક્રમણોથી રક્ષણ કરીને ત્યાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાનું હતું. તેને સભા અને સમિતિ નામની બે સંસ્થાઓના સભ્યો થકી સંચાલનમાં સહાય મળતી. પુરોહિતો ધાર્મિક અનુષ્ઠાનો કરાવતાં.જયારે સેનાની લશ્કરની દેખરેખ રાખતો. આ સમયે રાજ્ય કે સામ્રજય જેવો કોઈ જ ખ્યાલ ન હતો. જો કે પદ વંશવારસાગત બની જવાં પામ્યું હોવા છતાં તે જો નિર્બળ, અસમર્થ કે ક્રૂર જણાય તો તેને સત્તા ભ્રષ્ટ કરી શકાતો.

ઉત્તર વૈદિક કાળમાં સમાજ ચાર વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રમાં વહેંચાયેલો હતો.જેને વર્ણવ્યવસ્થા કહેતાં. જુદા જુદા વર્ગોના લોકો જુદી જુદી કામગીરી બજાવતાં.પરંતુ સમય જતાં આ વિભાજન પરંપરાગત અને જડ બનતું ગયું.શિક્ષકો બ્રાહ્મણ કહેવાતાં.રાજ્ય કરતાં વર્ગ ક્ષત્રિય, ખેડુત વેપારીઓ અને સરાફ વૈશ્ય, જયારે કલાકારો કશબીઓ શ્રમિકો વગેરે શુદ્ર કહેવાયા. એકથી બીજાં ધંધામાં જવું હવે મુશ્કેલ બનતું ગયું. સાથે સાથે બ્રાહ્મણોનું સમાજ પરનું વર્ચસ્વ વધતું ગયું.

બીજી અગત્યની સામાજિક સંસ્થા ચાર આશ્રમોની હતી. તેમાં સમગ્ર જીવનકાળની ચાર જુદા જુદા તબક્કાઓમાં વહેંચી દેવામાં આવ્યું હતું. જેમાનાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ (ગુરૂના આશ્રમમાં બ્રહ્મચર્યા અવસ્થામાં રહીને શિક્ષણ અને શિસ્તપૂર્ણ જીવન જીવવાનું રહેતું) બીજો ગૃહસ્થાશ્રમ (કૌટુંબિક જીવનનો તબક્કો),વાનપ્રસ્થાશ્રમ (સંસારની માયામાંથી ક્રમિક મુક્તિ) અને સંન્યાસાશ્રમ (દુન્યવી જીવનથી અલિપ્ત થઈ આધ્યાત્મિક જીવન જીવવાનો તબક્કો). જો કે ઉક્ત તમામ તબક્કા સ્ત્રીઓ તેમજ નિમ્ન વર્ણના લોકોને લાગુ પડતાં ન હતાં. સમાજમાં સ્ત્રીઓ આદર સત્કાર અને મુક્તિ માણી શકતી. તે શિક્ષણ લઈ શકતી અને મોટે ભાગે પોતાની પસંદગીનો જીવનસાથી સ્વયંવર થકી પસંદ પણ કરી શકતી. પર્દા અને સતીપ્રથા હજી પ્રચલીત થયાં ન હતાં. જીવનનું અંતિમ ધ્યેય મોક્ષ મોટે ભાગે ધર્મ, અર્થ અને કામ થકી મેળવાતું કર્મ અથવા કોઈપણ જાતનાં ફળની અપેક્ષા વગરનું ફરજપાલન કરવાનો ભગવદગીતામાં ઉપદેશ અપવામાં આવ્યો છે. પ્રાચીન વૈદિકકાલીન લોકો પ્રાકૃતિક શકિતઓને પૂજતાં તથા તેમને દેવીદેવતાઓનો દરજ્જો આપતા. ઈન્દ્રદેવ, વરૂણ દેવ, મારૂત દેવ એ એમના મુખ્ય દેવો હતાં. જયારે ઉગા, અદિતી તથા પૃથ્વી વગેરે એમની મુખ્ય દેવીઓ હતી. ઋગ્વેદમાં વર્ણવવામાં આવેલાં કેટલાંક દેવીદેવતાઓમાં સુર્ય, સાવિત્રી, મુખ્ય હતાં. વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞો (બલિદાન) કરવામાં આવતાં. ઈશ્વરની કૃપા મેળવવા માટે લોકો અગ્નિમાં ઘી તથા અન્ય સામગ્રી હોમતાં. અગ્નીને ઈશ્વર તેમજ માણસ વચ્ચેના મધ્યસ્થીના રૂપમાં જોવામાં આવતો .વેદકાળના આ લોકો જન કલ્યાણ અર્થે આવી વ્યકિતગત તેમજ સમુહગત પ્રાર્થનાઓ કરતાં.

ત્યારબાદના-ઉત્તર વૈદિકકાળમાં ધાર્મિક વિધિઓમાં ફેરફાર થવાં પામ્યાં. પ્રારંભિક વૈદિકકાળના પ્રભુદેવો જેવા કે ઈન્દ્ર, અગ્ની અને વરૂણ હવે જાણે કે પોતાનું વર્ચસ્વ અને લોકપ્રિયતા ગુમાવી ચુકયા

હતાં. તેમનું સ્થાન હવે ત્રિદેવ સ્વહસ્તક કર્યુ હતું. જેમાં બ્રહ્માને સર્વોચ્ચ/સર્જકનું સ્થાન, વિષ્ણુંને પાલક તરીકેનું જ્યારે શિવને સંહારકનું સ્થાન મળ્યું હતું. હવે ધર્મપૂર્ણતઃ ક્રિયાકર્મ પ્રધાન બની ચુક્યો હતો. સંસ્કૃત મંત્રો હવે બ્રાહ્મણોના એકાધિકાર નીચે આવીને ધર્મનો એક અતિ અગત્યનું ભાગ બની ચુક્યાં હતાં. બ્રાહ્મણોએ અત્યંત શક્તિશાળી રીતે યજ્ઞોને ખર્ચાળ બનાવી દીધાં. સમાજના ઉપલા ત્રણ વર્ગો જ તેમાં લઈ શકે અવું ચુસ્ત રીતે નક્કી થઈ ચુકયું હતુ. રાજાઓ અશ્વમેઘ, રાજ્યસૂઈ અને વાજઈય યજ્ઞો થકી તેમની સત્તા સ્થાપિત કરતાં થયા. એ જાણવું અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે કે વૈદિક સંસ્કૃતિના કેટલાક તત્વો લગભગ ૩૦૦૦ વર્ષો પછી આજે પણ ભારતીય સંસ્કૃતિના એક ભાગ તરીકે ગણાય છે. ઉત્તર વૈદિકકાળના અંત સાથે સમાજમાં પરિવર્તનો આવતાં થયાં. સર્વ પ્રથમવાર હવે લોકો કેટલીક ચોક્કસ માન્યતાઓ જેવી કે બ્રહ્માંડના સર્જન તથા મૃત્યુ પછીના જીવન અને તેના સ્તરની વાત કરતાં થયાં. આવા તમામ સવાલોના ઉકેલો ખુબજ વિગાદ રીતે ઉપનિગાદોમાં ચર્ચા કરવામાં આવી છે.

### દુન્યવી જીવન અને કરકસર

આર્યો મુળભૂત રીતે ગ્રામ્ય જીવન જીવતાં અને કૃષિ પર નિર્ભર રહેતાં લોકો હતાં. તેમાં ગાય, ઘોડા, ઘેટા-બકરા અને કુતરા જેવા પશુઓને પાળતાં. તેઓ કઠોળ, દાળ, ફળ-ફળાદી, શાકભાજી, દુધ, તથા દુધની બનાવટો જેવો સાદો ખોરાક લેતા તેઓ "સોમ" નામનું જવનાં પાણીમાંથી બનેલું પીણાં પીતાં હતાં. તેમની રમતગમતોમાં શતંરજ/ચેસ, રથની હરીફાઈ જેવા મનોરંજનના માધ્યમો હતાં.પ્રારંભિક તબક્કામાં નાણાંની લેવડદેવડ કે કર પ્રથા ન હતી. બલી અથવા સ્વેચ્છદાન પ્રથા પ્રચલિત હતી. ગાયો સંપતિનું માપદંડ હતી. સમય જતાં, લોખંડના મોટા પાયા પરના ઉપયોગો તેમના દુન્યવી જીવનમાં પરિવર્તનો લાવ્યાં. ગંગા નદીના મેદાનોમાં લોખંડની કુહાડીની મદદથી જંગલો સાફ કરીને ખેતીનો વિસ્તાર વધારવામાં આવ્યો. લોખંડના ઓજારોએ કલા અને ટેકનોલોજીમાં ભારે પરિણામો આણ્યા. લોખંડ અને ઘોડાના ઉપયોગે તેઓને યુધ્ધોમાં લડીને શત્રુઓથી સારી રીતે પોતાની જાતને બચાવતાં કર્યા. અનેકવિધ કલાઓમાં વૃધ્ધિ, વધારાના અનાજની ઉપલબ્ધી અને વસ્તી વધારાએ તમને ખાસ કૌશલ્યો તેમજ નગરીય વસવાટ શીખ્યા. કસબાઓ અને નગરો વિકસ્યાં તથા પ્રાદેશીક રાજ્યોનો વિકાસ થયો. ઉચ્ચ કક્ષાના માટીના વાસણો "ચિત્રિત વાસણો" અને ઉત્તરીય કળા રંગેલા વાસણો ઘણાબધા વિસ્તારોમાંથી મળી આવ્યાં છે. સિક્કાઓ ચલનમાં આવ્યાં. જમીન તેમજ જળમાર્ગોનો વેપાર આગળ વધ્યો. જેણે દુન્યવી સાધન સંપતિમાં ભારે વૃધ્ધિ કરી.

ઈ.સ. પૂર્વેના છઠ્ઠા સૈકામાં સોળ જેટલાં મહાજનપદોના નામથી જાણીતા રાજ્યો ઉત્તર ભારત તથા દખ્ખણમાં હયાત હતાં. તેમા અંગ, મગધ, કૌશલ, કાશી, કુરૂ અને પાંચાલ મુખ્ય હતાં.

## ૩.૪ લોકપ્રિય ધર્મસુધારાઓ

ઈ.સ. પૂર્વે ૬૦૦થી ઈ.સ. પૂર્વે ૨૦૦નો સમયગાળો માત્ર રાજકીય જ નહી પરંતુ સાંસ્કૃતિક એકતા માટે પણ અગત્યનો હતો. આ સમયે ભારતે બે ઘણાં જ મહત્વના ધાર્મિક સુધારા આંદોલનો જેવા

કે જૈન ધર્મ અને બૌધ્ધ ધર્મ જોયાં, જે ભારતીય જીવન અને સંસ્કૃતિ પર પ્રગાઢ પ્રભાવ પાડયો. વૈદિક ધર્મ શરૂઆતમાં બ્રાહ્મણ ધર્મ જાણીતો થયો. કારણ કે બ્રાહ્મણ વર્ગે તેમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. પાછળથી તે હિંદુવાદ/ધર્મ તરીકે ઓળખાયો. યજ્ઞો/ધાર્મિક વિધિવિધાનને અંતે બ્રાહ્મણોએ દાન-દક્ષિણા (ફી પેટે) માંગીને એક પ્રકારથી તેના ગેરલાભ લેવા શરૂ કર્યો. પરીણામ સ્વરૂપે આવા વિધિવિધાનો અત્યંત ખર્ચાળ બની ગયાં. આ ઉપરાંત બ્રાહ્મણો પોતાની જાતને અન્ય વર્ગો કરતાં ચઢિયાતા ગણીને અહંકારી બનતાં ગયાં. આને લીધે બ્રાહ્મણવાદની અપ્રિયતા વધતી ચાલી જેની સુધારણાની જરૂરીયાત ઉભી કરી.

આ ઉપરાંત ક્ષત્રિયો તેમજ વૈશ્યો જેવા કેટલાંક પરીબળોએ બ્રાહ્મણોની સર્વોપરિતા સામે પ્રત્યાઘાત દાખવીને એક સુધારેલી સમાજ વ્યવસ્થા માટેની માંગ ઉભી કરી. વૈદિક ધર્મ હવે અત્યંત ગુંચવાડા તથા ક્રિયાકાંડો સભર બન્યો હતો. તેથી ક્ષત્રિયોની આગેવાની સાથે ગરીબ લોકોનો વર્ગ કે જેને આવા મોંઘા ક્રિયાકાંડો પોસાતાં ન હતા. તેનો આક્રોશ ઈ.સ. પૂર્વેના છઠ્ઠા સૈકાની આજુ બાજુમાં જૈન તથા બૌધ્ધ ધર્મના ઉદ્‌ભવવામાં પરીણમ્યો. તેથી જૈન અને બૌધ્ધ જેવા નવા ધર્મો પણ હિંદુ ધર્મની ધાર્મિક માન્યતાઓ અને ક્રિયા કર્મો પર પ્રભાવ પાડયો.

જૈન ધર્મના સ્થાપક તરીકે વૃગાભ દેવનું નામ લેવાય છે. ૨૪ જૈનતિર્થંકરોમાં તેઓ સર્વ પ્રથમ છે. જયારે મહાવીર સ્વામી તેમાં સૌથી અંતિમ છે. જેમને જૈન સિદ્ધાંતોને આખરી રૂપ આપ્યું હતું. જૈનો કઠોર તપસ્યાં અને સાધુ જીવન પર સવિશેષ ભાર મૂકે છે. મહાવીર સ્વામીએ તેમને પાંચ અણુવ્રતો લેવા માટે જણાવ્યું છે. તે છે અસત્ય ન બોલવું કોઈ પણ જીવને હાનિ ન પહોંચાડવી, મિલ્કત ધારણ કરવી નહી, ચોરી કરવી નહી તથા પવિત્રતા જાળવવી (બ્રહ્મચર્ય પાળવું) (નોંધઃ- આ પાંચ અનુંવ્રતો ગુજરાતીમાં સત્ય અને અહિંસા પાળવા, ચોરી ન કરવી, અપરિગ્રહ એટલે વણજોઈતું સંઘરવું નહી અને બ્રહ્મચર્ય પાળવું, એમ કહેવામાં આવે છે.) તમણે જૈનોને ત્રણ માર્ગો સમ્યક(સાચી શ્રધ્ધા)માન્યતા, સમ્યક ખ્યાલ અને સમ્યક જ્ઞાન ધરાવવા માટે પણ જણાવ્યું છે.

આગળ જતાં જૈનો બે સંપ્રદાયો- શ્વેતાંબર (શ્વેતાંબર ધારણ કરનારા) અને દિગંબર (દિશાઓ જેના વસ્ત્રો છે તે નગ્ન અથવા વસ્ત્ર વિહિન) આમના મોટા ભાગના જૈનો વેપારી કોમના હતાં.

બીજી ધર્મ સુધારણા ગૌતમ બુધ્ધની આગેવાનીમાં થવા પામી(ઈ.સ. પૂર્વે ૫૬૩-૪૮૩). તે મહાવીર સ્વામી સમકાલીન અને તેમનાથી નાની વયના હતાં. તેમણે ચાર સનાતન-ઉમદા સત્યો શીખવ્યાં. તેમનો રસ્તો મધ્યમમાર્ગી હતો. તેઓ માનતા હતાં કે વિશ્વ દુખોથી ભરેલું છે અને આ દુઃખોનું મુળ ઈચ્છાઓ છે. જેને વશમાં/નિયંત્રિત કરવા માટે અષ્ટાંગ માર્ગ(આઠ ઉપાયો) જ એક ઉપાય છે. આ અષ્ટાંગ માર્ગ એટલે,

(૧) સકયક (સાચી) સમજ

(૨) સમ્યક વિચારો

(૩) સમ્યક વાણી

(૪) સમ્યક કર્મ

(૫) સમ્યક જીવન

(૬) સમ્યક યત્ન

(૭) સમ્યક બુધ્ધિ-ચાતુર્ય

(૮) સમ્યક ધ્યાન

મુળભુત રીતે ઉક્ત બંને ચળવળો બ્રાહ્મણ ધર્મની રૂઢીગત અને કર્મકાંડ પ્રચુરતાનાં વિરોધમાં હતી. આ બંને સુધારકોએ ઉમદા-ચારિત્ર્યવાન જીવન અને નિતિમત્તા પર ભાર મુકયો.તેમણે બંનેએ સાધુઓનો ક્રમ ગોઠવ્યો તથા જૈન ધર્મમાં" સ્થાનકો" અને બૌધ્ધ ધર્મમાં "વિહારો" નામની આશ્રમ વ્યવસ્થા ઉભી કરી.

આગળ જતાં બૌધ્ધ ધર્મ પણ હીનયાન અને મહાયાન એવા બે સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો. જેની સાથે સાથે વજ્રાયન નામનો ત્રીજો પંથ પણ ભળ્યો બૌધ્ધ ધર્મ વિશ્વના ઘણા મોટા ભાગમાં વિસ્તર્યો. જેમાં શ્રીલંકા, મ્યાનમાર, કંબોડીયા,વિએટનામ, ચીન, જાપાન, થાઈલેન્ડ, કોરિઆ, મોંગોલીયા તેમજ અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. આજે પણ આ દેશોમાં બૌધ્ધ ધર્મીઓની જનસંખ્યા ઘણા મોટા પ્રમાણમાં છે.

ઈતિહાસ મુજબ હિંદુ ધર્મ ઘણા બધા સુધારામાંથી પ્રસાર થયો છે. તેણે ઘણા બધાં ધાર્મિક સંપ્રદાયોને, પોતાના દાયરામાં માન્યતાઓના તથા કર્મકાંડોની વિવિધતા સાથે વિકસવા દીધાં છે. બૌધ્ધની માફક હિંદુ ધર્મના અન્ય કેટલાંક સંપ્રદાયો ભારત બહાર ખાસ તો દક્ષિણ પૂર્વ એશીયાના દેશોમાં વિસ્તર્યો છે. પાછળથી હિંદુ ધર્મએ પણ બુધ્ધને વિશ્વના અવતાર માન્યા છે.

## પાઠગત પ્રશ્નો ૩.૧

નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) હરપ્પા સંસ્કૃતિના મોટા ભાગના સ્થળો કયાંથી મળી આવ્યાં છે ?

..........................................................................................

(૨) હરપ્પા સંસ્કૃતિના લોકોનો મુખ્ય વ્યવસાય શો હતો ?

..........................................................................................

(૩) નવ પાષાણ યુગના વસવાટના અવશેષો ક્યાંથી મળી આવ્યાં છે ?

..........................................................................

(૪) તમે એમ ક્યાં આધારે કહી શકશો કે હરપ્પા સંસ્કૃતિને ભાષા જ્ઞાન હતું ?

..........................................................................

(૫) તમે એ કઈ રીતે જાણ્યું કે હરપ્પાવાસીઓ પાસે શિલ્પકલા જ્ઞાન હતું ?

..........................................................................

(૬) આર્યોના કેટલાંક વૈદીક સાહિત્યનાં નામ આપો.

..........................................................................

(૭) માણસને મુક્તિ કે મોક્ષ મળી શકે ?

..........................................................................

(૮) વૈદિક યજ્ઞો મુળભુત કઈ રીતે થતાં હતાં ?

..........................................................................

(૯) પોતાના (સર્વોચ્ચ) સ્થાન નક્કી કરવા માટે રાજવીઓ ક્યાં યજ્ઞો કરતાં ?

..........................................................................

(૧૦) ઉત્તર વૈદિકકાળમાં ધાર્મિક ક્રિયાકાંડોને ક્ષેત્રે ક્યાં પરિવર્તનો આવ્યાં ?

..........................................................................

(૧૧) આર્યોમાં આનંદ-પ્રમોદ માટેની રીતો કઈ કઈ હતી ?

..........................................................................

(૧૨) ઈ.સ. પૂર્વેના છઠ્ઠા સૈકામાં ઉત્તર ભારત અને ઉપરી દખ્ખનમાં હયાત એવા કેટલાક મહાજન પદોના નામ જણાવો.

..........................................................................

(૧૩) જૈન ધર્મ કેટલાં સંપ્રદાયોમાં વહેંચાઈ જવા પામ્યો ?

..........................................................................

(૧૪) અષ્ટાંગીકામાં કેટલા માર્ગો સમાવિષ્ટ છે ?

..........................................................................

(૧૫) જૈન અને બૌધ્ધ ધર્મમાં આશ્રમો કયાં નામથી ઓળખાતાં ?

..........................................................................

(૧૬) બૌધ્ધ ધર્મના ત્રણ પંથોના નામ જણાવો.

..........................................................................

ઈ.સ. પૂર્વેના છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં ઘણા બધા ગણ રાજ્યો અસ્તિત્વમાં હતાં. આવા નાના-નાના ગણ રાજ્યોને એકત્રિત કરવા માટે કોઈ એક સર્વોપરિ સત્તા ન હતી. ઈરાન અને ભારત વચ્ચે દરીયાઈ મુસાફરીઓ મોટા ભાગે આવા વેપાર-ધંધાને પ્રોત્સાહન આપવા માટે યોજાતી હતી. પંજાબમાંથી (આ વાતની સમર્થન કરતા) કેટલાક પ્રાચીન કાલીન ઈરાનના સોના-ચાંદીના સિકકા મળ્યાં છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં આવેલા કેટલાંક ઘાટ આવા કામો માટે વપરાતાં હોવાથી એ માર્ગે દરાયશ (ઈરાનથી) સૌ પ્રથમ ભારત આવ્યો હોવાનું મનાય છે. ત્યાર બાદ સિકંદરના લશ્કરની એક ટુકડીએ આ જ માર્ગે પંજાબ પર આક્રમણ કર્યુ હતું . મૌર્ય સમ્રાટોની શાસન વ્યવસ્થા પર આવા, કારણોસર જ અચેમિંડ નામના રાજવીનું પ્રભાવ વર્તાય છે. તેથી અત્રે એ ઉમેરવું જોઈએ કે સત્રપ (ગર્વનર) નામના ઈરાની બિરૂદો ભારતના પ્રાંતીય વડાઓ માટે લાંબા સમયગાળા સુધી "ક્ષત્રપ" શબ્દરૂપે વપરાતાં રહયાં હોવાનું કહી શકાય. ઈરાનના સંદર્ભમાં કહીએ તો તેના (ભારત પર)નો સાંસ્કૃતિક પ્રભાવ ઘણો જ મહત્વનો છે. ઈરાની લહીયા (લેખકો)એ ભારતીય લેખન ક્ષેત્રે પણ નવી શૈલી દાખલ કરાવી હતી. જે ખરોષ્ટિ લીપિના નામથી ઓળખાય છે. તે એરેપિક લિપિમાંથી ઉતરી આવી છે. જે જમણેથી ડાબી તરફ લખાય છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી મળેલા મોટાભાગના શિલાલેખો આ ખરોષ્ટિ લિપિમાં લખાયેલા છે. ઉત્તર-પશ્ચિમ ભારતામાં છેક ઈસુના ત્રીજા સૈકા સુધી આ લિપિ વપરાશમાં હતી. અશોકની રાજાજ્ઞાઓમાં આવતી પ્રસ્તાવનાઓ પરનો ઈરાની પ્રભાવ પણ સ્પષ્ટ વર્તાય છે. એ જ રીતે મોર્યયુગની કલાસ્થાપત્ય ઉપર ઈરાની કલાશૈલીનો ઉંડો પ્રભાવ જોવા મળે છે. પર્સોપોલીસમાં આવેલા સમ્રાટ એચેમેનીડના વિજય સ્તંભનો દેખાવ મોટે ભાગે અશોકના પથ્થરમાંથી બનેલા ઘંટાકાર સ્તંભલેખને મળતો આવેલો જણાય છે.

## ૩.૬ ગ્રીક (મેસેડોનીયન) આક્રમણ અને ભારતીય સંસ્કૃતિ પર તેના પ્રભાવ

ઈ.સ. પૂર્વેના ચોથા સૈકા દરમ્યાન પશ્ચિમ એશિયા ઉપર વર્ચસ્વ જમાવવા માટે ગ્રીક તેમજ ઈરાની શાસકો વચ્ચે યુધ્ધો થયાં. છેવટે મેસેડોનીયન સિકંદરના વડપણ નીચેના ગ્રીક લશ્કરે એકેમેનિડ સામ્રજયનો નાશ કર્યો. તેને "એશીયા માયનોર" (લઘુ એશીયા) ઈરાક અને ઈરાન જીતીને ભારત તરફ પ્રયાણ કર્યું. ગ્રીક ઈતિહાસકાર હેરોડોટસના જણાવ્યા અનુસાર ભારતની અખુટ( અકલપ્ય) સંપતિને લીધે સિકંદરને તેના માટે ઘણો લગાવ હતો.

સિકંદરના આક્રમણની પૂર્વ સંધ્યાએ ઉત્તર ભારત નાના નાના અનેક રજવાડાઓમાં વહેચાયેલ

હતુ. એકતાના અભાવને કારણે ગ્રીકોને આ નાના રજવાડા જીતી લેવામાં ઘણી મદદ મળી રહી. તેમ છતાં મગધના નંદ વંશીય રાજાઓના સૈન્યની વિશાળતા અને તાકાત વિશે જાણીને સિકંદરના લશ્કરે આગેકુચ કરાવવાની સાફ ના પાડી દીધી. છેવટે સિકંદરને પાછા વળવું પડયું. માત્ર ૩૨ વર્ષની યુવાન વયે મેસેડોન જતાં બેબીલોન ખાતે તેનું મૃત્યું થયું.

સિકંદરને તેના વિજયને સ્થાયી કરવાની કોઈ તક મળી જ નહી. તેથી તેના જીતેલા રાજ્યો મુળ સ્થિતિમાં પાછા ફર્યા. તેને પોતાના જીતેલા રાજ્યોમાંનાં પૂર્વ યુરોપ તથા પશ્ચિમ એશીયાના મોટા વિસ્તારોને મુખ્યત્વે ત્રણ ભાગોમાં વહેચીને તેમને ગ્રીક સુબા( ગવર્નર)ની સત્તા નીચે મુકયાં હતા. તેમાનો પૂર્વ તરફનો ભાગ સેલ્યુકસ નિકોટરને આપવામાં આવ્યો. જેણે સિકંદરના અવસાન બાદ પોતાને રાજા તરીકે જાહેર કર્યો.

જો કે મેસેપોટેમીયા વાસીઓ અને ભારતીયો વચ્ચે સંપર્ક થોડાક સમય પુરતો જ જળવાયો, તેમ છતાં તેમના પ્રભાવ ઘણો જ વિશાળ ફલક પર પથરાયેલો રહયો. સિકંદરના આક્રમણે પહેલીવાર યુરોપનો ભારત સાથેનો સંપર્ક ખુબ જ નજીકનો કરી દીધો અને ભારત તથા યુરોપ વચ્ચેનો દરીયાઈ તેમજ જમીની માર્ગ ખુલી ગયો. ફલતઃ બંને વચ્ચે ખુબ જ ગાઢ વેપારી સંબંધો સ્થાપિત થયાં. વેપારીઓ તથા કસબીઓ ઉક્ત માર્ગો વાપરવા લાગ્યા સિકંદરે એના મિત્ર નિયાર્કસને સિંધુ નદીના મુખ પ્રદેશથી યુક્રેટીશ (નદી) સુધીના દરીયાઈ કિનારે એક બંદર શોધી કાઢવા/વિકસાવવા જણાવ્યું હતું. ગ્રીક લેખકો આપણા માટે આ વિસ્તારને લગતી પુષ્કળ મહત્વપૂર્ણ એવી ભૌગોલિક માહિતી છોડતાં ગયા છે.

સિકંદરના આક્રમણની લીધે ઉત્તર-પશ્ચિમ હિંદની અંદરોઅંદર ઝઘડતી જનજાતિના લોકો પર વિજય મેળવીને એ થકી રાજકીય એકતા સ્થાપવાનો માર્ગ થયો. એ દર્શાવે છે કે સિકંદરે કરેલા આ અભિયાનને લીધે ચંદ્રગુપ્તનું આ પ્રદેશો પર આધિપત્ય સ્થાપવાનું કામ સરળ થઈ જવા પામ્યું. સિકંદરની વિદાય બાદ તુરંત જ ચંદ્રગુપ્ત મોર્યએ તેના સેનાનીઓમાંના એક સેલ્યુકસ નિકોટરને હરાવીને તેના અફઘાનિસ્તાન સુધીના સમગ્ર ઉત્તર-પશ્ચિમ હિંદના પદેશો પોતાના આધિપત્ય નીચે આણ્યા.

હિંદની શિલ્પ સ્થાપત્ય કલાના ઉત્કર્ષ વિકાસમાં ગ્રીક કલાનો પ્રભાવ પણ સાફ જણાઈ આવે છે. ગ્રીક અને ભારતીય કલા શૈલીના સંયોજન થકી કલાક્ષેત્રેની ગાંધાર શૈલીનો ઉદ્ભવ થયો. હિંદીઓને ગ્રીકો પાસેથી સુંદર ઘાટીલા તેમજ કલાત્મક ભાતવાળાં સોના-ચાંદીના આભૂષણો બનાવવાની કલા શીખવા મળી. એ જ રીતે હિંદના જયોતિષ શાસ્ત્ર પર ગ્રીક પ્રજાનો થોડોક પ્રભાવ જણાય છે.

ઉત્તર તથા ઉત્તર-પશ્ચિમી હિંદની તત્કાલીન સામાજિક તેમજ આર્થિક સ્થિતિ અંગે ઘણી બધી ઉપયોગી માહિતી આપણે એરિયન, નૌકા સેનાપતિ નિયારસક અને મેગેસ્થનિસનાં ગ્રીક વર્ણનોમાંથી મળી રહે છે. તે તમામ આપણી ઘણી હુનર કળાઓ, વિસ્તૃત વેપાર સંદર્ભે બહારના વિશ્વ સાથેના સંબંધો તેમજ દેશની આર્થિક સમૃધ્ધિ પુરી પાડે છે. આ વર્ણનોમાંથી કાષ્ટકલાના વિકસિત વેપાર સંદર્ભે બીજું ઘણું બધું કહેવામાં આવેલ છે. એ જોતા જણાય છે કે સિકંદરે નિયારસકના વડપણ નીચે વિશ્વ

ભારતનાં દરીયાઈ કિનારે જે નૌકાબેડો (કાફલો) મોકલ્યો હતો તે ભારતમાં જ બાંધવામાં (તૈયાર કરવામાં) આવ્યો હતો.

સિકંદરના સાહસોને લીધે પાશ્ચાત્ય જગતને પણ ભારતીય જીવન અને વિચારધારા અંગે માહિતી મેળવવા મદદ મળી રહે છે. એમ કહેવાય છે કે ભારતીય તત્વજ્ઞાન અને ધર્મ અંગેના ખ્યાલો તથા ચિંતન રોમન સામ્રજય સુધી પહોંચવા પામ્યાં . તે સિકંદરે ખોલેલા માર્ગે આ માર્ગે જ આગળ વધ્યાં હોવાનું કહેવાય છે.

ગ્રીક લેખકો દ્વારા સિકંદરનામ અભિયાનનો તારીખબંધ અહેવાલ અપાયેલો હોવાથી આપણાને પ્રાચીન ભારતીય ઈતિહાસને કાળક્રમ અનુસાર ગોઠવવામાં સારી મદદ મળી રહે છે. સિકંદરના આક્રમણના ઈ.સ. પૂર્વેના ૩૨૬નો સમયનો ગાળો એક એવી ચોકકસ નિશાની છે કે ભારતના ઈતિહાસને ક્રમબધ્ધ રીતે ગોઠવવામાં સહાયભૂત બની રહે છે.

## ૩.૪ મહાન અશોક : ભારતીય સંસ્કૃતિને રજુ કરતુ એક અપ્રતિમ પ્રતિક

ભારતના ઈતિહાસમાં સમ્રાટ અશોકને અપ્રતિમ સ્થાન મળેલ છે.તેની વૈશ્વિક શાંતિ , અહિંસા તથા સદભાવની નીતિ સંદર્ભે વિશ્વનો કોઈ પણ સમ્રાટ તેની તુલનામાં ટકી શકે નહી.

એક માત્ર સમ્રાટ અશોક જ એવો સમ્રાટ હતો કે જેણે પોતાના સફળ રાજત્વને આદર્શવાદ તથા તત્વજ્ઞાન સાથે જોડીને જોયા હતાં.બીજા રાજવીઓની માફક સમ્રાટ અશોક પણ કલીંગ વિજય થકી પોતાના શાસનનો પ્રારંભ કર્યો હતો. તેમ છતાં જાનમાલની એટલી મોટી હાની જોઈને તે એટલી હદે દ્રવી ઉઠયો હતો કે તેણે હવે ફરીવાર કયારેય યુધ્ધ નહી કરવાની પ્રતિજ્ઞા કરી હતી. યુધ્ધ વિજયને બદલે હવે તેને ધર્મ વિજય યાત્રાઓની નીતિ અપનાવી. તેણે પોતાના તેરમા જે મહત્વપૂર્ણ શીલાલેખમાં અશોકે નોંધ્યું છે કે સાચો વિજય માત્ર દયા અને સદગુણો દ્વારા જ હાંસલ કરી શકાય છે. સૈનિક શકિતને તાકાતનું એક માત્ર માપદંડ ગણવામાં આવતો, એવા સમયે આ રાજવીએ કરેલ ઉક્ત નિર્ણય જ તેને ઈતિહાસમાં અપ્રતિમ સ્થાન અપાવે છે.

વાસ્તવમાં સમ્રાટ અશોક એક સાચો માનવતાવાદી (રાજવી) હતો. તેની નીતિઓનું ઉદગમ બિંદુ પણ જનકલ્યાણની ભાવના પર આધારીત હતું. તેનો 'ધમ્મ' (ધર્મ) સામાજિક જવાબદારી પર નિર્ભર હતો. ઉચ્ચ પ્રકરાના બ્રહ્મણો તથા નિમ્ન પ્રકારના નોકરો સાથે તે એક સરખું વર્તન કરવું, વડીલો તરફ આજ્ઞાધિનતા દર્શાવવા તથા જીવ માત્રની હત્યાથી બચવું. ઉપરાંત આ "ધમ્મ" તમામ લોકોને ધાર્મિક સદભાવ સાથે જીવવાનું પણ કહેતો હતો. તેમાં સઘળા ધાર્મિક સંપ્રદાયોના સારા તત્વો સમાયેલા હતાં. સમ્રાટ અશોક જાતે એક સહિષ્ણું રાજવી પુરવાર થયો. તે જાતે બૌધ્ધધર્મી હોવા છતાં તેણે ક્યારેય પોતાની પ્રજા ઉપર પોતાનો ધર્મ લાદવા પ્રયાસ કર્યો નહી. તેના શિલા લેખોમાંના મુખ્ય એવા બારમા શિલાલેખમાં તેણે જણાવ્યું છે કે બીજા ધર્મ-સંપ્રદાયોનું માન-સમ્માન જાળવવામાં પોતાના

ધર્મ-સંપ્રદાયનું સાચું ગૌરવ રહેલુ છે.

એક રાજા તરીકે સમ્રાટ અશોકે પોતાના માટે ઘણા ઉચ્ચ આદર્શો નક્કી કર્યા હતા. તેણે પોતાની જાતને પિતા તરીકે અને શાસિત ને પોતાના સંતાનો તરીકે જોયા છે. તેને પોતના વિચારો અને તત્વજ્ઞાનને શિલાસ્તંભો પર તેમજ શિલાલેખોમાં કોતરાવીને લોકો સુધી પહોંચાડયાં હતા. આ શિલાલેખો જ મોર્યકાલીન શિલ્પ સ્થાપત્ય કલાના ઉત્તમ ઉદાહરણો છે. આ તમામ તેના સમયના જીવંત પુરાવશેષો છે. સમ્રાટ અશોક તમામ ખર્ચાળ કર્મકાંડો દ્વારા થતો નાણાકીય ખર્ચ એ ધનનો નિરર્થક બગાડ છે એમ જણાવીને પોતાની પ્રજાને (સત્ય) સમજાવવાનો પ્રયાસ કર્યો. તેણે લોકોને અહિંસાનું આચરણ કરવા જણાવ્યું છે. તેણે જાતે જ શાહી શિકાર મોજ-શોખનાં પ્રવાસોનું ત્યાગ કરીને માત્ર "ધમ્મ" યાત્રાઓ અર્થાત ધર્મના પ્રચાર-પ્રસાર માટેની યાત્રાઓનો આરંભ કર્યો હતો. તેને પોતાના સમસ્ત સામ્રાજયમાં એક સમાન (સર્વ સામાન્ય ધર્મ) એક સમાન ભાષા અને વ્યાવહારિક રીતે એક જ લિપિ (બ્રાહ્મી) દ્વારા દેશની રાજકીય એકતા સુદઢ કરી હતી. જો કે તે પોતે બૌધ્ધધર્મ બની જવા પામ્યો હતો. તેમ છતાં તેણે કયારેય બીજા લોકો પર બૌધ્ધ ધર્મ લાદવાનો પ્રયાસ કર્યા વિનાં ધર્મ સહિષ્ણુંતાની નીતિને અનુસર્યો હતો. તેને બૌધ્ધધર્મિ ન હોય તેવાની માફક બૌધ્ધ ધર્મના વિરોધીઓ હોય તેવા લોકોને પણ આર્થિક સહાય અને દાન આપ્યાં હતા.

સમ્રાટ અશોકની ખ્યાતિનું બીજું એક કારણ એ પણ છે કે તેણે વિશ્વના ઘણાં પ્રદેશોમાં શાંતિસંદેશ પહોંચાડવા પ્રયાસ કર્યો હતો. તેને ગ્રીક રાજ્યો અને પશ્ચિમના રાષ્ટ્રોમાં પોતાના રાજદુતો મોકલ્યાં. આ રીતે તેને ભારતીય સંસ્કૃતિને દેશથી દુર દુર ફેલાવી. બૌધ્ધ પરંપરાઓ અનુસાર સમ્રાટ અશોકે શ્રીલંકા તથા મધ્ય એશીયાના જુદા જુદા ભાગોમાં બૌધ્ધ પ્રચારકોને મોકલ્યાં હતા. બૌધ્ધ ધર્મ વિશ્વના જુદા જુદા ભાગો સુધી પહોંચી શકયો છે. પછી ભલે ને ભારતનો મુખ્ય ધર્મ નથી છતાં શ્રીલંકા તથા દુર પૂર્વનાં રાષ્ટ્રોમાં આજે પણ તેનું ભારે પ્રચલન છે.

વર્ણવ્યવસ્થા કે જે જ્ઞાતિપ્રથાના નામથી જાણીતી બની હતી. કે જેનો ઉદભવ વૈદિકકાળમા થયો હતો. અને હવે સમગ્ર ભારતમા ક્રમશઃ તે એક સામાજિક સંસ્થા તરીકે પ્રભાવશાળી રૂપમાં ફેલાઈ ચુકી હતી. નવા ધર્મ અને તત્વજ્ઞાન સાથે નવાં નવાં નગરો, હુન્નર-કલાઓ તેમજ વ્યાપારિક બાબતોની વિકાસે આપણા દેશની સાંસ્કૃતિક એકતાને સુંદર કરેલ છે. અશોક સમગ્ર સામ્રાજયને એક હથ્થુ સતા નીચે લાવીને યુધ્ધનો ઉપયોગ માત્ર એક રાજનીતી તરીકે જ કર્યો. બીજી બાજુ તેણે જણાવ્યું છેકે તે તમામ જીવંત પ્રાણિઓ પ્રત્યેના પોતાના ઋણ (કર્જ) માંથી (આ રીતે) મુકત થવા ઈચ્છે છ.

## ૩.૮ કલા અને સ્થાપત્યઃ મૌર્યોનો પ્રારંભિકકાળ

મોર્યયુગીન કલા-સ્થાપત્ય અંત્યંત મહત્વ પૂર્ણ હતું. બુધ્ધના જીવન સાથે સંકળાયેલ સ્મૃતિચિન્હો પર અશોકે લગભગ ૮૪૦૦૦ સ્તુપો બંધાવ્યા છે. મેગેસ્થનીસ અનુસાર પાટલીપુત્રનો ઠાઠમાઠ ઈરાની નગર જેવો હતો. અશોકના પથ્થર સ્તંભીલેખો ચકચકીત કેરેલા રેતીયા પથ્થરમાંથી બનેલા હતા અને

તે મથાળે કુંભી/ મોટા અક્ષરો મુકેલ હતાં. અશોકના સમયનો સૌથી સુરક્ષિત શિલાલેખ લૌરીયા નંદનગઢ (બિહાર) ખાતે આવેલ છે. આ ૩૨ ફુટ ઉંચા મથાળે લગભગ ૫૦ ટન વજનવાળાં બેઠેલા સિંહની આકૃતિ ધરાવતું આ ઈજનેરી કૌશલ્ય પ્રસંશનીય છે. રાપુરા ખાતે આવેલ સાંઢની આકૃતિએ મૌર્યયુગીન કલાનો ઉત્તમ નમુનો છે. સૌથી પ્રખ્યાત એવી ચાર સિંહની મુખાકૃતિ તથા ધર્મચક્ર દર્શાવતી આકૃતિ તો સારનાથ મુકામે આવેલ છે. તમને એ વાતનો ખ્યાલ હશે જ કે આ આકૃતિને પ્રજાસત્તાક ભારતના રાષ્ટ્રીય પ્રતિક તરીકે સ્વીકારવામાં આવેલ છે.

સ્તંભો ઉપરાંત કેટલીક મોર્યયુગની પ્રતિમાઓ પણ બહુ પ્રકાશમાં આવેલ છે. આમાના બહુ વિખ્યાત ગણાતી દિદારગંજની યક્ષ પ્રતિમા છે. આ પ્રતિમાએની સૌથી સુંદર બાબત તેમની ચાકસાઈપૂર્ણ અને યથાતથ કલાકૌશલ્ય ગણાય કારણ કે તે એક જ પથ્થરમાંથી બનેલ જણાય છે. સ્તંભોની માફક તેના ચળકાટ (પોલીશ) પણ અજોડ છે.(માટે જ તે મોર્યન પોલીશના નામથી ઓળખાય છે.) તમને એ જાણીને જરૂર આશ્ચર્ય થશે કે આટલા બધા વર્ષો વીતી જવા છતાં તેના ચળકાટ સહેજ પણ ઓછો થયો નથી. આ ઉપરાંત આ શિલાલેખોમાં વપરાયેલ પ્રજાયેલ પાકૃત ભાષા હવે પૂર્વ ભારતીય લિપિ ગણાતી બ્રાહ્મી લિપિને સ્થાને દેશની સામાન્ય જન ભાષા બની રહી.

મોર્યયુગ સ્થાપત્યકલાનું બીજુ નોંધપાત્ર પાસું તેની ખડકોમાંથી કોતરીને બનાવેલ ગુફાઓ છે. લોમસઋષિ ગુફા (તેના પ્રભાવશાળી પ્રવેશદ્વાર સહિત) તેમજ સુદામાગુફા આવી સ્થાપત્યકલાના ઉદાહણો છે. સખત ખડકો કાપીને/ કોતરીને બનાવેલ આ ગુફાઓ અશોક બૌદ્ધેત્તર સાધુઓ માટે ફાળવી હતી. આવી ગુફાઓ બનાવવાની પ્રથા ત્યાર બાદ તેના અનુગામી શાસકો દ્વારા પણ અનુસરાઈ હોવાથી તેને શિલા કાપીને બનાવતાં સ્થાપત્ય કાર્યના પ્રારંભ કરતા કહી શકાય. તેમના શિલાલેખો સ્થાનિક ભાષા તેમજ સ્થાનિક લિપિમાં કોતરવામાં આવ્યા હતાં.

## ૩.૯ અનુ-મોર્યયુગીન સાંસ્કૃતિક વિકાસ

જોકે ગ્રીકો, શકો, પહ્લવો (પર્શિયન્સ) અને કુષાણો વગેરે વિદેશી લોકો હતા. પરંતુ તે ઝડપથી સ્થાનીક પ્રજામાં ભળી ગયા હતાં. તે યોધ્ધા હોવાને લીધે કાયદા-કાનુન ઘડનારાઓએ/વહીવટ કર્તાઓએ તેમને ક્ષત્રિયનું સ્થાન/પદ આપ્યું. અત્રે એ જરૂર નોંધવું રહયું કે વિદેશીઓનું ભારતીય સમાજમાં આટલા મોટા પ્રમાણનું મિશ્રણ/સંયોના માત્ર અનુમોર્ય યુગમાં જ થવા પામ્યું હતું. આપણે કહી શકીએ કે આશરે ઈ.સ. પૂર્વેના ૨૦૦ થી લઈને ઈસુના ત્રીજા સૈકા સુધીમાં આર્થિક તથા રાજકીય જીવનમાં ભારે પરીવર્તનો આવવાં શરૂ થયા. જેમને આપણા દેશની સંસ્કૃતિના વિવિધ પાંસા જેવા કે ધર્મ, કલા અને વિજ્ઞાન તથા ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં ભારે વિકાસ સાધ્યો. વિવિધ હૂન્નર-ઉદ્યોગનો ઉદભવ થતાં જમીન પરના તેમજ દરીયાઈ વેપારના ક્ષેત્રે ભારે પ્રગતી આવી.

ઘણાબધા વિદેશી શાસકોએ બૌધ્ધ ધર્મ ગ્રહણ કર્યો. બેસનગરનાં સ્તંભલખમાં જણાવ્યા મુજબ હેલીયોડોરસ (ઈંડો ગ્રીક રાજવીના રાજદુત) પોતાની જાતને ભાગવાત એટલે કે વિષ્ણું ભક્ત- વૈષ્ણવ

ગણાવે છે. એ જ રીતે કનિષ્કનાં કેટલાંક સિક્કાઓ પર શિવજીની આકૃતિ દર્શાવેલ છે. તમને યાદ હશે કે એક કુષાણ રાજવી વાસુદેવ કહેવાતો તેના દ્વારા વૈષ્ણવ ધર્મનું પાલન કરાતું હોવાનું સાફ જણાવે છે. તમને કનિષ્કનાં રાજ્યારોહણના વર્ષે ઈ.સ. ૭૮નું મહત્વ ખબર છે ? તો જાણી લો કે તે શક સંવંતનો પ્રારંભ દર્શાવે છે.

વિશ્વના જુદા જુદા ધાર્મિક જુથો સાથેના સંપર્ક ઉપરાંત ભારતે પ્રચલિત એવા વિવિધ ધર્મોમાંથી પસંદગીનો યોગ્ય વિકલ્પ પુરો પાડીને પણ અત્યંત મહત્વનો ભાગ ભજવ્યો. (જેના લીધે) કેટલાંક વિદેશી શાસકોએ બૌધ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. કારણકે તેમ કરવાથી અહીના સમાજમાં ભળી જવા માટે કોઈ જાતિબાધ આવતો ન હતો. (ગ્રીકરાજવી) મિનેન્ડરે બૌધ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. કનિષ્ક પણ તેની (બૌધ્ધ) ધર્મ માટે કરાયેલ સેવા બદલ હંમેશા યાદ રખાશે. તેમ છતાં બૌધ્ધ ધર્મની વધતી જતી લોકપ્રિયતા લીધે તેમાં ભારે પરીવર્તન આવ્યું. બૌધ્ધ ધર્મ તેના મુળભુત સ્વરૂપે વિદેશીઓ માટે તદ્દન અમુર્ત હતો. માટે જ તેમને એમાં એક પ્રમાણમાં સરળ એવા સ્વરૂપની તરફદારી કરી કે જેથી તેઓ પોતાની ધાર્મિક એગાણાઓને તૃપ્ત કરી શકે. આ સમયની આસપાસ બૌધ્ધ ધર્મ બે સંપ્રદાયોમાં વહેંચાયો જવા પામ્યો. જે મહાયાન અથવા મહાચક્ર અને હિનયાન અથવા નાનુંચક્ર કહેવાયો. આમાના પ્રથમ (મહાયાનવાદી) મુર્તિપુજા, કર્મકાંડ તેમજ બોધીસત્વમાં આસ્થા ધરાવતાં હતાં. જ્યારે હીનયાનમાં આસ્થા ધરાવનારા લોકોએ પ્રારંભિક અવસ્થાના બૌધ્ધ ધર્મના આચરણો જાળવ્યાં.

કનિષ્ક તરફથી મહાયાનને રાજ્યાશ્રય મળ્યો. તેણે બુધ્ધના ઉપદેશોને અંતિમ સ્વરૂપ આપવાના આશયથી ચોથી બૌધ્ધ પરીષદનું આયોજન કર્યુ. તેણે બુધ્ધની સ્મૃતિમાં અનેક સ્તુપો પણ બંધાવ્યા.

### કલા અને શિલ્પકામ

મધ્યમ એશીયાઈ આક્રમણોને લીધે ભારતની કલા તેમજ સ્થાપત્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા. તેના થકી થયેલ પશ્ચિમની દુનીયાના ગાઢ સંપર્કોને લીધે ભારતીય કલામાં ઘણા નવા નવા સ્વરૂપો પ્રવેશ્યા. આમા સૌથી મહત્વપૂર્ણ રીતે ગાંધારકલા શૈલીનો વિકાસ થવા પામ્યો. આ કલાશૈલીએ ગ્રીક તથા રોમન એમ બંને કલા શૈલીનાં સ્વરૂપો અપનાવ્યાં. કૃષાણકાલીન અનેક બૌધ્ધ પ્રતિમાઓએ મળી આવી છે. જેમાં બુધ્ધ ગ્રીક સૂર્યદેવ જેવા , કેશકલા-ગ્રીક રોમન, તથા તેમના વસ્ત્ર પરીધાન રોમન-ટોગા શૈલીથી સુસજજ જણાય છે. કલાના આ મિશ્રિણ સ્વરૂપને લીધે કુષાણ શાસનકાળ દરમ્યાન જુદા જુદા રાષ્ટ્રોમાંથી વિવિધ કલા શૈલીમા નિપૂંણ એવા કલાકારો કસબીઓ અહી આવ્યાં.

મથુરા (ઉત્તર ભારત) કે જે (ભારતીય) કલા શૈલીનું મુખ્ય/ મહત્વપૂર્ણ કેન્દ્ર હતું. તેનામાં આવા આક્રમણોનો પ્રભાવ પડવા પામ્યો હતો. સચવાયેલ સ્થિતિમાં અહીથી મળેલ અનેક ટેરાકોટા( પકવેલ માટીની) તથા લાલ પથ્થરની મુર્તિઓ પર કુષાણ અને શક કલાશૈલીનો ઉંડો પ્રભાવ સાફ દેખાઈ આવે છે. મથુરાથી મળી આવેલ કનિષ્કની મષ્તિક વગરની મુર્તિ એમાં સૌથી વધુ પ્રસિધ્ધ છે. જે ધર્મ પ્રારંભિક બૌધ્ધ લોકોએ બુધ્ધનું ચિત્રણ કરવા માટે માત્ર પ્રતિકોનો જ ઉપયોગ કર્યો હતો. આમા મથુરા

*કલા શૈલી તો એવી સૌ પ્રથમ શૈલી હતી કે જેમાં માત્ર બુધ્ધની મુખાકૃતિઓ અને મુર્તિઓ જ ઘડવામાં આવી હતી. તેમાં જાતક કથાઓના ચિત્રો લાંબા શિલાપટ તેમજ ખડકોની સપાટી પર ખાસ દોરવામાં આવતાં. આ રીતે બુધ્ધની અસંખ્ય પ્રતિમાઓ સર્જવાની સાથે સાથે મહાવીરની પ્રતિમાઓ પણ બનાવાઈ.*

### દક્ષિણ ભારતનો સાતવાહન રાજવીઓ

*સાત વાહન રાજવીઓએ મોર્ય શાસનના આધિપત્ય નીચે દખ્ખણમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવ્યું. અશોકના અવસાન બાદ તેમને સંપૂર્ણ સ્વતંત્રતા હાંસલ કરી તમણે સમર્થ બનતાની સાથે જ ગોદાવરી તટે પોતાની પૈઠણ અથવા પ્રતિષ્ઠાન નામની રાજધાનીની સ્થાપના કરી. તેથી તેઓ ક્ષેત્રપો અને ખાસ કરીને શકો સાથે સંઘર્ષમાં ઉતર્યા. ગૌતમીપૂત્ર તથા તેમના પૂત્ર વસિષ્ટપૂત્ર સાતકર્ણી સાશનકાળ દરમ્યાન સાત વાહનો મહાશક્તિશાળી બન્યાં તેમણે પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. જંગલો સાફ કરી નવ સાધ્ય જમીન મેળવી, રસ્તાઓ બંધાવી રાજ્યમાં સુંદર વહીવટી તંત્ર સ્થાપીત કર્યુ. નવા નગરોનું નિર્માણ થયું અને ઈરાન, ઈરાક તેમજ કંબોડીયા જેવા દુરસુદુરના રાષ્ટ્રો સાથે તેમના વ્યાપારીક સંબંધો વિકસ્યાં.*

### કલિંગના ખારવેલ રાજવીઓ

*મોર્ય શાસનકાળને અંતે મહત્વની સત્તા સ્થાપીત કરવા સાથે ઉદિત થનાર રાજ્ય હતું કલિંગ. આ કલિંગમાં આધુનિક ઓરિસ્સા તેમજ ઉત્તરી આંધ્રપ્રદેશનો સમાવેશ થયો હતો. તેનો સૌથી મહત્વનો રાજવી હતો, ખારવેલ. ઉદયગીરીની ટેકરીઓમાં આવેલ જૈન ગુફાઓ પૈકીનો હાથીગુંફા શિલાલેખ આપણને ખારવેલના શાસનકાળની મહત્વપૂર્ણ વિગતો આપે છે. પરંતુ કમનસીબે તે સરળતાપૂર્વક વાંચી શકાય તેમ નથી. તે ચોક્કસાઈ પણે દર્શાવે છે કે ખારવેલ સાચે જ એક મહાન વહીવટકર્તા હતો. તો હોવા ઉપરાંત એક વીર યોધ્ધો હતો. તેણે ભક્તિ ઉપરાંત લોક કલ્યાણના કામો જેવા કે જાહેર મકાનો, માર્ગો નહેરો અને બાગ બગીચાઓના નિર્માણ કાર્યો કરાવ્યાં.*

### દક્ષિણ ભારત

*ક્રિષ્ણા નદીને દક્ષિણે તથા તુંગભદ્રા નદી તટે આવેલાં વિસ્તારને દક્ષિણ ભારત કહે છે. તે ચૌલ, ચેર અને પાંડય રાજવીઓનો વિસ્તાર છે. તેઓ સતત એકબીજ સાથે યુધ્ધમાં અટવાયેલાં રહેતાં.*

### સાધન-સામગ્રી

*સંગમ સાહિત્યએ આ ત્રણે રાજ્યો તેમજ તેની પ્રજાજીવનને લગતી માહિતી મેળવવાની મુખ્ય સાધન-સામગ્રી છે. એટલાં જ માટે ઈ.સ. પૂર્વની પ્રથમ સદીની શરૂઆતથી ઈ.સ.ની બીજી સદીના સમયગાળાને દક્ષિણ ભારતીય ઈતિહાસમાં સંગમકાળ તરીકે ઓળખવામાં આવે છે.*

## ચૌલ રાજવીઓ

*કરીકાલ એ આ રાજ્યનો સૌથી મહતવપૂર્ણ રાજવી હતો. તેને ચેર અને પાંડય રાજાઓના સંયુકત સૈન્યને પરાસ્ત કર્યું હતુ. તે સિંલોનના આક્રમણને પણ પાછુ ઠેલાવવા સફળ રહયો હતો. કરીકાલને ઘણી બધી લોક કલ્યાણકારી પ્રવૃતિઓ કરવાનો યશ આપવામાં આવે છે. તેણે કાવેરી નદીમાંથી નહેરો બંધાવી હતી. જેથી ખેડુતોની સિંચાઈ જરૂરીયાત સંતોષી શકાય. કરીકાલ સાહિત્ય અને કલાને રાજ્યાશ્રય આપ્યો હતો. તે વૈદિક ધર્મનો અનુયાયી હતો.*

## પાંડય રાજવીઓ

*પાંડય રાજ્યની સ્થાપના એક રાણીએ કરી હતી. તેની પાસે વિશાળ સૈન્ય હતું. તેણે વેપારને પ્રોત્સાહન આપ્યું. કલા તેમજ સાહિત્યને રાજ્યાશ્રય પુરા પાડયા હતાં.*

## જીવન અને સંસ્કૃતિ

*આ સમયના લોકો સાદગીપૂર્ણ જીવન જીવતાં હતાં. તેઓ ગાયન-વાદન, નૃત્ય અને કવિતા રચવાના શોખીન હતાં. ઢોલ, વાંસળી અને શરણાઈ જેવા સંગીતના ઘણા લોક પ્રિય વાજિંત્રોની શોધ એમણે કરી હતી.*

*તેમની મોટાભાગની પ્રજા ખીણપ્રદેશોમાં રહેલી હતી. જેમાંના ખેડૂતો હતા બાકીના કેટલાક કલાકારો અને કસબીઓ હતા. તેઓ નગરોમાં વસતા હતા.ત્યાં ખાસ કરીને કિનારાના પ્રદેશોમાં જે લોકોનો વસવાટ હતો. તે મોટેભાગે દરિયાઈ વ્યાપાર પર નિર્ભય રહેતા.*

## સમાજ

*ગ્રીકો, કૂશાણો અને પહલવો (પાર્થિયન્સ) લોકો યવનના નામથી ઓળખાયા. ઝડપથી ભારતીય સમાજમાં ભળીજવા માટે તેમણે ભારતીય નામો અપનાવ્યાં તથા આંતરલગ્નો પણ કર્યા. એટલે સુધીકે તેમના સિક્કાઓ પર વિષ્ણુ, ગણેશ અને મહેશ જેવા દેવોની છાપ પણ છપાવતા થયા. તેમણે ભારતીય સમાજમાંથી જે હકિકતનો સ્વિકાર કર્યો હતો તેને સરળતા પૂર્વક સમજીએતો જણાય છેકે વિદેશી શાસકોએ શા માટે બૌધ્ધ ધર્મ અપનાવ્યો હતો.*

## હર્ષવર્ધનનો યુગ

*રાજા હર્ષવર્ધને નક્કી કર્યુ કે તે તમામ ખંડીય રાજાઓને પોતાના આધિપત્ય નીચે લાવીને જ ઝંપશે. તે તેણે મહત્વના એવા છ વર્ષો એમ કરવા પાછળ ખર્ચી નાખ્યા. હ્યુ-અને -શ્વાંગ નામના ચીની પ્રવાચી તથા બાણભટ્ટ નામના તેના રાજકવી એક હર્ષવર્ધનના શાસનકાળને લગતી ઘણી માહિતી પૂરી પાડી છે. હયુ-અને-ત્સાંગ અનુસાર રાજા હર્ષવર્ધન પાસે એક અસરકારક સરકાર હતી. તે આગળ ઉપર જણાવે છે કે, એ વખતે કુટુંબોની નોંધણી થતી ન હતી. તથા વેઠપ્રથા પણ પ્રચલિત ન હતી.*

### હર્ષવર્ધનની ધાર્મિક પ્રવૃતિઓ

શું તમે એ જાણો છે કે હર્ષવર્ધને ઘણા દવાખાના તથા આરામગૃહો બંધાવ્યાં હતાં ? વળી તેણે ખાસ કરીને બ્રાહ્મણો તેમજ બૌધ્ધ જવા ધર્મોને દાનની રકમો આપી હતી. આગળ જતાં હર્ષવર્ધનનું જીવન બૌધ્ધ ધર્મની સાથે ગાડપણે સંકળાયેલુ હતું.

"નાગનંદા રત્નાવલી" અને "પ્રિય દર્શીતા" જેવી હર્ષવર્ધનની સાહિત્ય રચનાઓનું પણ મહત્વ છે. હયુ-એન- સાંગ અને બાણભટ્ટના અહેવાલ જોતા લાગે છે કે તેણે પોતાની સાથે ઘણા વિદ્વાનોને રાખ્યાં હતા. બાણભટ્ટે હર્ષના જીવનચરિત્ર ઉપરાંત "કાદંબરી " જેવી સાહિત્યિક કૃતિ પણ રચી છે.

### દખ્ખણ તથા દક્ષિણના રાજ્યો

તમે એ સાત વાહનો વિશે વાંચ્યું છેકે જેમજે ઘણા લાંબા સમયગાળા સુધી દખ્ખણ પર વર્ચસ્વ જાળવી રાખ્યું હતુ. તેમના પતન બાદ દખ્ખણના નાના રાજ્યોનો ઉદભવ થયો. તેમાનું પ્રથમ વાકાટક રાજ્ય, જેને એક મજબૂત રાજ્ય સ્થાપવા પ્રયાસ કર્યો. પરંતુ તેમાં તેમને ધારી સફળતા સાંપડી નહી.

વાકાટકો બાદ ત્યાં વાતાપી અને કલ્યાણના ચાલુકય રાજાઓ આવ્યાં. ચાલુકય રાજવંશમાં પુલકેશી નામનો એક શક્તિશાળી રાજવી થઈ ગયો. આ ચાલુકય રાજાઓને રાષ્ટ્રકુટ રાજાઓ સાથે (ઉત્તર બાજુએ) તથા પલ્લવો સાથે (દક્ષિણ બાજુએ) સંઘર્ષો થતાં જ રહ્યાં છેવટે ઈ.સ. ૭૫૭માં જયારે ચાલુકય રાજાઓને રાષ્ટ્રકુટ રાજાઓએ પરાજીત કર્યા ત્યારે તેમની સત્તાનો અંત આવ્યો.

વાકાટકોની રાજધાનીનું નગર વાતાપી અત્યંત સમૃદ્ધ હતું. તેમની અરબસ્તાન, ઈરાન, ઈરાક, લાલ સમુદ્રના પશ્ચિત તેમજ દક્ષિણ પૂર્વે એશીયા સાથે વ્યાપારીક સંબંધો હતાં. પુલકેશી દ્વિતિયએ ઈરાનના શાહખુસરો બીજાના રાજ્યમાં પોતાનો રાજદુત મોકલ્યો હતો. તેમણે દખ્ખનની ટેકરીઓમાં મંદીરો તેમજ ગુફા મંદીરો બંધ્યાવ્યાં/કોતરાવ્યાં હતાં. ઈલોરાની ગુફાના ઘણા બધા શિલ્પો આ ચાલુક્ય તેમજ રાષ્ટ્રકુટ રાજાઓના સમયમાં રચાયા હતા.

### પાઠાગત પ્રશ્નો ૩.૨

નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) ઈ.સ. પર્વેના ચોથા સૈકામાં ભારતના દક્ષિણી તથા દક્ષિણ ભારતની સામાજીર અને આર્થિક સ્થિતિની જાણકારી માટે કયાં સાધનો ઉપલબ્ધ છે ?

.......................................................................

(૨) સમ્રાટ અશોકનો ધમ્મ વિજય કોને કહી શકાય ?

.......................................................................

(૩) અશોકના બારમા મોટા શિલાલેખોમાં દર્શાવાયેલ તેનો મત દર્શાવો.

.......................................................................

(૪) અશોકના શિલાલેખો ક્યાં કયાંથી મળી આવ્યાં છે ?

.......................................................................

(૫) ભારતનું રાષ્ટ્ર ચિહન કયાંથી લેવામાં આવ્યું છે ?

.......................................................................

(૬) ગ્રીક અને રોમન કલા શૈલીમાંથી ગાંધાર કલા શૈલીમાં કયાં તત્વો લીધેલાં જોવા મળે છે.

.......................................................................

(૭) મથુરા કલા શૈલીની વિશેષતાઓ જણાવો.

.......................................................................

## ૩.૧૦ ગુપ્ત યુગીની સાંસ્કૃતિક વિકાસ

પ્રાચીન ભારતના અંતિમ તબક્કાનો પ્રારંભ ઈસુના ચોથા સૈકામાં અને તેનો અંત ઈસુના આઠમાં સૈકામાં થયો. ગુપ્તોએ એક મજબુત અને શક્તિશાળી રાજ્યની રચના કરી. તેમની રાજકીય એકતા નીચે રાજ્યાશ્રય પામેલી સાંસ્કૃતિક પ્રવૃતિઓએ અનેક ક્ષેત્રોમાં વિકાસ સાધ્યો. તમે જાણો છો કે ગ્રીક આક્રમણોને અંતે ભારતના વિવિધ કલા સ્વરૂપો પર ગ્રીક-રોમન કલા શૈલીનો વિશેષ પ્રભાવ પડવા પામ્યો. આ કલા મુખ્યત્વે બુધ્ધિનો અથવા તેમના વિચારોના ચિત્રો તૈયાર કરતી. પરંતુ ગુપ્તકાળ દરમ્યાન કલા વધુ રચનાત્મક અને તેમાં હિંદુ દેવી-દેવતાઓની છબીઓ ઉમેરાતી ગઈ.

આ યુગના તેમના કલાત્મક સિધ્ધાંતો ગુપ્તકાળના વિવિધ સિક્કાઓમાં નાજુકાઈ પૂર્વકની કામગીરીની વિવિધ આકૃતિઓ થકી પ્રદર્શીત થાય છે. સામાન્ય રીતે અપનાવાતી પદ્ધતિ અનુસાર સિક્કાની એક તરફ રાજાની છબી જયારે તેની આસ્થા મુજબની દેવી-દેવતાની છબી તેમના સ્વિકૃત પ્રતિક આ સિક્કાની બીજી બાજુએ છપાતી. એમાં રાજાને વાઘ કે સિંહનો શિકાર કરતાં, વિણા વગાડતાં કે ઉચ્ચ સિંહાસને બિરાજેલી વિવિધ મુદ્રાઓમાં દર્શાવેલ છે. એની પાછળની બાજુએ મોટેભાગે -સંપતિની દેવી લક્ષ્મી અને કેટલાંક કિસ્સાઓમાં જ્ઞાન અને કલાની દેવી સરસ્વતીની છબી છાપવામાં આવતી. સિક્કાઓ ઉપરાંત ગુપ્તકલા, પુરાવશેષો અને શિલ્પો પર રજુ થતી દેખાય છે. આ યુગના કુશળ કલાકારો પહેલાના ઓજારો અને કૌશલ્યનો ઉપયોગ આદર્શ અને તત્વજ્ઞાનપુર્ણ ભારતીય પરંપરાઓને

કલાની વિવિધ શૈલીઓ દ્વારા રજુ કરવા માટે કરતાં હતાં. તેમણે ધર્મસ્થાનોના પ્રત્યેક ખુણા તથા ગોખલાઓને વિવિધ દેવી-દેવતાઓની પ્રતિમાઓથી શણગાર્યા હતા. આ દેવી પ્રીતમાઓને દેવી-દેવતાઓના પ્રતિનિધિનાં જ રૂપમાં જ સ્વિકારવામાં આવતાં. એટલા માટે જ મનુષ્યના આકારમાં રહેલા દેવોને ચાર કે આઠ હાથવાળાં (સમર્થ) દર્શાવામાં આવતાં, તથા તેમના હાથામાં કોઈને કોઈ પ્રતિક અથાવ આયુધ અવશ્ય દર્શાવવામાં આવતું. આવા દેવી-દેવતાઓના મંદીરો બાંધવા માટે પથ્થર, પકવેલી માટી, ઈંટો તથા અન્ય સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવતો.

ગુપ્તકાલીન કલાશૈલીનો વૈભવ દેવગઢના દશાવતાર મંદીર તથા ઉદયગીરી સ્થિત ગુફાઓમાં જોવા મળે છે. તેમ છતાં ગુપ્તકાલીન વિખ્યાત કલા શૈલી સારનાથ ખાતેની બેઠેલી કે ઉભેલી બુદ્ધ પ્રતિમાંઓમાં જણાય છે.

ત્રિદેવની સારનાથ ખાતેની કલાશૈલી થકી આપણને બુધ્ધની અત્યંત સૌમ્ય અને માયાળુ ભાવ ધરાવતી એક પ્રતિમા મળી છે. પથ્થર ઉપરાંત ગુપ્ત કલાકારો કાસાંમાં પણ (પ્રતિમા ઢાળવાના) નિષ્ણાંત હતા. સુલતાનગંજ (ભાગલપુર- બિહાર) ખાતેથી પણ બે મીટર ઉંચી કાંસ્ય પ્રતિમા મળી આવી છે. (જે આ વાતની ખાત્રી કરાવે છે.) શિલ્પકલાના ગુફાઓમાંથી મળેલ ઉક્ત નમુનાઓ તેનો રચનાકાળ વિખ્યાત ઈલોરા ગેફા હોવાનું સુચવે છે.

### સ્થાપત્ય કલા

ગુપ્તકાલીન સ્થાપત્ય કલા ઘણા મંદીરોમાં સચવાઈ છે. શિલાઓ કાપીને બનાવેલ ગુફાઓ (અજંતા) તથા દેવગઢ ખાતે આવેલા દશાવતાર મંદીર જેવા મંદીર સ્થાપત્યોમાં સચવાઈ રહેલી જણાય છે. મોટભાગે આવા માળખા પથ્થર અથવા ઈંટોમાંથી બનાવવામાં આવતાં હતાં. મહાકવિ કાલીદાસે ગુપ્તકાલીન સ્થાપત્ય કલાનો ઉલ્લેખ પોતાની રચનાઓમાં કરીને તેની એક ઝલક આપણને આપેલ છે. મહાકવિએ તેમાં માર્ગોના માળખા સાથેની સુઆયોજીત નગર વ્યવસ્થા, બજારો, બજારોનાં સ્થળો તથા છબીઓ સાથેના ગનનચુંબી મહાલયો વગેરેને લગતી વિસ્તૃત છણાવટ કરતું ચિત્ર રજુ કર્યુ છે. આ મહેલોને પોતાના આંતરીક ખંડો હતા. જેમાં રાજદરબાર, કારાવાસ, ન્યાયાલય તેમજ સભાગૃહોનો સમાવેશ થયો હતો.તેની પડથાડ ચાંદનીથી નિતરતી છત/અગાશી તરફ ખુલતી હતી. તમામ ઋતુઓના ફળ-ફુલોવાળો વૃક્ષો ધરાવતો બગીચો પણ એની સાથે જોડાયેલો રહેતો.

જોકે ગુપ્તયુગને લગતા પુરાતત્ત્વિય પુરાવાઓ પ્રમાણમાં કમજોર જણાય છે. તેમ છતાં બુંદેલખંડ વિસ્તારનાં મધ્ય ભારતનાં જંગલોમાંથી આવા ગુપ્તયુગીન મંદિરો શોધી કાઢવામાં આવેલ છે.

### ચિત્રકલા

ગુપ્તકાળ દરમ્યાનની ચિત્ર કલાના સ્વરૂપે પૂર્ણતા- ચોકસાઈ હાંસલ કરી લીધી હતી. અજંતા ગુફા ( ઔરંગાબાદ) તેમજ બાઘગુફા (ગ્વાલીયર પાસ) ખાતેના ભીત ચિત્રો આ વાતનો પુરાવો આપે

છે. જો કે અજંતાના ચિત્રોનો સમયગાળો ઈસુની પ્રથમથી માંડીને સાતમી સદી વચ્ચેનો છે. તેમ છતાં આમાના મોટાભાગના ચિત્રો ગુપ્તકાલીન છે. આ ચિત્રો બુધ્ધના જીવન સંબંધિત વિવિધ ઘટનાઓ પરથી દોરાયેલા છે. માનવ, પશુ તથા છોડની આકૃતિઓ પરથી દોરાયેલા આ ચિત્રો ગુપ્તયુગીન કલાનુ સાત્વિક અને સંવેદનશીલ સ્વરૂપ દર્શાવે છે. સૌંદયને લગતી સમજ એ આ ગુપ્ત કલાનો અત્યંત પ્રભાવિત કરે તેવું તત્વ છે. કલાના માધ્યમથી હાવભાવની અભિવ્યક્તિને પ્રાધાન્ય આપીને તેમણે જાણે કે તે આધ્યાત્મિક આનંદ પ્રાપ્તિનું એક માધ્યમ બનાવી લીધું હોય તેમ જણાય છે.

## ૩.૧૧ પલ્લવ અને ચૌલ રાજવીઓ



Group of monuments at Mahabalipuram near Chennai

પ્રાચીન ભારતની કોઈપણ નોંધ દક્ષિણ ભારતના પલ્લવ અને ચૌલ રાજવીઓ અને તથા તેમના કલા, સ્થાપત્ય વહીવટી તંત્ર તેમજ વિજયોના ઉલ્લેખ વિના સાવ અધુરી ગણાય. ઈસુની પ્રારંભિક સદીઓમાં ઘણા ઓછા વંશોનો અભ્યુદય થયો હતો. તેમાના પલ્લવ, કલા અને સ્થાપત્યના મહાન આરાધકો ગણાય. તેમને બાંધલા" રથ " નામના મહાબલી પુરબ શૈલીના મંદીરો તેના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. આ પલ્લવોએ કાંચીપુરમ ખાતે કૈલાસનાથ તેમજ વૈકુંઠ પેરૂમલ જેવા માળખાગત મંદીરોનું નિર્માણ પણ કરાવ્યું હતું. કૈલાસનાથ મંદીરે હજારો પ્રતિમાોઅ ધરાવતું એક વિશાળ માળખું છે. જેના માટે એમ કહેવાય છે કે તે " ભારતમાં પૂર્વે ક્યારેય ન થયું હોય તેવું કલા સંપન્ન કામ છે." મહાબલીપુરમ (મામલ્લમ પુરમ) ખાતેથી મળેલ બાંસ નામની ઉપછાવેલી આકૃતિઓની હારમાળાઓ પણ પલ્લવ શાસનકાળને આભારી ગણાય. મહાબલીપુરમ ખાતે બંધાયેલા "પૈગોડા " તો ઈસુના પહેલા સૈકા સુધી દોરી જાય છે.

મંદીર નિર્માણ પ્રવૃતિનો પ્રારંભ ભારતમાં ઈસુના પાંચમા સૈકા બાદ જ થયો. જ્યારે ઉત્તર ભારતમાં નાગરી શૈલીનાં મંદીરોનું નિર્માણ થયું. ઉપર ઉંચુ શિખર, ગર્ભગૃહ, ( જ્યાં મુર્તિની પ્રતગઠા થતી હોય, તથા રંગ મંડપ થાંભલાવાળો હોલ) ત્યારે દક્ષિણ ભારતીય દ્રવિડ શૈલીમાં ગોપુરમયુક્ત મંદીરો બનતા ં અર્થાત તેમાં મુખ્ય પ્રવેશદ્ધારા ઉપર લંબ ચોરસ આકારનું ઉંચુ વિમાન કે શિખર (ટોચા) રહેતું. પલ્લવ રાજવીઓ (ઈસુનો ૬ થી ૮ મો સૈકો) એક મહાન નિર્માતા હતાં. મંદીર નિર્માણની આ પરંપરાનું ચૌલ રાજવીઓ (ઈસુનો ૧૦ થી ૧૨ મો સૈકો ) દ્વારા પણ અનુસરણ- વિસ્તરણ થયુ.

શું મતે જાણો છો કે આ મંદીર ગામનું કેન્દ્રવર્તી સ્થળ હતું ? ત્યાં દરરોજ સાજે ગ્રામજનો એકઠા મળીને વિચારોનુ આદાન-પ્રદાન કરતા તથા મહત્વપૂર્ણ બાબતો તેમજ બધાને સમાન રીતે ઉપયોગી હોય તેવી ચર્ચા કરતાં. આ મંદીર એ પાઠશાળાની ગરજ પણ સારતું. ઉત્સવ પ્રસંગ ટાણે આ મંદીરમાં નૃત્ય, નાટકો ભજવાતાં.



સૂર્યમંદિર, કોર્ણાક, ઓડિસા

ચૌલ રાજવીઓની સિદ્ધીઓમાં દરીયાઈ પારના દેશોમાં વિજયો કરવા ઉપરાંત ગ્રામ સ્તરે સ્થાનિક (પંચાયત) જેવી સંસ્થાઓ સ્થાપવામાં પણ રહેલી છે. અહીની "ઉસર" તેમજ "સભા" નામથી જાણીતી ગ્રામ પંચાયતો પાસે વિશાળ સત્તા હોવાં ઉપરાંત તેની પાસે નાણાકીય નિયંત્રણ પણ હતું. આ સંસ્થાને ગ્રામ્ય વહીવટ જુદા જુદા પાસાની પણ નજર રાખવા માટે વિવિધ વિભાગોમાં વિભાજીત કરવામાં આવતી. એક શિલાલેખમાં સભાઓની કામગીરી અંગેની લંબાણપૂર્વકની વિસ્તૃત નોંધ જોવા મળે છે.ચૌલ રાજવીઓ મહાન ભવન નિર્માતા પણ હતાં. મંદીરની સ્થાપત્ય કલા ખાસ કરીને દ્રવિડ શૈલી ચૌલ રાજવીઓના શાસનકાળમાં પોતાની પરાકાષ્ટાએ પહોંચી હતી. જેનું સુંદર ઉદાહરણ રાજ રાજેશ્વર અથવા બૃહદેશ્વર મંદીર ગણી શકાય. આ સમગ્ર સમયગાળા દરમ્યાન સ્થાપત્ય કલાને ક્ષેત્રે ઉપલબ્ધ બનેલ વિશિષ્ટ સિદ્ધીઓની નોંધ અવશ્ય લેવી જ રહી. ધાર્મિક તેમજ બીન ધાર્મિક (એમ બંને) પ્રકારના સાહિત્યનો આ ક્ષેત્રે ભારે વિકાસ સાધવામાં આવ્યો હતો. દેશના ઘણા બધા ભાગોમાં સંસ્કૃતને રાજભાષાનો દરજ્જો મળી ચુકયો હતો. ત્યારે તમીલ સાહિત્યના ક્ષેત્રે પણ ભારે વિકાસ થયો હતો. અલ્વર, નયનાર, વૈષ્ણવ અને શૈવ સંતોએ આ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. આ સમયે દેશના મોટાભાગના વિસ્તારોના સંદર્ભે કહી શકીએ કે આ સમય દરમ્યાન પ્રાચીન ભારતીય ઈતિહાસ ધીરે ધીરે લુપ્ત થતાં, ભારતે પુર્વે કયારેય ન જોઈ હોય તેવા લક્ષણોયુક્ત સંસ્કૃતિનો વિકાસ કર્યો.

## ૩.૧૨ વૈદિક બ્રાહ્મણનું પૌરાણીક હિંદુવાદમાં રૂપાંતરણ

પુરાતન બ્રાહ્મણવાદી શ્રધ્ધાના અર્વાચિન હિંદુવાદમાં રૂપાન્તરણને ગુપ્તયુગથી આગળના સમયમાં થયેલ એક અત્યંત મહત્વપૂર્ણ લક્ષણ કહી શકાય. ગપ્તયુગમાં બૌધ્ધ ધર્મને મળતો રાજ્યાશ્રય અટકી ગયો. હવે બ્રાહ્મણવાદનુ પ્રભુત્વ વધ્યું હતુ. ગુપ્તવંશી રાજવીઓએ હિંદુવાદના ભાગવત સંપ્રદાયને વિશેષ પ્રાધાન્ય આપ્યું. તેઓ પોતાની જાતને 'ભાગવત' કહેડાવતા, વિષ્ણુભગવાનની પૂજા કરતા,

અશ્વમેધ યજ્ઞો કરતાં. બ્રાહ્મણોને મોટાદાન કરતાં અને પુષ્કળ મંદીરો બંધાવતા. આ સમયગાળામાં જ પુરાણોનું આખરી સંકલન થવા પામ્યું. ભગવાન વિષ્ણું ભક્તિના દેવ તરીકે પ્રચિલીત થયાં. તેમને વર્ણવ્યવાસ્થાના પાલન પોષણના રૂપમાં દર્શાવ્યાં. વિષ્ણું તેમાં કેન્દ્રવર્તી હોય તેવી અનેક પૌરાણીક કથા-વાર્તાઓ પ્રચલીત બની. વિષ્ણુંના સમ્માનમાં વિષ્ણું પુરાણ નામના એક પુરાણનું સંકલન કરવામાં આવ્યું. એ જ રીતે તેમના નામે સાંકળતું વિષ્ણું સ્મૃતિ નામના કાયદાનો આખો ગ્રંથ તૈયાર કરાયો. આ ઉપરાંત ઈ.સ.ના ચોથા સૈકા દરમ્યાન એક વિખ્યાત વૈષ્ણવ કૃતિ શ્રીમદ ભગવત પુરાણની રચના કરવામાં આવી. તેમાં ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિનો બોધ આપવામાં આવ્યો હતો. થોડાક ગુપ્ત રાજ્યો શિવ ભકત પણ હતાં. શિવને સંહારક દેવ માનવામાં આવતાં. ભાગવતવાદ કે જે તથા બૌધ્ધ ધર્મનો સમકાલીન હતો. તેમજ જેનો ઉદભવ ઉપનિષદોની સાથે સાથે જ શરૂ થયેલ વિચારસરણીને આભારી હતો. જે આ સમયગાળા દરમ્યાન સર્વોચ્ચ શિખરે પહોંચ્યો અને દશાવતાર અથાવ સવોચ્ચ દેવતાં વિષ્ણુંના દશ અવતારોનો સિદ્ધાંત એમાંથી સ્વિકૃત પામ્યો. આ સમયે શ્રીકૃષ્ણને ખુબ જ મહત્વનો ગણવામાં આવે છે. વિષ્ણું સિવાય બ્રહ્મા, સુર્ય, કાર્તિકેય , ગણેશ , દુર્ગા, તથા લક્ષ્મી , સરસ્વતી વગેરની પુજા થવા લાગી. તેની સાથે સાથે ઈન્દ્ર, વરૂણ, યમ વગેરે ગૌણ/લઘુ દેવતાઓના રૂપમાં પુજાવા લાગ્યા. નાગ, યક્ષો અને ગાંધર્વોને પુજવામાં આવતાં. અરે પશુઓ, વનસ્પતિ(તુલસી), નદીઓ તેમજ પર્વતોનું પણ પુજન અર્ચન થવા લાગ્યુ. મુર્તિપુજાનું પ્રચલન વધ્યું. આમ આધુનિક હિંદુ ધર્મના મુખ્ય લક્ષણો આ ગુપ્તકાળ દરમ્યાન જ ઘડાયા હતાં.

એક બાજુ બૌધ્ધ અસ્તાચળ તરફ જઈ રહયો હતો, આમ છતાં હજુ તેના અનુયાયીઓ નજરે પડતાં હતાં. આ ઉપરાંત અંજતા-ઈલોરાની કલાકૃતિઓ તથા તે સમયે રચાયેલ સારનાથની બુધ્ધ પ્રતિમાઓ એ વાત સ્પષ્ટપણે જણાવે છે કે બૌધ્ધ ધર્મની લોક પ્રિયતા હજુ અકબંધ હતી. એટલું જ નહી ગુપ્તયુગમાં જૈન ધર્મનું પ્રચલન પણ જોવા મળતું હતું.

## ૩.૧૩ મહાન શૈક્ષણિક કેન્દ્ર તરીકે નાલંદાનો અભ્યુદ

હર્ષવર્ધનના શાસાનકાળ દરમ્યાન નાલંદાનો મહાન શૈક્ષણિક કેન્દ્ર તરીકે અભ્યુદય થવા પામ્યો. દુનિયાભરનાં જુદા જુદા ભાગોમાંથી વિદ્યાભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ અહી આવતા થયા. જો કે નાલંદાના તમામ ટીબાઓનું ઉત્તખનન કરાયું નથી. તેમ છતાં કયારેક મહાન વિદ્યાસંકુલો હોવાના પુરતા પુરાવાઓ મળી આવ્યાં છે. આમાના કેલાંક ભવનો તો ચાર-ચાર મજલા સુધી ઉંચા હતા.હયુ-એન-સંગના મતે તત્કાલીન નાલંદા ખાતે લગભગ દશ હજાર વિદ્યાર્થીઓ માટે રહેઠાણની સુવિધાઓ હતી. ૨૦૦ જેટલા ગામડાંમાંથી ઉઘરાવવામાં આવતાં કરવેરામાંથી તેનો નિર્વાહ ચાલતો. મહાયાન સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર હતું. તેમ છતાં તેના અભ્યાસક્રમમાં ધર્મનિરપેક્ષ વિષયોને પણ સ્થાન આપવામાં આવતું. તેમાં વ્યાકરણ, તર્કશાસ્ત્ર, જ્ઞાનમીમાસા તેમજ વિજ્ઞાન જેવા વિષયો ભણાવામાં આવતાં. વિદ્યાર્થીઓને સવાલ પુછીને તેમની અંદર રહેલી તર્કશક્તિ વિકસાવવા માટે પ્રોત્સાહન અપાતું. અહી ક્રિયાત્મક વિવેચન તેમજ

પરીસંવાદનું આયોજન થતું. એમ કહેવાય છે કે હર્ષવર્ધન દ્વારા કનોજ ખાતે યોજવામાં આવતાં પરીસંવાદોમાં સહભાગી થવા માટે હજારેક વિદ્વાનો ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ પાઠવવામાં આવતું. આ સંદર્ભે જોઈએ તો હ્યુ-એન-સંગ નાલંદાને લગતી વિસ્તૃત માહિતી આપેલ છે. આ નાલંદા વિશ્વ વિદ્યાલય(યુનિવર્સિટી) છેક ઈ.સ.ના બારમા સૈકા સુધી બૌદ્ધીક પ્રવૃતિઓના કેન્દ્ર તરીકે પ્રચલીત હતું.

## ૩.૩ પાઠગત પ્રશ્નો

નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) ગુપ્તકાલીન સિક્કાઓનો દેખાવ કેવો હતો ?

..............................................................................

(૨) દશાવતાર મંદીર ક્યાં આવેલું છે ?

..............................................................................

(૩) ઉદયગીરી સ્થિત ગુફામંદીરો શા માટે પ્રખ્યાત છે ?

..............................................................................

(૪) સુલતાનગંજ (ભાગલપુર) ખાતે આવેલ બુધ્ધની કાંસ્ય પ્રતિમા કેટલી ઉંચી છે ?

..............................................................................

(૫) ગુપ્તકલા શૈલીના ચિત્રો ક્યાં જોવા મળે છે ?


..............................................................................

(૬) હર્ષવર્ધનના સમયમાં આયોજીત ધર્મપરીષદ ક્યાં બોલાવવામાં આવી હતી ?

..............................................................................

## ૩.૧૪ ભારતમાં ખ્રિસ્તી ધર્મ

સંત થોમસ ઈસુના પ્રથમ સૈકામાં જ પરંપરાગત રીતે ખ્રિસ્તી ધર્મ ભારતમાં લઈ આવ્યાં. એક દંતકથા અનુસાર પાર્થિયન રાજવી ગોન્ડોફર્નીસ (સન ૧૯-૪૫ વચ્ચે ) પોતાના માટે એક નવા નગરનું નિર્માણ કરાવવાના આશયથી કુશળ સ્થાપત્યની શોધમાં પોતાના રાજદુતને સીરીયા રવાના કર્યો હતો . આ દુત સંત થોમસને સાથે લઈ આવ્યો. જેમણે રાજાઓ ઉપરાંત અનેક સભ્યો તેમજ રાજદરબારીઓને પણ ધર્માંતરીત કરીને ખ્રિસ્તી ધર્મી બનાવ્યાં. જો કે આ દંતકથાની ખરાઈ(સાર્થકતા) સંદર્ભે વિવાદ છે. વાસ્તવમાં એવી શક્યતા જરૂર કહી શકાય છે. ભારત તેમજ પશ્ચિમના દેશો વચ્ચે વેપારીક અવર-





જવર રહેતી હતી. જેને કારણે જ ઈસુના આ સંત-શિષ્ય ભારતમાં આવ્યાં હોવા જોઈએ. અનેક વેપરીઓ, ઉદ્યોગપતિઓ તથા કલાકારો-કસબીઓ વગેરે આવા જમીન અને દરીયાઈ માર્ગે ભારત આવતાં સંત થોમસે ભારતના ઘણા ભાગોમાં ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ આપ્યો. મિલાપુર (મદ્રાસ) પાસે તેમની હત્યા કરવામાં આવી તે સ્થળે સંત થોમસની કબર આવેલી છે. આજે પણ સિરીયન ખ્રિસ્તીઓ તરીકે ઓળખાવવમાં આવતી ખ્રિસ્તી પ્રજા અહી કેરળમાં જોવા મળે છે. ખ્રિસ્તી ધર્મના મુખ્ય બે સંપ્રદાયો - રોમન કેથોલીક ચર્ચ અને પ્રોટેસ્ટંટ ચર્ચ જોવા મળે છે. ખ્રિસ્તીઓનો પવિત્ર ધર્મગ્રંથ બાઈબલ છે.બાઈબલના મુખ્ય બે ભાગ છે. જેને "જુનો કરાર" તથા "નવો કરાર" કહે છે.હાલમાં આપણા દેશમાં વપરાતી તમામ મુખ્ય ભાષાઓમાં બાઈબલ ઉપલબ્ધ છે.

હાલમાં ભારત ખાતે લગભગ દોઢ કરોડથી વધુ ખ્રિસ્તીઓ વસે છે. તેમની દેખરેખ નીચે દેશભરમાં કેટલીક મિશનરી સંસ્થાઓ કામ કરે છે અને ફાલીફુલી છે. મોટેભાગે આ પ્રખ્યાત સમાજ સેવકોએ ખાસ તો લોક કલ્યાણ માટે તથા બેઘર લોકો માટે આપણા દેશમાં ઘણું કામ કર્યુ છે.

## પાઠાંત પ્રશ્નો ૩.૪

નીચેના પ્રશ્નો જવાબ આપો.

(૧) ભારતમાં ખ્રિસ્તિધર્મને કોણ લઈ આવ્યું?

..........................................................................

(૨) ખ્રિસ્તિ દેવળ કયા કયા ભાગોમાં વિભાજીત છે?

..........................................................................

(૩) મધર ટેરેસા કોણ હતા?

..........................................................................

(૪) કાંચીપુરમ ખાતે પલ્લવ રાજવીઓ દ્વારા નિર્મિત બે મંદિરોનાં નામ આપો.

..........................................................................

(૫) પલ્લવો અને ચૌલોના સમયના મંદિર સ્થાપત્યમાં કઈ જૂદી-જૂદી કલા શૈલી વપરાતી?

..........................................................................

(૬) ચૌલ રાજવીઓએ બંધાવેલ મંદિરોનાં નામ જણાવો.

..........................................................................

(૭) મૂર્તિ વિધાનની કલાશૈલી ચૌલકાળમાં કયાં નામથી ઓળખાતી?

..........................................................................

(૮) મહાબલીપૂરમ (મામલ્લપૂરમ)ખાતે તમને કયાં પ્રકારનું (સ્થાપત્ય)કામ જોવા મળે છે?

..........................................................................

## તમે શું શીખ્યાં?

- ભારતનો સાતત્યપૂર્ણ ઈતિહાસ ઈ.સ. પૂર્વે ૭૦૦૦ વર્ષ જેટલા જૂના કાળખંડમાં વિસ્તરેલા છે.
- હરપ્પા વાસીઓએ સૌ પ્રથમ નગરો વસાવ્યા, જેમાં નગર આયોજન જાહેર સુખાકારી/યોગ્ય ગટર વ્યવસ્થાં તેમજ ઘણા પહોળા અને ઘણી સારી રીતે બનાવેલ માર્ગો પણ હતાં.
- વૈદિકકાળના લોકોએ સાહિત્ય, ધર્મ અને તત્વજ્ઞાને ક્ષેત્રે અકલ્પ્ય પ્રદાન નોંધાવ્યું છે. આગળ જતાં ઉત્તર વૈદિક સમાજ-બ્રાહ્મણો ,ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વર્ણોમાં વહેચાયો.
- હિંદુ ધર્મ, જૈન ધર્મ, અને બૌધ્ધ ધર્મ જેવા ધર્મો વચ્ચે થયેલ સંગોષ્ટિએ ભારતીય સંસ્કૃતિને નવા સંયોજનો આપ્યાં.
- પ્રારંભિક વૈદિક પ્રજાએ કુદરતના તત્વોની પુજા કરીને તેમને દેવી-દેવતાઓ તરીકે પ્રસ્થાપિત કર્યો.
- મોર્યવંશી રાજાઓએ ઉત્તર ભારતમાં એક મહાન સામ્રાજયની સ્થાપના કરી અને સમ્રાટ અશોકના શાસનકાળમાં તેણે ઘણા બધા ક્ષેત્રોમાં સર્વોચ્ચ સિદ્ધિ પ્રાપ્તિ કરી.
- મોર્ય શાસકોનું કલા અને સ્થાપત્ય ક્ષેત્રનું પ્રદાન ઘણું જ નોંધપાત્ર હતું.
- પલ્લવના શાસનકાળમાં મંદીર સ્થાપત્યની કલાને એક ભવ્ય મુકામ હાંસલ થયો.
- દેવગઢના દશાવતાર મંદીર તેમજ ઉદયગીરીના ગુફા મંદીરોમાં શ્રેષ્ઠ દષ્ટાંતો જોવા મળે છે.
- સમ્રાર હર્ષવર્ધન દુખદ સંજોગોમાં, પોતાના પરીવાર જનો ગુમાવ્યા બાદ થાનેશ્વર (પંજાબ)ની ગાદીએ બેઠો.
- હર્ષવર્ધનના રાજ્ય શાસનની વિસ્તૃત વિગતો બે જણાએ આપી છે. તેમાં એક છે, ચીની યાત્રી હયુ-એન-સંગ અને બીજો તેનો રાજકવિ બાણભટ્ટ.
- હર્ષવર્ધન એક મહાસમર્થ અને પરોપકારી રાજવી હતો. તેણે ઘણી બધી લોક કલ્યાણકારી

પ્રવૃતિઓ કરી હતી. તેણે રાજવીની સેવા કરનારા વિશિષ્ટ સેવકોને ભારે બક્ષીઓ આપી હતી. બૌદ્ધિક ક્ષેત્રે ઉચ્ચ ક્ષમતા દ્વારા વિવિધ સંપ્રદાયની ધામિક પ્રવૃતિઓમાં ખાસ પ્રદાન નોંધાવનારા લોકોને પણ તેણે વિશિષ્ટ ભેટ-સોગાદોથી નવાજ્યા હતા. તેણે ઘણા બધા દવાખાનાં અને આરામગૃહો બંધાવ્યાં હતાં. તેના શાસન કાળમાં નાલંદા વિધાભ્યાસનું એક સર્વોતમ કેન્દ્ર બની રહ્યું હતું.

- હર્ષવર્ધન સ્વયમ એક વિદ્વાન વ્યકિત હતો. તે જાતે પણ નાટકોની રચના કરતો તેમજ હંમેશા પોતાની આસપાસ વિદ્વત જનોને રાખતો.
- ચૌલ રાજવીઓને સિદ્ધિઓમાં દરીયા પારના દેશો સુધી તેમની વિજય યાત્રાઓ તથા ગ્રામ્ય કક્ષા સુધી લોકશાહી તંત્રની ગોઠવણનો સમાવેશ થાય છે.

## પાઠાંત સ્વાધ્યાય

(૧) વૈદિક સંસ્કૃતિને હરપ્પાવાસીઓથી કઈ રીતે જુદી પાડીને જોશો ?

(૨) જૈન ધર્મ તથા બૌધ્ધ ધર્મના , છઠ્ઠા સૈકામાં થયેલા ઉદભવ માટેના સંજોગો જણાવો.

(૩) ભારતીય સંસ્કૃતિ પર ઈરાની આક્રમણોનો શો પ્રભાવ પડયો ?

(૪) મેસેડોનીયાના ગ્રીકોના ભારત પરના આક્રમણની ફલશ્રુતિ શી ગણાય ?

(૫) પ્રાચીન ભારતમાં વૈદિક બ્રાહ્મણવાદનું પૌરાણીક હિંદુવાદમાં રૂપાંતર કઈ રીતે થવા પામ્યુ.

(૬) વિદેશી/આક્રમણકારી શાસકોના સમયમાં ભારતીય સંસ્કૃતિનો વિકાસ કઈ રીતે થયો.

## ૩.૧ પાઠાંત પ્રશ્નોના જવાબ આપો.

(૧) સિંધુ/ઘગ્ગર અને તેની શાખા નદીઓના તટ પ્રદેશ પર

(૨) કૃષિ

(૩) બલુચીસ્તાનના મહેરગઢમા ઈ.સ.પૂર્વેના ૭૦૦૦ વર્ષો પહેલા

(૪) મુદ્રાઓ કોઈક લિપિ સ્વરૂપનું લખાણ ધરાવતી હતી.

(૫) એક શિંગી તરીકે ઓળખાતાં ગેંડાની છાપ તેની મુદ્રાઓ પર જોવા મળે છે. કાંસાની નર્તકી મોહે-જો-દડો ખાતેથી મળી આવી છે. આવા તમામ દષ્ટાંતો આ લોકોના ઉચ્ચ કક્ષાના શિલ્પકૌલ્યની ખાતરી કરાવે છે.

(૬) ઋગ્વેદ, અથર્વવેદ, સામવેદ, યજુર્વેદ અને બ્રાહ્મણ સાહિત્ય, આરણ્યકો અને ઉપનિષદો

(૭) ધર્મ, અર્થ અને કામ દ્વારા

(૮) તે વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવમાં આવતાં હતા.

(૯) અશ્વમેધ, રાજસુય અને વાજપેય યજ્ઞો.

(૧૦) તે વધુને વધુ કર્મકાંડયુક્ત બની ચુક્યાં હતા. ઈન્દ્ર ઉપરાંત અગ્ની, વરૂણ વગેરે નવા દેવોએ બ્રહ્મા, વિષ્ણું અને શિવની પુજાનું સ્થાન ગ્રહણ કરી લીધુ.

(૧૧) શતરંજ તેમજ રથ સ્પર્ધા જેવી રમતો

(૧૨) અંગ, મગધ, કોશલ, કાશી, કુરૂ અને પાંચાલ

(૧૩) બે ભાગમાં, એક શ્વેતાંબર (શ્વેત વસ્ત્રધારી) અને બીજો દિગ્બંર (વસ્ત્રવિહીન કે નગ્ન)

(૧૪) ૮ (આઠ)

(૧૫) જૈન ધર્મમાં સ્થાપકો અને બૌધ્ધ ધર્મમાં વિહારો

(૧૬) હીનયાન, મહાયાન, વજ્રયાન

૩.૨

(૧) એરીયન નૌકા સેનાપતિ (એડમીરલ) નેચ્યુઝ અને મેગેસ્થનીસની નોંધોમાંથી

(૨) વિજય એ હતો કે જેમાં દયા અને સદભાવથી જીતાયા હોય દાન,લોક કલ્યાણ

(૩) એક સંપ્રદાયના આદરમાં બીજાનો પણ આદર રહેલો છે.

(૪) લોરીયા-નંદનગઢ (બિહાર મુકામે)

(૫) સારનાથ ખાતે આવેલા વિખ્યાત અશોક સ્તંભ તથા તેની કુંભીમાંથી

(૬) (૧) સુર્યદય જેવો ચહેરો (૨) કેશકલાપ (૩) વસ્ત્રપરીધાન

(૭) (૧) તેમણે બુધ્ધના ચહેરા તથા આકૃતિઓ બનાવવી શરૂ કરી

(૨) પથ્થરની લાંબી પટ્ટીઓ તથા શિલાઓ પર લોક કથાઓ દોરીને

(૩) તેમણે પુંતળા પણ બનાવ્યાં

૩.૩

(૧) એક બાજુ રાજાની જુદી જુદી મુદ્રાઓ વાળી છબી જ્યારેતેની બીજી બાજુએ પોતપોતાના પ્રતિકો સાથે દેવીઓની છાપ

(૨) દેવગઢ મુકામે

(૩) ગુપ્તકલા

(૪) બે મીટર ઉંચી

(૫) (૧) અજંતા ગુફાઓ (ઓરંગાબાદ)ના ભીત ચિત્રો

(૨) બાઘની ગુફાઓ (ગ્વાલીર પાસે)

(૬) કનોજ ખાતે

૩.૪

(૧) સંત થોમસ નામના કુશળ સ્થપતિ ખ્રિસ્તી હતાં. તેઓને અકસ્માતે જ પાર્થિયન રાજવી ગૌંડોફરનેસે ઈ.સ. ૧૯-૪૫માં બોલાવ્યાં હતાં. સંત થોમસે ઘણા બધા સભ્યોનું ખ્રિસ્તી ધર્મમાં ધર્માન્તરણ કરાવ્યું હતું.

(૨) (૧) રોમન કેથોલીક દેવળ (૨) પ્રોટેસ્ટંટ દેવળ

(૩) એક સુપ્રસિધ્ધ ખ્રિસ્તી સમાજ સેવક કે જેમણે ગરીબો અને ઘર વિહોણા લોકો માટે ઘણી મોટી કામગીરી બજાવી.

(૪) કાલિદાસ અને વૈકુઠ પેરૂમલ

(૫) નાગર શૈલી અને દ્રવીડ શૈલી

(૬) રાજરાજેશ્વર-બૃહદેશ્વર મંદીર

(૭) દ્રવીડ શૈલી

(૮) બાંસની ઉપસેલી આકૃતિઓ

૪

# મધ્યકાલીન ભારત

ધર્મ, લોક કલાઓ તેમજ ભાષાને ક્ષેત્રે થયેલ વિકાસ એ ભારતીય સંસ્કૃતિના પચરંગી સ્વરૂપના પ્રગતીકરણ સંદર્ભે મધ્યમકાળમાં થયેલ સીમાસ્તંભ સમાન બાબત છે. નવી ધર્મસુધારણા ચળવળ જેવી કે સુફીવાદ, શિખધર્મ તેમજ ભક્તિ આંદોલનોએ ઉક્ત પ્રક્રિયામાં પ્રાણ પૂર્યો. જો તમે ધ્યાનથી જોશો તો જણાશે કે ઈસ્લામે ભારતીય સંસ્કૃતિના પાસાં પર પોતાનો પ્રભાવ પાડયો છે. તમે ભારતના ઈસ્લામીક ભારતીય સંસ્કૃતિના સુભગ સમન્વયના પ્રતિક રૂપે જાણ્યા હશો કે, તમે જોઈ શકયાં હશો કે ઈસ્લામ સહિતના વિવિધ ધર્મોએ ભારતમાં કેવો પારસ્પરીક પ્રભાવ પાડયો છે કે બીજી બાબત તમે એ પણ જોઈ હશે કે ભારતના પ્રત્યેક પ્રદેશમાં પ્રચલીત લોક કલાઓને અન્ય ક્ષેત્રોને ચોક્કસ રંગરૂપ-આકાર આપવામાં આ બધાએ કેવો પારસ્પરીક પ્રભાવ સર્જ્યો છે. ગ્રામજનોને તેમનામાં રહેલી સર્જનાત્મકતા વિકસાવવાની તક આપતી આ લોક કલાનો વિકાસ એ ભારતીય સંસ્કૃતિની એક મહત્વપૂર્ણ બાજુ છે. વર્તમાન સમયે દેશમાં બોલાતી વિવિધ પ્રાદેશિક ભાષાઓનો પોતાનો એક અત્યંત રસપ્રદ ઈતિહાસ છે. જેનો વિકાસ આ સમયગાળામાં જ થયો હતો.

## હેતુઓ

આ પ્રકરણના અભ્યાસ બાદ તમે .....

- મધ્યકાલીન સમાજને સમજી શકશો.
- ઈસ્લામ તથા સુફીવાદના ઉદયને ઓળખી શકશો.
- મધ્યકાલીન ભારતની રાજકીય સ્થિતિને સમજી શકશો.

- ભારતીય ધર્મો ઈસ્લામના પ્રભાવનું પરીક્ષણ કરી શકશો.
- ભક્તિ આંદોલનનો વિકાસ પારખી શકશો.
- મધ્યકાલીન લોકવારસો ,ચિત્રકલા તથા સંગીત ક્ષેત્રે થયેલા વિકાસનું પરીક્ષાણ કરી શકશો.
- અર્વાચીન ભારતીય ભાષાઓના ઉદયને પીછાણી શકશો.
- શિખ ધર્મના ઉદય તેમજ શિખ સત્તાના ભારતમાં વિકાસની ચર્ચા કરી શકશો.
- દક્ષિણ ભારતમાં થયેલ પ્રગતિને અલગ તારવી શકશો.

## ૪.૧ દિલ્હી સલ્તનતકાલીન પ્રજાજીવન

જ્યારે મુસ્લીમ આક્રમણખોરો હિંદમાં આવ્યા ત્યારથી જ તેમણે પોતાનું ઘર બનાવવાનું નક્કી કર્યુ હતુ. તેમણે આંતરલગ્નો કર્યા તથા ભારતીયોની સંસ્કૃતિ પણ ગ્રહણ કરી. ફલતઃ વિચારો અને રીતરીવાજોનુ પરસ્પરનું આદાન-પ્રદાન સર્જાયું. વસ્ત્રપરીધાન, બોલચાલ રીતભાત અને બૌદ્ધિક દૃષ્ટિકોણ વગેરે પર પારસ્પરીક રીતે ગાઢ પ્રભાવ પાડ્યો.

### સમાજ

આ સમયે ભારતીય સમાજ મુખ્યત્વે ચાર જુથોમાં વહેચાયેલો જોવા છે. તેમાં અમીર-ઉમરાવ,ધર્માધિકારી (સંતો-ફકીરો) નગરજનો અને ગ્રામીણોનો સમાવેશ થયો હતો.

### અમીર-ઉમરાવો/ઉચ્ચ વર્ગના લોકો :

સુલતાન, તેના પરીવારજનો, અમીર-ઉમરાવો અને જમીનદારો વગેરે આ ઉચ્ચ વર્ગમાં સમાવિષ્ટ હતા. તેમાં હિંદુ રાજવીઓ, સરદારો, હિંદુ વેપારીઓ અને શરાફીઓની પણ ગણતરી કરી શકાય. તમણે તમામ સંપતિ તેમજ સત્તા સહસ્તગત કરી હતી. કહેવાની જરૂર નથી કે આ લોકો અત્યંત શક્તિશાળી હતા. તઓ ઘણી ઉચ્ચ અને વૈભવી જીવનશૈલીમાં જીવતાં હતા. સુલતાન આ બધાથી સાવ નોખો હતો. તેને પોતાની સર્વોપરીતા અને મોભો જળવાય એવું જ કરવુ પડતું. તેણે સતત એવુ બતાવ્યા કરવુ પડતુ કે તે બીજા બધાથી સાવ જુદો છે, જ્યારે પણ નવો સુલતાન ગાદીએ આવતો કે તુરંત જ એના નામથી શુક્રવારની નમાજ ના સમયે ખુત્બા અને પવિત્ર કલમોનું પઠન કરવામાં આવતું તથા સિક્કા ચલણમાં મુકવામાં આવતા. એ નવા શાસકની સત્તા સ્થાપાયાનું સુચવે છે. એક સર્વ સત્તાધીશ શાસક બનવા માટે આ સંદર્ભે તેને ઘણા બધા અમલદારો, નોકર-ચાકરો તથા શાહી ઘરવખરી કે જેના વડે તે વૈભવી જીવન જીવી શકે તે પુરી પાડવામાં આવતી. અમીર-ઉમરાવો પણ તેના સુલતાનની નકલ તેમજ સંપતિનું પ્રદર્શન કરતાં.

### ધર્માધિકારીઓ/સંતો ફકીરો

સંતો અને ફકીરોનો સમાવેશ સમાજના બીજા મહત્વપૂર્ણ વર્ગમાં થતો હતો. હિંદુઓમાં બ્રાહ્મણો ઉચ્ચ વર્ગના ગણાતા હતા. તે રીતે મુસ્લીમોમાં ઉલેમાઓ તેમને કરમુક્ત જમીનોની સહાય અપાતી. જેનો નિભાવ કરવા તેઓ સત્તાશીલ બનતાં. મુસ્લીમ સુલતાનો પર ઉલેમાઓનો જબરો પ્રભાવ હતો. તેથી તેઓ અવાર-નવાર પોતાની નીતિઓને તેમના ઉપર લાદતાં રહેતા. પરંતુ અલાઉદીન ખલજી જેવા શાસકના સમયે તેમની ઉપેક્ષા કરવામાં આવતી કેટલીક વખત આવા ધર્માધિકારોને ધાર્મિક વિધિવિધાન કરતાં સાંસારીક બાબતોમાં સવિશેષ રહેતો.

### નગરજનો

શ્રીમંત વેપારીઓ, સોદાગરો તથા કલાકારો નગરોમાં વસવાટ કરતાં. અમીર-ઉમરાવો, અમલદારો અને સૈનિકો પણ નગરમાં વસતા. આ નગરો વહીવટી અને લશ્કરી કેન્દ્રો હતા. ભક્તિસુફી -સંતોના નિવાસ સ્થાનો તથા અગત્યના મંદીરો-મસ્જિદો યાત્રાધામો બન્યાં હતા. કલાકારો-કસબીઓ એમના પોતાના ખાસ રહેઠાણોમાં રહેતા હતા. વાસ્તવમાં વણકરો તેમની વસાહતો-મહોલ્લાઓમાં, સોનીઓ તેમના એમ બધા વસવાટ કરતાં હતાં. આ તમામ કલાકારો-કસબીઓ માટે એક સર્વ સામાન્ય વ્યવસ્થા હતી. આ લોકો વિદેશોમાં વેપાર અર્થે વૈભવી સરસામાનની નિકાસ કરતાં હતા.શાહી કારખાના કે વર્કશોપમાં આવા કારીગરોને કામે રાખીને એવી સુંદર ચીજ વસ્તુઓ તૈયાર કરાવતા હતા કે જેને સુલ્તાનો દ્વારા કોઈને ભેટ સોગાદોના રૂપમાં આપવામાં આવતી.

### ગ્રામજનો

ગ્રામજનો અલબત ગામડાઓમાં જ વસવાટ કરતા હતા અને તે મોટે ભાગે ખરાબ સ્થિતિમાં જ હતાં. તેઓ રાજ્યને ઘણી મોટી રકમના કરવેરા ચુકવતાં હતા. કુદરતના કોઈપણ પરીવર્તનોની અસર તેમના જીવન પર પડતી ન હતી અને તેમની જિંદગી પૂર્વવત ગુજર્યા કરતી હતી.

સતીપ્રથા વધુ જડ થવા જવા પામી હતી અને આંતરજ્ઞાતીય વિવાહ તેમજ આંતરજ્ઞાતીય ભોજન પર સખત પ્રતિબંધ હતો. પરંતુ વિશાળ ફલક પર એકબીજા સાથે વિચારોની આપ-લે થતી રહેતી. જેઓએ ઈસ્લામમાં ધર્માંતરણ કર્યુ હતું. તેઓ હજી પોતાની રીતભાતોને વિસારી શકયા ન હતા.આવામાં આચાર વિચારના આદાન-પ્રદાનની પ્રક્રિયા થઈ. ઘણા બધા હિંદુ રીત રીવાજો મુસ્લીમો દ્વારા અને કેટલાંક મુસ્લીમ રીત રીવાજો હિંદુઓ દ્વારા , જેમ કે ખાનપાન, વસ્ત્ર પરિધાન , ગીત સંગીત અને અન્ય ક્ષેત્રના અપનાવવામાં આવ્યા.

### વેપાર

વેપારનો વિકાસ થયો અને વેપાર ધંધાને પ્રોત્સાહીત કરે તેવા ઘણાં બધાં નગરો પણ વસ્યાં. વાણીયા, મારવાડી તેમજ મુલ્તાની જેવી કોમોએતો વેપાર ધંધાને જ પોતાનો ખાસ વ્યવસાય બનાવી

*લીધો. વણઝારાઓ એમની વણઝાર (કારવા) થકી ધંધો કરતાં અને અવિરતપણે એકથી બીજા સ્થળે માલ સામાન લઈને અવર-જવર કરતાં હતા.*

*દિલ્હી આવી ચીજવસ્તુઓની આયાત નિકાસનું કેન્દ્ર સમાન હતું. ત્યાં પૂર્વમાંથી ચોખા, કનોજમાંથી ખાંડ, દોઆબથી ઘઉં અને દક્ષિણમાંથી ઉત્તમ રેશમ આવતું. આ ઉપરાંત ધાતુના વાસણો, ઝવેરાત, સુતરાઉ વસ્ત્રો અને ઘણી બીજી વસ્તુઓનું તે વેપારી મથક બન્યું. પૂર્વ આફ્રિકા, અરબસ્તાન તથા ચીન (વેપાર અર્થે) દિલ્હી આવતું હતું. ઈબ્નબતુતા (મોરોક્કોના પ્રવાસ લેખક) અનુસાર તત્કાલીન દિલ્હી એક અદભુત નગર હતું. વેપારના વિકાસન લીધે નાણાનો ઉપયોગ વધ્યો અને હવે ચાંદીના ટંકા (સિક્કા) વપરાશમાં આવ્યા. ઈલ્તુત્મિશ દ્વારા શરૂ કરાયેલું આ ચલણી નાણું હતું. અરે તે વખતે ઉપયોગમાં લેવાતી તોલમાપની પધ્ધતિ, હમણા મેટ્રીક પધ્ધતિ વપરાશમાં આવી ત્યાં સુધી પ્રચલીત હતી.*

### ધાર્મિક સ્થિતિ

*જ્યારે ઈસ્લામ ધર્મ ભારતમાં પ્રવેશ્યો ત્યારે હિંદુ ધર્મ પૂર્ણ રીતે પ્રચલનમાં હતો. પરંતુ ત્યાર બાદ હિંદુ ધર્મની પકડ ઢીલી પડવા લાગી. વહેમ અંધશ્રધ્ધાયુક્ત માન્યાતાઓ, વિધિ વિધાનો અને બલીદાન વગેરેનું પ્રમાણ વધ્યુ હતું. બ્રાહ્મણોનું વર્ચસ્વ વધી ગયું તથા જ્ઞાતિપ્રથા ઘણી જડ બની જવા પામી હતી. નીચલા વર્ગના લોકો સાથે અભદ્ર વ્યવહાર થવા લાગ્યો હતો. હિંદુઓમાં પ્રચલીત એવી કેટલીક બાબતોથી ઈસ્લામ તદ્દન વિરોધી હતો. તે સમાનતા, બંધુત્વ તેમજ એકેશ્વરવારનો હિમાયતી હતો. તેમાં કોઈ મતમતાંતર (મતાગ્રહ) ન હતાં. ઉલટાનું સરળ સિધ્ધાંતો અને લોકશાહી વ્યવસ્થાનું તંત્ર હતું.*

*ઈસ્લામના આગમને દેશના રાજકીય માળખામાં ભારે મોટા ફેરફારો આણ્યાં નહી. ઉલટાનું તેને તો સામાજિક રીતભાતોને પડકારતું એવું મહત્વપૂર્ણ પરીણામ એટલે ભક્તિ અને સુફી આંદોલન. આ બંને ચવળળો એવી હકીકતો પર ભાર મુકતી હતી કે ઈશ્વર જ સર્વોપરી છે. તેમના માટે તમામ લોકો એક સમાન છે, અને તેના માટે તો ભક્તિ કે સમર્પણ એ જ મોક્ષ (અંતિમ ધ્યેય) પ્રાપ્તીનો એક માત્ર માર્ગ છે. (ઉપાય છે)*

## ૪.૨ ઈસ્લામનો સુફીવાદ

*ભારતમાં મુસ્લીમોનું સર્વ પ્રથમ આગમન ઈ.સ.ના આઠમા સૈકામાં થયું. તેણે આ દેશનું જે સામાજિક વાતાવરણ જોયું તેનાથી અભિભુત થઈને તેને જ પોતાનું વતન બનાવી રહેવાનો નિર્ણય કર્યો. મધ્ય તેમજ પશ્ચિમ એશીયામાંથી ભારત આવેલ વેપારીઓ પોતાની સાથે સાથે ભારતીય સંસ્કૃતિ ઉપરાંત વિજ્ઞાનનો પ્રભાવ પણ લેતાં ગયાં. તેથી ઈસ્લામીક જગત તથા યુરોપ સમક્ષ પોતાની સાથે અહીંનું જ્ઞાન લઈ જઈને તેના પ્રચાર-પ્રસાર કરનાર લોકો (વેપારીઓ) સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિના રાજદુત બની રહયાં. કાયમી વસાવાટ માટે ભારતમાં આવીને વસી ગયેલા લોકો અહીના લોકો સાથે વૈવાહીક*

સંબંધો બાંધીને તથા તેમની સાથે હળીમળીને એક રૂપ રહેતાં થયાં. આને લીધે વસ્ત્રપરીધાન, ભાષા, રીતભાત, રૂઢીઓ, રીવાજો તથા બૌધ્ધિક આયામો બાબતે ભારતીયો તેમજ મુસ્લીમો પરસ્પર એકસરખો પ્રભાવ પાડી શકયાં. મુસ્લીમો તેમને સાથે તેમનો ધર્મ- ઈસ્લામ લાવ્યાં. જેનો ભારતીય જન સમાજ પર તથા સંસ્કૃતિ પર પ્રગાઢ પ્રભાવ પાડવા પામ્યો. પ્રસ્તુત પ્રકરણમાં આપણે પયગમ્બર મહંમદ સાહેબ અને તેમના ઈસ્લામ ધર્મ અંગે થોડુ જાણીશુ.


પયગંબર મહંમદ સાહેબે સાતમાં સૈકા દરમ્યાન અરબસ્તાનમાં ઈસ્લામ ધર્મનો ઉપદેશ આપ્યો. તેમનો જન્મ અરબસ્તાનમાં ઈ.સ.૫૭૧માં કુરેશ જનજાતિમાં થયો.ત્યારબાદ ઈ.સ.૬૨૨માં તેમણે મક્કાથી મદીના સુધીની હિજરત કરી. ત્યારથી હિજરી સંવંતનો પ્રારંભ થયો. ઈસ્લામિક માન્યતાનુસાર કુરાને શરીફ અલ્લાહનું વચન છે અને તે ગેબ્રીયલ નામના ફરિશ્તાના માધ્યમથી મહંમદ પયગંબર સુધી પહોંચાડવામાં આવ્યું હતું. તેનું ભાષાંતર ઘણી ભાષાઓમાં થવા પામેલ છે. ઈસ્લામના મુખ્ય પાંચ સિધ્ધાંતો નીચે પ્રમાણે છે. (૧) તૌહિદ (અલ્લાહમાં શ્રધ્ધા) (૨) નમાજ (દિવસમાં પાંચ વખતની પ્રાર્થના) (૩) રોજા ( રમજાન માસમાં થતા ઉપવાસ (૪) જકાત (દાન) (૫) હજ ( મક્કાની યાત્રા)

મહંમદ પયગંબરના ઉક્ત ઉપદેશો હદીથ કે હદી સમાં સંગ્રહાયેલ છે. તેમના અવસાન બાદ ખિલાફત (ખલીફા એટલે ધાર્મિક રાજકીય સત્તા ) સ્થપાઈ. આવા મુખ્ય ચાર ખલિફાઓ થઈ ચુકયાં છે.

ઈસ્લામ દ્વારા સમાનતા, બંધુત્વ તેમજ એકેશ્વરવાદની વાત કરવામાં આવી છે.તેના આગમને ભારતીય સમાજ પર પ્રભાવ પાડયો.તેના મહત્વપૂર્ણ પરીપાક રૂપે ભક્તિવાદ અને સૂફી વાદની ચળવણોમાં આપણે જોઈ શકીએ છીએ. સુફીવાદની ચળવળોનો થવા પામ્યો. આ બંને ચળવળો માનતી હતી કે સઘળાં મનુગયો એક સમાન છે, ઈશ્વરસર્વ શક્તિમાન છે ,તથા ઈશ્વરભક્તિ એ એક માત્ર મોક્ષમાર્ગ છે.

### ૪.૨.૧ સુફીવાદનો અભ્યુદય

સુફીવાદ એટલે ઈસ્લામીક રહસ્યવાદ માટે પ્રયોજાતો સર્વ સામાન્ય શબ્દ. મતવાદીઓ તેમના ધાર્મિક મત સંદર્ભે ઘણા જ ઉદાર હતાં. તેઓ સર્વધર્મસમભાવવાળી માન્યતા ધરાવતાં હતાં. તેઓ ગીતસંગીત તથા અલ્લાહ સાથેની મોહબ્બતના રહસ્યવાદી સિધ્ધાંત તરીકે બોધ આપતાં.સુફીવાદનો જન્મ ઈરાનમાં થયો. ભારતમાં તૂર્કી શાસનકાળ દરમ્યાન સાનુકુળ વાતાવરણ મળી રહયું. તેમનામાં રહેલ દયાભાવ, સહિષ્ણુતા, સહાનુભૂતિ, સહૃદયતા, સમાનતાની ભાવના તેમજ મૈત્રીભાવ ભર્યા અભિગમને લીધે ઘણા હિંદુઓ ખાસ કરીને નિમ્ન વર્ગના લોકો ઈસ્લામ તરફ આકર્ષાયા. મોઈનુદ્દીન ચિસ્તી, નિજામુદ્દીન ઓલીયા, ફરીદુદ્દીન, ગંજ-એ-શકર વેગેરે સુફી સંતો એવા પાયાના સુફી સંતો હતા કે, જેમને આજ દિવસ સુધી લોકો ચાહે છે અને માન આપે છે.તેઓ ખાનકાહ (આશ્રમ) તથા દરગાહની સ્થાપના સંદર્ભે ખ્રિસ્તી તેમજ બૌધ્ધ ધર્મના ગાઢ પ્રભાવ નીચે હતાં. ઉત્તર ભારતના આવા





સુફી સંતો દ્વારા સ્થપોલ ખાનકાહ (સુફી સંતોને માટેના આશ્રમો) ઈસ્લામીક સંદેશને દેશભરમાં ફેલાવવા માટે ઉપયોગી પુરવાર થયા. મઝાર (કબર) અને સક્રિયા (વિશ્રામ સ્થાનો ) ઈસ્લામીક આદર્શોના પ્રચાર કેન્દ્રો બની રહયાં હતા. સામાન્ય પ્રજા તેમ ઉચ્ચ વર્ગના લોકો એમ બંને તરફથી પુરતો આશ્રય (સંરક્ષણ) પ્રાપ્ત થયો હતું. સુફી સંતો સમસ્ત માનવજાત તરફ માન સમ્માનઆપવા પર ભાર મુકતા હતાં.

સુફી સંતો મોટે ભાગે સિલસિલા (પંથ)માં સંગઠીત હતાં. તેમના આગેવાનો જેવા કે ચિસ્તી, સુહરાવર્દી (કવાદી), નકસબંદી વગેરેના નામો પરથી ચાર સિલસિલાના નામો પ્રયોજાયા છે. આઈને અકબરીના રચયિતા અબુલ ફઝલના મતાનુસાર સોળમાં સૈકામાં ભારતમાં કુલ ૧૯ જેટલાં આવા સિલસિલા (કે પંથો) હયાત હતાં. પ્રત્યેક સિલસિલાને પોતાનું આગવું ખાનકાહ હતું.તેઓ ગરીબો અને પીડીતો માટે તથા સંતો માટે આશ્રય સ્થાનની ભૂમિકા ભજવતાં હતાં. જે આગળ જતાં જ્ઞાન વિજ્ઞાન (વિદ્યા)ના કેન્દ્રો બની ગયાં.

અજમેર તેમજ અજોદ્યાન અથવા પાક પત્તન (હાલ પાકિસ્તાનમાં) સુફીઓના મહત્વપૂર્ણ મથકો હતાં. તેમને પીરી મુરીદીક (ગુરૂ-શિષ્ય) પરંપરા શરૂ કરી હતી. ચમત્કારીક નિજાનંદમાટે તેઓ એકાગ્રહ અને સ્વસ્થ ચિત્તે ગીત-સંગીત સાંભળતાં, જે મુળભુત રીતે ફારસીમાં હતાં. પણ પાછળથી હિંદવી કે હિંદુસ્તાની બની જવા પામ્યાં. તેઓ એકેશ્વરવાદ અને તેના તરફ આત્મ સમર્પણનો ઉપદેશઆપતાં હતા. જે નિર્ગુણ ભક્તિ ચળવળના સમર્પિતોને તદ્દન મળતો આવતો હતો. સંગીત મોટે ભાગે ભાષાની ગેર હાજરીમાં પણ બધાને આકર્ગો છે. એ ન્યાયે ધીમે ધીમે તે હિંદુઓને પોતાની તરફ ખેંચવા લાગ્યા. ફલતઃ તેઓ ઘણા મોટા પ્રમાણમાં દરગાહની મુલાકાત કરતાં થયાં. એ જ રીતે સુફીવાદ પર હિંદુ ધર્મનો પ્રભાવ પણ સિધ્ધ મહાત્માઓની યોગ ક્રિયાના રૂપમાં જણાઈ આવે છે.

## પાઠગત પ્રશ્નો ૪.૧

(૧) મહંમદ પયગંબર સાહેબે મક્કાથી મદિના પ્રયાણ કર્યું તે કઈ સંવતનો પ્રારંભ દર્શાવે છે?

........................................................................

(૨) રોજા શું છે?

........................................................................

(૩) પોતાની ભક્તિ,સહિષ્ણુતા, સમાનતાની ભાવના તેમજ સહૃદયતા વડે હિંદુ અનુયાયીઓને કોણ ઈસ્લામ તરફ ખેંચી લાવ્યું?

........................................................................

(૪) આઈને અકબરીના કર્તાનું નામ જણાવો.

............................................................................


## ૪.૩ રાજકીય પ્રષ્ઠભૂમિ/પ્રશ્વાદભૂમિ

હિંદુસ્તાનના તખ્ત પર ઈ.સ. ૧૨૦૬થી૧૨૯૦દરમ્યાન સતારૂઢ થનાર સુલતાનો મામ્લૂકવંશી તુર્કો હતા. તેમના પછી ખલજી, તુઘલખ, સૈયદ અને લોદીવંશના શાસકોએ દિલ્હીથી લઈને મોટોભાગના ઉત્તર ભારત પર ઈ.સ. ૧૫૨૬ સુધી સત્તા ભોગવી તે તમામ સુલતાન તરીકે ઓળખાયા આ સુલતાનો તુર્કો, ખિલાફા વતી તેના પ્રતિનિધિ તરીકે અહી શાસન કરતા હોવાની માન્યતા હતી. આ ખલીફાને મુસ્લિમોના આધ્યાત્મિક વડા તેમજ દુન્યવી વડા તરીકે સ્વિકારવામાં આવતા હતા. ખુત્બાનો વાચનબાદ આ ખલિફા અને સુલતાનના નામો વાંચવામાંઆવતા તેમજ જુમ્માની મોટી નમાજ ટાણે સ્થાનીક ઈમામ (ધાર્મિક વડા) ખુત્બા પઢતા.

ઈ.સ. ૧૫૨૬માં દિલ્હી સલ્તનત પાસેથી મુઘલો દ્વારા સત્તાનું હસ્તાંતરણ કરવામાં આવ્યું. પ્રારંભિક અવસ્થામાં આગ્રાથી અને ત્યારબાદ છેક ઈ.સ. ૧૭૦૭ (ઔરંગઝેબના અવાસન) સુધી દિલ્હીથી શાસનકર્યુ. તે પછી છેક ૧૮૫૭ (ના વિપ્લવ) સુધી એટલે કે મુઘલ વંશનો અંત આવ્યો ત્યાં સુધી તેમનું શાસન રહયું. મુઘલોએ તેમની કોઈ સહાય કે પ્રતિનિધિત્વ માંગ્યું નહી પરંતું તેમણે ખલીફાને નિયમિત રીતે ભેટ સોગાદો મોકલવાનું ચાલુ રાખ્યું. આ ઉપરાંત તેમણે (રાજ્યારોહણ વખતે) પોતાના નામથી ખુત્બાપણ પઢાવ્યાં.

તેમ છતાં એક અફઘાન સરદાર શેરશાહે મુઘલ શાસક હુમાયુને માત્ર પડકાર ફેંકયો નહી પરંતુ તેને લગભગ પંદર વર્ષો (૧૫૪૦-૫૫) સુધી દુર પણ રાખ્યો.શેરશાહનો શાસકકાળ ઘણી બધી સિધ્ધીઓ માટે જાણીતો છે.તેમાંની કેટલીક જેવીકે સારા માર્ગોનુ બાંધકામ જેમાંનો સૌથી વધુ મહત્વનો માર્ગ માર્ગ-એ-આઝામ અર્થાત ગ્રાંન્ડ ટ્રક રોડ તો સોનાર ગાંવ (હાલમાં બાંગ્લાદેશ)થી અટોક (હાલમાં પાકિસ્તાન) સુધી દિલ્હી આગ્રાને સાંકળીને ૧૫૦૦ કોસ સુધી પથરાયેલો હતો. આ સિવાયનાં અન્ય માર્ગોમાં આગ્રાથી બુરહાનપુર, આગ્રાથી મારવાડ અને લાહોરથી મુલતાન વગેરેને ગણાવી શકાય. તેણે અત્યંત સુંદર એવા સોના, ચાંદી તેમજ તાંબાના સિકકાઓ પડાવ્યાં હતા. જેની નકલ ખુદ મુઘલ બાદશાહો દ્વારા પણ કરવામાં આવી હતી.

મુઘલ સમ્રાટ અકબર કે જેનું શાસન ૧૫૫૬થી ૧૬૦૫ સુધી ચાલ્યું, તે ભારતીય ઈતિહાસનો મહાન શાસક હતો. તેણે પોતાની પ્રજામાં રહેલ જાતિવાદ, ધાર્મિક અને સાંસ્કૃતિક ધોરણોની ઉપેક્ષા કરીને તેમાં ભ્રાતૃભાવની વૃધ્ધિ કરી. તેણે હિંદુઓ સાથે મૈત્રીપુર્ણ સંબંધો વિકસાવવા પ્રયાસ કયો. પોતાની સામ્રાજયવાદી મહત્વકાંક્ષાની પૂર્ણપુર્તિ માટે તેણે રાજપુત શાસકો સાથે લગ્ન સંબંધો પણ બાંધ્યા. તેનું સૌથી પ્રદાન એ હતું કે તેને દેશની રાજકીય એકતા સાથે કેન્દ્રમાં સર્વ સત્તાધીશ શાસનની સ્થાપના કરી. જેના એક સમાન શાસન પ્રણાલીકાઓ અમલ કર્યો. સમ્રાટ અકબર સ્વયમ કલા, સ્થાપત્ય તેમજ





વિદ્યાનો પોષક અને પ્રશંસક હતો. તે બિનસાંપ્રદાયીક વિચાર સરણી ધરાવતો સમ્રાટ હતો. તેણે દિન-ઈ-ઈલાદે નામનો સર્વ ધર્મસમભાવનાની વૃતિઓવાળો નવો જ સંપ્રદાય સ્થાપ્યો. સમ્રાટ અકબર જુદા જુદા ધર્મોના નિષ્ણાંતો ને દર ગુરૂવારે (જુમ્મા રાતે) એકઠા કરી તેમની સાથે ધર્મને લગતી સમસ્યાઓની ચર્ચા કરતો. આવી ધર્મચર્ચાઓનું સંયોજન તે આગ્રા પાસે આવેલ ફતેહપુર સિક્રીનાં ઈબાદત ખાન (પ્રાર્થના સભા) ખાતે કરતો . જો કે જાતે નિરક્ષર હતો. તેમ છતાં એક વિદ્વાનને શોભે તેવી વ્યવસ્થા તેમાં ગોઠવી હતી. તેના રાજદરબારમાં મુલ્લા-દો-પ્યાનજી, ખ્વાઝા હકીમ, અબ્દુર રહીમ ખાન અબ્દુલ તાયલ, તાનસેન, રાજા ટોડરમલ, રાજા માનસિંહ, ફૈજી તથા રાજા બિરબર જેવા પ્રખર બુધ્ધિશાળી નવ રત્નો હતાં. સમ્રાટ અકબરની ઉદારમતવાદી તથા ધર્મ સહિષ્ણું નીતિનું અનુસરણ તેના અનુગામી જહાંગીર તેમજ શાહજહા દ્વારા કરવામાં આવ્યું. તેમ છતાં ઔરંગઝેબે આ જનીતિનો સદંતર ત્યાગ કર્યો હતો.

ઔરંગઝેબે ટુંકી (સંકુચિત ) દ્રષ્ટિની (ધાર્મિક) નીતિ તેમજ દેશના વિવિધ પ્રદેશો (ખાસ તો દક્ષિણ ભારતમાં)માં અવિરત ચાલેલા યુધ્ધોને લીધે મુઘલ સામ્રાજયનું વિઘટન થવાં પામ્યું આટલું હોય તેમ દક્ષિણમાં મરાઠા સત્તાનો ઉદય, નાદીરશાહ તેમજ અહમદશાહ, અબ્દાણીના આક્રમણો, રાજદરબારમાં અસંતુગટ અમીર ઉમરાવોનો અજંપો તથા ઉત્તર-પશ્ચિમ ભારતમાં શિખ સત્તાના ઉદયે મુઘલ સત્તાનું પતન આણ્યું. તેમ છતાં ભારત તત્કાલીન વિશ્વનો સૌથી મોટો નિકાસકર્તા તેમજ અતિ સમૃધ્ધ દેશ હતો. પરંતુ આધુનિકીકરણની સ્પર્ધામાં તે પાછળ રહી જવા પામ્યો.

## ૪.૪ સાંસ્કૃતિક વિકાસ

તત્કાલીન શાસકોએ કલા સ્થાપત્યને ક્ષેત્રે ઘણો ઉંડો રસ દાખવ્યો. મધ્યકાલીન ભારતમાં મિશ્ર સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ આ ક્ષેત્રે સાફ દેખાઈ આવે છે. આ સમન્વયને લીધે ઈન્ડો-ઈસ્લામીક તરીકે જાણીતી નવી શૈલીનો આર્વિભાવ થયો. તેના ધ્યાનાકર્ષક લક્ષણોમાં (૧) ગુંબજ (૨) કુતુબ મિનારા (૩) કમાન અને (૪) ઘુમ્મટનો સમાવેશ થાય છે.

મુઘલો ઘણા મોટા પ્રકૃતિ પ્રેમી શાસકો હતાં. સુંદર કિલ્લાઓ તેમજ બાગ બગીચાઓના નિર્માણમાં તેમને આનંદ મળતો. આ સમયના વિખ્યાત મુઘલ ઉદ્યાનોમાં શાલીમાર બાગ, નિશાતબાગ, જેવા આપણા સાંસ્કૃતિક વારસાના મહત્વપૂર્ણ અંગો છે. તેમાં પાણીની નીકો તથા પરસ્પરને છેદતાં ત્રાંસા ફુવારાઓનો સમાવેશ થતો હતો. ત્યાર બાદ ઉંચાણવાળી જગ્યાએ બાગ-બગીચા બંધાવા લાગ્યા. ઉપરથી નીચેની તરફના ઢાળમાં વહેતું પાણી અનેક નાની મોટી ધારાઓમાં વહેતું, તેની પાછળનાં રોશનદાનથી જળહળી ઉઠતું. પાણી સમગ્ર વાતાવરણમાં આહલાદક આકર્ષાણ ઉત્પન્ન કરતું હતું. તે જોવું ચિત્તાકર્ષાક બનતું. આવા બગીચાઓના ઉત્તમ નમુનાઓમાં લાહોર (હાલ પાકિસ્તાનમાં) નો

શાલિમાર બાગ મુખ્ય છે. આ લાહોર બાગમાં કુલ ત્રણ તબકકા છે. પરંતુ તનું સર્વોતમ ઉદાહરણ એટલે ભારત ખાતે આવેલ ચંદીગઢ કાલકા માર્ગ પરનું પિંજોરબાગ છે. ત્યાં સાત ટપ્પાવાળો બગીચો છે. જેનાથી ભારે પ્રભાવીત થયેલા અંગ્રેજોએ વાઈસ-રીગલલોજ (વર્તમાન રાષ્ટ્રપતિ ભવન) દિલ્હી, ખાતે એક ત્રીસ્તરીય ઉદ્યાનનું નિર્માણ કર્યુ.( જે હાલમાં મુઘર ગાર્ડન્સ તરીકે જાણીતું છે.) આ જ કલાશૈલીને આગળ ધપાવવામાં વીસમાં સૈકા દરમ્યાન મૈસુર ખાતે વૃદાંવન ગાર્ડન્સનું નિર્માણ કરવમાં આવ્યું છે.

પિયેટ્રા ડુરા અર્થાત આરસપહાણમાં રંગબેરંગી પથ્થર જડવાનું- જડતર કામ, તત્કાલીન હિંદમા શાહજહાના સભ્ય અંત્યત લોકપ્રિય બની રહયુ હતું. સમયમાં દિલ્હીના લાલકિલ્લો તથા આગ્રાનો તાજ મહેલ આવા પ્રકારના કાર્યના ઉત્કૃષ્ટ દષ્ટાંતો છે.આ ઉપરાંત ફતેહપુર સિક્રીના આંતરમાળખાનું બાંધકામ, આગ્રા તેમજ લાહોરના કિલ્લા તથા દિલ્લી તથા લાહોરસ્થિત મસ્જિદો આપણા ભવ્ય વારસાનો એક અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે.આ સમયગાળા દરમ્યાન મસ્જિદો, બાદશાહોની કબરો તેમજ દરગાહોનું પ્રભુત્વ પ્રચુર માત્રામાં જોવા મળે છે.

### સિકકાઓ


કલાનું બીજું પાસુ કે જેનુ આપણા માટે વિશેષ મહત્વ છે. તે છે સિકકાઓ સાથેનું અનુસંધાન (સિકકાઓનો અભ્યાસ) તે ઈતિહાસના કોઈપણ સમયગાળાની માહીતી મેળવવાનું એક મુખ્ય-સાધન/સ્ત્રોત છે.મુસ્લીમ શાસકોના સિકકા ઈતિહાસ માટે ઘણા કિંમતી છે. તેની ડીઝાઈન, લખાણ અને ટંકશાળનીછાપ વગેરે આપણને તે સમયની ઘણીબધી રસપ્રદ માહીતી પુરી પાડે છે. શાહી ખિતાબો, નામ અને ટંકશાળનું સ્થળ પણ આપે છ. તે સમ્રાટના સામ્રાજયનો વિસ્તાર/વ્યાપ તેમજ તેની (આર્થિક) સ્થિતીનો કયાસ કાઢી શકીએ છીએ. મોહમ્મદ તુઘલખના સિકકા દિલ્હી, દોલતાબાદ તથા દેશની અન્ય પ્રાદેશીક રાજધાનીઓમાં પચ્ચિસ જેટલી જુદી જુદી વિવિધતા સાથે જોવા મળે છે. તેમાંથી મળતી કેટલીક દંત કથાઓ તો ઘણી રસપ્રદ છે. "ઈશ્વરના કામકાજ માટેનો યોધ્યો " તથા " જેણે સુલતાનની આજ્ઞા માની છે તેણે દયાળુ (પરમાત્મા)ની આજ્ઞા માની છે."જેવાં સુત્રો અત્રે ઉદાહરણ માટે ટાંકયાં છે.

### પાઠગત પ્રશ્નો ૪.૨

ખાલી જગ્યાઓ પુરો.

(૧) ખલીફા તેમજ સુલતાનના નામો........................વાંચવા મળતાં હતાં.

(૨) સ્થાનિક અફઘાન શાસક........................ હુમાયુને પડકાર્યો તથા દિલ્હીના તખ્તથી પંદર વર્ગો સુધી અલીપ્ત રાખ્યો.





(૩) પોતાની સામ્રાજ્યવાદી મહેચ્છાની પૂર્તિ કરવા અકબરે...................... જોડે લગ્ન સંબંધો બાંધ્યા.

(૪) બ્રિટીશ શાસનકાળ દરમ્યાન નવી દિલ્હી ખાતે આવેલ રાષ્ટ્રપતિ ભવન ............ નામે ઓળખાતું.

(૫) પિટ્રાડયુરા અથવા રંગીન પથ્થરોનું જડતર કામ......................ના સમયમાં ઘણું લોક પ્રિય બની રહયું હતું.

## ૪.૫ ભક્તિ આંદોલન

તે સમતે સુફી સંતો જ ધાર્મિક શિક્ષકો/ગુરૂઓ ન હતાં. પરંતુ ભક્તિ-સંતો તેમાં સામેલ હતાં. તેમનું શિક્ષણ પણ સુફી સંતોને મળતું આવતું હતું. તેમને શિક્ષણ આપવાની તક ઘણા લાબાં સમય સુધી મળી રહી હતી. તેઓ શહેરના કલાકારો, કસબીઓ, વ્યાપારીઓમાં અત્યંત લોક પ્રિય હતાં. ગામડાનાં પ્રજાજનો પણ લોકકલાના માધ્યમથી તેમને સાંભળતાં/ માણતાં હતાં.


સુફી તથા ભક્તિ-સંતોના વિચારો તેમજ વર્તનમાં ઘણી સમાનતા હતી. તેમની પાયાની માન્યતા હતી, ઈશ્વર સાથેનુ જોડાણ. તેઓ ઈશ્વર સાથેના સંબંધોના પાયામાં પ્રેમ અને સમર્પણ પર પુરો ભાર મુકતાં હતાં. આ તમામની પ્રાપ્તિ માટે એક ગુરૂ અથવા પીરની હંમેશા જરૂરીયાત રહેતી.

ભક્તિ-સંતોએ હંમેશા ધર્મોમાં વ્યાપેલી જડતાં તથા કર્મકાંડોનો ભારે વિરોધ કર્યો. તેમણે જ્ઞાતીપ્રથનો વિરોધ કર્યો અને તેમના ધાર્મિક મેળાવડા(બેઠકો) માં મહીલાઓની ભાગીદારી નોંધાવવા માટે પ્રાત્સાહીત કરી .ભક્તિ-સંતો તેમનું સમગ્ર જ્ઞાન સ્થાનિક ભાષાના માધ્યમથી લોકોને આપતાં હતા. જેથી તે એક સાવ સામાન્ય માણસની સમજના પણ સરળતાથી ઉતરી શકે.

ભક્તિ-સંતો જુદી જુદી સામાજીક પૃષ્ઠભુમિ ધરાવતાં હતા. છતાં તેમાના મોટા ભાગના જન સામાન્યમાંથી આવતા હતા. તેમાના ઘણા તો જન્મજાત કલાકારો-કસબીઓ હતાં અને પ્રમાણમાં ઓછા સુખી એવા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતાં. તેમણે વિભિન્ન માણસો તથા ધર્મો વચ્ચે જરૂરી સહિષ્ણુતાની ભાવના પર ખાસ ભાર મુક્યો.

ભક્તિ-સંતોનું આંદોલન દક્ષિણમાં ખાસ જાણીતું હતું. ભક્તિભાવપૂર્ણ ગીતો અને વાર્તાઓના માધ્યમથી ઉપદેશ આપવાનો ખ્યાલ મુળભુત રીતે તમિલ ભક્તિ સંપ્રદાયનાં અલવરો અને નયનારોએ પ્રયોજ્યા હતાં. હવે તમે તેમના વિશે આ પુસ્તકમાં વાંચશો.

### (૧) ગુરૂ નાનક




ગુરૂ નાનકનો જન્મ હાલમાં નાનકાના તરીકે ઓળખાતાં તલવંડી નામના ગામમાં એક ખત્રી પરીવારમાં થયો હતો. જો કે ગુરૂ નાનકે હિસાબ કિતાબની તાલીમ પ્રાપ્ત કરી હતી. તેમ છતાં તેમને સાધુ સંતોની સોબત વધુ પ્રિય હતી. ત્યાર બાદ તેમને દિવ્યજ્ઞાન (ઈષ્ટ) પ્રાપ્ત થયું. તેમણે સંતો અને વિરોની સોબત માણવા માટે થઈને ગૃહ ત્યાગ કર્યો. તેમણે ગીત રચનાઓ કરી તથા રબાબ નામના સંગીતના સાધનના સાથથી ગાઈ પણ ખરી, તેમણી આ ગીત રચનાઓ આજેપણ અત્યંત લોકપ્રિય છે. તેમણે પ્રેમ અને સમર્પણ ભાવ એક માત્ર ઈશ્વરને જ સમર્પિત કરવા જણાવ્યું. તેમણે મુર્તિ પુજાનો તથા ધાર્મિક યાત્રાઓ, બલીદાનો તથા ભગવાન સુધી પહોંચવા માટે ઉપયોગમાં લેવાતાં કર્મકાંડોનો ભારે વિરોધ કર્યો. તેમણે આચાર વિચારની શુદ્ધતાને ઈશ્વર સુધી પહોંચવાની પ્રથમ શરત ગણાવી. તેઓ માનતા હતા કે કોઈપણ ગૃહસ્થ પોતાની સાંસારીક ફરજો બજાવતાં-બજાવતાં પણ આવી આધ્યાત્મિક જિંદગી પ્રાપ્ત કરી શકે છે.



### સંત રામાનુજ

રામાનુજ દક્ષિણ ભારતનાં સંત હતા. તમણે લોકોને તેમની પોતાની સર્વ સામાન્ય ભાષાના માધ્યમથી જ ઉપદેશ આપ્યો. તેમના શિષ્ય હતા, રામાનંદ.તેમણે પોતાના ગુરૂનો ઉપદેશ ઉત્તર ભારતના વિવિધ ભાગો સુધી ફેલાવ્યો.

### સંત રામાનંદ



સંત રામાનંદનો જન્મ અલ્હાબાદ અને અભ્યાસ વારાણસી ખાતે થયો હતો. તેમણે આ બંને સ્થળોએ ઉપદેશ આપ્યાં હતા. તે હિંદુ ધર્મને તેના અનિષ્ટ રીત રીવાજો તથા કર્મકાંડોથી મુક્તિ અપાવવા ઈચ્છતાં હતા. તેઓ લોકોને જણાવવા ઈચ્છતાં હતા કે ઈશ્વરની નજરોમાં માનવ માત્ર એક સમાન છે તેથી કોઈ ઉચ્ચ વર્ણમાં જન્મેલુ કે નિમ્ન વર્ણમાં જન્મેલું (એટલે કે નિમ્ન) નથી. તેમના અનુયાયીઓ જુદી જુદી જ્ઞાતીઓમાંથી આવતાં હતાં. દાખલા તરીકે કબીર એક વણકર, સધાના એક કસાઈ, રવીદાસ એક ચમાર અને સેના એક હજામ હતાં.

### સંત કબીર

*સંત કબીર, સંત રામાનંદના પ્રિય શિષ્ય હતાં. ગુરૂ નાનક માફક તેમણે પણ પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થાની ભારે ટીકા કરી હતી તથા હિંદુ મુસ્લીમ એકતા પર ભાર મુકયો. સંત કબીર એક મુસ્લીમ વણકરના પૂત્ર હતાં. તેઓ મુર્તિપુજા, નમાજ જેવી માત્ર બાહ્ય પુજા અર્ચના, ધાર્મિક યાત્રાઓ તથા નદીમાં પવિત્ર સ્નાન વગેરેના વિરોધી હતા. તેઓ એક એવા ધર્મોના ઉપદેશ આપવા ઈચ્છતા હતા કે સર્વ માન્ય હોય તેઓ તમામ ધર્મ સાથે સંકળાયેલ ઈશ્વરની પણ એકતા ઈચ્છતા હતા. તેથી તેઓ ઈશ્વરને રામ, ગોવિંદ, હરી કે અલ્લાહ જેવા જુદા જુદા નામોથી સંબોધતા/બોલાવતા/ઓળખતાં હતા. તમે એમના હિંદી દોહા કે છાપ્પા જરૂર વાંચ્યા હશે.*



### સંત ચૈતન્ય મહાપ્રભુ :

*સંત ચૈતન્ય બંગાળના સંત હતા. તેઓ ભગવાન શ્રીકૃષ્ણના ભક્ત હતા. જો કે તે પોતે બ્રાહ્મણ હોવા છતાં જ્ઞાતીપ્રથાના ભારે ટીકાકાર હતા તથા બધા મનુષ્યોની સમાનતા ભાર મુકતાં હતા. તેઓ લોકોને સાચી ભક્તિમાં સ્નેહ અને સંપની આવશ્યકતા પર ભાર મુકવાનુ જણાવવાનુ ઈચ્છતા હતા. તેઓ શ્રીકૃષ્ણની ભક્તિ ગીત નૃત્ય અને મૃદંગવાદન સાથે કરવા સાથે ટેવાયેલા હતા.*



### સંત મીરાબાઈ

*સંત મીરાબાઈ એક અન્ય ભક્તિ સંત હતાં. તેમણે ભગવાન શ્રીકૃષ્ણની પુજા માટે ભક્તિ ગીતો રચ્યાં અને ગાયા. સંત ચૈતન્યની માફક તેમણે પણ ગીત નૃત્યો સાથે ઈશ્વર તરફનો પોતાનો પ્રેમ રજુ કર્યો છે.*

### સંત નામ દેવ

*સંત નામદેવ જાતે એક દરજી હતા. તેમણે મરાઠી ભાષામાં લખ્યુ છે. તેમની ભક્તિ રચનાઓ ઈશ્વર તરફનો અનન્ય સ્નેહ અને ભક્તિ દર્શાવે છે.*

### ભક્તિ આંદોલનની લોક પ્રિયતા

*આ ભક્તિ આંદોલન લોકોમાં શા માટે આટલુ પ્રચલીત/લોકપ્રિય બની ગયુ ? એ માટેનું સૌથી*

અગત્યનું કારણ એ હતુ કે ભક્તિ આંદોલનને જ્ઞાતિપ્રથા તેમજ બ્રાહ્મણોની સર્વોપરીતા સામે પડકાર ઉભો કર્યો હતો . તેમણે સુફી સંતો દ્વારા ઉપદેશાયેલ સમાનતા અને ભાઈચારાના વિચારોને અપનાવ્યા- આવકાર્યા હતા. લોકો પોતાના જુના ધર્મથી અસંતુષ્ટ હતા. તેઓ એ પ્રકારનો ધર્મ ઈચ્છતા હતા કે જે તેમની ધાર્મિકતાની સાથે સાથે લાગણીઓને પણ સંતોષી શકે.

તમામ ભક્તિ સંતો એક ઈશ્વર પર ભાર મુકતાં હતા. તેઓ કહેતા કે ઈશ્વર પ્રાપ્તી માટેનો એક માત્ર માર્ગ ભક્તિ અને સમર્પણમાં રહેલો છે નહી કે કોઈ કર્મકાંડમાં. તેઓ કર્મકાંડ અને બલીદાન પ્રથાને વખોડી કાઢતા હતા.

ઉત્તર ભારતમાં આ ભક્તિ માર્ગ નિર્ગુણ ભક્તિ અને સગુણ ભક્તિ એમ બે ભાગમાં વહેચાયેલ જોવા મળતી હતી. નિર્ગુણ ભક્તિ એટલે ઈશ્વરના કોઈપણ આકાર વગરના (નિરનીરાકાર) સ્વરૂપની ભક્તિ માટે જેનું રામ, ગોવિંદ, હરી કે રઘુનાથ એવા જુદા જુદા નામથી તેઓ ઈશ્વર સ્મરણ કરતાં હતા. કબીર અને નાનક એમાં સૌથી વિશેષ ખ્યાતી પ્રાપ્ત સંતો હતા. સગુણ ભકતો દશરથ પૂત્ર શ્રી રામ અથવા દેવકી અને વાસુદેવના પૂત્ર શ્રીકૃષ્ણની ભક્તિ કરતા હતાં . એમાનું સૌથી શ્રેષ્ઠ દષ્ટાંત હોય તો તે તુલસીદાસનું છે. પોતાના ધાર્મિક ગ્રંથ "રામ ચરિત માનસ" માં તમણે શ્રી રામ તથા સંત સુરદાસે "સુરસાગર"માં શ્રીકૃષ્ણની એક આદર્શ પ્રતિભા ઉપસાવી છે. એક મુસ્લીમ કૃષ્ણ ભકત કવિ રસખાને પણ આ જ પરંપરાનો નિર્વાહ કર્યો છે.

ભક્તિ આંદોલનની સૌથી પ્રથમક્રમે મુકી શકાય તેવી બાબત તેમનો એકેશ્વર તથા માનવ માત્ર તરફનો ભ્રાતૃભાવ ગણાય. તેઓ નાત (કોમ) જાત (સ્ત્રી-પુરૂષ) ના ભેદભાવને મહત્વ આપતા ન હતા. તેમની બીજી એક મહત્વપૂર્ણ બાબત એ હતી કે તેઓ ઈશ્વરને સમર્પિત હતા. ઈશ્વર સર્વ વ્યાપી છે અને ભકતોના સઘળા કષ્ટો હરી લેવા જેટલો સમર્થ છે. તેમની ત્રીજી ખાસીયત એ હતી કે તેઓ ઈશ્વર તરફ ઉત્કંઠ પ્રેમ ધરાવતાં હતા. એ જ રીતે નૈતિક જીવન પર ભાર પણ એક અન્ય મહત્વની બાબત હતી. તેઓની માન્યતા હતી કે અવિરત પણે કરાતું ઈશ્વર સ્મરણ જે આત્માને પવિત્ર કરી તેને ઈશ્વરનું કૃપાપાત્ર બનાવી શકે છે. તેવી જ ખરી ભક્તિ તો સ્વર્ગ કે મોક્ષને બદલે કેવળ ઈશ્વર સ્મરણ ઈચ્છે છે. તેના ગુણ ગાવા જન્મજન્માતર અવતાર માગે છે.

આ પછી ગુરૂ અથવા આધ્યાત્મિક શિક્ષકનું સ્થાનનું મહત્વ આપે છે. તેમનુ કામ લોકોને પર્યાપ્ત આશા, સામર્થ્ય તથા આંતરીક તાકાત, બક્ષવાનું છે. એમ મનાય છે કે ગુરૂ સ્વયં આ માર્ગે ઘણા આગળ વધેલા છે અને મોટે ભાગે પરમાત્માઓનો સાક્ષાત્કાર પણ થયેલો છે. એટલુ જ નહી પણ તેઓ બીજાને પણ તેમ કરાવી શકવા સમર્થ છે. તેમાંથી પાહુલ પ્રથાનો પ્રારંભ થયો. પાહુલ એટલે ગુરૂ દ્વારા શિષ્યને અપાયેલ પાણીની એવી એક અંજલી કે તેને ઈશ્વર પ્રાપ્તીને માર્ગે અગ્રેસર હોવાની સ્વીકૃતિ દર્શાવે છે.

આગળ જતાં શીખોએ તેને "તલવાર ધોવાનું પાણી" ના નામથી ઓળખાવ્યું આ વિધિને (ખાંડા તલવારનું) પાહલના નામથી ઓળખવામાં આવ્યું. આ સંદર્ભે શીખોએ સંત સૈનિક પરંપરાને આગળ વધારવા માટે પીર-મુરીદી (ગુરૂ શિષ્ય) પ્રથા વિકાસવી. તમે સાફ જોઈ શકશો કે ભક્તિ પરંપરાની કેટલીક ખાસીયતો સુફી સંતોની વિચારધારાને મળતી આવતી જણાય છે ?

આ ભક્તિની ભાવના અથવા એકેશ્વરવાદી ભક્તિ પરંપરા ભારત ભરમાં ફેલાઈ જવા પામી. તેમજ મધ્યયુગની ભક્તિ પરંપરાની બાબતો ગુઢ રહસ્યવાદીઓની ધાર્મિક કાવ્ય રચનાઓમાં પણ કોઈપણ જાતના ધર્મ કે સંપ્રદાયના ભેદભાવમાં ઉતર્યા વિના અવતરવા પામી. તેમના ગીતો હોય કે કવ્વાલી અને તમામ થકી તેમણે લોકોને એક જુથ કર્યા. ફલતઃ સ્થાનીક- પ્રાદેશીક ભાષાઓના વિકાસને વેગ મળ્યો.

## પાઠગત પ્રશ્નો ૪.૩

નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) ભક્તિ આંદોલનની મુખ્ય બે ધારાઓ કઈ હતી ?

..........................................................................

(૨) નિગુર્ણ તેમજ સગુણ ભક્તિ કવિઓ પૈકીના એક એક મહત્વના કવિઓના નામ જણાવો.

..........................................................................

## ૪.૬ લોક કલાઓનો વિકાસ

ગ્રામ્ય પ્રજાજુથને ઘણા બધા ક્ષેત્રોમાં પોતાની સર્જનાત્મક પ્રતિભા દર્શાવવાની પર્યાપ્ત તકો તળી. કેટલાંક પ્રસંગો કૃષિ સાથે સંકળાયેલા છે. જેમ કે જમીન ખેડવી બીજનું વાવેતર કરવું, કપાસ વીણવો, નિંદામણ (વધારાનુ કે નકામુ ઘાસ ચુંટી કાઢવું) કરવું વગેરે તથા કેટલીક સામાજિક જલસાઓમાં ગાયન-વાદન અને નર્તનની તકો પુરી પાડે છે. એનો અવાજ તમને પરીચિત લાગે છે ? આ એ જ રીતે હાલમાં જે તહેવારો ઉજવો છો અને જે વિધિવિધાન કરો છો તે પરાપૂર્વથી થોડાક ફેરાફારો સાથે ચાલ્યાં આવે છે.

વરસાદનું આગમન (અષાઢ-શ્રાવણ માસમા)એ નાચવા ગાવા અને ઉજવણી કરવાનો અવસર બની રહેતો. એમાં દેવી દેવતાઓનું આવાહ્ન કરાતુ અને મંદીરોમાં વિશેષ પુજાઓ થતી. તે ખાસ જુલા જુલાવવાનો આનંદ લુટવાનો અવસર બની રહેતો. એ જ રીતે સ્ત્રીઓના જુથો અન્ય સ્ત્રઓ સાથે મળીને મોડી રાત સુધી ગીતો ગાતી. ભારતમાં ગામડાઓમાં લગભગ આવુ દશ્ય જોવા મળતુ. અત્રે એ નોંધવુ જરૂરી છે કે પ્રત્યેક પ્રદેશે પોતપોતાની સ્થાનીક લઢણ સાથેની જુદી જુદી નૃત્ય શૈલીઓ વિકસાવી હતી. એમ કરતા ગરબા, કાલબેલીયા, ભાંગડા, ઝીદા, વાંસ નૃત્ય, લાવણી વગેરે ઘણા બધા

અવિસ્મરણીય નૃત્યોનો આર્વિભાવ થવા પામ્યો હતો. હાલમાં ઉક્ત તમામમાંથી કેટલાંક પ્રજા સત્તાકદિનની ઉજવણી કરતી વખતે રજુ કરવામાં આવે છે.

ઔપચારિક શિક્ષણ એ મહિલાઓ માટે બહુ મહત્વપૂર્ણ ગણાતું ન હોવા છતાં વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા દર્શાવવામાં તેમને કોઈ અડચણ નહતી. તેમણે પોતાની અંદર રહેલી સર્જન શક્તિને ભરત ગૂંથણ થકી વ્યકત કરી. રાજસ્થાનમાં કન્યાઓ તેમની ઓઢણી, પહેરણ અને ઘાઘરા પર સુંદર ભરત કામ કરી જાણતી. રાજસ્થાનના સ્ત્રી-પુરૂષો કપડાં પર બાંધણીનું સુંદર એવુ રંગકામ કરીને નયનરમ્ય આકૃતિઓ બનાવીને તેનું પરીધાન કરતાં. આજે પણ આપણે રાજસ્થાનના લોકોને ખુબ જ ભપકાદાર રંગીન વસ્ત્ર પરીધાન કરતાં જોઈએ છીએ. તે લોકો પોતાના પાલતુ પ્રાણીઓ (ઘોડા, બળદ, ઉંટ, હાથી વગેરે) ને જે રીતે શણગારે છે. તેમાં તેમનું જીવન પણ સારી ઝળકી ઉઠે છે. એ જ રીતે પંજાબમાં કન્યાઓ નયનરમ્ય ફુલકાર્યોની રચના કરતી. જ્યારે લખનઉ અને તેના સમીપવર્તિ વિસ્તારોમાં પહેરણ, સલવાર, કુર્તા, ઓઢણીઓ અને સાડીઓ ઉપર પણ ચીકન (નામનું) ભરતકામ વિકસ્યુ હતુ. તેમ જણાય છે કે નાટયકારો અંગે (નાટયશાસ્ત્ર નિષ્ણાંત) ભરત મુનિએ પોતાના ગ્રંથ નાટયશાસ્ત્રમાં (પાંચમા સૈકામાં) વિગતે ચર્ચા કરી છે. તે હજુ પુર્ણતઃ લુપ્ત થવા પામી નથી. કારણ કે મહારાષ્ટ્રમાં "તમાસા " અને " લાવણી " નામની નૃત્ય નાટીકાઓ મધ્ય ભારતમાં પાંડવાની, ઉત્તર ભારતમાં મેરાસીસ વગેરે થકી થોડાંક ફેરફારો સાથે ઉપરોક્ત કલાના નવા જ રૂપે તે હાલમાં પણ જોવા મળે છે. તેમની માફક કઠપુતળીવાળા, ગાવા વગાડવા વાળા, મસ્કરાઓ વગેરે લોકો અનેકવિધ રીતે મોનરંજન કરવા માટે એકથી બીજા સ્થળે વિચરતાં રહે છે. દોરડા પર ચાલનારાઓ (નટ કે બજાણીયા) અને જાદુગરો , મદારીઓ આજે પણ એક થી બીજે સ્થળે ફરતાં જણાય છે. કેટલીક જગ્યાએ યુધ્ધ કલા કૌશલ્ય ( માર્શલ આર્ટ) પણ વિકસી છે. જ્યારે કુસ્તીના અખાડા સદાકાળથી ભારતભરમાં અવિસ્મરણીય લોકપ્રિય બની રહ્યાં છે.

### પાઠગત પ્રશ્નો ૪.૪

(૧) કોઈ પણ બે અગત્યના લોકનૃત્યના નામ જણાવો.

..............................................................................

(૨) ભારતભરમાં વિકસવા પામેલી કોઈપણ એક ભરતગુંથણ કલાનું નામ દર્શાવો.

..............................................................................

## ૪.૭ ચિત્ર કલા

ઈસ્લામીક સંસ્કૃતિનો જેણે પ્રભાવ ઝીલ્યો હોય તેવુ અન્ય એક ક્ષેત્ર ચિત્ર ગણાય. હુમાયુએ ઈરાનમાં બારવર્ષથી વધુ સમયે એક શરણાર્થી તરીકે ગાળ્યો હતો. ઈ.સ. ૧૫૫૫મા તે ફરીથી દિલ્હીની

ગાદીએ આવ્યો. ત્યારે તે ભારતમાં પોતાની સાથે ચિત્રકલાને પણ લઈ આવ્યો. તે બધામાં મીર સૈયદઅલી તેમજ અબ્દુલ સમદે તો હસ્તપ્રત ચિત્રાંકનની નવી જ પધ્ધતિ વિકસાવી હતી. તેના એક દષ્ટાંત તરીકે " દાસ્તાન એ અમીર હમજા " નામની ૧૨૦૦ ચિત્રાંકનવાળી કલાકૃતિને ટાંકી શકાય. આ સમયે છબીકલા તથા લઘુચિત્ર (મીનીએચર્સ) કલાક્ષેત્રે પ્રગતિનો પણ સાક્ષી છે. તે ઉપરાંત ખુબ નોંધપાત્ર બાબત ગણાય કે કેટલાંક ચિત્રકારોએ તો શાસ્ત્રીય રાગોના ચિત્રાંકનો તૈયાર કરીને રંગો અને આકૃતિઓના માધ્યમથી મુર્ત સ્વરૂપમાં સંગીતની સમજ આપવા પ્રયાસ કર્યો હતો. બારમાસા અથવા સીઝન્સે આ સમયે એક સમાંતર ચિત્રકલા શૈલી આપી.તમને આ ચિત્રકલાકારોની કલાશૈલીનો સહેજ અંદાજ પણ છે ? કદાચ એકમાત્ર ચીની સીવાય વિશ્વભરમાં કોઈપણ કલાકારે આ રીતે ગીત, સંગીત કે બારમાસા (સીઝન્સે) રજુ કરવા પ્રયાસ પણ કર્યો નથી.

અકબર, જહાંગીર તેમજ શાહજહા આવા કલાકારોને રાજ્યાશ્રય થકી પ્રોત્સાહન પુરૂ પાડતાં. મુઘલ ચિત્રકલા શૈલીનો વિકાસ જળવાઈ રહ્યો. એક ઉદાર અને કલાના ઉપાસક તરીકે અકબરે ચિત્રકલાને રાજ્યાશ્રય આપ્યો હતો . તેણે દશવંત તેમજ બશાવન લાલ જેવા હિંદુ કલાકારોને પણ પોતાના દરબારમાં સ્થાન-કામ આપ્યું હતુ. ફલતઃ આ સમયગાળા દરમ્યાન ભારતીય ઈરાની ચિત્રકલા શૈલીનું સંયોજન થવા પામ્યું. સાથે સાથે યુરોપની કલા શૈલીનો ભારતીય ચિત્રકલા પર પડેલ પ્રભાવ પણ નોંધવો જ રહ્યો.

મુઘલ ચિત્રકલા શૈલીનો જહાંગીરના કે જે ખુદ એક સારો ચિત્રકાર હતો. તેના શાસનકાળમાં સર્વોચ્ચ કક્ષાએ વિકાસ થવા પામ્યો. તેનો દરબાર ઉસ્તાદ તથા અબ્દુલ સમદ જેવા ખ્યાતી પ્રાપ્ત કલાકારો થકી શોભાયમાન બન્યો હતો . ઔરંગઝેબે તેના રૂઢીચુસ્ત-સંકુચિત દષ્ટીકોણ તેમજ રાજકીય પૂર્વગ્રહયુક્ત માનસને કારણે ગાયનવાદન તથા ચિત્ર કલાને રાજ્યાશ્રય આપવાનું બંધ કર્યું હતુ. આ ઉપરાંત મુઘલ કલાશૈલીની સાથે સાથે રાજપુત તેમજ પહાડી ચિત્રકલા શૈલીને પણ પુરતુ પ્રોત્સાહન મળ્યુ. સમાજના ઉચ્ચ વર્ગોમાંથી પણ ચિત્રકલાને સાથ સમર્થન મળવા લાગ્યા. પરીણામ સ્વરૂપે ધનિકો અને મંદીરોની હવેલી (મહાલય) આવી કલાના સુશોભીત આશ્રય સ્થાન બન્યાં . રાજસ્થાન ખાતેની આવી હવેલીઓ આજેપણ ઘણીમોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષે છે. જો તમારે પણ રાજસ્થાનમાં જવાનુ થાય તો આવી હવેલીઓની મુલાકાત લેવાની તક અચુકપણે ઝડપી લેશો.

મુઘલ કલા શૈલીએ સોળમાંથી અઢારમાં સૈકા દરમ્યાન ભારત-ઈરાન (ઈન્ડો-પર્શિયન) કલા શૈલીની લઘુચિત્ર કલાનો અભ્યુદય કર્યો. મુઘલકાલીન દરબારી ચિત્રકારો એ માનવ આકૃતિ અને રીતીરીવાજોના સંયોજન સાથેના કુદરતી દશ્યો દોરવાના શરૂ કર્યા. જ્યારે તેઓ પરંપરાગત ભારતીય શૈલીના સંપર્કમાં આવ્યા ત્યારે વધુ વાસ્તવીક બન્યાં. લઘુ ચિત્રોમાં ગાયન રજુ કરવાની પરંપરાઓનો પણ પ્રારંભ થયો. હવે આવા કલાકારો માસિક વેતનથી નોકરીએ રખાવવા લાગ્યાં. તેમને "ચંગેઝનામા" "ઝફરનામા" તેમજ રામાયણ જેવી કલાકૃતિઓના દષ્ટાંતો સ્થાપિત કર્યા.

## ૪.૮ સંગીત-ગાયન-વાદન

*મુઘલ સમ્રાટ અકબર, જહાંગીર અને શાહજહાએ કેટલાંક સંગીતજ્ઞોને રાજ્યાશ્રય આપ્યો હતો. તાનસેન કે જે અકબરના દરબારને શોભાવતો હતો. તે માત્ર શાસ્ત્રીય રાગરાગીણીઓ ગાતો જ ન હતો. પરંતુ તેની રચનાઓ (કમ્પોઝ) પણ કરતો હતો. એમ કહેવાય છેકે શાહજહા એક સારો એવો ગાયક હતો. આવા સંગીતકારો સમ્રાટનુ દિવસના જુદા જુદા સમયે તેને અનુરૂપ હોય તેવો રાગ રાગીણીઓ સાથે મનોરંજન કરતા હતા.*

*તુર્ક અને અફઘાન શાસનકાળ દરમ્યાન ભારતમાં હિંદી ઈરાન (ઈન્ડો-પર્શિયન) સંગીત કલાનો પ્રારંભ થયો. મુઘલ શાસનકાળમાં તેનો વિકાસ થયો. તે નોંધવું અત્યંત રસપ્રદ બની રહે છે કે ઔરંગઝેબ ખુદ સંગીત કલાનો વિરોધી હતો . તેમ છતાં તેના શાસનકાળ દરમ્યાન ભારતના શાસ્ત્રીય સંગીતના ફારસી ભાષામાં અસંખ્ય પુસ્તકો લખાયા હતા. ઉત્તરમાં, હિંન્દુસ્તાન સંગીત શૈલીનાનામથી પ્રચલીત કલા કૌશલ્યનો ઉદ્‌ભવ થયો. જે ખાસ કરીને જિંદગીના જુદા જુદા મિઝાઝને (મુડને) લગતી મધુર તથા પ્રભાવશાળી રાગરાગીણીઓ રજુ કરતી હતી. આ રાગ અને રાગીણીઓ પર જુદા જુદા શાસકોનો તેમને અનુરૂપ કે અંગત પ્રભાવ હતો. ખયાલ ઠુમરી અને ગઝલ વગેરેનો આવિષ્કાર પણ આ સમયગાળા દરમ્યાન જ થયો. આ દૃષ્ટિએ તાનસેન આ કલા શૈલીનો પ્રણેતા હતો. એ જ રીતે દક્ષિણમાં કર્ણાટક શૈલીની સંગીત કલા વિકસી તેમ છતાં જન સામાન્યના લોકોત્સવ તો લોક સંગીત અને લોકગીતો તેમના સ્થાનિક આગેવાનો જેવા કે અલ્હાદ ઉદલ , દુલાલ ભટ્ટી, જૈમલ ફટ્ટા વગેરે થકી જ ઉજવતાં રહ્યા.*

### ભારતીય-મુગલ સંસ્કૃતિ(ઈન્ડો મુઘલ કલ્ચર)

*મુઘલ શાસને અફઘાન સુલતાનને બદલે બાદશાહ (સમ્રાટ તથા દીનએ પનાહ (શ્રધ્ધા કે ધર્મનો રખેવાળ) શબ્દ પ્રચલીત કર્યો. બાદશાહ માટે લોકોમાં આદરની ભાવના જાગે એટલા માટે તેમણે ઝરોખા દર્શન (પ્રાત:) મહેલના ઝરૂખામાં બેસીને લોકોને મળવું (દર્શન આપવા) પ્રથાનો પ્રારંભ કર્યો. તેમણે દરબારી સમ્માનની પ્રથા સજદા (બાદશાહની સામે કમર સુધી નમીને સતત સલામી કરતા રહેવું) અમલમાં મુકી તેમજ દ્રઢતાપૂર્વક ધાર્મિક અને રાજકીય સત્તા સ્વહસ્તક કરી.*

## ૪.૯ અર્વાચીન ભારતીય ભાષાઓનો ઉદય

*મુઘલકાળની બીજી એક ઉપલબ્ધી એટલે કેટલીક અર્વાચીન ભારતીય ભાષાનો વિકાસ ઉર્દુ ભાષા મોટા ભાગે દિલ્હીના સમીપવર્તી વિસ્તારોમાં જ ઉદભવી હતી. તે અલાઉદીન ખલજીની લશ્કરી છાવણીની ભાષા તરીકે લશ્કરમાં ૧૪મા સૈકાની આસપાસ તેનું સૈન્ય દક્ષિણમાં પડાવ નાંખી રહ્યુ હતુ ત્યારે પ્રચલિત બની હતી. હકીકતમાં તો દખ્ખનમાં વિજાપુર અને ગોલકાંડા જેવા (બહમની) રાજ્યો આગળ જતા ઉર્દુ સાહિત્યનુ પારણુ બની રહ્યા. તેને થોડાક સમયમાં જ પોતાનું વ્યાકરણ વિકસાવ્યુ અને*

તે એક ખાસ પ્રચલીત ભાષા બની રહી.

આગળ જતાં ઉચ્ચ વર્ગના લોકો પણ તે વાપરતાં થયા. જાણીતા કવિ અમીર ખુસરોએ તેમની કાવ્ય રચનાઓ શાયરીઓ કરીને તેને લોકભોગ્ય બનાવી. કવિતા કે ગઝલો ઉપરાંત ઉર્દુ ભાષામાં સુંદર ગદ્ય, લઘુકથાઓ, નવલ કથાઓ , અને નાટકો પણ અઢારમાં અને ઓગણીસમાં સૈકા દરમ્યાન રચવા પામ્યાં. ૧૯મા સૈકામાં પ્રથમ ભાગ (પુવાર્ધ)માં ઉર્દુ ભાષામાં પત્રકારત્વનો પણ વિકાસ થયો. જેણે સ્વાતંત્ર્ય લડત ટાણે ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો.

ઉર્દુ ઉપરાંત લગભગ તમામ અર્વાચીન ભારતીય ભાષાઓ જેમ કે બંગાળી, આસામી, ઉડીયા, ખડીબોલી (હિંદી) પંજાબી, ભારતીય, મરાઠી, સિંધી, કાશ્મીરી તેમજ દક્ષિણ ભારતની ચાર મુખ્ય ભાષાઓ-તમીલ, તેલુગુ, કન્નડ અને મલયાલમનુ વર્તમાન સ્વરૂપ તથા વિકાસ આ સમયગાળા દરમ્યાન થવા પામ્યું.

## ૪.૧૦ નવા ધર્મો

આ સમયગાળામાં ભારત ખાતે શિખ તેમજ પારસી જેવા નવીન ધર્મો કે સંપ્રદાયોનો વિકાસ થયો. આગળ જતાં હિંદુ તેમજ ઈસ્લામી ધર્મોમાં કેટલાંક દુષણો ઘરકરી જવા પામ્યાં. ઉક્ત પ્રસ્થાપિત ધર્મોમાં સુધારા લાવવાના આશયથી ભારતના વિવિધ ધર્મોની અંદર સુધારણા આંદોલનનો આરંભ થયો.

### શિખ ધર્મ

શિખ પ્રજા મોટા ભાગે પંજાબની રહેવાસી છે. તથા આપણી જન સંખ્યાનો ઘણો જ અગત્યનો ભાગ પણ છે. રૂઢીચુસ્ત શિખ પ્રજાને મતે ઈશ્વરે ગુરૂ નાનક પાસે આ ધર્મ પ્રગટ કરાવ્યો.તેમના આત્મા તેમનાથી શરૂ કરીને છેક દસમા ક્રમના ગુરૂગોવિંદસિહ સુધી પ્રવેશ લેતો જ રહ્યો. ગુરૂગોવિંદસિહે તેમના આદીગ્રંથ કે જેનુ જાણીતું નામ ગુરૂગ્રંથ સાહેબ છે તેને પોતાના ગુરૂ માનવાનો આદેશ ફરમાવ્યો. પરંતુ ઈતિહાસ તથા ધર્મના અભ્યાસુઓને મતે ભક્તિ આંદોલનની નિર્ગુણ શાખામાં આ ધર્મના આવિર્ભાવના તથા વિકાસના બીજ પડેલા હતા. આમ શિખો નિરાકાર ઈશ્વર સમગ્ર માનવજાતિને એકરૂપતા (સમાનતા), ગુરૂની આવશ્યકતા (નિર્વાયિતા) તથા પાહુલ પરંપરામાં શ્રધ્ધા ધરાવે છે.

ક્વચિત આ ગુરૂપદ પોતાના પૂત્ર (વારસદાર)ને તો કવચીત સૌથી વધુ યોગ્યતા ધરાવતાં શિષ્યને પ્રદાન કરવામાં આવતું. પંચમ ગુરૂ અર્જુનદેવે શિખોને ત્રણ વસ્તુઓની ભેટ આપી. પ્રથમ વસ્તુ હતી, આદી ગ્રંથ તેમાં પાંચ ગુરૂઓ તેમજ બીજા સહાયક સંતોના વચનોનો સંગ્રહ છે. બીજી બાબત હતી ગુરૂમુખી (પંજાબી ભાષાની લીપી)ની અધિકૃત લીપીમાં જેમાં તે સૌ પ્રથમ વખત લખાઈ હતી. છેવટે અમૃતસર મુકામે હર મંદીર અથવા સુવર્ણ મંદીર અને અકાલ તખ્ત માટે સ્થળની વરણી (પસંદગી) કરી તેની સ્થાપના કરવામાં આવી. આમ અકાલ તખ્તએ શિખોની સર્વોચ્ચ ગુરૂગાદી કે પીઠ છે કે

જયાંથી સમગ્ર શિખ સમાજ માટે અધ્યાદેશ જાહેર કરવામાં આવતાં હોય છે.

દશમ ગુરૂગોવિંદસિહે ઈ.સ. ૧૬૯૯માં ખાલસા પંથની સ્થાપના કરી. આ "ખાલસા" શબ્દનો અર્થ શુધ્ધ કે સાત્વિક થાય છે. તેમણે પાંચ "ક" ની પ્રત્યેક શિખ માટે પ્રતિજ્ઞા દાખલ કરાવી જેમાં "કેશ" (વાળ-દાઢી વધારવા) "કંગી" (કાંસકો) "કડા" (ધાતુનુ કડુ ધારણ કરવુ.) કીરપાણ (તલવાર) તથા કચ્છ (ઘુંટણથી ઉપર સુધી પહેરાતુ અંતઃ વસ્ત્ર) વાસ્તવમાં આ એક શિખ યોધ્ધાનો પહેરવેશ અને વિશિગટ ઓળખચિન્હો હતાં. આ ઉપરાંત છેલ્લે તેમને ઉમેર્યુ કે પોતાના અવસાન બાદ ઉકત આદી ગ્રંથ સાહેબ જ તમામ શિખોના ગુરૂ ગણાશે તથા તમામ શિખોએ તેનું સંપુર્ણ માન સમ્માન જાળવવાનું રહેશે.

ગાયન વાદન એ શિખ ધર્મનું એકમહત્વપૂર્ણ લક્ષણ રહયુ છે. તેમને મતે સંગીતના માધ્યમથી જ નિજાનંદ કે સમાધી મેળવી શકાય છે.

## પારસી ધર્મ

પારસી કે ઝોરોસ્ટ્રીયન ધર્મની સ્થાપના ઈ.સ. પૂર્વેના આઠમા સૈકામાં અષો જરથ્રુસ્ટ્ર અથવા જોરોસ્ટ્રોરોએ કરી હતી. હાલમા ઈરાનના નામે જાણીતા પ્રદેશ ખાતે તેમણે એકેશ્વરવાદનો ઉપદેશ આપ્યો હતો. તેમણે અગ્નિપુજા શીખવી તથા અહૂરમજદા તેમજ અહૂરમાનના રૂપમાં ભલાઈ બુરાઈના દેવતાઓની શિખામણ આપી. તેમણે દયામાયા (કરૂણા) તેમજ પરોપકારના નૈતિક સિધ્ધાંતોનું વિસ્તૃત નિરૂપણ કરેલ છે.

આ પારસી કે ઝોરોસ્ટ્રિયન ધર્મ સમસ્ત ઈરાનમાં ફેલાઈને ત્યાનો મુખ્ય ધર્મ બની ગયો.આઠમા સૈકામાં જયારે મુસ્લિમએ ઈરાન જીતી લીધુ ત્યાં સુધી તેનુ અહી પ્રભુત્વ ચાલુ જ રહ્યું. ત્યારબાદ મોટાભાગના પારસીઓ જગતના જુદા જુદા ભાગોમાં હિજરત કરી ગયા. તેમાંના કેટલાક ભારત આવીને ગુજરાતના નવસારીમાં સ્થાયી થયા. તે પછીતો તેઓ ભારતના લગભગ તમામ પ્રદેશોમાં ફેલાઈ જવા પામ્યા.તેમણે પણ ભારતીય સંસ્કૃતિ(ના ઉત્કર્ષ)માં નોંધપાત્ર ફાળો આપ્યો છે.સુપ્રસિદ્ધિ અને પ્રખર રાષ્ટ્રવાદીનેતા દાદા નવરોજી એક પારસી હતા. તેમણે અંગ્રેજોનો હિંદીઓને સુસંસ્કૃત કરાવવાનો નહી કે લુટવાનો ભ્રામક ખ્યાલ-દંભ ખુલ્લો પાડયો હતો. આવા જ બીજા એક ઉત્કૃષ્ટ મહાનુભાવ જમશેદજી તાતા પણ પારસી કોમના હતા. તેઓ એક આગેવાન ભારતીય ઉદ્યોગપતિ હતા. તેમણે બ્રિટીશરો દ્વારા થતી લોખંડ ઉદ્યોગની ગળાકાપ હરીફાઈના સમયમાં પણ ભારત ખાતે લોખંડ સ્ટીલ ઉદ્યોગની સ્થાપના કરી. જે આજે પણ ઉત્તરોતર પ્રગતિને માર્ગે અગ્રેસર છે. પારસીઓએ હિંદમાં અસંખ્ય ધર્માદા સંસ્થાની સ્થાપના કરી. પારસી ધર્મમાં ધર્મ પરીવર્તન માટે કોઈ વ્યવસ્થા નથી. તેમજ કોઈપણ સંજોગોમાં તેમાં વિધર્મી કે નવાગંતુકોનો પ્રવેશ સ્વિકારવામાં આવતો નથી.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે ભારતના સાંસ્કૃતિક પ્રવાહમાં જે જે નવાગંતુકો આવતાં

ગયા તેમનો સમાવેશ થતો ગયો હોવાથી તેના ફળ સ્વરૂપે સાંસ્કૃતિક આદાન-પ્રદાન થતાં ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટ એવી લાક્ષણીકતાઓ કે જે બહુપરીમાણીય, બહુભાષી, બહુધર્મી અને તેમ છતાં સમન્વયકારી સ્વરૂપની બની રહી છે.

## પાઠગત પ્રશ્નો ૪.૫

**ખાલી જગ્યા પુરો.**

(૧) .................. ખાલસા પંથની સ્થાપના કરીને "ક" ની પ્રતિજ્ઞાઓ મુકરર કરી.

(૨) .................. અગ્ની પુજક છે. ભલાઈ બુરાઈના દેવતાઓમાં શ્રધ્ધા રાખે છે. તેમજ દયા, માયા તથા પરોપકાર વૃતિને પ્રોત્સાહન આપે છે.

## ૪.૧૧ દક્ષિણ ભારત

ઈસુના નવમાથી અગીયારમાં સૈકા વચ્ચે દક્ષિણ ભારતમાં ચૌલ મંડલમ વિસ્તારના ચૌલવંશી રાજવીઓનુ રાજ્ય હતું. આ ચૌલ રાજવીઓ શક્તિશાળી સ્થળ સેના ઉપરાંત નૌસેના પણ ઉભી કરી હતી. એમ કહેવાય છે કે રાજેન્દ્ર ચૌલે વર્તમાન ઈન્ડોનેશીયાના કેટલાંક ટાપુઓ જીતી લીધા હતા.તેમણે સ્થાનીક ગ્રામ્ય કક્ષાએ લોકસ્વરાજ્યની સંસ્થાઓ પણ વિકસાવી હતી.અહી બૌધ્ધ તેમજ જૈન ધર્મો પણ પાંગર્યા હતા. એમના રાજ્યાશ્રયને લીધે સાહિત્ય, લલીત કલાઓ, શિલ્પકલાઓ, સર્વોચ્ચ કક્ષાની ધાતુઓ ઢાળીને તૈયાર કરતી મુર્તિકલા વગેરે ફુલીફાલી હતી. ૧૪માં સૈકામાં વિજયનગર નામના એક નવા જ રાજ્યનો અભ્યુદય થયો. જે હાલમાં કર્ણાટક તરીકે ઓળખાય છે. આ રાજ્યની ઉત્તરે તુંગભદ્રા નદીની સામે કાંઠે એક નવું મુસ્લીમ રાજ્ય સ્થપાયુ. જેનુ નામ બહમની રાજ્ય હતું. તે આજે આંધ્ર પ્રદેશ તરીકે જાણીતુ છે.બહમની અને વિજયનગરના આ રાજ્યો વચ્ચે સમૃધ્ધ રાયચુર દોઆબ વિસ્તારોને લીધે યુધ્ધો લડાતા રહયા હતાં. આ ચૌલ મંડલમ ક્ષેત્રમાં તમિલભાષા પ્રચલીત હતી. જ્યારે કર્ણાટકમાં કન્નડ, આંધ્રમાં તેલુગુ તેમજ કેરળમાં મલયાલમ ભાષાનો વિકાસ થયો હતો. જેમાંની દરેકને પોતાની એક લીપી હતી. એવુ તદ્દન શકય છે કે કોઈકાળે મુળભુત રીતે આ તમામ પ્રદેશોમાં તમીલ ભાષા જ બોલાતી હોય કારણ કે તે અત્યંત પ્રાચીન ભાષા છે. પરંતુ મધ્યમકાળના આગમન સુધી તો એ ચારેય ભાષાઓ પોતાની જુદી જ ઓળખાણ પ્રસ્થાપીત કરી ચુકી હતી. તેમ છતાં ૧૪માંથી છોળમાં સૈકા દરમ્યાન વિજયનગર સામ્રાજયે ઘણી પ્રગતી સાધી હતી. ૧૫મા અને ૧૬મા સૈકા દરમ્યાન આ પ્રદેશની મુલાકાતે આવેલા કેટલાંક વિદેશી પ્રવાસીઓ અહીના રાજાઓ તેના નગરો તથા તેના પ્રજાજનોની પ્રશંસા કરતા થાકતા નથી. હમ્પી ખાતેથી મળી આવેલા પુરાવશેષો આજેપણ દુનિયાભરને આશ્ચર્ય ચકિત કરી મુકે છે. આ ચૌલ રાજવીઓના શાસનકાળમાં કાંચીપુરમ એ એક મહાન વિદ્યાધામ તરીકે પ્રચીત થયું હતુ. વિજયનગરના રાજવીઓ પણ કલા તેમજ વિદ્યાના મહાન રખેવાળ હતા.

## તમે શું શીખ્યાં ?

- શરૂઆતના તુર્ક શાસકો (ઈ.સ. ૧૨૦૬-૧૫૨૬) સુલતાન કહેવાતાં કારણ કે તેઓ ખલીફા (ધાર્મિક-રાજકીય વડા) વતી શાસન ચલાવતાં હોવાનુ મનાય છે.
- મુઘલોએ દિલ્હીના સુલતાનોની જગ્યા લીધી. તેમણે ગાયન વાદન, ચિત્રકલા, તેમજ સ્થાપત્યકલાને પ્રોત્સાહન આપ્યું અને ઈ.સ. ૧૭૦૭ સુધી ભારતમાં શાસન કર્યુ. તેમણે સંખ્યાબંધ ઈમારતો બંધાવી .ઈ.સ. ૧૭૦૭ પછી મુઘલ સામ્રાજ્ય નિર્બળ બનતાં વેરવિખેર થઈ જવા પામ્યું. આ અંધાધુંધીનો ગેરલાભ ઉઠાવીને બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાં એક રાજસત્તા તરીકે ઉભરી.
- સુફી સંતોએ તેમના દયાભાવ, સહિષ્ણુતા, સદ્ભાવ અને સમાનતાના ભાવ જેવા મુલ્યોને લીધે ભારતના લોકો પર ઉંડો પ્રભાવ પાડ્યો.
- ચૌદમાં અને સોળમાં સૈકાનું ભક્તિ આદોલન બે પ્રવાહો (ભાગો)સગુણ અને નિર્ગુણમાં વિકસ્યુ.
- લોકોએ તેમની પોતાની ગાયનવાદન અને નૃત્યની પ્રાદેશિક તથા સ્થાનિક લોકકલાઓ (પ્રથાઓ)વિકસાવી.
- મધ્યકાલીન ભારતમાં ઉર્દુનો ઉદ્ભવ થયો.આ સમયગાળા દરમ્યાન આજની દક્ષિણી મરાઠી, તમિલ, તેલુગુ, મલયાલમ તેમજ ઉત્તરની આસામી, બંગાળી, હિંદી કે ખડીબોલી ક પંજાબી તથા ગુજરાતી ભાષાઓનો ઉદ્ભવ વિકાસ થયો.
- ગુરૂ નાનકે શિખ ધર્મની સ્થાપના કરી. ગુરૂ અર્જુનદેવ ગુરૂમુખી લીપી, અદિગ્રંથ તેમજ અમૃતસર મુકામે હર મંદીર માટેના અંતિમ સ્થળના સ્વરૂપ પ્રદાન કર્યુ.
- પારસી ધર્મની સ્થાપના ઈ.સ. પૂર્વેના આઠમા સૈકા દરમ્યાન ઈરાન ખાતે અષો જરથુષ્ટે કરી.
- ચૌલ રાજવીઓએ બંગાળ તેમજ ઈન્ડોનેશીયાના કેટલાંક પ્રદેશો પર જીત મેળવી તેમણે સ્થાનીક ગ્રામ્ય કક્ષાએ લોક શાહીની સ્થાનીક સ્વશાસનની સંસ્થાઓ સ્થાપી.
- કાંચીપુરમ એક વિદ્યાધામ બની ચુકયું હતુ. કર્ણાટકમાં હમ્પી મુકામે વિજયનગર સામ્રાજયના પુરાવશેષો મળી આવ્યાં છે. આંધ્રપ્રદેશમાં બહમની રાજ્ય વિકસ્યું હતું.
- આ તત્કાલીન ભારતીય સમાજ ચાર ભાગો અમીર- ઉમરાવો, ધર્માધિકારીઓ - ઉલેમાઓ, નગર જનો અને ખેડુતોમાં વહેચાયેલો હતો.
- આયાત નિકાસના એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે દિલ્હી વેપારી મથક તરીકે ખીલ્યું હતું.

- ભારતીય સંસ્કૃતિ પર ઈસ્લામનો ભારે પ્રભાવ હતો. આ સમય દરમ્યાન બે મહત્વપૂર્ણ આંદોલનો સુફી અને ભક્તિ થવા પામ્યાં. તે સમયના અગ્રગણ્ય સુફી સંતોમાં ચીસ્તી ફિરદૌશી નિજામુદ્દીન ઓલિયાનો સમાવેશ થયો હતો.
- ભક્તિ આંદોલનો સુવિખ્યાત સંતોમાં ગુરૂ નાનક, રામાનુજ, રામાનંદ, કબીર, ચૈતન્ય મહાપ્રભુ, મીરાબાઈ તેમજ નામદેવનો સમાવેશ થયો હતો.

## પાઠાંત સ્વાધ્યાય

(૧) મધ્યકાલીન ભારતની રાજકીય સ્થિતિનું વર્ણન કરો.

(૨) ઈસ્લામના હિંદુ ધર્મ ઉપરના પ્રભાવની ચર્ચા કરો.

(૩) ભક્તિ સંતોનો ભારતીય સંસ્કૃતિને સમૃધ્ધ કરવમાં નોંધાયેલ ફાળાનું પરીક્ષણ કરો.

(૪) અર્વાચીન ભારતીય ભાષાઓના અભ્યુદય પર નોંધ લખો.

(૫) શિખ તથા પારસી ધર્મના નવા પંથોના ઉદયની ચર્ચા કરો.

## પાઠાંત પ્રશ્નોના ઉત્તરો

(૧) હીજરી સંવતની શરૂઆત

(૨) રમજાન માસમાં રોજાના ઉપવાસ થાય છે.

(૩) સુફી સંતોએ

(૪) અબુલ ફઝલ

૪.૨

(૧) ખુત્બા (૨) શેરશાહ (૩) રાજપુત (૪) વાઈસ રીગલલોજ (૫) શાહજહા

૪.૩

(૧) નિર્ગુણ અને સગુણ ભક્તિએ ભક્તિ આંદોલનના બે ફાંટા છે.

(૨) નિર્ગુણ ભકત કવિ ગુરૂ નાનક અને કબીર (કોઈપણ એક) સગુણ કવિઓ, તુલસીદાસ, સુરદાસ (કોઈ એક)

૪.૪


(૧) ગરબા, કાલબેલિયા, ભાંગડા (કોઈપણ એક)

(૨) પંજાબમાં ફુલકારી, લખનૌઉમાં ચીકન (કોઈપણ એક)

૪.૫

(૧) ગુરૂ ગોવિંદસિંહ

(૨) પારસી-જોરોષ્ટ્રીયન





# ૫

# આધુનિક ભારત

*આપણા દેશના ઈતિહાસને અભ્યાસની સરળતા માટે પ્રાચીન, મધ્યયુગીન અને આધુનિક એમ ત્રણ ભાગમાં વહેંચી શકાય. પ્રાચીન યુગનો પ્રારંભ ઘણો વહેલો, એટલો વહેલો કે જ્યારે પૃથ્વી પર માનવ વસવાટની શરૂઆત થઈ હતી ત્યારથી થાય છે. આગળના પાઠમાં તમે મધ્યયુગીન ભારતમાં ઈસુના આઠમા સૈકાથી માંડીને છેક અઢારમાં સૈકાના પ્રારંભ કાળ સુધીના બનાવો વિશે વાંચી ગયા. હવે આપણે આધુનિક ભારતના ઈતિહાસનો અભ્યાસ કરીશું. ઉક્ત બંને સમયગાળાના અભ્યાસ દરમ્યાન તમને સમાજ, અર્થવ્યવસ્થા, રાજનીતિ તેમજ સંસ્કૃતિ જેવી તમામ બાબતો પરસ્પરથી ભિન્ન સ્વરૂપની હતી તેમ જરૂર જણાયું હશે. આ તફાવતો કે જે ને તમે પ્રગતિ કહો છો. તે સતત તથા ઝડપી વિકાસતા જ રહ્યા અને તેણે આપણી જિંદગી પર પ્રગાઢ પ્રભાવ પેદા કર્યો.*

*તમને યાદ હશે કે જે લોકો બહારથી ભારતમાં આવ્યાં, જેમ કે તુર્કો, અફઘાનો અને મુઘલો એમણે ભારતને પોતાનું વતન(ઘર) જ બનાવી દીધું. પરંતુ બ્રિટીશ સંસ્થાનવાદી વહીવટ-કર્તાઓ હંમેશા આ ભુમિમાં વિદેશી તરીકે જ રહ્યાં. અલબત્ત તેમણે ઘણા સારા અને તેમને અનુરૂપ હોય તેવા સામાજિક, આર્થિક અને રાજકીય સુધારાઓ કર્યા. આ પ્રક્રિયામાં તેમણે જે પ્રભાવ પાડ્યો તેણે ભારતીય સંસ્કૃતિના ઘણા પાસા પર પોતાની ઊંડી છાપ છોડી. જો તમે દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવન પર એક નજર નાખો તો તમને આ ભારતીય સ્થાપત્ય પરના બ્રિટીશ પ્રભાવનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. તમને આ રીતની શૈલીનું કોલકાતા, મુંબઈ અને દેશના ઘણા ભાગોમાં આવેલી ઈમારતોમાં પુનરાવર્તન થયેલુ જોવા મળશે. આ તમામ બાબતો હાલમાં આપણા સાંસ્કૃતિક વારસાના અંગ સમાન બની ગયા છે. સ્થાપત્યકલા ઉપરાંત આ સાસ્થાંનિક રાજ્ય એક સમાન સરકારી પધ્ધતિ, પશ્ચિમ આધારીત શિક્ષણ પ્રણાલીકા વિજ્ઞાન અને તત્વજ્ઞાન જેવી કેટલીક બાબતો પણ પોતાની પાછળ છોડી છે. તમારામાટે*

એ જાણવું રસપ્રદ બની રહે છે કે ૧૯માં સૈકા દરમ્યાન શરૂ થવા પામેલી સામાજિક અને ધાર્મિક સુધારણા ચળવળો એ પણ આધુનિક ભારતના સર્જનમાં એટલી જ મહત્વની ભુમિકા ભજવી છે. ભારતીય ભાષાઓમાં સર્જાયેલ સાહિત્ય કે જે અંગ્રેજી કેળવણી તેમજ વિચારો તથા ભારતના પાશ્ચાત્ય ખ્યાલો તથા સંસ્થાઓના ઉંડો પ્રભાવ ઝીલનાર બન્યુ છે.

## હેતુઓ

આ પાઠના અભ્યાસ બાદ તમે......

- ૧૮માં સૈકામાં થયેલી ઘટનાઓ અને તેના ભારત પરના પ્રભાવને જાણી શકશો.
- અઢારમાં સૈકાના પાછલાં વર્ગો દરમ્યાનના ભારતનું વર્ણન કરી શકશો.
- આ સમયગાળામાં હિંદુઓ અને મુસ્લીમોની સામાજિક સ્થિતિનું પરીક્ષણ કરી શકશો.
- રાજા રામમોહનરાય અને સ્વામી દયાનંદ સરસ્વતી જેવા સામાજિક તેમજ ધાર્મિક સુધારકોના યાદી તૈયાર કરી શકશો.
- લોકોમાં રાષ્ટ્રવાદની ભાવના જગાવવા સંદર્ભે મુદ્રણાલયો (પ્રેસ)અને સમાચાર પત્રોની ભુમિકા વર્ણવી શકશો.
- ભારતની રાષ્ટ્રીય લડતનો ખ્યાલ આપી શકશો.

## ૫.૧ પશ્ચિમનો ઉદય અને તેનો હિંદ પરનો પ્રભાવ

ઈ.સ. ૧૪૫૦ પછીના ત્રણ બાબતોના અગત્યના વિકાસે યુરોપની સ્થિતિ (આકાર) બદલવા પ્રયાસ કર્યા. જેમાં (૧) મુદ્રણાલય (પ્રેસ)ની શોધ (૨) નવજાગૃતિ અને ધર્મ સુધારણાનો પ્રારંભ (૩) નવા વ્યાપારી માર્ગોની શોધનો સમાવેશ થાય છે. ત્યારબાદ યુરોપે વૈજ્ઞાનક શોધખોળો તાથ દારૂગોળાને ક્ષેત્રે પ્રગતિ સાધી. તેથી તેમના ભૂમિદળ તથા નૌકાદળ વિશ્વમાં શ્રેષ્ઠ બની જવા પામ્યા. વૈજ્ઞાનિક શિક્ષણનો ફેલાવો થવા લાગ્યો.તર્કો અને કારણો હવે પ્રાચીન સિધ્ધાંતો તેમજ જ્ઞાનની કસોટી કરવાના માપદંડ બની રહયાં.

આવામાં યુરોપના લોકો જેવા કે પોર્ટુગીઝ, ડચ, ફ્રેન્ચ અને અંગ્રેજો વચ્ચે ભારતીય વેપાર પર આધિપત્ય જમાવવાની હરીફાઈ થઈ. જેમાં છેવટે અંગ્રેજો સફળ થઈ શક્યાં. આમ અંગ્રેજોનું માત્ર વેપાર-ધંધા પર જ નહી પરંતુ દેશ પર લગભગ બે સૈકાઓ સુધી વર્ચસ્વ રહ્યું.ભારતના લોકોના માનવ અધિકારોનું હનન થતુ રહ્યું તથા તેની સંપત્તિ શાસક દેશ (બ્રિટન)ના લાભાર્થે તેના તરફ વહેતી જ રહી.પોતાના અંગત લાભ માટે અંગ્રેજો ભારતની સામાજિક અને રાજકીય સ્થિતિનો લાભ ઉઠાવતા

*રહ્યા. અહીં મુગલ સતાના પતન બાદ ઘણા બધા રજવાડા ઉભા થયાં. છતાં તેનો લાભ લઈને અંગ્રેજોએ તેમને એકબીજા સાથે લડાવી મારતાં તો કોઈને રાજગાદી પર કબ્જો જાળવવા સાથ આપતાં રહ્યા. મૈસુરના ટીપુ સુલતાને બ્રિટીશરો દ્વારા અપનાવવામાં આવેલ નીતિનો અમલ કરીને ફેંચો અને બ્રિટીશરો વચ્ચેના સંઘર્ષોના લાભ ઉઠાવવા પ્રયાસ કર્યો. પરંતુ બ્રિટીશરોની કુટનીતિ તથા તોપખાનાની તાકાત સાથે તેઓ ટકી શકયાં નહી.*

*બ્રિટીશરોના ભારત પરના આધિપત્યના મુખ્ય ત્રણ તબકકા છે. પ્રથમ તબકકો એટલે ભારતીય વેપાર પરનું વર્ચસ્વ આમા તેમણે ભારતીય માલસામાન ઓછી કિંમતે ખરીદીને તેને પશ્ચિમના બજારોમાં ઉંચા ભાવે વેચવાનું શરૂ કર્યું. તેમા ખેડુતોને કાંઈપણ ચુકવ્યા વગર તેઓ ભારે નફો કમાયા. જેમાં તેમને ભારતીય શાહુકારો અને ગુમાસ્તાઓની મદદ મળી રહી. બીજા તબકકામાં તેમણે ઉત્પાદનની પ્રક્રિયા સહીત ભારતીય ઉદ્યોગ ધંધા તેમજ નિકાસ ક્ષેત્રમાં પ્રવેશીને એનો ખાત્મો બોલાવી દીધો. આમ કરવા ખાતરનું કારણ એ હતું કે ભારત તેમની ચીજ વસ્તુઓનું સંભવિત ગ્રાહક હતું. જયારે ત્રીજો તબકકો એ બ્રિટીશ શાહીવાદી તથા સંસ્થાનવાદી શોષણખોરીનો સમય હતો. જ્યારે બ્રિટીશરોએ પોતાના આર્થિક હિતોની પૂર્તિ માટે ભારત પર શાસન જમાવ્યું.*

*વાસ્તવમાં બ્રિટીશરો ભારતમાં વેપારના માધ્યમથી નફો રળવા માટે આવ્યાં હતા. તે પછી ધીમે ધીમે તેમણે ભારતમાં રાજકીય લાભો અને આર્થિક પ્રભુત્વ ઉભુ કર્યું. ઈ.સ. ૧૭૫૭માં પ્લાસીના યુધ્ધ પછી તેઓ બંગાળના સાચા માલીક જ બની બેઠાં. તેમણે પોતાના વેપાર તથા ચીજ વસ્તુઓની નિકાસ વિકસાવવા માટે બંગાળ પર રાજકીય વર્ચસ્વ જમાવ્યું. તમને ભારતીય તેમજ વિદેશી હરીફોને વેપારધંધામાં મહાત કરીને કોઈ સંભવિત હરીફ જ રહેવા દીધો નહી. તેમણે કાચા કપાસનાં વેચાણ પર એક હથ્થું ઈજારો મેળવ્યો અને બંગાળના વણકરોને મોંઘા બનાવી દીધા. તેમણે બ્રિટનમાં જતા ભારતીય માલસમાન પર ભારે જકાત લાદી દીધી. જેથી તે પોતાના ઉદ્યોગોને જરૂરી રક્ષણ પુરૂ પાડી શકે.*

*યુરોપમાં ઔદ્યોગીકક્રાંતિના આગમન સાથે ભારતીય ઉદ્યોગોનો કપરો કાળ શરૂ થયો. ઈ.સ. ૧૮૧૩થી તો ભારતીય હસ્તકલા ઉદ્યોગે ઘર આંગણાનું તેમજ વિદેશી બજાર પણ ગુમાવ્યું. હવે ભારતીય માલસામાન બ્રિટીશ કારખાનાઓના મશીન દ્વારા તૈયાર થતા ઉત્પાદનની બરાબરી કરી શકે તેમ ન હતો.*

*બીજી બાજુ બ્રિટીશ વેપારીઓ કમાયેલી અઢળક સંપતિ હવે ભારતમાં ઉદ્યોગ-ધંધા સ્થાપવામાં રોકતા થયા હતા. ઈસ્ટ ઈન્ડિયા કંપની તેમના કામમાં નાણા ધીરવા તથા તેમનો ઔદ્યોગીક વિકાસનો પાયો બનાવવામાં મદદરૂપ બનતી હતી. આ સમય દરમ્યાન ઈગ્લેન્ડમાં ઉત્પાદકોનો એક વર્ગ તૈયાર થયો હતો. તેમને ભારતમાંથી વધુમાં વધુ કાચો માલ મેળવી તેને પાકા માલમાં રૂપાંતરીત કરવા અને તેનો વેપાર કરી નફો રળવમાં રસ હતો. ઈ.સ. ૧૭૯૩થી ૧૮૧૩ દરમ્યાન તેમના વેપારી ઈજારા*

અને તેનો એકાધિકારભોગવવા આ બ્રિટીશ ઉત્પાદકોએ કંપની સામે એક આંદોલન આણ્યું. ફળ સ્વરૂપે તેમણે ઈસ્ટ ઈન્ડિયા કંપની સરકારનો ભારતીય વેપારને લગતો એકાધિકાર સમાપ્ત કરવમાં સફળતાં પણ સાંપડી હતી. આમ થતા ભારત ઔદ્યોગીક મહાસત્તા એવા ઈંગ્લેન્ડનું એક આર્થિક સંસ્થાન બની જવા પામ્યું.

પરિણામ સ્વરૂપે ભારતના હસ્ત ઉદ્યોગમાં તૈયાર થતો સામાન બ્રિટિશ મશીનો દ્વારા ઉત્પાદિત સસ્તા માલની સામે ટકી શકયો નહી.આ માલ સામાન માટે ભારતમાં નિઃશુલ્ક પ્રવેશ હતો. અથવા તો તે માટે નામ માત્રની જકાત લેવામાં આવતી.હિંદુઓનું આધુનિકિકરણ થઈ રહ્યું હતું કે જેથી તેમના રસ વિકસે અને તેઓ પાશ્ચાત્ય ચીજ વસ્તુઓ ખરીદી શકે. આને પરિણામે ભારતીય ઉદ્યોગ જગતને બ્રિટિશરોના હાથે શોષાઈને ઘણું ભોગવવાનો વારો આવ્યો. જેઓ આ સંદર્ભે ભારતના હિતની સ્હેજ પણ પરવા કરતા ન હતા. આ સમય દરમ્યાન એમણે ભારતીય ઉદ્યોગધંધાને ના તો રક્ષણ આપ્યું, ના તો તેમાં કોઈ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કર્યો. વિદેશીમાલને કરમુકત પ્રવેશ મળતા ભારતીય હસ્ત ઉદ્યોગને નુકશાન ભોગવવાનો વારો આવ્યો.બીજી બાજુ ભારતીય હસ્ત ઉદ્યોગનો માલ-સામાન જ્યારે બ્રિટનમાં આવતો ત્યારે તેના પર ભારે જકાત લાદવામાં આવતી. આમ થતા ભારતીય વેપાર છેવટે બંધ થઈ જવા પામ્યો.


ઈ.સ.૧૮૧૩ પછી તો ભારત બ્રિટિશ માલ-સામાનનો મોટા ગ્રાહક (ખરીદનાર) તથા વિપુલ પ્રમાણમાં કાચો માલ પૂરો પાડનાર એક સંસ્થાન બની જવા પામ્યો.

ઈંગ્લેન્ડે વેપારીક નફાથી ભારતનું મહત્તમ શોષણ કરવા તથા કાચો માલ ખરીદી તેને તૈયાર માલના રૂપમાં વેચવાના આશય સાથે ભારતમાં આગબોટો તથા રેલ્વે વાહનવ્યવહારની શરૂઆત કરી.

તમને ખબર છે કે હિંદમાં ઈ.સ.૧૮૫૩માં મુંબઈથી થાણે વચ્ચે સૌ પ્રથમ વખત રેલ્વે દોડાવવામાં આવી હતી. આ રેલ્વે લાઈનો કાચોમાલ ઉત્પાદીત કરતાં ક્ષેત્રોને તેનો નિકાસ કરતા બંદરો સાથે જોડતી હતી. પરીણામે બ્રિટીશ માલસામાનથી ભારતીય બજારો ઉભરાવા લાગ્યા.

શું તમે જાણો છો કે રેલ્વે એ રાષ્ટ્રીય જાગૃતિ સંદર્ભે પણ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. તેણે લોકોને તથા તેમના વિચારોને એકબીજાથી નજીક લાવવામાં મદદપુરી પાડી હતી કે જેની અંગ્રેજોએ આશા જ રાખી ન હતી. આ બાબત વક્રોક્તિ પૂર્ણ નથી લાગતી.

શું તમને એ વાતની જાણ છેકે ઈ.સ. ૧૮૫૩માં જ ડેલહાઉસીએ સૌ પ્રથમ તારલાઈનનો અને એજ રીતે ટપાલ સેવાનો પ્રારંભ કોલકાતા અને આગ્રા વચ્ચે કર્યો હતો.



### પાઠગત પ્રશ્નો ૫.૧

(૧) ભારત પર રાજકીય પ્રભુત્વ મેળવવામાં કોને સફળતા મળી હતી ?

..........................................................................

(૨) ભારતના કયા શાસકે બ્રિટીશરો અને ફ્રેન્ચો વચ્ચે દુશ્મનાવટ ઉભી કરવા પ્રયાસ કર્યો પરંતુ તેમા સફળતા મેળવી શકાઈ નહી ?

..........................................................................

(૩) ભારત પર બ્રિટીશ પ્રભુત્વના કેટલા તબક્કા જણાઈ આવે છે ?

..........................................................................

## ૫.૨ અઢારમાં સૈકાનું ભારતઃ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે

અઢારમાં સૈકાનું ભારત ઘણા બધા વિરોધો અને વિરોધાભાસોનું ચિત્ર દર્શાવતું હતું. આર્થિક દષ્ટિએ ખેતી એ જ લોકોનો વ્યવસાય હતો. જ્યારે શાસકો મોટાભાગે યુધ્ધોમાં અટવાયેલા હતાં અને તમનીપાસે જમીનની કૃષિ વિષયક સ્થિતિ સુધારવાનો સમય જ ન હતો.

મુગલ શાસનકાળમાં વિદેશ વેપાર વિકસ્યો હતો. ભારત મોતી, કાચુ રેશમ, ઉન, ખજુર, સુકા મેવા વગેરે ઈરાની અખાતમાંથી આયાત કરતું. જ્યારે કોફી, સોનુ , ઔષધો, અને મધ અરબસ્તાનથી, ચા , ચીનાઈ માટીના વાસણો અને રેશમ ચીનથી, વૈભવી ચીજ વસ્તુઓ તિબેટ સિંગાપુર, ઈન્ડોનેશીયાઈ ટાપુઓ તેમજ આફ્રિકા અને યુરોપથી આયાત કરતું હતું.

ભારતની નિકાસમાં મુખ્યત્વે કાચુ રેશમ, રેશમી વસ્ત્રો, ગળી, ખાંડ, મરી મસાલા, સુતરાઉ કાપડ સહિત ઘણી ચીજો સમાવિષ્ટ હતી. ભારતના સુતરાઉ વસ્ત્રો સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત હતા.

વેપારના આવા સાનુકુળ સમતોલન છતાં ભારતની આર્થિક સ્થિતી તેનાં અવિરત ચાલતાં યુધ્ધોને લીધે સુધરી શકી નહી.દેશમાં શિખો,જાટ અને મરાઠાઓના બળવાઓ તથા બહારના આક્રમણોમાં નાદીરશાહ(ઈ.સ. ૧૭૩૯) અને અહમદ શાહ અબદલ્લી (ઈ.સ. ૧૭૬૩) વગેરે સામાન્ય હતાં.

૧૮માં સૈકા દરમ્યાન ફ્રાંસ , ઈંગ્લેન્ડ , પોર્ટુગલ, સ્પેન જેવા યુરોપના દેશો ભારત સાથે વેપાર કરવામાં રસ ધરાવતાં હતા. તેમણે દેશમાં રાજકીય અને આર્થિક અસ્થિરતા જગાવવામાં મદદ કરી અને છેવટે તેની અર્થવ્યવસ્થાને જ ખોરવી નાંખી પરિણામે આવા સમયે વિશ્વભરમાં ભારતની પ્રસિધ્ધ હસ્ત ઉદ્યોગ ધરાવતી ભૂમિ નષ્ટ થઈ જવા પામી હતી.

સામાજિક રીતે જોઈએ તો લોકોમાં સામાજિક કે સાંસ્કૃતિક ક્ષેત્રે નમુનારૂપ એકતા ન હતી. હિંદુ અથવા મુસ્લીમ, ધર્મ, જાતિ,ભાષા કે કોમને ધોરણે ભાગલા પડેલા હતા. લગ્નના જમણવાર હોય કે

આંતરજ્ઞાતીય ભોજન અને એજ રીતે ધંધાનીપસંદગીની વાત હોય એ બધામાં નિયમોને ખાસ ધ્યાનમાં લેવાતાં હતાં. આવા કાયદાનો ભંગ કરતા જણાય એવા કોઈપણને જ્ઞાતિ બહાર ફેંકી દેવામાં આવતો હતો.

વિજ્ઞાને ક્ષેત્રે ભારત એક સમયે ઘણુ અગ્રેસર હતુ તે ગણિત તેમજ વિજ્ઞાનની બાબતે ઉપેક્ષિત બન્યું હતું. તેઓ હજુ પશ્ચિમે વિજ્ઞાનના ક્ષેત્રે કરેલી પ્રગતીથી સાવ અજાણ હતા. તત્કાલીન સમાજમાં શિક્ષકોનો અદાર થતો. શિક્ષણ હવે પરંપરામાં ફેરવાઈ ચુકયુ હતુ. વિદ્યાર્થીઓને મોટેભાગે અંક ગણિત લખવા અને વાંચવાનુ ંશીખવવામાં આવતું હતુ. કન્યાઓ તો ભાગ્યે જ શાળાએ જતી હતી. શિક્ષણને રાજ્ય તરફથી કોઈ આશ્રય સાંપડતો ન હતો. પરંતુ કવચીત સ્થાનીક શાસકો અમીર ઉમરાવો કે પરોપકારી દાતાઓ તરફથી તેને પોષવામાં આવતું.

### હિંદુ-મુસ્લિમ સંબંધો

આ બે ધર્મના લોકો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો હતા. ધાર્મિક સહિષ્ણુતાનો અમલ થતો હતો. યુધ્ધોનુ એક અલગ રાજકારણ હતુ અને તે ધર્મ સિવાયના અન્ય કારણોસર લડાતા હતા. બંને કોમોના લોકો એકબીજાના ધાર્મિક તહેવારોમાં ભાગ લેતા હતાં. ઘણા બધા હિંદુઓને મુસ્લીમ સંતોમાં શ્રધ્ધા હતી. જયારે મુસ્લીમ બિરાદરો હિંદુ દેવી દેવતાઓ, સંત મહાત્માઓનું જેટલુ જ માન સન્માન જાળવતાં હતા. તદ્ઉપરાંત ઉચ્ચ વર્ગના હિંદુ અને મુસ્લીમોમાં કેટલીક બાબતો સહજ રીતે જ સમાન જોવા મળતી હતી. તેટલી તેમના વર્ણોના જ નિમ્ન વર્ગના લોકો પરત્વે દેખાતી ન હતી . સાથે સાથે મુસ્લીમોએ ભારતીય સંસ્કૃતિ અને કલાશૈલીને અપનાવી હતી. તેને એકબીજાથી જુદી પાડીને ઓળખવી પણ મુશ્કેલ બાબત હતી.

## ૫.૩ સામાજિક સ્થિતિ

સૈકાઓ બદલાતા સ્ત્રીઓની સ્થિતિ હજુ ખાસ સુધરી જવા પામી ન હતી. કન્યાનો જન્મ હજુ પણ બદકિસ્મતી ગણાતો. કન્યાઓના લગ્નો બાલ્યાવસ્થામાં જ કરી દેવાતાં. વેશ્યાવૃત્તિ જોવા મળતી, સ્ત્રીઓને હજુ મિલકતમાં ભાગ કે છુટાછુડાનો હક્ક મળતો ન હતો. સમાજના ખાસ કરીને ઉચ્ચ વર્ગમાં ફરજીયાત વૈધવ્ય પાળવાની પ્રથા પ્રચલીત હતી. આ વિધવા સ્ત્રીઓ રંગીન વસ્ત્રો પહેરી શકતી ન હતી. એટલુ જ નહી, પણ તેમની હાજરી અનિવાર્ય ન હોય તેવા સંજોગોમાં તો તેમને લગ્ન પ્રસંગોમાં સામેલ થવા દેવાતી ન હતી. બાળલગ્નો સર્વ સામાન્ય બન્યા હતા. કેટલાંક કિસ્સાઓમાં તો નાદાન કન્યા વિધવા બનતી અને તેની પાસે બળજબરી પૂર્વક વૈધવ્ય પળાવવામાં આવતું હતું.

આંતરજ્ઞાતીય લગ્નો માટે પરવાનગી મળતી ન હતી. એટલે સુધી કે નિમ્ન વર્ગની વ્યકિતને ઉચ્ચ વર્ણની વ્યકિત સાથે જમવાની પણ છુટ ન હતી. મુસ્લિમ મહીલાઓની સ્થિતિ પણ લગભગ આવી જ હતી. પડદા પ્રથાનું પ્રચલન, શિક્ષણનો અભાવ અને મિલકતમાં ભાગના અભાવે એમને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડતી હતી.


## ૫.૪ સામાજિક અને ધાર્મિક સુધારણાઓ

ઈસ્ટ ઈન્ડીયા કંપનીના કર્મચારીઓની સાથે સાથે તેમની ધાર્મિક વિવિધતાઓ, નામકરણ વિધિ, લગ્નો, મૃત્યુ કે દફન સમયની વિધિ તથા દેવળને લગતી સેવાઓમાટે ખ્રિસ્તી પાદરીઓ ભારતમાં આવ્યા. તેમણે તુરંત જ બિન ખ્રિસ્તી કર્મચારીઓમાં ખ્રિસ્તી ધર્મના ઉપદેશો આપવાનું શરૂ કરી દીધું ધીમે ધીમે તેમણે ભારતીય બાળકો માટે શાળાઓ ખોલવાનું પણ શરૂ કર્યુ. કેટલીક ખ્રિસ્તી મિશનરીઓ એ તો ખ્રિસ્તી વિચારો ખ્યાલો તથા સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે મુદ્રણાલય (પ્રેસ કે વર્તમાન પત્રો) તેમજ પત્ર-પત્રીકાઓ (મેગેઝીન્સ) પણ શરૂ કર્યા.

ખ્રિસ્તીઓના આવા પ્રયાસો સાથે શરૂ કરાયેલ પાશ્ચાત્ય કેળવણીએ ભારતીય સમાજ તથા અર્થવ્યવસ્થા પર ભારે પ્રાભાવ પાડયો. બ્રિટીશ કેળવણી દાખલ કરવા પાછળનો મુળ આશય તો તેમની રાજકીય તેમજ વહીવટી જરૂરીયાતો પહોંચી વળવાનો જ હતો. પરંતુ તેણે હિંદ માટે પાશ્ચાત્ય જ્ઞાનના દરવાજા ખોલી નાંખ્યા. તેને લીધે હિંદીઓને ઉદારમતવાદ બિનસાંપ્રદાયિકતા, સમાનતા અને સ્વાતંત્ર્યના નવા અદભુત વિચારો સાંપડયા. તુરંત જ અંગ્રેજી ભાષા પાશ્ચાત્ય કેળવણીની એક માત્ર અનિવાર્ય જરૂરીયાત તથા ભારતીયો સાથેના જોડાણ માટેનુ જરૂરી પરીબળ જવા પામી.

### બ્રહ્મોસમાજ અને રાજા રામમોહનરાય

રાજા રામમોહનરાયને આધુનિક ભારતીય સમયના અગ્રદૂત કે સમાજ સુધારણાના અગ્રણી ગણવામાં આવે છે. તેઓ ગ્રીક અને લેટીન જેવી (અઘરી) ભાષાઓ સહીત ઘણી બધી ભાષાઓ (ફારસી વગેરે) ના જાણકાર હતા. ભારતીય સમાજના નવ ઘડતર અને નવ જાગૃતિ સંદર્ભે તેમનું પ્રદાન ઘણુ જ મહત્વપૂર્ણ ગણાય છે. હિંદુ સમાજમાં પ્રચલિત એવા ઘણા બધા રીત રીવાજોને હવે ધાર્મિક સમર્થન પણ મળતુ થયુ હતુ. રાજા રામ મોહનરાયે આવુ સમર્થન સાચુ અને શાસ્ત્રોક્ત ન હોવાનુ સાબિત કરી આપ્યુ. આ બધામાં સૌથી પ્રથમ ક્રમે સતી પ્રથા આવે છે. બંગાળ અને રાજસ્થાનના કેટલાંક ભાગોમાં પ્રચલીત એવી પોતાના પતિના મૃત્યુ સાથે જ ચિતા ખડકીને બળીમરવાની જે તે વિધવા સ્ત્રીની આ સામાજિક રીત સતિપ્રથા કહેવાતી. રાજા રામમોહનરાયે આ પ્રથાના ઉન્મુલનનુ બીડું ઝડપ્યુ અને છેવટે તેને બંધ કરાવીને જ ઝંપ્યા. ઈ.સ. ૧૮૨૮માં તેમણે "બ્રહ્મો સમાજ"ની સ્થાપના કરી. જેના સિધ્ધાંતો બિન સાંપ્રદાયીકતા તથા સામાજિક સમાનતા (એકતારૂપતા) નો સંદેશ મુખ્યત્વે સમાવિષ્ટ હતો. તેમના અનુયાયીઓ એક સર્વસત્તાધીશ ઈશ્વરની પુજા (એકેશ્વરવાદ) માં માનતા અને મુર્તિપુજા તેમજ અનેકેશ્વરવાદ અને કર્મકાંડવાદનું ખંડન કરતાં હતા.



દેવેન્દ્રનાથ ઠાકુરે (ટાગોર ઈ.સ. ૧૮૧૭-૧૯૦૫)રાજા

રામમોહનરાયના ઉત્તરાધિકાર તેમજ બ્રહ્મોસમાજના નેતા તરીકે કામગીરી સંભાળી તેમણે સમાજમાં નવા પ્રાણ ફુંક્યા તથા રાજા રામમોહનરાયના વિચારોને પ્રચલીત કર્યા. ત્યારબાદ કેશવચંન્દ્ર સેને (ઈ.સ. ૧૮૮૩-૮૪થી) દેવેન્દ્રનાથ પાસેથી નેતૃત્વ સ્વહસ્તક લીધુ. આ સમગ્ર સમયગાળા દરમ્યાન "સમાજ", વ્યક્તિગત સ્વતંત્રતા, રાષ્ટ્રીય એકતા અને દઢીકરણ, તમામ સામાજિક સંસ્થાઓ તથા સંબંધોનું લોકશાહીકરણ વગેરે પર ખાસ ભાર મુકવામાં આવ્યો.આ રીતે બ્રહ્મો સમાજ ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિ માટેનુ સર્વપ્રથમ સુઆયોજીત સાધન બન્યો.



**પ્રાર્થના સમાજ અને મહાદેવ ગોવિંદ રાનડે**

ઈ.સ. ૧૮૬૭માં મુંબઈ ખાતે ડો. આત્મારામ પાંડુરંગે પ્રાર્થના સમાજની સ્થાપના કરી તેમણે આંતરજ્ઞાતીય ભોજન, આંતરજ્ઞાતીય લગ્નો, વિધવા વિવાહ તેમજ સ્ત્રીઓ સહીત કચડાયેલાં વર્ગોના ઉત્કર્ષ જેવી સામાજિક સુધારણા ઝુંબેશ આદરી. ન્યાયમૂર્તિ રાનડે માનતા હતા કે ધાર્મિક જડતાને લીધે સામાજિક, આર્થિક તથા રાજકીય સમરસતા લાવવામાં સફળ થવાતું નથી. તેઓ એકેશ્વરવાદમાં માનતા હતા તથા મૂર્તિપુજા તેમજ જ્ઞાતીપ્રથાનું ખંડન કરવા પર ભાર મુકતા હતા.

**રામકૃષ્ણ મિશન અને સ્વામી વિવેકાનંદ**

ભારતીય સમાજને પુર્ણ ઉર્જાવાન બનાવવા સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મશનની સ્થાપના (ઈ.સ. ૧૮૯૭) કરી. તે ગંગાધર ચટ્ટોપાધ્યાય કે જેઓ પાછળથી રામકૃષ્ણ પરમ હંસના નામથી ઓળખાયા તેમના શિષ્ય હતા.




સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસના ઉપદેશોને અંતિમ સ્વરૂપ અપ્યુ. તેમણે સ્વતંત્રતા, મુક્તવિચાર તથા વિચાર-સમાનતાની ભલામણ કરી. તેમણે સર્વધર્મ એકતા પર ભાર મુક્યો. તે પણ વિચારોની બૌદ્ધિકતાને પ્રાધાન્ય આપતાં વેદવેદાંતના તત્વજ્ઞાનનો પ્રચાર-પ્રસાર કર્યો.

**થિયોસોફિકલ સમાજ અને ડો.એની બેસન્ટ**

મેડમ બ્લેવેટ્સ્કી અને કર્નલ એચ.એસ.ઓલ્કોટ વગેરે એ થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના (અમેરીકા ખાતે ૧૮૭૫) કરી જેણે સુધારણા ચળવળને બળ પુરૂ પાડવાનું કામ કર્યુ.

શ્રીમતી એની બેસન્ટ પ્રાચીન ભારતીય ગ્રંથોનું અધ્યયન કરવા (બનારસ ખાતે) કેન્દ્રીય હિંદુશાળાની સ્થાપના કરી.( જે આગળ જતા બનારસ હિંદુ યુનિવર્સિટી બનવા પામી) નારાયણ ગુરૂ

દક્ષિણ ભારતના એક મહાન સંત હતા. તમનો જન્મ ઈ.સ. ૧૮૫૪ના સપ્ટેમ્બર માસમાં કેરળમાં થયો હતો . સ્થાનીક શિક્ષકના માર્ગદર્શન નીચે તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યુ. તેઓ મલયાલમ, સંસ્કૃત અને તમિલના ખુબ સારા જાણકાર બન્યા તેમણે. તમને પવિત્ર સાધુ સંતોની સેવામાં ધ્યાન યોગમાંની યોગાઓ કરવામાં પોતાનો સમય વ્યતિત કરવા માડયો. સ્વામી ગલ અને નારાયણ બંને લાગ્યુ કે સમગ્ર કેરળનાં સાર્વત્રીક વિકાસનો આધાર જેમાં તે બંનેનો જન્મ થયો છે. તેવી નાયર અને આડવા કોમની સુભેચ્છાઓ તેમજ સહકાર પર આધારીત છે. આ બંને કોમો વચ્ચેનો સંઘર્ષ કે કેરળને ખંડેર બનાવી મુકે છે. માટે તેમને અમ બંને કોમોને એક તાંતણે બાંધવાનું કામ જ કરવાનો નિર્ણય કર્યો.



નારાયણ ગુરૂ સામાજિક તેમજ ધાર્મિક સુધારક હતા. તેમન આખી જીદગી એક સંન્યાસી તરીકે વીતાવી અને કેરળના લોકોની સામાજિક તથા આધ્યાત્મિક જિંદગી સુધારવા પુરતા પ્રયાશો હાથ ધર્યા.

### ઈસ્લામીક સુધારણા ચળવળ

સરસૈયદ એહમદખાં મુસ્લીમોના એક જાણીતા સમાજસુધારક હતા. તેમને ખાતરી થઈ ચુકી હતી કે મુસ્લીમોનો વિકાસ માત્ર આધુનિક કેળવણી થકી જ શક્ય. બનશે. સૈયદ અહેમદ ખાન ધાર્મિક કટ્ટરતા, અજ્ઞાનતા અને અબૌદ્ધિકવાદના વિરોધી હતા. તેમણે પડદા પ્રથા બહુપત્નીત્વ તેમજ સરળતાથી થતાં તલાકનો વિરોધ કર્યો. સૈયદ અહમદખાને અલીગઢ આંદોલનનો પ્રારંભ કર્યો. તેમણે અલીગઢ ખાતે એંગ્લો-ઓરિએન્ટલ મોહમેડન કોલેજની સ્થાપના કરી. તે વિજ્ઞાન અને સંસ્કૃતિના પ્રચારનું કેન્દ્ર બની . જે આગળ જતા મુસ્લીમ યુનિવર્સિટી તરીકે વિકાસ પામી.

અલીગઢ આંદોલન મુસ્લીમોની નવજાગૃતિ માટે અત્યંત સહાયભુત બન્યું. તેણે તેમની એક સમાન ભાષા ઉર્દુ આપી છે. મુસ્લીમ પ્રેસે(સમાચાર પત્રોએ) ઉર્દુભાષાના કાર્યના સંગ્રહને વિકસાવ્યો. કમનસીબે તેમના અંતીમ વર્ષો દરમ્યાન તેમણે મુસ્લીમ બિરાદરોને હિંદની રાષ્ટ્રીય લડતમાં નહી જોડાવવા સમજાવ્યા હતા. તેમણે કોમવાદી અને ભાગલાવાદી આ રીતે પ્રાત્સાહન પુરૂ પાડયુ હતું.

### સામાજિક સુધારણા

તમને ખ્યાલ છે કે અગાઉની તમામ ધાર્મિક સુધારણાઓ સાથે સાથે સમાજ સુધારકો પણ હતા. આમ થવાનું કારણ ભારતીય સમાજનીતિની, જ્ઞાતીવાદ સ્ત્રી-પુરૂષની અસમાનતા જેવી પછાત સ્થિતિ ગણાય. જેણે ભુતકાળમાં ધાર્મિક માન્યતા પ્રાપ્ત કરી હતી. સમાજ સુધારણાના મુખ્યત્વે બે હેતુઓ હતા. (અ) સ્ત્રીઓની સ્વતંત્રતા અને એમની સામાજિક સમાનતા (બ) જ્ઞાતિવાદી જડતાની નાબુદી ખાસ કરીને અશપૃશ્યતા નિવારણ અને કચડાયેલ વર્ગનો ઉત્કર્ષ

### સ્ત્રી સ્વાતંત્ર્યતા



વર્તમાન ભારતીય સમાજ જીવનનુ ખાસ નોંધપાત્ર પરીવર્તન એટલે સ્ત્રીઓની સ્થિતિ. રાજ્ય અને સુધારકો દ્વારા હાથ ધરાયેલ પ્રયત્નો થકી ઘડાયેલા કાયદાઓને લીધે બાળલગ્ન પ્રથા અટકાવી શકાઈ.

સ્ત્રીઓ જાતે જ એમના પોતાના કલ્યાણ માટે રસ્તાઓ જેવા કે શિક્ષણ માટેની ઉત્તમ સુવિધાઓ અને કુરીતિઓ અટકાવી હોવાના ઉપાયો યોજવા માટે ઉત્કૃષ્ટ હતી. હવે સ્ત્રીઓમાં પણ રાજકીય જાગૃતિ ક્ષેત્રે ભારે વેગ આવ્યો હતો. ઈ.સ.૧૯૩૦માં પસાર થયેલ શારદાકુંવર ધારો છોકરાની લગ્ન માટેની વય ૧૮ વર્ષ અને છોકરીની વય ૧૪ વર્ષ નક્કી કરતો હતો. તમે જાણો છો કે સ્ત્રી શિક્ષણના ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ મહર્ષિ કર્વે"ભારત રત્ન" પુરષ્કારથી સમ્માનીત કરવામાં આવ્યાં હતા. તેમણે કન્યાશાળાઓ તમજ વિધવા અને નિસહાય સ્ત્રીઓ માટે (કામ કરતા ઘરો)ની વ્યવસ્થા કરી હતી.



### જ્ઞાતિપ્રથા સામે ચળવળ-લડત

આ ક્ષેત્રોમાં રામકૃષ્ણ મિશન તથા આર્ય સમાજ દ્વારા ઘણુ મોટુ કામ હાથ ધરાવવામાં આવ્યું .આર્યસમાજે શુદ્ધિ આંદોલન થકી ભારે પ્રદાન નોંધાવ્યું હતુ. શુદ્ધિ આદોલન એટલે એકવાર જેઓ ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ પરીવર્તનકરી ચુકયા છે. તેવા લોકોને ફરીથી પોતાના મુળ હિંદુ ધર્મમાં પુનઃ પ્રવેશ આપવા માટેની વિધિ.




દલીત સમાજના સાચા ઉધ્ધારક તો હતાં મહાત્મા ગાંધી અને બી.આર.આંબેડકરે એમના માટે ઘણી શાળા-કોલેજો ખોલી.બીજી બાજુ મહાત્મા ગાંધીએ હરીજન તરીકે ઓળખાતા અછુત લોકોના ઉદ્ધાર માટે કામ કર્યા. તેમણે તેમના (દલીતોના) માટે મંદીરના દ્વાર ખુલ્લા મુકવા તથા તેમની સાથે સમાન ભાવે વ્યવહાર કરવા જણાવ્યું.

સ્વતંત્ર ભારતના બંધારણે પણ તેમના માટેની આ ચળવળને કાયદેસરનો અને બંધારણીય સાથ/ટેકો આપ્યો. હવે અસ્પૃશ્યતાને સજાપાત્ર ગુનો ગણવામાં આવ્યો. પરંતુ હજુ આપણે માટે એવી

સમાજ રચના કે જયાં સંપૂર્ણ સમાનતા અને ન્યાય પ્રવર્તતા હોય તે ક્ષેત્રે ઈષ્ટ ધ્યેય હાંસલ કરવાનો ઘણો લાંબો માર્ગ કાપવાનો બાકી છે કે જયાં કોઈ પણ સામાજિક અને આર્થિક પૃષ્ઠભુમિ ધરાવતાં સ્ત્રી-પુરૂષો પણ સુખી હોય અને તેમની જરૂરીયાતો પણ પરીપુર્ણ કરી શકતાં હોય. આપણે બધાએ સાથે મળીને આવી સ્થિતિના સર્જન માટે સામુહીક પ્રયાસો કરવાના છે.



Swami Dayanand Saraswati

### સ્વામી દયાનંદ સરસ્વતી


સ્વામી દયાનંદ સરસ્વતીની સૌથી શ્રેષ્ઠ સિદ્ધિ એટલે સંસ્કૃત ભાષા પરનો કાબુ અને વેદોની જાણકારી. તેમને લાગ્યુ કે હિંદુસ્તાનમાં જ ઘણા બધા અનિગટો સદીઓથી ઘર કરી ગયા છે જે તેમના વેદોમાંથી મળતા જ્ઞાનના અભાવને કારણે જ સંભવીત થવા પામ્યુ છે. એટલા માટે તેમણે હિંદુ સમાજને તેની મુર્તિ પુજા અને સ્ત્રી શિક્ષણ સંદર્ભે પડકાર ફેંકયો.

ઈ.સ. ૧૮૭૫માં એમણે મુબઈ ખાતે આર્ય સમાજની સ્થાપના કરી. તેનો મુળ આશય સાચા વૈદિક જ્ઞાનનો પ્રચાર અને ધર્મને નામે પાછળથી હિંદુ સમાજમાં પ્રવેશી ચુકેલા અનિગટોનો અંત આણવાનો હતો.તેમણે અસ્પૃશ્યતા, બહુદેવવાદ, અવતારવાદ અને કર્મકાંડવાદનો ભારે વિરોધ કર્યો. તેમનું સુત્ર હતુ" વેદો તરફ પાછા ફરો." જેના પ્રભુત્વનો તેમણે સ્વીકાર કર્યો.

ભારતના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત તેમની અંગત દેખરેખ નીચે આ વેદનુ છાપકામ-પ્રકાશન ભારતમાં થઈ શકયું.અંગત રીતે તેમનું સૌથી અગત્યનું કામ એટલે સત્યાર્થ પ્રકાશ નામનો ગ્રંથ.

ઈ.સ.૧૮૮૩માં સ્વામી દયાનંદ સરસ્વતીએ ઉત્કૃષ્ટ જીવનને અંતે દેહત્યાગ કર્યો. ઈ.સ. ૧૮૮૬માં તેમના અનુયાયીઓએ લાહોર (વર્તમાન પાકિસ્તાન) ખાતે દયાનંદ એંગ્લો વૈદીક શાળા-કોલેજનો પ્રારંભ કર્યો.આ ડી.એ.વી. ચળવળે એમના કાર્યને આગળ ધપાવ્યું. ત્યારથી આજ પર્યત લગભગ ૭૫૦થી વધુ સંસ્થાઓ એક છત્ર નીચે કાર્યરત છે.

આ બે મહાન અને પાયાના કાર્યકરો ઉપરાંત એટલી જ ખ્યાતનામ વ્યકિતઓ જેમ કે થિયોસોફિકલ સમાજ અને આર્ય સમાજે પૂર્વ તથા ઉત્તર પૂર્વના ઘણા બધા લોકોમાં જાગૃતિ આણીને અંગ્રેજોની મદદથી ઘણાં બધા સામાજિક અનિષ્ટો પર પ્રતિબંધ મુકાવ્યાં.



### જયોતિરાવ ગોવિંદરાવ ફુલે (ઈ.સ. ૧૮૨૭-૯૦)

જયોતિબાના પ્રચલીત નામથી જાણીતા જયોતિરાવ

*ગોવિંદરાવ ફુલેનો જન્મ (ઈ.સ.૧૮૨૭) પુણે ખાતે એક નિમ્નવર્ગના માળી પરીવારમાં થયો હતો. તેમના મતે નિમ્ન વર્ણના લોકો તથા સ્ત્રીઓના ઉત્કર્ષનો એક માત્ર માર્ગ કેળવણી હતો. એટલા માટે તેમણે ખાસ કરીને નિમ્ન વર્ણના લોકો માટે શાળા ખોલી તથા સત્ય શોધક સમાજની ઈ.સ. ૧૮૭૩માં સ્થાપના કરી.તેમનો મુળ હેતુ નિમ્ન વર્ણના અને ખાસ કરીને અછુત ગણાતા પછાત વર્ગના લોકોને સામાજિક ન્યાય અપાવવાનો હતો. તેમના આ કામને છેવટે ચાકક્સ માન સમ્માન મળ્યું અને ફલતઃ તેઓ પુના મ્યુનિસિપાલિટીમાં એક સભ્ય તરીકે ચુંટાઈ આવ્યાં.*

### પંડિતા રમાબાઈ (ઈ.સ.૧૮૫૮-૧૯૨૨)

*તત્કાલીન ભારતમાં અને મુખ્યત્વે મહારાષ્ટ્રમાં એક સ્ત્રી સમાજ સુધારક તરીકે જાણીતા હોય તો તે હતાં પંડિતા રમાબાઈ રાનડે. તેમના માતા-પિતાના અવસાન બાદ તેઓ પોતાના ભાઈ સાથે પુરાણો પર ભાષણો આપવા માટે એકથી બીજા સ્થળે ફરતાં રહયાં. આ રીતે એક વિદુષી તેમજ ધાર્મિક વકતા તરીકેની ખ્યાતિ ફેલાતાં કોલકાતાના પંડીતોએ પોતાના નગર જનોને સંબોધન કરવા માટે તેમને આમંત્રણ પાઠવ્યું. ત્યાં ઉપસ્થિત સર્વે તેમના જ્ઞાન અને વક્તૃત્વકલાને જોઈ વિસ્મય પામ્યાં. તેથી હવે લોકોએ તેમને પંડિતા અર્થાત એક વિદ્વતાને વરેલી સ્ત્રી તરીકે સંબોધન કરવું શરૂ કર્યુ.*

*ઈ.સ. ૧૮૮૨માં રમાબાઈ પુણે પરત ફર્યા. સહજ રીતે પ્રાર્થના સમાજ નામની સમાજિક સુધારણાની સંસ્થા કે જે બ્રહ્મો સમાજના સિધ્ધાંતોનો મહારાગટમાં પ્રચાર-પ્રસાર કરતી હતી. તેનું ધ્યાન તેમના તરફ આકર્ગીત થયું. અહી પણ તેમણે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે "શારદા સદન"નો પ્રારંભ કર્યો.*

*મહાદેવ ગોવિંદ રાનડે ,આર.જી.ભાંડાકર,દાદભાઈ નવરોજી તથા બેહરામજી મલબારી જેવા અનેક ખ્યાતિ પ્રાપ્ત મહાનુભાવોએ પણ પશ્ચિમ ભારતમાં સામાજિક સુધારણાને ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બજાવી હતી.*

## ૫.૫ મુદ્રણાલય (પ્રેસ) અને અર્વાચીન ભાષા તેમજ સાહિત્યનો વિકાસ

*ઈ.સ. ૧૭૯૮માં લીથોગ્રાફી-મુદ્રણકલાની શોધ થઈ. તેમાં ખાસ પ્રકારના તૈયાર કરાયેલ પથ્થરની સપાટીનો ઉપયોગ કોઈપણ લીપી, છબી કે ચિત્રકામ માટે થતો.તેની મદદથી ઘણી બધી નક્લો છાપી શકાતી. મોટે ભાગે ઈ.સ.૧૮૨૦થી અને ત્યારબાદ સેંકડો પત્રીકાઓ અને પુસ્તકો આ રીતે છાપી શકાયા. તેથી ભારતની વધતી જતી શિક્ષિત જનતાની જરૂરીયાતો પુરી પાડવામાં મદદ મળી. ભારતને પશ્ચિમ તરફથી મળેલું આ શ્રેષ્ઠ વરદાન હતું.ઓગણીસમા સૈકાના અંતકાળ સુધીમાં તો મુદ્રણાલય જનમતને કરતું સૌથી મોટુ સાધન બન્યું.*

*આ મુદ્રણાલયો મોંઘા નહી હોવાથી તેમની સંખ્યા ખુબ જ ઝડપથી વધવા પામી. તેના લીધે ઘણા મોટા પ્રમાણમાં આગળ આવેલા લેખકોએ ભારતની વિવિધ ભાષાઓમાં સાહિત્ય સર્જન કરવા*

માંડયું.તેમના મૌલીક લેખન, ભાષાંતર તેમજ પ્રાચીન ભારતીય કે પશ્ચિમના શાસ્ત્રીય સાહિત્યમાના રૂપાંતરણે આપણા સાંસ્કૃતિક વારસાને સમૃધ્ધ કરવામાં મોટો ફાળો નોંધાવ્યો. આ તમામે હિંદીઓમાં જાગૃતિ પેદા કરવાનું કામ કર્યુ.

હવે દેશની લગભગ તમામ ભાષાઓમાં સાપ્તાહિકો, પાક્ષિકો તથા દૈનિક સમાચાર પત્રો પ્રકાશીત થવા લાગ્યાં હતાં. જો કે યુરોપની પ્રજાની સરખામણીમાં આ સમાચાર પત્રોના વાચકોની સંખ્યા ઘણી ઓછી હતી. તેમ છતાં નવા જ પ્રકારનું રાષ્ટ્રીય સાહિત્ય પછી તે નવલકથાના રૂપમાં હોય કે નિબંધો અને કવિતાઓના પરંતુ તે બધાએ રાષ્ટ્રવાદની જાગૃતિ માટે એક નોંધપાત્ર ફાળો આપ્યો. બંકીમચંન્દ્રનું "આનંદ મઠ" દિનબંધુ મિત્રનું "નિલ દર્પણ" ભારતેન્દુ હરિચંદ્રનું "ભારત દુર્દશા", લક્ષ્મીનાથ બરૂઆના આસામી ભાષાના સુબ્રહ્મણ્યમ ભારતનાં તમિલ ભાષાના અને અલ્તાફ હુસૈનનાં ઉર્દુ ભાષાના સાહિત્યિક પ્રદાને ભારતીય માનસમાં ખળભળાટ મચાવી દીધો.

### સમાચાર પત્રોનું પ્રદાન

આમ ઓગણીસમાં સૈકાના અંતકાળ સુધીમાં તો ભારતીય મુદ્રણાલય ત્યાંના જનમતનું નવસર્જન કરવા,પ્રસાર કરવા, તથા તેને તિક્ષ્ણ (તેજ) બનાવવા માટે એક અગત્યનું સાધન બન્યું.

સમાચાર પત્રોએ અવિરતપણે ટીકાઓ અને ટિપ્પણીઓ થકી સરકારી નીતિઓ તથા એવી સમાજીક અને આર્થિક સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ પેદા કરીને બ્રિટીશરો વિરોધી લાગણીઓ ફેલાવવમાં મહત્વનો ફાળો નોંધાવ્યો. તેણે ઉગ્ર- ભારતીય જાગૃતિમાં મદદ કરવા ઉપરાંત ભારતના લોકોને અગત્યનું રાજકીય શિક્ષણ પણ પુરૂ પાડયું.

આ સમયના કેટલાંક અગત્યનાં સમાચાર પત્રો નીચે પ્રમાણે છે.

બંગાળ : " ધ હિન્દુ પેટ્રિઓટ", અમૃત બાઝાર પત્રીકા" (અંગ્રેજી)

મુબઈ : ધ મરાઠા (અંગ્રેજી) , કેસરી (મરાઠી) બંને સાથે લોકમાન્ય તિલક જોડાયેલ

મદ્રાસ : ધ હિન્દુ (અંગ્રેજી) સ્વદેશમિન (તમીલ)

પંજાબ : ધ ટ્રિબ્યુટ (અંગ્રેજી) "કોહીનુર" "અખબાર આમ" (બંને ઉર્દુ)

## ૫.૬ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી

સ્વતંત્ર ભારત પણ પોતાના સિદ્ધિઓ માટે ગર્વ કરી શકે તેમ છે. સ્વાતંત્ર્યોત્તર હિંદની સૌથી મોટી એક સિદ્ધી એટલે બિનસાંપ્રદાયીક અને લકોશાહી પ્રજાકસત્તાકનો મજબુત પાયો નાંખાવની કામગીરી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિની સાથે ભારત સંસદીય પ્રણાલીના સ્વિકાર સંદર્ભે સમયની કસોટીમાંથી ખરો પુરવાર થઈ પાર ઉતરીને આજે તે વિશ્વની સૌથી મોટી પ્રણાલી ધરાવતો દશે છે. વેરવિખેર

એવા દેશી રજવાડાને એકસુત્રતામાં બાંધવાનું કામ પણ તેની બીજી આગવી અને મુખ્ય સિદ્ધિ ગણાય. રાજ્યોનું પૂનર્ગઠનએ અવિરત ચાલતી રહેતી પ્રક્રિયા છે અને તે મુજબ નવા રાજ્યોનું ગઠન અને કેન્દ્રશાસિત પ્રદેશોની રચના લોકોની માંગને અનુલક્ષીને થતું કામ છે. આર્થિક આયોજનની સ્વાતંત્ર્યેતર પ્રક્રિયા દેશના આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક ન્યાયની પણ ખાતરી આપે છે. પરીણામે ભારતે આર્થિક ક્ષેત્રે અને ખાસ કરીને કૃષિ તેમજ કૃષિ આધારીત ઉદ્યોગ ધંધા બાબતે નોંધ પાત્ર વિકાસ સાધ્યો છે.ભારતે વિજ્ઞાન અને ટેકનોલોજીને ક્ષેત્રે પણ આવો જ નોંધપાત્ર વિકાસ હાંસ કર્યો છે. ઉચ્ચ તકનીકી ક્ષેત્રોમાં પણ તેણે પૂર્ણ વિકસીત રાષ્ટ્રો જેટલી પ્રગતિ સાધી છે. એટલા માટે જ હવે ત્યાં આંતર રાષ્ટ્રીય સંમેલનો વખતે ભારતનો અવાજ પુરતા સમ્માન સાથે સંભળાતો થયો છે. તેનુ મુખ્ય કારણ એ જ છે કે તેણે રાજકીય અને આર્થિક સ્થિરતાની સાથેસાથે એ વિસ્તારમાં રાજકીય મોભો પણ મેળવ્યો છે.યુ.એન.ના સ્થાયી રાજ્યપદ માટેની ભારતની માંગણી હવે ક્રમશઃ બહોળી સ્વિકૃતિ/સમર્થન પ્રાપ્ત કરતી જાય છે.

### ૫.૬.૧ રાષ્ટ્રીય આંદોલન/ચળવળ/લડતઃ પ્રારંભિક તબક્કો

બ્રિટીશશાહી સંસ્થાનવાદએ ભારતના સર્વક્ષેત્રીય પછાતપણા/દરીદ્રતાનુ અને કામદારો બ્રિટીશરોના લોભ અને બેદરકરીના સૌથી વધુ ભોગ બન્યા હતા. ઉદ્યોગપતિઓ અને મુડીપતિઓ પણ બ્રિટીશ શાસનથી ખુશ ન હતા. આવા ટાણે બૌદ્ધિક વર્ગના લોકોએ મહત્વપુર્ણ ભુમિકા અદા કરી.બ્રિટીશ શાસનની આ નીતિને સમજના તેઓ સૌ પ્રથમ લોકો હતા. તેઓને એવી આશા હતી કે બ્રિટીશ શાસનનુ ખોવાઈ ગયેલુ પરોપકારી સ્વરૂપ પાછુ ફરશે. હવે તેઓ જોઈ શકતા હતા કે બ્રિટીશ લોભી અને સ્વાર્થી હતા.વ્યક્તિગત રીતે તેઓ પોતાનું અંગત હિત વિચારતા અને તેમાં છેવટે બ્રિટનનું સાર્વત્રીક હિત જોતાં. ૧૯માં સૈકા સુધી તો તમામ ભારતીયો એક થઈ જવા પામ્યાં. તે બધાને હવે સમજાઈ ચુકયુ હતુ કે તેમનો એક સર્વસામાન્ય શત્રુ છે અને તે બ્રિટીશર કે જે પોતાના અંગત ફાયદા માટે ભારતને ખતમ કરવા બેઠા હતા. જો કે અંગ્રેજોએ દેશના વહીવટી અને આર્થિક એકીકરણમાં ઘણી સહાય પુરી પાડી હતી. તેમણે રેલ્વે અને વાહનવ્યવહાર જેવી વ્યવસ્થાની સાથે સાથે ટેલીગ્રાફ અને પોસ્ટ ઉપરાંત જાહેર માર્ગોની વ્યવસ્થા ઉભી કરી હતી. જેણે આ એકતામાં આગવો ફાળો આપ્યો હતો.બ્રિટીશરોની સાથે સાથે ભારતમાં આવેલા પાશ્ચાત્ય વિચારો તેમજ શિક્ષણે પણ હિંદીઓમાં જાગૃતિ પેદા કરવાનુ કામ કર્યુ. લોકશાહી, માનવતાવાદ, રાષ્ટ્રવાદ અને લોકોની સર્વોપરીતાના ખ્યાલે હિંદીઓમાં રાષ્ટ્રવાદ જગાવવાનુ માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ. મુદ્રણાલય તથા સાહિત્યે પણ રાષ્ટ્રવાદની ભાવનાના પ્રચાર સંદર્ભે એટલો જે મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો. ઘણા બધા રાષ્ટ્ર ભકત લેખકોના લખાણોએ લોકોને પ્રેરણા પુરી પાડી.

૧૯માં સૈકામાં ભારતની પ્રાચીન ભવ્યતાના સંરક્ષકો પણ આવ્યાં. કેટલાંક વિદ્વત યુરોપવાસીઓએ તો ભારતનો ભુતકાળ અને ભવ્યતા ઉંડાણપૂર્વક જાણવા પ્રયાસ પણ કર્યો. કેટલાંક વિદ્વત અને શિક્ષિત ભારતીયોએ પણ પ્રક્રિયાને દેશ ભરમાં જનજાગૃતિ ફેલાવીને પોતાનું પ્રદાન નોંધાવ્યું.

*જાતિવાદી અભિમાન અને પક્ષપાત એ ભારતમાંના બ્રિટીશરોની ખાસીયત હતી. ઈલ્બર્ટ ખરડા સાથેની વિરોધી ચળવળ, વાઈસરોય લિટનની ભારત વિરોધી માપદંડો તથા ભવ્ય અને ઉડાઉ દિલ્હી દરબારના એવા સમયનાં આયોજન કે જ્યારે અસંખ્ય ભારતીયોના દુકાળને લીધે મરણ નિપજી રહ્યાં હતા. એ તમામ કારણોએ ઘણુ કરીને ભારતીયોમાં અંગ્રેજો વિરોધી લાગણીઓ ભરી દીધી. આ તમામ બાબતોએ ૧૯માં સૈકા દરમ્યાન દેશભરમાં રાષ્ટ્રવાદી ભાવનાઓના પ્રસાર માટેના કારણો પુરા પાડયા.*

*સર એ.ઓ.હયુમ દ્વારા ઈ.સ.૧૮૮૫માં સ્થપાયેલ આ પ્રકારની લાગણીઓએ હિંદી રાષ્ટ્રીય મહાસભાના રૂપમાં રાષ્ટ્રીય લડતનું સ્વરૂપ ધારણ કર્યુ. આ હિંદી રાષ્ટ્રીય મહાસભાનો ઈતિહાસ એ જ ભારતની રાષ્ટ્રીય લડતનો ઈતિહાસ બની રહયો. કોંગ્રેસને તેની સ્થાપનાના પ્રારંભિક ૨૦ વર્ષોમાં આ સમય દરમ્યાન કોઈ ખાસ રાજકીય ફાયદો પહોંચ્યો નહી. તેમ છતાં તેને રાજકીય જાગૃતિ તેમજ એકતાની ભાવના પેદા કરવામાં સફળતા જરૂર મળી. રાષ્ટ્રીય લડતના આ સમયગાળાને મવાળવાદી ને નમ્રતાવાદીઓના યુગ તરીકે ઓળખવામાં આવે છે.*

*"મુસ્લીમ લીગ"ની રચનાને અંગ્રેજોની ખાસ કુટનીતિ (ભાગલા પાડો અને રાજ કરો.)ના પ્રથમ પરીણામ/ફળરૂપે ગણવામાં આવે છે. અંગ્રેજોને એ વાતનો આનંદ હતો કે ૬૨ લાખ મુસ્લીમોને હિંદુઓથી અલગ પાડવામાં સફળતા મળી હતી.તેના થકી આપણા દેશમાં કોમવાદનો દુષ્ટ રાક્ષસ પેદા થવા પામ્યો હતો.*

**હોમરૂલ આંદોલન**

*ઈ.સ. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નિકળ્યું. કોંગ્રેસે બ્રિટિશરોને મદદ કરવાનું ઠરાવ્યું. ખાસ કરીને મવાળવાદી નેતાઓ એમ માનતા હતા કે બ્રિટીશરો મહા યુધ્ધ પત્યેથી હિંદને સ્વાતંત્ર્યની ભેટ આપશે. પરંતુ તે પછી તુરંત જ એમ જણાઈ આવ્યુ કે જે રીતે સંસ્થાનો પર કબજો જમાવવાના હેતુસર આ યુધ્ધ લડાઈ રહ્યું હતું એ જોતા ઉપરોક્ત આશા ઠગારી નિવડે તેમ લાગી રહ્યું હતું. આનુષંગિક રીતે બે હોમરૂલ આંદોલનો ઈ.સ.૧૯૧૫-૧૬ દરમ્યાન રચાવા પામ્યાં. એક પુણે ખાતે લોકમાન્ય તિલક દ્વારા અને બીજુ શ્રીમતી એની બેસન્ટ દ્વારા મદ્રાસ મુકામે રચાયું. આ લીગનો મુળ હેતું સ્વરાજ્ય-સ્વશાસનની સિદ્ધિ મુળવવનું હતું. આ આંદોલને હિંસક અને ક્રાંતિકારી પધ્ધતિનો ત્યાગ કર્યો. આ હોમરૂલ લીગે કોંગ્રેસની સહાયક/ભગિની સંસ્થા તરીકે કામગીરી બજાવી.*

**૫.૬.૨ ઈ.સ.૧૯૦૫-૧૯૧૮નો સમયગાળો**

*ઈ.સ.૧૯૦૫ થી ૧૯૧૮વચ્ચેનો સમયગાળો ભારતની રાષ્ટ્રીય લડતમાં જહાલવાદીઓનો સમયગાળો ગણાય છે. જહાલવાદીઓ મવાળવાદીઓની એ ધોરણે ટીકા કરતાં હતાં કે તેઓ પોતાના નમ્ર વલણ થકી ભારતનો રાજકીય હેતુ પાર પાડવામાં નિષ્ફળ નિવડયાં છે. તેમજ આ લડતને લોક લડતમાં ફેરવવામાં પણ નાકામયાબ પુરવાર થયા છે.જહાલવાદીઓ બંધારણીય સુધારાઓને બદલે*

સીધા પગલાં ભરવામાં એટલે સ્વરાજની કે સ્વશાસનની માંગણી કરવામાં માનતા હતાં. જહાલવાદીઓનો ઉદામવાદી પક્ષ એક ત્રિપુટી અર્થાત લાલ-બાલ અને પાલ એટલે કે લાલા લજપતરાય, બાલગંગાધર તિલક અને બીપીનચંદ્ર પાલ ઉપરાંત બંકીમચંદ્ર, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી તથા અરવિંદ ઘોષ વગેરેએ આ જહાલવાદીની વિચારધારાને તેમના વિચારો તથા ઉપદેશો દ્વારા પ્રેરણા પુરી પાડી.

વાઈસરોય કર્ઝનની ભારત માટેની નીતિઓ કે જે બંગાળના કોમવાદી ધોરણે ભાગલા પાડીને "ભાગલા પાડો અને રાજ કરોની નીતિને પોષતી હતી, જે વિરોધ-આંદોલનનું તાત્કાલીક કારણ બની રહ્યું. બંગાળના ભાગલા સામે ભારે લોક આંદોલન થવા પામ્યું. એ માટે અખત્યાર કરવામાં આવેલા સાધનોમાં મુખ્યત્વે વિદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશી આપણા દેશમાં ઉત્પાદીત થયેલ માલનો પ્રચાર-પ્રસાર પ્રમુખ ગણાય. આ "બહિષ્કાર અને સ્વદેશી "બંને અત્યંત ઝડપથી ફેલાઈ જઈને દેશવ્યાપી આંદોલનમાં ફેરવાઈ જવા પામ્યા.વિદ્યાર્થીઓ તેમજ સ્ત્રીઓ સહિત સમાજના વર્ગોએ આ ચળવળમાં ભાગ લીધો. તેથી તે લોક ચળવળ બની જવા પામી. બ્રિટીશ સરકારે તેને દાબી દેવા માટે તમામ પ્રકારના હિંસાત્મક પગલાનો ઉપયોગ કર્યો.

### ૫.૬.૩ ઈ.સ.૧૯૧૯થી ૧૯૩૪નો સમયગાળો

ભારત સરકારના ઈ.સ. ૧૯૧૯ના મોન્ટેગ્યુ/ચેમ્સફોર્ડ (અથવા મૉન્ટફૂડ) સુધારાએ પ્રાંતોમાં દ્વિરાજ્ય પધ્ધતી અમલમાં મુકી મવાળવાદીઓએ આ સુધારાને આવકાર્યો.જ્યારે જહાલવાદીઓએ તેનો બહિષ્કાર કર્યો. ઈ.સ. ૧૯૧૯માં રાજકીય હિંસાને ડામવા માટે "રોલેટ એક્ટ" પણ પ્રસાર કરવમાં આવ્યો. આવા તબક્કે ભારતીય રાજકારણમાં એક નવો ચહેરો નજરે પડયો. જેને કોંગ્રેસની નેતાગીરીમાં પડેલી ખાલી જગ્યા પુરવા પ્રયાસ કર્યો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ સાથે આચરવામાં આવેલી ભેદભાવભરી નીતિના વિરોધમાં નેતૃત્વ નિભાવ્યું હતું. તેમણે જે રાજકીય શસ્ત્ર વાપર્યુ હતું તેને સત્યાગ્રહ કહે છે (જેને સત્યની , પ્રેમની કે આત્માની શકિત પણ કહી શકાય) તેમનો ભારત ખાતેનો આવો સર્વ પ્રથમ મહાવિજય એટલે ચંપારણ સત્યાગ્રહ. આ તબક્કો ભારતીય સ્વાતંત્ર્ય ચળવળનો ત્રીજો તબકકો અર્થાત ગાંધીયુગની શરૂઆત ગણાય. "રોલેટ એક્ટ"( જેને ગાંધીજીએ કાળો કાયદો કહયો છે.) ના વિરોધમાં ભારે આંદોલન છેડવામાં આવ્યું. પરંતુ હિંસાચાર થતા ગાંધીજીએ આ વિરોધ આંદોલન પાછુ ખેંચ્યું.તેઓ હિંસાના ભારે વિરોધી હતા. અમૃતસર મુકામે તા.૧૩ એપ્રિલ ૧૯૧૯ના રોજ જલીયાવાલા બાગ હત્યાંકાંડ સર્જાયો. આશરે ૧૦૦૦થી પણ વધુ નિર્દોષ નિશસ્ત્ર લોકોને જનરલ ડાયરના હુકમથી મોતને ઘાટ ઉતારવામાં આવ્યાં.

નવેમ્બર ૧૯૧૯માં ખિલાફત આંદોલન શરૂ થયું. તેનો હેતુ તુર્કિ ખાતે મુસ્લીમો પર થયેલા અન્યાયને દૂર કરી ન્યાય કરવા માટે સરકાર પર દબાણ ઉભું કરવાનો હતો.આગળ જતાં આ ખિલાફત ચળવળને ગાંધીજીએ તેમના નેતૃત્વ તળે અસહકારની લડતમાં ભેળવી દીધી. તેને અંતર્ગત એમણે

*વિદેશીનો બહિષ્કાર કે જેમાં બ્રિટીશ સરકારની નોકરીઓ, કોર્ટકચેરીઓ , શાળા-કોલેજો, ઈલ્કાબો અને ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો. તેને લગતા કાર્યક્રમનો આરંભ કર્યો. તેમાં રચનાત્મક કાર્યક્રમ તરીકે સ્વદેશી (ચીજવસ્તુઓ) ને ઉત્તેજન, અસ્પૃશ્યતાનિવારણ તથા હિંન્દુ-મુસ્લીમ અકતામાં વૃધ્ધિ સમાવિષ્ટ કરયા હતાં. સી.આર. દાસ અને મોતીલાલ નેહરૂએ સ્વરાજ પ્રક્ષના નેજા નીચે ધારાસભાની પરંપરાને ભંગ કરવાનું નક્કી કર્યુ. પરંતુ ત્રણ જ વર્ષોમાં નિષ્ફળ પુરવાર થઈ. ક્રાંતિકારી ચળવળોનો ઈ.સ. ૧૯૨૨ થી આશ્રય લેવામાં આવ્યો. જે ૧૯૩૪ સુધી ચાલુ રહી. પ્રખ્યાત ક્રાંતિકારીઓ જેવા કે ભગત સિંહ, ચંદ્રશેખર આઝાદ, રાજગુરૂ, સુખદેવ, રામપ્રસાદ-"બીસ્મીલ", અસ્ફાકઉલ્લા વગેરેનો તેમાં સમાવેશ થતો હતો. એમ.એન. રોય, ડાંગે અને મુજફફર અલિ જેવા સામ્યવાદી ક્રાંતિકારીઓ વગેરે પણ હતા."મેરઠ કાવતરા કેસ "અંતર્ગત આવા ઘણા સામ્યવાદીઓને લાંબી કે ઉમ્ર કેદની સજા ફરવવામાં આવી. આવા સંજોગોમાં બગડતી જતી સ્થિતિને સુધારવાના આશયથી સાયમન કમિશનનું ગઠન કરવમાં આવ્યું.( ઈ.સ. ૧૯૨૭) અને તેને ભારત મોકલી આપવામાં આવ્યું. આ કમિશનને તે જયા જયા ગયું ત્યાં અહિંસક છતાં ભારે કડવા વિરોધનો સામનો કરવો પડયો. કારણ કે તેમાં (કુલ સાત સભ્યોમાંથી) એક પણ ભારતીય ન હતો. લાહોર ખાતે તેનો શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા લાલા લજપતરાયનું લાઠીચાર્જમાં અવસાન થવા પામ્યું.*

*ઈ.સ. ૧૯૨૮માં તૈયાર કરવામાં આવેલ નેહરૂ અહેવાલે ભારતીય બંધારણની એક રૂપરેખા તૈયાર કરી. તે પછીના-૧૯૨૯ના લાહોર ખાતે મળેલા કોંગ્રેસના અધિવેશનમાં (રાવી નદીના કિનારે, લાહોર ખાતે બાંધેલા-હંગામી લાલાલજપતરાય નગર ખાતે) "પુર્ણ સ્વરાજ"ના ઠરાવનો સર્વાનુમતે સ્વિકાર કરવામાં આવ્યો. તે પછીની ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ના દિવસને (દેશભરમાં સ્વતંત્રતાના શપથ લઈને) સ્વાતંત્ર્યદિન તરીકે મનાવવમાં આવે છે. મહાત્મા ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ જે "દાંડીકુચ"ના નામથી વધુ જાણીતો છે. તેનો તા. ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ પ્રારંભ કર્યો. આ રીતે શરૂ થયેલ "સવિનય કાનુન ભંગ"ની લડત ઈ.સ. ૧૯૩૪ સુધી ચાલુ જ રહી. એ દરમ્યાન "ગોળમેજી" પરીષદો યોજવામાં આવી. પરંતુ તે નિષ્ફળ પુરવાર થઈ. તે પછી ગાંધીજીએ ઑક્ટોબર ૧૯૩૪થી પોતાની કોંગ્રેસની પ્રવૃતિઓમાં કામ મુકીને પછાત જાતિઓના ઉધ્ધાર તેમજ અછુત કે જેમને તે "હરીજન "કહેતા તેમના માટેની (રચનાત્મક) પ્રવૃતિઓ પર વિશેષ ભાર મુકવો શરૂ કર્યો. આ સંદર્ભે તેમણે "હીરજન સેવક સંઘ (નામની સંસ્થા)ની સ્થાપના કરી.*

### ૫.૬.૪ સ્વાતંત્ર્યપ્રાપ્તિની સિદ્ધિ

*ઈ.સ. ૧૯૩૫માં "હિંદ સરકાર"નો ધારો પસાર કરવામાં આવ્યો. તેણે અખિલ હિંદ સમવાય તંત્રનો ખ્યાલ ખુલ્લો મુકયો. સાથે સાથે પ્રાદેશીક સ્વાયત્તતાની પણ જાહેરાત કરવામાં આવી. એમાં કુલ વસ્તીના માત્ર ૧૪ ટકા લોકોને જ મતાધિકાર આપવામાં આવ્યો. મુસ્લિમોને અલગ મતદાર મંડળ આપવામાં આવ્યું. (જે ૧૯૦૯થી અમલમાં હતુ) તે ઉપરાંત શિખો ,ભારતીય ખ્રિસ્તીઓ, એંગ્લો-*

ઈન્ડિયન્સ અને યુરોપિયનને લોકોને આવી વ્યવસ્થા આપવામાં આવી. આ ધારો રાષ્ટ્રીય એક્તાના ઉદ્દ્ભવને હતોત્સાહ કરતો હતો અને કોમવાદી અલગવવાદને (જુદાપણાને)પોષતો હતો. કોંગ્રેસે આ ધારાની ભારે ટીકા કરી અને ચુટણીઓમાં ભાગ લેવાનું ઠરાવ્યું. ઈ.સ.૧૯૩૭માં ચુટણીઓ યોજાઈ.કોંગ્રેસી પ્રધાનોએ અગીયાર રાજ્યોમાંથી સાતમાં પ્રધાનમંડળ રચ્યાં. આ બાબતે લોકોમાં ભારે રાહત ફેલાઈ.કોંગ્રેસની અંદર તેમજ બહાર સામ્યવાદી વિચારોનો વિકાસ થયો. જવાહરલાલ નેહરૂ અને સુભાષચંદ્ર બોઝ જેવા આગેવાન નેતાઓ પણ સામ્યવાદી વિચારોથી પ્રભાવિત થયા. બ્રિટીશરોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ હવે કોમવાદ તરફ વળી. બ્રિટીશ શાસકો હવે એક કોમની સામે બીજાને લડાવતા થયાં. તેમણે વિક્સતા રાષ્ટ્રવાદને ડામી દેવા તથા મસ્લીમોને તેમના "લઘુમતિ હક્કો" આગળ ધરીને તેનો શાંતિપૂર્ણ રીતે ઉપયોગ કરવા જણાવ્યું. કોમી મતદાર મંડળ રચવા પાછળનો આશય પણ હિંદીઓમાં ફાટફુટ પડાવીને વધતી જતી રાષ્ટ્રીય એક્તાને અટકાવવાનો જ હતો. આ કોમવાદના વિચારોના ફળ સ્વરૂપે " બે રાષ્ટ્રોનો સિધ્ધાંત"નો ૧૯૩૮માં આવિર્ભાવ થયો અને૧૯૪૦ સુધીમાં તો જનાબ જિન્હા દ્વારા દઢીભુત થઈ જવા પામ્યો. બિન મુસ્લીમ કોમવાદીઓએ ક્યારેય આવી કટ્ટર કોમવાદી ભાવનાનુ સમર્થન કર્યુ નહી. જો કે પાછળથી તે એક પ્રત્યાઘાત સ્વરૂપે આવવા પામ્યુ. ૧૯૩૩ માં બનારસ મુકામે હિંદુ મહાસભાનું સંમેલન મળ્યું. એ વખતે સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા સ્થપાયેલ "આર્ય સમાજ" અને તેની દેખરેખ નીચે શરૂ થયેલ " શુદ્ધિ આંદોલનો" જેવા મુખ્ય મુખ્ય આંદોલનો એ પણ હિંદુ કોમને મજબુત અને શુદ્ધ હિંદુત્વવાદી બનાવવાનુ કામ કર્યુ. ડો.હેડગેવારે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ(આર.એસ.એસ.)ની સ્થાપના કરી ઉક્ત હેતુને બર લાવવા માટે આ સંસ્થા હિંન્દુઓને જાગ્રત કરીને એક જુથ કરવા કામ કરતી હતી.૧૯૩૯માં જ્યારે દ્વીતીય વિશ્વ વિગ્રહનો આરંભ થયો. ત્યારે કોંગ્રેસે "પુર્ણ સ્વરાજ"ની માગણી રજુ કરી.૧૯૪૨ના "ક્રિપ્સ મિશને" હિંદને યુદ્ધને અંતે સાંસ્થાનિક સ્વરાજ આપવા જણાવ્યું. પરંતુ કોંગ્રેસે આ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. ઓગસ્ટ ૧૯૪૨માં મહાત્મા ગાંધીજી અને કોંગ્રેસ દ્વારા "હિંદ છોડો" ચળવળ તેમજ પૂર્ણ સ્વાતંત્ર્ય/સ્વરાજની માંગણી રજુ કરવમાં આવી. જય પ્રકાશ નારાયણના નેતૃત્વ નીચે પણ આ સમયે એક લડત ચાલુ થઈ. આ લડત/હિંસક અને અહિંસક બંને રૂપમાં નિષ્ફળ જતી જણાઈ તેમ છતાં અંગ્રેજોને હવે એ વાતની ખાત્રી થઈ ચુકી હતી કે તેમને સત્વરે ભારત છોડવું જ પડશે. નેતાજી સુભાષચંદ્ર બોઝ અને રાસ બિહારી બોઝે "હિંદ સ્વાતંત્ર સંઘ" અને "આઝાદ હિંદ ફોજ" (આઈ.એન.એ)ની સિંગાપોર મુકામે ૧૯૪૩માં સ્થાપના કરી. જાપાનના સક્રિય સહયોગ દ્વારા આઝાદ હિંદ ફોજે ભારતીય સીમાઓ ઓળંગીને કોહીમાં કબ્જે કર્યુ. પરંતુ જાપાનને બ્રિટીશ ફોઝના હાથે પરાજ્ય વેઠવાનો વારો આવ્યો. પરીણામે આઈ.એન.એ ચળવળ પણ ભાંગી પડી. જ્યારે નેતાજી સુભાષચંદ્ર બોઝનું ઓગસ્ટ ૧૯૪૫માં એક વિમાન અકસ્માતમાં અવસાન થયાનું નોંધાવા પામ્યું. વિશ્વયુદ્ધના અંતે અને ૧૯૪૬ના આરંભે ભારતમાં ચુંટણીઓ યોજાઈ. કોંગ્રેસે મોટા ભાગની બેઠકો પર જીત હાંસલ કરી. ૧૯૪૬ના માર્ચમાં " કેબીનેટ મિશન" ભારત આવ્યું. જેનો આશય હિંદીઓને સત્વરે સત્તા સોંપી દેવાનો હતો . તેને આ સંદર્ભે

પોતાની ભલામણોની ૧૬ મે,૧૯૪૬ના રોજ જાહેરાત કરી. આ કેબીનેટ મિશનની યોજના બધાને સત્તાના હસ્તાંતરણ માટે પ્રયત્નપૂર્વક ભેગા /એક જુથ કરવાની હતી. પરંતુ કોગ્રેસ અને મુસ્લીમ લીગ વચ્ચે આ (કેબીનેટ મિશન) યોજનાને લઈને સહમતિ સાધી શકાઈ નહી. આવા ઘટનાક્રમ વચ્ચે હિંદના વાઈસરોયે પંડીત જવાહરલાલ નેહરૂને વચગાળાની સરકાર રચવા માટે આમંત્રણ પાઠવ્યુ. પરંતુ મુસ્લીમ લીગ ઉશ્કેરાયેલુ હતુ. જેને પરીણામે કોમી દંગલો થયા અને પુષ્કળ ખુનામરકી થવા પામી. વચગાળાની સરકાર કંઈ કરી શકે તેમ નહોતી કારણ કે મુસ્લીમ લીગ તેને કોઈ પણ પ્રકારનો સાથ સહકાર આપતી ન હતી . અને પોતાની એક અલગ રાષ્ટ્ર-પાકિસ્તાન માટેની માંગણીને સખ્તાઈપુર્વક વળગી રહી હતી. ઈંગ્લેન્ડના તાત્કાલીક વડા પ્રધાન કલેમેન્ટ એટલીએ ફેબ્રુઆરી ૧૯૪૭માં એક જાહેરાત કરીને જુન ૧૯૪૮ સુધીમાં બ્રિટીશ સત્તા છોડી દેવા જણાવ્યું. માર્ચ માસમાં માઉન્ટ બેટનની ભારતમાં વાઈસરોયના હોદ્દા પર નિયુક્તિ કરવામાં આવી. કોંગ્રેસને ઘણા બધા કારણો અને દબાણોને લીધે ભારત-પાકિસ્તાના ભાગલાંનો સ્વીકાર કરવાની ફરજ પડી. ખાસ કરીને મોટા પાયા પર ફેલાયેલા કોમી તોફાનોને રોકવા તેમજ લીગ અને જનાબ જિન્હાના સંપૂર્ણ અસહકારભર્યા વલણને લીધે આમ કર્યા વિના કોઈ ઉપાય બચતો ન હતો. અંતે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતને ભાગલા સાથે સ્વાતંત્રતાની પ્રાપ્તી થઈ. એ મધરાત (૧૪-૧૫ ઓગસ્ટ) ના બારના ટકોરે બંને વચ્ચેના સત્તાનું હસ્તાંતરણ થતાં આ સમગ્ર લડતનો અંત આવ્યો.

## પાઠગત પ્રશ્નો ૫.૨

(૧) પથ્થરની ખાસ તૈયાર કરેલ સપાટી થકી થતી છાપકામ પદ્ધતીને શું કહેવાય ?

(૨) "આનંદ મઠ"ના લેખક કોણ હતા ?

(૩) "વેદો તરફ પાછા ફરો"નુ સુત્ર કોણે આપ્યુ ?

(૪) જ્યોતિબા ફૂલેએ "સત્ય શોધક સભા"ની સ્થાપના ક્યારે કરી હતી ?

## તમે શું શીખ્યાં....

- મુદ્રણાલયની શોધની ઘટના, નવ જાગૃતિ અને ધર્મ સુધારણાએ યુરોપને જ્ઞાનના વિસ્તાર તરફ દોર્યું , જેણે લોકમત અને લોકશાહીનો વિકાસ કર્યો.
- ભારતના પશ્ચિમ સાથેના હકારાત્મક પ્રભાવ અસંખ્ય ધાર્મિક અને સામાજિક સુધારણા ચળવળો થઈ કે જેણે સતીપ્રથા, બાળલગ્ન પ્રથા વિધવા વિવાહ પર પ્રતિબંધ, અક્ષર જ્ઞાનનો અભાવ, સ્ત્રીઓ પરના અત્યાચાર જેવા અનેક અનિષ્ટો સામે પડકારો ઉભા કર્યા.

- વેદોનો મહાન જ્ઞાતા સ્વામી દયાનંદ સરસ્વતીએ ૧૮૭૫માં આર્ય સમાજની એમના અનુયાયીઓની મદદથી સ્થાપના કરીને અસ્પૃશ્યતા, બહુપત્નીત્વ, મુર્તિપુજાનો વિરોધ કરી સ્ત્રીઓના સમાન દરજ્જા માટે લડત ચલાવી.
- ઈ.સ. ૧૭૯૮માં થયેલ લીથોગ્રાફીની શોધે ભારતીયોને ઘણા શહેરોમાં મુદ્રાલયો સ્થાપીને સમાચાર પત્રો અને પત્રકારત્વ શરૂ કરવા સીમાસ્તંભ રૂપ પુરવાર થઈ. તેણે અર્વાચીન ભારતીય ભાષાઓના સાહિત્ય ક્ષેત્રે પણ અદભુત વિકાસ સાધ્યો.

## પાઠાંત પ્રશ્નો

(૧) યુરોપની નવ જાગૃતિ તથા ધર્મ સુધારણા ચળવળનો ભારત પરનો પ્રભાવ વર્ણવો.

(૨) સુધારણા ચળવળમાં આર્યસમાજના ફાળાનુ પરીક્ષણ કરો.

(૩) શિક્ષણના ક્ષેત્રે સ્વામી દયાનંદ સરસ્વતીનું પ્રદાન શું હતું ?

(૪) લીથોગ્રાફી એટલે શું ? ભારતીય ભાષાઓના વિકાસમાં તેણે કઈ રીતે મદદ કરી ?

(૫) હિંદીઓની જાગૃતિ સંદર્ભે રાજા રામ મોહનરાયના પ્રદાનનુ પરીક્ષણ કરો.

(૬) હિંદની સ્વાતંત્ર્ય લડત ઉપર એક નિબંધ લખો.

## પાઠાંત પ્રશ્નોના ઉત્તરો ૫.૧

(૧) ઈંગ્લેન્ડ

(૨) મૈસુરનો ટીપુ સુલતાન

(૩) ત્રણ તબક્કાઓ


૫.૨

(૧) લીથોગ્રાફી

(૨) બંકીમચંદ્ર

(૩) સ્વામી દયાનંદ સરસ્વતી

(૪) ઈ.સ.૧૮૭૩



૬

# ભારતીય ભાષાઓ અને સાહિત્ય-૧

સાગર અને સમીર અંદામાન અને નિકોબાર ટાપુઓમાં રજાઓ ગાળવા ગયા હતાં. તેમણે ત્યાં સમુદ્ર સ્નાન કરવામાં અને નાના-નાના અનેક ટાપુઓ જોવામાં ખુબ જ આનંદ પ્રાપ્ત કર્યો. પરંતુ તેમને ત્યાં કેટલીક મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડ્યો. તેઓ ત્યાં સ્થાનિક લોકો દ્વારા બોલાતી ભાષા સમજી શકતાં ન હતાં. તેથી તેમણે ઘણી બધી એવી વાતો ગુમાવવી પડી કે જે તેમને પોતાનાં વિશે સ્થાનિક રહીશો તેમના સ્વમુખે કરવા માંગતાં હતાં.એના પરથી તમે ભાષાનું મહત્વ કેટલું છે તે સમજી શકશો. ભાષા એક એવું માધ્યમ છે કે જેના થકી આપણે આપણા વિચારોને વાચા આપી શકીએ છીએ. જ્યારે સાહિત્ય એક દર્પણ છે, તે એવા વિચારો અને સિધ્ધાંતો / આદર્શોનું પ્રતિબિંબ છે કે જે આપણા સમાજનું સંચાલન કરતા હોય છે.તેથી કોઈપણ સંસ્કૃતિ તથા પરંપરાને જાણવા માટે એ ઘણું જ અગત્યનું છે કે આપણે ત્યાંની ભાષાનો વ્યાપ તેમજ કવિતાઓ, નાટક થતા ધાર્મિક અને ધર્મનાં લખાણો સહિતનાં સાહિત્યને પિછાણીએ. આ પ્રકરણમાં ભારતની વિવિધ ભાષાઓએ આપણા દેશની ખાસ લાક્ષણિકતા સમાન બહુવિધ સંસ્કૃતિના વારસાના સર્જનમાં જે ભાગ ભજવ્યો છે તે અંગે વાત કરીશું.

## હેતુઓ

- આ પાઠના અભ્યાસ બાદ ....
- તમે ભારતનાં સમૃદ્ધ સાહિત્યનું પરીક્ષણ કરી શકશો.
- તમે ભારતનાં ભાષા વૈવિધ્ય અને સાહિત્ય વિશેની જાગૃતિ કેળવી શકશો.

- ભારતની વિવિધ ભાષાઓ અને તેના સાહિત્યની યાદી બનાવી શકશો.
- ભારતીય ભાષાઓ અને સાહિત્યમાં પ્રર્વતતી વિવિધતામાં એકતાને વખાણી શકશો.
- વિશ્વ સાહિત્યમાં ભારતનું પ્રદાન નક્કી કરી શકશો.

## ૬.૧ ભારતીય ભાષાઓઃ સંસ્કૃતની ભુમિકા

પરાપૂર્વેથી માણસે લેખનકાર્ય આવકાર્યુ છે. એ લખાણોમાંથી તેની સંસ્કૃતિ, જીવનશૈલી, સમાજ અને સમકાલીન સમાજની રાજનીતિ પ્રદર્શિત થતી હોય છે. આ પ્રક્રિયામાં દરેક સંસ્કૃતિએ એની પોતાની ભાષા થકી ઘણોબધો સમૃદ્ધ સાહિત્યિક પાયો નાંખ્યો છે.સભ્યતાનો આ સાહિત્યિક પાયો જ આપણને દરેક ભાષા અને સંસ્કૃતિના સદીઓ જુના વિશાળ વિકાસપટની વાત કહે છે.

સંસ્કૃતએ ઘણી બધી ભારતીય ભાષાઓની જનની છે.વેદો, ઉપનિષદો, પૂરાણો અને ધર્મશાસ્ત્રો આ સંસ્કૃત ભાષામાં જ સારી રીતે લખાયેલ છે.આપણે ત્યાં બિનસાંપ્રદાયિક તેમજ પ્રાદેશીક સાહિત્યની પણ વિવિધતા જણાય છે.ભુતકાળમાં સર્જાયેલ ભાષાઓ અને સાહિત્ય વાંચીને આપણે આપણી સભ્યતાને સારી રીતે સમજી શકીએ તથા એ સાહિત્યની વિવિધતા અને સંપન્નતાને વખાણી શકીએ છીએ.આ બધું એ સમયે વિકસેલી ભાષાને લીધે શકય બનવા પામ્યું છે.

સંસ્કૃત એ આપણા રાષ્ટ્રની સૌથી પ્રાચીન ભાષા છે. તે ભારતીય બંધારણમાં નોંધાયેલ બાવીસ ભાષાઓ પૈકીની એક છે.સંસ્કૃત ભાષાનું સાહિત્ય ઘણું જ વિશાળ છે. તેનો પ્રારંભ અતિ પ્રાચીન વિચારો કે જે ઋગ્વેદમાં ટાંકેલા છે અને જે માનવ જાતનાં સાહિત્યિક વારસા સમાન સર્વકાલીન છે તેનાથી થાય છે.અઢારમાં સૈકામાં વિકસેલા ભાષા વિજ્ઞાનના અભયાસને સંસ્કૃત થકી જ પુરતું પ્રોત્સાહન સાંપડયુ છે.મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિનીએ સંસ્કૃત ભાષા અને તેની શબ્દ રચનાનું વિવરણ પોતાના અપ્રતિમ વ્યાકરણ ગ્રંથ અષ્ટાધ્યાયીમાં આપેલ છે. બૌધ્ધ ધર્મીઓએ સંસ્કૃતના સમૃદ્ધ સાહિત્ય મહાયાન શૈલી, હિનયાન શૈલી પણ રચ્યું છે.હિનયાન શૈલીનું સૌથી મહત્વપૂર્ણ કામ એટલે મહાવસ્તુ નામનો વાર્તાસંગ્રહ છે. જ્યારે લલિતવિસ્તાર એ એક પવિત્ર મહાયાન ગ્રંથ છે, જે અશ્વઘોષ રચિત બુદ્ધ ચરિતમ્‌ની સાહિત્યિક સામગ્રી પુરી પાડે છે.

એક માત્ર સંસ્કૃત એવી ભાષા છે કે જેને પ્રદેશો અને સરહદોના વિઘ્નો નડયા નથી. ઉત્તરથી દક્ષિણ સુધી અને પુર્વથી પશ્ચિમ સુધીમાં ભારતનો એવો એક પણ ભાગ નથી કે જે સંસ્કૃત ભાષાના પ્રદાન કે પ્રભાવથી વંચિત હોય. કલ્હણકૃત " રાજતરંગીણી જે કાશ્મીરના રાજ્યવંશોની જે વિસ્તૃત માહિતી આપી છે. મહાકવી કાલિદાસની સાહિત્યિક રચનાઓએ સંસ્કૃત સાહિત્યના ભંડારમાં સુંદરતાનું તત્વ ઉમેયું છે.

અન્ય મહાન સાહિત્ય કૃતિઓ કે જે સંસ્કૃત સાહિત્યનો સુવર્ણયુગ દર્શાવે છે તેમાં " અભિજ્ઞાન

શાંકુન્તલમ" અને " મેઘદુતમ્" જેવી મહાકવિ કાલિદાસની કૃતિઓ ,"મૃચ્છકટિકમ" નામની શુદ્રકની, "સ્વપ્નવાસવદત્તમ" જેવી ભાસની તથા "રત્નાવલી" જેવી હર્ષની કૃતિઓનો સમાવેશ થાય છે બીજી કેટલીક વિખ્યાત કૃતિઓમાં ચાણકયના "અર્થશાસ્ત્ર" અને વાત્સ્યાયનના "કામશાસ્ત્ર" નો ઉલ્લેખ કરી શકાય.

### પાઠાંત પ્રશ્નો ૬.૧

(૧) સૌથી પ્રાચીન ભારતીય ભાષાનું નામ જણાવો.

..........................................................................

(૨) માનવ જાતીનો સૌથી પ્રાચીનતમ સાહિત્યિક વારસો કયો ગણાય છે?

..........................................................................

## ૬.૨ વેદો

વેદો એ ભારતનું સૌથી પ્રાચીન અને જાણીતું સાહિત્ય છે. વેદો સંસ્કૃત ભાષામાં લખાયેલા છે અને તે એક થી બીજી પેઢી ને મૌખિક રીતે સોંપાયેલા છે. શું તમે એ વાત જાણો છો કે વેદોની આજદિન સુધીની જાળવણી એ આપણી સૌથી મોટી સિદ્ધિ છે. આવી વેદોરૂપી સંપતિની અખંડીત જાળવણી અને એ પણ એવા સમયે કે જ્યારે લેખન કાર્ય થતું ન હતુ તથા વિશ્વભરમાં સીધી સાદી લેખન સામગ્રીનો પણ અભાવ હતો એ ખાસ બાબત ગણાય.

"વેદ" શબ્દોનો શાબ્દિક અર્થ જ્ઞાન થાય.હિન્દુ સંસ્કૃતિમાં વેદોની ગણના અવિનાશી અને દિવ્ય રહસ્ય તરીકે થતી આવી છે. તે સંમગ્ર વિશ્વને "વસુધૈવ કુટુંમ્બકમ" અર્થાત એક માનવ પરિવાર ગણે છે.

વેદો કુલ ચાર છે અર્થાત ઋગ્વેદ,યજુર્વેદ,સામવેદ અને અથર્વવેદ છે. પ્રત્યેક વેદને પોતાના બ્રાહ્મણો, ઉપનિષદો તથા અરણ્યકો (નામે સાહિત્ય) છે.

ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ મોટે ભાગે "ત્રયી" તરીકે ઓળખાય છે. પછીથી તેમાં અથર્વવેદનો સમાવેશ થયેલ છે.

### ઋગ્વેદ

ઋગ્વેદ એ સૌથી પ્રાચીન વેદ છે. તે વૈદિક સંસ્કૃતમાં લખાયેલ કુલ ૧૦૨૮ શ્લોકોનો સંગ્રહ છે તેમાંથી ધણામાં પ્રકૃતિનું સુંદર વર્ણન છે મોટાભાગની ઋચાઓમાં જગતભરની સુખ સમૃદ્ધિ માટેની પ્રાર્થનાઓનો સંગ્રહ છે. એવુ કહેવાય છે કે આ ઋચાઓ વૈદિક ઋષિ મુનિઓએ માનસીક ધ્યાનમગ્નતાની સ્થિતીમાં રચેલ છે એ તમામ ઋષિઓ પૈકી વશિષ્ઠ,ગૌતમ,જામદાગ્નિ અને ભારદ્વાજ, વામદેવ,વિશ્વમિત્ર

અને અત્રિ વગેરે મુખ્ય ગણાય છે. ઋગ્વેદના પ્રમુખ દેવોમાં ઈન્દ્ર, અગ્નિ, વાયુ, વરૂણ, રૂદ્ર, આદિત્ય, અદિતી અને અશ્વિનીકુમારોની જોડી છે. જયારે મુખ્ય દેવીઓમાં પ્રભાતની દેવી "ઉષા", વાણીની દેવી "વાક" અને જમીન દેવી "પૃથ્વી" નો સમાવેશ થાય છે. શું તમે જાણો છો કે તેમાંની મોટાભાગની ઋચાઓ વૈશ્વિક સ્તરના ઉચ્ચ જીવન મુલ્યો જેવા કે સત્યાચરણ, ઈમાનદારી, સમર્પિતતા ,બલિદાન આપવાની ભાવનાયુક્ત નમ્રતા અને સંસ્કારિતા વગેરેથી ભરપુર છે. આ પ્રાર્થનાઓ મુખ્યત્વે વૈશ્વિક સમૃદ્ધિ અને અત્યંત સુસંસ્કૃત સમાજના વિકાસ અર્થે રચાયેલી છે. ઋગ્વેદ આપણને ધર્મની સાથે સાથે પ્રાચીન ભારતની સામાજિક, રાજકીય અને આર્થિક સ્થિતીની માહિતી પણ પુરી પાડે છે.

### યજુર્વેદ

યજુર્વેદ એટલે યજ્ઞયાગ ઉપરાંત દાન ધર્મ સહિત સામુહિક પૂજા. યજુર્વેદ મુખ્યત્વે જુદા જુદા પ્રકારના મંત્રો ઉપરાંત ધાર્મિક અનુષ્ટાન સાથે સંલગ્ન છે.તે યજ્ઞયાગ માટે માર્ગદર્શન પુરૂ પાડતો વેદ છે. તે ગધ અને પધ એમ બંને પ્રકારનું સ્વરૂપ ધરાવે છે.તે ક્રિયાકાંડતે લગતો પવિત્ર ગ્રંથ હોવાથી ચારેય વેદોમાં તે સૌથી વધુ લોકપ્રિય ગણાય છે.યજુર્વેદની મુખ્યત્વે બે શાખાઓ એટલે શુકલ અને કૃષ્ણ યજુર્વેદ છે.તેને વાજશ્નેઈ સંહિતા અને તૈતરિય સંહિતા પણ કહે છે.યજુર્વેદ મુખ્યત્વે ગધમાં છે.જયારે ઋગ્વેદ પધમાં છે.આ ગ્રંથ હિંદની સામાજિક અને ધાર્મિક સ્થિતિનો પણ ખ્યાલ આપે છે.

### સામવેદ

"સામ" શબ્દનો અર્થ ગીત કે સંગીત થાય છે.આ વેદમાં કુલ ૧૬૦૦૦ રાગ-રાગીણીઓ અથવા સંગીતનાં મુળ સ્વરો છે.તેમાંના બધા મળીને ૧૮૭૫ શ્લોકોમાંથી કેવળ ૭૫ મૌલીક છે, જયારે બાકીના ઋગ્વેદમાંથી લેવાયેલા છે. સામવેદમાં ઋગ્વેદની ઋચાઓનો પાઠ કરવાની રીત દર્શાવવામાં આવેલ છે તેને આપણે પદો કે છંદોનો ગ્રંથ કહી શકીએ. આ સમય દરમ્યાન ગીત સંગીત ક્ષેત્રે થયેલ વિકાસની આ ગ્રંથ સાક્ષી પુરે છે.

### અથર્વવેદ

અથર્વેદને બ્રહ્મવેદના નામથી પણ ઓળખવામાં આવે છે,તેમાં કુલ ૯૯ બીમારીઓના ઉપચારની વિગતો દર્શાવેલ છે,આ વેદની રચના અથર્વ અને અંગિરા નામના બે ઋષિઓ દ્વારા થઈ હોવાનું મનાય છે.અથર્વવેદ પ્રાચીન સભ્યતાના લોકોની ધાર્મિક વિચારણસરણી રજૂ કરતો હોવાથી તેણુ મહત્વ ઘણું વધી જાય છે. તેની મુખ્યત્વે બે શાખાઓ છે. એક છે પૈયપાલદા અને બીજી છે શૌનક,આ ગ્રંથ આપણને ઉત્તરવૈદીક કાલીન હિંદના પારીવારીક, સામાજિક તેમજ રાજકીય જીવનની ઝાખી કરાવે છે.

વેદની સમજ કેળવવા માટે વેદાંગોનું જ્ઞાન હોવું અત્યંત અનિવાર્ય બની રહે છે. તે વેદોના અંગ રૂપ - સહાયક ગ્રંથો છે તે આપણને શિક્ષણ,વ્યાકરણ,વિધીવિધાન(કર્મકાંડ), નીરૂકત (વ્યુત્પતિ) છંદ અને જયોતિષનું જ્ઞાન આપે છે,આ તમામ વિષયો પર પ્રમાણમાં સારું એવું સાહિત્ય રચાયું છે,તે તમામ

સૂત્ર સ્વરૂપે નીતિ વચનો તરીકે લખવામાં આવેલ છે. આવા નીતિ વચનોને તેના લાઘવને કારણેજ સૂત્ર વાકય કહેવાય છે. તેનું સૌથી પ્રચલિત દષ્ટાંત જો કોઈ હોય તો તે છે પાણિનીનો વ્યાકરણ ગ્રંથ- અષ્ટાધાયી. આ ગ્રંથમાં વ્યાકરણના બંધારણ (નીતિ નિયમો) ના ઉત્તમ ઉદાહરણો ટાંકવામાં આવેલ છે. જે તત્કાલિન સમાજ, અર્થવ્યવસ્થા તેમજ સંસ્કૃતિ પર પૂરતો પ્રકાશ પાથરે છે.

**બ્રાહ્મણો (બ્રાહ્મણગ્રંથો) અને આરણ્યકો**

ચાર વેદો પછી બ્રાહ્મણ ગ્રંથો તરીકે જાણીતું સાહીત્ય કાર્ય ઘણા મોટા પ્રમાણમાં થવા પામ્યું, આ ગ્રંથો વૈદીક વિધિવિધાનોની વિસ્તૃત અને વૈજ્ઞાનિક માહિતી પુરી પાડે છે. બ્રાહ્મણગ્રંથોના પરિશિષ્ટને આરણ્યકો કહે છે. જયારે તેના અંતિમ અને તત્વજ્ઞાન પૂર્ણ પુસ્તકને ઉપનીષદો તરીકે ઓળખવામાં આવે છે. જે વાસ્તવમાં બ્રાહ્મણ સાહિત્યના પરિશિષ્ટો છે. પ્રત્યેક - ચારેય વેદોને પોતપોતાના બ્રાહ્મણ ગ્રંથો છે જેમકે ઋગ્વેદને તેના કૌશિતકી અને ઐતરેય, કૃષ્ણ યજુર્વેદનો તૈતરિય જયારે શુકલ યજુર્વેદનો શતપથ બ્રાહ્મણ નામનો ગ્રંથ છે. અથર્વવેદમાં ગોપથ બ્રાહ્મણ, સામવેદમાં તાંડવ એવુ પંચવિશ આ તમામ ગ્રંથોના માધ્યમથી આપણને તત્કાલિન પ્રજાની સામાજિક, રાજકીય અને ધાર્મિક માહિતી મળી રહે છે.

આરણ્યકોને આત્મા, જન્મ અને મૃત્યુ તથા મૃત્યુ પછીના જીવન સાથે નિસ્બત છે. આ બધા વિચારોનો અભ્યાસ માણસે વાનપ્રસ્થાશ્રમ અવસ્થા - અર્થાત ઋષિ-મુનીઓ કે જે વનમાં જીવન વિતાવતા હોય છે તેવી સ્થિતી દરમ્યાન કરવાનો હોઈ છે.

આ સઘળુ સાહિત્યકાર્ય સંસ્કૃત ભાષામાં છે, વાસ્તવામાં તે મૌખિક પંરપરા જળવાઈને આપણને મળ્યું છે અને તેને પાછળથી લેખિત સ્વરૂપ સાંપડયું છે.

વેદનો સમય નક્કી કરવાનું તથા તે કયારે લખાયું તે જાણવું અઘરું છે. મેકસમુલરને મતે ઋગ્વેદની રચના ઈ.સ. પૂર્વ ૧૦૦૦ દરમ્યાન થઈ હોવી જોઈએ. લોકમાન્ય તિલક અનુસાર તે ઈ.સ. પૂર્વ ૬૦૦૦ આસપાસ રચાયો હોવો જોઈએ.

**શ્રુતિ અને સ્મૃતિ (સાહિત્ય) વચ્ચેનો તફાવત**

શ્રુતિ અને સ્મૃતિ બન્ને એક એવા ગ્રંથની કક્ષા પુરી પાડે છે કે જે હિંદુ પરંપરા અંતર્ગત નીતનિયમોને લગતા કાયદા ઘડે છે. શ્રુતિ માત્ર કાયદાની દૈવી ઉત્પતિ દર્શાવે છે અને તેના કોઈ ખાસ ખ્યાલની વિગત આપતું નથી. દિવ્ય ઉત્પતિને લીધે તે માત્ર શ્લોકોને જ જાળવવાને બદલે તેની સમગ્રતાની જાળવણી કરે છે. શ્રુતિ સાહિત્ય દ્વારા ગીતો થકી તેના દૈવત્વની જાળવણીની ઈચ્છા વધુ હોવાનું જણાય છે. જે રીતે સ્મૃતિ સાહિત્યમાં જળવાયું છે, તે રીતે જરૂરી નથી કે તે સમજ અને મૌખિક પરંપરા પણ નિભાવતું હોય.

## પાઠાંતર પ્રશ્નો ૬.૨

(૧) વેદનો શાબ્દિક અર્થ શું થાય છે ?

..........................................................................

(૨) ચાર વેદોના નામ જણાવો.

..........................................................................

(૩) યર્જુ શબ્દનો અર્થ શું થાય? તે આપણને તત્કાલિન સમયની શી માહિતી આપે છે?

..........................................................................

(૪) સામવેદ થકી કેટલી સંગીતમય ધૂનો ઉપજાવવામાં આવેલ છે ?

..........................................................................

## ૬.૩ ઉપનિષદો

"ઉપનિષદ" શબ્દની ઉત્પતિ "ઉપ" (પાસે) અને નિષદ (બેસવું)માંથી ઉત્પન્ન થયેલ જણાય છે. તેનો અર્થ "ની પાસે બેસવું" એવો કરી શકાય.તે દર્શાવે છે કે શિષ્યોનું જુથ ગુરૂ પાસે બેસીને ગુરૂ-શિષ્ય પરંપરા અંતર્ગત જ્ઞાનોપાર્જન કરતાં.

ઉપનિષદોએ ભારતીય વિચારધારાની પરાકાષ્ઠા દર્શાવે છે અને તે વેદોના પરીશિષ્ટ અંતિમ ભાગરૂપ છે. ઉપનીષદો એ વાસ્તવમાં ગુઢ અને કઠિન એવી તત્વજ્ઞાનપૂર્ણ સમસ્યાઓના સંગ્રહ છે અને તે છેવટે વાચક (વિધાર્થી)ને પદાર્થપાઠ શીખવે છે.એટલા માટે તેને વેદોનો અંતિમભાગ પરીશિષ્ટ કહે છે.વેદોનો પ્રારંભ પુજન-અર્ચન સાથે થાય છે અને ત્યારબાદ ધીમે રહીને તે આપણને જ્ઞાન તરફ દોરી જાય છે.

લગભગ ૨૦૦થી વધુ ઉપનીષદો જાણીતાં છે. તેમાનું એક મુક્તિકા છે. જે ૧૦૮ ઉપનીષદોની યાદી આપે છે.એ સંખ્યા (૧૦૮)ની હિંદુઓની પવિત્ર માળાની સાથે સરખાવી શકાય.ઉપનીષદો આપણા સાહિત્યિક વારસાનું એક સ્વરૂપ છે. તે વિવિધ પ્રશ્નો ઉભા કરે છે. જેમ કે બ્રહ્માંડની ઉત્પત્તિ કેવી રીતે થઈ?, જીવન અને મૃત્યું શું છે ? ભૌતિક અને આધ્યાત્મિક જગત એટલે શુ ? , જ્ઞાનનું સ્વરૂપ કેવું હોય ? વગેરે સૌથી પ્રાચીન આદ્ય ઉપનીષદોમાં સર્વ પ્રથમ "બૃહદારણ્યક" આવે છે, જે શુક્લ યજુર્વેદ પર અને છાંદોગ્ય ઉપનિષદ સામવેદ પર નિર્ભર છે. બીજા કેટલાક મહત્વપૂર્ણ ઉપનીષદોમાં એતરેય , કેન અને કઠઉપનીષદોનો સમાવેશ થાય છે. તમે પણ તમારી રીતે કેટલાક અહિ ન આપ્યા હોય તેવા બીજા ઉપનીષદો શોધીને તેમના નામ જણાવો. તે વાંચો તમને પણ તમારી સમક્ષ ભારતીય તત્વજ્ઞાનનું એક

વિશાળ વિશ્વ ઉભુ થયેલું લાગશે. ઉપનીષદો પર આધારીત ઘણા પુસ્તકો વેચાય છે. તેમાંથી નાની નાની વાર્તાઓ સાથે શરૂ કરો. તેમાં રસ લો અને ત્યારબાદ કોઈ પણ એક આખુ ઉપનીષદ વાંચો.

## ૬.૩ પાઠાંત પ્રશ્નો

(૧) 'ઉપનીષદ'નો અર્થ શું થાય ?

.........................................................................

(૨) કેટલાક અગત્યના ઉપનીષદોના નામ જણાવો.

.........................................................................

## ૬.૪ રામાયણ અને મહાભારત

આપણા બે મહાકાવ્યો એટલે રામાયણ અને મહાભારત . વાલ્મીકી રામાયણ એ મુળ -અસલ રામાયણ છે. તેને આદિકાવ્ય અને વાલ્મીકીને આદિકવિ કહેવામાં આવે છે. રામાયણ એક આદર્શ સમાજનુ ચિત્ર દર્શાવેછે. બીજુ મહાકાવ્ય મહાભારત વેદવ્યાસે લખ્યું છે. મુળભુત રીતે એ સંસ્કૃતમાં કુલ ૮૮૦૦ શ્લોકોમાં રચાયેલ છે. 'જયસંહિતા' અર્થાત વિજયની વિગતો આપતો ગ્રંથ પણ કહેવાય છે. તે ૨૪૦૦૦ સુધી ઉદભવીને અંતે ભારત અર્થાત એક પ્રારંભિક વૈદિક જાતિના નામથી ઓળખાય છે. તેનુ અંતિમ સંસ્કરણ ૧૦૦,૦૦૦શ્લોકો થકી કરાયું છે. જે મહાભારત ના નામથી ' સતસારથી 'નામથી પ્રચલિત થયું તે કૌરવો -પાંડવોના સંઘર્ગા ને લગતા વૃતાંત સંબંધિત , વર્ણનાત્મક અને નીતિબોધક સાહિત્ય છે.



મહાભારત અને રામાયણનુ ભારતની ઘણી બધી ભાષાઓમાં ભાષાંતર થવા પામેલ છે. મહાભારત માં સમાવિષ્ટ ભગવદ્ગીતા એ સુપ્રધ્ધિ અને દિવ્ય જ્ઞાનથી પ્રેરીત વૈશ્વિક ઉપદેશ છે. જો કે એક પ્રાચીન ધર્મ ગ્રંથ હોવા છતાં તેનુ પાયાનું શિક્ષણ / જ્ઞાન આજે પણ એટલુજ ઉપયોગી છે.

ભગવદગીતામાં શ્રી કૃષ્ણ અર્જુન કે જે એક યોદ્ધા તથા રાજકુમાર ઉપરાંત એક યોગી જેવા કર્મ શીલ છે. તેમને વિવિધ તત્વજ્ઞાનની બાબતો તુલનાત્મક દષ્ટાંતો સાથે સમજાવી ફરજ પાલન કરવાનો બોધ આપે છે. તે ગીતાને હિંદુ તત્વજ્ઞાન અને ઉંડાણ અને /તિવ્રતાની એક સંક્ષિપ્ત તથા આત્મસંયમીજીવન માટે ની માર્ગદર્શિકા બનાવી દે છે. આધુનિક સમયમાં સ્વામી વિવેકાનંદ, બાલ ગંગાધર તિલક, મહાત્માગાંધી અને બીજા ઘણા બધાએ ભારતીય સ્વાતંત્ર્ય ચળવળ

માટે એનો પ્રેરણા સ્ત્રોત તરીકે ઉપયોગ કર્યો છે.આ એટલા માટે શકય બન્યુ છે કે કારણકે ભગવદ ગીતા એ ખાસ કરીને માનવના કર્મની હકારાત્મકતા વિષે જ કહ્યું છે. તેની સાથે સાથે એ ઈશ્વર તેમજ મનુગય પ્રત્યેની પોતાની ફરજનુ પાલન ફળની ઈચ્છા રાખ્યા વીના કરવાનો બોધ આપે છે.તમને એ હકીકત જાણવી ગમશે કે ગીતા એ વિશ્વભરની લગભગ તમામ ભાષાઓમાં ભાષાંતરીત થવા પામી છે.

### ૬.૪ પાઠાંત પ્રશ્નો

(૧) સંસ્કુતમાં લખાયેલ બે પ્રાચીન ભારતીય મહાકાવ્યોના નામ જણાવો.

............................................................................

(૨) રામાયણ અને મહાભારતના લેખકો કોણ છે?

............................................................................

(૩) ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણ અર્જૂનને શો ઉપદેશ આપે છે.

............................................................................

## ૬.૫ પૂરાણો

પૂરાણો હિંદુઓના પવિત્ર સાહિત્યમાં ખાસ મોભાનું સ્થાન ધરાવે છે.તેમનું સ્થાન વેદો તથા મહાકાવ્યો પછીનું ગણાય છે. તેની સંખ્યા અઢાર હોવાનું કહેવાય છે. એટલીજ સંખ્યામાં તેમનાં ઉપ/પેટા પૂરાણો પણ છે.તેમાંથી કેટલાક જાણીતાં બ્રહ્મ ,ભાગવત,પદ્મ,વિષ્ણું,અગ્નિ,મત્સ્ય, તથા ગરૂડ પૂરાણનો ઉલ્લેખ કરી શકાય.તેમનો/ઉદભવકાળ શોધતાં જણાય છે કે જયારે બૌધ્ધ ધર્મ બ્રહ્મણ ધર્મના મુખ્ય હરીફ તરીકે વિકસી રહયો હતો ત્યારે તે સર્જયા હશે.

આ પૂરાણો , આમ તો દંત કથાઓ/કિંવદંતિઓ જેવા છે. જે મોટા ભાગે તેમનો આધ્યાત્મિક સંદેશ,બોધ કથાઓ તથા રૂપકોના માધ્યમથી દર્શાવતા હોય છે.પ્રજાના ધાર્મિક વિકાસ પર તેનો પ્રગાઢ પ્રભાવ છે.

પૂરાણો મોટેભાગે મહાકાવ્યોની પધ્ધતિને અનુસરે છે. પ્રારંભિક પૂરાણોનું સંકલન ગુપ્તયુગ દરમ્યાન થયું. તે દંત કથાઓ, વાર્તાઓ ,બોધકથાઓ અને ધર્મોપદેશથી ભરપુર છે.જે સામાન્ય રીતે લોકોને કેળવણીના નૈતિક બોધ આપતાં હતાં. પૂરાણોમાં અગત્યની ભૌગોલિક તથા ઐતિહાસિક માહિતી આપવામાં આવેલ છે. તેમાં સર્જન, નવ સર્જનના ગુઢ રહસ્યો તથા વંશ પરંપરાગત વંશાવાળીઓની વાત સમાયેલી છે. આ સમયગાળા દરમ્યાન વિવિધ સ્મૃતિઓ અથવા શ્લોકોમાં લખાયેલ કાયદાના ગ્રંથોની રચના થયેલ જણાય છે. ગુપ્તયુગ દરમ્યાન આ સ્મૃતિ ગ્રંથો પર ટીકાઓ લખવાનો પ્રારંભ થયો. અમરસિંહ નામના શબ્દકોષના રચનાકારક જણાવે છે કે પૂરાણો મુખ્યતે નીચેના પાંચ વિષયોમાં વિભાજીત છે. (૧) સર્ગ (૨) પ્રતિસર્ગ (૩) વંશ (૪) મન્વંતર અને (૫) વંશણુકારિતા

## ૬.૬ બૌધ્ધ અને જૈન સાહિત્ય

*બૌધ્ધ અને જૈન ધર્મગ્રંથોમાં ઐતિહાસિક વ્યક્તિઓ તેમજ ઘટનાઓનું વિવરણ છે.પ્રાચીન બૌધ્ધગ્રંથો પાલી ભાષામાં હતાં. તે મગધ તથા દક્ષિણ બિહારમાં બોલાતી હતી. બૌધ્ધ ધર્મગ્રંથોને ધર્મશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રેતર એમ ભાગમાં વહેંચી શકાય.ધર્મશાસ્ત્રવાળું સાહિત્ય "ત્રિપીટકો"માં સારી રીતે આપેલ છે.આ ત્રપ છાબ/ટોપલી એટલે "વિનય પિટક" ,"સુત પિટક" અને "અભિધમ્મ પિટક". આ ત્રણ પૈકી વિનય પિટકમાં રોજીંદા વ્યવહારના નીતિ નિયમો અને કાયદા-કાનુન આપેલા છે.જ્યારે સુત પિટકમાં નીતિવિષયક સંવાદો તેમજ વ્યખ્યાનોનો સંગ્રહ છે તેમજ અભિધમ્મ પિટકમાં તત્વજ્ઞાન અને તત્વમીમાંશાનું વિવરણ છે.*

*ધર્મશાસ્ત્ર સિવાયનું સાહિત્ય એ જ રીતે "જાતકો"માં દર્શાવવામાં આવેલ છે.આ જાતક કથાઓ એટલે બુધ્ધના પૂર્વજન્મોની રોચક કથાઓ ,એમ મનાય છે કે ગૌતમ તરીકે તેમનો એ આખરી જન્મ હતો.આ પૂર્વે બુધ્ધે ધર્મની સાધના કરતાં કરતાં ૫૫૦થી પણ વધુ જન્મો લીધા હતાં.એટલા સુધી કે કેટલીકવાર તો તેઓ પ્રાણીઓનો અવતાર પણ લઈ ચુકયાં હતાં.આવા પ્રત્યેક જન્મની વાર્તા જાતક કથાઓ કહેવાય છે.આ જાતક કથાઓ ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકાથી શરૂ કરીને ઈ.સ.ના ૮માં સૈકા સુધીની સામાજિક તેમજ આર્થિક સ્થિતિ પર પ્રકાશ પાથરે છે. તેમાં બુધ્ધકાલીન રાજકીય ઘટનાઓને પણ અવારનાવર ઉલ્લેખ કરવામાં આવેલ છે.*

*જૈન ગ્રંથો પ્રાકૃત ભાષામાં લખાયેલા હતાં. ગુજરાતના વલભી મુકામે છઠ્ઠા સૈકા દરમ્યાન તેનું આખરી સંકલન કરવમાં આવ્યું હતું. તેની મહત્વપૂર્ણ કૃતિઓ છે. અંગ, ઉપાંગ, પૂકીર્ણ તથા છંદોબદ્ધ સુત્રો અને માલાસુત્રો મહત્વના જૈન વિદ્વનોમાં હરિભદ્રસુરી,(૮મો સૈકો) અને હેમચંદ્ર સુરી (૧૨મો સૈકો) સમાવિષ્ટ છે. આ જૈન સાહિત્યએ સમૃધ્ધ સાહિત્યનાં વિકાસમાં ભારે સહાય કરી છે. જેમાં કાવ્ય, દર્શન તેમજ વ્યાકરણનો સમાવેશ થાય છે. એ કૃતિઓ આપણને પૂર્વ પ્રદેશ તથા બિહારનાં રાજકીય ઈતિહાસની જાણકારી મેળવવામાં અત્યંત ઉપયોગી થઈ પડે છે. જૈન ગ્રંથોમાં વારંવાર વેપાર-ધંધા તેમજ વેપારીઓનો ઉલ્લેખ જોવા મળે છે.*

*પ્રાચીન ભારતીય સાહિત્ય કુલ બે શ્રેણીમાં મુકી શકાય.*

**ધાર્મિક અને બિન ધાર્મિક સાહિત્યઃ**

*(અ) ધાર્મિક સાહિત્યમાં ચાર વેદ સમાવિષ્ટ છે.*

- **ઋગ્વેદ :** *સૌથી પ્રાચીનતમ વેદ છે. જેમાં ૧૦૨૮ શ્લોકોનો સંગ્રહ છે.જે સુકત અથવા "સારી રીતે કહેવાયેલ " ગણાય છે.*

- **સામવેદ** *: શ્લોકો ખાસ પ્રંસગોપાત- યજ્ઞ કે બલિદાન વખતે ખાસ વર્ગના લોકો -પુરોહિતો દ્વારા ગવાતાં.*

- **યજુર્વેદ :** સામાન્ય વિધિવિધાન કે હવન વેળાએ ગવાતાં શ્લોકોનો સંગ્રહ.
- **અથર્વવેદ:** ગીતો, જાદુમંત્ર, તંત્રવિદ્યા અને દુષ્ટાત્માઓની વિધિઓનો સંગ્રહ.

(બ) **બ્રાહ્મણ ગ્રંથો :** તે વેદો સાથે સંકળાયેલ છે. તે યજ્ઞ-યાગ અને બલિદાનના મૂલ્ય અને પ્રભાવનુ વર્ણન કરે છે.

(ક) **અરણ્યકો :** તે બ્રાહ્મણ ગ્રંથોના સારરૂપ ભાગ છે.

(ડ) ઉપનીષદો તે ગુરૂઓ પાસે બેસીને શીખવા /ભણવા માટે સર્જાયા છે.

(ઈ) મહાકાવ્યો રામાયણ અને મહાભારત.

(ફ) બૌધ્ધ સાહિત્ય.

(જ) જૈન સાહિત્ય.

## ૬.૬ પાઠગત પ્રશ્નો

(૧) પ્રારંભિક બૌધ્ધ અને જૈન ગ્રંથો કઈ ભાષામાં રચાયેલ છે?

.............................................................................

(૨) ત્રિપિટીકો ના નામ જણાવો.

.............................................................................

(૩) જાતક કથાઓ આપણને શું કહી જાય છે?

.............................................................................

(૪) કેટલાક જૈન વિદ્વાનોના નામ જણાવો.

.............................................................................

## ૬.૭ અન્ય સંસ્કૃત સાહિત્ય

આપણી પાસે વિજ્ઞાન, કાયદા શાસ્ત્ર, વૈદક શાસ્ત્ર તથા વ્યાકરણ શાસ્ત્ર પરના અસંખ્ય ગ્રંથો છે. આ પ્રકારના ગ્રંથો પૈકીનાં કાયદાને લગતા ગ્રંથોને ધર્મ શાસ્ત્ર અને સંહિતા કહેવાય છે. આવા ધર્મ શાસ્ત્રો ઈ.સ. પૂર્વ. ૨૦૦ દરમ્યાન સંકલિત કરવામાં આવેલા જણાય છે. તેથી તે સમયનાં વિવિધ વર્ણ/ જાતિનાં લોકોની સાથે સાથે રાજાઓ અને તેના અધિકારીઓની ફરજો વર્ણવવામાં આવેલ છે. તેમણે મિલ્કતો ધારણ કરવા, વેચવા તથા તેનો વંશવારસાગત ભોગવટો કરવા અંગેના નીતિનિયમોનો એમાં ઉલ્લેખ કરવામાં કર્યો છે. તેમણે વ્યકિત દ્વારા થતાં હુમલાના ગુના, હત્યા અને વ્યભિચાર સંદર્ભે પણ રાજાની

કાયદાકીય જોગવાઈ દર્શાવી છે."મનુસ્મૃતિ" આપણને સમાજમાં સ્ત્રી અને પુરૂષોની ભુમિકા તેમજ તેમના પારસ્પરીક વ્યવહાર અંગે નિર્દેશ આપે છે.

કૌટિલ્યનું "અર્થશાસ્ત્ર"એ મૌર્યયુગનો એક મહત્વપૂર્ણ ગ્રંથ છે. તે તત્કાલીન રાજયની સામાજિક અને આર્થિક સ્થિતિ દર્શાવે છે. જે પ્રાચીન ભારતીય રાજનીતિ તેમજ આર્થિક સ્થિતિની જાણકારી મેળવવા માટેનું એક અત્યંત સંપન્ન સાધન/સ્ત્રોત બની રહે છે.

આ ઉપરાંત ભાસ, શુદ્રક, કાલીદાસ અને બાણભટ્ટ ગુપ્ત તથા હર્ષકાલીન ઉત્તર તથા મધ્ય ભારતની સામાજિક અને સાંસ્કૃતિક સ્થિતિની એક ઝલક આપી છે. ગુપ્તયુગએ પણ દર્શાવે છે કે પાણિની અને પતંજલીનાં કાર્યો થકી સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રનાં ક્ષેત્રે કેટલો વિકાસ નોંધાયો હતો.

### ગુપ્તકાલીન વિખ્યાત સંસ્કૃત લેખકો

ગુપ્તયુગ એ ભારતીય સંસ્કૃતિનો સુવર્ણયુગ હોવાથી તે સાહિત્ય અને કલાને ક્ષેત્રે સૌથી ભવ્ય સમયગાળો હતો. ગુપ્ત રાજવીઓએ સંસ્કૃત સાહિત્યને રાજ્યાશ્રય આપ્યો હતો. તેમણે સંસ્કૃતના ગ્રંથાલયો તેમજ તેના વિદ્વાનો અને કવિઓને સહાય પુરી પાડી હતી. ઘણા બધા મહાન કવિઓ, નાટયકારો અને વિદ્વાનોએ આ સમયના સંસ્કૃત ભાષામાં સાહિત્યિક રચનાઓ થકી ઘણી ઉંચાઈઓ હાંસલ કરી હતી.

(૧) **મહાકવિ કાલીદાસ** : મહાકવિ કાલીદાસે ઘણા બધાં અતિ સુંદર કાવ્યો તેમજ નાટકોની રચના કરી છે. તેમના સંસ્કૃત ભાષાના રચનાકાર્યને સાહિત્યના રત્નો તરીકે સ્વીકારવામાં આવે છે. તેમણે શૃંગાર પ્રધાન નાટકો તથા કાવ્યો રચ્યાં છે. "મેઘદુત", "ઋતુસંભવ", "કુમારસંભવ", "રઘુવંશમ" તેમની સર્વોત્તમ કવિત્વ શક્તિનો નિખાર પ્રદર્શિત થયેલો જોવા મળે છે. તેમનાં નાટકોમાં "અભિજ્ઞાનશાકુન્તલમ", વિક્રમોવર્શિયમ" અને "માલવિકાગ્નિમિત્રમ" મુખ્ય છે.

(૨) **વિશાખદત્ત** : વિશાખદત્ત એ આ સમયનો એક મહાન નાટય લેખક હતો. "મુદ્રારાક્ષસ" તથા "દેવી ચદ્રગુપ્તમ" નામનાં બે મહાન ઐતિહાસિક (પૃષ્ઠ ભુમિ ધરાવતાં) નાટકોની રચના કરી છે.

(૩) **શુદ્રક** : તેણે "મૃચ્છકટિકમ" અર્થાત રમકડાનું ગાડું નામનું એક ઉત્કૃષ્ટ નાટક રચ્યું છે. તત્કાલીન સામાજિક-ધાર્મિક સ્થિતિનું વર્ણન કરતું એ મહાન સાહિત્યિક સાધન છે.

(૪) **હરિષેણ:** હરિષેણ ગુપ્તયુગના એક મહાન કવિ અને લેખક હતાં. તેમણે પરાક્રમી રાજવી સમુદ્રગુપ્ત માટે પ્રશસ્તિ ગીતો રચ્યાં છે. જે અલ્હાબાદના સ્તંભ લેખમાં વર્ણવવામાં આવેલાં છે.

(૫) **ભાસઃ** *તેણે તત્કાલીન ભારતની જીવનશૈલીનો પડઘો પાડતાં તથા એ તમામ માન્યતાઓ અને સંસ્કૃતિને અનુરૂપ એવા કુલ તેર નાટકોની રચના કરી છે.*

*કુષાણ રાજવી કનિસ્કે સંસ્કૃત વિદ્વાનોને રાજ્યાશ્રય આપ્યો હતો. અશ્વઘોષે રચેલ ગ્રંથ - બુધ્ધચરિત્ર " એ ગૌતમ બુધ્ધનું જીવનચરિત્ર છે. તેમણે રચેલ સૌદરાનંદ એ સંસ્કૃત સાહિત્યની દૃષ્ટાંતરૂપ કૃતિ છે.*

*આ ઉપરાંત ગણિત, ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, કૃષિ અને ભૂગોળ વગેરે વિષયોમાં ભારતે ઘણું બધું સાહિત્ય રચ્યું છે.*

*વૈદકશાસ્ત્ર પર ચરકે અને વાડકાપ પર સુશ્રુતે ગ્રંથો લખ્યા હતા. માધવે ચિકિત્સાશાસ્ત્ર પર ગ્રંથ લખ્યો, ખગોળશાસ્ત્ર પર વરાહમિહિરે અને આર્યભટ્ટે જ્યારે લબ્ધાચાર્યેએ તમામ ક્ષેત્રેમાં અગ્રતાક્રમ મેળવ્યો હતો. વરાહમિહિરનાં બુહત્સંહિતા,આર્યભટ્ટના ' આર્યભટ્ટયમ ' અને વેદાંગ જ્યોતિષ સાથે હરિફાઈ યોજી શકે તેવું કોઈ જ નહતું.*

*ઉત્તર મધ્યકાલીન ઉત્તર ભારતે કાશ્મીરમાં સંસ્કૃત સાહિત્યનો ઉદય જોયો છે. સોમદેવનું "કથાસરિત્સગાર" અને "કલ્હના", "રાજ તરંગીણી " જેવા ગ્રંથોનું ઐતિહાસિક મહત્ત્વ છે. તે કશ્મીરના રાજાઓની વિસ્તૃત માહિતી પૂરી પાડે છે. જયદેવના "ગીતગોવિંદમ્" સંસ્કૃત સાહિત્યની આ સમયની ઉત્તર કાવ્યકૃતિ છે. એ ઉપરાંત આ સમયે, કલાસ્થાપત્ય અને શિલ્પશાસ્ત્ર સહિતના ઘણાં બધાં ક્ષેત્રોમાં સંખ્યાબંધ સાહિત્યકૃતિઓની રચના થઈ હતી.*

## પાઠગત પ્રશ્નો ૬.૭

૧. *ધર્મશાસ્ત્રનું વિષય વસ્તુ શું છ?*

..........................................................................

૨. *રાજ તરંગિણીની રચના કોણે કરી છે?*

..........................................................................

૩. *કાલિદાસનાં વિખ્યાત નાટકોની યાદી તૈયાર કરો.*

..........................................................................

૪. *કવિ જયદેવની સાહિત્ય કૃતિનું નામ જણાવો.*

..........................................................................

૫. વૈદકશાસ્ત્રને લગતા ગ્રંથના નામ જણાવો.

..............................................................................

## ૬.૮ તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ

તમિલ, તેલુગુ, કન્નડ, અને મલયાલમ જેથી ચાર દ્રવિડ ભાષાઓએ તેનું પોતાનું સાહિત્ય વિકસાવ્યું છે. આ તમામમાં સૌથી પ્રાચીતભાષા તરીકે તમિલભાષામાં સાહિત્ય રચના થઈ હતી જેના પરિણામે સંગમ સાહિત્ય -એટલે કે તમિલભાષાનું પ્રાચીનતમ સાહિત્ય તૈયાર થવા પામ્યું હતું.

### તેલુગુ સાહિત્ય

વિજયનગરનો યુગ તેલુગુ સાહિત્યનો સુવર્ણયુગ ગણાય છે. રાજવી બુક્કારાય પ્રથમના દરબારી કવિ નાયન્ના સોમનાયે 'ઉત્તરાહારીવંશમ" નામની કાવ્ય રચના કરી હતી. કૃષ્ણદેવરાય (૧૫૦૯ થી ૧૫૨૯) નામનો વિજયનગર સામ્રાજ્યનો મહાન સમ્રાટ પોતે એક ઉત્તમ કક્ષાનો કવિ- સાહિત્યકાર હતો. તેની રચના "અમુક્ત માલ્યદા" એ તેલુગુ ભાષાનું ઉત્તમ પ્રબંધ સાહિત્ય ગણાય છે. તેના દરબારની શોભા વધારવા આઠ ઉત્કૃષ્ટ તેલુગુ સાહિત્યક તારલાઓ ઉપસ્થિત રહેતા જે અગઠ દિગ્ગજો' તરીકે વિખ્યાત હતા. આમાંના એક કે જે મનુ ચરિતમ્" ના કર્તા હતા તે અલ્લાસની પેદન્ના તેલુગુના ખ્યાતિપ્રાપ્ત સાહિત્યકાર મનાતા હતા. તેને " આંધ્રકાવ્યજગતના જનક" તરીકે ઓળખવામાં આવે છે. આ સિવાયના -સાત કવિરાજમાંના અન્ય એટલે " પારિજાતાપહકામ" ના રચયિતા નંદી તેમન્ના , મધ્યગીરી મલ્લણા ધુર્જરી , તેનાલિરામ, રામભદ્ર કવિ, પંગલી સુરાન, રાજરાજ ભુષણ તેમજ તેનાલિરામ રામક્રિષ્નેન નો સમાવેશ થાય છે.

ધૂર્જટી નામના શિવભકત કવિએ કલાહસ્તીસ્વર મહાત્મય તથા " કલાહસ્તી સ્વર શતકમ" નામની બે ઉત્કષ્ટ કાવ્ય રચનાઓનું સર્જન કરેલ છે. અન્ય કવિ પિંગલીસુરાણીએ રાધવાપાન્ડવીયમ તથા " કલાપૂરાણોદયમ' નામની બે રચનાઓ કરી છે. એમાંથી એક કૃતિમાં એમણે રામાયણ તેમજ મહાભારતની બંને કથાવૃત્તોને એક સાથે સાહિત્યિક સ્વરૂપમાં સાંળલીને રચનાનો પ્રયાસ કરેલ છે. તેનાલિ રામકૃષ્ણએ રાજાકૃષ્ણદેવરાયના રાજદરબારનો સૌથી રમુજી દરબારી અર્થાત રાજવિદૂષક હતો. તે સમયના ઉચ્ચવર્ગ સંદર્ભે તેણે કરેલી રમૂજી ટીકાઓ આજે પણ આનંદ- મસ્તિ સાથે ખાસ યાદ કરવામાં આવે છે. એક અન્ય કૃતિ "પાન્ડુંરંગ મહાત્મ્ય" ના સર્જક હતા રામકૃષ્ણન આ કૃતિને તેલુગુ સાહિત્ય રચનાઓમાંથી એક ઉત્કૃષ્ટ કાવ્યકૃતિ ગણવામાં આવે છે. એજ રીતે બીજા સાહિત્યકાર રામરાજભૂષણે "વાસુ ચારિત્રયમ" ની રચના કરી છે. તેઓ ભટ્ટમૂર્તિના નામથી પણ જાણીતા છે. એમની અન્ય બે કૃતિઓ એટલે નરેશભૂપાલિયમ " તથા " હરિધ્યાનલોપાખ્યાન તે રાધવપાન્ડીયન " શૈલીમાં રચાયેલ ઉત્તમ કૃતિઓ છે. જેમાં રાજા નળ તથા હરિચંદ્રની વાર્તા એકસાથે વાંચવા મળી રહે છે. મધ્યગીરીમલ્લાનની રચનામાં રાજશેખરના યુધ્ધ અને પ્રેમની વાર્તા સમાવિષ્ટ છે. અપ્પાલા રાજૂએ રામભદ્રની રચના કરી હતી.

### કન્નડ સાહિત્ય

*તેલુગુ ભાષાના સાહિત્ય ઉપરાંત વિજયનગર સામ્રાજયના રાજવીઓએ કન્નડ અને સંસ્કૃત સાહિત્યકારોને પણ રાજ્યાશ્રય આપ્યો હતો ઘણાબધા જૈન વિદ્વાનોએ કન્નડ સાહિત્યની શોભા વધારવા માટે પોતાનું પ્રદાન આપેલ છે. કવિ માધવે પંદરમા તિર્થંકર ઉપર ધર્મનામ પૂરાણની રચના કરી હતી. જયારે અન્ય એક જેન વિદ્વાન "ધર્મ પરીક્ષે' નામનો ગ્રંથ લખ્યો છે. તત્કાલીન સંસ્કૃત રચનાઓમાં મુખ્યત્વે પરાસર સ્મૃત વ્યાખ્યા કરી શકાય.*

*આ કન્નડ ભાષાનો પૂર્ણતમ વિકાસ દસમા સૈકા બાદ થવા પામ્યો. કન્નડ ભાષાની સૌથી પ્રાચીન સાહિત્યરચના એટલે "કવિરાજમાર્ગ" તે રાષ્ટ્રકૂટ રાજવી નૃપતુંગ અમોઘવર્ષ પ્રથમની સાહિત્ય રચના છે. કન્નડ ભાષા -સાહિત્યના જનક તરીકેનું સન્માન પ્રાપ્ત કરનાર કવિ પમ્પા એ દસમા સૈકામાં પોતાની ઉત્કૃષ્ટ કાવ્યકૃતિઓ "આદિપૂરાણ" અને વિક્રમાદિત્ય વિજયની રચના કરી. આ કવિ પમ્પ ચાલુકય રાજવી અરિકેસરીના દરબારની શોભા વધારતા હતા.*

*કવિ પમ્પ પોતાના કાવ્ય સર્જનના કૌશલ્ય, વર્ણન કલાની સુંદરતા , ચરિત્રચિત્રણ તથા રસ નિષ્પન્ન જેવા શ્રેષ્ઠ ગુણ સંપન્નતામાં શ્રેષ્ઠ હતા. રાષ્ટ્રકટ રાજવી કૃષ્ણ તૃતીયના દરબારમાં તેના રાજયકાળ દરમ્યાન બે બીજા કવિઓ પણ થઈ ગયાં. આમાનાં કવિ પોન્ના "શાંતિપૂરાણ"નામે મહાકાવ્યની રચના કરી. જયારે કવિ રાન્નાએ "અજીતનાથ પૂરાણ"ની રચના કરી. આ માટે જ કવિ પામ્પા પોન્ના તથા રાન્નાને એક સાથે મળીને "રત્નત્રયિ" (અર્થાત ત્રણ રત્નો)ના ઉપનામથી ઓળખવામાં આવે છે.*

*ત્યાર બાદ તેરમા સૈકામા કન્નડ સાહિત્યે નવી ઉંચાઈઓ હાંસલ કરી.કવિ હરિશ્વરે "હરિશ્વરન્દ્ર કાવ્ય' તેમજ "સોમનાથ ચરીતમ્'"નામની સાહિત્ય કૃતિઓનું સર્જન કર્યુ. એ જ રીતે બંધુવર્મા એ "હરિવંચઅચ્યુત" તેમજ "જીવ-સંબોધન"ની રચના કરી. ત્યારબાદ હોયસળ રાજવીઓના, રાજ્યાશ્રય અંતર્ગત કેટલીક સાહિત્ય કૃતિઓ રચવા પામી. જેમાં રૂદ્રભટ્ટ રચિત "જગન્નાથવિજય" અંદઈપ્પાનું" "મદનવિજય" અથવા "કલ્લીગારકાય"નામનું સાહિત્ય સર્જન સંસ્કૃતના સહેજપણ પ્રભાવ (ભેળસેળ) વગર શુદ્ધ કન્નડ ભાષામાં લખાયેલ કાવ્ય રચના છે. જે સારૂ એવું લોક રૂચી પ્રાપ્ત સર્જન ગણાય છે.રચાયેલ સર્વ પ્રથમ સુભાષિત" રત્નકણિકા" કે જેનું સંકલન "સુક્તિસુધાર્ણવ" તેમજ "કેસિર્થ"નું વ્યાકરણ શાસ્ત્ર પરનો ગ્રંથ "શબ્દમણિ દર્પણ" એ કન્નડ ભાષા-સાહિત્યની ઉત્કૃષ્ટ સાહિત્યિક રચનાઓ ગણાય છે. વિજયનગર સામ્રજયના રાજયાશ્રય અંતર્ગત ચૌદમા અને સોળમા સૈકા દરમ્યાન કન્નડ સાહિત્ય ખુબ સારી રીતે વિકાસ પામ્યું હતું. એ વખતે કુન્નરા વ્યાસ કૃત "ભારત" અને નરહરિકૃત*

"તરાવરામાયણ" જેવી કૃતિઓ રચાઈ લક્ષ્મી જેમણે સત્તરમા સૈકામાં"જૈમિની ભારત"ની રચના કરી. તે" કામતા-કરી કુતવાન-ચૈત્ર (અર્થાત કર્ણાટકના આમ્રકુંજની વસંત તરીકેનુ ઉપનામ આપ્યું.

તત્કાલીન સમયનો અગ્રણી હતો. "સર્વજન" જે લોક કવિ તરીકે જાણીતો હતો. તેની સુત્રાત્મક ત્રિપદી (અર્થાત ત્રણ લીટીઓવાળી) રચનાઓ ડહાપણ તેમજ નીતિમત્તાના ભંડાર સમાન છે. કન્નડ ભાષાની મોટે ભાગે સર્વ પ્રથમ કવિયત્રી હોન્નામ્મનો અત્રે વિશેષ ઉલ્લેખ કરવો જણાય છે. તેની રચના "હાદી બદેય" (અર્થાત પવિત્ર નારીની ફરજો)એ નીતિમત્તાની આચાર સંહિતા અદ્વિતિય છે.

### મલયાલમ સાહિત્ય

મલયાલમ ભાષા કેરળ તથા તેના સમીપવર્તી વિસ્તારોમાં બોલાય છે. તે મોટે ભાગે ઈસુના અગીયારમા સૈકાની આસપાસ ઉદય-વિકાસ પામી અને પંદરમાં સૈકા સુધીમાં તો આ ભાષા-મલયાલમ- એક સ્વતંત્ર ભાષા તરીકેનો દરજ્જો પામી ચુકી હતી.

"ભાસ કૌશલ્ય" એટલે અર્થશાસ્ત્ર પરની ટીકા/ટીપ્પણી તેમજ "કોકામંદીસમ" એ બંને અહીંની મહાન સાહિત્ય રચનાઓ છે. રામપણીકર તેમજ રામાનુજન એઝહુથાચન એબંને મલયાલમ ભાષાના ઉત્કૃષ્ટ સાહિત્યકારો છે. દક્ષિણની બીજી ભાષાઓના પ્રમાણમાં મલયાલમ ભાષા ઘણી મોડી વિકસી હોવા છતાં તેણે એક સબળ અભિવ્યક્તિના માધ્યમ તરીકનું સ્થાન ગ્રહણ કરી લીધુ હતું. વર્તમાન સમયે મલયાલમ ભાષામાં પુષ્કળ માહિતી પત્રીકાઓ, સમાચાર પત્રો તથા સામયિકો પ્રકાશીત થાય છે.જ્યારે લોકો પોતાની જ ભાષામાં લખી વાંચી શકે ત્યારે જ તેઓ તેનો મહત્તમ આનંદ પ્રાપ્ત કરી શકે છે. આમ એટલા માટે થાય છે કે ભાષા એ તેમની પોતાની સંસ્કૃતિનું અવિભાજય અંગ છે. સ્વભાષા લોકોના સામાજિક જીવનમાં એટલી તો સુગ્રથીથ/ઓતપ્રોત થયેલ હોય છેકે તેના થકી જ તેઓ તેમની લાગણીઓ અભિવ્યકત કરી તથા અનુભવી શકતા હોય છે. આ બાબત તમારી તથા તમારી ભાષા બાબતે પણ એટલી જ લાગુ પડી શકે છે.

## ૬.૯ તમિલ અથવા સંગમ સાહિત્ય

તમિલ ભાષાને તેની એક લેખિત ભાષા તરીકેની ઓળખ ખ્રિસ્તી સંવંત કાળના પ્રારંભ પૂર્વેથી મળી છે. એટલા માટે તો ખ્રિસ્તી સંવંતના પ્રારંભિક ચાર સૈકાઓ દરમ્યાન સંગમ સાહિત્ય સારા એવા પ્રમાણ લખાઈને ઉપલબ્ધ બન્યું હતુ. એ બાબત નવાઈ પમાડે તેવી નથી જો કે તેનું અંતિમ સંકલન તો ઈ.સ.ના છઠ્ઠા સૈકા સુધી ચાલુ હતું. રાજયનો અગ્ર અધિકારી વર્ગ તેમજ રાજયાશ્રીત શિક્ષણ સંકુલોમાં ભેગા થતાં કવિઓએલોક કલાકારોએ ત્રણ થી ચાર સૈકાઓ જેટલાં સમયગાળા દરમ્યાન સમગ્ર દક્ષિણ ભારતમાંથી મદુરાઈ ખાતે આવીને આ સંગમ સાહિત્યનું સર્જન કર્યુ હતું. આ મહાવિદ્યાલયો મુળસંગમ

(પછીથી સંગમ) તરીકે જાણીતા થયા. આ સાહિત્ય સભાઓમાં નિગપન્ન થયેલ સાહિત્ય એ જ સંગમ સાહિત્ય. તેમાં તિરૂવલ્લુવર કે જેમણે કુરાલની રચના કરી. તેનું ઘણી બધી ભાષાઓમાં ભાષાંતર થયેલ છે. આ તમિલ સંતોનું પ્રદાન અંત્યત નોંધપાત્ર છે. આ સંગમ સાહિત્ય અંતર્ગત ઘણા બધા વિર પુરૂગો અને વિરાંગનાઓની પ્રશસ્તિ કરવા માટે રચાયેલ નાના મોટા અસંખ્ય કાવ્યો-ગીતોનો સંગ્રહ છે. તેનું સ્વરૂપ બિનસાંપ્રદાયિક છે. આ સાહિત્ય વાસ્તવમાં ઘણું જ ઉત્કૃષ્ટ કક્ષાનું છે. આવા કુલ ત્રણ સંગમ યોજાવા પામ્યા હતાં. આમાના પ્રથમ સંગમ દરમ્યાન સંગ્રહીત કરાયેલ કાવ્ય કૃતિઓ નષ્ટ થઈ જવા પામેલ છે. જ્યારે દ્વીતીય સંગમ અંતર્ગત આશરે બે હજાર કાવ્યનું સંપાદન કરવમાં આવ્યું હતું.

'ઓટ્ટકોટ્ટઈ' નામના આઠ સ્તરોમાં ગોઠવાયેલ કાવ્ય સંગ્રહમાં લગભગ ૩૦,૦૦૦ જેટલી કાવ્ય પંક્તિઓ સમાવિષ્ટ છે. "પટ્ટાઈનેન્નકીલ" (૧૮ નિમ્ન ગીત સંગ્રહ) અને "પત્તાપટ્ટ " (દસ ગીતનો સંગ્રહ) નામના અહી બે મુખ્ય જુથો પ્રવર્તે છે. જેનો અત્રે પ્રથમ ઉલ્લેખ કરાયો છે. તે સામાન્ય પણે પ્રાચીન છે. જ્યારે તે પછીનું જે તે પ્રમાણમાં નવું (પાછળથી સર્જાયેલ) છે અને તે વધુ ઐતિહાસીક મહત્વ પણ ધરાવે છે. કવિ થિરૂવલ્લુઅવરની કૃતિ "કુરાલ" કુલ ત્રણ ભાગમાં વિભાજીત છે. તેમાંના પ્રથમ ભાગમાં મહાકાવ્ય , બીજા ભાગમાં રાજનીતિ તેમજ સરકાર તથા ત્રીજા ભાગમાં પ્રેમ સંબંધી રચનાઓ સમાવિષ્ટ છે.

"સંગમ" સાહિત્ય રચનઓ ઉપરાંત આપણી પાસે "તોલકકાપિયમ"નામનું વ્યાકરણ તથા કવિતાને લગતું પુસ્તક છે. આ સિવાય આપણી પાસે જોડકા મહાકાવ્યો-"શૈલપદ્દીકોરમ" અને "મણીમેખલાઈ પણ છે. આ બંનેનું સંકલન ઈસુના છઠ્ઠા સૈકા દરમ્યાન થવા પામેલ છે. તેમાંના પ્રથમ તમિલ સાહિત્યના "રત્ન" તરીકે નવાજવામાં આવે છે. જે એક પ્રેમ કથા છે.જ્યારે બીજું મહાકાવ્ય એ મદુરાઈના અનાજના વ્યાપારી દ્વારા રચાયેલ છે. આ મહાકાવ્યો ઈસુના બીજા સૈકાથી છઠ્ઠા સૈકા સુધીના સામાજિક અને આર્થિક જીવન પર પ્રકાર પાથરે છે.

ઈસુના છઠ્ઠાથી બારમા સૈકા દરમ્યાન તમિલ ભાષામાં ભક્તિ ગીતોની રચના થકી નયનાર "શૈવ ભકતો" અને અલયાર (વિષ્ણું ભકતો)નામના સંતો ભક્તિ આંદોલનનાં અગ્રદુત બન્યાં. તેમણે સમગ્ર ભારતીય ઉપખંડ પર પોતાનો પ્રભાવ પાડયો. આ સમયગાળા દરમ્યાન "કંબરામાયણમ" તેમજ "પેરીયાપૂરાણમ" નામના બે તમિલ ભાષામાં બે શાસ્ત્રીય લેખન કાર્ય થયાં.

## તમે શું શીખ્યા..

- વારસો એ આપણા વૈભવી/સંપત્તિવાન ખજાનાનો એવો એક બૌદ્ધિકભાગ છે. જેને એકથી બીજી પેઢી સુધી હસ્તાંતરીત કરવામાં આવતો હોય છે.
- સંસ્કૃત ભારતની સૌથી પ્રાચીન ભાષા છે.

- ઋગ્વેદ એ માજવમાત્રનો સૌથી પ્રાચીન અને સાહિત્યિક વારસો છે.
- આપણા ઉપનીષદોએ વિશ્વભરના તત્વચિંતકોને પ્રભાવિત કર્યા છે.
- રામાયણ અને મહાભારત જેવા આપણા મહાકાવ્યો આજેપણ સામાજિક મુલ્યો પર પોતાનુ પ્રભુત્વ ધરાવે છે.
- પૂરાણો પ્રજા સમુહને માર્ગદર્શન પૂરો પાડે છે.
- જૈન ધર્મ સારી વર્તણુક તથા નૈતિકતા પર ખાસ ભાર મુકે છે અને તે સાથે અહિંસા, સત્ય પરાયણતા અને ઉગ્રતા (ક્રોધ) પર નિયંત્રણ રાખવાનો ઉપદેશ આપે છે. આ સમયના લોકોના વિચારો અને જિંદગી વિશે જાતક કથાઓમાંથી ઘણું જાણવા મળે છે.
- બૌદ્ધ સંઘો જ્ઞાન પ્રાપ્તી માટેના મહાન કેન્દ્રો ગણાય છે.
- પ્રાચીન કાળના ઉપલબ્ધ સાહિત્યમાંથી કાયદાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર તેમજ સ્થાપત્ય કલાની અમુલ્ય માહિતી મળી રહે છે.
- તમિલ સાહિત્ય સંગમ સાહિત્ય તરીકે જાણીતું છે.

## પાઠાંત સ્વાધ્યાય

(૧) સંસ્કૃત એ ઘણી બધી ભારતયીય ભાષાઓનું ઉદ્‌ગમ સ્થાન છે-સમજાવો.

(૨) ઉપનીષદોનુ મહત્વ સ્પષ્ટ કરો.

(૩) બૌધ્ધ તથા જૈન સાહિત્યના નામ આપીને તેમાંથી તમને ગમતાં કોઈ પણ બે અંગે નોધ તૈયાર કરો.

(૪) નીચેના પર ટુંક નોંધ લખો.

    (૧) સંગમ સાહિત્ય

    (૨) વેદો (વૈદીક સાહિત્ય)

(૫) "શિલપદીકારમ" તથા " મણીમેખલાઈ" ગ્રંથો પાછળ શી કથા રહેલ છે ?

(૬) રામાયણમાં અદભુત કહી શકાય તેવી કઈ બાબત છે ?

## પાઠાંત પ્રશ્નોના ઉત્તર આપો.

૬.૧

(૧) સંસ્કૃત

(૨) ઋગ્વેદ

૬.૨

(૧) જ્ઞાન

(૨) ઋગ્વેદ, યજૂર્વેદ, સામવેદ અને અથર્વવેદ

(૩) એનો અર્થ બલી અને પુજા પાઠ થાય.તત્કાલીન ભારતની સામાજિક અને ધાર્મિક સ્થિતિ

(૪) સોળ હજાર

૬.૩

(૧) ઉપનીષદ એટલે ગુરૂના સાંનિધ્યમાં રહેવું.

(૨) અત્રેય, કેન, કઠ, બૃહદકારણ્ય અને છંદોગ્ય.

(૩) શ્રીકૃષ્ણએ અર્જુનની સમક્ષ એક યોધ્ધાની ફરજો તથા વિવિધ તત્વજ્ઞાનનો પરીશ્રમ પુર્વક તૈયાર કરેલ દષ્ટાંતો અનુ તુલનાઓ રજુ કરી.

૬.૪

(૧) રામાયણ અને મહાભારત

(૨) વાલ્મીકી અને વેદવ્યાસ

૬.૫

(૧) ૧૮ પૂરાણો અને ૧૮ ઉપપૂરાણો છે.

(૨) પૂરાણો (સૃષ્ટિની) રચનાના ગુઢ કોયડાને વંશ વારસાગત-વંશાવળી સહિત દર્શાવે છે.

૬.૬

(૧) પાલી અને અર્ધમાગ્ધી

(૨) વિનય પિટક, સુત પિટક અને અભિધમ્મપિટક

(૩) ભગવાન બુદ્ધના પાછલાં જન્મમાં એમણે આપેલી ધર્મોપદેશ

(૪) હરિભદ્ર સુરી (ઈસુનો બારમો સૈકો)

૬.૭


(૧) કાયદો

(૨) કલ્હણ

(૩) અભિજ્ઞાન શાંકુન્તલમ

(૪) ગીતગોવિંદ

(૫) ચરક





# ૭

# ભારતીય ભાષાઓ અને સાહિત્ય-૨

*કોઈપણ સંસ્કૃતિનો વૈભવ નજરે દેખી અને વખાણી શકાય પરંતુ જો ભાષા અને સાહિત્યની વાત હોય તો તે વાચવું અને સાંભળવુ જ રહયું. આપણે પણ આપણી સંસ્કૃતિના આ પાસા માટે ગર્વ લેવો જોઈએ. આ સમયગાળા દરમ્યમન લખાયેલા મહતમ પુસ્તકો આપણે વાંચી જવા જોઈએ .જેથી તે વખતે બનેલી વધુમાં વધુ ઘટનાઓને સમજવામાં તે મદદરૂપ નીવડી શકે. આપણી આજુ બાજુ બની રહેલ ઘટનાઓની સમજ અન. નિકટતા કેળવવા માટે વધુમાં વધુ પુસ્તકો વાંચીને તેમની આમ અંગે મદદ મેળવી શકાય. આ પ્રકરણમાં આધુનિક ભારતીય ભાષાઓ અને તેના સાહિત્ય વિશે અભ્યાસ હાથ ધરીશું. આ સંદર્ભે આપણે ખ્રિસ્તી મિશનીરીઓ દ્વારા હાથ ધરાયલા પ્રયત્નો અંતર્ગય પ્રારંભિક અવસ્થામાં આધુનિક ભાષાઓના શબ્દ કોષો તથા વ્યાકરણ તૈયાર કરાયા જેન આધારે આધુનિક ભાષાઓના સાહિત્યનો વિકાસ સાધી શકવામાં તેમની શી મદદ મળી હતી. તે વિશે પણ વાંચીશું. એ પહેલા આપણે ભકિત આંદોલન તેમજ રાષ્ટ્રવાદની અર્વાચીન ભારતીય સાહિત્યના ઉત્કર્ષમાં રહેલા પ્રદાન વિશે જાણકારી મેળવીશુ.*

## હેતુઓ

*આ પાઠના વાંચન બાદ તમે....*

- *અર્વાચીન ભારતીય ભાષાઓના વિકાસને પીછાણી શકશો.*
- *ભારતીય સમાજ અને સાહિત્ય ક્ષેત્રે થયેલા, સામાજીક, સાંસ્કૃતિક પરીવર્તન સંદર્ભે ભારતની વિવિધ ભાષાઓમાં ખેડાનનું પરીક્ષણ કરી શકશો.*

- વિવિધતાના એકતાના સંદર્ભમાં ભારતીય ભાષાઓની એક દષ્ટાંત તરીકે ટાંકી શકશો.
- આ નવ જાગૃતિને ક્ષેત્રે ભારતીય ભાષાઓ તેમજ તેના સાહિત્યનો ફાળો મુલવી શકશો.

## ૭.૧ ઉત્તર ભારતીય ભાષા સાહિત્ય

આપણે આગળ ઉપર જોઈ ગયા છે કે ભારતના તેના પ્રારંભીક મધ્યયુગ સુધી ભાષાઓ કેવી રીતે વિકસી હતી ? પ્રાચીન અપભ્રંશ ભાષાઓએ નવુ રૂપ ધારણ કરી લીધુ હતું અથવા તે બીજા રંગરૂપમાં ભળી જવા પામી હતી.આ ભાષાઓ બોલચાલની તથા લેખનની ભાષાઓ તરીકે વિકસી હતી. અશોકના સમયની પ્રાચીન બ્રાહ્મી લીપીમાં ભારે પરીવર્તન આવવા પામ્યુ હતુ. અશોકના સમયની વર્ણમાળા કદમાં અસમાન હતી. પરંતુ હર્ષવર્ધનના સમયે તેનુ કદ એકસમાન બનેલ હોવાથી તે લેખન માટે કેળવાયેલા હાથની ખાત્રી આપે છે.

અભ્યાસ પરથી ફલીત થાય છે કે ઉત્તરભારતની એક માત્ર ઉર્દુ સિવાયની તમામ ભાષાઓનું ઉદ્‌ભવ સ્થાન પ્રાચીન બ્રાહ્મી છે.એક લાંબી અને ધીમી પ્રક્રિયએ તેમની આ ઘાટ/આકાર આપેલ છે. જો આપણે ગુજરાતી, હિંદી અને પંજાબી ભાષાઓની લીપીને એક બીજા સાથે સરખાવીએ તો આપણે ઝડપથી આ ફેરફારને સમજી શકીશું. બોલાતી ભાષાની વાત કરીએ તો વર્તમાન ભારતમાં લગભગ ૨૦૦થી પણ વધુ ભાષાઓ કે બોલીઓ પ્રચલનમાં છે. તેમની કેટલીક વ્યાપક પ્રમાણ તો કેટલીક અમુક પ્રદેશો પુરતી મર્યાદીત વપરાય છે. આ બધામાંથી માત્ર ૨૨ નો જ આપણા બંધારણે સ્વીકાર કરેલ છે.

ઘણા મોટા પ્રામાણમાં લોકો જુદા જુદા સ્વરૂપમાં હિંદી બોલત જણાય છે. જેમાં વજ્રભાષા, અવધી(અવધ પ્રદેશમાં બોલાતી ભાષા), ભોજપુરી, માઘતી, મૈથીલી(મિથીલાની આજુ બાજુમાં બોલાતી) તથા રાજસ્થાની અને ખડીબોલી (દિલ્હીની આજુ બાજુમાં બોલાતી) મુખ્ય છે. રાજસ્થાની એ હિંદીનો પ્રકાર કે એક બોલી જ છે. આ વર્ગીકરણ ઘણા લાંબા સમયથી મહાન કવિઓ દ્વારા સર્જાયેલા સાહિત્યને આધારે કહી શકાય તેમ છે. તેથી સંત સુરદાસ અને સંત બિહારીદાસ દ્વારા ઉપયોગમાં લેવાયેલ ભાષાને "વજ્રતી ભાષા" સંત તુલસીદાસ દ્વારા "રામ ચરિત્રમાનસ"માં પ્રયોજાયેલ ભાષાને "અવધી" વિદ્યામતી દ્વારા વપરાયેલ ભાષાને"મૈથીલી ભાષાનુ ંનામ અપાયેલ છે.પરંતુ આજે આપણે જે હિંદી ભાષાને ઓળખીએ છીએ તે ખડીબોલી છે. જો કે ખુસરોએ પોતાની રચનાઓ ૧૩મા સૈમાં ખડીબોલીનો ઉપયોગ કર્યો હતો. તેનું સાહિત્યમાં પ્રયોગ થવાની શરૂઆત છે કે ૧૯ના સૈકા દરમ્યાન થવા પામી હતી. તેનો ઉર્દુ પર પણ પ્રભાવ ઝીલાયેલ છે.

## ૭.૨ ફારસી અને ઉર્દુ

ઈસુના ચાથા સૈકા બાદ ઉર્દુનુ એક સ્વતંત્ર ભાષા તરીકે ઉદભવ થવા પામ્યો. તુર્કો અને મઘલોના ભારતમાના આગમન બાદ અરબી અને ફારસી ભારતમાં પરીચય થવા પામ્યો હતો. ફારસી તો છઠ્ઠા સૈકાઓ સુધી દરબારી ભાષા તરીકે પ્રચલનમાં રહી. ઉર્દુ એક એવી ભાષા છે કે જે હિંદી અને ફારસીના સંયોજનરૂપે જન્મ પામી છે.

દિલ્હી વિજય (૧૧૯૨-તરાઈનુ બીજુ યુધ્ધ) બાદ તુર્કો આ વિસ્તારમાં સ્થાથી. ઉર્દુનો ઉદભવ આવા નવો વસવાટ કરનારાઓ તેમજ છાવણીમાં રહેનારા સૈનિકો તથા સામાન્ય જનતાના પરસ્પરના સહવાસને લીધે જન્મી છે. મુળ તે એક બોલી માત્ર હતી. પરંતુ જ્યારે લેખકોએ ફારસી ભાષાનો ઉપયોગ કરવા માંડયો કે તુરંત જ તેને એક ભાષા તરીકેના જરૂરી તમામ લક્ષણો હાંસલ કરી લીધા. પરંતુ જયારે તેને અહેમદ નગર, બિજાપુર ,ગોલકાંડા તથા બિરર જેવા બહમની રાજયએ પોતના ઉપયોગ માટે સ્વિકારી ત્યારે તેને એક પ્રેરકબળ મળી રહયું. અહી તો તે દખ્ખનની કે દક્ષિણ ભાષા તરીકે ઓળખાવા લાગી. સમય જતા તે દિલ્હી વિસ્તારમાં પણ લોક પ્રીય બની જવા પામી.

અઢારમાં સૈકાના પ્રારંભિક તબકકામાં ઉર્દુ અત્યંત લોકપ્રિય બનવા પામી. લકો હવે પાછલાં મોઘલ બાદશાહોનંન વિગતો પણ ઉર્દુમાં આપતા થયા. ધીમે ધીમે તેને એવું સમ્માન જનક સ્થાન મળવા પામ્યું કે લકો તેમાં પદ્ય અને ગદ્ય સાહિત્યા રચનાઓ પણ કરતા થયાં. અંતે ઘોગઈ બાદશાહ બહાદુર શાહ ઝફરે પોતાની રચનાઓ ઉર્દુ ભાષામાં જ કરી છે.તેની કેટલીક પંકિત અને હિંદી અને ઉર્દુ ભાષી વિસ્તારોમાં અત્યુત જાણીતી બની જવા પામી હતી.તે પછી ઘણા બધા કવિઓએ એક બીજાને દેખા દેખીથી ઉર્દુમાં કાવ્ય રચનાઓ કરવા માડી. તેને માનભર્યુ સ્થાન અપાવ્યું. પ્રારંભિક ઉર્દુ કવિઓમાં અમીર ખુસરો (ઈ.સ. ૧૨૫૩-૧૩૨૫) નો ઉલ્લેખ થલ શકે. તેને સુલતાન બલ્લબના સમયથી એ વિસ્તારોમાં ઉર્દુમા કાવ્ય રચનાઓ શરૂ કરી. જેને નિજામુદ્દીન ઓલીયા પણ અનુસર્યા હતા. એમ કહેવાય છે કે તેમને ૯૯ કાવ્યોની રચના કરી હતી. જેમાં "લૈલા-મજનુની" અને અલ્લઉદીન ખલજીને સમર્પિત કૃતિ આયનાએ સિંકદરી મુખ્ય છે . એમાંના અન્ય વિખ્યાત કવિઓમાં મિર્જા ગાલીબ , ઝૌક અને ઈકબાલની ઉર્દુ રચનાઓનો સંગ્રહ બંગ-એ-દાર કહેવાય છે. જેમની રચના "સારે જહાં અચ્છા હિંદોસ્તા હમારા' એ ભારતના તમામ રાષ્ટ્રીય સમારોહમાં ગવાતુ જણાય છે. આ ગીતનાં વાદન સિવાયની કોઈપણ લશ્કરી કવાયત પુરી થતી હોતી નથી. દિલ્હી જેવાં મોટા મોટા શહેરોના મુશાયરા મહેફીલોના કાર્યક્રમોમાં આવતાં. શાયરો ગાલીબ, રાઉમ બુલીસા, વારીશાહ અને ઘણા બધા શાયરોની નજામો અને ગઝલો અચુક ગાતા હોય છે. આ ઉપરથી તમને અચુક ખ્યાલ આવી જશે કે આપણો ભાષા સાહિત્યનો આટલો સમૃદ્ધ વારસો આજ પર્યત કેવી રીતે જળવાઈ રહયો છે ? તે આપણા જીવનની સંપન્ન કરવા સાથે લોકોને પરસ્પર એક બીજા સાથે ઓતપ્રોત થઈ જવામાં અત્યંત મદદરૂપ બની રહે છે.

ઉત્તમ ઉર્દુ ગદ્ય રચના કારોમાં પં. રતનનાથ સરસારકે જેમને વિખ્યાત "ફસાના-એ-આઝાદ" ની રચનાઓ કરી છે તે મુખ્ય છે. પ્રરંભિક દિવસોમાં મુન્શી પ્રેમચંદ ક જે હિંદીના ઉગતા પ્રભાત સમા છે. તેમને પણ પોતાની રચનોઓ ઉર્દુમાં કરી છે. ઉર્દુએ આપણને કવિતાનું નવલું સ્વરૂપ-નઝમ આપેલ છે. ઉર્દુને લખઉના નવાબોએ રાજ્યાશ્રય આપ્યો હતો. તેઓ આ ભાષા-ઉર્દુમાં કાવ્ય સંગ્રહો રચતા ધીમે ધીમે તે અત્યંત લોકપ્રિય ભાષા બની રહી કે પાકિસ્તાને તો ઉર્દુ ભાષાને રાજય ભાષાનો દરજજો પણ આપી દીધો છે.

## મુઘલકાલીન સાહિત્યિક વિકાસ

*મુઘલકાળ દરમ્યાન સાહિત્યને ક્ષેત્રે અદભુત વિકાસ થવા પામ્યો. બાબર અને હુમાયુ(બંને) સાહિત્યના ચાહક હતા. બાબર ખેદ ફારસી ભાષાનો વિદ્વાન હતો. તેને લખેલ પુસ્તક(આત્મકથા) "તુઝુક-એ-બાબરી" તુર્કિ ભાષા-સાહિત્યનું ઉચ્ચ કક્ષાનું ઉદાહરણ છે. હુમાયુએ જાતે જ તેનુ અરબી ભાષામાં ભાષાંતર કરેલ છે. તે સ્વયં વાચનનો ભારે શોખીન હોવાથી તેને એક પુસ્તકાલય સ્થાપિત કર્યુ હતુ. "હુમાયાનામા" નામનું આ સમયે લખાયેલ પુસ્તક ઘણી જ ઉચ્ચ કક્ષા ધરાવે છે.*

*અકબર પણ વાચનનો શોખીન હતો. આ સમયે રચાયેલ ગ્રંથોમાં " અકબરનામા" , "સુરસાગર" ,"રામચરસત માનસ" મુખ્ય છે.મલીક મોહમ્મદ જાયસીકૃત "પદ્માવત જાયસી" અને કેશવ કૃત " રામચંદ્રિકા" પણ આ સમયે જ રચાયા હતા. જહાંગીરે તો સાહિત્યને શ્રેષ્ઠ રાજ્યાશ્રય પ્રદાન કર્યો હતો. તે જાતે પણ ઉચ્ચ કક્ષાનો વિદ્વાન હતો .તથા તેને પોતાનુ આત્મકથાનક પણ લખ્યું છે.(તુઝુક -એ-જહાંગરી) શાહજહાના શાસનકાળમાં અબ્દુલ હમીદ લાહોરી નામનો વિખ્યાત વિદ્વાન થઈ ગયો. તેને "બાદશાહ નામા" ની રચના કરી જોકે ઔરંગજેબના શાસનકાળમાં સાહિત્યિક પ્રવૃતિને ઠેસ પહોંચી.*

*ઉર્દુ સાહિત્યનો વિકાસ મોઘલ સત્તાકાળના અંતિમ તબકકામાં વિકાસ પામ્યો. તેનો યશ સર સૈયદ એહમદ ખાન તેમજ કવિ મિર્ઝા ગાલીબને ફાળે જાય છે. સર સૈયદ એહમદની ભાષા અત્યંત સરળ અને પ્રભાવશાળી હતી .તેમની રચનાઓ"મિર્ઝા ગાલીબ ' જેવા અન્ય તત્કાલીન પ્રખ્યાત શાયરોને પ્રોત્સાહન પુરૂ પાડયું .તેમણે ઉર્દૂ કવિતાના ઉત્કર્ષ સંદર્ભે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. આ સાથે કેટલાંક અન્ય ઉર્દુ શાયરોએ-લેખકોએ પણ ઉર્દુ કવિતાકલાને સંપન્ન કરવામાં રસ લીધો. મૌલીમ અલ્તાબ હુસૈન અલી અકબર ઈલાહાબાદી અને ડો.મોહમદ ઈકબાલ આ પૈકીના શ્રેષ્ઠ નામો છે.*

*એક દરબારી ભાષા હોવાને નાતે ફારસીમાં આ સમયગાળા દરમ્યાન પુષ્કળ સાહિત્ય સર્જાવા પામ્યુ. અમીર ખુસરો તથા આમીર હસન દહેલવીએ ફારસી ભાષામાં અત્યંત ઉચ્ચ કક્ષાનું કાવ્ય સર્જન કરેલ છે. મિનાસ-ઉસ-સિરાઝ, ઝીયાઉદ્દીન, બર્ની તેમજ ઈન્બબતુતા કે જેને આ સમયના ભારતની મુલાકાત લઈને તત્કાલીન શાસકોના શાસનમાં અહેવાલો, અગત્યની રાજકીય ઘટનાઓ અને પ્રંસગોનું ફારસીમાં આલેખન કરેલ છે.*

*મધ્યકાળ દરમ્યાન ઉર્દુ ભાષાને રાજભાષા તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયો. ફલતઃ આ ફારસી ભાષામાં લખાયેલા ઘણા બધા ઐતિહાસીક દસ્તાવેજો, વહીવટી નોંધો અને અતિસમૃધ્ધ એવું સાહિત્ય આપણા સુધી પહોંચી શકયું છે. મોઘલ શાસકોમાં વાંચન અને સાહિત્યની એક ઉત્કૃષ્ટ પરંપરા જળવાયેલ જણાય છે. બાબબે તુર્કિ ભાષામાં તેનું"તુઝક" (આત્મકથાનક) લખ્યુ હતું પરંતી તેના પૌત્ર અકબરે તો તેની ફારસી ભાષામાં ભાષાંતરીત કર્યુ હતુ.(તે ફારસી ભાષા તરફનો તેનો સ્નેહ દર્શાવે છે). અકબરે*

પોતાના રાજદરબારમાં અનેક વિદ્વાનને આશ્રય આપ્યો હતો. તેણે મહાભારત(જેવા હિંદુ ધર્મના પવિત્ર મહાકાવ્યનું) પણ ફારસીમાં ભાષાંતર કરાવ્યું હતું. જહાંગીરની આત્મકથા (તુઝુક-એ)જહાંગીરી) ફારસીમાં છે. અને તે સાહિત્યની એક ઉત્કૃષ્ટ કૃતિ ગણાય છે. આમ, મુઘલો દ્વારા આ દેશમાં અઢડક ફારસી સાહિત્ય સર્જાવા પામ્યું છે. તેમાંથી આપણને અકબર અને તેના સમયની પુરતી માહિતી ઉપલબ્ધ બની રહી છે. કવિ ફૈઝીએ સુંદર ફારસી કવિતાઓ રચી છે. મુઘલકાલીન "પત્ર વ્યવહાર" (ઈન્શા)ના કેટલાંક અંશ આપણે મળી આવ્યાં છે. મુઘલકાલીન ઈતિહાસ પર પ્રકાશ પાથરવા પર ઉપરાંત તે વિવિધ પ્રકારના પત્રલેખનની રીતો દર્શાવે છે. "ચંદ્રભાણ'નામના અન્ય શાહજહાં કાલીન લેખકને ઉત્કૃષ્ટ ગદ્ય સાહિત્ય તેમજ ઈતિહાસ લેખક તરીકે ગણાવી શકાફ. એ જરીતે આપણે ઔરંગજેબ પર પ્રકાશ પાડતું એક તબકાત-એ-આલમગીરી નામનું પુસ્તક પણ મળ્યું છે.અકબરના સયમમાં બદાયુની નામનો એક પ્રખ્યાત લેખક થઈ ગયો. જ્યારે વીસમાં સૈકામાં કવિ ઈકબાલે ફારસીમાં સુંદર કાવ્ય રચનાહઓ કરી. આ તમામ હવે ભારતીય વારસાને સંસ્કૃતિનો એક ભાગ બની ગયો છે.

આ સમયના નોંધપાત્ર હિંદી કવિઓમાં કબીર, તુલસીદાસ, સુરદાર અને રહીમનો સમાવેશ થાય છે. કબીરના દોહા આજે પણ અત્યંત લોકપ્રિય છે.જ્યારે તુલસીદાસ કૃત "રામચરીત માનસ" હિંદુનાં એક પવિત્ર ગ્રંથ તરીકે જાણીતું છે. "બિહારી સતસઈ"ની રચના અકબરના સમયે થવા પામી તે પણ અત્યંત પ્રચલીત (સાહિત્ય કૃતિ) છે. અકબરના દરબારના કેશવ મિશ્રકૃત " અલંકાશિખર" રજુ કરવામાં આવ્યું હતું. તે લેખન શૈલીની ઉત્કૃષ્ટતા દર્શાવતી મહાન સંસ્કૃત સાહિત્ય કૃતિ છે . અકબરે પણ ભગવદગીતાના અને ઉપનિષદ જેવા અસંખ્ય સંસ્કૃત ગ્રંથોનું ફારસીમાં ભાષાંતર કરાવ્યું હતું.

## પાઠગત પ્રશ્નો ૭.૧

(૧) હિંદી સાહિત્યના જુદા જુદા સ્વરૂપો કયા છે?

..........................................................................

(૨) રામચરીત માનસમાં તુલસીદાસે કઈ ભાષાનો ઉપયોગ કર્યો છે ?


..........................................................................

(૩) ભારતમાં ઉર્દુ ભાષા કઈ રીતે વપરાશમાં આવવા પામી ?

..........................................................................

(૪) કયાં દેશે ઉર્દુને રાજયભાષાનો દરજજો આપ્યો છે ?

..........................................................................





## ૭.૩ હિંદી સાહિત્ય

આ સમયે હિંદી, બંગાળી, આસામી , ઉડીયા, મરાઠી અને ગુજરાતી જેવી પ્રાદેશીક ભાષાઓમાં ઉત્કૃષ્ટ વિકાસ નોંધાવા પામ્યો. ૧૪માં સૈકામાં દક્ષિણમાં મલયાલમ એક સ્વતંત્ર ભાષા તરીકે ઉદભવી. આ તમામ ભાષાઓના ઉદ્ભવે સંસ્કૃતનું એટલા માટે પતન કર્યુ કે તે બધી હવે વહીવટી કામકાજમાં એક માધ્યમ તરીકે વપરાવા લાગી હતી. આ પ્રાદેશીક ભાષાઓના ઉદ્ભવ વિકાસમાં ભકિત આંદોલન અને સ્થાનિક કક્ષાના ઉપયોગે પણ મહત્વપૂર્ણ સહાયતા પુરી પાડી. આપણે આ અગાઉ નોંધી ગયા છે કે ઉત્તર અને પશ્ચિમ ભારતમાં અનેક બોલીઓ વિકસી હતી."પૃથ્વીરાજરાસો" મોટેભાગે આ હિંદી ભાષામાં રચાયેલં સર્વપ્રથમ પુસ્તક છે. તે પૃથ્વીરાજ ચૌહાણનાશાસનો એક આધાર ભુત દસ્તાવેજ છે. જોકે તેના લેખનમાં કેટલીક તૃટીઓ રહી જવા પામી છે. જેમ જેમ વિસ્તારમાં વધારો થાય તેમ તેમ ત્યાં બોલાતી ભાષામાં પણ પરીવર્તન આવતું રહે છે. નવી નવી પરીસ્થિતિઓના વર્ણન માટેના શબ્દો કાંતો ટાંકવામાં આવતાં હોય છે અથવા જયાં તેનો વિશેષ પ્રભાવ હોય ત્યાંથી લેવામાં આવે છે. હિંદી સાહિત્ય લેખકો હંમેશા સંસ્કૃતના શાસ્ત્રો જેવા કે ભરતમુનીના "નાટયશાસ્ત્ર" વગેરેને માર્ગદર્શન માટે નજર સમક્ષ રાખીને કામ કરતાં આવ્યાં છે. બારમાં અને તેરમાં સૈકા દરમ્યાન દક્ષિણ ભારતમાં શરૂ થયેલ એક ચળવળ ભકિત આંદોલનના નામે જાણીતી બની.તેનો પ્રભાવ જેમ જેમ ઉત્તરમાં પણ ફેલાતો ગયો તેમ તેમ ગદ્ય અને પદ્ય રચનાઓનું હિંદીમાં સર્જન થવા લાગ્યું. કવિતાઓ હવે મોટેભાગે ભકિતભાવ પૂર્ણ સ્વરૂપની બનવા લાગી. તુલસીદાસ જોવ કેટલાંક કવિઓએ પોતાના વિસ્તારમાં પ્રચલીત ભાષામાં જ સાહિત્ય રચનાઓ કરવામાંડી જયારે કબીરદાસ જેવા અન્ય સંતોએ કે જેઓ અવાર-નવાર એકથી બીજા સ્થળે ફરતા રહેતા. તમણે તેમાં ફારસી તેમજ ઉર્દુભાષાઓ ઉપયોગ પણ કરવા માંડયો. જો કે એમ કહેવાય છે કે તુલસીદાસ કૃત "રામચરીતમાનસ" વાલ્મીકી રામાયણ પર આધારીત છે. તેમ છતાં તેમને પણ તેમાં લોક કથા આધારીત કેટલાંક નવા દશ્યો અને પરીસ્થિતિઓનો ઉમેરો કર્યો છે. દા.ત. સીતાજીના દેશવટાની વાત વાલ્મીકી રામાયણમાં આવતી હોવા છતાં તુલસીદાસે તેનો ઉલ્લેખ જ કર્યો નથી. તુલસીદાસે કથાના નાયકને દૈવી સ્વરૂપ આપ્યું છે. જયારે વાલ્મીકીના કથાનાયક રામ એક સામાન્ય માનવ જ છે.

ઈસનુના ૭માં-૮માંથી ૧૪માં સૈકા દરમ્યાન હિંદીનું અપભ્રંશ સ્તર શરૂ થવા માંડયું હતું. તેને વીરોચિત કાવ્યો અથવા આદીકલાના જેક કે વીરગાથાકાળ તરીકેના લક્ષણોમાં દર્શાવાનું શરૂ થયું . રાજપુત રાજવીઓના શાસનકાળમાં તેને રાજયાશ્રય આપીને ભવ્યગાથાઓ અને કાવ્યો તરીકે નવાજવામાં આવ્યાં . આમાંની અત્યંત જાણીતી પ્રતિભાઓમાં કબીર અને તુલસીદાસનો સમાવેશ થાય છે. અર્વાચીનકાળમાં ખડીબોલી વધુ પ્રચલીત બની અને સાહિતયની વિવિધતાઓ સંસ્કૃતમાં રજુ થઈ.

એ જ રીતે સંત સુરદાસે "સુરસાગર" લખી તેમાં શ્રીકૃષ્ણના બાલ સ્વરૂપને તેમજ એક યુવક તરીકે ગોપીઓ સાથે મોજ મસ્તી કરતા દર્શાવ્યા છે. આ કવિઓએ શ્રી કૃષ્ણઓના મનોમસ્તિષ્ક પર

તેનો પ્રગાઢ પ્રભાવ પાડયો છે. રામ અને કૃષ્ણ સાથે સંકળાયેલ તહેવારો પણ અત્યંત લોકપ્રિય પુરવાર થયા છે.તે જ માટેનો યશ આ કવિઓને ફાળે જ જાય છે. મધ્ય યુગ દરમ્યાન તેમનો આ પ્રભાવામાત્ર અન્ય કવિઓએ જ નહી પણ ચિત્રકારોએ પણ ઝીલ્યો હોય તેમ જણાય છે. રાજસ્થાનની ભાષા બોલતાં મીરાબાઈ ઉપરાંત રસખાન જોકે મુસ્લીમ હોવા છતાં શ્રીકૃષ્ણના ગીતો ગાતા હતા. નંદદાસ ભક્તિધારાના મહત્વપૂર્ણ કવિ હતા. રહીમ અને ભુગાણ જુદી જુદી ધારાઓના કવિઓ હતાં. ભક્તિ તેમનો વિષય ન હતો. આધ્યાત્મિકતા, નૈતિક આચાર સંહિતા તથા વ્યાવહારીક નિતિઓ તેમની રચનાના વિષયો હતા. કવિ બિહારીએ ૧૭મા સૈકામાં પોતાની (બિહારી) "સતસઈ"નામની કૃતિ રચી. જે આપણે શૃંગાર રસ ઉપરાત બીજા કેટલાંક રસોનો આસ્વાદ કરાવે છે.

સંત કબીર સિવાયના ઉપરોક્ત બધાજ કવિઓએ મોટેભાગે પોતાની આધ્યાત્મિક વૃતિના સંતોષ માટે પોતાની ભાવાભિવ્યક્તિ કરી છે. કબીરજીને વાડા કે જુથબંધીવાળા ધર્મમાં શ્રધ્ધા ન હતી . તેઓ નિરાકાર બ્રહ્મ ઈશ્વરના પરંમ ભકત હતા. જેના ગુનગાનમાં જ તેનુ સર્વસ્વ સમાવિગટ હતું. ઉક્ત તમામ કવિઓએ ઉત્તર ભારતના સમાજને પૂર્વ કોઈએ કયારેય ન કર્યા હોય એટલો પ્રભાવિત કર્યો હતો. ખાસ તો ગદ્ય કરતાં પદ્ય રચનાઓ વધુ સહજતાથી યાદ રહેતી હોવાથી એ રચતા કવિઓ વધુ લોકપ્રિય પુરવાર થયા.

છેલ્લા ૧૫૦ વર્ષોમાં અર્વાચીન ભારતીય સાહિત્યના વિકાસમાં જે પ્રદાન નોંધ્યુ તે આ પ્રાદેશીક ભાષાઓ અને અંગ્રેજી ભાષા થકી જ સંપન્ન થવા પામ્યું છે. બંગાળી ભાષાના એક મહાન કવિવર રવિન્દ્રનાથ ઠાકુર ઈ.સ. ૧૯૧૩માં ભારતના સર્વ પ્રથમ સાહિત્ય ક્ષેત્રેના નોબેલ પુરસ્કાર વિજેતા (ગીતાંજલી માટે) બનવા પામ્યાં.(તે સા વાતની ખાત્રી કરાવવા માટે પર્યાપ્ત ગણાય )

આમ છતાં હિંદ ગદ્ય સાહિત્ય તેના અસલ સ્વરૂપમાં તો ૧૯માં સૈકાના શરૂઆતના સમયમાં જ-પૂર્વાધમાં અસ્તીત્વ ધરાવતું થયું. ભારતેન્દુ હરીચંન્દ્ર હિંદી નાટય લેખકોમાં સર્વ પ્રથમ હતા. જો કે તેમના નાટકો મુખ્યત્વે સંસ્કત તથા અન્ય ભાષાઓમાં રચાયેલ કૃતિઓના ભાષાંતર માત્ર હતા. તેમ છતાં તમને એક નવી પરંપરા જરૂર સ્થાપી હતી. બીજા એક મહાવીર પ્રસાદ દેવેન્દ્રી હતા. તમને પણ ભાષાંતરો કર્યા અથવા સંસ્કૃતમાંથી રૂપાંતરીત કર્યા.બંકીમચંદ્ર ચેટરજી (૧૮૩૮-૯૪) એ મુખ્યત્વે બંગાળી ભાષામાં જ નવલકથાઓ લખી. તેનું હિંદી ભાષામાં ભાષાંતરો થયા અને અત્યંત લોકપ્રિય બન્યાં. વંદે માતરમ નામનું આપણું રાષ્ટ્રીય ગીત તેમની નવલ કથા આનંદ કઠનો જ એક ભાગ છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ હિંદી ભાષાના ઉત્કૃર્ષ માટે જે પ્રદાન આપેલ છે. તેની નોંધ લીધા વિના ચાલે તેમ નથી. તેઓ મુળ ગુજરાતના (મોરબી પાસેના ટંકારા ગામે વતની) હતા. તથા સંસ્કૃતના પ્રમુખ વિદ્વાન હતાં . તેમને હિંદીને રાષ્ટ્રભાષા બનાવવાની પ્રબળ હિમાયત કરી. તેમને જાતે જ હિંદીમાં લખવાની (તથા તેમાં પ્રવચનો આપવાની ) શરૂઆત કરી. ખાસ કરીને ધાર્મિક સુધારણાઓ સાથે સંકળાયેલા સામાયીકો (ગ્રંથો)માં લેખો લખ્યાં તેમને હિંદીભાષામાં લખેલ "સત્યાર્થ પ્રકાશ" તેમની

અત્યંત મહત્વપૂર્ણ સાહિત્ય રચના છે . આ ઉપરાંત હિંદી ભાષાના સાહિત્યનું સંપન્ન કરનામ અન્ય કેટલાંક વિદ્વાનોને નામોમાં મુન્શી પ્રેમચંદ મુખ્ય છે. તેમને ઉર્દુમાં લેખન પ્રવૃતિનો પ્રારંભ કર્યો હતો. પરંતુ પાછળથી તેઓ હિંદીમાં લખતા થયા હતા. આવા અન્ય લેખક સુર્યકાંત ત્રિપાઠી "નીરાલા"ને ખુબ જ પ્રસિદ્ધી પ્રાપ્ત થઈ. કારણ કે તેમને સમાજમાં વ્યાપ્ત રૂઢીઓ સામે પ્રશ્નાર્થ ચિહન મુકયુ હતું. મહાદેવે વર્મા સર્વ પ્રથમ મહીલા લેખીકા હતા. તમને સ્ત્રી સમસ્યાઓને વાચા આપી . આ સંદર્ભે મૈથીલીશરણ ગુપ્તનુ નામ પણ નોંધપાત્ર ગણાયું. જય શંકર પ્રસાદે સુંદર નાટકો રચ્યાં.

## હિંદી ભાષાનો અર્વાચીન કાળનો વિકાસ

### હિંદી ભાષા

અર્વાચીન (હિંદી) ભાષાનો વિકાસ ૧૮મા સૈકામાં થવો શરૂ થયો. આ સમયગાળાના મુખ્ય લેખકોમાં સુરસુદા સુખલા તેમજ ઈન્સાઅલીહ ખાનનો સમાવેશ થયો છે. ભારતેન્દુ હરીચંન્દ્રએ પણ હિંદીમાં લેખનકાર્ય કર્યુ. એ જ રીતે રાજા લક્ષ્મણસિંહે શાંકુન્તલને હિંદીમાં અનુવાદીત કર્યુ. હિંદીએ તો વિપરીત સંજોગોમાં વિકાસ સાધ્યો કે જયારે બધુ સરકારી કામકાજ ઉર્દુમાં થતું.

### હિંદિ સાહિત્ય

ભારતેન્દુ હરિચંન્દ્ર, મહાવીર પ્રસાદ ત્રિવદી, રામચંન્દ્ર શુકલ અને શ્યામ સુંદરદાસ વગેરે હિંદી સાહિત્યના મુખ્ય લુખકો-સાહિત્યકારો છે. જયશંકર પ્રસાદ, મૈથીલીશરણ ગુપ્ત, સુમીત્રાનંદન પંત, સુર્યકાંત ત્રિપાઠી "નીરાલા" મહાદેવી વર્મા, રામધારીસિંહ "દીનકર" અને હરીવંશરાય બચ્ચન વગેરેએ હિંદી કવિતા સમૃદ્ધ કરવામાં ઉત્કર્ષ પ્રદાન આપેલ છે. એ જ રીતે મુન્શી પ્રેમચંદ, વૃંદાવન લાલ વર્મા અને ઈલાચન્દ્ર જોશીએ હિંદી ભાષામાં નવલકથાઓ લખી છે.

જો ઉપરોક્ત લેખકો સાહિત્યકારો પર એક નજર કરીએ તો સ્પષ્ટપણે જણાઈ આવશે કે એ સર્વએ ઉદ્દેશ્યપૂર્ણ લેખનકાર્ય કર્યુ. સ્વામી દયાનંદ સરસ્વતીએ ભારતીય જન સમાજને સુધારવા સંદર્ભે તથા ખોટી માન્યતાઓ અને સામાજિક કુરિવાજોના ઉન્મૂલન માટે ઘણું બધું લખ્યું. મુન્સી પ્રેમચંદે ગરીબ લોકોની દયાજનક સ્થિતિ તરફ સમાજનું ધ્યાન આકૃષ્ટ કરવા માટે લખ્યું. જયારે મહાદેવી વર્માએ સમાજમાં મહિલાઓની કફોડી સ્થિતિ પર પ્રકાશ પાથર્યો હતો. તથા 'નિરાલા' અર્વાચીની નવજાગૃતિના અગ્રદૂત બન્યા.

### પાઠગત પ્રશ્નો ૭.૨

(૧) નાટયશાસ્ત્રના લેખક કોણ છે ?

.....................................................................................

(૨) વાલ્મીકી અને તુલસીદાસના "શ્રી રામ પાત્રમાં" શું તફાવત છે ?

..........................................................................

(૩) સુર સાગરમાં શ્રીકૃષ્ણની ભુમિકા કઈ રીતે જુદી પડે છે ?

..........................................................................

(૪) આપણું રાષ્ટ્રગીત વંદેમારત કયાં પુસ્તકમાંથી લેવામાં આવ્યુ છે ?

..........................................................................

(૫) આપણને અવું કઈ રીતે લાગે છે કે હિંદી લેખકો ચાક્કસ હેતુ સાથે લખે છે ?


..........................................................................

## ૭.૪ બંગાળી, આસામી અને ઉડીયા સાહિત્ય

હિંદી પછી સૌથી મહત્વપુર્ણ સાહિત્ય બંગાળમાં વિકસ્યું હોવાનુ જણાય છે. બાપ્ટિસ્ટ મિશન પ્રેસની સ્થાપના કલકત્તા નજીક સેરમપુરમાં ઈ.સ. ૧૮૦૦માં થઈ હતી. તે વર્ષે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ફોર્ટ વિલીયમ કોલેજની સ્થાપના કરી. એ કોલેજમાં કંપનીના નોકરો વધુ યોગ્યતાપૂર્ણ રીતે કામ કરી શકે તે માટે કાયદા, રીતરીવાજ, ધર્મો, ભાષાઓ તથા સાહિત્ય શીખવવામાં આવતું હતું.

ભક્તિ આંદોલનનો વિકાસ અને ચૈતન્ય મહાપ્રભુ દ્વારા રચિત ભકિત-ગીતોએ બંગાળી ભાષાની પ્રગતિમાં મુખ્ય ભુમિકા ભજવી. મંગલ કાવ્યો નામનો વર્ણનાત્મક ગીતો પણ આ સમય દરમ્યાન અત્યંત લોકપ્રિય થવા પામ્યાં. તેમને સ્થાનીક દૈવી તત્વો જેવાં કે ચાન્દી વગેરેની પુજા-અર્ચના શિવ અને વિષ્ણું જેવા પૌરાણીક દેવતાઓના સ્થાને કરવી શરૂ કરી.

વીલીયમ કેરી દ્વારા આ સંદર્ભે એક અગત્યની સિધ્ધી હાંસલ કરાઈ તેણે બંગાળી વ્યાકરણ ગ્રંથ લખી. અંગ્રેજી- બંગાળી શબ્દકોષ પ્રકાશીત કર્યો. આ ઉપરાંત તેણે સંવાદો અને વાર્તાઓના પુસ્તકો લખ્યાં. અત્રે એ ખાસ નોંધવુ જોઈએ કે કોઈપણ સાહિત્યના વિકાસમાં વ્યાકરણ અને શબ્દકોષ ઘણા અગત્યના હોય છે. વ્યાકરણ સાચી વાક્ય રચના માટે લેખકને માર્ગદર્શન પુરૂ પાડે છે. શબ્દકોષ ચોક્કસ પરીસ્થિતિ અથવા વિચાર સંદર્ભે અનુકુળ શબ્દો પુરા પાડે છે. ધર્મ પ્રચારકો દ્વારા ચલાવાતાં મુદ્રાણલતો (પ્રેસ) નો મુખ્ય ઉદ્દેશ્ય ખ્રિસ્તી ધર્મનો પ્રચાર-પ્રસાર કરવાનું હોય છે. તેમ છતાં અન્ય લોકો દ્વારા સંચાલીત પ્રેસે બિન ખ્રિસીના સાહિત્યના વિકાસમાં ભારે મદદ પુરી પાડી મને લીધે અસંખ્ય સામાયીકો અને નાના મોટા પુસ્તકો સર્જાયા. સાથે સાથે ધીમે રહીને શિક્ષણનો પણ પ્રચાર થવા લાગ્યો. જ્યારે ટી.બી. મેકોલે ૧૮૩૫ના પૂર્વાત્યવાદી (ભારતીય માતુભાષાના તરફદાર) લોકો સામેના વિવાદમાં જીત્યો ત્યારે પાશ્વાત્ય કેળવણીનો પ્રચાર ઝડપી બનવા પામ્યો. ૧૮૫૪માં સર ચાર્લ્સ વુડનો ખરીતો આવ્યો. ત્યાર બાદ ૧૮૫૭માં કોલકાતા, ચેન્નઈ અને મુંબઈ મુકામે ત્રણ યુનિવર્સીટીઓ સ્થાપવામાં





આવી. શાળા-કોલેજના પાઠય પુસ્તકો ઉપરાંત અન્ય સાહિત્ય પણ સર્જાયુ. તેમ છતાં રાજારામ મોહનરાયે અંગ્રેજી ઉપરાંત બંગાળી ભાષામાં પણ લખ્યું. તેના લીધે બંગાળી ભાષા-સાહિત્યને વેગ મળ્યો. ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર (૧૮૨૦-૯૧) તેમજ અક્ષય કુમાર દત્ત (૧૮૨૦-૮૬) તથા શરદચંન્દ્ર ચેટરજી (૧૮૭૬-૧૯૩૮) તથા લબ્ધપ્રતિષ્છિત ઈતિહાસકાર અને ગદ્ય લેખક આર.સી. દત્ત વગેરેએ પણ બંગાળી સાહિત્ય કરવામાં પોતાનુ પ્રદાન નોધાવ્યું. આ બધામાં સર્વોચ્ચ નામ છે, રવિન્દ્રનાથ ઠાકુર(ટાગોર)નું (૧૮૬૧-૧૯૪૧) છે. તેમને સમગ્ર ભારત પર પોતાનો પ્રભાવ પાડયો છે. તેમની કલમે નવલકથાઓ, નાટકો,નવલીકાઓ, ટીકાઓ,વિવેચનો, ગીત-સંગીત અને નિબંધો રચ્યાં. ઈ.સ.૧૯૧૩માં તેમને (તેમની સાહિત્ય કૃતિ) ''ગીતાંજલી'' માટે સાહિત્યનું નોબેલ પ્રાઈઝ પ્રાપ્ત થયું. પાશ્ચાત્ય વિચારોના પ્રભાવ સંદર્ભે થોડલ બાબતો પર અત્રે ધ્યાન દોરવું જરૂરી છે. તેનો પ્રભાવ સૌ પ્રથમ બંગાળ પર પડયો. તે પછી સમગ્ર પર પડયો.ઈ.સ.૧૮૦૦ સુધીનુ મોટાભાગનું સાહિત્ય ધર્મ અને રાજદરબારો પુરતું મર્યાદિય હતું . પશ્ચિમનો પ્રભાવ લેખકોને સામાન્ય લોકોથી નજીક લાવ્યું. જો કે તેના વિષયો નિરસ હતા. આ ઉપરાંત થોડુંક ધાર્મિક સાહિત્ય પણ રચાયું. જો કે તેમાં પણ કંઈ જ નાવિન્ય ન હતું.

૧૯મા સૈકાના અંત તથા વીસમાં સૈકા પ્રારંભકાળમાં એક નવો જ વિષય આગળ આવ્યો. તે હતો ''રાષ્ટ્રવાદ'' આ નવતર પ્રવાહમાં બે બાતતો નજરે ચઢી, પ્રથમ તો પ્રાચ્ય વિદ્યા, ઈતિહાસ તથા સંસ્કૃતિ તરફનો સ્નેહપૂર્ણ આદર અને શોગાણ તરફની સમજપુર્વકની જાગૃતિ, જ્યારે બીજી બાબત હતી ભારતીયોએ વિદેશીઓને સમજાવી-પટાવીને કે જોરજુલમથી દેશમાંથી તગડી મુકવા માટેની હાંકલ, આવો નવો પ્રવાહ તમામ ભાષામાં સુબ્રહ્મયમ ભારતીએ તથા બંગાળી ભાષામાં કાઝીનઝરૂલ ઈસ્લામે પ્રવાહીત કર્યો. વાચકવર્ગમાં રાષ્ટ્રવાદની પ્રબળભાવના જાગૃત કરવામાં આ બંને લેખકોનું ભારે પ્રદાન હતું. તેમના કાવ્યોનું અન્ય ભારતીય ભાષામાં ભાષાંતર થયું.

**આસામી ભાષા**

બંગાળીની માફક આસમીભાષાનો પણ ભક્તિ આંદોલન થકી ભારે વિકાસ થવા પામ્યો. શંકરદેવ કે જેમણે વૈષ્ણવ સંપ્રદાયને આસામમાં પ્રચલીત કર્યો હતો.તેમણે આસામી કવિતામાં વિમાસ સાધ્યો.પુરાણોનુ ભાષાંતર પણ આસામી ભાષામાં થવા પામ્યું.

પ્રારંભિક અસમી સાહિત્યમાં બેરોંજી(દરબારી ઈતિહાસ)સમાવિષ્ટ હતું. શંકરદેવ રચાલા કેટલાક ભક્તિગીતોને લોકો ઉલ્લાસપૂર્વક ગાય છે. પરંતુ અસમી સાહિત્યમાં વધુ પડતી રુચિતો છેક ૧૮૨૭બાદ જ જોવા મળી.લક્ષ્મીનાથ બેઝ બરૂઆ અને પદ્મનામ ગોહેન બરુઆ એ બે નામો પણ કેમ ભૂલાય? ઓરિસ્સામાં પણ આવા બે નામો નોધપાત્ર છે.તે ઓછે ફકીર મોદીન સેનાપતિ અને રાધાનાથ તેમના લખાણો ઉડીયા સાહિત્યના ઈતિહાસમાં ઉત્કૃષ્ટ અને ધ્યાનાકર્ષક છે.

ઉપેન્દ્ર ભાન્જા (૧૬૭૦-૧૭૨૦)નું કાર્ય તેમણે નવા ઉડીયા સાહિત્યનું વિકાસ કરવા સંદર્ભે મહત્વનો છે. ઓરીસ્સામાં સહલદાસનું નામ ઉડીયા સાહિત્યના શુભારંભની કાળથી સમ્માનપૂર્વક સંકળાયેલ છે.

## પાઠગત પ્રશ્નો ૭.૩

(૧) બારીટસ્ટ છાપખાનાનો પ્રારંભ કયારે અને કયાંથી થયો હતો ?

..........................................................................

(૨) સર ચાર્જવુડનો ખરીતો ભારતમાં કયારે અમલમાં આવ્યો ?

..........................................................................

(૩) ભારતમાં કયાં અને કયારે ત્રણ યુનિવર્સીટીઓ સ્થાપાઈ ?

..........................................................................

(૪) રવિન્દ્રનાથ ઠાકુરના કયાં સાહિત્ય સર્જન અને ૧૯૧૩માં નોબેલ પુરસ્કાર અપાવ્યો ?

..........................................................................

(૫) જ્ઞાન કરૂદવાએ આસમી કવિતાઓની રચનામાં કેવી રીતે પ્રદાન નોધાવ્યુ ?

..........................................................................

## ૭.૫ પંજાબી અને રાજસ્થાની સાહિત્ય

પંજાબી એક વિવિધ રંગ મિજાજ ધરાવતી ભાષા છે .તે ગુરૂમુખી અને ફારસી એમ બે લીપીમાં લખાય છે.૧૯મા સૈકામાં અંતઃ કાળ સુધી આ ગુરૂમુખી લીપી મોટેભાગે "આદીગ્રંથ"નામના શિખોના ગ્રંથ પુરતી મર્યાદીત હતી. ગુરૂદ્વારોમાં આ પવિત્ર ગ્રંથ વાંચનાર સિવાયના ઘણા ઓછા લોકો તેને વાંચવાનો મર્યાદીત પ્રયાસ કરતાં. તેમ છતાં કોઈ ભાષા સાહિત્ય વિહોણી ન હોય એ દષ્ટિએ (ગ્રંથના રચનાકાર) ગુરૂ નાનક સાહેબ પંજાબી ભાષાના સર્વ પ્રથમ કવિ ગણાય. સુફી સંતો જેવા કેટલાંક અન્ય સમકાલીન કવિઓએ આ ભાષામાં ગીતો ગાવા શરૂ કર્યા. જો કે સુફી સંતોને કોઈ ગીત રચના કરવી હોય તો તેઓ ફારસી ભાષાનો ઉપયોગ કરતાં હતા. આ યાદીમાં જો કોઈ સર્વપ્રથમ નામ અપાતુ હોય તો તે ફરીદનું છે. એની કાવ્ય રચનાઓને આદીગ્રંથમાં પણ સ્થાન મળ્યું છે. આ યાદી ગ્રંથમાં તે પછીના કુલ ચાર ગુરૂઓની ગીત રચનાઓ સમાવિષ્ટ છે. આ સઘળુ સાહિત્ય નવમાંથી સોળમાં સૈકા દરમ્યાનનું છે. તેમાંના નવામાં અને અંતિમ ગુરૂને તેગ બહાદુર પણ પોતાની ગીત રચનાઓ થકી આદીગ્રંથની આગવું પ્રદાન આપેલ છે.ગુરૂ ગોવિંદસિંહ નામના દસમાં ગુરૂનું શિક્ષણ પટનામાં સંપન્ન થયું. ત્યાં

તેમણે ફારસી અને સંસ્કૃતનો અભ્યાસ કર્યો. તેમણે પંજાબીમાં બે સવૈયાની રચના કરી પરંતુ તે આદીગ્રંથોનો ભાગ ગણાતા નથી. વાસ્તવમાં તે હિર-રાંજા, શશી અને પુન્ના તેમજ સોહની-મહીવાલની પ્રમ કથાઓ છે.આ કથોઓએ આ ભાષાને પ્રારંભિક દિવસોમાં કયા બીજ પુરૂ પાડયું છે. પુરણ ભગતની વાર્તાને પણ કેટલીક કવિઓએ ટાંકી છે. ફલતઃ કેટલાંક જાણીતા અને અજાણ્યા કવિઓની રચનાઓ આપણા સુધી પહોંચવા પામી છે. આવા છેલ્લા બસો-ત્રણસો વર્ગોથી સ્થાનીક ગાયકો દ્વારા ગવાતા આવ્યાં છે. આ ઉપરાંત સ્થાનીક રચનાકારોએ કેટલીક લોકકથાઓ પણ રચી છે. આવી લોકકથાઓ આજ પર્યંત જળવાઈ છે. આમાંની સૌથી અગત્યની તે વારિસશાહકૃત હરી કથા છે. પ્રારંભિક રચનાઓમાં તે સૌતસ લોકપ્રિય રચના છે. તેને પંજાબી ભાષાના સીમાચિહન તરીકે ઓળખવામાં આવે છે. સુફી સંત બુલીશાહની લોકપ્રિયતા પણ એ જ કક્ષાની છે. તેમણે અઢળક ગીતો રચ્યાં છે. તનું એક સ્વરૂપ "કાફી" ઘણું જ પ્રચલીત છે. તે શાસ્ત્રીય સંગીતના સ્વરૂપમાં ગવાય છે. ઘણા બધા લોકો આ કાફીઓ ગાતાં હોય છે.

વીસમા સૈકામાં પંજાબી ભાષા પોતાના મુળ સ્વરૂપમાં આવી. ભાઈવીરસિંહે "રાણાસુરતસિંહ"નામના એક મહા કાવ્યની આ સમયે રચના કરી. આ સંદર્ભે પુરણસિંહ તથા ડો.મોહનસિંહ અત્યંત જાણીતા લેખકો છે. નિબંધો, લઘુકથાઓ, કવિતાઓ, નવલકથાઓ, વિવેચન/ ટીકાઓ વગેરે અન્ય સ્વરૂપોએ પંજાબી ભાષાના સાહિત્યને અલંકૃત કર્યું છે.

હિન્દીની એક બોલી રાજસ્થાની એ તેનો આગવો ભાગ ભજવ્યો છે. ગાયક-કવિઓ (સ્થાનીક લોક ગાયકો) એ એક થી બીજા સ્થળે ફરતાં રહીને લોકરંજન પુરૂ પાડવાની સાથે સાથે આવા નાયકોની કથાઓને જીવંત રાખેલ છે. કર્નલ જેમ્સ ટોડે " એનાલ્સ એન્ડ એન્ટીકવીટીન્ઝ ઓફ રાજસ્થાન" ( રાજસ્થાનની તવારીખ/ઈતિહાસ અને પ્રાપ્ય કથાઓ) નામનો ગ્રંથ રચીને તેમાં આવી વિરોચીત કથાઓનો સંગ્રહ મુક્યો છે.પરંતુ મીરાબાઈના ભક્તિગીતો આ ભાષા અને સંગીતના ઈતિહાસમાં ગૌરવપૂર્ણ સ્થાન ગ્રહણ કર્યુ છે. મીરાબાઈનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રમ કવીચીત એવી તિવ્રતા ધરાવતો જણાયો છે કે જે આ લૌકિક જગત શ્રેષ્ઠ ગાયકોના અનોખા વિશ્વમાં ફેરવી નાંખવા માટે સમર્થ છે.

ભક્તિ આંદોલન સ્થાનીક ભાષાઓ જેવી કે હિન્દી, ગુજરાતી, મરાઠી, પંજાબી, કન્નડ, તમીલ અને તેલુગુ ભાષાને વિકાસ પથ સુધી દોરી જવા પામેલ છે.

## ૭.૬ ગુજરાતી સાહિત્ય

પ્રારંભિક ગુજરાતી સાહિત્યએ ૧૪મા અને ૧૫મા સૈકાના ભક્તિ ગીતોના રૂપમાં ઉપલબ્ધ છે. તે ગુજરાતમાં પ્રચલીત એક પ્રાચીન પરંપરાને અનુસરે છે. આ સંદર્ભે નરસિંહ મહેતાનું નામ સૌથી મોખરે આવે છે. ગુજરાતના લોકો તેમના પોતાના આવા ભક્તિ ગીતોન પોતાની લોક નૃત્ય અને ધાર્મિક શૈલીમાં ઢાળીને તેમના ઉત્સવ ટાણે(નવરાત્રી વગેરેમાં) રજુ કરતાં આવ્યા છે.

નર્મદની કવિતાએ ગુજરાતી સાહિત્યને મુર્ધન્ય સ્થાન અપાવ્યું છે. એ જ રીતે ગોવર્ધનરામ માધવરાવ ત્રિપાઠીની નવલકથા "સરસ્વતી ચંન્દ્ર"એ ઉત્કૃષ્ટકક્ષા ગ્રહન કરીને અન્ય મહાન લેખકોને પણ પ્રેરણા પુરી પાડેલ છે. પરંતુ આ સંદર્ભે એક ક્યારેય ભુલી ન શકાય તેવું નામ છે કનૈયાલાલ માણેકલાલ મુન્શી. તેઓ એક ઉત્કૃષ્ટ નવલકથાકાર, નિબંધકાર, ઈતિહાસકાર હતા. તેઓ ઢલગાબંધ ઐતિહાસીક નવલકથાઓ લખીને આપણે માટે છોડતા ગયા છે. આ નવલકથાઓમાં તેમને હકીકતોના કલ્પનાઓ સાથેના સુભગ સમન્વય સામર્થ્ય દર્શાવ્યું છે. પૃથ્વી વલ્લભ તેમની શ્રેષ્ઠ નવલકથાઓમાંની એક છે. અત્રે નરસિંહ મેહતાનો ખાસ ઉલ્લેખ કર્યા વિના ચાલે તમે નથી. કારણ કે એમને રચેલા કૃષ્ણ ભક્તિના પદોએ માત્ર એમને જ નહી પણ, સમસ્ત ગુજરાતી ભાષાને પ્રસિદ્ધી અપાવી છે.

## ૭.૭ સિંધી સાહિત્ય

સિંધ એ સુફી સંતોનું એક અગત્યનું મથક હતું. ત્યાં અમણે વિવિધ સ્થળોએ ખાનકાહ (આશ્રમ) સ્થાપ્યાં હતા. સુફી ગાયકોએ એમના ભક્તિપુર્ણ ગીત-સંગીતની મદદથી સિંધી ભાષાને લોકપ્રિય બનાવ્યું છે. સિંધી ભાષામાં સાહિત્ય સર્જન કરવા માટેનો યશ મિર્ઝા કાલીસ બેગમ અને દિવાન કૌરામણને ફાળે જાય છે.

## ૭.૪ મરાઠી સાહિત્ય

મહારાષ્ટ્ર એક એવો પઠાર પર આવેલું છે કે જ્યાં અસંખ્ય લોકબોલી બોલાતી જણાય છે. મરાઠી ભાષા આવી એક સ્થાનીક બોલીમાંથી જ ઉતરી આવી છે. પોર્ટુગીઝો, ધર્મપ્રચારોએ પોતાનો ધર્મોપદેશ આપવા માટે આ બોલીનો ઉપયોગ શરૂ કર્યો હતો.

પ્રારંભિક મરાઠી ભાષામાં ગદ્ય અને પદ્ય સાહિત્ય રચવાનું કામ તેરમા સૈકામાં થઈ ગયેલા સંત જ્ઞાનેશ્વરે કર્યુ. તેમણે ભગવદ્‌ગીતા પર લાંબી ટીકા/આલોચના લખી. મહારાષ્ટ્રમાં કિર્તન પરંપરાનો પ્રારંભ કરનાર તેઓ જ હતા. નામદેવ, ગોરા, સેના અને જનાબાઈ(નામના સંતો) તેમના અનુયાયી હતા. આતમામે ગીતો ગાઈ ગાઈને મરાઠી ભાષાને પ્રચલીત લોકપ્રિય બનાવી. તેમના ગીતો આજે પણ વરકારી પંથના સાધુ-સંતો દ્વારા પંઢરપુરની પવિત્ર યાત્રાને માર્ગે ચાલતાં ગવાય છે. મોટા ભાગે બે સૈકાઓ બાદ એકનાથ ( ૧૫૩૩-૯૯) નાક્રમમાં આગળ આવ્યાં. તેમણે રામાયણ તથા ભગવદ પુરાણ પર ટીકાઓ લખી. તેમાના ગીતો સમગ્ર મહારાષ્ટ્રમાં લોકપ્રિય પુરવાર થયા.

ત્યારબાદ તુકારામ (૧૫૯૮-૧૬૫૦) આવ્યાં. અમણે ઉપરોક્ત સર્વ કરતાં મહાન ભકિત સંત/કવિ ગણવામાં આવે છે. તે પછીના સંત રામદાસ (૧૬૦૮-૮૧) શીવાજીના ગુરૂ અને આવા ભક્તિગીતો રચનારા અંતિમ કવિ હતા. તેઓ શ્રી રામના પુજક/ભક્ત હતા. તમણે શીવાજીને પ્રરણા પુરી પાડી. ઓગણીસમા સૈકાનો અંતકાળ એ મરાઠી સાહિત્યના ઉદયનો સમય છે.

*રાષ્ટ્રવાદી ચળવળે મરાઠી ગદ્યને લોકપ્રિય અને શોભાદાર સ્થાન આપ્યું. બાલ ગંગાધર તિલકે (૧૮૫૩-૧૯૨૦) "કેસરી", મરાઠી અને "મરાઠા" અંગ્રેજીમાં ભાષામાં સામયીક ચલાવ્યું .તેમને તેને મરાઠી સાહિત્યના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો. કેશવસુત અને વી.એસ.ચીપલુનકરનું પ્રદાન પણ સહેજેય ઓછી અંકાય તેમ નથી. હરીનારાયણ આપ્ટે અને અગરકરે લેખેલી (મરાઠી) નવલકથાઓ પણ અત્યંત લોક પ્રિય બની રહી. આ તમામ ગદ્ય લેખકોએ મરાઠી સાહિત્યના ઉત્કૃષ્ટ ફાળો નોંધાવ્યો. એચ.જી. સલગ્રોવરકરનું નામ પ્રોત્સાહક ગીતો માટે યાદ કરાય છે. એ ઉપરાંત એમ.જી. રાનડે કે.ટી. તેલંગ અને માટોલકર કાવ્ય અને નવલકથાકારના નામો પણ સહેજેય ઓછા મહત્વના નથી.*

## ૭.૯ કશ્મીરી સાહિત્ય

*કવિ કલ્હને જ્યારે સંસ્કૃતમાં-રાજતરંગીની લખ્યું. ત્યારથી કશ્મીર પ્રદેશ પ્રકાશમાં આવ્યો. પરંતુ તે વાસ્તવમાં ઉચ્ચ વર્ગની ભાષા હતી. જ્યારે સ્થાનીક -નિવાસીઓ માટે "કશ્મીરી" એ એક પ્રચલીત બોલી હતી. અહી પણ ભક્તિ આંદોલનને પોતાનો ભાગ ભજવ્યો હતો. લાલદેહ નામની મોટેભાગે ચૌદમા સૈકાની એક ગાયીકાએ સૌ પ્રથમ ભાષામાં ગાવાનું શરૂ કર્યુ હતું. તે શીવ ભક્તિ હતી. આ વિસ્તારમાં ઈસ્લામના પ્રચાર-પ્રસાને બાદ આ ક્ષેત્રે સુફી પ્રભાવ પણ નજરે ચઢવા લાગ્યો. હબા ખાતુન, મેહઝૂર ઝીન્દા કૌલ અને નુરૂદીન કે જે નુંદ ઋષીનાથ જાણીતા હતા તે, અખ્તર મોહીયુદિન, સુફી ગુલામ મોહમ્મદ અને દીનાનાથ નદીમ વગેરેએ કશ્મીરી ભાષામાં ભક્તિગીતોની રચના કરી. આ લોકોએ કશ્મીરી સાહિત્યના વિકાસમાં પ્રદાન આપ્યું.*

*ઓગણીસમા સૈકાના અંતકાળ સુધી કશ્મીરી પાશ્વાત્ય પ્રભાવ નીચે આવ્યું ન હતુ. ૧૮૪૬ના પ્રથમ શીખ વિગ્રહ બાદ ત્યાં જમુના ડોગરા વંશી રાજપુતો સત્તા પર આવ્યાં. આ ડોગરાઓ કશ્મીરી કરતાં તેમની પોતાની ડોગરી ભાષામાં વધુ રસ લેતાં હતાં. ત્યાં શિક્ષણ મેળવવા માટે ભાગ્યે જ કોઈ શાળા હતી. વળી ત્યાં મોટા પાયા પર ગરીબાઈ તેમજ આર્થિક પછાતપણું જોવા મળતું હતુ. આ બધી ખામીઓને કારણે ઉત્તમ પ્રકારનું કશ્મીરી સાહિત્ય રચાયું નહી.*

*જો કે અર્વાચીન ભારતીય ભાષાઓની યાદીમાં ઘણી બધી ભાષાઓ સમાવિષ્ટ છે. તમ છતાં ભારતીય બંધારણમાં મુળ રીતે કુલ પંદર જેવી કે બંગાળી, ગુજરાતી, હિંદી, કશ્મીરી, મરાઠી, ઉડીયા, પંજાબી, સંસ્કૃત, સિંધી, ઉર્દુ, તમીલ, તેલુગુ, કન્નડ, મલયાલમ વેગેરે ભાષાઓનો સમાવેશ કરાયેલ છે. ત્રણ વધુ ભાષાઓ એટલે કે નેપાળી, મણીપુરી અને કોકણી વગેરેનો હવે તે યાદીમાં ઉમેરો કરાયો છે.*

## પાઠાંત પ્રશ્નો ૭.૪

(૧) કઈ ભારતીય ભાષા ગુરૂમુખી અને ફારસી એમ બે લીપીમાં લખાય છે ?

.............................................................................

(૨) પંજાબની ઓછામાં ઓછી બે પ્રમ કથાઓ જણાવો.

.............................................................................

(૩) બુલ્લનશાહની સુવિખ્યાત રચના કઈ છે ?

.............................................................................

(૪) ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથાનું નામ જણાવો.

.............................................................................

(૫) ઈસુના તેરમા સૈકા દરમ્યાન મહારાષ્ટ્રમાં કિર્તન પરંપરાનો પ્રારંભ કોણે કર્યો.

.............................................................................

(૬) કશ્મીરી ભાષામાં ઉત્તમ સાહિત્ય નહી રચાવા પાછળ કયા કારણો જવાબદાર ગણાય ?

.............................................................................

## ૭.૧૦ ખ્રિસ્તી મિશનરીઓનું પ્રદાન

યુરોપની પ્રજાઓના આગમન સાથે જ અંગ્રેજી, ફ્રેન્ચ અને ડચ અને પોર્ટુગીઝ જેવી વિદેશી ભાષાઓ એ ભારતીય ભાષાઓમાં નવા નવા શબ્દો ઉમેરીને એમનું શબ્દ ભંડોળ સમૃદ્ધ બનાવ્યું.

આ સંદર્ભે ખ્રિસ્તી ધર્મ પ્રચારકોનુ ભારતીય સાહિત્યના વિકાસ ક્ષેત્રનું સહેજ પણ ઉતરતી કક્ષાનું નથી. સર્વ પ્રથમ તેમને સ્થાનીક ભાષાઓમાં શબ્દકોષો અને તેના વ્યાકરણ છાપીને પ્રસિદ્ધ કર્યુ. એમના દ્વારા લીખીત પુસ્તકો માટે ભાગે યુરોપથી (ભારતમા)આવતાં. નવા પાદરીઓ માટે હતા. આવા પુસ્તકો આ મિશનરીઓને તેમના સ્થાનીક પુસ્તક લેખન માટે ઘણા મદદરૂપ બની રહયાં. તેના કારણે તમન બંધ બેસતો શબ્દ શોધવા અથવા જે તે શબ્દ વ્યાકરણની દૃષ્ટિએ સાચો છે કે કેમ તે જાવામાં સારી એવી મદદ મળી રહેતી.

લીથોગ્રાફી પ્રીન્ટીગ પ્રેસનો ફાળો બીજી હકીકત છે કે જે ભારતમાં ઓગણીસમા સૈકાના પ્રારંભકાળમાં પ્રચલીત બનવા પામ્યા હતા. વિદેશીઓએ સ્થાનીક ભાષામાં ખાસ કરીને નવા ધર્મ પરીવર્તીતો ના લાભ માટે છાપખાના શરૂ કરીને સાહિત્ય છાપવા માંડયું હતુ. અટલા માટે આવા મુદ્રણાલયોની સાહિત્યના વિકાસ માટેની ભૂમિકા ઉવેખી શકાય તેમ નથી. આ મિશનરીઓએ શાળા

કોલેજોની સ્થાપના કરી એ ત્રીજી અગત્યની હકીકત છે. અહી મિશનરીઓ દ્વારા અંગ્રેજી ઉપરાંત સ્થાનીક ભાષાનુ શિક્ષણ પણ અપાતું હતું. કદાચ આ પાછળ તેમનો આશય ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનો હશે . તેમ છતા તેમને નવો શિક્ષિત વર્ગ તૈયાર કર્યો. જેમની ઈચ્છા આ સાહિત્યનુ વાંચન કરવાની રહેતી. તેથી જયારે ભારતીય ભાષા-સાહિત્યના ઈતિહાસનું આલેખન થાય ત્યારે આ મિશનરીઓની ભુમિકા તરફ દુર્લક્ષ્ય સેવી શકાય તેમ નથી.

**ભારતમાં અંગ્રેજી અગ્રગણ્ય લેખકો :**

ભારતમાં અંગ્રેજી સાહિત્યાના અસંખ્ય લેખકો છે. ભારતીયોએ અંગ્રેજી લેખનનો પ્રારંભ ૧૮૩૫ કે જયારથી અંગ્રેજોએ માહીતીના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષા અપનાવી ત્યારથી કર્યો. ઘણા બધા ભારતીય લેખકોએ તમનું સાહિત્ય અંગ્રેજીમાં રચવું શરૂ કર્યુ. એમાંથી કટલાંકે એમનો રસ પદ્ય રચનામાં તો કેટલાકે ગદ્ય રચનામાં ઉંડો રસ દાખવ્યો. માઈકલ મધુસુદર દત્ત, તારા દત્ત, સરોજીની નાયડુ અને રવિન્દ્રનાથ ઠાકુરેઅંગ્રેજી પદ્ય રચનામાં મહત્વપૂર્ણ પ્રદાન નોંધાવ્યું. સુરેન્દ્રનાથ બેનરજી , ફિરોઝશાહ મેહતા અને જવાહરલાલ નેહરૂ વગેરેએ અંગ્રેજી ગદ્ય તરફનો રસ દર્શાવ્યો.

## તમે શું શીખ્યા ?...

- ઘણા બધા લોકો દ્વારા હિંદી ભાષા બોલવામાં આવતી હતી.
- ઉર્દુ અને ફારસી ભાષા મોઘલ વિસ્તારમાં પ્રચલિત બની હતી.ઉર્દુનો જન્મ સ્થાનિક તથા અહી વસેલા તુર્કિ લોકો ના સંપર્કમાંથી થયો હતો. અબુ ફઝલ, ચંન્દ્રભાણ અને બદાયુની વગેરે જાણીતા મેઘલકાલીન લેખકો છે.
- હિંન્દીસાહિત્યને સંસ્કૃત તરફથી માર્ગદર્શન સાંપડયુ છે. ભક્તિ કવિતાઓએ હિંદી સાહિત્યના સીમાચિહન રૂપ છે. સંત કબીર, તુલસીદાસ અને સુરદાસ વગેરે હિંદી સાહિત્યના અગ્રગણ્ય જયોર્તિધરો ગણાય છે.
- ઓગણીસમા સૈકાની પ્રારંભે હિંદી ગદ્ય અસ્તીત્વમાં આવ્યું.
- હિંદી બાદ સૌથી સમૃદ્ધ સાહિત્ય બંગાળી ભાષામાં રચાયું. રવિન્દ્રનાથ ઠાકુર/બંકીમચંન્દ્ર ચેટરજી અને શરદચંન્દુ ચેટરજીએ બંગાળી સાહિત્યન સંપન્ન કર્યુ. અશ્મી સાહિત્ય ............ ધરાવ છે. ઉડીયાની બાબતે પણ એવુ જ છે.
- ઓગણીસમા સૈકામાં અંતકાળ સુધી ગુરૂમુખી (લીપી)"આદીગ્રંથ પુરતી મર્યાદીત હતી. હીર-રાજા જેવી પ્રણય કથાઓએ આ ભાષાને કથાવસ્તુ પુરી પાડી. સુત મીરાબાઈનાં ભક્તિ ગીતોનુ સ્થાન રાજસ્થાની ભાષા અને સાહિત્ય ઘણું સમ્માનજનક ગણાય છે.

- ગુજરાતી-સિંધી/મરાઠી અને કશ્મીરી વગેરે પોતપોતાનું સાહિત્ય યોગ્ય સમયે વિકસાવ્યું .
- ઘણા બધા ભારતીય લેખકોએ એમનું લેખનકાર્ય અંગ્રેજીમાં કર્યુ.

## પાઠાંત સ્વાધ્યાય

(૧) ખ્રિસ્તી મિશનીરીઓનો ભારતમાં શો ફાળો રહેલો છે ?

(૨) હિંદી સાહિત્યનો વિકાસ સંક્ષિપ્તમાં વર્ણવો.

(૩) મધ્ય કાલીન ભારતમાં ફારસી ભાષાએ ભજવેલો ભાગ સમજાવો.

(૪) ભારતીય સાહિત્યે અહીના સમાજ ઘડતરમાં આપેલા પ્રદાનને ઓળખાવો.

## પાંઠાત જવાબો ૭.૧

(૧) વ્રજભાષા, અવધી, ભોજપુરી, માગધી, રાજસ્થાની, ખડીબોલી

(૨) અવધી

(૩) ઉર્દુ ભાષાનો આર્વિભાવ સ્થાનીક પ્રજા અને અહી વસેલા તુર્કો વચ્ચેના સંવાદ-સહચારને લીધે થવા પામ્યો.

(૪) પાકિસ્તાન

(૫) દક્ષિણે અથાવ દખ્ખને

૭.૨

(૧) ભરતમુનિ

(૨) સંત તુલસીદાસના રામનું નિરૂપણ ભગવાન તરીકે જ્યારે વાલ્મીકીએ એમનું ચરિત્ર ચિત્રણ એક માનવ તરીકે કરેલ છે.

(૩) શ્રી કૃષ્ણની એક યુવક તરીકે ગોપીઓ સાથેની પ્રણયલીલામાં વ્યસ્ત એવી શૃગાંર કથાનું નિરૂપણ

(૪) આનંદ મઠ

(૫) સ્વામી દયાનંદ સરસ્વતીએ હિંદુ સમાજના ઉત્કર્ષ માટ ઘણું લખ્યુ છે. મુન્સી પ્રેમચંદજીએ ગરીબોની દયાજનક સ્થિતીનું વર્ણન કર્યુ છે. મહાદેવી વર્માએ મહીલાઓની દારૂણ સ્થિતિનું આલેખન કર્યુ છે.

૭.૩

(૧) ઈ.સ.૧૮૦૦માં કલકત્તા પાસે શ્રી રામપુર ખાતે

(૨) ઈ.સ.૧૮૫૪

(૩) કલકત્તા, ચેન્નાઈ અને મુંબઈ ખાતે ૧૮૫૭માં

(૪) ગીતાંજલી

(૫) તેમને આસામમાં વૈષ્ણવ સંપ્રદાયનો પ્રચાર-પ્રસાર કર્યો.

૭.૪

(૧) પંજાબી

(૨) હીર-રાંજા, સોહની-મહીવાલ, શશી-પુન્ના

(૩) કાફી

(૪) સરસ્વતીચંન્દ્ર

(૫) સંત જ્ઞાનેશ્વર

(૬) ગરીબાઈ, આર્થિક પછાતપણું અને ડોગરીનો ઉપયોગ

૮

# પ્રાચીન ભારતમાં ધર્મ અને તત્વજ્ઞાન

જેવું નવેમ્બર, ડીસેમ્બર માસનું આગમન થાય છે કે આપણને બજારમાં નવા કેલેન્ડર્સ જોવા મળે છે. તેમાંના કેટલાંક તો અત્યંત રંગ-બેરંગી હોય છે.તેમાં અવનવા રંગો પુરાયેલા હોય છે. કેટલાંકમાં તારીખ ઉપર નાના ચિત્રો પણ હોય છે. તે રજા દિવસો હોવાથી આપણું ધ્યાન ખેંચે છે તમે પણ એમના તરફ ધ્યાનથી જોયુ હશે.હા તે ધાર્મિક કે રાષ્ટ્રીય તહેવારો છે.સમગ્ર ભારતને પ્રફુલ્લીત કરતાં આવા ઘણા બધા તહેવારો છે. જાહેર માર્ગો પરથી પ્રસાર થતી વેળાએ સારી ખાદ્ય સામગ્રી , વસ્ત્રો,ભેટ-સોગાદો, લોકો દ્વારા તેમના ધાર્મિક સ્થળોએ થતી પુજા-ઈબાદત અને પરસ્પરને અપાતી શુભેચ્છાઓ વગેરે સર્વસામાન્યપણે નજરે પડતી હોય છે.હા ભારત સાચે જ સુંદર અને જીવવા માટેનુ એક જીવંત-ધબકતું રાષ્ટ્ર છે. તે એટલા માટે છે કે પ્રાચીનમકાળથી જ ભારતે પોતાના ધર્મોને લોકજીવનના એક મહત્વ પૂર્ણ અંગ તરીકે સ્વીકારેલ છે.તેના આવા વિવિધ રંગ-રૂપો તેના ઉદ્‌ભવકાળથી જ જોવા મળતા હોવાથી તેનો અભ્યાસ ખરેખર રસપ્રદ બની રહે છે.ધર્મ અને તત્વજ્ઞાન વચ્ચે રહેલ આવી નિકટતાને લીધે તેનો ઉદભવ વિકાસનીગાથાનો અભ્યાસ પણ પરસ્પર સંકળાયેલ હોય તે રીતે જ કરવો રહયો.આ પ્રકરણમાં તમે પ્રાચીન ભારતમાં ધર્મ અને તત્વજ્ઞાનના ક્ષેત્રે થયેલ વિકાસનો અભ્યાસ કરશો.

## હેતુઓ

આ પાઠના અભ્યાસ બાદ તમે.

- ધર્મનો અર્થ શમજાવી શકશો.
- પ્રાચીન ભારતમાં થયલ વિવિધ ધાર્મિક ચળવળોને આલેખી શકશો.

- વૈદિક તત્વજ્ઞાનની છ શાખા-મતના મુળ વિચારો વર્ણવી શકશો.
- ચાર્વાક-મતની ભુમિકાનું પરીક્ષણ કરી શકશો.
- વાસ્તવિકતાને લગતા જૈન તર્ક-મતનું વર્ણનકરી શકશો.
- બોદ્ધ તત્વજ્ઞાનના પ્રદાનનું મુલ્યાંકન કરી શકશો.

## ૮.૧ ધર્મ

ધર્મએ આત્માનું વિજ્ઞાન છે. નીતિમત્તા અને સિંદ્ધાંતોનો પાયો ધર્મ પર આધારિત હોય છે. પ્રાચનકાળથી જ ધર્મ ભારતીયોના જીવનમા ંમહત્વપૂર્ણ ભુમિકા ભજવતો આવ્યો છે. તેણે અસંખ્ય સ્વરૂપો ધારણ કરીને જુદા જુદા વર્ગના લોકો વચ્ચે અનુસંધાન ગોઠવ્યું છે. આ જૂથો વચ્ચે ધાર્મિક ખ્યાલો,વિચારો અને કર્મકાંડમાં ફેરફાર/ફરક હોઈ શકે.,વળી વિવિધ ધર્મના સ્વરૂપોમાં પણ સમયાંતરે રૂપાંતરણ તથા પ્રગતિએ સ્થાન જમાવ્યું પણ હોય. તેમ છતાં ભારતમાં ધર્મે કયારેય જડ સ્વરૂપ ધારણ કર્યુ નથી. ઉલટાનું તેને સ્વાભાવિક રીતે જ જોરદાર બળ સાંપડયુ છે.ભારતમાં તત્વજ્ઞાનની પ્રત્યેક પધ્ધતિએ જ્ઞાન માટેની શોધ બની રહેલ છે. જે બધે જ અને હંમેશા એક જ સ્વરૂપ ધરાવે છે.સંપર્કની રીત તથા તર્ક કદાચ જુદા હોય પરંતુ તેનો હેતુ એક જ હોય -સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ માત્ર રહયો છે.

" મને એ ધર્મના અનુયાયી હોવાનું ગૌરવ છે કે જે ધર્મે વિશ્વ આખાને સહનશીલતા તથા વૈશ્વિક સ્વિકારની ભાવના શીખવી છે. અમે માત્ર વૈશ્વિકસહનશીલતામાં જ માનતા નથી. પરંતુ પ્રત્યેક ધર્મને સત્યરૂપે સ્વકારીએ પણ છીએ"

-સ્વામી વિવેકાનંદ- સર્વ ધર્મ પરીગાદ, શીકાગો-૧૮૯૩

ભારતીય અધ્યાત્મના ઉંડા મૂળ આ ભુમિના તત્વજ્ઞાન તેમજ ધાર્મિક પરંપરામાં રહેલાં છે. ભારતમાં તત્ત્વજ્ઞાનનો ઉદભવ જીવનના ગુઢ રહસ્યો તથા અસ્તિત્વની જાણકારી માટેની પૃચ્છામાંથી થયો. ઋષિ કહેવાતા આ સંતોએ સામાન્ય માનવના મનોમસ્તિગકની સમજથી ઉપર જઈને વિકસાવેલ એક ખાસ આવડત-યોગ થકી તે હાંસલ કરેલ છે. આ ખાસ કૌશલ્યની મદદથી તેમણે સાવચેતીપૂર્વક ઘણા ઉંડાણ સુધી મથીને મનવીય પ્રકૃતિના અને બ્રહ્માંડના અગત્યના સત્યો શોધી કાઢયાં છે. આ સંતોએ શોધી કાઢયુ છે કે માનવમન/પ્રકૃતિએ તેનું શરીર અથવા મગજમાત્ર નથી.કારણ કે તે અવિરતપણે બદલાતુ અને નાશવંત છે. પરંતુ આત્મા કયારેય બદલાતો નથી. તથા તે અમૂર્તસ્વરૂપનો અને પૂર્ણતઃ જાગૃત -સાવધ હોય છે.

આત્માએ માનવના જ્ઞાન, સુખ અને શકિત/ઉર્જાનો એકમાત્ર સ્ત્રોત છે. આ ઋગી-મુનીઓએ આ ઉપરાંત અવું પણ શોધી કાઢયુ છે કે આ સર્વે અલગ અલગ અસ્તિત્વએ અનંત જાગૃતિનો એક ભાગ

છે. જે કહેવાય છે બ્રહ્મએ અનંત વાસ્તવિકતા અને બહ્માંડનું અસ્ખલીત કારણ/કતૃત્વ છે. માનવની સાચી પ્રકૃતિ/મનની અજ્ઞાનતા જ દુઃખો અને બુંધનોનું મુખ્ય કારણ છે. આત્મા અને બ્રહ્મનું સાચુ જ્ઞાન મેળવ્યાં પછી જ દુઃખો અને બંધનોથી મુક્તિ, અમુર્તસ્થાન, અનંતશાંતિ અને પરિપુર્ણતા મળે છે. જે મોક્ષના નામથી ઓળખાય છે.પ્રાચીન ભારતમાં ધર્મ એટલે જીવન જીવવાની એક રીત, જે એક માણસન પોતાની વાસ્તવીક પ્રકૃતિથી વાકેફ કરીને તેને મોક્ષ અપાવે છે. તેથી તત્ત્વજ્ઞાન માણસને સાચો દ્રષ્ટીકોણ પૂરો છે. જ્યારે ધર્મ જીવનનો સાચો માર્ગ દર્શાવે છે. તત્વજ્ઞાન એક દ્રષ્ટી પુરી પાડે છે. જ્યારે ધર્મ પૂર્ણતા બક્ષે છે. તત્વજ્ઞાન એક તર્ક પૂરો પાડે છે. જ્યારે ધર્મ તને વાસ્તવિક રીત આપે છે. માટે જ પ્રાચીન ભારતમાં તત્ત્વજ્ઞાન અને ધર્મ બંને એક બીજાની પ્રસચા કરે છે.


આપણા મનને સમુજ્જવલ કરનારા વચનો આપણે સાંભળીએ આવો આપણે દરેક જગ્યાએ દિવ્યાતાનું દર્શન કરીએ. ઈશ્વરના પવિત્ર અસ્તિત્વને આપણે હૃદયમાં ઉતારીએ અને આપણા તન અને મનથી કરેલા કર્મોને સર્વ શકિતમાન સેવામાં સમર્પિત કરીએ અને સાશ્વત શાંતિ પ્રાપ્ત કરીએ.

ઋગ્વેદ-૧-૮૯

## ૮.૨ પૂર્વ વૈદિક અને વૈદિક ધર્મઃ

પૂર્વવૈદિક તથા આદ્યઐતિહાસીક સ્થળોનાં પુરાવસ્તુકીય વિધાનો જોતાં જણાયછે કે આ(વેદકાલીન)લોકો સૃષ્ટિનું સર્જન કરનાર(ઈશ્વર)ની પવિત્રતામાં શ્રદ્ધારાખતા તથા પિતૃ અને માતૃ સ્વરૂપોની આરાધના કરતા. એવુ લાગેછે કે તઓ સૂર્ય-ચંદ્ર જેવા પ્રાકૃતિક તત્વોને પૂજતા. આર્યોના આદ્ય સાહિત્યિક સ્ત્રોત પણ આ વાતને સમર્થન આપે છે. ભારતના આર્યોની ધાર્મિક માન્યતાઓ તેમ જ વર્તણકના પ્રકારને લગતી માહિતિ ઋગવેદમાંથી મળી રહે છે. તેઓ (આર્યો)મોટેભાગે ઈન્દ્ર, અગ્નિ, વરૂણ, સૂર્ય તેમજ રૂદ્ર સહીતના એનેક દેવોમાં શ્રદ્ધાધરાવતાં. યજ્ઞો(બલિદાન) તથા કર્મકાંડ અનુસારનો ભાગ માંસ અને મંદિરનો હોમ-હવન વગેરે ઉકત દેવીદેવતાઓને પ્રસન્ન કરવા માટે હાથ ધરાવતી ધામિૃક વિધિઓ હતી. સામવેદ તથા યર્જુવેદમાં બલી આપવાના વિવિધ કર્મકાંડોના પાસાનો વિસ્તૃત વર્ણન છે. બ્રાહ્મણ ગ્રંથોમાં આ તમામ કાંડો વિસ્તારથી વર્ણવવામાં આવ્યાં છે. જ્યારે હર્ગાવિર્ધનમાં ઘણા મોટા પ્રમાણમાં જીવવાદી માન્યતાઓ જોવા મળે છે. આ ઉપરાંત પુર્ણ વૈદિકકાળમાં ઋગીઓ વૈદિક કર્મકાંડની માન્યતાઓ સંદર્ભે તેમજ તેના સારા ફળદાયી પણા અંગે શંકા સેવતા થયાં. વળી અનેકેશ્વરવાદ સામે એકેશ્વરવાદનો વિવાદ/પડકાર પણ સર્જતા અનેક દેવીદેવોના વાસ્તવમાં એક જ શાશ્વત ઈશ્વરીય સત્તાના જુદાં જુદાં નામો માત્ર હોવાનું સમજાયું.

વૈદિક સાહિત્યના એક ભાગરૂપ "આરણ્ય " અને ઉપનિગાદોમાં એક પ્રગતિશીલ વિચાર રજુ કરાયેલ છે. ઉપનિગાદો અથવા વેદો-વેદાંતોમાં ધાર્મિક મીમાંસાને લગતી વિવિધ માન્યાઓની ઉત્પતિ તથા વિકાસનું પ્રારંભિક સ્વરૂપ જોવા મળે છે. પાછળથી પ્રાચીન તેમજ મધ્યમકાલીન ભારતીય ધર્મ





અને સમાજ સુધારકોએ આવી માન્યતાઓનો જ ઉપયોગ કર્યો હતો. તેમાથી કેટલાકે તો પરંપરાગત રસ્તો પસંદ કર્યો. તો બાકીનાએ તો રૂઢ થઈ ગયેલ સનાતન માન્યતાઓ ત્યજીને ઉદારમતવાદી માર્ગ પકડ્યો. યુગોવિતાં ભારતે જીવન અને વિચારધારાની મુળભુત સમસ્યાઓને પકડી પાડી છે. ભારતીય તત્વજ્ઞાંનો પ્રારંભિક સત્યની તપાસ થી જ થાય છે . આ સત્ય એટલે હેતુપૂર્વકની ખાત્રી ઉપરાંત વ્યક્તિત્વના વિકાસ સાથે અત્યંત નિકટતાપૂર્વક જોડાયેલા તથા સર્વોચ્ચ સ્વાતંત્ર્ય અને ડહાપણ સાથે સંકળાયેલ તત્વ માટે તે માત્ર દાર્શનીકરણની શિસ્ત કે સંયમ જ નથી. પરંતુ તે વર્તણુંક થતા લાગણીઓ અને ધીરજ પરનું નિયંત્રણ પણે છે.

- તેથી ભારતીય દાર્શનિકતાનું તત્વજ્ઞાનપુર્ણ પૃથક્કરણ અને ગાઢ આધ્યાત્મિકતા વચ્ચેનુ જોડાણ તથા તેનો દ્રગટીકોણએ પાશ્ચાત્ય દગટીકોણથી તદૃન જુદો પડી જાય છે.
- એવી આશા રખાય છે કે તે એક પ્રાચીન રાગટ્રની આધ્યાત્મિક લાલસા પરીપુર્ણ કરતી નથી. પરંતુ આધુનિક વિશ્વનીએ લાલસાઓની પ્રસ્તુતા દર્શાવે કે તે એક શકિતશાળી જોડાણ થકી માનવ સુખ વૈશ્વિક સંબંધની ચિંતા કરે છે.
- ભારતમાં તત્વજ્ઞાન એ કોઈ સટ્ટાની ઉપજ નથી. પરંતુ તે સીધો જ અને વ્યકિતગત અનુભવ છે. એક સાચો તત્વ ચિંતક એ છે કે જેનું જીવન અને વર્તણુક તેને મેળવેલ સત્યનું ખુલ્લુ પ્રમાણપત્ર છે.

## ૮.૩ ઉદારમતવાદી ધાર્મિક ચળવળ

ઈ.સ. પૂર્વની પ્રથમ સહસ્રાબ્દિના મધ્યભાગમાં થયેલ અને મહાવીર તેમજ બુધ્ધ જેવા વ્યકિતઓ સાથે સંકળાયેલ આ ધાર્મિક ચળવળએ કક્ષાની છે. આ સમયે અન્ય કેટલાંક ધાર્મિક સંપ્રદાયો હતાં. તેમાંના કેટલાંક જે સંપ્રદાયોનું બોધ આપતાં હોય તેમાં એવા તત્વો હતા કે જે વૈદિક પરંપરાઓથી અલગ પડતા હતા. તેઓ વેદોની અફરતા તેમન સૃગટીની ઉત્પતિ સંદર્ભે પ્રચલીત અપૌરૂગોયતાની વાતને સ્વકારી ન હતી. એવી પણ એક માન્યતા હતી કે ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામી પોતે જ ચળવળ ચલાવતા હતા. તેના સ્થાપક પોતે ન હતા. અર્થાત આ ચળવળને એ પહેલાથી જ વિકસી ચુકી હતી. વૈદિક ઋગીઓ તમામ બ્રાહ્મણ સંતો હતા. જયારે તેનાથી ઉલટાનું આ નવા ઉપદેશકોમાંથી ઘણા બધા ક્ષત્રિય વર્ગના હતા. પ્રારંભિક તબકકામાં આ જૈન તથા બૌધ્ધ બંનુ સંપદાયો નાસ્તીકવાદી મત ધરાવતા હતા. તેમ છતાં બૌદ્ધધર્મના ફળનો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો તથા સંસ્કારજન્ય-સ્કંધપૂર્ન જન્મલે છે. તેમતે સ્વીકારમાં આવ્યો. વળી પ્રત્યેક અસ્તિત્વ સાથે દુખ અચુકપણે જોડાયેલુ જ રહે છે. એવો મત પ્રચલિત બન્યો. આ પૈકીના કેટલાંક મતો મુખ્ય મુખ્ય ઉપનિષદો પણ જોવા મળે છે.

## ૮.૪ પ્રભુવાદી ધર્મો

પ્રભુવાદી લક્ષણો ધરવતાં સંપ્રદાયો પણ આનીશ્વરવાદી સંપ્રદાયોને સમકાલીન રીતે જ ઉદભવ્યાં. આ

*સંપ્રદાયોના મુખ્ય દેવો વૈદિક ન હતા. તેમને ઉત્પતિમાં પુરા વૈદિક તેમજ ઉત્તર વૈદિક લોકતત્વો ધ્યાન દોરે તેવા હતા. આ તમામ સંપ્રદાયોને પ્રરણા આપનાર મુખ્ય બળ હતુ ભકિત અર્થાત પોતાના ઈશ્વર સાથે નૈતિક જોડાણપૂર્વકની ભકિતની પોતાની અંગત આરાધના પરીણામે વૈગણવ, શૈવ અને શાકત જેવા વિવિધ ધર્મ સંપ્રદાયો પેદા થયા. જે આગળ જતા રૂઢીવાદી બ્રાહ્મણ ધર્મના એક ભાગ તરીકે જ ઓળખાવા લાગ્યાં. આ ધર્મતોને સમય જતાં બૌદ્ધ તથા જૈન ધર્મના પ્રચલિપ સ્વરૂપો પર પ્રગાઢ પ્રભાવ પાડયો.*

## ૮.૫ લોક સંપ્રદાયો :

*યક્ષ તથા નાગ સહિતના કેટલાક લોક દેવતાઓની પૂજા આદિકાળથી ચાલી આવતી શ્રધ્ધાનો એક ભાગ હતી.તેમા ભકિત/આરાધના ઘણો જ અગત્યનો ભાગ ભજવતી હતી.પ્રારંભિક સાહિત્ય તેમ જ પુરાતત્વમાં આ લોકધર્મ-સંપ્રદાય પ્રચલિત હોવાના ઘણા બધા પ્રમાણ મળી રહે છે.*

### વાસુદેવ/શ્રીકૃગણની પૂજા

*પાણીની રચિત 'અગટાધ્યાયી " ના એક સુત્રમાં શ્રીકૃષ્ણ ભકિતનો ઉલ્લેખ જોવા મળે છે. એજ રીતે છાંદોપનિગાદમાં પણ દેવકીસુત શ્રીકૃગણનો ઉલ્લેખ જાવા મળે છે.જે ઋષિ ભોર અંગીરસના શિગય હતાં. ઘણા બધા લોકો એકમાત્ર વાસુદેવ-શ્રી કૃગણની ભકિત પોતાના અંગત દેવ તરીકે કરતાં જોવા મળે છે.શરૂઆતમાં આ લોકો ભાગવત કહેવાતા પરંતુ વાસુદેવ સંપ્રદાય ક્રમશઃ વિકસતા તથા તેમાં વૈદિક તેમજ બ્રાહ્મણવાદી દેવતાઓ જેમ કે વિગણું (પ્રારંભમાં તે સૂર્યનો અંશ ગણાતા)અને નારાયણ (વૈશ્વિક દેવ) વગેરેને ભેળવી દેવામાં આવ્યાં. ગુપ્તકાળમાં આ ભકિત-સંપ્રદાય વૈગણવ સંપ્રદાયના નામથી ઓળખાયો.તેમાં વૈદિક વિગણું તત્ત્વનું વર્ચસ્વ વિશેગા હતું. વળી તેમા અવતારવાદના સિધ્ધાતને વિશેગા મહત્વ અપાયુ હતું.*

### દક્ષિણ ભારતમાં વૈગણવ ચળવળ

*ગુપ્તયુગની સમાપ્તિ/પતનથી લઈને તેરમાં સૈકાના પ્રથમ દાયકા સુધીના સમયગાળાનો વૈગણવ-ચળવળનો ઈતિહાસ મોટેભાગે દક્ષિણ ભારત સાથે સંકળાયેલ છે. વૈષ્ણીવ સંત કવિ"અલ્વર" (વિગણું ભકતો-વૈગણવો માટે વપરાતો તલિમ ભાગાનો શબ્દ પ્રયોગ) વિગણુનસ એકાત્મ ભકિતનો ઉપદેશ આપતા તેમજ એક નિગઠાપૂર્વક વિગણું ભકિતના ભકિતગીતો ગાતા તેમના આ ગીતોને સમગ્રપણે પ્રબંધ કહેવાય છે.*

## ૮.૭ શૈવ ધર્મ :

*શૈવ ધર્મનો ઉત્પતિકાળ, વૈગણવ ધર્મથી ઉલટો પ્રાચીનકાળ ગણાય છે. પાણીનીએ શીવ ભકતોના સમુહને શીવ-ભાગવત તરીકે વર્ણવ્યા છે. તેમની ખાસ ઓળખ તરીકે તેઓ હાથમાં ત્રિશુળ અને દંડ ધારણ કરતાં તથા મૃગચર્મ ધારણ કરતાં . આ શિવ પ્રબળ છતાં વિચિત્રએ ક્રિયાકાંડોનું પાણીનીએ ટુંકમાં વર્ણન*

કર્યુ છે.

દક્ષિણ ભારતમાં શૈવ ચળવળ:- શૈવ ચળવળનો પ્રારંભ દક્ષિણ હિંદમાં આવેલ તમીલનાડુમાં "નયનાર" નામથી જાણીતા ૬૩ શીવ ભક્ત સંત સમુહે હાથ ધરેલ પ્રવૃતિઓ થકી થવા પામ્યો. તમીલ ભાગામાં રચિત એમના ઉર્મિભર્યા ગીતોને "તેવરમ સ્ત્રોત" કહે છે.તેમના માટે બીજું એકનામ "દ્રવિડવેદ" પણ પ્રચલિત છે. આ ગીતો ધાર્મિક તહેવારો દરમ્યાન શીવ મંદિરોમાં ગવાતા હતા. આ નવનાર ભક્તોમાં તમામ જાતિના લોકો સમાવિગટ હતા. સૈધાંતિક રીતે જોઈએ તો ઘણા બધા શૈવ બૌદ્ધિકોએ આ પક્ષનું સમર્થન કર્યુ છે. તેમના નામ આગમંત,શુદ્ધ તથા વિર શીવ ધર્મ જેવી શીવ-ચળવળના જુદા જુદા સ્વરૂપો જોડાયેલા છે.

તત્ત્વજ્ઞાન એવું હોય કે જે સ્વાભાવિક રીતે જ સરળત્ર હોય અને તેની સાથે સાથે તે તમામ એવા સિધ્ધાંતો કે જેનો વિજ્ઞાન પણ હલ ન આપી શકે. તેની પણ સમજ આપતું હોવુ જોઈએ. એ જ સમયે વિજ્ઞાનના સાંત્વના સાથેનો વૈશ્વિક ધર્મ કે જે કોઈ એક માત્ર ધર્મ/સંપ્રદાય પૂરતો મર્યાદીત ન હોય તેવો મતાગ્રહ હોવો જોઈએ.

જયારે આપણે તત્વજ્ઞાનને વિજ્ઞાન સાથે જોડીએ છીએ ત્યારે તેનો અર્થ એ થાય છે કે આપણા વિચારવૃંદને એક વ્યવસ્થાતંત્રમાં ગોઠવીએ છીએ. જેથી કરીને તે એક માળખામાં પરસ્પર વિરોધી ન બનતાં સમગ્ર માળખામાં બંધ બેસતા આવી જાય.

"વિજ્ઞાન એટલે જ્ઞાનનું અંશતઃ એકીકરણ, જયારે તત્વજ્ઞાન એટલે સંપુર્ણપણે એકીકૃત જ્ઞાન એ ઉપરાંત જાણવા જેવું અજ્ઞાન હોય પરંતુ આ અભિરૂચ સંદર્ભે તે અજ્ઞાન એ આત્માની પ્રકૃતિના તમામ સિધ્ધાંતોનો ઉકેલ જેમાં સ્વર્ગ, ઈશ્વર અને બંધુ આવી જાય "

- હર્બટ સ્પેન્સર

## ૮.૮ નાની ધાર્મિક ચળવળો

શક્તિપૂજા /ગાકય ધર્મ તેમજ સુર્ય પૂજાને ઉતક બે મુખ્ય બ્રાહ્મણવાદી ધર્મસંપ્રદાયો( શૈવ ધર્મ /વૈગણવ) જેટલી મહત્તા સાંપડી નહી. કદાચ પુર્વે વૈદિકકાળમાં માતૃદેવીના સ્વરૂપની પુજા થતી હશે.પરંતુ વૈદિકકાળમાં તો સમૃદ્ધિ-સંપતિની દેવી(લક્ષ્મી) અને મુર્તિમંત ઉર્જા (શક્તિ) સ્વરૂપે તેને પુજવામાં આવતી હતી. તેમ છતાં દેવીપુજકોના એક ખાસ સંપ્રદાયનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રમાણમાં ઠીક ઠીક મોડેથી થતો જોવા મળે છે. આગળ ઉપર જણાવ્યાનુસાર ભારતમાં સૂર્યપુજા આદીકાળથી થતી આવી છે. વૈદિક તેમજ મહાકાળની પરાણકથાના ઈ.સ.ના શરૂઆતના સૈકામાં ઉત્તર ભારતમાં સુર્ય પુજાનું પૂર્વિય ઈરાની સ્વરૂપ દાખલ થયું.પરંતુ ધાર્મિક ચળવળના હાર્દરૂપે રહેલ દેવની છબી તરીકે તેને આગળ જતા સ્થાન મળ્યુ.

### પાઠગત પ્રશ્નો ૮.૧

(૧) વૈદિક સાહિત્યના કયા ભાગમાં પ્રગતિવાદી દ્રષ્ટ્રીકોણ શોધાયેલો જણાય છે ?

..........................................................................

(૨) બૌધ્ધ ધર્મ થકી કયો સિધ્ધાંત પ્રતિપાદિત કરાયો છે ?

..........................................................................

(૩) બૌધિક અને જૈન ધર્મને લોકપ્રિય બનાવનાર સંપ્રદાયનું નામ આપો.

..........................................................................

(૪) વૈદીકકાળમાં માતૃપૂજાના સિદ્ધાંતોનું કઈ રીતે સમ્માન થયું ?

..........................................................................

(૫) શૈવ સંપ્રદાયના વિવિધ સ્વરૂપો કયા કયા હતાં ?

..........................................................................

## ૮.૯ વૈદિક તત્વજ્ઞાન

ઋગ્વૈદિક પ્રજાનો ધર્મ અત્યંય સરળ-સહજ હતો.એટલે કે તેમાં પ્રાર્થના થકી પ્રકૃતિના વિવિધ તત્વોની અનેક દવીદેવતાઓના પ્રતિક તરીકે ભક્તિ કરવામાં આવતી .ઉત્તર વૈદિક યુગમાં આત્માના સાચા સ્વરૂપ વિશે ચોકક્સ વિચારધારા અને તત્વજ્ઞાન અને બ્રહ્મના વૈશ્વિક સિધ્ધાંત બાબતે અંતિમ વાસ્તવીકતાનો વિકાસ થયો. આ વૈદિક તત્વજ્ઞાન પૂર્ણ પરીભાગાઓમાંથી આગળ જતાં કુલ છ જુદા જુદા તત્વજ્ઞાનપુર્ણ મતોનો વિકાસ થયો. જેને "ગાડદર્શન" કહે છે. આ સઘળુ તત્વજ્ઞાન જડ-રૂઢીવાદી શ્રેણીમાં સમાવિગટ થાય છે. કારણકે તેઓ સઘળાંય વેદોને અંતિમ સત્તા તરીકે સ્વિકારે છે.હવે આપણે ભારતીય તત્વજ્ઞાનના આ છ એ છ મત અંગે જાણીશુ.

**સાંખ્ય તત્વજ્ઞાન :**

સાંખ્ય તત્વજ્ઞાન/દર્શનને મતે વાસ્તવિકતાનો આધાર બે સિધ્ધાંતો એટલે કે નર અને નારી પર નિર્ભર છે. આ નર(પુરૂગા) અને સ્ત્રી (પ્રકૃતિ) બંને પુર્ણતઃ સ્વાયત અને નિરપેક્ષ છે.સાંખ્ય તત્વજ્ઞાન અન્વયે પુરૂગા એ શુધ્ધ ચૈતન્ય કે જેમાં પરીવર્તન શકય નથી.જયારે બીજી તરફ પ્રકૃતિ કુલ ત્રણ મુખ્ય ગુણો સત્વ, રજસ અને તમસની બનેલી છે. આ ત્રણે ગુણોમાં ફેરફારને લીધે વસ્તુમાં ફેરફાર થાય છે. સાંખ્ય દર્શન જગતની ઉત્પત્તિ વિશે સમજવા માટે પુરૂગા અને પ્રકૃતિ વચ્ચે સંબંધ સ્થાપીત કરવા પ્રયત્ન કરે છે. આ તત્ત્વજ્ઞાનના આદ્ય પ્રણેતા કપિલમુની હતાં.તેમણે સાંખ્ય સુત્ર રચ્યું/લખ્યું છે.

વાસ્તવમાં સાંખ્યમતએ મૂલવણી અને પ્રત્યુતરનો એ સિંદ્ધાંત છે કે જે વિદ્વાનો વિચારકો ધ્વારા

ઉભા કરાયેલા તત્કાલીન સઘળાં પ્રશ્નોનો ઉત્તર આપે છે.

**યોગ**

યોગ શબ્દનો અર્થ બે મુળ તત્વો (અસ્તીત્વો)નું જોડાણ થાય છે. યોગનુ મુળ પતંજલીના યોગસુત્રમાં રહેલું છે. જે ઈ.સ. પુર્વેના બીજા સૈકામાં લખાયેલું મનાય છે. મનોવ્યાપારમાં થયેલા પરીવર્તનોને શુધ્ધ અને નિયત્રિત કરીને યોગ પધ્ધતીસર પુરૂગાને પ્રકૃતિમાંથી મુકત કરીને યોગીક ક્રિયાઓ તન, પ્રાણ અને ઈન્દ્રીયોને વશ કરે છે. માટે આ તત્ત્વજ્ઞાનને મોક્ષ પ્રાપ્તીનું ઉત્તમ માધ્યમ ગણવામાં આવે છે. આ મોક્ષ પ્રાપ્તિ માટે આઠ સોપાન છે જેને અગટાંગ યોગ કહે છે. તેમાં આત્મ સંયમ (યમ)નિયમપાલન (નીમ) નિશ્વિત મુદ્રા(આસન), શ્વાસ નિયંત્રણ (પ્રાણાયામ) કોઈ એક ચીજ નકકી કરી તેના પર મનનું ધ્યાન કેન્દ્રીત કરવું(ધારણા), વિગાય-વાસનાઓમાંથી મુક્તિ (પ્રત્યાહાર) ચોકકસ ચીજ ઉપર ધ્યાન એકાગ્ર થવું ધ્યાન અને અહમનું પુર્ણતઃઓગળી જવું. મન અને ચીજવસ્તુ વચ્ચેના દ્વૈતનો અંત(સમાધિ) સમાવિગટ થાય છે. આ યોગ ઈશ્વરને પ્રશિક્ષક (ગુરૂ) અને માર્ગદર્શક તરીકે સ્વકારે છે.

**ન્યાય**

ન્યાયને તર્કશુદ્ધ વિચારની પ્રયુક્તિતરીકે ગણવામાં આવે છે. ન્યાય તત્વજ્ઞાન અનુસાર અધિકૃત જ્ઞાનને યથાર્થ તરીકે વ્યાખ્યાયિત કરે છે. અર્થાત જે વસ્તુઓ જે રૂપમાં છે તે છે રૂપમાં ગણવામાં આવે છે. દા.ત. સાપને સાપને ખ્યાલને ખ્યાલના રૂપમાં ઓખવો. ન્યાય તત્વજ્ઞાન ઈશ્વરને સૃગટીના સર્જનહાર, પાલક અને સંહાકર માને છે. ગૌતમઋગીને ન્યાય સુત્રોના માન્ય લેખક તરીકે સ્વીકારવામધ આવે છે.

**વૈશેગિાક :**

વૈશેગિાક તત્વજ્ઞાને વિશ્વની ઉત્પતિને લગતી વાસ્તવદર્શી તથા વસ્તુદર્શી આધાર તત્વજ્ઞાન ગણવામાં આવે છે. આ તત્વજ્ઞાન અનુસાર વાસ્તવીકતાના ઘણા આધાર છે. જે છે પદાર્થ, ગુણધર્મ, ક્રિય), જાતિ, વિશીગટ લક્ષણ અને અન્ય ચીજવસ્તુમાં કાયમી સ્થાન વૈશેગિાક તત્વચિંતકો માને છે કે વિશ્વના તમામ પદાર્થો પાંચ તત્વોના બનેલા છે. તે જે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. તેઓને મતે ઈશ્વર એક માર્ગદર્શક સિધ્ધાંત છે. જીવંત પ્રાણીઓને સદગુણ-દુર્ગુણની ક્રિયાના આધાર પર કર્મના સિધ્ધાંત અનુસાર તેનો બદલો મળે છે. વિશ્વનું સર્જન-વિસર્જન એક કુદરતી ચકાકાર પ્રક્રિયા છે. અને તે ઈશ્વરની ઈચ્છાનુસાર બધુ જ થયા કરે છે. કણાદઋષિ વૈશેગિાક તત્વજ્ઞાનનો મુળ ગ્રંથ લખ્યો.

આ મુળ ગ્રંથ પર પાછળથી ઘણી બધી ટીકા વિશેગાણો લખાયા. તે સર્વમાં છઠ્ઠા સૈકામાં પ્રશસ્તપાદ લખેલ ટીકા વિવેચન સર્વ શ્રેગઠ ગણાય છે.

**મીંમાંસા**

વાસ્તવમાં મીમાંસાનું તત્વજ્ઞાનએ વૈદિક સંહિતાઓ તેમજ બ્રાહ્મણ ખંડના મુળ ગ્રંથોના અર્થઘટન,પ્રયોગ અને ઉપયોગનું વિશ્લેગાણ છે. મીમાંસા તત્વજ્ઞાન અન્વયે વેદો શાશ્વત છે.તેમાં સમસ્ત જ્ઞાન સમાયેલ છે.ધર્મનો અર્થ છે વેદોમાં દર્શાવેલ કર્તવ્યનું સારી(ક્ષમ્યક) રીતે પાલન કરવું. આ તત્વજ્ઞાન પોતાનામાં ન્યાય અને વૈશેગિક પ્રણાલીકાને સમાવિગટ કરીને અધિકૃત જ્ઞાનની સંકલ્પના પર ભાર મુકે છે.તેનો મુળ ગ્રંથ જૈમીનીમાં સુત્રોને નામે ઓળખાય છે. તેની રચના ઈ.સ. પૂર્વેના ત્રીજા સૈકામાં થઈ. આ તત્વજ્ઞાન સાથે સબરસ્વામી તથા કુમારીલ ભટ્ટના સંલગ્ન છે.

## વેદાંત

વેદાંત અંતર્ગત ઉપનિગાદો અર્થાત વેદના અંતિમ ભાગનું દર્શન આપે છે. શંકાચાર્ય ઉપનિગાદો, બ્રાહ્મણ ગ્રંથો , બ્રહ્મ સુત્ર અને ભગવદ ગીતા પર ભાગયો લખ્યા છે.શંકચાર્યએ પ્રસ્થાપીત કર્યુ છે અથવા તેમના તત્વજ્ઞાનને મર્મ અદ્વેત વેદાંત તરીકે ઓળખાય છે.વેદાંતનો શાબ્દીક અર્થ થાય છે બે નહી તે,એટલે કે એકની વાસ્તવીકતા . શંકરાચાર્યના મતે અંતિમ સત્ય એક છે અને તે છે બ્રહ્મ .

વેદાંતના તત્વજ્ઞાન અનુસાર બ્રહ્મ સત્યા છે અને જગત મિથ્યા છેઅને જાત (દેહ) અને બ્રહ્મ અલગ નથી. શંકરાચાર્ય માને છે કે બ્રહ્મનું અસ્તિત્વ એટલે અપરીવર્તનશીલ અને સર્વોચ્ચ સત્ય અને અનંત જ્ઞાન. તે એમ પણ માને છે કે બ્રહ્મ અને જાત (આત્મા) વચ્ચે કોઈ ભેદ નથી. બ્રહ્મનું જ્ઞાન એ તમામ ચીજો તથા અસ્તિત્વનો અંતિમ અર્ક છે. રામાનુજાચાર્ય એ અદ્વૈત મતના બીજા એક ઉચ્ચ કોટીના વિદ્વાન હતા.

તત્વજ્ઞાન વિવિધ મતમતાંતરો એ એક તારણ કાઢયું છે. જે દર્શનસાહના એવા વિચારોની ચરમસીમા દર્શાવે છે કે જેને માનવમન ભાગ્યે જ પહોંચી શકે છે અને તેને વેદાંતિક તત્વજ્ઞાન કહે છે.

વેદાંતના તત્વજ્ઞાનમાં એ સાહસ રહેલુ છે કે સ્પગટપણે અહમના અસ્તીત્વને નકારી કાઢે છે. જે આપણી જાણમાં હોય છે. આ સંદર્ભે વિશ્વભરના તત્વજ્ઞાનના ઈતિહાસમાં વેદાંતનું એક આગવું જ સ્થાન છે.

વેદાંત એ તત્વજ્ઞાન પણ છે અને ધર્મ પણ છે.એક તત્વજ્ઞાન તરીકે તે કોઈપણ યુગના કોઈપણ રાગટ્રના તમામ આગેવાનોને ગણતા વિચારકો પૈકી શોધી કાઢવામાં આવેલ એક સર્વોચ્ચ સત્ય છે. વેદાંતનું તત્વજ્ઞાન એવું શીખવે છે કે વિવિધ ધર્મોએ ઘણા બધા અલગ અલગ માર્ગો માત્ર છે. કે જેનું અંતિમ ધ્યેય એક જ છે.

વેદાંત (અર્થાત વેદો કે જ્ઞાનનો અંત) ઉપનિગાદોનો ઉલ્લેખ કરે છે કે પ્રત્યેક વેદનાં અંતિમ ભાગમાં વાસ્તવિકતાના દર્શન સાથે રજુ કરાયેલ છે.

વેદાંતનો અર્કરૂપ/સારરૂપ સંદેશ એ છે કે પ્રત્યેક કાર્યનું સંચાલન બુધ્ધિપૂર્વક અને પક્ષપાતપુર્ણ માનસીક બળ સહિત થવું ઘટે. મગજ ભુલો કરી શકે છે. પણ બુધ્ધિ આપણને કહી દે છે કે જેતે કાર્ય આપણા

મતલબનું કે રસનું છે કે અથવા તો નથી. વેદાંતએ આધ્યત્મના રાજયનું બુધ્ધિ ઘ્વારા મુલ્યાંકન કરવાની ક્ષમતા ધરાવે છે. જો કોઈ યોગ થકી આઘ્યાત્મના માર્ગ વર્તુણાત્મક પરીવર્તન અને જ્ઞાનાન્વિત થવા સાથે આંતરમનની સમજમાં પહેલ પડી જતાં હોય છે.

બૃહસ્પતિઋગિા ચાર્વાક વિચારધારા/મતના સ્થાપક સમજવામાં આવે છે.તેવો ઉલ્લેખ વેદો તેમજ બૃહદકારણ્ય ઉપનિગાદમાથી મળી રહે છે.દાર્શનિક જ્ઞાન યુકત વિકાસને ક્ષેત્રે તે સૌથી પ્રારંભિક/આદ્ય ગણાય. આ તત્વજ્ઞાનને મતે જ્ઞાન ચાર તત્વોના સંયોજનની ઉપજ છે અને મૃત્યું પછી તેની કોઈજ નિશાની બચતી નથી.ચાર્વાક તત્વજ્ઞાનનો સંબંધ ભૌતિક દર્શન સાથે છે.તેને લોકાયત તત્વજ્ઞાન અથવા સામાન્ય પ્રજાજનનું તત્વજ્ઞાન પણ કહેવાય છે.

ચાર્વાકને મતે પરલોકનું અસ્તીત્વ જ નથી.તેથી મૃત્યુ એ મનુગયના અંત છે અને ઈન્દ્રીય ભોગ એજ જીવનનું અંતિમ લક્ષ્ય છે. ચાર્વાક ભૌતિક વિશ્વ સિવાય બીજા કોઈ અસ્તીત્વનો સ્વીકાર કરતાં નથી. પરમાત્મા, આત્મા, સ્વર્ગલોક, પરલોક વગેરે અનુભવી શકાતા ન હોવાથી ચાર્વાકના મતે તે અમાન્ય ગણાય. પંચતત્વો અર્થાત પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ પૈકી ચાર્વાક સંપ્રદાયવાળા આકાશને પણ માનતા નથી કારણે કે તેને ઈન્દ્રીયની મદદથી અનુભવી/સ્પર્શી શકાતું નથી. તેમના મતે આ સકળ જગત કુલ ચાર તત્વોનું સંયોજન માત્ર છે.

ચાર્વાકની માફક જૈનો પણ વેદોમાં માનતા નથી. પરંતુ તેઓ આત્માના અસ્તીત્વનો સ્વીકાર ચોકક્સ કરે છે. તેઓ આસ્તીક પંરપરાનો સ્વીકાર કરે છે.માટે જ મન પર કાબુ રાખીને સમ્યક જ્ઞાન, સમ્યક દ્રગટી અને સમ્યક આચરણ થકી દુખનો અંત આણી શકાતો હોવાનુ માને છે. જૈન તત્વજ્ઞાનના પ્રથમ પ્રવર્તક તીર્થંકર વૃગાભદેવ ગણાય છે. અજિતનાથ અને અરીગટનેમીના નામો પણ ઋગાભદેવ સાથે લેવામાં આવતો હોય છે. કુલ ૨૪ તીર્થંકરો થઈ ગયા છે. તેમને જૈન તત્વજ્ઞાનના પ્રસ્થાપક માનવામાં આવે છે. પ્રથમ તીર્થંકરને જ્ઞાન લાધ્યું કે જૈન તત્વજ્ઞાનનો આધારસ્ત્રોત આદીનાથ છે.ચોવીસમા અને અંતિમ તીર્થંકરનુ નામ વર્ધમાન મહાવીર છે. તેમને જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર વધાર્યો.તેમનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૯૯માં થયો હતો .ત્રીસ વર્ગાની ઉંમરે સંસાર ત્યજીને તેમને સત્યજ્ઞાન (કૈવલ્ય)ની પ્રાપ્તી અર્થે કઠીન તપસ્યાપુર્ણ જીવન વ્યતિત કર્યુ. તેઓ બ્રહ્મચર્યના પાનલમાં અતુટ શ્રદ્ધાધારવતાં હતા.

**જૈન તત્વજ્ઞાનનો વાસ્તવીકતા (સત્ય)નો સિધ્ધાંત :સાતમુળ તત્વો**

જૈનોને મતે બ્રહ્માંડની તમામ ભૌતિક તેમજ પરાભૌતિક ચીજ વસ્તુઓનું મુળ જે સાત તત્વોમાંથી શોધી શકાય, તે છે જીવ-અજીવ, અસ્તીકાય, બંધ,સંવર, નિર્જન અને મોક્ષ. જે ચીજનું અતિત્વ છે. તે (શરીર જેવું) એક આવરણ સ્વીકરી લે છે. જે અસ્તીકાય ગણાય. સમયની માફક આ અસ્તીકાયને પણ

નોંધ

કોઈ આકાર હોતો નથી. દ્રવ્ય જ ગુણોનો મુળાધાર છે. આપણને દ્રવ્યમાં રહેલ ગુણ દેખાય છે તે ધર્મો છે. જૈનોને મતે દ્રવ્યમાં ગુણમાં છે. જે સમયની સાથે બદલાંતા રહે છે. તેમને મતે કોઈપણ પદાર્થ હોતો જ નથી. તેથી તે પ્રત્યેક ચીજમાં હાજર/ઉપસ્થિત હોય છે. દા.ત.ચૈતન્યએ આત્માનો એક ગુણ છે અને ઈચ્છા સુખ અને દુખ તેના સતત બદલાતા રહેતા ગુણો છે.

(૧) સદા દર્શનમાં કેટલા મતનું અસ્તીત્વ હોવાનું મનાય છે ?

.......................................................................................

(૨) સાંખ્ય દર્શનના પ્રસ્થાપકનું નામ જણાવો.

.......................................................................................

(૩) યોગના પ્રણેતા કોણ છે ?

.......................................................................................

(૪) ન્યાયસુત્ર કોણ હોવાનું ગણાય છે?

.......................................................................................

(૫) કયુ તત્વજ્ઞાન એમ જણાવે છે કે વેદો અમુર્ત છે અને સઘળુ જ્ઞાન ધરાવે છે ?

.......................................................................................

(૬) ઉપનિગાદોનું તત્વજ્ઞાન શું છે ?

.......................................................................................

(૭) કયો મત એમ જણાવે છે કે ચાર તત્વોનું સંમિશ્રણ એટલે જ્ઞાન જે મૃત્યુ બાદ કોઈ દબાણ બાકી છોડતું નથી ?

.......................................................................................

(૮) જૈન તત્વજ્ઞાનમાં કુલ કેટલા તીર્થંકરો થઈ ગયા ?

.......................................................................................

(૯) મહાવીર સ્વામી જન્મ કયારે થયો હતો ?

.......................................................................................

(૧૦) કયા તીર્થંકરને વર્ધમાન-મહાવીરનું નામાભિધાન મળ્યું છે?

..........................................................................

(૧૧) જૈનોના મુળભુત સાત તત્વો દર્શાવો.

..........................................................................

નેપાળની તળેટીમાં આવેલા કપીલવસ્તુ નજીકનાં લુમ્બિનીબાગ નામના ગામમાં ઈ.સ.૫૬૩માં બૌધ્ધ ધર્મના સ્થાપક ગૌતમબુધ્ધનો જન્મ થયો હતો.તેનું બાલ્યાવસ્થાનું નામ સિધ્ધાર્થ હતું. તેમના જન્મ પછીના દિવસોમાં જ તેમની માતાનું અવશાન થયું હતું. તેમનું લગ્ન સોળ વર્ગાની વયે યશોધરા નામની અતિસુંદર રાજકુમારી સાથે થયુ હતું. લગ્નના એકાદ વર્ગાબાદ તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનું નામ રાહુલ પાડવામાં આવ્યું. પરંતુ માત્ર ૨૯ વર્ગાની યુવાનવયે ગૌતમ બુધ્ધે ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને મૃત્યુ, માંદગી અને ગરીબાઈ જેવી વ્યાધીઓમાંથી જગતને મુક્તિ અપાવવાના હેતુ સાથે મહાભિનિગક્રમણ કર્યું. ત્યાંથી તેમને વનમાં જઈને છ વર્ગા સુધી કઠીન તપસ્યાં આદરી ત્યારબાદ તેઓ બોધી ગયા (બિહારમાં પહોંચ્યા) અને પીપળાના વૃક્ષ નીચે ઘ્યાનસ્થ થયા. આ એજ સ્થળ હતું. જયાં તેમને કૈવલ્ય(જ્ઞાન)ની પ્રાપ્તી થઈ અને ત્યાંથી તેઓ બુધ્ધના નામથી જાણીતા બન્યાં. જ્ઞાનનો આ સંદેશ ફેલાવીને લોકોને ઉકત દુખોમાંથી કાયમી મુક્તિ-મોક્ષ અપાવવા માટે તેમને પરીભ્રમણ આદર્યુ. તેઓ ૮૦ વર્ગાની વયે અવસાન પામ્યાં.

ગૌતમ બુધ્ધના ત્રણ મુખ્ય શિગયો ઉપાલી, સાધુ આનંદ અને મહાકગયપે તેમનો ઉપદેશ કંઠસ્થ કરીને તેમના અસંખ્ય અનુયાયી સુધી પહોંચાડયો. એમ માનવામાં આવે છે કે ગૌતમ બુધ્ધના અવસાન પછી તુરંત રાજગૃહ (બિહાર) ખાતે એક ધર્મ પરીગાદ બોલાવવમાં આવી જયાં ઉપાલીએ "વિનયપિટક" (આદેશના નિયમો) તથા સાધુ આનંદે "સુત્રપિટક" (ગૌતક બુધ્ધના ઉપદેશો કે સિધ્ધાંતો અને નીતિમત્તાપુર્ણ અને મુલ્યો) પ્રસ્તુત કર્યા. થોડાક સમયબાદ ગૌતમ બુધ્ધના તતવ્જ્ઞાનને આવરી લેતાં "અભિધમ્મ પિટક"ની રચના કરવામાં આવી.

**બૌધ્ધ ધર્મના મુખ્ય લક્ષણો**

ગૌમત બુધ્ધે સાદગીપૂર્ણ જીવનના સિધ્ધાંતો તેમજ જન સામાન્ય પણ સરળતાપુર્વક અનુસરી શકે તેવા વાસ્તવદર્શી નિતિનિયમો રજુ કર્યા હતા. તેમનેમતે જગત અનેક વ્યાધિ/દુખોથી ભરેલું છે. માનવ માત્રની ફરજ છે કે તે આ ગ્રંથોનું આ આંધળું અનુકરણ કરવાની ભારે ટીકા કરી. બુધ્ધના ઉપદેશો ઘણા વાસ્તવદર્શી હોવા સાથે કઈ રીતે પુર્ણતઃ માનસીક શાંતિ અને આ મૃત જગતમાંથી અંતિમ મુક્તિ-મોક્ષ મળી રહે તે દર્શાવે છે.

**ચારઉમદા સત્યોનું દર્શનઃ**





*ગૌતમબુધ્ધે ઉપદેશેલુ જ્ઞાન નીચેના ચાર ઉમદા સત્યોમાં પ્રતિબિંબીત થાય છે.*

(૧) **માનવ જીવન કષ્ટપુર્ણ છે :** *જ્યારે ગૌમતબુધ્ધે માનવને માંદગી, કષ્ટ, જરા (વૃધ્ધાવથા) અને મૃત્યું જેવા કષ્ટો ભોગવતો જોયો ત્યારે તેમને એક તારણ કાઢ્યું કે માનવ જીવન અનેક કષ્ટોથી ભરપુર છે. જન્મ લેતાની સાથે જ આવા દુખોનો પ્રારંભ થઈ જાય છે. સુખોથી વંચીત થવું પણ દુખદ બની રહે છે. અતૃપ્ત રહેવા પામતી પ્રત્યેક ઈચ્છા દુખદ બની રહે છે. જ્યારે ઈન્દ્રીયોનું સુખ સમાપ્ત થઈ જાય ત્યારે પણ દુખ થાય છે. આમ જીવન અનેક દુખોયુક્ત ગણાય.*

(૨) **દુખોનું કારણ :** *બીજુ ઉમદા સત્ય દુખો (ઉભા થવા માટેનું) કારણ છે. ઈચ્છાએ જ જન્મ અને મરણના ચક્રનું ચાલક બળ છે. માટે ઈચ્છા જ સર્વ દુખોનું મુળ ગણાય.*

(૩) **દુખોમાંથી વિરામ :** *ત્રીજું ઉમદા સત્ય જણાવે છે કે જ્યારે જીવનમાંથી ધીરજ, ઈચ્છા અને જીવન માટેનો પ્રેમ પૂર્ણતઃ નાશ પામે છે. ત્યારેદુખો દુખ બંધ થઈ જાય છે. આ સત્ય આપણને નિરાશા તરફ લઈ જાય છે. જે માનવ જીવનને દુખોથી ભરી દે છે. તેમાં અહમનો નાશ, લગાવ (સ્નેહ), ઈર્ગ્યા, શંકા અને ગ્લાનીનો સમાવેશ થાય છે. તેથી માનસીક સ્થિરતા ઈચ્છા, વ્યાધી અને કોઈપણ પ્રકારના બંધન (લગાવ) માથી મુક્તિની સ્થિતિ આપે છે. આ સ્થિતિ નિર્વાણ તરફ દોરી જતી પુર્ણતઃ શાંતિ છે.*


(૪) **મુક્તિ (મોક્ષ)નો માર્ગ :** *ચોથુ ઉમદા સત્ય મુક્તિના માર્ગ સુધી દોરી જાય છે. તેથી મુળતઃ નિરાશાવાદ સાથેના પ્રારંભયુક્ત બૌધ્ધ તત્વજ્ઞાન છેવટે આશાવાદ તરફ દોરી જાય છે. જો કે માનવ જીવન સતત વ્યાધીઓથી ભરેલું હોય છે. તેમ છતાં તેનો સંપુર્ણ અંત સંભવીત છે. ગૌતમ બુધ્ધે જણાવ્યુ છે કે મૂક્તિ તરફ લઈ જતો માર્ગ આઠ અંગો (અષ્ટાંગ) ધરાવે છે અને તે થકી નિર્વાણ (મોક્ષ) મેળવી શકાય છે.*

**મોક્ષ (નિર્વાણ) માટેનો અષ્ટાંગ માર્ગ:**

(૧) **સમ્યક (સાચી) દ્રષ્ટી:** *અજ્ઞાનતા ભગાવીને કોઈપણ વ્યક્તિ સાચી દ્રષ્ટી પ્રાપ્ત કરી શકે છે. અજ્ઞાનતાએ જગત અને જાત વચ્ચે અજુગતા સંબંધોનું નિર્માણ કરે છે. તે માનવના મનમાં અસ્થાયી જગતને સ્થાયી (કાયમી) માનવાની સમજ પ્રેરે છે. તેથી જગત માટેની સમ્યક દ્રષ્ટિકોણ થકી જ સમ્યક દ્રષ્ટી મેળવી શકાય છે.*

(૨) **સમ્યક સંકલનઃ** *અન્યને હાની પહોચાડે તેવા ખ્યાલો અને ઈચ્છાઓનો અન્ય તરફ નાશ કરવા માટે મજબુત મનોબળ જરૂરી છે. તેમાં અન્ય તરફ બલીદાન ત્યાગ, લાગણી, માયાળુંપણાનો ભાવ હોવો જરૂરી બને છે.*

(૩) **સમ્યક વાણી :** *માણસે યોગ્ય વર્તણુંક થકી પોતાની વાણી પર નિયંત્રણ રાખવું ઘટે. એનો અર્થ*





એ થાય કે બીજા માટે અયોગ્ય અથવા આકરા વેણ વાપરી કોઈની ટીકા કરવી જોઈએ નહી.

(૪) **સમ્યક વર્તન :** જીવનને વ્યથા-નુકશાન પહોંચાડે તેવી પ્રવૃતીઓથી બચવું જોઈએ. અર્થાત ચોરી, વધુ પડતું ભોજન, સૌંદર્યના અકુદરતી ઉપકરણો, ઘરેણાં, અત્યંત આરામપ્રદના પથારી અને સુવર્ણના ઉપયોગથી અલીપ્ત થવું જોઈએ.

(૫) **સમ્યક જીવન ક્રમ :** સાચો જીવન ક્રમ એટલે પોતાની રોજી રોટી વ્યાજબી માર્ગે રળવી. જો તે છેતરપીડી, લુંટ કે ચોરી જેવા યયોગ્ય માર્ગેથી મેળવવાતી હોય તો તે કયારેય સાચી/વ્યાજબી રીત ન ગણાય.

(૬) **સમ્યક પ્રયાસ :** એ પણ જરૂરી છે કે આપણે ખોટી લાગણીઓ અને ખોટા પુર્વગ્રહોથી મુકત થઈએ. તે આત્મસંયમ, કુવિચારો કે સમજનું ઉન્મુલન કરવુ અથવા તે બંધ કરવા તેમજ ઉમદા ખ્યાલો થકી જાગૃતિ કેળવવી.

(૭) **સમ્યક માનસીક સજજતા :** નો અર્થ થાય છે કે કોઈકના શરીર, હ્દય અને મસ્તિગકને યોગ્ય સ્વરૂપામાં જાળવવા. જયારે કુવિચારો મગજનો કબજો લઈલે ત્યારે મુળ સ્વરૂપ ભુલાઈ જાય છે. જયારે માનવનું કાર્ય તેના કુવિચારો અંતર્ગત ઘડાતું હોય છે. ત્યારે તેને દર્દ અનુભવવું પડતું હોય છે.

(૮) **સમ્યક ધ્યાન :** જો કોઈ વ્યકિત ઉપરોક્ત સાત સત્યોનું આચરણ કરે છે ત્યારે જે તે યોગ્ય રીતે અને સાચું ધ્યાન ધરી શકે છે. આ રીતે સાચું ધ્યાન (સમાધી) ધારણ કરીને નિર્વાણ (મોક્ષ) મેળવી શકાય.

ચાર્વાકના મત સિવાય ભારતની તમામ દાર્શનિક વિચારધારાઓમાં આત્માના સંબંધનુ ધ્યેય એક સર્વસામાન્ય બાબત છે

મહાન ફ્રેન્ચ તત્વ ચિંતક વિકટર કયુઝીનને મતે ભારત સમગ્ર તત્વજ્ઞાનનું સંક્ષિપ્ત ઈતિહાસ ધરાવે છે. તેઓ આગળ ઉપર નોંધે છે કે "આપણે જયારે પુર્વના કાવ્યાત્મક અને દાર્શનિક દસ્તાવેજો(પુરાવશેગો)ઉપર ધ્યાન કેન્દ્રીત કરીએ જીએ ત્યારે તે સઘળાં ભારતમાંથી ઉદભવ પામીને યુરોપભરમાં ફેલાયેલ જણાય છે. ભારતીયોએ એવા ઘણા સત્યો અને ગુઢ સત્યો(તત્વો) તથા તેના અર્થપુર્ણ પરીણામો શોધી કાઢયા છે. કે જયાં યુરોપવાસી બૌધિકો પણ ઘણીવાર અટકી જાય છે. તેથી આપણને પુર્વના તત્વજ્ઞાન સમક્ષ ઘુંટણ ટેકવાની ફરજ પડે છે. કારણ કે માનવ જાતનું આ પારણું સર્વોચ્ચ તત્વજ્ઞાનની આ ભુમિમાં બંધાયેલ છે."

મને ખાત્રી છે કે તમને બૌધ્ધ ધર્મ વિશે થોડું વધુ જાણવાની ઉત્કંઠા જાગી હશે જ. તેથી હવે આપણે બિહારના બોધીગયામાં જઈશું. જેથી પ્રાચીન માર્ગ પર યોગ્ય રીતે વિચરી શકાય. મહાબોધી વૃક્ષ કે

જયાં સત્યનું અવતરણ કે આધ્યાત્મનો પ્રકાશ પાથરવા જેવું અદભુત કાર્ય ઉદભવ્યું છે. ત્યાંથી આપણી વાતનો પ્રારંભ કરીશું. પરંપરાગત રીતે એમ જણાવાયું છે કે ગૌતમ બુધ્ધ આ જ્ઞાન પ્રાપ્તિ બાદ ગૌતમ બુધ્ધ બોધીગયા મુકામે સાતેક અઠવાડીયા સુધી રોકાયા હતા.

ત્યાં તમે અનિમેશ્લોકા સ્તુંપ જરૂર જોશો. એ એવા ઘરો છે કે જયાં બુધ્ધની એક પ્રતિમાં અનિમેશપણે (આંખની પલક પણ ભેગી કર્યા વિના અપલક) આ સ્તુપ પર પોતાની નજર જમાવીને ઉભી છે. બાોધીગયાની હિંદુઓ ધ્વારા પુજાય છે કે જેઓ તેના વિગણુંપદ મંદીર જઈને "પિંડદાન" કરીને તેમની માનસીક શાંતિ અર્જીત કરવા માટે મૃતાત્માઓ પાસેથી દીલાસો મેળવતાં હોય છે.

ત્યારબાદ તમે રાજગૃહ-રાજગીરીની મુલાકાત લઈ શકો કે જયાં ગૌતમબુધ્ધના અવસાન પછીના નવસો વર્ગોચીની પ્રવાસી ફાહયાને મુલાકાત લીધી હતી. તેને આ સ્થળેથી ગૌતમબુધ્ધે કરેલા પ્રવચનો સાભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું નથી.એ કમનસીબી માટે ત્યાં રડી પડયો હતો. ગૌતમબુધ્ધને લગતી ઘણી બધી વાર્તાઓ વાંચી હશે. તેની રચના અહીંથી થવા પામી હતી.તમે બુધ્ધને એમની પ્રથમ નિશાળ કે જયાં પાછળથી એક મિશન-ધ્યેય બની જવા પામ્યું હતુ.પ્રારંભ અહીંની ગુફાઓમાં તેઓ રાકાયા ત્યારથી થયો હતો. અહીંથી જ મોર્ય રાજવી બિંબીસારે બૌધ્ધ ધર્મ અપનાવ્યો હતો. પેલી વાર્તાનું પઠન યાદ કરો કે જેમાં એક પાગલ હાથીને ગૌતમબુધ્ધને હણતાં દેવદત્ત થકી અટકાવ્યો હતો. આ ઘટના અહીં બની હતી.વળી બુધ્ધની અંતિમ યાત્રા પણ અહીંથી જ પ્રારંભાઈ હતી. સર્વ પ્રથમ બૌધ્ધ ધર્મ પરીગાદ પણ આ સપ્તપર્ણી ગુફા ખાતે જ યોજાઈ હતી,કે જયાં ગૌતમબુધ્ધના અલેખીત ઉપદેશોને એમના અવસાન બાદ ગ્રંથસ્થ કરવામાં આવ્યા હતા.મઠવાસનો ખ્યાલ પણ રાજગીરથી જ ઉદભવ્યો હતો કે જે આગળ જતા એક શૈક્ષણિક તેમજ ધાર્મિક કેન્દ્ર તરીકે વિકસવા પામ્યો હતો.

પુરાવસ્તુવિદ્યાના તમારા પાઠમાં તમે નાલંદા વિદ્યાપીઠ વિશે વાચશો.તેની સ્થાપના ઈશુપૂર્વના પાચમાં સૈકામાં થઈ હતી.આ જગતભરની સૌથી પ્રાચીન વિદ્યાપીઠ હતી. ગૌતમબુધ્ધે શિક્ષણને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યુ ત્યારથી સાધુઓ અને વિદ્વનો એમને વિચાર વિમર્શ માટે ઘેરી વળતા થયા. તેથી ઈસુ પૂર્વના પાંચમા સૈકા સુધીમાં તો નાલંદા વિદ્યાપીઠે ગુપ્તશાસનતંત્ર અંતર્ગત એક શ્રેગઠ મઠ વિદ્યાધામ તરીકે પ્રસિધ્ધી હાંસલ કરી લીધી હતી.

(૧) ગૌતમબુધ્ધનું બચપનનું નામ શું હતુ ?

.........................................................................................

(૨) ગૌતમબુધ્ધે કયાં ધ્યાન ધર્યુ હતું ?

.....................................................................

(૩) ગૌતમબુધ્ધને કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તી કયારે થઈ ?

.....................................................................

(૪) સુતપિટકમાં કયો વિગાય સમાવિગટ કરાયો છે ?

.....................................................................

(૫) વિનય પિટક પર કોણે ભાગાણ આપ્યું હતું ?

.....................................................................

(૬) ગૌમતબુધ્ધનાં ચાર સત્યો કયાં કયાં છે ?

.....................................................................

(૭) ભારતની કઈ દાર્શનીક વિચારધારા અનુસાર આત્માની મુક્તિ સંદર્ભે વિવિધ મત પ્રવર્તે છે?

.....................................................................

- ધર્મનું મુળ છે પુર્વ વૈદીકકાળથી અલગ તારવી શકાય તેમ છે.
- પ્રાચીન ભારતમાં ધર્મના ક્ષેત્રે થયેલ વિકાસ પરંપરાગત માન્યતાઓની સાથે સાથે ઉદારમતવાદને પણ અનુસરે છે.
- ભારતીય તત્વજ્ઞાન વ્યવસ્થા વેદોમાંથી ઉદવેલ છે.જે રૂઢીવાદી વ્યવસ્થા કહેવાય છે.
- સાંખ્ય દર્શન માને છે કે જાત અને જાત નહી તે અર્થાત પુરૂગા અને પ્રકૃતિ થકી જ વાસ્તવીકતાનું ઘડતર થાય છે.
- જાતના અભ્યાસ સંદર્ભે યોગે તદૃન વાસ્તવદર્શી તત્વજ્ઞાન છે.
- ન્યાય શસ્ત્ર તર્કબધ્ધ વિચારસરણીની રીત રજુ કરી છે.
- મીમાસા દર્શને મુળભુત રીતે વૈદિક ગ્રંથોનું વિગલેગાણ છે.
- ચાર્વાકવાદ ,જૈનવાદ, અને બૌધ્ધવાદ એ ઉદારમતવાદી વ્યવસ્થા ગણાય છે.
- ચાર્વાકએ "ભૌતિકવાદી તત્વજ્ઞાન છે."તેને મતે ભૌતિક તત્વો સિવાય અન્ય કોઈનું અસ્તીત્વ છે જ નહી.

- જૈન તત્વજ્ઞાન અનુસાર નિર્વાણ(મોક્ષ) એટલે આત્માનું /જીવનું પદાર્થ (શરીર)થી મુક્ત થવું.
- બુધ્ધનું જ્ઞાન ચાર ઉમદા અને મહાન સત્યોમાં પ્રતિંબિબીત થાય છે તે (૧)એક માનવજીવન દુખોથી ભરપુર છે. (૨) પ્રત્યેક દુખનું કોઈક કારણ હોય છે. (૩) દુખનો અંત હોય છે. (૪) દુખથી મુક્ત થવાનો માર્ગ પણ હોય છે.
- ગૌમતબુધ્ધે મોક્ષ/મુકિત માટે બતાવેલ અગટાંગ માર્ગ એટલે (૧) સમ્યક દ્રગટી (૨) સમ્યક સંકલ્પ (૩) સમ્યક વાણી (૪) સમ્યક વર્તન (૫) સમ્યક જીવન ક્રમ (૬) સમ્યક પ્રયાસ (૭) સમ્યક માનસીક સજ્જતા એન (૮) સમ્યક ધ્યાન

(૧) પ્રાચીન ભારતની ધર્મસુધારણાના વિવિધ લક્ષણોની વ્યાખ્યા આપો.

(૨) ચાર્વાકના મતે ભારતની ધાર્મિક ચળવળમાં કેવો ભાગ ભજવ્યો ?

(૩) અન્ય દાર્શનીક મતોતી ચાર્વાક મત કઈ રીતે જુદો પડે છે ?

(૪) સદાદર્શન કઈ રીતે રૂઢીવાદી પ્રથામાં સમાવિગટ કરાયેલ છે તે સમજાવો.

(૫) એક ઉમદા માણસ બનવા માટે બૌધ્ધ ધર્મ તત્વજ્ઞાને શું પ્રદાન કર્યુ છે ?

(૬) તમે એવુ કઈ રીતે કહી શકો કે મીમાંસા તત્વજ્ઞાને મુળભુત રીતે વૈદીકગ્રંથોનું વિશ્લગાણ માત્ર છે ?

૮.૧

(૧) અરણ્યકો અને ઉપનિગાદો

(૨) કર્મનો સિધ્ધાંત

(૩) વૈગણવ, શૈવ અને શાકત સંપ્રદાય

(૪) દિવ્યમાતા , સંપતિની દેવી (લક્ષી) અને ઉર્જાનો સ્ત્રોત (શકિત)

(૫) આગમંતા , શુધ્ધા અને વીર શિવમ

૮.૨

(૧) છ

(૨) કપીલા કે જેણે સાંખ્યસુત્ર લખ્યું

(૩) પતંજલીનું યોગસુત્ર

(૪) ગૌતમ

(૫) મીમાસા મત

(૬) વેદાંત, વેદોનો સારરૂપ ભાગ

(૭) ચાર્વાક મત

(૮) ૨૪

(૯) ઈ.સ.પુર્વે ૫૯૯

(૧૦) ચાવીસમા કે અંતિમ તીર્થંકર

(૧૧) જીવ, અજીવ, અસ્તીકય, બંધ, સંવરા, નિર્જન, મોક્ષ

૮.૩

(૧) સિધ્ધાર્થ

(૨) બિહારનામ બોધીગયા મુકામે પીપળાના વૃક્ષ નીચે

(૩) બોધીગયા -બિહાર

(૪) બુધ્ધના સિધ્ધાંતો અને નીતિનિયમો

(૫) ઉપાલી

(૬) માનવ જીવન દુખોથી ભરપુર છે. દુખો માટે કોઈ ચોકક્સ કારણ રહેલું હોય છે. દુખોમાંથી વિરામ પણ છે.મુક્તિ (મોક્ષ)નો માર્ગ

(૭) ચાર્વાક મત

# ૯

# મધ્યકાલીન ભારતમાં ધર્મ અને તત્વજ્ઞાન

શહેરના કોઈ પ્રક્ષકગૃહ/ પુરાલય (ટાઉનહોલ)માં લગભગ દર મહિને સૂફી અને ભક્તિગીતોના ગાયન-વાદનનો કાર્યક્રમ યોજાતો જહોય છે. આ ગીતોની લોકપ્રિયતાનો ખ્યાલ ત્યાં ઉપસ્થિત જનમેદનીને જોતા આવી જાય છે.તેને સરકાર, મોટા ઉદ્યોગગૃહો કે મોટા વ્યક્તિનું પ્રોત્સાહન સાંપડયું હોય છે. આ ગીતો તેમજ સૂફીઅને ભક્તિ સંતોના ઉપદેશો આજે પણ એટલાં જ પ્રસ્તુત ગણાય છે. તમે જાણો છો કે મધ્યકાલીન ભારતે સૂફીઅને ભક્તિ આંદોલનનો ઉદભવ-વિકાસ જોયો છે. આ બંને આંદોલનોએ હિંદુ-મુસ્લિમ પ્રજા વચ્ચે ધાર્મિક અભિવ્યક્તિનું નવું સ્વરૂપ ખીલવ્યું છે.સૂફી એવા ગુઢ સંતો છે કે જેમનો ઈસ્લામમાં ઉદારમતવાદ આણ્યો છે તેમને વૈશ્વિક પ્રમ પર આધારીત સમાન/સમભાવયુકત સમાજના નિર્માણ પર ભાર મુકયો છે. ભક્તિ સંતોએ હિદુંત્વ ભક્તિનું તત્વ ઉમેરીને ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ ચિંધ્યો છે. તેમના માટે જાતી-વર્ગનો કોઈ મતલબ નથી અને તમામ માનવ માત્ર એક સમાન છે. લોક ભાગાના ઉપયોગ થકી તેમણે ધર્મને જનસામાન્યમાં પણ સરળતાપુર્વક ભળી જાય તેવો અને અર્થપુર્ણ બનાવ્યો છે.

## હેતુઓ

આ પાઠના વાંચન બાદ તમે,

- મધ્યકાલીન ભારતમાં સૂફીવાદ અને ભક્તિવાદના ઉદ્ભવ માટેના કારણોને સમજી શકશો.
- સૂફીચળવળના વિકાસને પિછાણી શકશો.

- સૂફીસંપ્રદાયના મુખ્ય મુખ્ય પંથોને ઓળખી શકશો.
- સૂફીવાદના મુખ્યમતોનું વર્ણન કરી શકશો.
- સંત કબીર અને ગુરૂ નાનક જેવા ભક્તિ સંતોનું તત્વજ્ઞાન સમજી શકશો.
- શીખ ધર્મના ઉદય વિશે જાણશો.
- વૈગણવ સંતોની વિચારધારાને વર્ણવી શકશો.
- ભારતની મિશ્ર સંસ્કૃતિના ઉદભવમાં સૂફીઅને ભક્તિ સંતોનું પ્રદાન નક્કી કરી શકશો.

## ૯.૧ સૂફી આંદોલન

### પૂર્વભૂમિકાઃ ઈસ્લામનો ઉદયઃ

તમને યાદ હશે કે ઈસ્લામ ધર્મની સ્થાપના મહંમદ પયગંબરે કરી હતી. ઈસ્લામે પોતાની અંદર પણ ઘણી બધી ધાર્મિક અને આધ્યમિક ચળવળો થતી નિહાળી છે. આ ચળવળનું કેન્દ્ર મોટેભાગે કુરાને શરિફના અર્થઘટનમાં રહેલ હોય છે. ઈસ્લામ ધર્મમાં બે મુખ્ય પંથો-સુન્ની અને શીયા-પડેલા છે. આપણા દેશમાં ઉક્ત બંને પંથોના લોકો વસે છે. પરંતુ ઈકાન, ઈરાક અને પાકિસ્તના જેવા ઘણાબધા અન્ય રાગટ્રોમાં એમાંના માત્ર એક પંથ/સંપ્રદાયના લોકોનો વસવાટ જોવા મળે છે.

સુન્ની પંથી લોકોમાં ઈસ્લામીક મતના મુખ્ય ચાર સિધ્ધાંતો પ્રચલીત છે. તે કુરાને શરીફ અને હદીસ (પયંગબરના વચનો અને કર્તવ્ય પરંપરા) પર આધારીત છે. તે પૈકીના આઠમા સૈકાનો હનાફીમત પુર્વીય તુર્કો દ્વારા અપનાવવમાં આવ્યો. આ લોકો ભારતમાં પાછળથી આવ્યાં હતાં.

રૂઢીવાદી સુન્નીવાદના ઉદભવમાં પડકારરૂપ ભૂમિકા ભજવનાર બૌદ્ધિક તત્વજ્ઞાને અથવા મુતાઝીલોએ સખત-ચુસ્તપણે એકશ્વરવાદ પર ભાર મુકયો. તેમને મતે ઈશ્વર તટસ્થ છે અને તેને માણસના દુગટ કૃત્યો સાથે કોઈ જનિસ્બત નથી. માણસો મુકત-ઈચ્છા અનુસાર વર્તતા હોય છે અને તેઓપોતાના કર્મો બદલ જવાબદાર પણ હોય છે. આવા મુતાઝીલોનો આશરીમતવાદીઓ ધ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો. આ મતની સ્થાપના અબુલ હસન અસારી(ઈ.સ.૮૭૩-૯૩૫) ધ્વારા કરવામાં આવી. આ અસારી મતવાદીઓ પાસે પોતાના બૌધિક તર્કો હતા. જેના થકી તેઓ રૂઢીવાદી સિદ્ધાંતો (કલામ) સામે બચાવ કરી શકતાં હતા. આ મત વાદીઓ માનતા હતા કે ઈશ્વર જાણકારી ધરાવે છે. જોલ શકે છે અને બોલી પણ શકે છે. કુરાને શરીફ અમુર્ત અને કોઈપણ માનવ થકી ન સર્જાયુ હોય તેવું-દૈવી સર્જન છે. આ મતના મહાન પ્રવર્તક હતા, અબુ-હમીદ-અલ-ગઝાલી (ઈ.સ.૧૦૫૮-૧૧૧૧) ) છે. તેમને રૂઢીવાદીઓને ગુઢ રહસ્યવાદી બનાવવાનો યશ આપવામાં આવે છે. ઈ.સ. ૧૯૦૫થી એક સૂફીસંત તરીકે જીવન વ્યતિત કરનારા તેઓ મુળભુત રીતે એક મહાન ઈશ્વરવાદી વિચારક હતા. તેમને રૂઢીવાદી તત્વો તેમજ સુફીવાદીઓ-એમ બંને થકી પુરતો આદર મળતો હતો. તેઓ કહેતા હતા કે

હકારાત્મક જ્ઞાન એ કોઈ કારણ થકી મેળવવા/પ્રાપ્ત કરવાની વસ્તું નથી. પરંતુ તે આત્મસિધ્ધિની બાબત છે. આ સૂફીસંતો પણ કુરાન સાથે ઉલેમાઓ જેટલું જોડાણ ધરાવે છે.

ગઝાલીના વિચારોનો પ્રભાવ રાજય ધ્વારા પ્રસ્થાપીત નવી શિક્ષણ પધ્ધતિ પર પ્રગાઢ સ્વરૂપનો હતો. કારણ કે તે ઉચ્ચ કક્ષાના શિક્ષણ માટે (મદ્રેસા તરીકે જાણીતી)સંસ્થાઓ પુરી પાડવાનુ ંકામ કરે છે. કે જયાં વિદ્યાર્થીઓને અસારી વિચારધારાથી અવગત કરાવવમાં આવતાં હોય છે.અત્રે આ લોકોને મુખ્યત્વે રૂઢીવાદી સુન્ની વિચારધારા સાથે તાલમેલ જાળવીને રાજય સંચાલન કઈ રીતે કરી શકાય. એ શીખવવામાં આવતું હોય છે. આવા વિદ્વાનો ઉલેમાઓ તરીકે ઓળખાય છે. આ ઉલેમાઓ મધ્યકાલીન ભારતનાં રાજકારણમાં અત્યંત મહત્વપુર્ણ ભાગ ભજવતાં હતા.

### સૂફીસંતો

સૂફીસંતો ઉલેમાઓથી વિરોધી મત ધરાવતા જણાય છે. આ સૂફીસંતો ગુઢ રહસ્યવાદી સંતો હતાં.તેઓ રાજકીય અને સામાજીક જીવનને ક્ષેત્રે પ્રવર્તમાન એવી ઉતરતી કક્ષાની સ્થિતિ જોઈને અવાક થઈ જતા હતા. તેઓ જનસામાન્યમાં સંપતિના આછકલાઈપુર્ણ પ્રદર્શનનો અને નાસ્તિક શાસકને સેવા આપવાની ઉલેમાની રીતનો ભારે વિરોધ કરતા હતા.ભક્તિ સંતોની માફક સૂફીસંતો પણ ધર્મને " પ્રભુ તરફના પ્રેમ" અને માનવજાતની સેવા મુલવતાં હતાં. સમય જતા સૂફીસંતો જુદા જુદા સંપ્રદાયો (સિલસિલા)માં વિભાજીત થઈ ગયાં. આવા દરેક સિલાસિલાને પોતાના પીર (માર્ગદર્શક સંત) હતા. જે ખ્વાજા કે શેખ તરીકે ઓળખાતા. આવા પીર અને તેમના શિગયો ખાનકાહ (આશ્રમ)માં રહેતાજ. આ પીર પોતાની પ્રવૃતિને આગળ વધારવા માટે પોતાના શિગયોમાંથી કોઈ એકની અનુગામી-શિગયપદે વરણી કરી શકતા. સૂફીસંતો "સમા" (ભકિત ગીતોની મહેફીલ)નું પોતાના ગુઢ આનંદ માટે આયોજન કરતાં.ઈરાકનું બસરા સૂફીપ્રવૃતિઓનું મુખ્ય મથક હતું .અત્રે એ ખાસ નોંધવું રહયું કે સૂફીસંતોએ કોઈ નવા ધર્મની સ્થાપના કરી ન હતી.પરંતુ તેઓ ઈસ્લામી માળખામાં રહીને પ્રમાણમાં ઉદાર એવી ચળવળ ચલાવતાં હતા. તેમની કુરાન પ્રત્યેની વફાદારી ઉલેમાઓ જેટલી જ હતી.

### ભારતમાં સૂફીવાદ

અગીયારમા અને બારમાં સૈકા દરમ્યાન હિંદમાં સૂફીવાદનું આગમન થયું.આમાંના ભારત ખાતે સ્થાયી થયેલા એક આગેવાન સૂફીસંત અલ-હુઝવારી હતાં. જે ઈ.સ.૧૦૮૯ (૧૦૮૯) માં અવસાા પામ્યાં તેઓ મોટે ભાગે દાતાગંજ બક્ષ (અર્થાત અંતિમ ખજાનાના વિતરક)નામથી જાણીતા થયાં.પ્રારંભમાં મુલતાન (સિંધ)અને પંજાબ તેના મુખ્ય કેન્દ્રો હતા. પરંતુ તેરમા અને ચૌદમા સૈકા દરમ્યાન સૂફીસંતો કશ્મીર,બિહાર, બંગાળ અને દખ્ખન સુધી ફેલાઈ જવા પામ્યાં. એ જાણાવવું જોઈએ કે ભારતમાંના પોતાના આગમન પુર્વે સૂફીવાદે તેનું ચોકકસ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. તેમની પાયાની બાબતો અને નૈતિક સિધ્ધાંતો, શિક્ષણ , આદેશ,ઉપવાસની પદ્ધતિ, પ્રાર્થના અને ખાનકવાહમાં જીવવાની

*રીતોએ સઘળુ પુર્વ નિશ્ચિત હતું. આ સૂફીસંતો પોતાની મુકત ઈચ્છા અનુસાર અફઘાનિસ્તાન થઈને હિંદમાં આવ્યા હતાં. તેમનો શુધ્ધજીવન દિવ્યપ્રેમ અને જનસેવાએ તેમને અત્યંય લોક પ્રિય બનાવી ભારતીય સમાજમાં માનભર્યુ સ્થાન અપાવ્યું.*

*આઈન-અકબરીના લખાણ દરમ્યાન અબુલફજલ ચૌદ જેટલા સૂફીસિલાસિલા અંગે જણાવે છે. આ પાઠમાં આપણે કેટલાંક અગત્યના હોય તેની એક રૂપરેખા મેળવીશું. આ સિલાસિલા મુખ્યત્વે બે ભાગઃ- શેરા અને બે-શેરામાં વહેંચાયેલા હતા. બા-શરા એટલે એવા લોકોકે જે ઈસ્લમી કાયદા (શરીયત) નમાજ તથા રોજા જેવા તેમના દિશાનિર્દેશોને અનુસરતા હતા. એમાંના મુખ્ય ગણાય તેવા ચીસ્તી, સોહારવદી, ફિરદોસી, કાદરી અને નક્ષબંધી સિલસિલા હતાં. બે-શરો સિલાસિલા શરીયાથી બંધાયેલ ન હતા. મસ્ત કલંદર આ જુથમાં સમાવિગટ છે.*

**ચીશ્તિ સિલસિલા**

*ચીશ્તિસંપ્રદાયની સ્થાપના (હેરાત પાસે આવેલા ) ખ્વાજા ચીશ્તિગામમાં થઈ હતી. ભારતમાં ચીશ્તિસિલસિલાની સ્થાપના ખ્વાજા મોઈનુદ્દીન ચીશ્તિ(જન્મ ૧૧૪૨) ના કે જેઓ ૧૧૯૨ની આસપાસ હિંદમાં આગનમ સાથે થઈ.તેમને આ માટે અજમેરને મુખ્ય મથક બનાવ્યું. તેઓ માનતા હતા કે માનવજાતની સેવા એ જ શ્રેગઠ પુજા-અર્ચના-ભકિત છે માટે તેમને દરીદ્ર લોકો વચ્ચે સેવા કાર્ય કરવાનું શરૂ કર્યુ. તેઓ અજમેર ખાતે ઈ.સ.૧૨૩૬માં અવસાન પામ્યાં. મોઘલકાળ દરમ્યાન અજમેર એક પ્રસિધ્ધતીર્થધામ બની ગયું.કારણ કે મોઘલ સમ્રાટો અવાર-નવાર શેખ (મોઈનુધીન ચીસ્તી) ની દરગાહ પર (જીયારત-દર્શન માટે) આવતાં. શેખની લોક પ્રિયતાનો અંદાજ એ વાત પરથી આવી જશે કે આજે પણ લાખો હિંદુ મુસ્લીમો પોતાની મનોકામનાની પુર્તિ માટે અજમેર શરીફની મુલામાત અચુકપણે લે છે. તેમાં શિગયોમાં હમ્મહુધીન નાગોરી તથા કુતુમુદ્દિન બખત્યાર કાફી હતા.નાગોરી એક સામાન્ય સ્થિતિના ખેડતનું જીવન જીવતા અને જમીન ખેડતા. (તેમ છતાં)તેમને સુલતાન ઈલ્તુત્મિશનું ગામડાનું અનુદાન લેવાની સાફ ના પાડી હતી. કુતુમુદ્દિન બખત્યાર કાફીની ખાનકવાહ (આશ્રમ) પણ વિખ્યાત હતી. જીવનના પ્રત્યેક સ્તરોમાંથી લોકો તેમની મુલાકાતે આવતાં . સુલતાન ઈલ્તુત્મિશે કુતુબ મિનાર(નું નામાભિધાન કરીને) આ સંતને અર્પણ કર્યો હતો. અજોધાન(પાકિસ્તાનનું પટ્ટણ)ના શેખ ફારૂકહીને આ ચીશ્તિસિલસિલાને વર્તમાન પંજાબ તેમજ હરીયાણામાં પ્રસિધ્ધિ અપાવી હતી. પોતાના સ્નેહ ઉદારતાના બારણા એમને સૌને માટે ખુલ્લાં મુકયા હતા.બાબા ફરીહને નામે જાણીતા આ સંત હિંદુ-મુસ્લિમ બધાનો એક સરખો સ્નેહ અને આદર પામ્યાં હતા. તેમની કાવ્ય રચનાઓને આદીગ્રંથ (ગ્રંથ સાહેબ)માં સ્થાન મળેલું છે.*

*સૂફીસંત બાબા ફરીદનાં સર્વ શ્રેષ્ઠ અને જાણીતા શિગય એટલે શેખ નિજામુદ્દીન આલીયા(ઈ.સ.૧૨૩૮-૧૩૨૫) દિલ્હીને ચીશ્તિ સિલસિલાનું મહત્વપુર્ણ કેન્દ્ર બનાવવમાં તેમનું પ્રદાન સવિષેશ હતું .તેઓ ઈ.સ.૧૨૫૯માં દિલ્હી આવ્યાં.પોતાના ૬૦ વર્ગાનાં અહંના વસવાટ એમને સાત જેટલા સુલતાનોનું*

*શાસન નિહાળ્યું હતું. તેમને શાસકો ,ઉમરાવો અને રાજયથી દુર રહેવું પસંદ કર્યુ. તેમના માટે ત્યાગ એટલે ગરીબ-જરૂરત મંદોને રોટી-કપડાનું દાન કરવું. વિખ્યાત શયાર-કવિ અમીર ખુસરો તેમના શિગય હતાં.*

*એક બીજા વિખ્યાત ચીશ્તિ સંત હતા શેખ નસરુદ્દીન ચિરાગે દિલ્હી (દિલ્હી દીપક) તરીકે જાણીતા હતાં.ઈ.સ. ૧૩૫૬માં તેમના અવસાન બાદ , આધ્યમિક શિગયો ન મળતાં આ ચીશ્તિ સિલસિલાના અનુયાયીઓ પુર્વ તથા દક્ષિણ ભારતમાં વિખરાઈ જવા પામ્યાં.*

**સુહરાવર્દી સિલસિલા :**

*આ સિલસિલાના સ્થાપક શેખ શીહાબુદ્દીન સુહરાવર્દી હતા. ભારતમાં તેની સ્થાપના શેખ બહાઉદ્દીન (૧૧૮૨-૧૨૬૨)એ કરી હતી.તેમને પોતાના પ્રસિધ્ધ ખાનકવાહની સ્થાપના મુલતાન (સિંઘ) ખાતે કરી. શાસકો ઉચ્ચ સરકારી અધિકારીઓ અને શેઠ શ્રીમંતો તેમની મુલાકાતે આવતાં. શેદ બહાઉદ્દીન ઝકરીયાએ કુબીચા સાથેના ઈલ્તુત્મિશના પ્રારંભિક સંઘર્ગા ટાણે ઈલ્તુત્મિશનો પક્ષ લીધો હોવાથી તેના તરફથી તેમને શેખ-ઉલ-ઈસ્લામ(ઈસ્લામીક નેતા)નું બિરૂદ કરાયું હતું. અત્રે એક વાત ખાસ નોધવી રહી કે ચીશ્તિ સંતોથી ઉલટા સુહારવર્દી સંતોએ રાજ્ય સાથે નિકતાપુર્ણ સંબંધો સ્થાપીત કર્યા હતાં. તેમણે ભેટ-સોગાદો, જાગીરો તેમજ ધર્મોપદેશ વિભાગમાં સરકારી પદો પણ ભોગવ્યાં હતા.સુહારવર્દી સિલસિલાની પંજાબ અને સિંધ ખાતે સુદઢ સ્થાપના થાવ પામી . આ બે સિલસિલાઓ સિવાય અન્ય કેટલાંક ફિરદૌસી, સતારી, કાદરી અને નક્ષબંધ નામના સિલસિલા મુખ્ય હતા.*

**સૂફીચળવળની અગત્યતા :**

*સૂફીચળવળે ભારતીય જનસમાજમાં અગત્યનું પ્રદાન નોધાવ્યું છે. જે રીતે ભક્તિ ચળવળના સંતોએ હિંદુ ધર્મમાં રહેલ જુથ કે વાડાબંધી તોડી પાડી હતી. તે જ રીતે આ સૂફીસંતોએ ઈસ્લ મની અંદર એક નવું ઉદારમતવાદી દ્રગટીબિંદુ ઉમેર્યુ હતું. પ્રારંભિક ભક્તિ અને સૂફીસંતોમાં પારસ્પરિક આદન-પ્રદાનથી પંદરમા સૈકા દરમ્યાન એક વધુ ધર્મ સુધારણા ચળવળનો પાયો નંખાયો તે વાંચશો ત્યારે જરૂર ખ્યાલ આવશે કે સંત કબીર અને ગુરૂ નાનકે વૈશ્વિક પ્રેમને આધારે બિન સાંપ્રદાયીક ધર્મનો ઉપદેશ આપ્યો હતો.સૂફીસંતો વહાદત્ત-ઉત-વઝૂદ (જીવમાત્રની એકતા)માં શ્રદ્ધા ધરાવતાં હતા.તેને સંત ઈબ્ન-એ-અરબી (૧૧૬૫-૧૨૪૦)એ જરૂરી પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. તેમને મતે સઘળા જીવો એક સમાન છે. તથા વિવિધ ધર્મો પણ એક સમાન છે. આ સિધ્ધાંત હિંદભરમાં ભારે લોક પ્રસિધ્ધબની રહયો. સૂફીસંતો તથા ભારતીય યોગીઓ વચ્ચે પણ ભારે પ્રમાણમાં વૈચારીક આદાન-પ્રદાન થતું. ફલતઃ હઠયોગ જેવા શાસ્ત્રીય ગ્રંથોનું અરબી અને ફારસી ભાગામાં ભાગાંતર થવા પામ્યું.*

*સૂફી સંતોનું એક પ્રશંસા પાત્ર પ્રદાન એટલે કચડાયેલા ગરીબ વર્ગની સેવા .જયારે સુલતાન તથા ઉલેમાઓએ લોકોની રોજીદી મુશ્કેલીઓની ઉપેક્ષા કરતા ત્યારેસૂફીસંતો આવા સામાન્ય લોકો સાથે*

પ્રગાઢ સંબંધ બાંધતા-જાળવતાં સંત નિઝામુદ્દીન ઓલીયા કોઈની પણ નાત, જાત કોમ અથવા ધર્મ સામે જોયા વિના માત્ર તેની જરૂરીયાતોને અનુલક્ષીને તેને સહાયપુરી પાડવામાં જાણીતા હતાં. એવું કહેવાય છે કે ખાનકવાહમાં ઉપસ્થિત દરેક મુલાકાતીને જ્યાં સુધી સાંભળી ન લે ત્યાં સુધી તેઓ જંપતા નહોતા. સૂફીસંતોને મતે ઈશ્વર ભક્તિનું શ્રેગઠ સ્વરૂપ એટલે જનસેવા (અર્થાત જનસેવા એ જ પ્રભુ સેવા) તેઓ હિંદુ-મુસ્લિમ તમામ તરફ એક્સમાન વર્તન કરતાં. અમીર ખુસરો નોધે છે કે, "જો કે હિંદુઓ ધર્મ બાબતે મારા જેવા (ચુસ્ત) નથી. પરંતુ જેમાં (ઈશ્વરમાં) હુ માનું છું તેમ તેઓ પણ અચુકપણે માને છે."

આ સૂફીચળવળે (ભારતમાં) એકતા અને બંધુત્વની ભાવનાને પ્રોત્સાહિત કરી. ઈસ્લામે જે સભાનતા પર ખાસ ભાર મુકયો છે તેને ઉલેમાઓથી વધુ આ સૂફી સંતોએ મહત્વ આપ્યું. સૂફી સંતોના સિધ્ધાંતોની રૂઢીચુસ્ત લોકોએ ભારે ટીકા કરી. જ્યારે સૂફી સંતોએ ઉલેમાઓની ભારે નિંદા કરી સૂફીસંતોને મતે ઉલેમાઓને લાલચથી પ્રરાઈને દુનીયાને વળગી રહયાં છે અને કુરાને શરીફના લોકશાહીયુક્ત અને સમત્વભાવયુક્ત સિધ્ધાંતોથી મોં ફેરવી રહયાં છે. આમ પુરાતનવાદી રૂઢીવાદી તેમજ ઉદારમતવાદીઓ વચ્ચેની આવી ખેંચતાણ સોળમા, સત્તર તથા અઢારમા સૈકાના અડધા ભાગ પર્યંત અવિરતપણે ચાલુ જ રહી.સૂફી સંતોએ (આ દરમ્યાન) સામાજીક સુધારણા ક્ષેત્રના પોતાના પ્રયાસો ચાલુ જ રાખ્યા હતાં.

ભક્તિ સંતોની માફક સૂફીસંતોએ પણ પ્રાદેશિક સાહિત્યને સમૃધ્ધ કરી વિકસાવામાં મહત્વપુર્ણ પ્રદાન આપ્યું. મોટાભાગની સૂફીસંતો કવિઓ હતાં.તેઓ સ્થાનિક કરવા ભાષામાં કાવ્ય રચનાઓ કરતાં બાબા ફરીદે ધાર્મિક લખાણો માટે પંજાબી ભાગાનો ઉપયોગ પર ભાર મુકયો. તે અગાઉ શેખ હમીદૃીન હિંદવી ભાગાનો ઉપયોગ કર્યો. તેમની કાવ્ય રચનાઓ ફારસી ગુઢ-રહસ્યવાદી કૃતિઓના પ્રારંભિક ભાગાંતરનું શ્રેષ્ઠ દગટાંત ગણાય છે. સૈયદ ખેસુદરાજ દખ્ખની હિંદીના આદ્ય લેખક હતા.તમને મતે રહસ્યવાદને સમજવાના કામમાં હિન્દી ફારસી કરતા વધુ અનૂકુળતા ક્ષમતા ધરાવે છે. બંગાળી ભાષામાં પણ અનેક સૂફિ રચનાઓનું લખાણ કરવામાં આવેલ છે.

આ યુગના સૌથી વિખ્યાત શ્રેષ્ઠ લેખકોનો મીજાજ દીન ઓલીયાના શિગય એવા અમીર ખુસરો (૧૨૫૨-૧૩૨૫)હતાફ ખુસરોને પાતાની ભારતીયતાનું ભારે ગૌરવ હતું અને ભારતીય ઈતિહાસ અને સંસકૃતિને પોતાની જ પરંપરાના એક ભાગ રૂપે એમણે ઈતિહાસમાં જોયા-નિરૂપ્યાં છે.તેમને હિંદીમાં કાવ્ય રચનાઓ કરી હતી અને ફારસી છંદ રચનાઓને હિંદીમાં કામે લગાડી દીધી હતી. તમણે સબાક-એ-હિંદી નામની નુતન શૈલી શોધી કાઢી હતી. પંદરમા સૈકા બાદ હિંદી ભાગાએ એક ચોકક્સ કદ કાઠી ધારણ કર્યા અને કબીરના જેવા ભક્તિ સંતોએ તેનો સુંદરતમ ઉપયોગ કર્યો.

## પાઠગત પ્રશ્નો ૯.૧

(૧) ઉલેમાઓ કોને કહેવાતા ?

..........................................................................

(૨) તમે કલામનો શો અર્થ કરશો ?

..........................................................................

(૩) દાતા ગંજબક્ષના નામે કોણ ઓળખાતું ?

..........................................................................

(૪) " આઈને-અકબરીમાં "કેટલા સિલસિલાનું વર્ણન છે ?

..........................................................................

(૫) ખ્વાજા મોયીનુદ્દીન ચીસ્તીશ્તિની ખાનકવાહ (આશ્રમ) કયાં આવેલ છે ?

..........................................................................

(૬) ઈસ્લામિક કાયદા કાનુનનું બીજુ નામ શુ છે ?

..........................................................................

(૭) ચિરાગ-ઈ-દિલ્હી (દિલ્હીનો દીપક) ના નામે કોણ જાણીતુ હતું ?

..........................................................................

## ૯.૩ ભકિત આંદોલન

ભકિત આંદોલનને તમીલનાડુમાં સાતમાંથી બારમા સૈકા દરમ્યાન પોતાનું સ્થાન જમાવ્યું .એમાં નયનાર(શૈવ) અને અલવાર (વૈગણવ) સંપ્રદાયનાલોકોની લાગણીસભર કવિતાઓનો -ગીતોનો સમાવેશ થયો હતો. આ સંતો પરંપરાગત પુંજા-પાઠને બદલે આરાધ્ય અને આરાધક વચ્ચેના સ્નેહપુર્ણ સંબંધોના બંધન પર ભાર મુકતા હતાં .તેમને સ્થાનીક ભાષા તમીલ, તેલીગેમાં ગીત રચનાઓ કરી માટે જ તે મહત્તમ લોકો સુધી પહોંચ્યાં. સમયાંતરે દક્ષિણ ભારતની ઉક્ત વિચારસરણી ઉત્તર ભારતમાં પહોંચી . જો કે આ પ્રક્રિયા અંત્યંત મંદ ગતિવાળી હતી. (કારણ કે ) હજુ સંસ્કૃત ભાષા લોકોના વિચારોનું વહન કરતી હતી., (અલબત્ત) તેને પણ નવુરંગરૂપઆપવામાં આવ્યું.

આ રીતે આપણને જણાય છે કે ભાગવત પુરાણ (નવમો સૈકો) પરંપરાગત શૈલી/રૂપમાં લખાયું ન હતું. શ્રીકૃષ્ણની બાલ્યાવસ્થા તેમજ યુવાવસ્થાને ધ્યાનમાં રાખીને રચવામાં આવેલ આ ભકિત ગ્રંથ તેમની લીલાઓના માધ્યમથી ગુઢ- રહસ્યપુર્ણ તત્વજ્ઞાનને સાવ સીધી-સાદી ભાગામાં સમજાવતું હતું.

આ ભક્તિ રચના ભક્તિ આંદોલનના એક ખુબ જ મહત્વપુર્ણ ઘટક તરીકે વૈગણવ સંપ્રદાયના ધાર્મિક આંદોલનનું એક પરીવર્તન બિંદુ બની જવા પામ્યું.

ભક્તિ માર્ગી વિચારસરણીના પ્રચાર-પ્રસાર માટે સૌથી વધુ પ્રભાવશાળી પધ્ધતિ હતી.સ્વભાષા (સ્થાનિક ભાષા) નો ઉપયોગ ભક્તિ સંતોએ સ્વભાગાના માધ્યમથી ભક્તિ ગીતોની રચના કરી જ વિશાળ જન સમુહ સમજી શકે એ માટે તમણે સંસ્કૃત સાહિત્ય કૃતિઓના (સ્વભાષા) ભાગાંતર પણ કર્યા.ફલતઃ આપણને સ્પગટપણે જણાય છે કે જ્ઞાનદેવ મરાઠીભાગામાં , સંત કબીર,સંત સુરદાસ,અને સંત તુલસીદાસે હિંદી ભાગામાં ગીત રચનાઓ કરી. ચૈતન્ય મહાપ્રભુ અને સંત ચંડીદાસે પોતાનો સંદેશ બંગાળી ભાગાના માધ્યમથી પ્રચલીત કર્યો.સંત મીરાબાઈએ હિંદી , રાજસ્થાની (તથા ગુજરાતી) પદો રચ્યાં . આ ઉપરાંત ગુજરાતીમાં ભકત નરસિંહ મહેતા અને અખાએ ભક્તિ ગીતો રચ્યાં. જયારે કશ્મીરી, કન્નડ, તેલીગુ, ઉડીયા, મલયાલમ અને મૈથીલી ભાગામાં પણ અનેક ભક્તિ રચનાોઅ કરવમાં આવી.

ભક્તિ માર્ગી સંતોને મતે મોક્ષ પર પ્રત્યુક જીવનો અધિકાર છે. તમને ઈશ્વર સમક્ષ નાતજાત , પંથ કે ધર્મ -સંપ્રદાયના ભેદભાવને તુચછ ગણાવ્યાં. ખુદ તેઓ જાતે પણ જુદીજુદી જ્ઞાતિઓમાંથી આવતા હતાં. સંત રામાનંદના શિગયોમાં હિદુ, મુસ્લિમ બંનેનો સમાવેશ થયો હતો. જયારે તે પોતે રૂઢીચુસ્ત બ્રાહ્મણ પરીવારમાંથી આવતાં હતા. તેમના શિગય કબીર વણકર (માં હિંદુ અને ઉછેર મુસ્લિમ વણકર પરીવારમાં થયો) હતો. ગુરૂ નાનકદેવ ગાંમડાંના હિસાબનીશના સુપુત્ર હતાં.નામદેવ પોતે દરજી હતા. આ તમામ સંતએ સામાજિક સમાનતા (અને સમરસતા)પર ભાર મૂકયો છે.તથા જડ જાતિપ્રથાને અવગણીને ત્યજી દીધી છે.એમણે ઔપરીચકતાપુર્ણ ભર્મનો ઉગ્ર વિરોધ કર્યો છે. પોતાની જાતને તેમને માત્ર ધાર્મિક વિચારોપુર્તિ સીમીત ન રાખતા સમાજ સુધારણાનો ઉપદેશ પણ આપ્યો. તેમને સતીપ્રથા અને દુધ પીતી બાળકી જેવી ક્રુર પ્રથાઓનો પ્રચંડ વિરોધ કર્યો. સ્ત્રીઓને પણ પ્રભુ ભજનમાં સામેલ કરવા પ્રોત્સાહન પુરૂ પાડયું. સંત મીરાબાઈ અને સંત લાલા (કશ્મીર)ના ભક્તિગીતો આજેપણ અત્યંત લકપ્રિયતા ધરાવે છે.

ભક્તિ માર્ગી અને બિન સાંપ્રદાયિ સંતોમાં સૌથી વધુ આગળ પડતું સ્થાન ધરાવે છે સંત કબીર અને ગુરૂ નાનાકદેવ તેમના વિચારો હિંદુ મુસ્લિમ પરંપરાનો સુભગ સમન્વય ધરાવતા હતા. તુમનો ઉદ્દશ્ય પણ હિંદુ મુસ્લિમ એકતા સાધવાનો જ હતો. આવો આપણે અત્રે એમના વિશે વિગતે વાંચીએ.

એમ કહેવાય છે કે સંત કબીર (૧૪૪૦-૧૫૧૮) એક વિધવા બ્રાહ્મણસ્ત્રીના ત્યજાયેલા પુત્ર હતાં. આવી સ્થિતિમાં અપુત્રઅવસ્થાવાળા એક મુસ્લિમ પરીવારમાં એમનો ઉછેર થયો હતો. સંત કબીરના મતે સ્વયમ અનુભવેલી અને આત્મસાત કરેલી ભક્તિ ભાવના થકી જ ઈશ્વર પ્રાપ્તી શકય બને છે. (અન્યથા નહી)તમને મતે સર્જનહાર ઈશ્વર એક જ છે.તેઓ આ પ્રભુને અનેક નામોથી સંબોધતા.જેમકે શ્રીરામ,શ્રીહરિ,ગોંવિદ,અલ્લાહ,ખુદા વગેરે એમાં સહેજ નવાઈ પામવા જેવું નથી કે

મુસ્લિમ પ્રજા તેમને સૂફી સંત ગણતી. જયારે હિંદુઓ તમને રામભક્ત ગણતા. જયારે શીખોએ એમને ભક્તિ રચનાઓને પવિત્ર ગુરૂગ્રથ સાહેબમાં સ્થાન આપેલ છે.સંત કબીરને મતે ધર્મના બાહ્યાડંબર સાવ મિથ્યાઆચાર સમાન હતા. તેમના દ્વારા રચાયેલ દોહા અને પદોમાં તેમના ઉક્ત વિચારો પડઘાતા હતા. એક દોહામાં એમને લખ્યુ છેકે જો પથ્થર (મૂર્તિ) પૂજવાથી શ્રીહરી મળતા હોયતો હું એક આખો પર્વત પૂંજૂ એ કરતા તો પથ્થરની ઘંટી પૂજવી સારી કે જે કોઈના પેટની આગ-ખાડો તો પૂરે છે.

સંત કબીર સરળ મનની ભક્તિ ભાવના પર ભાર મુકતાં હતા.તેઓ કહેતા હતા કે ભક્તિએ પ્રભુ પ્રાપ્તીનો ઉત્તમ માર્ગ છે.તેમણે કોઈપણ પ્રચલીત ધાર્મિક પરંપરા (માન્યતાને ) બુધ્ધિની કસોટીએ ચકાસ્યાં વિના સ્વીકારવાની ના પાડી છે.તેમને મતે કોઈપણ વ્યક્તિ કઠોર પરિશ્રમ વિના સિદ્ધિ હાંસલ કરી શકતો નથી. કર્તવ્યથી વંચીત રહેવા કરતાં કર્તવ્ય પરાયણતા વિષેશ પર ભાર મુકે છે. ઈશ્વર એક છે. એવા સંત કબીરના મતને લીધે હિંદુ અને મુસ્લિમ બંને તેમના શિગયો થતાં. સંત કબીરના વિચારો માત્ર ધાર્મિકતા પુરતા મર્યાદીત ન રહેતા તેમને સમાજને સંકુચિતતા -જડતાપુર્ણ વિચારસરણીને બદલવાનો પ્રયાસ કર્યો છે. તેમની ભક્તિ રચનાઓ પ્રભાવશાળી (દમદાર) છતાં સાવ સરળ અને સહજ હતી.તે સરળતાપુર્વક સમજાય તેવી હોવાથી આ જ પર્યત રોજીંદી ભાગામાં પણ વપરાય છે.

નનકાના નામની અન્ય એક પરંપરાના મુખ્ય પ્રવર્તક હતા. ગુરૂ નાનક સાહેબ(૧૪૬૯-૧૫૩૯) તેમનો જન્મ તલવંડી (હાલમાં પાકિસ્તાન સ્થિત નનકાના સાહેબ) ખાતે થયો હતો. બાલ્યાવસ્થાથી જ તેઓ આધ્યમિક જીવન તરફ ઢળેલા હતા. તેઓ ગરીબને જરૂરતમંદ લોકની સહાયતા કરતા.તેમના અનયાયીઓ પોતાની જાતને શિખો (સંસ્કૃત ભાષાના"શિષય" પરથી ઉતરી આવેલ શબ્દ અથવા પાલીભાષાના શિખંડ અર્થાત શીખવા પરથી) તરીકે જાણીતા થયા.

ગુરૂ નાનકદેવનું વ્યક્તિત્વ તદ્દન-સરળ સાદું અને શાંતિપ્રિય હતું. તેમનો ઉપદેશ સમાજમાં વ્યાપ્ત ભ્રષ્ટાચારતથાહીનઆચરણ દુર કરવાનો હતો. તમને સમતાવાદી સમાજ વ્યવસ્થા સ્થાપવાનો માર્ગ કંડાર્યો હતો. તેઓ પણ સંત કબીરની માફક ધર્મ ગુરૂ હોવા ઉપરાંત અદના સમાજ સુધારક પણ હતા. તેઓ કહેતા જો કે મહીલાઓ રાજા, મહારાજાઓને જન્મ આપતી હોય તો નિદ્ય કેવી રીતે ગણાય ? તેમના આવા વચનો અન્ય આગેવાન શિખ ગુરૂઓના વચનો સાથે ગુરૂ ગ્રંથ સાહેબમાં સમાવિષ્ટ કરાયા છે.

**વૈષ્ણવધર્મી-આંદોલન :**

સંત કબીર, સંત નામદેવ અને ગુરૂ નાનક જેવા સંતોએ ઈશ્વરના નિરાકાર સ્વરૂપ ભક્તિનો ઉપદેશ આપેલ છે. આ સમયને ઈશ્વરના આકાર સ્વરૂપની આધારે એક નવું ધાર્મિક આંદોલન ઉદભવ્યું હતું. જે વૈગણવ ધર્મી આંદોલન તરીકે જાણીતું થયું. તેના મધ્યમાંશ્રીરામ અને શ્રીકૃષ્ણ હતા. જેને ભગવાન વિગણુંના અવતાર તરીકે જોવાતા હતા. આના મુખ્ય પ્રવર્તક હતા, સંત સુરદાસ, સંત

મીરાબાઈ, સંત તુલસીદાસ અને ચૈતન્ય મહાપ્રભુ તેમણે પોતાની ભક્તિ રચનાઓ જેવી કે કવિતાઓ , ગીતો ,ભજનો, નૃત્ય અને કિર્તનો જેવો મોક્ષનો માર્ગ બનાવ્યો છે.

સંત સુરદાસ (ઈ.સ. ૧૪૮૩-૧૫૬૩) જાણીતા સંત ગુરૂ વલ્લાભાચાર્યના શિગય હતા. તેઓ જન્મજાત અંધ કવિ હતા.તેમની ભક્તિ રચનાઓના કેન્દ્રમાં શ્રીકૃષ્ણ રહેલા હતા. તેમની રચના "સુરસાગર "માં શ્રી કૃષ્ણની બાળલીલાઓ તથા યૌવન સહજ લીલાઓનું સુમધુર , વાત્સલ્યપુર્ણ તથા આનંદ પ્રદ વર્ણન વિગતે વર્ણન કરાયેલ જોવા મળે છે.(ઈ.સ. ૧૫૦૩-૧૫૭૩)ની ભક્તિ રચનાઓના શ્રીકૃષ્ણ તરફનો (નિર્ભળ પ્રેમ રજુ થયેલ જણાય છે. તેઓનને નાની વયે વૈધ્યવ્ય ભોગવવાનું થયું હતું. તમપે મતે તેમના આધ્યમિક વિવાહ શ્રીકૃષ્ણ સાથે જ થયા હતા. તેમની ભક્તિ રચનાની આગવી વિષેગાતાઓને લીધે જ આજ પર્યંત તે લોકપ્રિય છે.

પ્રભુ (ઈ.સ. ૧૪૮૪-૧૪૫૩) એ પૂર્વ ભારતમાં વૈષ્ણવધર્મી ભક્તિ આંદોલનનો પ્રચાર-પ્રસાર કર્યો. ચૈતન્ય મહાપ્રભુને મતે શ્રીકૃષ્ણ માત્ર ભગવાન વિષ્ણુંનો અવતાર જ નહી પણ ઈશ્વરનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ હતાં. તેમની ભક્તિ શ્રી કૃષ્ણના ભક્તિ સંકિર્તનોમાં અભિવ્યક્તિ થતી જણાય છે. આવા સંકિર્તનો ઘર, મંદિર અને ગલીઓમાં નિકળતી શોભાયાત્રાઓ દરમ્યાન થતા હતા. ભક્તિ પરંપરાના અન્ય સંતોની માફક ચૈતન્ય મહાપ્રભુ પણ નાતજાતના ભેદભાવવિના તમામને આવા સંકિર્તનોમાં આવકારતા આવા સંતોએ સામાન્યમાં સમાનતા (અને સમતા)ની ભાવના વધારી.(ઈ.સ. ૧૪૦૦-૧૪૭૦) જેવાં ભક્તિ સંતોએ શ્રીરામ ભક્તિને અત્યંત લોક પ્રિય બનાવી) તેઓ શ્રીરામને ઈશ્વરનો સર્વોતમ અવતાર માનતા હતા. આ સંપ્રદાય મહીલાઓ અને દલીતોને પણ પોતાના ત્યાં આવકારતો . આવા શ્રીરામ ભક્તોમાં સૌથી લોકપ્રિય હતા."રામચીરત માનસ" ના રચેતા સંત તુલસીદાસ (ઈ.સ. ૧૫૨૩-૧૬૨૩).

ઉક્ત વૈગણવ સંતોએ હિંદુ ધર્મના વિશાળ ફલકને આવરી લઈને પોતાના તત્વજ્ઞાન પુર્ણ દ્રષ્ટીકોણનો વિકાસ કર્યો હતો. તેમણે ધર્મમાં સુધારક વૃતિ તથા સાથીદારો અને ભાઈભાંડું વચ્ચે સ્નેહ વધારવા પર ભાર મુકયો હતો.તેઓ સ્પષ્ટપણે માનતાવાદી તત્વજ્ઞાન ધરાવતાં હતા.

### ભકિત/સૂફીચળવળનું મહત્વ

તેમનેએ યાદ હશેજ કે ભક્તિ ચળવળએ એક સામાજિક અને ધાર્મિક આંદોલન હતું. તેને ધર્માંધતા તેમજ સામાજીક જડતા સામે ભારે વિરોધ નોધાવ્યો હતો.તેને ચારીત્ર્ય શુદ્ધિ તેમજ વિચાર શુદ્ધપર ખાસ ભાર મુકયો.જ્યારે સમાજ સ્થગીત/સ્થિર થઈ ગયો હતો. તેવા સમયગાળામાં ભક્તિ સંતો નવ ચેતના તથા નવ સામર્થ્યનો પવન ફુંકયો .તેમને એક આત્મવિશ્વાસ જાગૃત કરીને સામાજીક મૂલ્યોને નવી વ્યાખ્યા આપી. સંત કબીર તેમજ ગુરૂ નાનક જેવા સંતોએ સમાજને સમાનતા/સમતાવાદીના રૂપમાં સુદ્ઢીતકરણ પરભાર મુકયો.સામાજીક સમતાના તેમના પ્રયાસોને લીધે અસંખ્ય દલીતો તેમના તરફ ખેંચાયા જો કે સંત કબીર અને ગુરૂ નાનકે કોઈ નવો ધર્મ સ્થાપવાનું જણાવ્યું ન હતું. છતા તેમના અવસાન બાદ તેમના અનુયાયીઓ અનુક્રમે કબીર પંથી તેમજ શિખ તરીકે એકત્રિત થયા.

આ ભક્તિ સૂફી સંતોની અગત્યતા તેમણે સ્થાપેલા નવા વાતાવરણમાં રહેલ હતી. જે તે પછીના સૈકાઓ સુધી ભારતના સામાજીક, ધાર્મિક તથા રાજકીય વાતાવરણ પર પોતાનો પ્રભાવ પાડતું રહયું. અકબરનાઉદારમતવાદી વિચારો આ વાતાવરણની જભેટ ગણાય. જેમાં તેનો જન્મ અને ઉશેર થયો હતો. ગુરૂ નાનકનો ઉપદેશ પેઢી દર પેઢી ઉતરી આવ્યો.ફલતઃ એક નવું ધાર્મિક જુથ થવા પામ્યું . તેની ભાષા અને લીપી-ગુરૂ મુખી પણ તદ્દન અલગ જ હતા અને ધમૃગ્રંથ (અને ગુરૂ ગ્રંથ સાહિત્ય )પણ અલગ હતો.મહારાજા રણજીતસિંહના નેજા નીચે ઉતરભારતીય રાજકારણમાં તે એક રાજકીય પરિબળ તરીકે ઉભરી આવ્યું.

ભક્તિ-સૂફીધારાના સંતોના વૈચારીક આદાન પ્રદાનનો તત્કાલીન સમાજ પર ઉંડો પ્રભાવ પડયો. સૂફીસંતોનો વહાદત-અલ-વજુદ (જીવનમાત્રની એકતા)નો સિધ્ધાંત હિંદુ તત્ત્વની ઉપનિગાદ વિચાધારાને ખુબ જ મળતો આવતો હતો. આ સૂફીસંતોએ પોતાની વૈચારીક અભિવ્યક્તિ માટે ફારસી કરતાં હિંદી ભાષાનો ઉપયોગ કરવાનું પસંદ કરવા લાગ્યા. અ સાહિત્યમાં શ્રીકૃષ્ણ, રાધિકા, ગોપી, યમુના અને ગંગા જેવા શબ્દો એટલી પ્રચુર માત્રામાં લોકપ્રિય બન્યાં કે જાણીતા સૂફીસંત મીર અબ્દુલ વહીદે આ શબ્દોનો ઈસ્લામીક પર્યાય સમજાવવા કહાયક-એ-હિંદી નામનું વિવરણાત્મક પુસ્તક લખ્યું. તે પછીના વર્ષોમાં આવા આદન-પ્રદાનનો દોર ચાલુ રહેવા પામ્યો કારણ કે અકબર અને જહાંગીર ઉદાર ધાર્મિક નીતિ અપનાવી.

ભક્તિ સંતોની પ્રસિધ્ધ/લોકપ્રિય ગીત રચનાઓ અને ભજનોએ સંગીતના પુનરૂત્થાન પણ પ્રદાન નોધાવ્યું. કિર્તનોમાં સમુહ ગાયન માટે નવી સંગીત રચનાઓ તૈયાર કરવામાં આવી. ભક્તિ સંતો મીરાબાઈના ભજનો તેમજ સંત તુલસીદાસની ચાપાઈઓ આજ પર્યંત પ્રાર્થના-ભજન મંડળોમાં ગવાય છે.

## પાઠગત પ્રશ્નો ૯.૨

(૧) વૈષ્ણવ ચળવળના ઈતિહાસમાં કઈ રચનાઓ સીમા ચિહન રૂપ પુરવારથઈ ?

..........................................................................

(૨) આદી ગ્રંથએ કયા ધર્મની પવિત્ર રચના છે ?

..........................................................................

(૩) આમ જનતામાં સંત કબીર અને ગુરૂ નાનક કઈ રીતે લોકપ્રિય પરુવાર થયા ?

..........................................................................

(૪) કયા સંતે કહયુ હતું કે, ''સ્ત્રી કે જે રાજાઓને જન્મ આપે છે તેની ટીકા કેમ થઈ શકે ?

.........................................................................

(૫) સુરસારગની રચના કોણે કરી ?

.........................................................................

**મધ્યમકાલીન ભારતનું તત્વજ્ઞાન :**

મુખ્ય મુખ્ય ધાર્મિક ચળવળો ગુઢ રહસ્યવાદીઓ થકી ચલાવાયા. તેમણે ધાર્મિક વિચારો અને માન્યતાઓને ક્ષેત્રે પોતાનું પ્રદાન નોધાવ્યું. આ ભકિત સંતોમાંના વલ્લાભાચાર્ય, રામાનેજાચાર્ય, નિમ્બકાચાર્ય વગેરેએ નવી તત્વજ્ઞાન પુર્ણ વિચારસરણી સ્થાપીત કરી. જેનું મુળ શંકરાચાર્યના અદ્વેત તત્વજ્ઞાનમાં હતું. રામાનુજાચાર્યનો વિશિષ્ટ "અદ્વૈત " વાદ :

વિશિષ્ટ" દ્વેત" વાદ એટલે સુધારણા પર્ણ એકેશ્વરવાદ. આ તત્વચિંત અન્વયે બ્રહ્મ (ઈશ્વર) એ અંતિમ 'સર્વોપરી' સત્ય છે અને ભૌતિક તત્વો તથા આત્મા તેના અંશ છે.

**શંકરાચાર્યનો "શિવા દ્વેતવાદ" :**

આ તત્વ ચિંતન અન્વયે "શિવ" એ સર્વોચ્ચ બ્રહ્મ અને શકિત સંપન્ન છે. આ શિવ ઈહ(આ) લોક અને પરલકમાં પણ વિદ્યમાન છે.

**માધવાચાર્યનો દ્વેતવાદ :**

"દ્વેત" શબ્દનો અર્થ બે- દ્વીભાવ થાય. આ વિચારધારા શંકરાચાર્યના "અદ્વેતવાદ" તેમજ એકેશ્વર વાદથી અલગ છે. તેમને મતે સંસાર એક ભ્રહ્મ (માયા) નહીપણ વૈવિધ્યસભર હકીકત છે.

**નિમ્બકાચાર્યનો " દ્વેતાદ્વેતવાદ" :**

" દ્વેતાદ્વેત"એટલે " દ્વેતવાદી" એકેશ્વરવાદ તત્વજ્ઞાન અનુસાર ઈશ્વર સ્વયમ( પોતાની જાત)ને સંસારી આત્માઓમાં ફેરવી નાંખી છે.અર્થાત આ સંસાર અને આત્મા, ઈશ્વર (બ્રહ્મ) થી અલગ છે. તે એક માત્ર (અથવા સ્વતંત્ર) હોવા છતાં પરસ્પરથી નિર્ભર છે.

**વલ્લાભાચાર્યનો " શુધ્ધાદ્વેતવાદ" :**

વલ્લાભાચાર્યે વેદાંત સૂત્ર તથા ભગવદ ગીતા પર ટીકાઓ-ભાગયોની રચના કરી. તેમને મતે ઈશ્વર (બ્રહ્મ) એ શ્રીકૃષ્ણ જ હતા. જેમને સ્વયમને આત્મા તથા ભૌતિક તત્વો સ્વરૂપે પ્રગટ કરેલ છે. (માટે ) આત્મા અને પરમાત્મા અલગ નથી. પરંતુ એક જ છે. આ તત્વજ્ઞાનમાં શુધ્ધ " શુધ્ધઅદ્વેતવાદ" પર ભાર મુકાયો છે.તેમનું તત્વ ચિંતન "પુષ્ટીમાર્ગી" (કૃપામાગી) ના નામથી ઓળખાયું તથા તેમનો આ પથ રુદ્ર સંપ્રદાય ગણાયો.

## તમે શું શીખ્યા?

- ભક્તિ-સૂફી ચળવળ હિંદુ-મુસ્લિમ ધર્મની અંતર્ગત રહીને થયેલ ચળવળો હતી. આ બંનેએ માનવ અને ઈશ્વર (આત્મા અને પરમાત્મા) વચ્ચે નવતરણ તથા અત્યંત નિકટના અંગત (વ્યક્તિગત) સંબંધો પર વિશેશ ભાર મુકયો છે.
- સૂફી ચળવળોનો સંદેશ બધા સાથે સ્નેહ અને માનવ માત્ર સાથે બધુ તત્વભાવ રાખવાનો હતો.
- સૂફી સંતો હિંદુ વિચાર સરણી સાથે પોતાની પ્રાણીમાત્ર સાથેની એકાત્મતાના ખ્યાલને લીધે જ વૈચારીક નિકટતાપુર્ણ સંબંધો સ્થાપિત કરી શકયાં.
- ભક્તિ ચળવળનો ઉદય દક્ષિણ ભારતના "નયનાર"(શૈવ) અને "અલ્વર"(વૈગણવ) માં થયો. તેમને પ્રભુ ભક્તિના ભક્તિપુર્ણ પ્રેમ પર આધારીત નુવન શૈલી પર ખાસ ભાર મુકયો.
- ભક્તિ સંતો બે ભાગ-નિર્ગણ તથા સગુણના ઉપાસકોમાં વહેચવાઈ જવા પામ્યાં.
- નિર્ગુણ ભકતોથી ઉલટા સહગુણ ભકતો બ્રહ્મ (ઈશ્વર) ને ચોકકસ આકાર જેવા કે શ્રીરામ-કૃષ્ણમાં જોતા.
- ભક્તિ-સૂફી સંતોએ મધ્યયુગીન ભારતીય જન સમાજના ઉદારમતવાદી વિચાર બીજ નાંખીને તથા પ્રાદેશીક સાહિત્ય અને સ્થાનીક ભાષા ઓને ભારે સમૃધ્ધ કરીને અમુલ્ય પ્રદાન કર્યુ.

## પાઠાંત પ્રશ્નો

(૧) સૂફી ચળવળે ઈસ્લામ અંતર્ગત કઈ પ્રગતિ સાધી ?

(૨) તમે ચીશ્તિ સિલસિલાની સુહારવર્દી સિાસિલાથી અલગ કઈ રીતે તારવશો ?

(૩) "ભક્તિ અને સૂફી સંતોએ વાસ્તવમાં એક જ સિકકાની બે બાજુઓ છે."સમજાવો.


(૪) ગુરૂ નાનક અને સંત કબીર વચ્ચે કઈ સમાનતાઓ રહેલ જણાય છે ?

(૫) ભારતના વૈષ્ણવ આંદોલન પર એક ફકરામાં માહીતી આપો.

## પાઠગત પ્રશ્નોના જવાબો

(૧) રૂઢીવાદી સુન્ની વિદ્વાનો

(૨) ઈસ્લમ ધર્મના રૂઢીવાદી સિધ્ધાંતો



(૩) અલ-હુજવારી

(૪) ચૌદ

(૫) શારીયા

(૬) અજમેર

(૭) શેખ નસીરુદ્દીન મહંમદ

૯.૨

(૧) ભાગવત પુરાણ

(૨) શીખ ધર્મ

(૩) આ વિચારો-મુસ્લિમ પરંપરાઓમાંથી ઉતરી આવ્યા. તેમણે સાદી ભાગાનો ઉપયોગ કર્યો.

(૪) ગુરૂ નાનક

(૫) સુરદાસ

# ૧૦

# અર્વાચીન ભારતમાં ધર્મ સુધારણા ચળવળ

આજે આપણે સર્વ અત્યંત નસીબદાર છીએ.આપણે વિદેશી આધિપત્ય ઉપરાંત આપણા પૂર્વજોએ ભોગવેલ અનેક જડમાન્યતાઓમાંથી મુક્ત થઈ ચૂકયા છીએ ૧૯ સૈકાના ઉત્તરાર્ધ સુધીમાં ભારતીય સમાજ જ્ઞાતિવાદી બંધનોમાં જકડાયેલ, અવનતિ પામેલ અને જડ અવસ્થામાં હતો. એમાં કેટલાંક ક્રિયાકાંડો એવા થતા હતા કે જે માનવતાવાદી લાગણીઓ કે મુલ્યો જળવાતાં ન હોવા છતાં તેનું છૂટથી અનુસરણ થતું હોય . એટલા માટે સમાજમાં પરિવર્તનની જરૂરીયાત હતી.ભારતમાં અંગ્રેજોનું આગમન થવા સાથે તેમને અંગ્રેજી ભાષાના માધ્યમ સહિત કેટલાંક આધુનિક ખ્યાલોનો હિંદને પરિચય પણ કરાવ્યો. તે ખ્યાલોમાં સ્વતંત્રતા, સામાજિક-આર્થિક સમાનતા, ભાઈચારો, લોકશાહી અને ન્યાય મુખ્ય હતા. જેને ભારતીય જન સમાજ પર ભારે પ્રભાવ પાડયો. આપણા દેશના સદભાગ્યે રાજારામ મોહનરાય, ઈશ્વરચંન્દ્ર વિદ્યાસાગર અને સ્વામી દયાનંદ સરસ્વતી જેવા કેટલાંક વિદ્વાનોએ ભારતને પશ્ચિમનાં દેશોનો મુકાબલો કરાવા માટે સક્ષમ બને તેવા સંઘર્ષમય પ્રયત્નો હાથ ધર્યા.

## હેતુઓ :

આ પાઠના વાંચન બાદ તમે,

- સામાજિક-ધાર્મિક સુધારણા ચળવળના કેટલાંક સામાન્ય લક્ષણો ઓળખી શકશો.
- રાજા રામમોહન રાય અને તેમના બ્રહ્મો સમાજ ધાર્મિક સુધારણાને ક્ષેત્રે ભજવેલા ભાગને વર્ણવી શકશો.

- પ્રાર્થના સમાજે સામાજિક-ધાર્મિક સુધારણા સંસ્થા તરીકે બજાવેલ કામગીરીને અલગ તારવી શકશો.
- તમે આર્ય સમાજની વિચારસરણી તેમજ સમાજીક-ધાર્મિક સુધારણા ક્ષેત્રેનું પ્રદાન દર્શાવી શકશો.
- રામકૃષ્ણ મિશનનું ૧૯માં સૈકાની ભારતીય જાગૃતિમાંના પ્રદાનો ખ્યાલ આપી શકશો.
- થિયોસોફીકલ સમાજના પ્રાચીન ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસારને લગતા પ્રયત્નોની પ્રશંસા કરી શકશો.
- મસ્લિમોમાં સાંસ્કૃતિક તથા શૈક્ષણિક સુધારણાઓ સંદર્ભે અલીગઢ આંદોલનના પ્રદાનની ચર્ચા કરી શકશો.
- શીખ અને પારસી સમાજને જ્ઞાનાન્વિત શિક્ષિત કરવાની થયેલ સુધારણા ઝુંબેશનું પરીક્ષણ કરી શકશો.

## ૧૦.૧ સામાજિક-ધાર્મિક સુધારણા ચળવળના સર્વ સામાન્ય લક્ષણો :

ગત ઓગણીસમા સૈકામાં અસંખ્ય યુરોપીયન તેમજ ભારતીય વિદ્વાનોએ પ્રાચીન ભારતીય, તત્વજ્ઞાન, વિજ્ઞાન, ધર્મનો અભ્યાસ કરવાનો પ્રારંભ કર્યો.ભારતના અતીતની ભવ્યતાના જ્ઞાને હિંદીઓમાં પોતાની સંસ્કૃતિ માટે ગૌરવની લાગણી ભરી દીધી. તેણે તેમની સામાજિક-ધાર્મિક સુધારણાની ચળવળ થકી અમાનવીય ક્રિયાકર્મો અને વહેમોની સામે લડતમાં સહાયતા પૂરી પાડે છે.

જ્યારથી તે લોકો ધાર્મિક માન્યતાઓથી જોડાયા હતા ત્યારથી તેમની તમામ સામાજિક ચળવળોએ પણ ધાર્મિકતાનું લક્ષણ ધારણ કર્યું હતું.

જો કે ભારતની તમામ કોમોમાં સામાજિક અને ધાર્મિક સુધારણા ચળવળ જાગી હતી.તેમને ધર્માંધતા, વહેમ તથા પંડીતોના વર્ચસ્વ સામે હુમલો કર્યો.

તેમને વર્ણો(જ્ઞાતી)ની નાબૂદી અને છૂતાછૂત, પર્દાપ્રથા, સતીપ્રથા, બાળલગ્નો, સામાજિક અસમાનતા તથા અજ્ઞાનતાના ઉન્મૂલન માટે પ્રયાસો કર્યા.

આમાંના કેટલાક સુધારકોને બ્રિટિશ અમલદારોનો સીધો કે આડકતરો ટેકો મળી રહેતો હતો.તો કેટલાંક કિસ્સાઓમાં તો સુધારક અન નિયંત્રક પગલા દ્વારા બ્રિટિશ સરકારે તેમને સહાયતા પૂરી પાડી હતી.

## ૧૦.૨ બ્રહ્મો સમાજ અને રાજા રામમોહન રાય

આજે દેશના સ્ત્રી-પુરૂષો કેટલાંક હકો અને સ્વતંત્રતા ભોગવી રહ્યા છે. પરંતુ તમને એ ખબર

છે કે એ સુધારા આપણને કેટલા સુધારકોના અસંખ્ય પ્રયત્નો થકી મળવા પામ્યા છે ? આ સમયના આવા મહાન સુધારકોમાં રાજા રામમોહન રાયનો ખાસ ઉલ્લેખ કરવો રહયો. તેમને પૂર્વ અને પશ્ચિમનો સુભગ સમન્વય કર્યો હતો. તેઓ સાહિત્યિક અને વિદ્વતાપૂર્ણ પ્રતિભા ધરાવતા હતા અને ભારતીય સંસ્કૃતિના ઉંડા અભ્યાસુ હતા. તેમણે ખ્રિસ્તી તથા ઈસ્લામ ધર્મના સિદ્ધાંતોને જાણવા ખાસ અભ્યાસપૂર્ણ પ્રયાસ કર્યો હતો .જેથી કરીને તેમની સાથે એક ચોકક્સ સમજ સાથે વ્યવહાર કરી શકાય. તમણે ઘણા બધા ક્રિયાકાંડોમાં આકસ્મિક/ભારે સુધારાઓ કરાવીને તેમને ધાર્મિક માન્યતાઓ પણ અપાવી હતી.

તેમની સૌથી વધારે પ્રાથમિકતા એ હતી  કે હિંદુ ધર્મને કઈ રીતે મૂર્તિપૂજા ,બલિદાનો તથા એવી નિરર્થક સ્વરૂપ ધાર્મિક ક્રિયાઓમાંથી મુકત કરાવી શકાય ?તેમણે પંડિતોની આવી ધાર્મિક ક્રિયાઓને પ્રોત્સાહન આપવા બદલ ભારે ટીકા કરી .તમણે પોતાનું મત જાહેર કરતા જણાવ્યું કે હિંદુ ધર્મના તમામ પ્રાચીન ગ્રંથો એકેશ્વરવાદ અને માત્ર એક જ ઈશ્વરની પુજાનો ઉપદેશ આપે છે. ઈ.સ. ૧૮૨૮માં બ્રહ્મો સમાજની સ્થાપના કરવી એ એમની મહાનતમ સિધ્ધી ગણાય .બ્રહ્મો સમાજએ સમાજ સુધારણા કરતી એક અગત્યની સંસ્થા હતી. તે મૂર્તિપૂજાનો ઉગ્ર વિરોધ કરવાની સાથે સાથે તે નિરર્થક વિધિવિધાનો અને ધાર્મિક ક્રિયાકાંડોનો પણ વિરોધ કરતી હતી. આ ઉપરાંત"સમાજ"પોતાના સભ્યોને કોઈપણ ધર્મ પર હુમલો /વિરોધ કરવાની મનાઈ ફરમાવતો હતો. રાજા રામમોહનરાયને મતે માનવ માત્રે સત્ય અને ભલાઈ ગ્રહણ કરવી તથા અનાચાર અને વહેમ પર નિર્ભર બાબતો ત્યજવી.

રાજા રામમોહન રાય ધાર્મિક સુધારક માત્ર ન હતા પરંતુ તેઓ એક સમાજ સુધારક પણ હતાં.તેમણે સૌથી મોટી સિદ્ધી ઈ.સ. ૧૯૨૯માં સતીપ્રથા નાબૂદ કરવાની હતી. રાજા રામ મોરનરાયને લાગતું હતુ કે સતીપ્રથા એ હિંદુ સ્ત્રીની અત્યંત નિમ્ન કક્ષાની સ્થિતિ દર્શાવે છે. તેથી તેમને અડગ યોદ્ધાની માફક મહિલાઓના હક્કો બાબતે કામ હાથ ધર્યુ. તમણે સતીપ્રથાની નાબૂદી સંદર્ભે ઘણા વર્ષો સુધી ઘણી જહેમત ઉઠાવી. ઈ.સ. ૧૮૧૮માં તેમણે આ સતી પ્રથાના પ્રશ્ને જાહેર મત સંગ્રહ કર્યો. એક તરફ તેમણે હિંદુ ધર્મના પ્રાચીન ધર્મગ્રંથો પરના અભ્યાસુ વિદ્વાન તરીકે આ પ્રથા સામે યથાસંભવ વિરોધ નોધાવ્યો તો બીજીબાજુ તેમણે માનવતાના ધોરણે લોકો પાસે સહાનુભૂતિની યાચના કરી.તેમણે કોલકાતાના આવા સળગતા ઘાટીની મુલાકાત લઈને વિધવા સ્ત્રીઓના સગા વહાલાને આત્મદહનનું  આ કામ ન કરવા સમજાવવા પ્રયાસો કર્યા. તેમની સતી પ્રથાના વિરોધની આ ચળવળને લીધે રૂઢીચુસ્ત હિંદુઓએ તેમના પર હુમલા પણ કર્યા.

રાજા રામમોહન રાય ભારતમાં વ્યાપ્ત જ્ઞાતીપ્રથાના ભારે વિરોધી હતાં. પોતાના મનથી લોકશાહી તેમજ માનવતાવાદી હોવાને નાતે તેમને જ્ઞાતીપ્રથા સામે અવાજ ઉઠાવવા સાથે તેના વિરોધમાં લખાનો પણ કર્યા. એક બીજા ક્ષેત્ર તરફ એમનું ધ્યાન દોરાયું હતું. તે છે હિંદુ ગૂઢ રહસ્યવાદ (બ્રહ્મજ્ઞાન). વેદો તેમજ ઉપનિષદોના ગહન અભ્યાસને લીધે તેઓ પ્રતિપાદિત કરી શક્ય કે એકેશ્વરવાદમાં જ વાસ્તવિક હિંદુ ધર્મીઓની શ્રદ્ધા હતી. તેથી તેમને બહુદેવવાદ અને મૂર્તિપૂજાનો ભારે વિરોધ કર્યો.

તેમણે જાહેર કર્યુ કે તમામ ધર્મો અને માનવમાત્ર માટે ઈશ્વર એક જ છે.તેઓ અંગ્રેજી તેમજ બંગાળી એમ બંને ભાષાઓમાં લખતા હતાં. તેઓ પાશ્ચાત્ય/અંગ્રેજી કેળવણીના ભારે હિમાયતી હતા. તેઓ ફારસી ભાષાના પણ સારા એવા જાણકાર હતા. તેમના કેટલાંક સૌથી ઉદાત્ત અને તર્કશુદ્ધ વિચારો તેમના અગાઉના લખાણો તથા તેમની ભાષામાં વ્યકત થયા હતા.

રાજા રામમોહન રાયે પોતાના વિચારોને મૂર્ત સ્વરૂપ આપવા માટે ઈ.સ.૧૮૨૮માં ''બ્રહ્મસભા''ની સ્થાપના કરી હતી. આ સંસ્થા આગળ જતાં ''બ્રહ્મો સમાજ''ને નામે પ્રસિદ્ધ થવા પામી. તેમાં રંગ, માન્યતા જ્ઞાતી રાષ્ટ્રીયતા અને ધર્મનો કોઈ ભેદભાવ રાખવામાં આવતો ન હતો. તે માનવના સમ્માન પર ભાર મુકતો હતો. તે મૂર્તિપૂજાનો વિરોધ કરીને સતીપ્રથા જેવા સામાજિક અનિષ્ટોની ભારે ટીકા કરતાં હતા .તે કોઈ નવો ધર્મ-સંપ્રદાય ન હતો. પરંતુ એક અવું સ્થળ હતું કે જયાં ઈશ્વરમાં માનનારા લોકો મળીને પ્રાર્થના કરી શકતા હતાં. તેમાં કોઈ મૂર્તિપૂજા કે બલિદાનની કોઈ છૂટ આપવામાં આવતી ન હતી.

દ્વારકાનાથ ઠાકુરના સુપુત્ર દેવેન્દ્રનાથ ઠાકુર (૧૮૧૭-૧૯૦૫)પણ ''બ્રહ્મોસમાજના'' રાજા રામમોહનરાયના અનુયાયી અને''બ્રહ્મોસમાજના''એક આગેવાની નેતા હતા . તેમને''બ્રહ્મોસમાજના''માં નવા પ્રાણ પૂરીને રાજા રામમોહનરાયના વિચારોનો ફેલાવો કર્યો.કેશવચંન્દ્રસેને(૧૮૩૮-૧૮૮૪) દેવેન્દ્રનાથ ઠાકુર પાસેથી નેતૃત્વ સ્વહસ્તક લીધું. ''બ્રહ્મોસમાજ''એ વ્યક્તિગત સ્વતંત્રતા, રાષ્ટ્રીય એકતા દૃઢતા ,સહકાર તમામ સામાજિક સંસ્થાઓ અને સંબંધોનું લોકશાહીકરણ જેવા સિદ્ધાંતો પર ભાર મૂકયો. આ દષ્ટિએ તે રાષ્ટ્રીય જાગૃતિનું અભિવ્યક્તિનું સર્વ પ્રથમ તથા હિંદની પ્રજા માટે નવા યુગનો પ્રારંભ કરનાર સાધન બની રહયું. તેમ છતાં ''બ્રહ્મોસમાજ''એ આંતરિક મનોમંથનમાંથી જાગીને શહેરના શિક્ષિત વર્ગને પ્રભાવિત કરતી સંસ્થા બની ગયો. તેણે સમગ્ર બંગાળમાં બૌદ્ધિક, સામાજિક અને રાજકીય વર્ગ પર પોતાનો ભારે પ્રભાવ પેદા કર્યો.

## ૧૦.૩ પ્રાથના સમાજ અને મહાદેવ ગોવિંદ રાનડે

ઈ.સ. ૧૮૭૬માં બૌદ્ધિક પૂજા પ્રાર્થના અને સમાજિક સુધારણાના બેવડા ઉદ્દેશ્ય સાથે ડો.આત્મારામ પાંડુરંગે મુંબઈ ખાતે પ્રાર્થના સમાજની સ્થાપના કરી. આ સમાજમાં બે મહાનુભાવો શ્રી આર.સી.ભંડારકર તેમજ શ્રી મહાદેવ ગોવિંદ રાનડે સૌથી મહત્વના હતાં. સમાજ સુધારણાની પોતાની પ્રવૃતિને સમર્પિત હતા.જેમાં આંતરજ્ઞાતીય ભોજન, આંતરજ્ઞાતીય લગ્ન સંબંધો, વિધવા પુનઃ લગ્ન તથા મહિલા તેમજ નિમ્ન વર્ગના લોકોમાં જાગૃત્તિ લાવવાની પ્રવૃતિઓનો સમાવેશ થતો હતો.

મહાદેવ ગોવિંદ રાનડે (૧૮૪૨-૧૯૦૧) એ પ્રાર્થના સમાજને પોતાનું સમસ્ત જીવન સમર્પિત કર્યુ હતુ. ઈ.સ. ૧૮૬૧માં તેમણે ''વિધવા પુનર્લગ્ન મંડળ તથા ''ડક્કન એજયકેશન સોસાયટી''ની સ્થાપના કરી. આ ઉપરાંત તેમણે ''પુના સાર્વજનિક સભા''ની પણ સ્થાપના કરી. રાનડેને મતે ધાર્મિક

સુધારાઓ સામાજિક સુધારાથી જુદા નથી.તેઓ એમ પણ માનતા હતા કે જો ધાર્મિક વિચારો રૂઢીચુસ્ત હોય તો સમાજિક, આર્થિક અને રાજકીય સુધારણાને ક્ષત્રે ઝાઝી સફળતા સાપડતી નથી. એમ.જી. રાનડે પશ્ચિમ ભારતના એક સમાજ સુધારક છે. ઉપરાંત સાંસ્કૃતિક પુનરૂત્થાન કર્તા પણ હતા.

સામાજિક સુધારણાના કાર્યકર્તાને તેમનું સૌથી મોટો સંદેશ એ હતો કે "સંખ્યા બળનું નિયંત્રણ આપણા હાથમાં નથી. પરંતુ આપણે આચાર વિચારની શુદ્ધિ, એક ઈશ્વરમાં જ શ્રદ્ધાં આત્મબલિદાન આપવાની સજ્જતાએ પ્રત્યેક કાર્યકર્તામાં અવશ્ય હોવા જોઈતા અનિવાર્ય ગુણ છે."અલબત આ પ્રાર્થના સમાજ પર બ્રહ્મો સમાજનો પ્રગાઢ પ્રભાવ હોવા છતાં સમાજે મૂર્તિપૂજાના જડ વર્ચસ્વ તથા જડ જ્ઞાતિ પ્રથાના બહિષ્કાર પર ભાર મૂકયો નહી. વળી તે વેદોને આખરી /નિર્ણાયક પણ ગણતો નહી. સમાજ પુનર્જન્મના સિદ્ધાંત કે અવતારવાદમાં પણ શ્રદ્ધા ધરાવતો ન હતો. તેનો કેન્દ્રવર્તી વિચારમાત્ર ઈશ્વર એક હોવા બાબતે હકારાત્મક આસ્થા જ હતો .

## ૧૦.૪ ડેરેઝીયો અને તરૂણ (યંગ) બંગાળ આંદોલન

હેન્રી લુઈ વિવિયન ડેરેઝીયો કોલકાટાની હિન્દી કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા.તેઓ સ્કોટલેન્ડથી કોલકાટામાં ઘડીયાળો વેચવા માટે આવ્યાં હતા. પરંતુ પાછળથી બંગાળીમાં શિક્ષણના પ્રચાર-પ્રસારને તેમને જીવન મંત્ર બનાવી લીધો.

ડેરેઝીયોએ પોતાના શિક્ષણના માધ્યમથી સુધારક વિચારો ફેલાવ્યાં. આ માટે તેમને સાહિત્ય, તત્વજ્ઞાન, ઈતિહાસને વિજ્ઞાન પર ચર્ચા સભાઓનું આયોજન કર્યુ. તેમને પોતાના વિદ્યાર્થીઓ તેમજ અનુયાયીઓને તમામ સત્તાધીશો-અધિકારીઓને પ્રશ્નો પૂછવા જણાવ્યું. ડેરેઝીયો અને તેમના પ્રખર રાષ્ટ્રવાદીઓના રૂપમાં રહેલા વિખ્યાત અનુયાયીઓ "યંગ (તરૂણ) બેંગોલ"ના નામથી જાણીતા બન્યાં. તેમને ફ્રાંસની ક્રાંતિ (ઈ.સ. ૧૭૮૯) તથા બ્રિટનના ઉદારમતવાદની ભારે ટીકા કરી . માત્ર ૨૨ વર્ષની તરૂણાવયે ડેરેઝીયોનું (કોલેરાની બિમારીમાં અવસાન થયું. ડેરેઝીયોના આકસ્મિક અવસાન જવા છતાં "યંગ બેંગોલ" ચળવળ યથાવત /ચાલુ રહી. આમ નેતૃત્વ ઝુંટવાઈ ગયા પછી પણ આ સભ્યોના એક જૂથે શિક્ષણ અને પત્રકારત્વના બૌધ્ધિક મતોનો ઉપદેશ આપવો ચાલુ રાખ્યો.

### ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

બંગાળના એક નોંધપાત્ર વિદ્વાન હતા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (૧૮૨૦-૧૮૯૧).મહાન અને ગહન વિદ્વતા ધરાવતાં આ મહાનુભવે સ્ત્રી સ્વાતંત્ર્ય અન્વયે અર્થે પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. તેમના ભરચર પ્રયાસોને લીધે જ ઈ.સ.૧૮૫૬માં વિધવા વિવાહનો ધારો પસાર થવા પામ્યો હતો. તેમણે કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવામાં મુખ્ય ભાગ ભજવવા સાથે અસંખ્ય કન્યા શાળાઓ શરૂ કરાવી. વિદ્યાસાગર ને ધાર્મિક પ્રશ્નો સાથે ખાસ લેવા દેવા(રસ) નથી. તેમ છતાં તે ધર્મના નામે થતાં સુધારાઓનો વિરોધ કરતાં હતા. તેમની સામે પડતા હતા.

## ૧૦.૫ પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં સુધારણા ચળવળનો પ્રચાર-પ્રસાર

બંગાળ બાદ સુધારણા ચળવળ ક્ષેત્રનો સૌથી મહત્વનો વિસ્તારજો કોઈ હોય તો તે પશ્ચિમ ભારત હતો. બાળાશાસ્ત્રી જાંભેકરે મુંબઈ (પ્રાંત)ના સર્વ પ્રથમ સુધારક હતા. તેમને રૂઢીવાદી બ્રહ્મત્વ સામે વિરોધ નોંધાવીને હિંદુત્વને શુધ્ધ સુધારેલ સ્વરૂપ આપવા પ્રયાસ કર્યો.

તેમણે પૂના, સતારા અને મહારાષ્ટ્રભરના અન્ય શહેરોમાં (ઈ.સ.૧૮૪૯)" પરમેશ્વર મંડળી" ની સ્થાપના કરી . તેમણા અનુયાયીઓ એક ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતા હતા અને જ્ઞાતીપ્રથાનો વિરોધ કરતા હતા.એમની બેઠકોમાં સભ્યો નિમ્ન વર્ગના લોકોને હાથે જ રાંધેલ ખોરાક ગ્રહણ કરતાં હતાં.તેઓ મહિલા શિક્ષણની તથા વિધવા પુનર્વિવાહની તરફેણ કરતાં હતા. મહાદેવ ગોવિંદ રાનડે અંગત રીતે એમ માનતા હતા કે સામાજિક સુધારણા સિવાય રાજકીય તેમજ આર્થિક ક્ષેત્રોમાં કોઈ જ વિકાસ સાધી શકાતો નથી. તેઓ હિંદુ મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી હતા.

આ ઉપરાંત પશ્ચિમ ભારતમાં બે અન્ય મહાન સુધારકો તરીકે ગોપાલ હરી દેશમુખ લોકહિતવટી તથા "જયોતિબા" ના નામથી જાણીતા એવા જયોતિરાવ ગોવિંદરાવ ફુલેને ગણાવી શકાય. તેમને મહિલા ઉત્કર્ષ માટે તથા મહિલાઓ અને દલીત વર્ગની દુર્દશા માટેના કારણો સામે જંગ આદર્યો. ઈ.સ. ૧૮૫૭ માં જયોતિબા ફૂલેએ એમના પત્ની સાથે એક કન્યાશાળા શરૂ કરી. તેમને દલીત વર્ગના બાળકો માટે પણ એક અન્ય શાળા શરૂ કરી. જયોતિબા ફુલે મહારાષ્ટ્રભરમાં વિધવા પુનર્લગ્નની ચળવળના સ્થાપક બની રહ્યા. તેમને બ્રહ્મણોના પ્રભુત્વ સામે પડકાર ફેંકીને લોકોના વિશાળ વર્ગની પ્રવૃતિઓને સુગઠિત કરી તેમણે ગ્રામ્ય પ્રજાની પ્રવૃત્તિ ઉપાડી લઈને મહારાષ્ટ્રના ગ્રામ્યવિકાસ માટે ભારે જહેમત ઉઠાવીને કામો હાથ ધર્યા. તેમના આવા કામોને લીધે જ તેમને "મહાત્મા"નું બિરૂદ આપવામાં આવ્યું. ઈ.સ. ૧૮૭૩માં તેમણે પોતાની ઉક્ત પ્રવૃતિઓને બળ પુરૂ પાડવાના આશયથી "સત્ય શોધક" મંડળીની સ્થાપના કરી અને તેને દેશના દક્ષિણ ભાગમાં પ્રસિદ્ધિ અપાવી. કાન્ડુકરી વીરસાલિંગમ (૧૮૪૮-૧૯૧૯) આંધ પ્રદેશમાં વિધવાપુનર્લગ્ન તથા કન્યા કેળવણીની ચળવળનો પાયો નાંખ્યો. મદ્રાસ (ચેન્નઈ) મુકામે ૧૮૬૪માં "વેદ સમાજ"નો પાયો નાંખીને જ્ઞાતીવાદની ભારે ટીકા અને વિધવા પુનર્લગ્ન તથા સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહિત કરવાની પ્રવૃતિ હાથ ધરાઈ. તેને હિંદુ ધર્મના પ્રચલિત વહેમો, અયોગ્ય ધાર્મિક ક્રિયાકાંડોનો વિરોધ કરી એકમાત્ર સર્વોપરી ઈશ્વરની પૂજાનો પ્રચાર-પ્રસાર હાથ ધર્યો. ચેમ્બેટી શ્રી ધરાલી નાયડુ આ "વેદ સમાજ"ના સૌથી લોક પ્રિય આગેવાન હતા. તેમને"વેદ સમાજ"ના ગ્રંથોનું તમિલ અને તેલુગુ ભાષામાં ભાષાંતર પણ કર્યુ. કેરાલામાં શ્રી નારાયણ ગુરૂ (૧૮૫૪-૧૯૨૮)એ ખાસ કરીને કહેવાતા પછાત અને કચડાયેલા વર્ગોને ભારતીય સમાજ ના ઉચ્ચ વર્ગોના ભાર/દબાણમાંથી મુક્તિ અપાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ ચળવળ શરૂ કરી. ઈ.સ. ૧૯૦૩માં તેમને "શ્રી નારાયણ ધર્મ" પરીપાલના યોગમ" નામની સંસ્થાનો પાયો નાંખીને સમાજ સુધારણા પ્રવૃતિ

હાથ ધરી.શ્રી નારાયણ ગુરૂ કોમ અને ધર્મ પર આધારિત ભેદભાવોને નિરર્થક ગણીને બધાને માટે એક જ્ઞાતિ/જાતિ, એક ધર્મ અને એક "ઈશ્વર "ના મતનું સમર્થન/પ્રચાર-પ્રસાર કરતાં હતા.

## પાઠાંત પ્રશ્નો ૧૦.૧

(૧) "બ્રહ્મો સમાજ"નો પાયો નાંખવા માટે જવાબદાર સંજોગો દર્શાવો.

.............................................................................

(૨) "બ્રહ્મો સમાજ"નાં સિદ્ધાંતો કયા કયા હતાં ?

.............................................................................

(૩) પ્રાર્થના સમાજે સામજિક ભેદભાવોના નિવારણ ક્ષેત્રે કઈ રીતે સહાય પૂરી પાડી?

.............................................................................

(૪) મહાદેવ ગોવિંદ રાનડે કોણ હતા ?

.............................................................................

## ૧૦.૬ સ્વામી દયાનંદ સરસ્વતી(૧૮૨૪-૧૮૮૩)

કયારેક આર્ય સમાજની બેઠક/સભામાં ભાગ લો.તમને જણાશે કે તેમાં ઘણી બધી મહિલાઓ ભાગ લઈ રહી છે. તેઓ યજ્ઞ કરતી દેખાશે. ગુજરાતના (મોરબી પાસેના ટંકારા ગામ) ના વતની મૂળશંકર-દયાનંદ સરસ્વતી કે જે ભારતની ધર્મ સુધારણા ચળવળના એક અગત્યના આગેવાન સુધારક હતા. તેમનું આ પાયાનું પ્રદાન છે. તેઓ આગળ જતાં દયાનંદ સરસ્વતીના નામે જાણીતા બન્યાં. તેમણે ૧૮૭૫માં (મુંબઈ મુકામે) "આર્ય સમાજ"ની સ્થાપના કરી. દયાનંદ સરસ્વતી દ્વારા ઉત્તર ભારતમાં શરૂ કરવામાં આવેલી આ અત્યંત બુદ્ધિયુક્ત ધાર્મિક -સામાજિક સુધારણા ચળવળ હતી.તેમને મતે માનવજીવન અને ઈશ્વરને સ્પર્શતું તથા વિજ્ઞાનને લગતું સઘળું જરૂરી જ્ઞાન વેદોમાં સમાવિષ્ટ છે. તેમને મૂર્તિપૂજા કર્મકાંડો, તથા પુરોહિતોના વર્ચસ્વ ઉપરાંત બ્રાહ્મણો દ્વારા ખાસ કરીને જ્ઞાતિપ્રથા સંદર્ભે અપાતા ઉપદેશોનો ભારે વિરોધ કર્યો. તેમણે પાશ્ચાત્ય વિજ્ઞાનના અભ્યાસની તરફદારી કરી.આવા અનેક સિદ્ધાંતો સાથે તેમણે લગભગ સમગ્ર ભારતનું પરિભ્રમણ કરીને છેવટે ૧૮૬૫માં મુંબઈ ખાતે આર્ય સમાજની સ્થાપના કરી.

તેમનો સૌથી અગત્યનો ગ્રંથ છે" સત્યાર્થ પ્રકાશ". ઉત્તર ભારતના જન સમાજમાં તેમણે હિંદી ભાષા માધ્યમ થકી કરેલાં લખાણો તેમજ ઉદ્દેશોએ એમના વિચારોના પ્રચાર-પ્રસારમાં સારી ઝડપ અને સ્વીકૃતિ અપાવી. આર્યસમાજ "બાળલગ્નોનો વિરોધી હતો. સાથે સાથે તેને વિધવા પુનર્લગ્નની હિમાયત પણ કરી છે. તેણે કારણે પંજાબ , ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, અને ગુજરાતનો વિકાસ ઝડપી બન્યો.

તેમણે સમગ્ર ઉત્તર ભારતમાં કન્યા તેમજ કુમાર વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ઉત્કર્ષ અર્થે શાળા-કોલેજોનું એક માળખું ઉભું કર્યું. લાહોરની દયાનંદ એંગ્લો વૈદીક શાળા-કોલેજ ખુબ જ ઝડપથી પંજાબની એક અગ્રગણ્ય કોલેજમાં રૂપાંતરીત થઈને હિંતી તેમજ અંગ્રેજીના માધ્યમથી ઉત્તમી શિક્ષણ આપતી સંસ્થા તરીકેનું દગટાંત પુરૂ પાડયું છે. લાલા હંસ રાજે આ બાબતે સોથી અગત્યની ભુમિકા ભજવી છે. સ્વામી દયાનંદે ઈ.સ.૧૯૦૨માં હરદ્વાર પાસે (કાંગડી મુકામે) ગુરૂકુળની સ્થાપના કરીને વધું પંરપરાગત પધ્ધતિનું શિક્ષણ આપવું શરૂ કર્યુ. જે અગાઉના (પ્રાચીન ભારના) આશ્રમને ધોરણે સ્થપાયા હતા.

આર્યસમાજ ભારતભરના લોકોમાં આત્મતેજ ,આત્મસમ્માન તથા આત્મ નિર્ભરતાના ગુણો સિંચવાનુ કામ કર્યુ. તેને રાષ્ટ્રપ્રેમ/રાષ્ટ્રભક્તિની ભાવનામાં વૃદ્ધિ કરી. સાથે સાથે તેનો એક બીજો ઉદ્દેશ્યો હિંદુઓનું અન્ય ધર્મોમાં થતું ધર્મ પરિવર્તન રોકવાનો પણ હતો. તેણે જ હિંદુઓએ ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યા છતાં તેમને સ્વધર્મમાં પરત ફરવા માટે "શુદ્ધ" નામની એક પ્રસિદ્ધ ચળવળ પણ ચલાવી.

## ૧૦.૭ રામકૃષ્ણ મિશન અને સ્વામી વિવેકાનંદ

પાછળથી રામ કૃષ્ણ પરમહંસના નામથી વિખ્યાત થયેલ એક ગરીબ બ્રાહ્મણ -પુરોહીતનું મુળ નામ ગદાધર ચટ્ટોપાધ્યાય (૧૮૩૬-૮૬) હતું. તેમનું શિક્ષણ પ્રાથમિક તબક્કાથી આગળ વધી શકયું ન હતું. તેમને તત્વજ્ઞાન અને શાસ્ત્રોનું અપૌચારિક જ્ઞાન ન હતું.(પરંતુ) તેમનું સમગ્ર જીવન ઈશ્વરને સમર્પિત થયેલું હતું. તેમને મતે ઈશ્વર પ્રાપ્તિના અનેક માર્ગો છે. અને "જન સેવા એજ પ્રભુ સેવા છે.કારણ કે મનુષ્ય જ પ્રભુનું મુર્ત સ્વરૂપ છે. આ કારણે તેમના ઉપદેશમાં કયાંય ધાર્મિક સંકુચિતતા જોવા મળતી નથી. તેઓ મનુષ્ય માત્રમાં ઈશ્વરપ્રાપ્તિનું દર્શન કરતાં હતા અને માનવ જાતની સેવા ને જ મોક્ષ પ્રાપ્તિ માટેનો ઉત્તમમાર્ગ સમજતા હતા.

આગળ જતાં સ્વામી વિવેકાનંદના નામથી વિખ્યાત થયેલ નરેન્દ્રનાથ દત્ત (૧૮૬૩-૧૯૦૨) આ રામકૃષ્ણ પરમ હંસના ઉપદેશ અમેરીકા અને યુરોપ સહિત સમસ્ત વિશ્વમાં ફેલાવ્યો.

સ્વામી વિવેકાનંદને હિંદના આધ્યામિક વારસા માટે ભારે ગૌરવ હતું. પરંતુ તેઓ એમ માનતા હતા કે કોઈપણ રાષ્ટ્ર કે વ્યક્તિ અન્ય કોમથી પોતાની જાતને અલગ રાખી શકે નહી.તેમણે વર્ણવ્યવસ્થા, જડ વિધિ વિધાન, સૈકાઓ જૂના વહેમોની ભારે ટીકા કરવા સાથે સ્વતંત્રતા, મુકત વિચાર તથા સમાનતાની તરફેણ કરી.

સ્વામી વિવેકાનંદ પોતાના હૃદયના ઉંડાણથી એક સાચા દેશભકત હતા. તેમને ભારતીય સંસ્કૃતિના વિકાસ માટે ભારે શ્રદ્ધઆ હતી. તેમની એવી તીવ્ર ઉત્કંઠા હતી કે ભારતીય સંસ્કૃતિનાં તમામ સારા તત્વોનો પુનરોચ્ચાર કરીને તેઓ ભારતમાતાની શક્ય એટલી સારી રીતે સેવા બજાવી શકે.

સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણપરમ હંસના સઘળા ધર્મોની એકરૂપતા પર ભાર મુકયો હતો.તેમણે

વેદાંતના તત્વજ્ઞાનને અત્યંત બૌદ્ધિક રીતે વિકસાવવા પ્રયાસ કર્યો હતો.

સ્વામી વિવેકાનંદના તત્વજ્ઞાનમાં સમાજના મોટાવર્ગ(ગરીબો)ના ઉત્કર્ષ પર ખાસ ધ્યાન અપાયું હતું. તેમના માટે દરિદ્ર અને કચડાયેલા વર્ગની સેવા એ સૌથી ઉંચો ધર્મ હતો.આવી સેવા કરવાના આશયથી એમણે ૧૮૯૭માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. આ મિશને આજપર્યંત દૂકાળ , પુર અને રોગચાળા જેવા રાષ્ટ્રીય આપત્તિના સમયે મોટી સામાજિક સેવાઓ પૂરી પાડી છે.

અમેરીકાના શિકાગો મુકામે ઈ.સ. ૧૮૯૩માં યોજાયેલ સર્વ ધર્મ પરિષદમાં એમણે ભાગ લીધો. ત્યાં તેમણે જણાવ્યું હતું કે વેદાંત એ એક માત્ર હિંદુઓનો જ નહી પણ વિશ્વભરના લોકો નો ધર્મ હતો. તેમના ત્યાંના ઉદ્‌બોધને વિશ્વભરના દેશોનાં ત્યાં ઉપસ્થિત લોકોની નજરમાં ભારતીય સંસ્કૃતિનું સમ્માન વધારવામાં મોટી સહાયતા પૂરી પાડી હતી.જો કે તેમનું આ મિશન મોટે ભાગે ધાર્મિક સ્વરૂપનું હોવા છતાં એમણે મુખ્યત્વે રાષ્ટ્રીય જીવન (રાષ્ટ્રવાદ)ના ઉત્કર્ષમાં વિશેષ રસ દર્શાવ્યો હતો. તેમણે દરિદ્ર અને ગરીબો અને કચડાયેલા વર્ગ તરફ પોતાની ઉંડી ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે આવા મોટા વર્ગની ઉપેક્ષાએ એક પાપ છે. તેમણે ખુલ્લા મનથી કબુલ્યું હતુ કે "આપણા સર્વે દુખો અને સઘળી અવનતી માટે માત્ર આપણે જ જવાબદાર છીએ ."એમને પોતાના દેશવાસીઓને પોતાની મુક્તિ માટે મચી પડવા જણાવ્યું હતું. આ હેતુ માટે તેમણે રામકૃષ્ણ મિશનના માધ્યમથી કામદારોને તાલીમબધ્ધ કર્યા હતા.

આમ સ્વામી વિવેકાનંદે સામાજિક ભલાઈ કે સેવાઓ પર ભાર મુકયો હતો.

## પાઠાંત પ્રશ્નો ૧૦.૨

(૧) આર્ય સમાજની સ્થાપના કોણે કરી હતી ?

..............................................................................

(૨) દયાનંદ એંગ્લો વૈદીક કોલેજની સર્વ પ્રથમ સ્થાપના કયાં થવા પામી હતી ?

..............................................................................

(૩) ગદાધર ચટ્ટોપાધ્યાય (રામકૃષ્ણ પરમહંસ)ને મતે તમે કઈ મોક્ષ પ્રાપ્તી કરી શકો છો ?

..............................................................................

(૪) સ્વામી વિવેકાનંદનું મૂળ નામ શુ હતું ?

..............................................................................

(૫) સ્વામી વિવેકાનંદને મતે સૌથી ઉંચો ધર્મ કયો ગણાય ?

........................................................................

## ૧૦.૮ થિયોસોફીકલ સમાજ અને ડો.એનીબેસન્ટ

અર્વાચીન ભારતના ધર્મ, સમાજ અને સંસ્કૃતિને ક્ષેત્રે થિયોસોફીકલ સમાજે ઘણી જ અગત્યની ભૂમિકા ભજવી છે.તેની સ્થાપના ઈ.સ.૧૮૭૫માં અમેરીકા ખાતે રશીયન આધ્યાત્મિક મહિલા એચ.પી. બ્લોવતસ્કિ તથા કર્નલ એચ.એસ.ઓલકોટ થકી કરવામાં આવી હતી. તેનો હેતુ પ્રાચીન ધર્મો, તત્વચિંતન અને વિજ્ઞાનના અભ્યાસ દ્વારા માનવમાત્રમાં રહેલી દિવ્ય શક્તિ ખીલવીને માણસનાં આંતરરાષ્ટ્રી ભાઈચારામાં અભિવૃદ્ધિ કરવાનો હતો.

આ સમાજની ભારતમાં સ્થાપના ઈ.સ.૧૮૭૯માં થવા પામી.તેના મુખ્ય મથક તરીકે ઈ.સ.૧૮૮૬માં મદ્રાસ(ચેન્નઈ) પાસેના અહીયારને પસંદ કરાયું. શ્રીમતી એનીબેંસન્ટનાં ૧૮૯૩માં ભારતઆગમન બાદ ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં તેનો વિશેષ પ્રભાવ ફેલાતો દેખાયો.તેમણે અને તેમની સંસ્થાએ હિંદુ ,પારસી અને બોદ્ધ ધર્મના પુનરૂત્થાન તેમજ દઢિકરણ પર ભાર મૂક્યો તેમને આત્માના પરકાયા પ્રવેશની એક સિદ્ધાંત રૂપે ઓળખ આપી તેમને ભારતીય વિશ્વ બધુંત્વને લગતા ઉપદેશો પણ આપ્યા તેમને શિક્ષિત માણસોમાં પોતાના રાષ્ટ્ર માટે ગૌરવ અનુભવા જેવી સમાજ કેળવણીમાં જરૂરી સહાયતા પૂરી પાડી ડો.એની બેસંટ જેવી ચળવળ એ એક ચળવળ હતી તે જેમાં પશ્ચિમના વિદ્વાનો દ્વારા ભારતીય ધર્મ અને તત્વચિંતનની પ્રણાલિકાનો પ્રચાર-પ્રસાર કરતો હતો આ બાબતે ભારતીયોની પોતાનું આત્મસમાન પરત મેળવવામાં સારી એવી મદદ પૂરી પાડી.

વાસ્તવમાં ડો.એની બેસંટની શિક્ષણ ક્ષેત્રની પ્રવૃતિઓ વધારે મહત્વપૂર્ણ હતી,તેમને બનારસ મુકામે કેન્દ્રીય હિન્દુ મહા વિધાયલય (કોલેજ) ની સ્થાપના કરી ,જેને પાછળથી તેમને મદન મોહન માલવીયાજીને સોંપી હતી તેમને આ કોલેજને 'બનારસ હિન્દુ વિશ્વ વિધાલય' (યુનિર્વસીટી) ફેરવી/ વિકસાવી જો કે થિયોસોફીકલ ચળવળ વિશાળ લોકપ્રિયતા ન મેળવી શકી છતાં ડો.એની બેસંટના માર્ગદર્શન હેઠળ તેને હાથ ધરેલી કામગીરી અત્યત નોંધ પાત્ર હતી તેને હિન્દીઓમાં રાષ્ટ્રવાદી વિચારો/ ભાવનાનો જુસ્સો વિકસાવવામાં ભારે પ્રદાન કર્યુ. થીયોસોફીલક સમાજનું અદિયા ખાતેનું મુખ્યમથક સંસ્કૃતના અલભ્ય ગ્રંથોવાળા ગ્રંથાલય થકી જ્ઞાનનો મુખ્ય કેન્દ્ર બની જવા પામ્યું હતુ. થિયોસોફીકલ સમાજે અસ્પૃશ્યતા સામે જંગ આદરીને મહિલા ઉત્કર્ષની તરફેણ કરી ડો.એનીબેસંટ ભારતીય જન સમાજ માટે પોતાની આખી જિંદગી સમર્પિત કરી દીધી તેમના પોતાના આ મિશનની પ્રવૃતિને નીચેના શબ્દોમાં વર્ણવી છે. 'ભારતનું કામ એ પુનરૂત્થાનનું એવું કામ છે જેના થતી પ્રાચીન ધર્મનું દઢિકરણ અને ઉત્કર્ષ થઈ શકે તેમ છે. એને અત્રે નવા આત્મસમાન સાથે સ્વીકારવામાં આવેલ છે તે હમેશાં સ્વશાસનની

તરફેણ કરતાં હતા આ માટે તેમને ૧૯૧૬માં 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી સ્વસાશનના સંદેશનો પ્રચાર-પ્રસાર કર્યો.

ભારતમાં થિયોસોફીકલ સમાજની શાખાઓ ખોલવામાં આવી અને તેના મુખપત્ર 'થિયોસોફીસ્ટ' ને બહોળો વાચક વર્ગ મળી રહ્યો આ સમાજે સામાજિક તેમજ ધાર્મિક સુધારણાને ખાસ કરીને દક્ષિણ ભારતમાં સારી એવી સહાયતા પૂરી પાડી આ સઘળા કામમાં શ્રીમતી એની બેસંટનું પ્રદાન સવિશેષ હતું.

### પાઠાંત પ્રશ્નો ૧૦.૩

(૧) થિયોસોફીકલ સમાજની સ્થાપના કયાં થઈ હતી?

.........................................................................

(૨) થિયોસોફીકલ સમાજની સ્થાપના કોને કરી હતી?

.........................................................................

(૩) ભારતમાં થિયોસોફીકલ સમાજનું મુખ્યમથક કયાં આવેલ હતું?

.........................................................................

(૪) ઈ.સ. ૧૯૧૬માં હોમરૂલ લીગની સ્થાપના કોણે કરી હતી ?

.........................................................................

## ૧૦.૯ અલીગઢ આંદોલન અને સૈયદ અહેમદખાન

તમે હમણાં જ હિંદુઓમાં થયેલ સુધારા કર્મકાંડો તથા તેની સંસ્થાઓ વિશે વાંચી ગયા. આવી જ અક સુધારણા ચળવળ ઈસ્લામમા પણ થવા પામી હતી. ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ બાદ ધર્મ સુધારણાના ક્ષેત્રે નવા નવા સુધારા થતાં મુસ્લિમ સમાજના ઉચ્ચ વર્ગ પાશ્ચાય કેળવણી તેમજ સંસ્કૃતિ સાથેના સંબધો સ્થાપવાનું વલણ અપનાવ્યું હતું. આની શરૂઆત 'મોહમેડનલીટરરી સોસાયટી' કલકતા-૧૮૬૩ની નવાબ અબ્દુલ લતીફ (૧૮૨૮-૯૩) થકી સ્થાપના થવા પામી તેને ધાર્મિક, સામાજિક અને રાજકીય પ્રશ્નો સંદર્ભે ચર્ચા વિચારણાઓ હાથ ધરીને ઉચ્ચ મુસ્લિમ વર્ગના લોકોમાં પાશ્ચાત્ય કેળવણી અપનાવવા સંદર્ભે પ્રોત્સાહન પુરું પાડ્યું મુસ્લિમ જન સામાજને ચિસ્તી-સૂફીસંતો કે જેઓ ઈશ્વર તરફ માત્ર સમર્પિતતાનો ભાવજ નહી પરંતુ તેમના સંતો તરફ પૂજાભાવ પણ ધરાવતા હતા તેમને ખાસ પ્રભાવ પાડયો બીજી ચળવળ દિલ્હીના શાહ વલીઉલ્લાની હતી. તેમણે બીનરૂઢિવાદી ધાર્મિક પરંપરાઓનો ભારે વિરોધ કરીને શીયા પંથના ચુસ્ત એકેશ્વરવાદને પુનઃ જાગૃત કર્યો લખનોઉના ફીરગી મહેલની તત્વજ્ઞાન અને વિદ્વતાપૂર્ણ પરંપરા શૈક્ષણિક અભ્યાસક્રમોમાં સામેલ કરવામાં આવી તથા તેને

ઓગણીસમાં અને વીસમાં સૈકા દરમ્યાન સમગ્ર ભારતમાં પ્રચલિત કરી બંગાળના ફરીદી આંદોલનના નેતા હાજી શરીયત ઉલ્લા કે જેમને ખેડૂતોના પ્રશ્નો તથા મુસ્લિમો પૈકીની જ્ઞાતિ પ્રથા સામે ભારે જેહાદ ઉઠાવી તેમને આમા પણ વિશેગા રસ દર્શાવ્યો.

ઉત્તરપ્રદેશના રાયબરેલીના વતની સૈયદ અહેમદ ખાનનું નામ મુસ્લિમ સુધારકોમાં સૌથી મહત્વપૂર્ણ ગણાય છે. તેમને વિનાશને આરે આવી ઉભેલા વણકર પ્રવૃતિનાં ધામ સમા અલ્હાબાદ અને પટણ જેવા  શહેરોના મુસ્લિમ યંત્રશાળ કારીગરોને પોતાની તરફ આકર્ષીને સામાજિક અસ્થિરતા કાળમાં સામાન્ય શ્રદ્ધા થકી આમજનતાને પોતાનું સાચુ ગૌરવ અને ઓળખ આપ્યાં. તેમને અનુભવ્યુ કે જો મુસ્લિમો બ્રિટીશ શાસનના બદલાયેલા સંજોગોને સાનુકુળ નહી બને તો તેઓ નવાં નવાં કદો અને આર્થિક સમુધ્ધિ માટેની તકોથી વંચીત રહી જશે. તેઓ આધૂનિક અને વૈજ્ઞાનિક વિચારોથી સારા એવા પ્રભાવિત થયા હતા.તેમનો ઈસ્લામ સાથે સામજય સ્થાપિત કરવા માટે આજીવન પ્રયાસો કર્યા. તેમણે ભૌતિકતાપૂર્ણ વિજ્ઞાનના પ્રકાશમાં કુરાનનો નવેસરથી અધ્યયન હાથ ધર્યુ. તેમને લોકોને ટીકાત્મક વર્ણન અપનાવવા તથા વૈચારિક સ્વાતંત્ર વિકસાવવા સમજાવ્યા.તેમણે લોકોને ધર્માંધતા ,મનની સંકુચિતતા તેમજ અલગતાવાદી વલણ નહી રાખવા ચેતવ્યાં.તેમણે લોકોને ઉદાર અને સહનશીલ બનવા સમજાવ્યા.તેમણે ૧૮૮૩માં કહયું હતુ કે "હવે આપણે બંને (હિંદુ અને મુસ્લિમ) હિંદની હવા પર જ નિર્ભર છીએ.ગંગા જમનાના પવિત્ર નીર પીએ છીએ,આપણે બેઉ હિંદની ધરતીની ઉપજ ખાઈને જ જીવીએ છીએ.આપણે બંને એક જ રાષ્ટ્ર છીએ.તથા દેશના વિકાસ તેમજ કલ્યાણનો આધાર આપણી એકતા પરસ્પરની સહાનુભુતિ તથા પ્રેમ પર નિર્ભર છે.જયારે પારસ્પરિક અસહમતિ ,જીદ અને દુર્ભાવનામાં વૃદ્ધિ થશે ત્યારે આપણો વિનાશ થશે.

સૈયદ અહેમદખાન યોગ્ય પણે માનતા  હતા કે મુસ્લિમ જન સમાજને એકલતા /અલગતા નુકશાન પહોંચાડશે.તેમાંથી બહાર નિકળવા માટે તેમણે પોતાનાથી બનતું બધું જ સુપેરે કરીને વિકાશીલ સાંસ્કૃતિક જગતનાં બધા જ બળો સાથેઅનુસંધાન કરવા પ્રયાસ કર્યો.તેમણે ઘણી જહેમત ઉઠાવીને બ્રિટીશ શાસકો પ્રત્યે મુસ્લિમોમાં રહેલો તિરસ્કાર  તથા તેમને પોતાના સાચા દુશ્મન ગણવાની વાતને નાબુદ કરવા પ્રયાસ કર્યો.

તેમને મતે મુસ્લિમોનું ધાર્મિક અને સામાજિક જીવનધોરણ ઉંચું લાવવામાં પાશ્ચાત્ય વૈજ્ઞાનિક સમાજ સહાયભૂત બની શકે તેમ છે. તેથી આધુનિક શિક્ષણને  પ્રોત્સાહન આપવાના કામને તેમણે પ્રાથમિકતા આપી. સરકારી પદાધિકારી તરીકે તેમણે ઘણી જગ્યાએ પાશ્ચાત્ય શિક્ષણની શાખાઓ શરૂ કરાવી. તેમણે ઘણા બધા પાશ્ચાત્ય પુસ્તકોનો તરજુમો કરાવ્યો અને તેમને અલીગઢ મુકામે મોહમેડન એંગ્લો-ઓરીએંટલ કોલેજની સ્થાપના કરાવી.જેનો હેતુ પશ્ચિમના વિજ્ઞાન અને સંસ્કૃતિના કેન્દ્ર તરીકે કરાવવાનો હતો. આગળ જતાં આ કોલેજ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં તબદીલ થઈને  વિકસવા તથા પ્રસિદ્ધ થવા પામી.

અલીગઢ આંદોલન પાછળથી આવેલા મુસ્લિમ પુનર્જાગરણ માટે મોટે ભાગે યશનું ભાગીદાર ગણાય છે.તેણે દેશના વિવિધ ભાગોમાં વિખરાયેલ મુસ્લિમ જનસમુહને એક દિશાસુચન કર્યુ. તેણે લોકોને એક સર્વ સામાન્ય ભાષા ઉર્દુ પૂરા પાડયાં. મુસ્લિમ પ્રજામાં છાપકામ , પત્રકારત્વ ક્ષેત્રનો વિકાસ ઉર્દુ ભાષાની પરિપૂર્ણતા માટે જ થયો હતો. સૈયદ અહેમદના પ્રયાસો આગળ વધીને સમાજ સુધારણા ક્ષેત્રે વિસ્તર્યો. તેઓ મહિલાઓને શિક્ષિત થયેલી જોવા તેમજ પર્દાપ્રથાને નાબુદ કરવા ઈચ્છતા હતા.તેઓ બહુપત્ની પ્રથાના પણ ભારે વિરોધી હતા.

આ ઉપરાંત બીજાં કેટલાંક સામાજિક -ધાર્મિક સુધારણાના આંદોલનો પણ હતાં કે જેમણે મુસ્લિમોમાં રાષ્ટ્રીય જાગૃતિ આણી હતી. મિર્ઝા ગુલામ, અહમદ ઈ.સ. ૧૮૯૯માં અહમદીયા ચળવળની સ્થાપના કરી. આ ચળવળ અંતર્ગત આખા દેશમાં આધુનિક કેળવણી ફેલાવવા માટે અસંખ્ય શાળા-કોલેજો ખોલવામાં આવી. ધર્મની બાબતે આ આંદોલનના અનુયાયીઓએ ઈસ્લામના માનવતાવાદી અભિગમ પર વિશેગા ભાર મૂકયો. તેમણે હિંદુ મુસ્લિમ એકતાને બળ પુરૂ પાડયુ.

આધુનિક હિંદમાં ડો. મહંમ્મદ ઈકબાલ (૧૮૭૬-૧૯૩૮) નામના એક મહાન કવિ થઈ ગયા.તેઓ પોતાના ગહન જ્ઞાન પ્રચુર કવિતાઓના માધ્યમથી નવી પેઢીના મુસ્લિમ તથા હિંદુ યુવક-યુવતીઓમાં પ્રભાવશાળી પૂરવાર થયો તમણે વિશ્વભરને બદલી નાંખે તેવું. દષ્ટિબિંદુ રજુ કર્યુ. તેઓ મૂળભૂત રીતે માનવતાવાદી સુધારક હતા.

## ૧૦.૧૦ પારસીઓના સુધારણા આંદોલન

૧૯મા સૈકાના મધ્ય ભાગમાં મુંબઈ ખાતે પારસી સમાજના ધાર્મિક સુધારણાનો પ્રારંભ થયો.ઈ.સ.૧૮૫૧માં નવરોજી ફરદૂનજી દાદાભાઈ નવરોજી એસ.એસ. બંગાળી દ્વારા મઝદાસન સભા અથવા ધાર્મિક સુધારણા સભાની સ્થાપના કરવામાં આવી . તેમનો સામાજિક-ધાર્મિક સુધારણા કરવાના આશયથી ‘રાસગોફતાર’ નામની એક પત્રિકા શરૂ કરી . તેમને ખાસ કરીને કન્યા કેળવણીના પ્રચાર માટે ખાસ પ્રયત્નો કર્યા. તેમને ધાર્મિક ક્ષેત્રની રૂઢીવાદી જડતા નાબુદ કરી. પારસી સમાજના આધુનિકતા સંદર્ભે કન્યા કેળવણી અને સર્વ સામાન્ય પારસી મહિલાઓની સ્થિતિ સુધારવા માટે આંદોલન ચલાવ્યું .સમય જતાં આ પારસીઓ દેશના વધુ પાશ્ચાત્યવાદી સુધારક સમાજીક અંગ બની જવા પામ્યાં.

## ૧૦.૧૧ શીખોમાં ધર્મ સુધારક

૧૯મા સૈકા ઓને અંતે અમૃતસર મુકામે ખાલસા કોલેજની સ્થાપના થવાની સાથે જ શીખોમાં ધાર્મિક સુધારણા ચળવળનો પ્રારંભ થયો. સિંધ સભા(૧૮૭૦)ના બ્રિટિશ સહકાર સાથેના પ્રયાસોથી અમૃતસર ખાતે ૧૮૯૨માં આ ખાલસા કોલેજ સ્થપાઈ. આ કોલેજ તથા શાળાઓ ગુરૂ મુખીની ભાષાને તથા શિખોમાં પંજાબી સાહિત્યના વિકાસ સંદર્ભે થયેલ એક સમાંતર પરિણામ હતું.

*ઈ.સ.૧૯૨૦ પછી જયારે પંજાબમાં અકાલી આંદોનદ શરૂ થયુ ત્યારે આ શિખ સુધારણા ચળવળમાં એક નવો લય આવવા પામ્યો.આ અકાલી આંદોલનનો આશય ગુરાદ્વારાઓ અથવા શિખ આશ્રમોનો વહીવટ કે જે ત્યાના સંતો હસ્તકના હતો અને તેણે પોતાની અંગત જાગીર સમજતાં હતા. તેમાં સુધારો કરવાનુ હતું. ઈ.સ.૧૯૨૫માં એક કાયદા થકી આવા ગુરાદ્વારાઓનો વહીવટ શિરોમણી ગુરાદ્વારા પ્રબંધક સમિતિ હસ્તક આવ્યો.*

## ૧૦.૧૨ સુધારણા ચળવળનો પ્રભાવઃ

*બ્રિટિશરો ભારતીય સમાજના રૂઢીચુસ્ત ઉચ્ચવર્ગમાં શાંતિ સ્થાપવા ઈચ્છતાં હતા. ફલતઃ બે મહત્વપૂર્ણ કાયદાઓ ઘડાયા મહિલાઓની સ્થિતિ સુધારવા સંદર્ભે અગત્યના પગલાં લેવામાં આવ્યાં. ઉહાહરણ તરીકે સતીપ્રથા ગેરકાનૂની પૂરવાર થઈ.(૧૮૨૯) બાળહત્યા (દૂધપીતી) પ્રથા ગેરકાનૂની હોવાનું જાહેર કરાયું. ૧૮૫૬માં પસાર થયેલા કાનૂન અતંર્ગત વિધવા વિવાહને કાયદાસેર જાહેર કરાયાં. કન્યાઓને લગ્ન યોગ્ય ગણવા માટેની ઉંમર ૧૮૬૦ના કાયદા અન્વયે વધારીને ૧૦ વર્ગાની કરાઈ.*

*ઈ.સ.૧૮૭૨માં પસાર થયેલા કાનુન અંતર્ગત આંતર-જ્ઞાતીય તેમજ આંતરધર્મિય લગ્નોને કાયદેસરતા આપવામાં આવી. ૧૮૯૧ના કાયદા મુજબ બાળવિવાહને પ્રતિબંધિત (ગેરકાયદેસર) જાહેર કરામાં આવ્યો. ૧૯૨૯માં શારદાધારા થકી બાળ વિવાહ અટકાવતો કાયદા પ્રસાર થયો. તે મુજબ હવે ૧૪ વર્ગાની વયથી નાની કન્યા અને ૧૮ વર્ષના કુમાર (છોકરા) ના લગ્ન થઈ શકે નહી. તેમ જાહેર કરાયું.વીસમા સૈકામાં અને ખાસ કરીને ૧૯૧૯ બાદ હિંદની રાષ્ટ્રીય લડત એ સામાજિક સુધારણામાં ખાસ પ્રોત્સાહક બની જવા પામી. સમગ્ર ભારતીય જન સમાજ સુધી પહોંચવા માટે ભારતીય ભાષાઓના માધ્યમ દ્વારા સુધારકોએ ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રયાસો હાથ ધર્યા આ માટે તેમને નવલકથાઓ, નાટકો , ટૂંકી વાર્તાઓ , કવિતાઓ, અન્ય છાપકામનો ૧૯૩૦ના દાયકામાં છૂટથી ઉપયોગ કર્યો.સિનેમાએ પણ તેમના વિચારોના પ્રચાર-પ્રસારમાં મોટો ભાગ ભજવ્યો.*

*અસંખ્ય લોકો સુધારણા સમાજો એન ધાર્મિક સંસ્થાઓએ મહિલા કેળવણીના પ્રચાર-પ્રસાર, બાળલગ્નોનો વિરોધ, પર્દાપ્રથામાંથી સ્ત્રીઓને મુક્તિ, એક લગ્ન પ્રથા તથા મધ્યમ વર્ગીય મહિલાને જાહેર નોકરીમાં ભરતી કરવા જેવી બાબતોમાં ભારે જહેમત ઉઠાવી કામ કર્યુ. આવા કારણોસર જ ભારતીય મહિલાઓએ હિંદની સ્વાતંત્ર્ય ચળવળમાં નિર્ણાયક અને ઉપયોગી ભાગ ભજવ્યો. પરીણામસ્વરૂપે ઘણાં અંધવિશ્વાસો નાબુદ થઈ શક્યાં અને ઘણા બધાં સદંતર અદ્રશ્ય થઈ જવા પામ્યાં.હવે વિદેશ યાત્રાને (પહેલાંની માફક) પાપ ગણવામાં આવતી નથી. ( એ તમામ સુધારાયુક્ત ચળવળોને આભારી ગણાય છે)*

## પાઠગત પ્રશ્નો ૧૦.૪

(૧) મોહમેડન એંગ્લો-ઓરીએન્ટ કોલેજનો પ્રારંભ કોણે કર્યો ?

..........................................................................

(૨) અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ક્યાં આવેલી છે ?

..........................................................................

(૩) મુસ્લિમ મહિલાઓ સંદર્ભે સૈયદ અહેમદ ખાનનો દ્રષ્ટીકોણ કેવો હતો ?

..........................................................................

(૪) મોહમેડન લિબર્ટી સોસાયટીની સ્થાપના ક્યાં થઈ હતી ?

..........................................................................

(૫) પારસી સમાજનાં ત્રણ આગેવાન સમાજ-ધર્મ સુધારકોના નામ જણાવો.

..........................................................................

## તમે શું શીખ્યા?

- ભારતમાં બ્રિટિશ શાસનના પ્રભાવ નીચે અસંખ્ય સામાજિક-ધાર્મિક સુધારાઓ થયા.
- આધુનિક કેળવણી, વિજ્ઞાન અને ટેકનોલોજી (પ્રૌદ્યોગિક)નાં પ્રચાર-પ્રસારમાં આગેવાન ભુમિકા ભજવવાં તેમજ સામાજિક અનિષ્ટો સામે સતત સંઘર્ષ કરવાં સંદર્ભે રાજારામ મોહનરાયને ભારતીય પુન જાગરણના અગ્રણી ગણવા રહયાં.
- મહારાષ્ટ્રમાં પ્રાર્થનાસમાજના માધ્યમથી આંતરજ્ઞાતીય લગ્નોનો પ્રચાર-પ્રસાર કરીને તથા બ્રાહ્મણવાદનાં વર્ચસ્વમાંથી મુક્તિ અપાવીને તેમજ સ્ત્રીઓની સ્થિતિમાં સુધારણા દ્વારા આર.જી. ભાંડારકર તથા મહાદેવ ગોવિંદ રાનડેએ પોતાનું ધાર્મિક સુધારણા મિશન (કાર્ય) સંપન્ન કર્યુ.
- આર્યસમાજની સ્થાપના થકી સ્વામી દયાનંદ સરસ્વતીએ માનવ માત્રના વૈદિક શિક્ષણ-અર્થઘટનના હકીકતની તરફે કરીને તેમને બ્રાહ્મણોના પ્રભુત્વમાંથી મુક્તિ મેળવવા માટે મદદ કરી હતી. વળી આ સંસ્થાએ અસ્પૃશ્યતા નિવારણ અર્થે ભારે સંઘર્ષ વેઠીને જ્ઞાતિવાદ સંકુચિતતા સામે બળવો પોકાર્યો તથા આધુનિક કે (પાશ્ચાત્ય) કેળવણીને પ્રોત્સાહન પુરૂ પાડવા પ્રયાસ કર્યો.

- રામકૃષ્ણ મિશનની સ્થાપના થકી મહાન માનવતાવાદી સુધાકર સ્વામી વિવેકાનંદે ધાર્મિક કટ્ટરતાનો વિરોધ કરીને મુકત વિચારોની તરફદારી કરી.તેમને "જન સેવા (એ જ પ્રભુ સેવા હોવાં) પર ખાસ ભાર મુકયો.
- શ્રીમતી એનીબેસંટના વડપણ નીચે સ્થપાયેલાં થિયોસોફિકલ સમાજે ભારતીય ધર્મ, તત્વજ્ઞાન તથા તેના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કર્યો.
- સર સૈયદ અહેમદ ખાને મુસ્લિમ સમાજમાં ધર્મસુધારણાની પ્રવૃતિ કરી. તેમણે મુસ્લિમ સમાજની આધુનિક (પાશ્ચાત્ય) કેળવણી માટે પ્રોત્સાહન પુરૂ પાડયું. વળી બહુ પત્નીપ્રથા તેમજ પર્દાપ્રથાની ભારે ટીકા કરીને ધાર્મિક કટ્ટરતા, અજ્ઞાન તેમજ અતાર્કિકતા સામેનો અવાજ બુલંદ કર્યો.

## પાઠાંત પ્રશ્નો

(૧) ભારતમાં સમાજ સુધારણાને ક્ષેત્રે રાજારામ મોહનરાયે કેવી ભુમિકા ભજવી હતી ?

(૨) તમે એવું કઈ રીતે કહેશો કે પ્રાર્થના સમાજે ધાર્મિક અને સામાજિક સુધારણા હાથ ધરી હતી ?

(૩) આર્ય સમાજે વેદો પ્રતિ દર્શાવેલ શ્રધ્ધાને તમે કઈ રીતે વ્યાજબી ઠરાવો છો ?

(૪) ૧૯મા સૈકાના ભારતીય જન જાગરણમાં રામકૃષ્ણ મિશને શી સહાયતા પુરી પાડી છે ?

(૫) મુસ્લિમ કોમના અનિષ્ટો નાબુદ કરવામાં સર સૈયદ એહેમદના પ્રયાસોની ચર્ચા કરો.

(૬) "થિયોસોફીકલ સોસાયટી દ્વારા ભારતીય જન સમાજનાં પુરૂત્થાન સંદર્ભે આપવામાં આવેલું પ્રદાન અવિસ્મરણીય છે." સમજાવો.

(૭) શિખ સુધારકો દ્વારા શિખ સમાજમાં હાથ ધરાયેલાં સુધારા પર ટુંક નોંધ લખો.

## પાઠાંત પ્રશ્નોના જવાબો

૧૦.૧

(૧) સતીપ્રથા અને જ્ઞાતિપ્રથા જેવા કુરીવાજો સમાજમાં પ્રચલીત હતાં.

(૨) મૂર્તિપૂજાનો વિરોધ, બલીદાનોની મનાઈ, સતીપ્રથા પર પ્રતિબંધ, માનવીય આત્મ સમ્માન.

(૩) આંતર જ્ઞાતીય લગ્નો તેમજ આંતર જ્ઞાતીય ભોજા સંભારભો કરીને , વિધવા પુર્નલગ્ન થકી સ્ત્રીઓ અને દલીત વર્ગના ઉત્કર્ષમાં ઘણો સુધારો લાવી શકાયો.

(૪) પ્રાર્થના સમાજના સિધ્ધાંતોના પ્રખર હિમાયતી .

૧૦.૨

(૧) આર્ય સમાજની સ્થાપના સ્વામી દયાનંદ સરસ્વતીએ કરી હતી.

(૨) લાહોર મુકામે-૧૮૮૬માં

(૩) માનવજાતની સેવા એ જ મોક્ષનો પરમ માર્ગ છે.

(૪) નરેન્દ્રનાથ દત્ત

(૫) ગરીબો અને કચડાયેલાં લોકોની સેવા

૧૦.૩

(૧) અમેરીકા

(૨) એચ. પી. બ્લોવોતસ્કી-રશીયન અને કર્નલ ઓલકોટ-અમેરીકન

(૩) ચેન્નઈ નજીક અદીયાર મુકામે

(૪) શ્રીમતી એની બેસંટ

૧૦.૪

(૧) સર સૈયદ અહેમદ ખાન

(૨) અલીગઢ

(૩) મહિલાઓમાં વ્યાપ્ત પર્દાપ્રથાની નાબુદી અને શિક્ષણનો પ્રચાર -પ્રસાર

(૪) કોલકાત્તા મુકામે ઈ.સ. ૧૮૬૩

(૫) દાદાભાઈ નવરોજી, એસ.એસ.બેંગાલી અને નવરોજી ફરદનજી

# ૧૧

# ભારતીય ચિત્રકળા

જ્યારે તમે બજાર કે સંગ્રહાલય જાવ છો ત્યારે તમે અનેક જાતના ચિત્રો નિહાળો છો. દિવાલ પર લટકાવેલા અને માટીના બનાવેલી કૃતિઓ નિહાળો છો. શું તમે જાણો છો ? કે આ ચિત્રો ઘણા પ્રાચીન કાળના હોઈ શકે છે. તે સમયના લોકોના રીતરીવાજો તેના પરથી આપણે જાણી શકીએ છીએ એટલું જ નહી રાજાઓ અને રાણીઓના ચિત્રોમાં તથા શાહી દરબારના ચિત્રોમાં તેમના વસ્ત્રો અને તેમની રહેણીકરણીના અનેક પુરાવા આપણને પ્રાપ્ત થાય છે. ધાર્મિક અને બિનસાંપ્રદાયિક(ધર્મ સિવાયના) એમ બંને પ્રકારના ચિત્રો આપણને પ્રાચીનકાળથી મળી આવ્યા છે. અભિવ્યક્તિ એ માનવની મૂળભૂત જરૂરીયાત છે. જે આપણને પ્રાગઐતિહાસિક કાળથી જોવા મળે છે. ચિત્રકળા તેમાંની એક છે. ભારતીય ચિત્રકળા એ અનેક પરંપરાઓનું સંમિશ્રણ છે અને પોતાનું આગવું સ્વરૂપ જાળવી રાખવાની એક સમૃધ્ધ પરંપરા પણ છે. આધુનિક ભારતીય ચિત્રકળા, આધુનિક વિચારો અને પ્રવાહોના આંતરમિશ્રણનું પ્રતિબિંબ છે.

## હેતુઓ

આ પ્રકરણનું અધ્યયન કર્યા બાદ તમે,

- ભારતમાં પ્રાગ ઐતિહાસિક કાળમાં થયેલ ચિત્રકળાનો ઉદ્ભવ સમજી શકશો.
- મધ્યકાલીન ભારતમાં ચિત્રકળાના ક્ષેત્રે શું વિકાસ થયો તે જાણી શકશો.
- ભારતીય ચિત્રકલાના વિકાસમાં મુગલ શાસકોનું પ્રદાન સમજી શકશો.
- ભારતની વિવિધ પ્રાદેશિક શૈલીઓ જેવી કે, રાજસ્થાની અને પહાડી નો ઉદય અને વિકાસ સમજી શકશો.


- અન્ય મહત્વપૂર્ણ ચિત્રશૈલીઓ જેવી કે, કાંગડા, કુલુ અને બસોલીનો ઉદય અને તેના વિકાસનું મૂલ્યાંકન કરી શકશો.
- ભારતીય ચિત્રકળાના વિકાસમાં રાજા રવિ વર્માના યોગદાન વિશે સમજ કેળવશો.
- બંગાળ સ્કૂલ ઓફ આર્ટમાં રવિન્દ્રનાથ ટાગોર અને અવનિન્દ્રનાથ ટાગોરે આપેલા પ્રદાનનું મૂલ્યાંકન કરી શકશો.
- ફ્રાન્સીસ ન્યુટન સુઝાના પ્રગતિશીલ કલાકાર વૃંદની વિશિષ્ટ ભૂમિકાની મુલવણી કરી શકશો.
- ભારતીય ચિત્રકળાના ક્ષેત્રમાં નવા સ્વરૂપો ઉમેરનાર મિથિલા ચિત્રકળા, કલમકારી ચિત્રકળા, વારલી ચિત્રકળા અને કાલીઘાટ ચિત્રકળા જેવા લોક ચિત્રકળાના સ્વરૂપોનું યોગદાન જાણી શકશો.

## ૧૧.૧ પ્રાચીન કાળ: ભારતીય ચિત્રકળાનો ઉદય

એક કળા તરીકે પ્રાચીનકાળથી જ ભારતમાં ચિત્રકળાના અનેક નમુના આપણને પ્રાપ્ત થયા છે. જે પ્રાગૈતિહાસિક કાળ જેટલા જુના છે. મધ્યપ્રદેશમાં આવેલ ભીમબેતકા ગુફામાં મળી આવેલ ચિત્રોથી ભારતીય ચિત્રકળાની શરૂઆત થયેલી ગણાય. તેમાં ગુફાની દિવાલો ઉપર કુદરતી રંગોની મદદથી વિભિન્ન પ્રાણીઓ તેમજ તત્કાલીન લોકોની જરૂરીયાતના સાધનોના ચિત્રો મળી આવ્યા છે. એ જ રીતે મહારાષ્ટ્રમાં આવેલ નરસિંહગઢમાં આવેલી ગુફાઓમાં પણ હરણ અને અન્ય ચિત્રોનો સમુહ મળી આવ્યો છે. આજથી લગભગ ૪૦૦૦ વર્ષો જેટલા જુના સમયમાં પ્રવર્તમાન ભારતની મહાન શહેર સભ્યતા હડપ્પીય સભ્યતામાં પણ અનેક ચિત્રો મળી આવ્યા છે.

હિન્દુ અને બૌધ્ધ એમ બંને પ્રકારના પ્રાચીન ભારતીય સાહિત્યમાં પણ વિભિન્ન પ્રકારની ચિત્રકળાઓના ઉલ્લેખો મળી આવ્યા છે. જેમકે, લિપિચિત્ર, લેખાચિત્ર અને ધૂળીચિત્ર પ્રથમ શૈલી એ લોકશૈલી ગણી શકાય. જેમાં ચિત્રકાર લોકવાર્તાને ચિત્રમાં ઢાળતો. બીજી શૈલીમાં કપડા પર દોરાતા રેખાચિત્રો હતા. જ્યારે ત્રીજા પ્રકારમાં ભોંયતળિયા પર દોરાતા ચિત્રોનો સમાવેશ થાય છે.

બૌધ્ધગ્રંથ વિનયપિટક(ઈ.સ.પૂ. ૪થી ૩જી સદી)માં તત્કાલીન રાજગૃહોના ચિત્રોની ચર્ચા થયેલી છે. ૫ મી સદીમાં લખાયેલ મુદ્રારાક્ષસ નામના નાટકમાં અનેક પ્રકારના ચિત્રોનો ઉલ્લેખ થયેલો છે. ઈ.સ.ની ૬ઠ્ઠી સદીમાં વાત્સ્યાયન દ્વારા રચાયેલ કૃતિ કામસુત્રમાં ૬૪ જેટલી કળાઓના વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે ચિત્રકળાના પુરાવા પ્રાપ્ત થયા છે. તો ૭ મી સદીમાં રચાયેલ વિષ્ણુ ધર્મોતરપુરાણમાં ચિત્રસુત્ર નામનું એક આખું પ્રકરણ ચિત્રકળા પર રચાયેલું છે. જેમાં ચિત્રકળાના છ અંગોને દર્શાવવામાં આવ્યા છે. આમ પુરાતત્વીય અને સાહિત્યિક પ્રમાણોને આધારે આપણે ચોક્કસપણે કહી શકીએ કે





ભારતમાં પ્રાગૈતિહાસિક કાળથી ચિત્રકળા ઉદભવી અને ક્રમશઃ તે વિકસતી ગઈ. આ કળાનો શ્રેષ્ઠ પુરાવો ગુપ્તકાળમાં અસ્તિત્વમાં આવેલ અજંતાના ગુફાચિત્રો ગણાવી શકાય. અજંતાના ચિત્રોમાં જાતકકથાઓ કેન્દ્રમાં છે. તેના કુદરતી રંગો અને તેનું સંમિશ્રણ વર્તમાનકાળમાં પણ એટલું જ રહસ્યમય છે.

મુરાલ ચિત્રકળા મોટેભાગે પથ્થર પર અને ગુફાઓમાં જોવા મળે છે. અજંતાની ગુફા નં.૯ જે બૌધ્ધ સ્તુપ છે. ગુફા નં.૧૦ માં જાતકકથાઓના ચિત્રો મહદ અંશે જોવા મળે છે. પરંતે ૫ મી ૬ઠ્ઠી સદી દરમિયાન ગુપ્તકાલીન ભારતમાં આ કળામાં અનેરો વિકાસ થયો અને ધર્મનિરપેક્ષ ચિત્રો પણ મોટા પ્રમાણમાં દોરવા લાગ્યા જે તત્કાલીન ભારતીય જીવનના તમામ ઘટકોને સ્ફૂટ કરે છે. આ ચિત્રોમાં આપણે પેલેસમાં રહેલ રાજકુમારી, પોતાના બેઠક ખંડમાં રહેલ સ્ત્રીઓ, ભારવહન કરનાર મજૂરો, ભિખારીઓ, ખેડૂતો, પક્ષીઓ, ફૂલોને જોઈએ છીએ.

પ્રાચીન ભારતમાં ચિત્રકલામાં ઉપયોગમાં લેવાયેલ સામગ્રી : ચિત્રકળામાં વિભિન્ન પ્રકારની સામ્રગીની જરૂરીયાત ઉભી થાય છે. ચિત્રશાળા અને શિલ્પશાસ્ત્રમાં તેની વિશદ ચર્ચા કરવામાં આવી છે. તેમછતાં મુખ્યત્વે ઉપયોગમાં લેવામાં આવેલ રંગોમાં ગેરુઓ લાલ(ધતુરાષ), ઘાટો લાલ(કંકુ અથવા સિંદુર), ભૂખરો પીળો(હરીતલા), ઈન્ડીગો(વાદળી), વૈદુર્યમણીનો વાદળી, કાજળ જેવો કાળો, ખડી માટીનો સફેદ, ગેરુઆ માટીનો ગેરુઓ અને લીલાનો સમાવેશ થાય છે. વૈદુર્યમણીના કલર સિવાય મોટા ભાગના કલર સ્થાનિક કક્ષાએ મળી રહેતા. જ્યારે વૈદુર્યમણી(લેપીઝ લાઝુલી) બદક્ષા(અફઘાનીસ્તાન)થી લાવવામાં આવતો રંગોના મિશ્રણનો પણ ઘણીવાર ઉપયોગ કરવામાં આવતો. સ્થાનિક વાતાવરણ અને કથાનકને ધ્યાનમાં રાખી રંગોનો ઉપયોગ થતો હતો.

બૌધ્ધ ચિત્રકળાના પુરાવા ઉતર ભારત અને દક્ષિણ ભારત તથા દખ્ખણમાં ૯મી સદી સુધી મોટી માત્રામાં મળી આવ્યા છે. તેનું કથાનક ધાર્મિક હોવા છતાં અત્યંત ઉમદા અને આંતરીક ચેતનાને ઉજાગર કરતું છે. તે સિવાય કિન્નરો, અપ્સરાઓ, પ્રાણી અને વનસ્પતિ સૃષ્ટિ, પ્રેમ, સૌંદર્ય જેવી બાબતોનો પણ આ ચિત્રોમાં સમાવેશ થયો છે. આ પ્રકારના ઉત્કૃષ્ટ ચિત્રકલાના ઉદાહરણો આપણને કર્ણાટકમાં આવેલ બાદામીની ત્રીજા નંબરની ગુફામાં તથા કાંચીપુરમમાં તથા તામિલનાડુમાં આવેલ સિંત્તાનાવસલ નામની જૈન ગુફામાં તેમજ ઈલોરામાં આવેલ કૈલાસ મંદિર અને જૈન ગુફાઓમાં મળી આવ્યા છે. દક્ષિણ ભારતના અનેક મંદિરો જેમ કે, તાંજાવુરના બૃહદેશ્વરનું મંદિર, દિવાલો ઉપર ભારતીય મહાકાવ્યો અને પુરાકલ્પનોના ચિત્રોથી સુશોભિત છે. બાઘ, અજંતા અને બાદામી એ ઉતર અને દખ્ખણ ભારતીય ચિત્રકલાની શાસ્ત્રીય પરંપરાઓ દર્શાવે છે, તો સિત્તાનાવસલ, કાંચીપુરમ, મલયાદીપટ્ટી અને તિરુણાલયપુરમ દક્ષિણ ભારતની વિકસિત પરંપરાઓ દર્શાવે છે. સિત્તાનાવસલનું કથાનક જૈન છે. પરંતુ અન્ય કૃતિઓમાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયનો પ્રભાવ પણ જોવા મળે છે. આ સમયની ચિત્રકળા એ મધ્યકાલીન ચિત્રકળા ઉપર ઘણો પ્રભાવ પાથર્યો છે.

## ૧૧.૨ મધ્યકાલીન ભારતમાં ચિત્રકળા :

દિલ્હી સલ્તનત(ઈ.સ. ૧૨૦૬ થી ૧૫૨૬)ના સમયગાળા દરમિયાન ચિત્રકળા મોટેભાગે રાજાના મહેલો, શયનગૃહો અને મસ્જિદોમાં જોવા મળે છે. તેમાં ફૂલો પાંદડા અને છોડના ચિત્રો મહતમ મળે છે. ઈલ્તુત્મિશ(ઈ.સ.૧૨૧૦થી ૧૨૩૬)ના સમયગાળામાં આપણે ચિત્રકળાની શરૂઆત જોઈએ છીએ. ત્યારબાદ અલાઉદદીન ખિલજીના સમયમાં તેનો વિકાસ જોઈએ છીએ. જે કાપડ પર ચિત્ર કરવાની પદ્ધતિ સુધી વિકસે છે. ફારસી અને અરબી કલાનો પ્રભાવ આ સમયની ભારતીય ચિત્રકળા પર સ્પષ્ટ થાય છે.

આ સમયગાળા દરમિયાન આપણે કેટલીક પ્રાદેશિક ચિત્રકલા શૈલીઓને પણ જોઈએ છીએ. ગ્વાલિયરના રાજા માનસિંગ તોમર જે બાબર અને અકબરથી પ્રભાવિત થયેલા તેમણે ઘણું યોગદાન આ ક્ષેત્રે આપેલું. તેમના રાજમહેલોમાં સુશોભિત ચિત્રકળાના અનેક નમુના પ્રાપ્ત થયા છે. મોટી બાબતને સુક્ષ્મ રીતે દર્શાવવાની ચિત્રકળાની એક મહત્વપૂર્ણ ચળવળ રાજસ્થાન અને ગુજરાતમાં આપણને જોવા મળે છે. જે ધનાઢય જૈન વેપારીઓના પ્રોત્સાહનથી ઉદભવી. મધ્યપ્રદેશના માંડુ, પૂર્વીય ઉતર પ્રદેશના જોનપુર અને બંગાળમાં પણ હસ્તપ્રતોમાં ચિત્રિત કલાના નમુના પ્રાપ્ત થયા છે.

પૂર્વ ભારતમાં બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં પાલ રાજવંશના સમયગાળામાં એટલે કે ૯મી-૧૦મી સદીમાં સુક્ષ્મચિત્રકલાનો આર્વિભાવ થયો. તેમાં બૌધ્ધ, જૈન અને હિંદુ હસ્તપ્રતો પર ચિત્રો કંડારવામાં આવ્યા છે. જે અજંતા કલાશૈલીને મળતા આવ્યા છે. મોટેભાગે ધનાઢય વેપારીની માંગને સંતોષવા આવા ચિત્રો દોરાતા હતા તેમ લાગે છે.

૧૩મી સદીથી તુર્ક સુલતાનોએ ફારસી રાજપદ્ધતિ અને સંસ્કૃતિને મહતમ અપનાવી. જેનો પ્રભાવ માળવા, બંગાળ, દિલ્હી, જોનપુર, ગુજરાત અને દખ્ખણની ચિત્રશૈલીઓમાં પણ જોવા મળે છે. એટલે કે ભારતીય અને ફારસી ચિત્રકલા શૈલીઓનો સમન્વય આપણને અહિંયા જોવા મળે છે. ૧૨મી-૧૩મી સદીમાં જૈન સમુદાયે પશ્ચિમ ભારતમાં ચિત્રકલાના વિકાસમાં ઘણું મોટું યોગદાન આપ્યું. એટલુ જ નહિં પ્રાચીન હસ્તપ્રતો અને ચિત્રોનો સંગ્રહ કરવા ગ્રંથાલયોની રચના પણ તેમણે કરી. આ હસ્તપ્રતો પર તીર્થંકરોના જીવન અને કવન વિશે ચિત્રાત્મક શૈલીથી પ્રચુર માહીતી મળે છે. ચિત્રોને ગ્રંથસ્થ કરવાની શૈલીમાં મુગલ શાસકોએ ખુબ મોટું પ્રદાન કર્યુ. અકબર અને તેના વંશજોએ ચિત્રકળામાં ક્રાંતિકારી પરીવર્તનો કરાવ્યા. જેમાં ભીતચિત્રોનું એક મજબુત સ્વરૂપ આપણને મળે છે. એટલુંજ નહિં વ્યક્તિગત ગ્રંથસ્થ ચિત્રપુસ્તકોએ ભીતચિત્રોનું સ્થાન લીધું. અકબરે કાશ્મીર અને ગુજરાતના ચિત્રકારોને ઘણું પ્રોત્સાહન આપ્યું હતું. તે પહેલા હુમાયુના સમયમાં બે વિખ્યાત ફારસી ચિત્રકારો દરબારમાં કાર્યરત હતા. ચિત્ર અભિલેખોમાં હવે ચિત્રકારનું નામ પણ દર્શાવવામાં આવતું. આ સમયના મહત્વપૂર્ણ ચિત્રકારોમાં અબ્દ-અશ-સમદ, દશાવંત અને બસાવનનો સમાવેશ થાય છે. બાબરનામા અને અકબરનામા જેવા મુગલકાલીન પુસ્તકોના પૃષ્ઠો ઉપર ખૂબ સુંદર ચિત્રો જોવા મળ્યા છે. હવે ચિત્રકળાએ

ફારસી અને ભારતીય કલા શૈલીમાંથી સ્વતંત્ર મુગલકલા શૈલીનું સ્થાન લીધું ઈ.સ.૧૫૬૨થી ઈ.સ.૧૫૭૭ દરમિયાન ૧૪૦૦ જેટલા કાપડ પર થયેલ ચિત્રો મળી આવ્યા છે. જેમાં આ ચિત્રકલા દષ્ટિગોચર થાય છે. આ ચિત્રોને શાહી તોષાખાનામાં સંગ્રહવામાં આવ્યા હતા.

જહાંગીરના સમયમાં મુગલચિત્રકલા ચર્મોત્કર્ષ પર હતી તે પોતે પણ ઉત્કૃષ્ટ ચિત્રકાર અને ચિત્રકલાનો જાણકાર હતો. હવે ચિત્રકારો ભભકતા રંગોનો ઉપયોગ કરવા લાગ્યા જેમ કે, મોરના ગળાનો કલર એટલું જ નહિ ચિત્રોને ત્રિપરિમાણીય અસર પણ આપવા લાગ્યા. મનસુર, બિસનદાસ અને મનોહર જહાંગીરના સમયના મહાન ચિત્રકારો હતા. મનસુરે કલાકાર અબુલ હસનનું ઉત્કૃષ્ટ કક્ષાનું વ્યક્તિગત ચિત્ર બનાવ્યું હતું. તે પક્ષીઓ અને પ્રાણીઓના ચિત્રોમાં સુવિખ્યાત હતો. જોકે શાહજહાં સ્થાપત્યમાં વધુ રુચિ ધરાવતો હતો અને તેનો મોટો પુત્ર દારાસિકોહ ચિત્રકલામાં. તે કુદરતી દ્રવ્યો, ફૂલફોડ અને પ્રાણીઓના ચિત્રોને પ્રાધાન્ય આપતો હતો. જો કે ઔરંગઝેબે ચિત્રકલાને કોઈ પીઠબળ આપ્યું ન હતું. તેને કારણે કલાકારો મુગલ રાજ્યથી દૂર પ્રાદેશિક કક્ષાએ વિસ્તર્યા. પરંતુ તેની મદદથી રાજસ્થાન અને પંજાબની પહાડી ચિત્રશૈલીઓનો વિકાસ થયો. આ ચિત્રશૈલીમાં નાની પૃષ્ઠભુમિ પર સુક્ષ્મચિત્રો તૈયાર થતાં. મહાકાવ્યો, દંતકથાઓ અને પુરાકલ્પનો તેમના કથાનક રહેતા. એ સિવાય ઋતુઓ અને રાગમાળાનો પણ તેમાં સમાવેશ થતો. કાંગડા, કુલુ, બસોલી, ગુલેર, ચંબા, ગઢવાલ, બિલાસપુર અને જમ્મુમાં પણ આવી સુક્ષ્મ ચિત્રકળાનો વિકાસ થયો.

ઈ.સ.ની ૧૫મી ૧૬મી સદીઓમાં ભારતમાં ભકિતઆંદોલન વિકસ્યું. જેની અસર ચિત્રકળા પર પડી.

## ૧૧.૩ આધુનિક ભારતમાં ચિત્રકળા :

૧૮મી સદીના ઉતરાર્ધમાં અને ૧૯મી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં ચિત્રકળા અર્ધપાશ્ચાત્ય તેમજ સ્થાનિક શૈલીમાં હતી. ભારતમાં રહેતા અંગ્રેજો અને પ્રવાસીઓએ આ શૈલી વિકસાવી હતી. તેના કથાનકમાં મોટેભાગે ભારતના સામાજિક જીવન અગત્યના લોકપ્રિય તહેવારો અને મુઘલ સમયના મહેલો, મસ્જિદો અને અન્ય સ્મારકો રહેતા. આ બધી કૃતિઓ પરિષ્કૃત મુઘલ ચિત્રપરંપરાને પ્રતિબિંબીત કરતી હતી. શેખ ઝિયાઉદદીને લેડી ઈમ્પે માટે કરેલ પક્ષી અધ્યયનના ચિત્રો અને ગુલામઅલીખાને વિલીયમ ફ્રેઝર અને કર્નલ સ્કિનર માટે કરેલ વ્યક્તિગત ચિત્રો આ સમયના ઉત્કૃષ્ટ ચિત્રકળાના ઉદાહરણો છે.

૧૯મી સદીના અંત ભાગમાં યુરોપીયન કલા શૈલીના નમુના પર ભારતમાં કલકતા, મુંબઈ અને મદ્રાસ જેવા શહેરોમાં કલા શાળાઓની સ્થાપના થઈ. ત્રાવણકોરના મહાન ચિત્રકાર રાજા રવિ વર્માના ભારતીય પૌરાણિક અને સામાજિક વિષયના તૈલચિત્રો આ સમયે ખૂબ લોકપ્રિય બન્યા હતા.

રવીન્દ્રનાથ ટાગોર, અવનીન્દ્રનાથ ટાગોર, ઈ.બી.હેવેલ અને આનંદ કેહતીશ કુમારસ્વામીએ

આ સમયની ભારતીય ચિત્રકલામાં ખાસ કરીને બંગાળી ચિત્રશાળાના વિકાસમાં અગત્યનું પ્રદાન કર્યુ. રવિન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનમાં કલા ભવનનું નિર્માણ કરી બંગાળી શૈલીને વિકસિત કરી. નંદલાલ બોઝ, વિનોદવિહારી મુકરજી, અને રામકિંકર બેઈઝ જેવા પ્રતિભાવંત ચિત્રકારોએ અહીથી પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. નંદલાલ બોઝને ભારતીય લોકકલા અને જાપાની ચિત્રકલામાંથી પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. જ્યારે વિનોદવિહારી મુકરજી પ્રાચ્ય પરંપરાઓને પોતાના ચિત્રોમાં સ્થાન આપતા. જૈમીની રોય આ સમયના એક અન્ય મહાન ચિત્રકાર હતા. જેમણે પોતાના ચિત્રોમાં ઓરિસ્સાની પાટા ચિત્રશૈલી અને બંગાળની કાલિઘાટ ચિત્રશૈલીનો ઉપયોગ કર્યો હતો. શીખ પિતા અને હંગેરીયન માતાની પુત્રી અમૃતા શેરગીલ પણ આ સમયના મહાન ચિત્રકાર ગણાવી શકાય. અસાધારણ પ્રતિભા ધરાવતા શેરગીલે પેરીસ અને બુઢાપેસ્ટમાં શિક્ષણ મેળવ્યું હતું. ભારતીય વિષયોને લઈને તેજસ્વી રંગોના ઉપયોગથી તેમણે અનેક ચિત્રો તૈયાર કર્યા હતા. ખાસ કરીને ભારતીય મહિલાઓ અને ખેડૂતો તેમના ચિત્રોમાં ખૂબ જોવા મળે છે. બદનસીબે ખુબ નાની ઉંમરમાં તેઓ મૃત્યુ પામ્યા તેમ છતાં તેમણે ભારતીય ચિત્રકલાને એક સમુધ્ધ વારસો આપ્યો.

ભારતમાં ક્રમશઃ મધ્યમવર્ગનો ઉદય અને વિકાસ થયો. એટલુ જ નહિં પણ તેમની વિચારસણીમાં પણ અનેક ફેરફારો થયા. જે કલાકારોની અભિવ્યક્તિમાં પણ પ્રતિબિંબીત થવા લાગ્યા. બ્રિટીશ શાસનની કુરુપતા, રાષ્ટ્રવાદનો ઉદય અને રાષ્ટ્રીય અસ્મિતા જેવા વિષયો હવે ભારતીય ચિત્રકળાના કથાનકો બન્યા.

ઈ.સ. ૧૯૪૩માં બીજા વિશ્વયુધ્ધના સમયગાળામાં કલકતાના ચિત્રકારોનું નેતૃત્વ પરિતોષ સેન, નિરોદ મજમુદાર અને પ્રદોષ દાસગુપ્તાએ લીધું. આ જુથે પોતાની કલામાં ભારતીય પ્રજાની દશાને નવીન તકનિકની મદદથી રજુ કરી.

એક અન્ય મહત્વપુર્ણ બદલાવ હતો. મુંબઈમાં ૧૯૪૮માં ફ્રાંસીસ ન્યુટન સુઝાના નેતૃત્વમાં થયેલ પ્રગતિશીલ કલાકાર સંઘની સ્થાપના. આ કલાકાર જુથમાં એસ. એચ. રજા, એમ. એફ. હુસેન, કે. એમ. આરા, એસ. કે. બાકરે અને એચ. એ. ગોડે સંકળાયેલ હતા. તેમણે બંગાળ સ્કૂલ ઓફ આર્ટથી અલગ થઈ સ્વતંત્ર ભારતની મજબુત આધુનિક કલાશૈલી પ્રસ્તુત કરી.

ઈ.સ. ૧૯૭૦ના દાયકામાં કલાકારો પોતાની અસપાસના વાતાવરણનું આલોચનાત્મક સર્વેક્ષણ કરવા લાગ્યા. ગરીબી, ભ્રષ્ટાચાર, અનૈતિક રાજનીતિ, સ્ફોટક સાંપ્રદાયિક તનાવ અને શહેરી સમસ્યાઓ તેમની કલાના નવીન વિષયો બન્યા.

ભારતીય ચિત્રકલાઃ સ્વાતંત્રોતર ભારતમાં દેવી પ્રસાદ રોયચૌધરી અને કે. સી. એસ. પાણીકરના નેતૃત્વ નીચે મદ્રાસ સ્કૂલ ઓફ આર્ટની રચના થઈ. જેણે કલાકારોની નવીન પેઢી ઉદઘાટીત કરી.

અન્ય કેટલાક આધુનિક કલાકારોએ પોતાની વિશિષ્ટ ઓળખ ઉભી કરી હતી. જેમાં તૈયબ મહેતા, સતીશ ગુજરાલ, ક્રિશન ખન્ના, મનજીત બાવા, કે. જી. સુબ્રમણ્યન, રામકુમારી, એન્જોલી ઈલા મેનન,

અકબર પદમશી, જતીન દાસ, જહાંગીર શબાવાલા અને એ. રામચંદ્રનનો સમાવેશ થાય છે.

ભારતમાં કલા અને સંગીતના વિકાસ માટે બે સરકારી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. તેમાંની નેશનલ ગેલેરી ઓફ મોડર્ન આર્ટ મહત્વપૂર્ણ છે. જેમાં આધુનિક ભારતીય ચિત્રકળાનો વિશાળ સંગ્રહ છે. બીજી સંસ્થા લલિતકલા એકેડેમી તરીકે ઓળખાય છે. જે તમામ ક્ષેત્રના કલાકારોને માન્યતા અને સંરક્ષણ આપે છે.

## પાઠગત પ્રશ્નો ૧૧.૧

નીચેના પ્રશ્નોના જવાબો આપો.

૧. મધ્યપ્રદેશમાં આવેલ કયુ સ્થળ ભારતીય પ્રાચીન ચિત્રકલાનો નમુનો દર્શાવે છે.

..........................................................................

૨. પ્રાચીન ભારતના હિંદુ અને બૌધ્ધ સાહિત્યમાં કયા ત્રણ પ્રકારની ચિત્રકળા જોવા મળે છે.

..........................................................................

૩. સામાન્ય રીતે ધુળીચિત્ર કયા કરવામાં આવે છે.

..........................................................................

૪. અજંતાની ગુફાચિત્ર કળાનું કથાનક કયું છે.

..........................................................................

૫. કોઈપણ બે સ્થળોના નામ આપો જ્યાં ૬ઠ્ઠીથી ૯મી સદી દરમિયાન બૌધ્ધ ચિત્રકળા જોવા મળે છે.

..........................................................................

૬. સુક્ષ્મ ચિત્રકલા એટલે શું ?

..........................................................................

૭. મધ્યકાલીન સમયમાં કયા રાજવંશોએ ચિત્રકળાને પ્રોત્સાહન આપ્યું.


..........................................................................

૮. શહેરી અંગ્રેજી શિક્ષિત કલાકારોની ચિત્રકલામાં કયા કથાનક જોવા મળે છે.

..........................................................................

૯. ભારતમાં કલા અને સંગીતના ક્ષેત્રે કામ કરતી બે સરકારી સંસ્થાઓના નામ આપો.

..........................................................................



૧૦. પટ્ટા પેઈન્ટીગ માટે કયુ રાજય જાણીતું છે.

........................................................................

૧૧. રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનમાં સ્થાપેલ ચિત્રશાળાનું નામ આપો.

........................................................................

૧૨. ત્રાવણકોરના રાજા રવીવર્મા શા માટે વિખ્યાત છે.

........................................................................

## ૧૧.૪ સુશોભનાત્મક કળાઃ

ભારતીય પ્રજાની કળાત્મક અભિવ્યકિત માત્ર કાપડ, કેનવાસ કે કાગળ પર ચિત્રો બનાવવા પુરતી મર્યાદિત નથી. ભારતીય ગામડાઓમાં પણ ઘરની ભીતો પર સામાન્યપણે ચિત્રકામ કરી ભીત સુશોભન કરવાનું કાર્ય મોટા પ્રમાણમાં જોવા મળે છે. ખાસ કરીને તહેવારોના સમયે ભોંયતળિયા પર રંગોળી અથવા સુશોભન ચિત્રકામ કરવામાં આવે છે. પુજાના પ્રસંગોએ પણ આવું જ સુશોભન કરવામાં આવે છે અને આ પરંપરા પેઢી દર પેઢી આગળ ચાલતી જાય છે. આ સુશોભનાત્મક કળાને ઉતર ભારતમાં રંગોલી, બંગાળમાં અલ્પાના, ઉતરાંચલમાં ઐપન, કર્ણાટકમાં રંગાવલી, તામિલનાડુમાં કલ્લામ અને મધ્યપ્રદેશમાં મંડાના તરીકે ઓળખવામાં અવો છે. મોટે ભાગે ચોખાનો પાવડર આ પ્રકારના ચિત્રકામ માટે વપરાય છે. તો સાથે સાથે રંગીન પાવડર અને ફુલની પાંખડીઓનો પણ તેમાં ઉપયોગ થાય છે.

ઘર અને ઝૂંપડીઓની દિવાલોને શણગારવાની પ્રાચીન પરંપરા પણ અહી જોવા મળે છે. તેમાંની કેટલીક પરંપરાઓને આપણે જાણવાનો પ્રયત્ન કરીએ.

## ૧૧.૫ મિથિલા ચિત્રશૈલી :

મધુબની લોકકળા તરીકે જાણીતી મિથિલા ચિત્રકલા બિહારના મિથિલા પ્રદેશની છે. આ ચિત્રો ગ્રામીણ સ્ત્રીઓ માટીના રંગોથી તૈયાર કરે છે અને છેલ્લે કાળા રંગથી તેનું રેખાંકન કરે છે. આ ચિત્રોના કથાનકમાં મુખ્યત્વે સીતાનો ત્યાગ, રામલક્ષ્મણનો વનવાસ તથા પ્રાચીન મહાકાવ્યોની બાબતો સંકળાયેલી છે. સાથે સાથે લક્ષ્મી, ગણેશ, હનુમાન અને હિંદુ પુરાણ કથાનકોની બાબતો જોવા મળે છે. આ ચિત્રકળા સાંકેતિક હોય છે. જેમાં ચિત્રકાર મહિલા તેના વિચારોને ચિત્રરૂપે મૂર્ત કરે છે. સૂર્ય, ચંદ્ર, તુલસીના ચિત્રો પણ આપણને આ ચિત્રશૈલીમાં મળી આવે છે. તો સાથે સાથે લગ્ન, સામાજિક મેળવડાઓ પણ તેમાં દેખાય છે. આ ચિત્રોમાં ઋતુઓ પ્રમાણે ઉજવાતા તહેવારો અને ગ્રામીણ જીવનચક્ર સુપેરે સ્પષ્ટ થાય છે. વનસ્પતિ, પ્રાણીઓ, પક્ષીઓ પણ તેમાં દેખાય છે. કેટલાક ખાસ કિસ્સામાં એક વિશિષ્ટ આચરણ તરીકે માતાઓ પોતાની પુત્રીને લગ્નની ભેટ આપવા માટે આવી કળાકૃતિઓ લગ્ન પૂર્વે જ

તૈયાર કરતી હોય છે. જેનો ઉદેશ સુખી દાંમ્પત્ય જીવન માટેનો બોધ પણ છે. આ ચિત્રોના વિષયો અને રંગોના ઉપયોગમાં પણ સામાજિક વૈવિધ્ય જોવા મળે છે. આ ચિત્રો કઈ જાતિએ બનાવેલા છે. તે તેના રંગો પરથી જ સ્પષ્ટ થઈ શકે છે. સમૃધ્ધ કે ઉચ્ચ વર્ગના લોકોના ચિત્રો રંગીન જણાયા છે. જ્યારે નિમ્ન વર્ગના લોકોના ચિત્રોમાં સાદી લાલ અને કાળી રેખાઓનો ઉપયોગ થયો છે.

વર્તમાન સમયમાં મધુબની ચિત્રકળાનો ઉપયોગ મોટે ભાગે અભિનંદનના કાર્ડમાં અને ભેટ આપવા માટેની વસ્તુઓ તરીકે થાય છે. તે સ્થાનિક ગ્રામ્ય મહિલાઓ માટે આવકનું સાધન પણ બની રહે છે.

## ૧૧.૬ કલમકારી ચિત્રકળા :

કલમકારી નો અર્થ થાય છે કલમ દ્વારા તૈયાર થતા ચિત્રો. આ પણ એક પેઢી બીજી પેઢીને વારસામાં આપતી મહત્વપૂર્ણ ચિત્રશૈલી છે. જે આંધ્રપ્રદેશ સાથે સંકળાયેલી છે. મોટેભાગે તે હસ્તચિત્રકલા અને બ્લોક ચિત્રકલા જે શાકભાજીના રંગો દ્વારા કપડા પર છાપ પાડીને દોરવામાં આવે છે તેનો નમૂનો છે. આ ચિત્રકળાનું બહું જ જાણીતું સ્થળ શ્રીકલહસ્તીને ગણાવી શકાય. મસુલીપટ્ટનમ પણ એવું જ બીજું અગત્યનું સ્થળ છે. મોટેભાગે આ કળા મંદિરોના ગર્ભગૃહને કપડાનાં પટ્ટાથી શણગારવા ઉપયોગમાં લેવામાં આવતી જે ઈ.સ.ની ૧૫મી સદીમાં વિજયનગર સામ્રાજયના આશ્રય નીચે ખૂબ વિકસી તેના કથાનકમાં રામાયણ, મહાભારત અને પુરાણોની કથાઓનો સમાવેશ થાય છે. આ શૈલીમાં પ્રથમ ચિત્રનો વિષય નક્કી કરવામાં આવે છે. અને પછી તેના દૃશ્યોને ચિત્રિત કરવામાં આવતાં. તમામ દૃશ્યોને વૃક્ષ, પાન, વેલ વગેરેની બોર્ડરથી શણગારવામાં આવતાં. ટકાઉ અને નરમ કાપડ પર આ ચિત્રો તૈયાર કરવામાં આવતા. કલમકારી ચિત્રકામની વેપારી ક્ષેત્રમાં ખૂબ મોટી માંગ છે.

### ઓરિસ્સા પટ્ટચિત્ર :

કાલિઘાટ પટ્ટચિત્રોને સમાંતર ઓરિસ્સામાં પણ આ પ્રકારના ચિત્રોની એક વિશિષ્ટ શૈલી જોવા મળી છે. જે કાપડ પર રંગીન કલરોથી હિંદુ દેવી દેવતાઓના ચિત્રો સાથે સંકળાયેલ છે.

### ફાડ ચિત્રકલા :

રાજસ્થાનની લોકકલાને ઉજાગર કરતી આ વિશિષ્ટ ચિત્રશૈલી છે. જેમાં પરંપરાગત લોકગાયકો પોતાની કથાને આ ચિત્રોના માધ્યમથી સમજાવે છે. આ ચિત્રો કાગળની ગળી વાળીને તૈયાર કરવામાં આવે છે. જે રાજસ્થાનના ભીલવારા જિલ્લામાં વિખ્યાત થઈ છે. તેમાં ખેડૂતની રોજબરોજની જીંદગી, ગ્રામ્ય જીવન, પ્રાણીઓ અને પક્ષીઓ વનસ્પતિ સૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ અને લોકનાયકોનો કથાનક તરીકે ઉપયોગ થયો છે. તેજસ્વી કલરના ઉપયોગથી આ ચિત્રો તૈયાર કરવામાં આવે છે. જેની બાહ્યરેખા કાળા કલરથી તૈયાર કરાય છે અને બાદ તેમાં રંગો પુરવામાં આવે છે. દંતકથાઓ તેનું મુખ્ય કથાનક છે. રાજા મહારાજાઓ પણ તેના કથાનકમાં જોવા મળે છે. દ્વિપરીમાણીય દૃશ્ય રચના અને ઘાટા રેખાંકનો એ તેનું અજોડ પાસુ છે.

આ કળાશૈલી ૭૦૦ વર્ષો જેટલી જુની છે. મુળતઃ રાજસ્થાનના ભિલવારાથી ૩૫ કિ.મી. દૂર આવેલ શાહપુરા આ કલાશૈલીનું જન્મસ્થાન છે. રાજા રજવાડાઓએ તેને વિકસવા ઘણું પ્રોત્સાહન આપ્યુ હતું.

ગોંડ કલાઃ એક અત્યંત વિકસિત અને ગૂઢ ચિત્રશૈલીનો આવિસ્કાર ભારતમાં સાંથાલ જનજાતિએ કર્યો છે. જે ગોંડ આર્ટ તરીકે ઓળખાય છે. આ જનજાતિ ગોદાવરી નદીના વિસ્તારમાં નિવાસ કરે છે. તેણે આકૃતિમય ચિત્રો બનાવ્યા છે.

**બાટીક કલા :**

બધી જ લોકશૈલીઓ અને તેની તકનિક માત્ર ભારતીય ન હોતા આયાત થયેલી પણ છે. જેમાંની એક શૈલી છે. બાટીક પ્રિન્ટ, જોકે અત્યારે તેનુ ભારતીયકરણ થઈ ગયું છે તે અત્યંત જાણીતું અને ખર્ચાળ કલાશૈલીનું સ્વરૂપ છે.

## ૧૧.૨ પાઠગત પ્રશ્નો

૧. આપેલ સુશોભનાત્મક કલાશૈલીને તેના રાજય સાથે સરખાવો.

| ક | ખ |
|---|---|
| રંગોળી | તામિલનાડુ |
| અલ્પના | મધ્યપ્રદેશ |
| ઐપન | ઉત્તર ભારત |
| રંગાવલી | બંગાળ |
| કોલ્લમ | ઉતરાંચલ |
| મંડાના | કર્ણાટક |

૨. કઈ ચિત્રશૈલીમાં યુવા પુત્રીઓને ભેટમાં ચિત્રો આપવામાં આવતાં.

...........................................................................

૩. કલમકારી કાર્ય કેવી રીતે થાય છે.

...........................................................................

૪. કલમકારી ચિત્રશૈલીની મુખ્ય બાબત કઈ છે.

...........................................................................

૫. કલમકારી કલાશૈલીનું સૌથી વિખ્યાત સ્થળ જણાવો.

.......................................................................

## ૧૧.૭ વાર્લી ચિત્રકળા :

આ ચિત્રશૈલી મહારાષ્ટ્રની જનજાતિઓ સાથે સંકળાયેલી છે. જે ગોંડ અને કોલ જનજાતિઓના ઘરોની દિવાલો અને પુજાના સ્થળોને સુશોભિત કરવા તૈયાર કરવામાં આવતી. વૃક્ષો, પક્ષીઓ, પુરૂષો અને સ્ત્રીઓ એ બધાં જ તેના કથાનકમાં આવરી લેતા વિષયો છે. મોટેભાગે તે સ્ત્રીઓ દ્વારા ખાસ ધાર્મિક કે અન્ય પ્રસંગોએ દોરવામાં આવતાં સાદા સફેદ કલર અને ચોખાની લુગદી તથા સ્થાનિક શાકભાજી, ગુંદરનો તેમાં ઉપયોગ કરવામાં આવતો. મોટે ભાગે ભૌમિતિક આકારો જેવા કે ચોરસ, ત્રિકોણ અને ગોળ પૃષ્ઠભૂમિમાં રહેતા. બિંદુઓ અને તૂટક રેખાઓનો પણ તેમાં ઉપયોગ થતો. વનસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ તથા લોકોના દૈનિક જીવનને આ કલાશૈલીમાં સ્થાન મળ્યું છે. એક પછી એક વિષય જોડીને આ ચિત્રોને વિસ્તૃત કરવામાં આવતા. જીવનને સુંદર રીતે ઝીલી સાદા ચિત્રોમાં વ્યકત કરતી આ આકર્ષક શૈલી છે. અન્ય ચિત્રશૈલીઓ કરતાં તે વધુ બિનસાંપ્રદાયિક કલાશૈલી છે.

## ૧૧.૮ કાલીઘાટ ચિત્રકળા :

કલકતાના કાલિઘાટ વિસ્તાર પરથી આ ચિત્રકલા ઉતરી આવી છે. કાલિઘાટ કલકતાના મહાકાલી મંદિરની પાસે આવેલ બજાર છે. બંગાળના ગ્રામીણ ક્ષેત્રોમાંથી આવતા પટુઆ કલાકારોએ દેવીદેવતાઓ અને દેવીદેવતાઓના ચિત્રો અને છબી બનાવવાના વ્યવસાય સાથે ૧૯મી સદીમાં કાલીઘાટમાં વસવાટ કર્યો. કાગળ પર પાણી મિશ્રિત રંગોથી બનેલા ચિત્રોની ચારે બાજુ સ્પષ્ટ અને સુરેખ રેખાંકન કરી તેજસ્વી રંગોનો ઉપયોગ કરવામાં આવતો. આ રંગો તેની પૃષ્ઠભૂમિને ઉઠાવ આપવામાં મદદ કરતા. કાલીમાતા લક્ષ્મી, કૃષ્ણ, ગણેશ, શીવ અને અન્ય દેવીદેવતાઓના ચિત્રો તૈયાર કરવામાં આવતાં. આ કલાશૈલીનું એક અદ્વિતીય પાસુ એ હતું કે તેમાં બંગાળના સામાજિક જીવનને લગતા પ્રસંગોને અસરકારક રીતે રજૂ કરવામાં આવતું આ પ્રકારની પાટા ચિત્રશૈલી ઓરીસ્સામાં જોવા મળે છે. ૧૯મી સદીના સાંસ્થાનિક બંગાળને કાલીઘાટ ચિત્રશૈલીએ આબેહૂબ ઉતાર્યુ છે.

વિસકતા બજારે કલાકારોએ સમકાલીન વૈશ્વિક, સામાજિક ઘટનાઓને પણ તેમના ચિત્રોમાં સ્થાન આપ્યું. ફોટોગ્રાફી પાશ્ચાત્ય સિનેમાગૃહ અને નાટયગૃહોએ બંગાળમાં બાબુ સંસ્કૃતિ ઉભી કરી. આ વિભિન્ન બાબતો આ ચિત્રશૈલીમાં જોવા મળે છે. બંગાળી સાહિત્ય, સિનેમા અને દશ્યકળાઓના આ સમયગાળામાં આવતા પરીવર્તનોને આ ચિત્રશૈલીએ ઝિલ્યા છે. કાલિઘાટ ચિત્રકળા એ તત્કાલીન બંગાળી સંસ્કૃતિનું દર્પણ કહી શકાય. હિંદુ દેવીદેવતાઓ, ભવનો, અભિનેતાઓ, અભિનેત્રીઓ, બાબુઓ અને તેમની રહેણીકરણી તેમના કેશગુંફનની કલાઓ, તેમની વસ્ત્રકલાઓ, પાઈપ પીવાની પદ્ધતિ અને સિતાર વગાડવાની બાબતોને આ કલાશૈલીએ સુપેરે બતાવી છે. આ કલાશૈલી બંગાળથી આવતી પ્રથમ કક્ષાની ગણાવી શકાય.

**ભારતીય હસ્તકળા :**

ભારત એક અત્યંત ઉત્કૃષ્ટ કોટીની હસ્તકલા કારીગરીનો વિશાળ ભંડાર છે. રોજિંદા જીવનના સામાન્ય પદાર્થોને બારીક કલાથી સુશોભિત કરવામાં આવે છે. આ ભારતીય કલાકારોની સર્જનાત્મક અભિવ્યક્તિ છે. ભારતનું દરેક રાજ્ય આવા અસાધારણ કલાસર્જનનું ગૌરવ લઈ શકે તેમ છે. દરેક પ્રદેશની ખાસ કારીગરી તે પ્રદેશની ઓળખ બને છે. ઉદા. તરીકે કાશ્મીર તેની ગુંથણભરત કરેલી શોલ, ગાલીચા, નામદાર રેશમ, શેતરંજીઓ અને અખરોટના લાકડાના ફર્નિચર માટે પ્રખ્યાત છે. રાજસ્થાન તેની બાંધણી અને રંગીન કાપડ ઝવેરાત, મૂલ્યવાન પથ્થર (નંગ), અને રત્નો, આસમાની રંગના ચિનાઈ માટીના વાસણો અને મીનાકારી માટે પ્રખ્યાત છે. આંધ્રપ્રદેશ બિદ્રીકામ અને પોચમપલ્લી સાડીઓ માટે તો તામિલનાડુ તેના કાંસ્ય શિલ્પ અને કાંજીવરમ રેશમ સાડીઓ માટે ખ્યાત છે. મૈસુર રેશમ અને સુખડની વસ્તુઓ માટે જાણીતુ છે. તથા કેરાલા હાથીદાંતની કોતરણી અને સિસમના ફર્નિચર માટે પ્રખ્યાત છે. મધ્યપ્રદેશના ચંદેરી અને કોશા તેના સિલ્ક માટે તો લખનૌ ચિકનકામ માટે, બનારસ જરી અને રેશમી સાડીઓ માટે આસામ નેતરના ફર્નિચર માટે અને બાંકુરા માટીના સ્થાપત્ય માટે તો બંગાળ હાથવણાટના કપડા માટે વિખ્યાત છે. આ તમામ કલાઓ ભારતની વિરલ સુશોભન કલાના કેટલાક ઉદા. છે. જે આધુનિક ભારતનો વારસો છે. આ કળાને હજારો વર્ષો સુધી પ્રોત્સાહન મળ્યુ છે અને તેણે અનેક કારીગરોને રોજગારી આપી છે. જેઓ આ કળાને તેમની પછીની પેઢી સુધી પહોંચાડતા આવ્યા છે. આમ તમે જોઈ શકશો કે કેવી રીતે ભારતીય કારીગરો પોતાના જાદુઈ સ્પર્શથી ધાતુ, લાકડા કે હાથીદાંતના ટુકડાને કળાના નમુનામાં પરીવર્તિત કરી શકે છે.

**૧૧.૩ પાઠગત પ્રશ્નો**

૧. વાર્લી ચિત્રશૈલી કયા મળી આવી છે ?

........................................................................

૨. વાર્લી ચિત્રકલા સાથે કઈ જનજાતિઓ જોડાયેલ છે ?

........................................................................

૩. વાર્લી ચિત્રકલાની વિશિષ્ટતા જણાવો.

........................................................................

૪. કાશ્મીર પોતાની કઈ કલા અને હસ્તકારીગરી માટે અજોડ છે ?

........................................................................

## તમે શું શીખ્યા ?

- પ્રાગૈતિહાસિક કાળથી લઈને મળતા ભારતીય ચિત્રકલાની સર્જન પ્રક્રિયા.
- વિભિન્ન પ્રકારની ચિત્રશૈલીઓ અને તેની પ્રૌદ્યોગિકી જે હિંદુ અને બૌધ્ધ સાહિત્યમાં જોવા મળે છે.
- પશ્ચિમ દખ્ખણની ખડકોમાં કોતરેલ અજંતાની બૌધ્ધ ગુફાઓ અને તેના ભીતચિત્રો.
- મુગલ શાસકોએ ભારતીય ચિત્રકલાનું ફારસી ચિત્રકલા સાથે સંમિશ્રણ કરીને ચિત્રકળામાં એક નવા યુગની શરૂઆત કરી.
- ભારતીય ચિત્રકલાને સમૃધ્ધ બનાવવા રાજસ્થાની અને પહાડી ચિત્રકળાનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.
- ૧૮મી સદીના ઉતરાર્ધ અને ૧૯મી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં થયેલ અર્ધપાશ્ચાત્ય સ્થાનિક ચિત્રકલાની શરુઆત જેના વિષયો મોટે ભાગે ભારતીય હતા.
- આધુનિક ભારતમાં કલકતા, મુંબઈ અને મદ્રાસ જેવા ભારતના મુખ્ય નગરોમાં યુરોપીયન શૈલીના કલાવિદ્યાલયોની સ્થાપના અને બંગાળ સ્કૂલ ઓફ આર્ટનો જન્મ ભારતીય ચિત્રકલાના સીમાચિહનરૂપ હતા.
- ફ્રાન્સીસ ન્યુટન સુઝા, એસ. એચ. રજા, એમ. એફ. હુસેન જેવા પ્રગતિશીલ કલાકારોએ સ્વતંત્ર ભારતની સશકત ચિત્રશૈલીની શરુઆત કરવા બંગાળ સ્કૂલ ઓફ આર્ટથી છુટા પડી અલગ જુથ ઉભું કર્યુ.
- મિથિલા ચિત્રકલા, કલમકારી ચિત્રકલા, વાર્લી ચિત્રકલા અને કાલીઘાટ ચિત્રકલા જેવા વિવિધ લોકકલાના સ્વરૂપોએ ભારતીય ચિત્રકળાને નવીન ક્ષિતિજે પહોંચાડી તેમાં નવા પરિમાણોનો સમાવેશ કર્યો.

## પાઠાંત પ્રશ્નો :

૧. મધ્યકાલીન ભારતમાં ચિત્રકળાના વિકાસ સંદર્ભે એક પરિચ્છેદ તૈયાર કરો.

૨. મધુબની કલાશૈલીનું સ્વરૂપ દર્શાવો અને તેમાં કેવી રીતે વિચારાત્મક બાબતોને ચિત્રમાં મૂર્ત સ્વરૂપ આપવામાં આવતું તે દર્શાવો.

૩. કલમકારી ચિત્રકલા અને મિથિલા ચિત્રકલા વચ્ચે શું તફાવત છે ?

૪. કાલીઘાટ ચિત્રકલામાં જોવા મળતી બંગાળી સંસ્કૃતિ વિશે ચર્ચા કરો.

૫. સમજાવો કે ભારતીય હસ્તકારીગરો તેમના જાદુઈ સ્પર્શથી ધાતુ, લાકડા અને હાથીદાંતને કલાના નમુનામાં ફેરવી નાંખે છે.

૬. મુઘલોનું ભારતીય ચિત્રકલામાં પ્રદાન સ્પષ્ટ કરો.

૭. નીચે આપેલ વિષયો પર ટૂંકનોંધ તૈયાર કરો.

(૧) કલમકારી ચિત્રકલા

(૨) પહાડી ચિત્રકલા

(૩) કાલીઘાટ ચિત્રકલા

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો ૧૧.૧

૧. ભીમબેતકા

૨. લીપીચિત્ર, લેખાચિત્ર અને ધૂળીચિત્ર

૩. ભોંયતળિયા પર કરવામાં આવતાં

૪. તેનું કથાનક જાતકકથાઓ અને બૌધ્ધધર્મ પર આધારીત હતું.

૫. ઉત્તરમાં બાઘની ગુફાઓ અને દક્ષિણમાં બાદામી(કર્ણાટક)

૬. તે નાની પૃષ્ઠભૂમિ પર ભારતીય મહાકાવ્યો, પુરાણો, દંતકથાઓ, ઋતુઓ અને રાગમાલાના વિષયો ઉપર રચાતા.

૭. ઔરંગઝેબ

૮. (અ) બ્રિટીશ શાસનનું દુષ્ટ સ્વરૂપ

(બ) રાષ્ટ્રવાદ

(ક) રાષ્ટ્રીય અસ્મિતા

૯. (અ) ધ નેશનલ ગેલેરી ઓફ મોડર્ન આર્ટ

(બ) લલિતકલા અકાદમી

૧૦. ઓરીસ્સા

૧૧. કલાભવન

૧૨. આધુનિક ભારતમાં પુરાણકથાઓ અને સામાજિક કથાઓનું ઓઈલ પેઈન્ટિંગના માધ્યમથી થયેલ ચિત્રણ ખુબ પ્રખ્યાત છે.

**૧૧.૨**

૧. રંગોલી ઉતર ભારત

અલ્પના બંગાળ

ઐપાન ઉતરાંચલ

રંગાવલી કર્ણાટક

કોયલમ તામિલનાડુ

મેન્ડાના મધ્યપ્રદેશ

૨. મિથિલા ચિત્રકલા

૩. તેમાં શાકભાજીની ડાઈનો ઉપયોગ થાય છે.

૪. તે હિંદુ ધર્મની પુરાણકથાઓની સાથે સંકળાયેલ ચિત્રકલા છે. જે ભોંયતળિયાને સુશોભિત કરવાની પદ્ધતિ છે.

૫. શ્રીકલહસ્તિ

**૧૧.૩**

૧. મહારાષ્ટ્ર

૨. ગોંડ અને કોલ જનજાતિઓ

૩. તે ભૌમિતિક આકારોને લઈને એક પછી એક વિષયોને સાંકળતી કલા છે.

૪. ભરત ભરેલી શાલ, શેતરંજીઓ, નામદાર રેશમ અને અખરોટના લાકડામાંથી બનાવેલું ફર્નિચર

# ૧૨

# ભારતીય રંગભૂમિ કૌશલ્ય કલાઓઃ સંગીત, નૃત્ય અને નાટક (ભારતીય પ્રસ્તુતિ - રંગભૂમિ કૌશલ્ય કળાઓ)

સંગીત, નૃત્ય અને નાટક જેવી રંગભૂમિ કૌશલ્ય કળાઓ પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગ રહ્યા છે. ઢોલ વગાડનારને જોઈને આહનો ઉદગાર સ્વાભાવિક થઈ જાય છે. તો પ્રતિ વર્ષ ૧૩ મી જાન્યુઆરીએ ઉજવાતા લોહરી ઉત્સવ વિશે પણ આવો જ ભાવ જન્મે છે.ભાંગરા અને ગીદ્દા જેવા પંજાબના લોકનૃત્યો સાથે તે સંકળાયેલ છે. આ ગીતો અને નૃત્યો આપવા જીવન સાથે સંકળાયેલા છે. જે આપણા સામાજિક ધાર્મિક રીત-રીવાજોનું પ્રતિનિધિત્વ કરે છે. કોઈ પણ શાળાનો કાર્યક્રમ તેના વિના પૂર્ણ થતો નથી. સમૃધ્ધિ અને ફળદ્રુપતાની સાથે કૃષિ સંસ્કૃતિને ઉદઘાટીત કરતું આ તત્વ જીવન ઉત્સવ છે. જો સમગ્ર રાષ્ટ્રના આવા ઉત્સવોની ચર્ચા કરીએ તો આપણે જોઈ શકીશું કે ભારતમાં તેનું પૂર્ણ વિરામ શકય નથી.

ભારત સંસ્કૃતિ અને વારસો ધરાવતી સમૃધ્ધ ધરા છે. છેક સંસ્કૃતિ અને સભ્યતાની શરૂઆતથી સંગીત, નૃત્ય અને નાટક આપણી સાથે જોડાયેલા રહ્યા છે. પ્રારંભમાં આ કળાઓ ધાર્મિક અને સામાજિક વિચારોના પ્રસાર માટે ઉપયોગમાં લેવાતી તેના દ્વારા ભારતીય ચિંતકો, ઉપદેશકો, ધર્મગુરુઓ, જનતા સુધી પહોંચતા વૈદિક કાળથી લઈને મધ્યકાલીન સમય સુધીના ભારતમાં તે લોક શિક્ષણનું ભવ્ય માધ્યમ બની રહ્યા. વર્તમાનકાળમાં પણ આનંદના માધ્યમ તરીકે આખુ વિશ્વ તેની સાથે જોડાયેલુ છે.

## હેતુઓ :

આ પ્રકરણ તૈયાર કર્યા બાદ તમે

- ભારતીય કલાઓના ઉદ્દેશો અને વિભિન્ન તબક્કા પ્રમાણે થયેલો તેનો વિકાસ સમજાવી શકશો.
- પ્રાચીન કાળથી લઈને મધ્યકાળ દરમિયાન થયેલી આ ક્ષેત્રે પ્રવૃત્તિઓનું વર્ણન કરી શકશો.
- ભક્તિ અને સુફી સંતોનું સંગીતના ક્ષેત્રે યોગદાન જાણી શકશો.
- હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને કર્ણાટકી સંગીતને મૂલવી શકશો.
- ભારતીય સંસ્કૃતિમાં શાસ્ત્રીય નૃત્યો, લોકસંગીત અને લોકનૃત્યોના યોગદાનનું મૂલ્યાંકન કરી શકશો.
- ભારતમાં વિભિન્ન તબક્કે થયેલા નાટકોના વિકાસને જાણી અને રંગભૂમિનું પ્રદાન સમજી શકશો. માનવીય વ્યક્તિત્વના વિકાસ માટે આ ત્રણેય કળાઓ કઈ રીતે કાર્ય કરે છે તે સમજી શકશો. અને
- વર્તમાન પરિપ્રેક્ષ્યમાં સંગીત, નૃત્ય અને નાટકનું વિશ્લેષણ કરી શકીશું.

## ૧૨.૧ ભારતીય અભિનય કળાનો ખ્યાલ :

કલા શું છે ? 'કલા એટલે માનવ મનના સૌંદર્યલક્ષી લક્ષણોની અભિવ્યક્તિ' આ લક્ષણોમાં સંવેદના જેને આપણે રસ કહીએ છીએ અથવા તો ચરમ આનંદની અનુભૂતિ. માનવીય સંવેદનાને નવ રસમાં આપણે નીચે પ્રમાણે વિભાજી શકીએ.

૧. હાસ્ય

૨. ભયાનક-પિશાચી શૃંગાર

૩. રૌદ્ર

૪. કરૂણ

૫. વીર

૬. અદભૂત

૭. બિભત્સ

૮. શાંતિ

૯. શૃંગાર

કલા એ માનવીય સંવેદનાને અને માનવીના મનોભાવોને વિભિન્ન રીતે પ્રતિબિંબીત કરતું તત્વ છે. આ તત્વો ગાયકી, નૃત્ય, ચિત્ર, અભિનય અને સ્થાપત્ય એમ તમામ કલાઓમાં જોવા મળે છે. આમાંની ઘણી કલાઓ દશ્ય-શ્રાવ્ય માધ્યમથી લોકો સમક્ષ રજૂ થાય છે. સંગીત જે પ્રાચીન કાળથી સ્મૃતિ આધારીત રહયું છે. તે ભારતનું સૌથી પ્રખ્યાત સ્વરૂપ છે. જેને આપણે સા રે ગા મા પા ધા ની થી ઓળખીએ છીએ.

ભારતીય સંગીતનું સૌથી પુરાણુ સ્વરૂપ આપણને સામવેદના શ્લોકોમાં જોવા મળે છે. વૈદિક ઋચાઓને ગાવાની પદ્ધતિમાંથી તેનો જન્મ થયો. ભારતીય સંગીતની એ પ્રથમ અભિવ્યક્તિ ગણાવી શકાય. ભરતનું નાટયશાસ્ત્ર(ઈ.સ.પૂ. ૨ જી સદી થી ઈ.સ. ની ૨ જી સદી) એ આ ક્ષેત્રે લખાયેલ મહત્વપૂર્ણ ગ્રંથ છે. જે છ પ્રકરણોમાં તૈયાર થયો છે. માતંગનું બ્રીહદશી(ઈ.સ.ની ૮ જી ૯મી સદી)પણ એટલું જ ખ્યાત છે. તો ૧૩મી સદીમાં રચાયેલ સારંગદેવનું સંગીત રત્નાકર ભારતીય સંગીતકલાના ૨૬૪ રાગને આલેખતું મૂલ્યવાન પુસ્તક છે. પ્રાચીન કાળમાં વાંસળી, ઢોલ, વીણા, કાંસી જોડ(ઝાંઝ) એ મુખ્યત્વે સંગીતક્ષેત્રે વપરાતા વાદ્યો હતા. સમુદ્રગુપ્ત જેવા મહારાજા, ધારાના રાજવી રાજા ભોજ અને કલ્યાણના રાજા સોમેશ્વર ભારતીય સંગીતને પુરષ્કૃત કરનાર અગ્રગણ્ય મહાનુભાવો હતા. સમુદ્રગુપ્ત પોતે સંગીતના જાણકાર હતા અને તેમના સિક્કાઓ પર તેમને વીણા વગડાતા દર્શાવવામાં આવ્યા છે. મંદિરોમાં દેવી-દેવતાઓ સમક્ષ પણ સંગીત આરાધનાનું એક માધ્યમ હતું. ૧૨ મી સદીમાં ઓરીસ્સામાં થઈ ગયેલા મહાકવિ જયદેવે અત્યંત ઉત્કૃષ્ટ કોટીના રાગ કાવ્યનું લેખન થયું. જે વિશ્વમાં ગીતગોવિંદ અતિવિખ્યાત છે. રાધા અને કૃષ્ણના પ્રેમ સંદર્ભે રચાયેલ ગીતગોવિંદમાં તમામ રાગોને તેના કથાનક સાથે જોડીને અદભૂત રચના કરવામાં આવી છે. અભિનવગુપ્તાનું રચેલ અભિનવભારતી(૧૧ મી સદી) ભારતીય સંગીતક્ષેત્રે થયેલ વિકાસ વિશે ખાસ્સી માહિતી આપે છે. સંસ્કૃત પુસ્તકોની જેમજ તમિલ ભાષામાં પણ સંગીતના અનેક ખ્યાલો સમાંતરે આપણને સાંપડે છે. શૈવ સંતો નયનારો અને વૈષ્ણવ સંતો આલવારોનું આ ક્ષેત્રે બહું જ મોટું પ્રદાન છે.

મધ્યકાલીન ભારતમાં ભક્તિ અને સુફી સંતોએ સંગીતને ખાસ્સુ પ્રોત્સાહન આપ્યું હતું. સુફી ખનકાહ(આશ્રમ)માં ઈશ્વરની આરાધના અર્થે ગવતી કવ્વાલી ભારતીય કીર્તન અને ભજનની જેમજ ખ્યાત થઈ. આ સમયના મહાન ભક્તિ સંતોમાં કબીર, મીરાબાઈ, સુરદાસ, ચંડીદાસ, તુલસીદાસ અને વિદ્યાપતિ એ પોતાના કાવ્યોથી અને રચનાઓથી ભારતીય સંગીતને સમૃધ્ધ બનાવી. સંગીતના મહાન વિદ્વાન અમિર ખુશરોએ કવ્વાલી નામનું નવું સ્વરૂપ સંગીતમાં સમાવિષ્ટ કર્યુ. માલવાના મહારાજા બાઝ બહાદુર અને તેમના રાણી રૂપમતીએ પણ નવીન રાગોની શોધ માટે ખાસ્સુ કાર્ય કર્યુ. ઈબ્રાહીમ આદીલશાહ બીજાએ ૧૭મી સદીમાં રચેલ કીતાબ-એ-નૌરસ નામના પુસ્તકમાં હિંદુ અને મુસ્લિમ સંતોની અનેક રચનાઓને સમાવીને સંગીતનો મહામૂલો ગ્રંથ તૈયાર કર્યો. અકબરના દરબારના અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા તાનસેન આ ક્ષેત્રે શિરમોર ગણાય. એવા જ બીજા મહાનુભાવ જે અકબરના

સમયના જ હતા. તે હતા બૈજુ બાવરા. પ્રાચીન કાળ અને મધ્યકાળના અનેક શાસકોએ આવી રીતે આ પરંપરાને જીવત રાખવા પ્રસંશનીય કાર્ય કર્યું. મુગલ શાસકોએ તો આ ક્ષેત્રે નમુનેદાર કાર્ય કર્યું છે. ઈતિહાસવિદ લેનપુલના શબ્દોમાં કહીએ તો બાબર પોતે જ સારો સંગીતકાર હતો અને તેણે ખયાલ અને કવ્વાલી જેવા સ્વરૂપોને ખાસ્સુ પ્રોત્સાહન આપ્યું હતું. હુમાયુએ ભારતીય સંગીત ગ્રંથોને પુરતુ પોષણ આપ્યુ હતું. તો અકબરે ભારતીય ગીતોને અને સંગીતકારોને પ્રોત્સાહન આપ્યુ હતું. સ્વામી હરીદાસ અને તેમના શિષ્યોએ વિભિન્ન રીતે અનેક ગીતોને તાલબધ્ધ કર્યા હતા. પુંડરિક વિઠ્ઠલ જેમણે વિખ્યાત રાગમાલાનું સર્જન કર્યું. તેઓ પણ મહાન સંગીતકાર હતા. હિંદુસ્તાની સંગીત મીરાબાઈ, તુલસીદાસ અને સુરદાસ દ્વારા રચાયેલ પદોથી વધુ સમૃધ્ધ થયું.

## પાઠગત પ્રશ્નોઃ ૧૨.૧

નીચે આપેલા પ્રશ્નોના ઉતરો આપો.

૧. રંગભૂમિ કૌશલ્ય કલાના વિભિન્ન સ્વરૂપો દર્શાવો.

.........................................................................

૨. મનોરંજન સિવાય રંગભૂમિ કૌશલ્ય કલાઓ અન્ય કઈ અસરો ઉભી કરે છે.

.........................................................................

૩. રંગભૂમિ કૌશલ્ય કલાનું સૌથી પ્રાચીન પુસ્તક કયુ છે ?

.........................................................................

૪. ૮મી ૯મી સદી દરમિયાન રચાયેલ રંગભૂમિ કૌશલ્ય કલાના પુસ્તકોની માહિતી આપો.

.........................................................................

૫. રાગ અને તેના કથાનકને સાંકળતુ કયુ મહત્વપૂર્ણ પુસ્તક ભારતમાં રચાયુ છે.

.........................................................................

૬. સંગીત રત્નાકરમાં કેટલા રાગ સમાવિષ્ટ છે.

.........................................................................

૭. જયદેવના ગીતગોવિંદનું કથાનક શું છે ?

.........................................................................

૮. કોઈ પણ બે તમિલ કવિઓના નામ આપો.

.....................................................................

૯. કિતાબ-એ-નૌરસ ના રચયિતા કોણ હતા.

.....................................................................

૧૦. માળવાના શાસક બાઝ બહાદુર અને તેમના પત્ની રાણી રૂપમતીએ સંગીતક્ષેત્રે શું પ્રદાન કર્યું છે?

.....................................................................

## ૧૨.૨ ભારતીય શાસ્ત્રીય સંગીતના પ્રકારો :

મધ્યકાલીન યુગ દરમિયાન ભારતમાં શાસ્ત્રીય સંગીત મુખ્યત્વે બે પરંપરાઓમાં જોવા મળે છે - ઉત્તર ભારતમાં હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને દક્ષિણ ભારતનું કર્ણાટક સંગીત.

હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતઃ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતનો ઉદભવ દિલ્હી સલ્તનતના સમયમાં અમીર ખુશરો(૧૨૫૩ થી ૧૩૨૫) થી ગણાવી શકાય. તેમણે સિતાર અને તબલાની શોધ કરી કેટલાક નવીન રાગો દાખલ કરી વિશિષ્ટ વાદ્ય સાથે સંગીત રંગભૂમિ કૌશલ્ય કળાનું સ્થાપન કર્યું. મોટે ભાગે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલા સંગીતકારો પોતાને તાનસેનની પરંપરાના માને છે. હિન્દુસ્તાની સંગીતની વિભિન્ન શૈલીઓ આપણને જોવા મળે છે. જેમ કે, ધ્રૂપદ, ધમાર, ઠુમરી, ખયાલ અને ટપ્પા. એવું કહેવાય છે કે તાનસેનના સંગીતમાં જાદુ હતો. તે યમુના નદીની લહેરોને પોતાના મેઘરાગથી ઉચકાવી શકતા હતો. તો આ જ રાગ વડે વરસાદ પણ પાડી શકતા હતા. બૈજુ બાવરા અને સુરદાસ જેવા અકબરકાલીન સંગીતજ્ઞો પણ તાનસેનની જેમજ અત્યંત વિખ્યાત હતા. સૌથી પ્રખ્યાત રાગોમાં બહાર, ભૈરવી, સિંધુભૈરવી, ભીમપલાસી, દરબારી, દેસ, હંસધ્વની, જયજયંતી, મેઘમલ્હાર, ટોડી, યમન, પીલુ, શ્યામકલ્યાણ અને ખમાજ(ખંબાજ)નો સમાવેશ થાય છે. ભારત વિભિન્ન શાસ્ત્રીય સંગીતના વાદ્યોની દૃષ્ટિએ પણ સમૃધ્ધ છે. તેમાંના સિતાર, સરોદ, સંતુર, સારંગી, પખાવજ, તબલા, મૃદંગ મહત્વપૂર્ણ છે. એટલાજ મહત્વપૂર્ણ વાદ્યોમાં વાંસળી, શરણાઈ, નાદસ્વરં-તાનપુરો અને હાર્મોનિયમનો સમાવેશ થાય છે.

હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલા સંગીતાકારોઃ સામાન્ય રીતે કોઈ એક ખાસ સંગીત શૈલી જેને ઘરાના પણ કહેવાય છે. તેની સાથે જોડાયેલ છે. ઘરાનાનો સંદર્ભ સંગીતકારના વારસાગત જોડાણ સાથે છે. જે તે વિશિષ્ટ શૈલીના કેન્દ્રવર્તી સંગીતનું પ્રતિનિધિત્વ કરે છે. એટલુંજ નહિ તેને અન્ય શૈલીથી વિભાજે છે. ઘરાનામાં ગુરુ-શિષ્ય પરંપરા પણ અભિપ્રેત છે. એટલેકે કેટલાક વિશિષ્ટ ગુરૂના શિષ્યો તેમના સંગીતના જ્ઞાન અને શૈલીના વારસાને જાળવી પછીની પેઢીમાં પ્રસારે છે. જે તે ઘરાનાની સાથે સંકળાયેલ છે. આવા મહત્વપૂર્ણ ઘરાનામાં ગ્વાલિયર ઘરાના, કિરાના

ઘરાના અને જયપુર ઘરાનાનો સમાવેશ થાય છે.

કિર્તન અને ભજન જેવા ઈશ્વરની આરાધના અર્થે થયેલ સંગીત અને રાગ આપણને આદિ ગ્રંથમાં અને મહોરમ દરમિયાન ગવાતા જોવા મળે છે. એટલુંજ નહિ લોકસંગીત પણ ભારતીય સાંસ્કૃતિક વારસામાં ખૂબ મોટું પ્રદાન કરે છે.

## ૧૨.૩ કર્ણાટક સંગીત :

કર્ણાટક સંગીત ત્રણ મહાન સંગીતકારો સાથે સંકળાયેલુ છે. જેઓ ઈ.સ. ૧૭૦૦ થી ૧૮૫૦ દરમિયાન થઈ ગયા. તેમાં શ્યામ શાસ્ત્રી, ત્યાગરાજા અને મુથ્થુસ્વામી દિક્ષીતાનો સમાવેશ થાય છે. પુરંદરદાસ પણ કર્ણાટક સંગીતના મહત્વપૂર્ણ જ્ઞાતા હતા. ત્યાગરાજા સંત અને કલાકાર એમ બંને રીતે ભારતભરમાં ખ્યાત હતા. એમનું મુખ્ય પ્રદાન પ્રકૃતિને લગતું છે. જે કૃતિ તરીકે ખ્યાત થયું છે. આ ત્રણેય મહાનુભાવોએ સંગીતના નવીન સ્વરૂપો ઉજાગર કર્યા. આ સમયના કેટલાક મહત્વપૂર્ણ સંગીતકારોમાં મહા વૈદ્યનાથ ઐય્યર(ઈ.સ.૧૮૪૪ થી ઈ.સ.૧૮૯૩), પટનામ સુબ્રમણ્ય ઐય્યર(ઈ.સ.૧૮૫૪ થી ૧૯૨) અને રામનાદ શ્રીનિવાસ આયંગર(ઈ.સ.૧૮૬૦ થી ૧૯૧૯)ને ગણાવી શકાય. વાંસળી, વીણા, નાદસ્વરં, મૃદંગ, ઘાટમ એ કર્ણાટક સંગીતના મહત્વપૂર્ણ વાદ્યો છે.

હિન્દુસ્તાની અને કર્ણાટક સંગીતના સ્વરૂપો વચ્ચે કેટલીક ભિન્નતાઓ હોવા છતાં કેટલુંક સામ્ય પણ જોવા મળે છે. જેમકે, કર્ણાટક સંગીતનું આલાપના એ હિન્દુસ્તાની સંગીતના આલાપ સાથે સંકળાયેલું છે. તેમજ કર્ણાટક સંગીતનું તિલાના એ હિન્દુસ્તાની સંગીતના તરાના સાથે સામ્ય ધરાવે છે. બન્ને તાલ અને તાલમ સાથે પણ સામ્ય ધરાવે છે.

## ૧૨.૪ આધુનિક ભારતીય સંગીત :

ભારતમાં બ્રિટીશ રાજ્યની સ્થાપનાથી પાશ્ચાત્ય સંગીતનો પ્રવેશ થયો. ભારતીયોએ તેમાંના ઘણાં સ્વરૂપો અને વાદ્યો સ્વીકાર્યા વાયોલીન અને શરણાઈ ભારતીયોએ પોતાની સંગીતની કેટલીક જરૂરીયાતો પુરી કરવા સ્વીકાર્યા. મંચ પર સંગીતનું વૃંદવાદન એ આ કાળનું નવીન પાસું છે. કેસેટસનો ઉપયોગ વધતાં મૌખિક અભિવ્યક્તિ જે ધૂનો અને રાગો પર આધારીત હતી તે ઘટવા લાગી. સંગીતની પ્રસ્તુતિ ખૂબ ઓછા અને સાધનસંપન્ન લોકો પુરતી મર્યાદિત હતી. તે હવે વિશાળ જનસમુદાય માટે જાણીતી થઈ. હજારો લોકો જેઓ સંગીતના ચાહકો છે. તે તેને મનભરીને માણી શકે છે. સંગીતનું શિક્ષણ હવે ગુરૂ શિષ્ય પરંપરા પર નિર્ભર રહયું નથી. તેને બદલે સંગીતનું શિક્ષણ આપતી સંસ્થાઓ વિકસી રહી છે.

**રાષ્ટ્રના મહત્વપૂર્ણ ગાયકો અને સંગીતકારોઃ**

અમીર ખુશરો, સદારંગ અદારંગ, મિયા તાનસુન, ગોપાલ નાયક, સ્વામી હરીદાસ, પંડીત વી.ડી.

પલુસકર, પંડિત વી. એન. ભાતખંડે, ત્યાગરાજા મુથ્થુ સ્વામી દીક્ષીત, પંડિત ઓમકારનાથ ઠાકોર, પંડિત વિનાયકરાવ પટવર્ધન, ઉસ્તાદ ચાંદખાન, ઉસ્તાદ બડે ગુલામઅલી ખાન, ઉસ્તાદ ફૈયાઝ ખાન, ઉસ્તાદ નિસારહુસેન ખાન, ઉસ્તાદ આમીરખાન, પંડિત ભીમસેન જોશી, પંડિત કુમાર ગાંધર્વ, કેસરબાઈ કેરકર, શ્રીમતી ગંગુબાઈ હંગલ જેવા મહાન ગાયકો. તો મહાન વાદ્યકારોમાં બાબા અલાઉદદીન ખાન, પંડિત રવિશંકર, ઉસ્તાદ બીસ્મીલ્લા ખાન, ઉસ્તાદ અલ્લારખા ખાન, ઉસ્તાદ ઝાકીરહુસેન ખાનનો સમાવેશ થાય છે.

**લોકસંગીત :**

ભારત શાસ્ત્રીય સંગીત ઉપરાંત લોકસંગીત અથવા લોકપ્રિય સંગીતનો પણ સમૃધ્ધ વારસો ધરાવે છે. લોકસંગીત જનસમુદાયની ભાવનાઓની રજુઆત કરે છે. જીવનની તમામ ઘટનાઓને વાચા આપવા માટે સાદા ગીતો રચવામાં આવે છે. ખાસ કરીને ઉત્સવો, ઋતુઓના આગમન, લગ્નગીતો, બાળકના જન્મ સાથે સંકળાયેલા લોકો, માંડ જેવા રાજસ્થાની લોકગીતો અને બંગાળી ભાટીયાલી જેવી લોકગીતોની પરંપરાઓ ભારતમાં ખૂબ પ્રખ્યાત છે. હરીયાણામાં રાગીણી નામનું લોકગીતોનું સ્વરૂપ પ્રચલિત છે.લોકગીતોને પોતાનો ખાસ અર્થ અથવા તો સંદેશ હોય છે. તેઓ કયારેક મહત્વપૂર્ણ ઐતિહાસિક બનાવોનું બયાન કરે છે. કાશ્મીરની વિખ્યાત રચના ગુલરાઝ એક લોકકથાનું સ્વરૂપ છે. તો મધ્યપ્રદેશમાં પ્રચલિત પાંડવાણી સંગીતબધ્ધ લોકવાણીનું પ્રતિબિંબ પાડે છે. મુસ્લિમો મહોરમના તહેવાર વખતે જે શોકમય ગીતો જેને શોઝખ્વાની ગીતો કહેવાય છે. તે પણ લોક સંગીતનો પ્રકાર છે. એટલુંજ નહિં નાતાલના તહેવાર પ્રસંગે ગવાતા સમુહગીતો કે ખ્રિસ્તીગીતો પણ લોકસંગીતનો પ્રકાર છે.

**પાઠગત પ્રશ્નો ૧૨.૨**

૧. ભારતીય શાસ્ત્રીય સંગીતની કઈ બે મુખ્ય ધારાઓ છે ?

..........................................................................

૨. હિન્દુસ્તાની સંગીતની એક મહત્વપૂર્ણ ખાસીયત જણાવો.


..........................................................................

૩. હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં ઘરાનાનો અર્થ શું થાય છે.

..........................................................................

૪. કેટલાક મહત્વપૂર્ણ હિન્દુસ્તાની સંગીતના ઘરાનાના નામો આપો.

..........................................................................



૫. કર્ણાટિક સંગીત સાથે સંકળાયેલ કૃતિ શું છે.

.......................................................................

૬. કર્ણાટિક સંગીતના કેટલાક મહત્વપૂર્ણ સંગીતકારોના નામ આપો.

.......................................................................

૭. કર્ણાટિક સંગીત સાથે સંકળાયેલ વાદ્યો જણાવો.

.......................................................................

૮. હિન્દુસ્તાની અને કર્ણાટિક સંગીત વચ્ચે કયા પ્રકારનું સામ્ય જોવા મળે છે.

.......................................................................

## ૧૨.૬ ભારતની નૃત્યકળા :

ઋગ્વેદમાં આલેખાયેલ શબ્દો નૃતિ અને નૃતુ એ ભારતમાં નૃત્યકળાના મહત્વપૂર્ણ લેખિત પુરાવાઓ છે. બ્રાહમણ ગ્રંથો, જૈમીનીય અને કૌશિતકીમાં નૃત્ય અને સંગીની બાબતો જોવા મળે છે. ભારતના મહાકાવ્યોમાં સંગીતના પૃથ્વી પર અને સ્વર્ગમાં અનેક આલેખનો સાંપડે છે.

સંગીતની જેમજ નૃત્ય પણ ભારતની વિકસિત પરંપરા છે. એ અભિવ્યક્તિનું મહાન સાધન છે.

ભારતમાં નૃત્યકળાનો સૌથી પ્રાચીન પુરાવો આપણને હડપ્પીય સભ્યતામાંથી મળી આવે છે. નૃત્ય કરતી યુવતીની કાંસ્ય પ્રતિમા દર્શાવે છે કે હડપ્પીય સભ્યતામાં નૃત્ય જેવી અભિનય કૌશલ્ય કલાનો ખાસ્સો વિકાસ થયો હશે.

પરંપરાગત ભારતીય સંસ્કૃતિમાં નૃત્યકળા એ ધાર્મિક વિચારોને સાંકેતિક અભિવ્યક્તિ આપવાનું કાર્ય કરતી હતી. ભગવાન શિવનું નટરાજ સ્વરૂપ સૃષ્ટિની ઉત્પત્તિ અને લયનું ચક્ર સુચવે છે. એટલું જ નહિ ભગવાન શિવનું વિખ્યાત સ્વરૂપ પણ ભારતીય પ્રજાના નૃત્ય પ્રેમનું પ્રતીક છે. દક્ષિણ ભારતમાં એવું એક પણ મંદિર અસ્તિત્વ નહી ધરાવતું હોય જેના સ્થાપત્યમાં નૃત્યકારો ન હોય. શાસ્ત્રીય નૃત્યોના સ્વરૂપો જેવા કે કથકલી, ભરતનાટયમ, કથ્થક, મણીપુરી, કૂચીપુડી અને ઓડીસી ભારતના સાંસ્કૃતિક વારસાના મહત્વપૂર્ણ અંગો છે. જોકે એ કહેવું મુશ્કેલ છે કે કયા સમયે નૃત્યની ઉત્પત્તિ થઈ હશે. પરંતુ આનંદને અભિવ્યકત કરવા તે અસ્તિત્વમાં આવ્યું હશે. એટલું ચોકક્સ છે. કાળાંતરે નૃત્યના બે વિભાગો ઉદભવ્યા. શાસ્ત્રીય નૃત્ય અને લોકનૃત્ય શાસ્ત્રીય નૃત્યો મોટેભાગે મંદિરો અને રાજદરબારમાં શુધ્ધ મનોરંજન માટે પ્રયોજાતા હતા. સાથે સાથે ઈશ્વરની આરાધના પણ તેની સાથે સંકળાયેલી હતી. ભરતનાટયમ અને મોહિની અટ્ટમ જેવા દક્ષિણ ભારતના શાસ્ત્રીય નૃત્યો મંદિરમાં ઈશ્વરની આરાધના અર્થે થતા વિખ્યાત સ્વરૂપો છે. યક્ષગાન, કેરલનું કથકલી, રામાયણ અને

મહાભારતના કથાનકો પર આધારીત છે. તો કથ્થક અને મણીપુરી કૃષ્ણ અને તેમની લીલાઓ સાથે સંકળાયેલ છે. ઓડીસી નૃત્ય ભગવાન જગન્નનાથને સમર્પિત છે. કથ્થકનું મુખ્ય કથાનક કૃષ્ણલીલા અને ભગવાન શિવની કથાઓ સાથે સંકળાયેલુ છે. આ નૃત્ય મધ્યકાળમાં રાજદરબારમાં મોટા પ્રમાણમાં થતું. ઠુમરી અને ગઝલ જે રાજદરબારમાં નિદર્શિત થતાં તેની સાથે ભાવવાહી નૃત્યો થતાં. મણીપુરી નૃત્ય ધાર્મિક હેતુ માટે કરવામાં આવતું.

લોકનૃત્યો સામાન્ય લોકોના જીવનમાંથી જનમ્યા અને સમુહમાં જ પ્રયોજાતા રહ્યા છે. આસામમાં પાકની લણણી(કાપણી)ના સમયે થતુ બિહુ નૃત્ય, ગુજરાતમાં ગરબા, પંજાબના ભાંગડા અને ગીદ્ધા, મિઝોરમનું વાંસ નૃત્ય, મહારાષ્ટ્રનું માછીમારી સાથે સંકળાયેલ કોળી નૃત્ય, કાશ્મીરનું ધુમલ, બંગાળનું છાવુ એ લોકોનૃત્યના અદ્વિતીય ઉદાહરણો છે જેમાં લોકોનો આનંદ ઉલ્લાસ અને અને સામાજિક બાબતોની અભિવ્યક્તિ થાય છે.

આ કળાનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરીએ તો તે ભરતમુનિના નાટયશાસ્ત્ર સાથે સંબંધિત છે. જેમાં ભરતમુનિએ નાટકના એક અભિન્ન અંગ તરીકે નૃત્ય અને તેના વિવિધ અંગોની વિસ્તૃત છણાવટ કરી છે. મુખના હાવભાવો, શારીરિક ભાવભંગીઓ, હસ્તમુદ્રાઓ અને પદસંચલન એ તમામને તેમણે ત્રણ બાબતોમાં વિભાજીત કરી છે. જેમાં નૃત(પદ સંચલન), નૃત્ય(અંગ સંચલન) અને નાટય(અભિનય)નો સમાવેશ થાય છે. પ્રાચીનકાળમાં પુરુષો અને સ્ત્રીઓ નૃત્યમાં ખુબજ રસ લેતા હતા. પરંતુ કાળક્રમે સમાજ નર્તકીઓ તરફ ઘૃણા રાખતો થયો જોકે સામાજિક ધાર્મિક સુધારક ચળવળો અને મહાન સંગીતજ્ઞોના પ્રયત્નોને કારણે મહિલા કલાકારો તરફ સન્માનનો ભાવ ઉભો થયો છે.

મધ્યકાલીન કાળે કથ્થક નૃત્ય મુસ્લિમ સુલતાનોએ પુરસ્કૃત કર્યુ. મુગલ શહેનશાહોના સમયમાં ઔરંગઝેબ સિવાય તમામ મુગલ રાજાઓ તેને પ્રોત્સાહન આપતા. તો દક્ષિણ ભારતમાં મંદિરો, રાજદરબારોમાં નૃત્યકલાને ખાસ પ્રોત્સાહન આપવામાં આવતુ. નવરસ, ભગવાન રામ સાથે સંકળાયેલી કથાઓ, કૃષ્ણચરિત્ર, ગણેશ અને દુર્ગા એ નૃત્યના વિભિન્ન સ્વરૂપો સાથે સંકળાયેલા છે. ઉતર ભારતના એક વિખ્યાત મુસ્લિમ સુલતાન વાજિદલી શાહ સંગીત અને નૃત્યના બહુ જ મોટા પુરસ્કર્તા હતા. જેમણે લખનૌ ઘરાનાનું અથવા તો નૃત્યશાળાનું બીજ રોપ્યું. પંડિત બીરજુ મહારાજ જેવા આધુનિક નૃત્યકારો લખનૌ ઘરાનાની દેણ છે. મધ્યકાળમાં દક્ષિણ ભારતમાં સંસ્કૃત પુસ્તકો આધારીત નૃત્યકલા પાંગરી હતી.

આધુનિક સમયમાં આપણે મોટાભાગના નૃત્યકારોને દક્ષિણ ભારતમાં આવતા જોઈએ છીએ. કૂચીપુડી ભરતનાટયમ, મોહિની અટ્ટન અને કથકલી બહુ જ પ્રચલિત છે. પૂર્વીય ભારતમાં ઓડીસી નૃત્યકલા ખુબ વિકસિત થઈ છે.

શાસ્ત્રીય નૃત્યોની સાથે સાથે લોકનૃત્યો પણ એટલા જ પ્રચલિત થયા છે. પ્રાદેશિક કક્ષાએ

સ્થાનિક નૃત્યો ખુબ જ ખ્યાતિ પામ્યા છે. મણિપુરી નૃત્ય, સાંથાલ નૃત્ય, રવીન્દ્રનાથ નૃત્ય, નાટક, છાઉ, રાસ, ગીદ્ધા, ભાંગરા અને ગરબા એ આવા લોકનૃત્યના મહત્વપૂર્ણ પ્રકારો છે. જે ભારતના વિભિન્ન પ્રદેશો સાથે સંકળાયેલા છે. તેમાં ક્રમાનુસાર સંશોધનો પણ થતા રહ્યા છે. આમ જોવા જઈએ તો આપણા દેશના તમામ પ્રદેશોમાં પોતાની આગવી લોકનૃત્યોની પરંપરાઓ જોવા મળે છે. ઉદા. તરીકે આસામમાં બિહુ નૃત્ય, લદાખમાં મોહરા નૃત્ય, મેઘાલયમાં વાંગલા નૃત્ય, સિક્કીમમાં ભુટીયા કે લેપ્ચા. કેટલાક નૃત્ય માર્શલ આર્ટ સાથે પણ સંકળાયેલા છે. જેમકે, ઉતરાંચલનું છોલીયા, કેરલનું કાલરી પૈટ્ટુ, મણિપુરનું થાંગ-તા નો સમાવેશ થાય છે. જે ખૂબ વિખ્યાત લોકનૃત્યોના પ્રકાર છે.

વર્તમાન સમયમાં આ ત્રણેય કળાઓ ભારતમાં ખૂબ જ પ્રચલિત થઈ છે. સંગીત શાળાઓ અને સંસ્થાઓ અનેક કલાકારોને તક પુરી પાડે છે. શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાં પણ સંગીત, નૃત્ય અને નાટકની સાથે સંકળાયેલ વિભાગો સ્થાપવામાં આવ્યા છે. ઈન્દીરા કલા વિશ્વવિદ્યાલય જે ખેરગઢમાં આવેલ છે. તે સંગીતનું શિક્ષણ આપતુ વિશ્વવિદ્યાલય છે. તો ગાંધર્વ મહાવિદ્યાલય અને કથ્થક કેન્દ્ર જેવી સંસ્થાઓ પણ સંગીતનો પ્રસાર કરવામાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સંગીત પરિષદો, બેઠકો, વ્યાખ્યાનો, પ્રદર્શનો પણ તેના પ્રચાર-પ્રસાર માટે ભારતભરમાં ગોઠવાતા હોય છે. સ્પીક-મેકે, ઈન્ડિયા ઈન્ટરનેશનલ રૂરલ કલ્ચરલ સેન્ટર જેવી સંસ્થાઓ ખૂબ જ ઉત્તમ રીતે આધુનિક પેઢીને આપણા સાંસ્કૃતિક વારસા સાથે જોડવાનું કાર્ય કરી રહી છે.

ભારતની બહાર રહેલા કલારસિકો માટે પણ મહત્વપૂર્ણ સંગીતકારો આ ક્ષેત્રે ઘણું કાર્ય કરે છે. પંડિત રવિશંકર, ઉસ્તાદ અલી અકબરખાન, અલ્લારખા જેવા મહાનુભાવો આ ક્ષેત્રે અનેક વિદેશીઓને શિક્ષણ આપે છે. વિદેશી વિશ્વવિદ્યાલયો પણ તેમના વિદ્યાર્થીઓને ભારતના સંગીત, નૃત્ય અને નાટકકલાના વારસાથી અવગત કરાવવા ખાસ વિભાગો ચલાવે છે. વિશ્વભરમાં ભારતીય કલાકારોને અનેક પ્રસંગોએ અને પર્વોએ નિમંત્રિત કરવામાં આવે છે.

**આધુનિક ભારતના ખૂબ જ જાણીતા નૃત્યકારો :**

**કથ્થક :**

- પંડિત બિરજુ મહારાજ, પંડિત શંભુ મહારાજા, સિતારા દેવી, પંડિત ગોપીકૃષ્ણ અને પંડિત લચ્છુ મહારાજ.

**ભરતનાટયમ :**

- સરોજા વૈદ્યનાથન પદમા સુબ્રમણ્યમ, ગીતા ચંદ્રન

**ઓડીસી :**

- કેલુચરણ મહાપાત્ર, સંજુકતા પાણિગ્રહી, કિરણ સેહગલ અને માધવી મુદગલ

**કુચીપુડી :**

- સ્વપ્તસુંદરી, સત્યનારાયણ શર્મા, રાજા રેડ્ડી, રાધા રેડ્ડી અને સોનલ માનસિંઘ

**ભારતના મહાન સંગીતજ્ઞો :**

- ભરતમુનિ, માતંગમુનિ, નારદમુનિ, પંડીત સારંગદેવ, પંડિત સોમનાથ, પંડિત અહોબાલા, પંડિત વેંકટમખી, પંડિત રામામાત્ય, એસ. એમ. ટાગોર અને આચાર્ય કે.સી.ડી. બૃહસ્પતિ

છેલ્લા કેટલાક દસકાઓથી નૃત્ય અને તેની પ્રસ્તુતિમાં ઘણાં પરીવર્તનો આવ્યા છે. યુવાનો પોતાના વ્યક્તિત્વ વિકાસ માટે નૃત્ય શીખવા લાગ્યા છે. તેને માટે શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાં તાલીમ કેન્દ્રો પણ ચાલે છે. પદમશ્રી અને પદ્મભુષણ જેવા રાષ્ટ્રીય કક્ષાના પારિતોષકો વિખ્યાત નૃત્યકારોને આપવામાં આવે છે. તેની પ્રેરણા પણ આવા યુવાનોને આ કલા પ્રત્યે આકર્ષે છે.

ઈતિહાસના વિભિન્ન કાલખંડોમાં જેમકે, સિંધુખીણની સભ્યતામાંથી મળી આવેલા નૃત્યાંગનાની કાંસ્ય મૂર્તિથી લઈને વર્તમાનકાળના સામાન્ય લોકો સુધીના તમામ વર્ષોમાં આનંદ અને શોકની લાગણી અભિવ્યકત કરવા આ કલા જોવા મળી છે. પ્રેમ, વિરોધ, આકાંક્ષા, સંઘર્ષ આ બધા જ ભાવોને આપણી સંસ્કૃતિએ આ કલાના માધ્યમથી બાખુબી વ્યકત કર્યા છે.

## પાઠગત પ્રશ્નો ૧૨.૩

૧. ભગવાન શિવની નટરાજ મૂર્તિ શેનું પ્રતિનિધિત્વ કરે છે.

...........................................................................

૨. નૃત્યના મુખ્ય બે પ્રકારો જણાવો.

...........................................................................

૩. આપેલ જોડાકાઓને યોગ્ય રીતે જોડો.

| **નૃત્યનો પ્રકાર** | **નૃત્ય સાથે સંકળાયેલ રાજય** |
|---|---|
| બિહુ | બંગાળ |
| ગરબા | મિઝોરમ |
| ભાંગરા અને ગિદ્દા | મહારાષ્ટ્ર |
| વાંસ નૃત્ય | કાશ્મીર |

| | |
|---|---|
| કોલી નૃત્ય | પંજાબ |
| ધુમલ | ગુજરાત |
| છાઉ | આસામ |

૪. નૃત્યની કઈ ત્રણ મહત્વપૂર્ણ શૈલીઓ છે.

.......................................................................

૫. કથ્થક નૃત્ય સાથે સંકળાયેલ કોઈ પણ બે પ્રખ્યાત નૃત્યકારોના નામ આપો.

.......................................................................

૬. ભરતનાટયમ સાથે સંકળાયેલ વિખ્યાત નૃત્યકારોના નામ આપો.

.......................................................................

## ૧૨.૭ નાટક :

પ્રાચીન પરંપરાઓથી લઈ આધુનિક કાળના સંશોધનો સુધી નાટકની ચર્ચા થતી આવી છે. વેદો, રામાયણ અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં આ પ્રસ્તુતિ કલા વિશે ઘણી જાણકારી મળે છે.

નાટક એ એવી પ્રસ્તુતિ કળા છે જે સમયાંતરે બદલાતી રહી છે. બાળરમતોમાંથી તેની શરુઆત થઈ. બાળકો નકલ કરે છે. પાઠ ભજવી શકે છે. અને ઠઠ્ઠાચિત્ર પર કાર્ય કરી શકે છે. કદાચ આ રીતે ચોકક્સ નાટકની શરૂઆત થઈ હશે.

ભારતીય પૌરાણિક કથાઓમાં દેવ અને દાનવો વચ્ચે થતા યુદ્ધો વિખ્યાત છે. આ કથાનકને લઈને પ્રાચીન કાળમાં મહત્વપૂર્ણ નાટકો લખાયા. સૌ પ્રથમ ભરતમુનિએ નાટયશાસ્ત્ર નામનું સંશોધન રજુ કર્યુ. તેમણે અમૃતમંથન અને અસુર પરાજય જેવા વિખ્યાત નાટકોનું સર્જન કર્યુ. નાટયશાસ્ત્ર પ્રસ્તુતિ કળાના ક્ષેત્રમાં લખાયેલ મહાનતમ ગ્રંથ છે. ભરતમુનિની જેમ જ ભાષ નામના અન્ય એક મહાન નાટયકાર પ્રાચીન ભારતમાં થઈ ગયા. તેમણે ઉદયન, રામાયણ, મહાભારતની કથાઓને લઈને ઉચ્ચ કોટિના નાટકો આપ્યા. ઈ.સ. પૂર્વે ૨ જી સદીમાં પતંજલિએ તેમના સુપ્રસિદ્ધ ગ્રંથ મહાભાષ્યમાં નાટકના વિવિધ અંગો વિશે વિસ્તૃત છણાવટ કરી છે. જેમાં કળાકારો, સંગીત, રંગભૂમિ, રસ જેવી પ્રસ્તુતિને દર્શાવી છે. જેને કામસવધા અને બાલીબંધા તરીકે ઓળખવામાં આવે છે.

આ પ્રસ્તુતિ કલાના સંદર્ભમાં ભરતમુનિએ નટ(પુરૂષ કલાકાર) અને નટી(સ્ત્રી કલાકાર), સંગીત, નૃત્ય, સંગીતના વાદ્યો, સંવાદો, વિષયો અને રંગમંચની વિસ્તૃત ચર્ચા કરી છે. આ પરથી આપણે કહી શકીએ કે ભરતમુનિના સમય દરમિયાન નાટકે ઉચ્ચ સ્તર પ્રાપ્ત કર્યુ હતું. ભરતમુનિની દષ્ટિએ નાટક સંપ્રેગાણનું સંપુર્ણ માધ્યમ છે. તેમણે નાટકના એક સીમાબંધ વિસ્તારની પણ સંકલ્પના

આપી છે. તેમના ગ્રંથમાં શૈલુંગા નામની એક વિશિષ્ટ જાતિનો ઉલ્લેખ છે. જે ધંધાદારી નાટ્યમંડળીઓ ચલાવતી હતી. સાહસકથાઓને નાટકમાં વણી લેવાનું ખુબ લોકપ્રિય બન્યુ હતું. નાટકમાં આ કથાઓને ગાવાનું પ્રચલિત બનતા. કુશીલવ નામના એક વ્યવસાયિક ગાયક વર્ગનો પણ ઉદભવ થયો.

બુધ્ધ અને મહાવીરના સમયમાં નાટક એ બંને ધર્મોના સિદ્ધાંતોને લોકો સુધી પહોંચાડવાનું સબળ માધ્યમ હતુ. આમજનતાને શિક્ષિત કરવા લઘુનાટિકાઓ અને લાંબા નાટકો પણ ભજવાતા હતા. સંગીત અને નૃત્ય પણ નાટકનો પ્રભાવ વધારવામાં અગત્યનો ભાગ ભજવતા.

૧૦મી સદી સુધીના ભારતમાં શિક્ષિત લોકો સંસ્કૃત ભાષામાં વ્યવહાર કરતા હતા. તેથી નાટકોમાં મોટે ભાગે આ ભાષાનો પ્રયોગ થતો. તેમ છતાં નિમ્ન વર્ગના પાત્રો(દાસ અને દાસીઓ) તથા મહિલાઓની ભાષા પ્રાકૃત રહેતી. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, વાત્સ્યાયનનું કામસુત્ર, કાલિદાસનું અભિજ્ઞાનશાકુંતલમ જેવા નાટકો તે કાળના વિખ્યાત નાટકો હતા. જે સંસ્કૃત ભાષામાં લખાયા હતા. ભાગો ૧૩ જેટલા પ્રખ્યાત નાટકોની રચના કરી હતી. ૧૦ મી સદીના અંત સુધીમાં નાટકમાં પ્રાકૃત ભાષાનો પ્રયોગ ઘણો વધતા. પ્રાકૃત નાટકો પણ લોકપ્રિય થયા હતા. લગભગ ૧૪મી સદી દરમિયાન થઈ ગયેલ વિદ્યાપતિ ભારતના ઉતમ કોટીના નાટયકાર હતા. જેમણે હિંદી અને અન્ય પ્રાદેશિક ભાષાઓને ગીતોમાં ઢાળીને નાટકોની રચના કરી હતી. ઉમાપતિ મિશ્ર અને શારદા તનયા પણ આ સમયના જાણીતા નાટયકારો હતા.

નાટકના મુખ્ય બે પ્રકારો આપણે જોઈએ છીએ. એક શાસ્ત્રીય જેમાં વિષયનું સંકુલપણું અને નાટકના વિશિષ્ટ લક્ષણોની બારીકાઈનો સમાવેશ થાય છે. જ્યારે બીજો પ્રકાર લોકનાટ્ય જે સ્વયંસ્ફુરીત કે સહજ નાટકનું સ્વરૂપ હતુ. તેમાં લોકબોલીનો ઉપયોગ થતો. તેથી ભારતના વિભિન્ન પ્રાંતોમાં વિભિન્ન પ્રકારના લોકનાટયો વિકસ્યા. સંગીત અને નૃત્ય સાથેની અભિનય કલા ખુંબ પ્રચલિત થઈ. આવા મહત્વપૂર્ણ પ્રદેશો અને તેમની નાટયકલાને જોઈએ તો,

(૧) બંગાળમાં જાત્રા, કીર્તનીયા નાટક

(૨) બિહારમાં બિદેશીયા

(૩) રાજસ્થાનમાં રાસ, ઝૂમર અને ઢોલા મારૂ


(૪) ઉત્તરપ્રદેશમાં રાસ, નૌટંકી, શ્વાંગ અને ભાંડ

(૫) ગુજરાતમાં ભવાઈ

(૬) લારીત અને તમાશા

(૭) તમિલનાડુ, કેરલ અને કર્ણાટકમાં કથકલી અને યક્ષગાન

કુંતલેશ્વર દૈત્યમ નામના નાટકના માધ્યમથી આપણે જાણી શકીએ છીએ કે કાલિદાસ



ગુપ્તકાળમાં થઈ ગયા હતા.

ઢોલ, કરતાલ, મંજીરા, ખંજરી જેવા વાદ્યો લોકનાટયમાં વપરાતા હતા.

મધ્યયુગ સંગીત અને નૃત્યક્ષેત્રે સમૃધ્ધ હતો. પરંતુ આ કાળમાં નાટકને વધુ મહત્વ મળ્યુ ન હતુ. જોકે વાજિદઅલી શાહ જેવા કલારસિકે નાટકનું સંરક્ષણ કર્યુ હતુ. તે કલાકારોને નાટકોમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરતો અને સહાય પણ. દક્ષિણ ભારતમાં લોકબોલીમાં ભજવાતા લોકનાટકો ઘણા લોકપ્રિય હતા.

ભારતમાં અંગ્રેજોના વિજયથી સમાજના સ્વરૂપમાં પણ પરીવર્તન આવ્યું. ૧૮મી સદીમાં એક અંગ્રેજે કોલકાતામાં રંગભૂમિની સ્થાપના કરી. એક રશિયન નાટયકાર હોરેશિમ લેબેદેવે બંગાળી રંગભૂમિની સ્થાપના કરી. જેને ભારતમાં આધુનિક ભારતીય રંગભૂમિનું પ્રથમ સોપાન ગણાવી શકાય. અંગ્રેજી નાટકો જેમાં ખાસ કરીને શેકસપીયરના નાટકોએ ભારતીય નાટકો ઉપર ખાસ્સો પ્રભાવ ઉભો કર્યો. આ સમયના શિક્ષિત ભારતીયોએ સંશોધિત કરેલા સ્ટેજ, પરંપરાગત ખુલ્લા મંચોથી ભિન્ન હતા. જેમાં ખેંચી શકાય તેવા પડદા અને બદલાતા દશ્યોનો સમાવેશ થાય છે. મુંબઈમાં સ્થપાયેલ એક પારસી રંગભૂમિ સંસ્થાએ રંગભૂમિનો વ્યવસાયિક હેતુઓ માટે પણ ઉપયોગ થઈ શકે છે તેવું સ્થાપિત કર્યુ. નાટકોમાં હવે કરુણા, હાસ્ય અને નગરજીવનની જટિલતાઓ પણ રજુ થવા લાગી. એટલુંજ નહિ તે વિભિન્ન પ્રાદેશિક ભાષાઓમાં પણ લખાવા લાગ્યા. સાથોસાથ જાત્રા, નૌટંકી, ખ્યાલ(રાજસ્થાની લોકકલા) અને નાચ જેવી લોકનાટકોની શૈલી વિસ્તરી. પ્રસ્તુતિ કળાઓને અસરકારક એક અન્ય પરિબળ હતુ, લોકનાટકોને શાસ્ત્રીય સ્વરૂપોમાં ઢાળવા. આ કળા સાથે સંકળાયેલ વિવેચકોએ પોતાની કળાને આમજનતાની સેવાના માધ્યમ તરીકે ઉપયોગમાં લેવાનું નક્કી કર્યુ. તેને માટે તેમણે લોકકલાનો આશ્રય લીધો. નાટક લખવાની બાબતમાં પણ આ જ સ્થિતિ ઉત્પન્ન થઈ. મધ્યયુગમાં લખાયેલ એક મહત્વપૂર્ણ નાટક વિદ્યાસુંદર પર બંગાળી લોકકલા જાત્રાનો પ્રભાવ હતો. એટલુંજ નહિ. મહાનકવિ જયદેવના ગીતગોવિંદ પર કીર્તનીયા નાટક અને યાત્રાનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. જેમાં કૃષ્ણની કથાઓને રજુ કરવામાં આવી છે.

વર્તમાન સમયમાં આ કલામાં અનેક પ્રયોગો થયા છે. જેમાં પાશ્ચાત્ય પ્રભાવ દષ્ટિગોચર થાય છે. શંભુમિત્ર, ફૈઝલ અલકાઝી, બાદલ સરકાર અને વી. જે. તેંડુલકર તેમાં અગ્રેસર છે. અત્યારે જે વિભિન્ન પ્રકારની શૈલીઓ પ્રચલિત છે. તેમા,

અ. સ્ટેટ થિયેટર (મંચ રંગભૂમિ)

બ. રેડીયો નાટક

ક. નુકકડ કે શેરીનાટક

ડ. એકપાત્રીય અભિનય

ઇ. સંગીત નાટક

ઈ. લઘુ નાટીકા

ઉ. એકાંકી

સર્જનાત્મક સાહિત્યએ નૃત્ય અને નાટયને ઉજાગર કરવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે. તેણે ચિત્રકળાને પણ એટલું જ વિકસાવ્યું છે. જેમ કે, જયદેવના ગીતગોવિંદમે ૧૩ મી સદીમાં સમગ્ર પ્રસ્તુતિ કલાઓ પર મહાન પ્રભાવ ઉભો કર્યો. જે આપણને નૃત્ય અને નાટકોના તમામ ક્ષેત્રોમાં ભારતભરમાં જોવા મળે છે. મણિપુર અને આસામ જેવા પૂર્વીય પ્રદેશોથી લઈ ગુજરાતના પશ્ચિમ ભાગ સુધી અને મથુરા અને વૃંદાવન જેવા ઉત્તરીય ક્ષેત્રોથી લઈ તમિલનાડુ અને કેરલ જેવા દક્ષિણના પ્રદેશો સુધી આ અસર ઝિલાઈ છે. ગીતગોવિંદમની મોટા પ્રમાણમાં હસ્તપ્રતો તૈયાર થઈ જેણે ભારતીય પ્રદેશોમાં પ્રસ્તુતિ કલાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. વૈષ્ણવ ધર્મના વિકાસે પણ નૃત્ય, નાટક અને સંગીતના વિકાસમાં અગ્રગણ્ય ફાળો આપ્યો.

## ૧૨.૮ કેટલાક મહત્વપૂર્ણ નાટકો અને તેના રચયિતાઓ:

નાટક એ એક એવી કલા છે. જેની ભારતમાં ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ખુબ લાંબી છે. તેની વિશ્લેષણાત્મક સમીક્ષા અને વ્યાકરણવિષયક અભ્યાસ ભરતમુનિના નાટયશાસ્ત્રમાં જોવા મળે છે. તેમના આ ગ્રંથમાં એ સ્પષ્ટ દર્શાવે છે કે સંગીત અને નૃત્ય નાટકના અવિભાજ્ય અંગો છે. રામાયણ, મહાભારત, કાલિદાસ દ્વારા લખાયેલ નાટકો ભાગા અને બાણભટ્ટ દ્વારા લખાયેલ નાટકો આ ત્રણેય કળાઓના સંમિશ્રણના ઉત્તમ ઉદાહરણો છે. કેટલાક વિખ્યાત નાટકોની યાદી નીચે આપેલી છે.

| અ.નં. | નાટકનું નામ | લેખક |
|---|---|---|
| ૧. | મેઘદૂતમ્ | કાલિદાસ |
| ૨. | અભિજ્ઞાનશાકુંતલમ્ | કાલિદાસ |
| ૩. | પદમાવતી | મધુસુદન |
| ૪. | હર્ષચરિતમ્ | બાણભટ્ટ |
| ૫. | નીલદેવી | ભારતેન્દુ |
| ૬. | સત્યહરિશ્ચંદ્ર | ભારતેન્દુ |
| ૭. | અંધેરનગરી | ભારતેન્દુ |
| ૮. | ચંદ્રાવલ | જયશંકર પ્રસાદ |
| ૯. | અજાતશત્રુ | જયશંકર પ્રસાદ |

| | | |
|---|---|---|
| ૧૦. | રાજ્યશ્રી | જયશંકર પ્રસાદ |
| ૧૧. | ચંદ્રગુપ્ત | જયશંકર પ્રસાદ |
| ૧૨. | પ્રાયશ્ચિત | જયશંકર પ્રસાદ |
| ૧૩. | કરુણાલય | જયશંકર પ્રસાદ |

## પાઠગત પ્રશ્નો ૧૨.૪

૧. નાટકનું શરૂઆતનું સ્વરૂપ કેવું હતું ?

..........................................................................

૨. ભરતમુનિના બે નાટકોના નામ આપો.

..........................................................................

૩. ભરતમુનિની દષ્ટિએ જનસાધારણને સંદેશ આપવાનું સંપુર્ણ માધ્યમ કયું છે ?

..........................................................................

૪. કયા સમુદાય વ્યવસાયિક નાટયકંપનીઓની શરુઆત કરી.

..........................................................................

૫. કુશીલવ કોણ હતા.

..........................................................................

૬. વર્તમાન સમયમાં કયા વિભિન્ન પ્રકારની નાટયશૈલીઓ જોવા મળે છે.

..........................................................................

૭. કાલિદાસના કોઈપણ બે નાટકોના નામ આપો.

..........................................................................

૮. પદમાવતીના રચયિતા કોણ હતા.

..........................................................................

૯. જયશંકર પ્રસાદના બે નાટકોના નામ આપો.

..........................................................................

## ૧૨.૯ વર્તમાન સમયમાં પ્રસ્તુતિ કલાઓનું સ્વરૂપ :

ભારતમાં નૃત્ય, સંગીત અને નાટક એમ ત્રણેય પ્રસ્તુતિ કલાઓ વર્તમાનમાં ખાસ્સી વિકસી છે. છેલ્લા ૫૦ વર્ષોમાં ગાંધર્વ મહાવિદ્યાલય અને પ્રયાગ સંગીત સમિતિ જેવી સંગીત સંસ્થાઓએ શાસ્ત્રીય સંગીત અને નૃત્યના પ્રશિક્ષણમાં ઉત્કૃષ્ટ કાર્ય કર્યુ છે. અનેક શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વવિદ્યાલયોએ આ કળાઓને પોતાના અભ્યાસક્રમમાં પણ સ્થાન આપ્યું છે. ખેરગઢ ખાતે આવેલ ઈન્દીરા કલા સંગીત વિશ્વવિદ્યાલય આ ક્ષેત્રે અગ્રગણ્ય ગણાવી શકાય. કથ્થક કેન્દ્ર, નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, ભારતીય કલા કેન્દ્ર અને અન્ય ઘણી સંસ્થાઓ પોતાની રીતે આ કળાઓનો પ્રચાર-પ્રસાર કરે છે. સંગીત પરિષદો, બેઠકો, વ્યાખ્યાનમાળાઓ અને નિદર્શનો પણ યોજાતા રહે છે. સંગીતકારો, તજજ્ઞો, સંગીત શિક્ષકો અને વિવેચકો આ કળાને લોકપ્રિય બનાવવા પ્રયત્નશીલ રહ્યા છે. સ્પીકમેકે સંગીત નાટક અકાદમી જેવી સંસ્થાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય પ્રસ્તુતિ કળાને વિકસિત અને સંરક્ષિત કરવા મહત્વપૂર્ણ પ્રયત્નો કરે છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ ક્ષેત્રે સંગીતકારોએ મહામુલુ યોગદાન આપ્યું છે. પંડિત રવિશંકર, ઉસ્તાદઅલી અકબરખાન અને ઉસ્તાદ અલ્લારખાં ખાને શરુ કરેલી સંગીત સંસ્થાઓ ખૂબ પ્રતિષ્ઠિત સંગીત કેન્દ્રો તરીકે જાણીતી છે. આ સંસ્થાઓ વિદેશીઓને ભારતીય સંગીતનો પરિચય કરાવે છે. વિદેશોમાં અનેક વિશ્વવિદ્યાલયોમાં ભારતીય પ્રસ્તુતિ કલાના અલગ વિભાગો છે. જેમાં વિદ્યાર્થીઓને પદવી પણ એનાયત થાય છે. સમગ્ર વિશ્વમાં ભારતીય કલાકારોને પોતાની કલાનું નિદર્શન કરવા આમંત્રણ પણ મળતા રહે છે. અનેક ઉત્સવોમાં ભાગ લેવા અને ભારતીય કલાનું નિદર્શન કરવા તેઓને ખાસ આમંત્રિત કરાય છે. ઈન્ડીયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રીલેશન(યહહચ - ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ), મીનીસ્ટ્રી ઓફ હયુમન રિસોર્સ ડેવલપમેન્ટ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય) જેવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ યુવાન કલાકારો અને પ્રખ્યાત કલાકારોને અનુદાન, શિષ્યવૃતિ, સંશોધન માટેની સગવડ(રિસર્ચ ફેલોશીપ) રૂપે પ્રોત્સાહન આપી ભારતીય સંગીત, નૃત્ય અને નાટકને વિશ્વકક્ષાએ પ્રસરાવે છે. એટલુંજ નહિ સાંસ્કૃતિક આદાન-પ્રદાનના અનેક કાર્યક્રમો તેના નેજા નીચે યોજીને નિરંતર તેનો પ્રચાર-પ્રસાર પણ કરે છે.

## ૧૨.૧૦ માનવ વ્યક્તિત્વના વિકાસમાં કલાસ્વરૂપોનું પ્રદાન :

કલા માનવના વ્યક્તિત્વને વિકસવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે. મનુષ્યના આત્મા સુધી પહોંચીને એક અલૌકિક ભાવ જગત ઉભું કરે છે. કલાનું જ્ઞાન અને નિદર્શન કલાકારોના વ્યક્તિત્વને વિકસાવે છે. તેનાથી કલાકારના જીવનમાં શાંતિ, પ્રેમ, સ્વાભિમાનના ગુણો કેળવાય છે. આત્મવિશ્વાસ અને તમામ સંઘર્ષોનો સામનો કરવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત થાય છે. નકારાત્મક લાગણીઓ આ કલાઓના સંપર્કમાં આવવાથી દૂર થાય છે.

## પાઠગત પ્રશ્નો ૧૨.૫

*નીચે જણાવેલ પ્રશ્નોના ઉત્તરો આપો.*

૧. ભારત સરકારના તે વિભાગનું નામ આપો જે પ્રસ્તુતિ કલાના ત્રણેય સ્વરૂપોને વિકસાવવા મદદરૂપ થાય છે.

.........................................................................

૨. એવી એક આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાનું નામ આપો જે પ્રસ્તુતિ કલાના વિકાસમાં કાર્ય કરે છે.

.........................................................................

૩. સરકાર વિખ્યાત કલાકારોને કેવી રીતે સહાય કરે છે.

.........................................................................

૪. આપણને પ્રસ્તુતિ કલાઓ કઈ બાબતોમાં મદદરૂપ થાય છે.

.........................................................................

## તમે શું શીખ્યા

- સંગીત, નૃત્ય અને નાટક જેવા કલાના ત્રણ સ્વરૂપો ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગો છે.
- આપણે નાટયશાસ્ત્રના રચયિતા ભરતમુનિના નાટયક્ષેત્રે યોગદાન માટે ઋણી છીએ.
- ભારતમાં અનેક વર્ષોની રાજકીય ઉથલપાથલ પણ આ કલા સ્વરૂપોનો પ્રભાવ ઘટાડી શકી નથી.
- જનસામાન્ય અને વિશેસજ્ઞોએ કલા સ્વરૂપોને શાસ્ત્રીય રીતે ટકાવી રાખવા કઠીન પરિશ્રમ કરી તેના પ્રસાર અર્થે પુષ્કળ કાર્ય કર્યુ છે.
- ભારતીય પ્રસ્તુતિ કળાઓ પર પાશ્ચાત્ય પ્રભાવ મહદઅંશે અને અગત્યનો રહ્યો છે.
- આજે પણ ભારત અને ભારત બહાર આ કલાસ્વરૂપોનું ગૌરવ રહયું છે.

## પાઠાન્ત પ્રશ્નો

૧. ભારતીય પ્રસ્તુતિ કલાઓનો ઉદ્દેશ અને લાક્ષણિકતાઓ જણાવો.

૨. ભારતમાં પ્રસ્તુતિ કલાના વિકાસનું રેખાચિત્ર તૈયાર કરો.

૩. આધુનિક ભારતીય સંગીતમાં આવેલ પરિવર્તનનું મૂલ્યાંકન કરો.

૪. લોકગીતોનું પ્રસ્તુતિ કળામાં શું સ્થાન છે. કેટલાક લોકગીતોની ચર્ચા કરો.

૫. શાસ્ત્રીય નૃત્યનું મહત્વનું લક્ષણ શું છે.

૬. ભારતના કેટલાક શાસ્ત્રીય નૃત્યોના નામ આપો.

૭. ભારતમાં બ્રિટીશ સામ્રાજ્યનો ઉદભવ થતાં નાટકના ક્ષેત્રે મહત્વપૂર્ણ પરીવર્તન આવ્યા. આ વિધાનને વિસ્તૃત રીતે સમજાવો.

૮. પ્રસ્તુતિ કલાઓએ ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો - ચર્ચો.

## પાઠગત પ્રશ્નોના જવાબો ૧૨.૧

૧. નૃત્ય, નાટક અને સંગીત

૨. તે જનસાધારણને શિક્ષિત કરવાનું માધ્યમ હતું.

૩. ભરતમુનિનું નાટ્યશાસ્ત્ર જે ઈ.સ. પૂર્વે ૨ જી સદીથી ઈ.સ.ની ૨ જી સદી દરમિયાન રચાયું હતું.

૪. માતંગનું બૃહદશી

૫. બૃહદશી

૬. ૨૬૪ જેટલા રાગો સમાવિષ્ટ છે.

૭. રાધા-કૃષ્ણના પ્રેમનું આલેખન

૮. શૈવ સંતો નયનારો અને વૈષ્ણવ સંતો અલવારો.

૯. ઈબ્રાહિમ આદિલશા બીજા

૧૦. તેમને નવીન રાગ પ્રચલિત કર્યા હતા.

૧૨. ૨

૧. અ. ઉતર ભારતમાં હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત

બ. દક્ષિણભારતમાં કર્ણાટક સંગીત

૨. ધ્રુપદ, ધમાર, ઠુમરી, ખયાલ અને ટપ્પા

૩. તે ગુરૂ-શિષ્ય પરંપરાની વિશિષ્ટ શૈલી છે.

૪. જયપુર ઘરાના, કિરાના ઘરાના અને ગ્વાલિયર ઘરાના

૫. મુખ્ય નિર્દેશન

૬. અ. શ્યામશાસ્ત્રી

બ. ત્યાગરાજા

ક. મુથ્થુસ્વામી

ડ. પુરંદરદાસ

૭. વાંસળી, વીણા, નાદસ્વરં, મૃદંગ અને ઘાટમ

૮. અ. કર્ણાટક સંગીતનું અલ્પાના એ હિન્દુસ્તાની સંગીતના આલાપ સાથે સામ્ય ધરાવે છે.

બ. કર્ણાટક સંગીતનું તિલાના એ હિન્દુસ્તાની સંગીતના તરાના સાથે સામ્ય ધરાવે છે.

ક. બંને શાસ્ત્રીય સંગીતના પ્રકારો તાલ અને તાલમ પર ભાર મુકે છે.

૯. અ. માંડ-રાજસ્થાન

બ. ભટિયાલી-બંગાળ

૧૦. તે જીવનની તમામ ઘટનાઓને સાદા ગીતો દ્વારા આલેખે છે.

૧૨.૩

૧. બ્રહ્માંડનું સર્જન અને વિસર્જન

૨. તે નૃત્ય અને લોકનૃત્યનું એક શાસ્ત્રીય સ્વરૂપ છે.

૩. બિહુ - આસામ

ગરબા - ગુજરાત

ભાંગરા અને ગિદ્દા - પંજા

વાંસનૃત્ય - મિઝોરમ

કોલીનૃત્ય - મહારાષ્ટ્ર(માછીમારો સાથે સંકળાયેલ નૃત્ય)

ધુમલ - કાશ્મીર

છાઉ - બંગાળ

૪. અ. નૃતા(પદ સંચલન)

બ. નૃત્ય(અંગ સંચલન)

ક. નાટ્ય(અભિનય)

૫. પંડિત બિરજુ મહારાજ, પંડિત શંભુ મહારાજ, સીતારા દેવી, પંડિત ગોપી કૃષ્ણ અને પંડિત લચ્છુ મહારાજ

૬. અ. ગીતા ચંદ્રન

બ. ડો. પદમા સુબ્રમણ્યમ

ક. શ્રીમતી સરોજા વૈદ્યનાથન

૧૨.૪

૧. બાળકોના અભિનય, વ્યંગ અને ઠઠ્ઠાચિત્રોમાંથી

૨. અસુર પરાજય અને અમૃતમંથન

૩. નાટક

૪. શૈલુગા

૫. વ્યવસાયી કલાકારો દ્વારા નાટ્યાત્મક રીતે ગવાતી મહાપુરૂષોની ગાથાઓ

૬. અ. સ્ટેજ થિયેટર


બ. રેડિયો થિયેટર

ક. નુક્કડ અથવા શેરી નાટક

ડ. સુક્ષ્મનાટક(એક વ્યક્તિ દ્વારા અભિનીત)

ઈ. સંગીત થિયેટર

ઈ. લઘુનાટક



નોંધ

ઉ. એકપાત્રિય અભિનય

૭. અ. મેઘદૂતમ્

બ. અભિજ્ઞાનશાકુંતલમ્

૮. મધુસુદન

૯. અ. અજાતશત્રુ

બ. ચંદ્રગુપ્ત

ક. પ્રાયશ્ચિત

ડ. રાજ્યશ્રી

ઈ. કરુણાલય

**૧૨.૫**

૧. એમ.એચ.આર.ડી.

૨. આઈ.સી.સી.આર.

૩. કલાકારોને અનુદાન, ફેલોશીપ, સ્કોલરશીપ આપીને અને કાર્યક્રમો ગોઠવીને મદદ કરે છે.

૪. પ્રસ્તુતિ કલા આપણને માનસિક શાંતિ, તમામ પ્રત્યે પ્રેમ, આત્મવિશ્વાસ અને સંઘર્ષો સામે લડવાની શક્તિ આપે છે.

# ૧૩

# ભારતીય સ્થાપત્ય

આપણે એ મહત્વપૂર્ણ સમયનું સ્મરણ કરીએ છીએ કે જ્યારે આજથી ૪૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાં મહાન સભ્યતાનો ઉદભવ થયો. જેણે આપણા જીવન અને સમાજ પર ઊંડી અસર પાથરી છે. યુનેસ્કોએ ૮૩૦ જેટલા વિશ્વ વારસાના સ્થળો જાહેર કર્યા છે તેમાંના ર૬ જેટલા સ્થળો ભારતના છે. શું આ એક એવી સાબિતી નથી કે જેણે પ્રાચીન ભારતમાં સર્જનાત્મક ક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે મહાન વિકાસ સાધ્યો હોય. ભારતીય પ્રજાને મળેલી કુદરતની આ બેનમુન દેણ કહી શકાય. એક તરફ પ્રાગ ઐતિહાસિકકાલીન ભીમબેતકાના ગુફાચિત્રો છે. તો બીજી તરફ મહાન ભવનો, રાજમહેલો, મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા, ચર્ચ, સ્તુપ, કબરો અને શહેરોનો સમાવેશ થાય છે.

દિલ્હી, આગ્રા, જયપુર, મુંબઈ અને કલકતા જેવા શહેરો પર નજર નાંખીએ તો આપણને અનેક સુંદર ઈમારતો દૃષ્ટિગોચર થાય છે. જેમાંના કેટલાક સ્મારકો, મહેલો, મંદિરો અને સ્મૃતિચિન્હો તો ઈ.સ. પૂર્વેના પણ છે. અનેક પેઢીઓએ સ્થાપત્યના આ ક્ષેત્રમાં કામ કરીને આપણને કીર્તિ અપાવી છે. કારણકે સ્થાપત્ય કલાશૈલી એ ભારતીય સંસ્કૃતિનું મહત્વપૂર્ણ પાસુ છે. ભારતીય ઈતિહાસના લાંબા સમયપટ પર તે પથરાયેલી છે. ભારતીય સ્થાપત્યનો સૌથી પ્રથમ મહત્વપૂર્ણ પુરાવો આપણને હડપ્પીય સભ્યતાની નગરરચનામાં જોવા મળે છે. હડપ્પીય સભ્યતા બાદ ભારતીય સ્થાપત્યશૈલી હિંદુ, બૌધ્ધ અને જૈન શૈલીઓમાં વિભાજીત થાય છે. જ્યારે મધ્યકાલીન સમયમાં ફારસી અને પ્રાદેશિક સ્થાપત્ય શૈલીઓ પણ તેમાં જોડાય છે. ત્યારબાદ સાંસ્થાનિક ભારતમાં પાશ્ચાત્ય સ્થાપત્ય શૈલીઓ જોવા મળે છે. આ પરથી એમ કહી શકાય કે ભારતીય સ્થાપત્ય કલા એ પ્રાદેશિક શૈલીઓ અને વિદેશી સ્થાપત્યશૈલીઓનું સંમિશ્રણ છે. પરંતુ પોતાના લક્ષણોમાં અજોડ પણ છે.

## હેતુઓ

આ પ્રકરણનું અધ્યયન કર્યા બાદ તમે

- ભારતીય સ્થાપત્ય કલાશૈલીના લક્ષણોને તવારીખવાર સમજી શકશો.
- સમયાનુસાર ભારતીય સ્થાપત્યકલાને મુલવી શકશો.
- બૌધ્ધ અને જૈન ધર્મનું ભારતીય સ્થાપત્ય શૈલીમાં પ્રદાન જાણી શકશો.
- ગુપ્ત રાજાઓ, પલ્લવ રાજાઓ અને ચોલ રાજાઓએ ભારતના મંદિર સ્થાપત્ય ક્ષેત્રે કરેલ મહત્વપૂર્ણ કાર્યોને જાણી શકશો.
- મધ્યકાલીન ભારતમાં ભારતીય સ્થાપત્ય શૈલી પર પડેલ વિભિન્ન અસરોને જાણી શકશો.
- સાંસ્થાનિક ભારતમાં ઉદભવ પામેલ મહત્વપૂર્ણ સ્થાપત્ય શૈલીનો અભ્યાસ કરી શકશો.

## ૧૩.૧ સ્થાપત્યઃ ભારતીય પરિપ્રેક્ષ્યમાં ઉદભવ

સ્થાપત્ય એ કોઈ આધુનિક અવધારણા નથી. પ્રાચીનકાળમાં માનવ ગુફામાં રહેવાનું શીખ્યો તે સાથે જ તેનો જન્મ થયો. જયારે ગાઢ જંગલોના પ્રાકૃતિક નિવાસમાંથી તે બહાર નીકળ્યો ત્યારે પોતાના નિવાસ બનાવવા અને તેને સ્થિર કરવાનું શરૂ કર્યું. વધારો મોટા અને ઉત્કૃષ્ટ જગાઓની શોધમાં તેનું કલાત્મક જ્ઞાન પ્રગટ થયું. તેણે પોતાની આંતરિક સૌંદર્ય દ્રષ્ટિથી નિવાસો બાંધવાનું શરૂ કર્યું. જે આહલાદક લાગતા હતા. આવી રીતે સ્થાપત્યનો જન્મ થયો અને આવશ્યકતાઓ અનુસાર કલ્પના, સામગ્રી, કૌશલ્ય, સાધનો, જગાઓ બાંધકામ સાથે સંકળાયેલ માનવશક્તિ અને કામદારોની ક્ષમતાઓનો સમન્વય થયો.

સ્થાપત્ય સ્વરૂપો અને નિર્માણની વિગતોઃ વિભિન્ન સમયે સ્થાપત્ય કળામાં સ્થાનિક અને પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાઓ અને સામાજિક જરૂરીયાતો, આર્થિક સમૃધ્ધિ, ધાર્મિક રીતરીવાજો વચ્ચે સામંજસ્ય સ્થપાતુ જોવા મળે છે. તેથી આ કળાનો અભ્યાસ આપણને સાંસ્કૃતિક વિવિધતાનું અધ્યયન કરવામાં મદદરૂપ થાય છે.

ભારતીય સ્થાપત્યકલા દેશના વિભિન્ન ભાગો અને પ્રદેશોમાં જુદાં જુદાં સમયે પ્રગટ થઈ. પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક યુગોમાં થયેલ ઉત્ક્રાંતિને બાદ કરતાં પણ ભારતીય સ્થાપત્ય કલા બીજી ઘણી અગત્યની ઐતિહાસિક ઘટનાઓથી પણ પ્રભાવિત થઈ. જે મહાન સામ્રાજયો અને રાજવંશોના ઉત્થાન અને પતન થયા તેમણે પોતાની રીતે સ્થાપત્ય કલાના વિકાસ પર પ્રભાવ પાથર્યો અને સ્થાપત્ય કલાની ઉત્ક્રાંતિને આકાર આપ્યો. જેમાં વિદેશી અસરો પણ સમાવિષ્ટ છે. તો સાથે સાથે દેશના વિભિન્ન ભાગો પણ અસર કરતા છે. આવો આપણે ભારતીય સ્થાપત્ય કલાની વિકાસ પ્રક્રિયા પર દ્રષ્ટિપાત કરીએ.

## ૧૩.૨ હડપ્પીય સભ્યતાનો યુગ

હડપ્પા અને મોહેંજોદડો જેવા હડપ્પીય સભ્યતાના અનેક સ્થળોએ થયેલ ઉત્ખનનોએ એ સ્પષ્ટ દર્શાવ્યું છે કે આ સભ્યતા આધુનિક શહેરી સભ્યતા હતી. જેમાં વિશિષ્ટ નગર રચના અને ઈજનેરી કૌશલ્યો જણાઈ આવે છે. અત્યંત વિકસિત ગટર યોજના અને યોજનાબધ્ધ તૈયાર થયેલા માર્ગો અને નિવાસો સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતમાં આર્યોના આગમનપૂર્વે પણ એક અત્યંત વિકસિત સભ્યતાનું અસ્તિત્વ હતુ. સિંધુખીણની સભ્યતા(હડપ્પીય સભ્યતા)ના અનેક સ્થળોનું ઉત્ખનન બ્રિટિશ સરકારે સ્થાપેલ ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. હડપ્પીય લોકોએ ત્રણ પ્રકારના સ્થાપત્ય વિકસાવ્યા હતા. નિવાસસ્થાનો, પિલરવાળા સભાગૃહો અને જાહેર બાંધકામ.

**હડપ્પીય સભ્યતાની સ્થાપત્ય શૈલીના મુખ્ય લક્ષણો.**

૧. હડપ્પીય વસાહતો ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષનો સમયગાળો દર્શાવે છે.

૨. કેટલીક મહત્વપૂર્ણ વસાહતો સિંધુ નદીને કિનારે મળી આવી છે. જ્યાં પુષ્કળ પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હતુ. અને સિંધુ નદી પરિવહન માટે સરળ સાધન હતુ. જેના દ્વારા વેપાર-વાણિજ્ય, અનાજ અને અન્ય સામાનનું પરિવહન થતું હતું. કુદરતી રીતે જ નદી સુરક્ષા પુરી પાડતી હતી.

૩. આ સભ્યતાના નગર સ્થાપત્યની એક વિશિષ્ટ બાબત એ હતી તે દિવાલોથી ઘેરાયેલી હતી.

૪. સિંધુ ખીણ સભ્યતાના લોકો બાંધકામ માટે પાકી ઈંટોનો પ્રયોગ કરતા.

૫. શહેરોમાં રસ્તાઓ એક બીજાને કાટખૂણે કાપતા હતા.

૬. કેટલાક વિશાળ પરિમાણયુક્ત ભવનોના પુરાવા પણ અહીં મળી આવ્યા છે. જે સાર્વજનિક ભવનો અથવા તો વહીવટી ભવનો કે વેપારી કેન્દ્ર હોઈ શકે છે. સ્તંભોવાળા વિશાળ ખંડો અને કિલ્લેબંધીવાળા ભવનો પણ જોવા મળે છે. અહીયા મંદિરનો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

૭. જાહેર મકાનો જેમાં કોઠારોનો સમાવેશ થાય છે. જેમાં અનાજ સંગ્રહિત કરવામાં આવતું તે અનાજને એકઠું કરવાનું અને વહેંચણી કરવાની અભુતપૂર્વ વ્યવસ્થા દર્શાવે છે.

૮. અહીયા આવા જાહેન ભવનો ઉપરાંત એક ઓરડાના કામદારોના નિવાસસ્થાનો પણ મળી આવ્યા છે.

૯. હડપ્પીય લોકો મહાન ઈજનેરો હતા જેનું દષ્ટાંત આપણને મોહેંજોદડોમાં મળેલ જાહેર સ્નાનાગાર રૂપે મળે છે. જેને મહાન સ્નાનાગાર કહેવામાં આવે છે. તે વર્તમાન સ્નાનાગારની જેમ જ બંધાયેલું છે. ધાર્મિક રીતરીવાજો સાથે તે સંકળાયેલું હોય તેમ લાગે છે. એટલું જ નહિં તેઓ

શુદ્ધતાના આગ્રહી હતા તેવું પણ તેનાથી ફલિત થાય છે. મોટા ભાગના નિવાસસ્થાનોમાં બાથરૂમ અને કુવા તે આ સભ્યતાની નોંધપાત્ર બાબત ગણાવી શકાય.

૧૦. કેટલીક જગાઓ પર વ્યવસ્થિત કિલ્લાઓ ઉત્ખનન દ્વારા મળી આવ્યા છે જે નગરના પશ્ચિમ ભાગે આવેલા છે. જેમાં જાહેર મકાનો અને કોઠારોનો સમાવેશ થાય છે. તેનો અર્થ એવો કરી શકાય કે આ નગરો પર શાસન કરનાર કોઈ રાજનૈતિક સત્તા અસ્તિત્વ ધરાવતી હશે.

૧૧. દિવાલવાળા નગરોને ફરતી કિલ્લેબંધી એવું પણ દર્શાવે છે કે બહારી આક્રમણ ટાળવા માટે આ પ્રકારનું સ્થાપત્ય ઉદભવ્યું હશે.

૧૨. ગુજરાતમાં આવેલ લોથલ નામના સ્થળે બંદરના અવશેષો મળી આવ્યા છે. જે સ્પષ્ટ કરે છે કે હડપ્પીય સભ્યતા સમુદ્રી માર્ગે વેપાર-વાણિજ્યમાં અગ્રગણ્ય હશે.

હડપ્પીય સભ્યતાની અસાધારણ કે નોંધપાત્ર લાક્ષણિકતા એ સુઆયોજિત ગટરવ્યવસ્થા હતી. ઘરોની નાની નાની પાણી નિકાલની નળીઓને બહાર રસ્તા પર આવેલી મોટી ગટર લાઈન સાથે જોડવામાં આવેલી હતી. આ નીકો ઢાંકવાની વ્યવસ્થા પણ હતી અને તેને સાફ કરવા ખુલી શકે તેવા ઢાંકણની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. રહેણાંકના મકાનો ચીવટપૂર્વક બનાવવામાં આવ્યા હતા. જેમાં મેડો કે દાદર કે સીડી હોવાના પુરાવા પ્રાપ્ત થાય છે. અહી મળેલા કેટલાક ઘરો બે માળના પણ જોવા મળ્યા છે. ઘરના બારણા માર્ગો તરફ ન રખાતા અંદરની શેરીમાં પડે તેમ રખાતા હતા. જેથી મુખ્ય માર્ગોની ધુળ ઘરમાં પ્રવેશ ન કરે.

હડપ્પીય સ્થાપત્ય કલાના અત્યંત મહત્વપૂર્ણ લક્ષણો એ તેમની નગરઆયોજનની કુશળતા તો છે જ. જે સુસ્પષ્ટ-સુરેખ ભૌમિતિક આકાર કે જાળીદાર નકશા સ્વરૂપે ફેલાયેલુ હતુ. માર્ગો એકબીજાને કાટખુણે કાપતા હતા. હડપ્પીય સભ્યતાના નિવાસ સ્થાનો નદી કિનારે બાંધવામાં આવતા હોઈને અનેકવાર નદીમાં આવતા પુરને કારણે નાશ પામતા હતા. તેમ છતાં નિવાસીઓ ફરીથી તે જ જગાએ નવા આવાસો બાંધતા આને લીધે ઉત્ખનન દરમિયાન મકાનો અને રહેણાંક વિસ્તારોના એક ઉપર એક એવા અનેક સ્તરો મળી આવે છે. ઈ.સ. પૂર્વે ૨ જી સહસ્ત્રાબ્દીમાં સિંધુખીણની સભ્યતાનું પતન કે વિનાશ એ વર્તમાન કાળ સુધી રહસ્યમય બાબત રહી છે.

ચિરોડી અને પકવેલી માટીની ઈંટોથી બનાવાયેલ અત્યંત જાડા થરની દિવાલો હડપ્પીય બાંધકામક્ષેત્રે વપરાયેલી હતી. જે અત્યંત મજબુતાઈ બક્ષતી હતી. આ મજબુતાઈને કારણે ૫૦૦૦ વર્ષ જુના બાંધકામના અવશેષો કે નિવાસો આપણને જોવા મળે છે.

હડપ્પાવાસીઓને શિલ્પ સ્થાપત્ય અને હસ્ત કારીગરીનું જ્ઞાન અને કૌશલ્ય હતા. વિશ્વની પ્રથમ કાંસ્ય પ્રતિમા જે નૃત્ય કરતી છોકરીની છે તે ડાન્સીગ ગર્લ મોહેંજોદડોમાંથી મળી આવી છે. યોગિક મુદ્રામાં સ્થિત એક પુરૂષની માટીની મૂર્તિ પણ અહીંથી જ મળી આવી છે. સુંદર અંગત આભુષણો,

ચિત્રાત્મક કોતરણીવાળી મુદ્રાઓ, ખૂંધવાળો બળદ, એકશૃંગી પશુપતિ વગેરે પણ ઉત્ખનન દરમિયાન મળી આવ્યા છે.

હડપ્પીય સભ્યતા બાદ ઈતિહાસના પટ પર આવેલા આર્યો લાકડાના, વાંસના અને ઘાસના મકાનોમાં રહેતા હતા એટલેકે આર્યોની સંસ્કૃતિ અધિકાંશતઃ ગ્રામીણ હતી. હવે આ કાળમાં આપણને મોટા ભવનો કે સાર્વજનિક સ્થળોના અવશેષો જોવા મળતા નથી. કારણકે આર્યો ભવનનિર્માણ માટે લાકડાનો ઉપયોગ કરતા હોય સમય જતાં તે નાશ પામ્યા હોય તેમ જણાય છે. વૈદિક સમય દરમિયાન યજ્ઞવેદીઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જે તેમના સામાજિક અને ધાર્મિક રીત-રીવાજો પર પ્રકાશ પાથરે છે જે ભારતીય સંસ્કૃતિનું વર્તમાન સમયમાં પણ મહત્વનું લક્ષણ રહયું છે. મોટાભાગના હિંદુઓની લગ્નવિધી દરમિયાન યજ્ઞવેદીની ભૂમિકા અત્યંત મહત્વની છે. મંડપ અને યજ્ઞવેદીને સુશોભિત કરવા માટે બનાવવામાં આવતી દિવાલ તેની સાથે સંકળાયેલું અગત્યનું સ્થાપત્ય ગણાવી શકાય. બદનસીબે આ પ્રકારના પુરાવા આપણને પ્રાપ્ત થતા નથી.

ઈ.સ. પૂર્વેની ૬ઠ્ઠી સદીમાં ભારત એક મહત્વપૂર્ણ તબકકામાં પસાર થયું. બૌધ્ધ અને જૈન ધર્મનો ઉત્કર્ષ આ સમયમાં થયો જેણે વૈદિક ધર્મને પરીવર્તિન કરવાનો પ્રયત્ન કર્યો. તેમની પાસે પોતાની આગવી સ્થાપત્ય શૈલી પણ વિકસી હતી. આ સમયથી મગધ પણ એક મહાન સામ્રાજય બનવા જઈ રહ્યુ હતુ. તેણે પણ સ્થાપત્યના વિકાસમાં વિશિષ્ટ યોગદાન આપ્યું. અહીથી સ્થાપત્ય અને કલાની શૈલીને આપણે તવારીખવાર જાણી શકીએ છીએ. એ દષ્ટિએ ઐતિહાસિક રીત ઈ.સ. પૂર્વેની ૬ઠ્ઠી સદી મહત્વપૂર્ણ ગણી શકાય.

બૌધ્ધ અને જૈન ધર્મના ઉદયે તથા વિકાસે ભારતની આરંભિક સ્થાપત્યકળાને વિકસવામાં મદદ કરી. જયાં બુધ્ધના અવશેષો સાચવવામાં આવ્યા હતા. ત્યાં બૌધ્ધ સ્તુપોનું નિર્માણ કરવામાં આવ્યું. એટલુંજ નહિં જયાં બુધ્ધના અવશેષો દફન કરવામાં આવ્યા હતા. ત્યાં પણ માટીના ગારાના વિશાળ કદમાં નાની પરંતુ પાકી નિશ્ચિત કદની ઈંટો કાળજીપૂર્વક રાખીને સ્તુપોનું નિર્માણ કરવામાં આવ્યું. લુંમ્બીની કે જયાં બુધ્ધનો જન્મ થયો હતો ત્યાં સૌપ્રથમ સ્તુપ તૈયાર કરવામાં આવ્યો. બીજો સ્તુપ જયાં બુધ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ત્યાં બોધગયામાં નિર્મિત કરવામાં આવ્યો. જે બોધિવૃક્ષની નીચે આવેલો છે અને ત્રીજો સ્તુપ સારનાથમાં નિર્મિત કરવામાં આવ્યો. જયાં તેમણે સૌપ્રથમ વખત પોતાનો ઉપદેશ પોતાના શિષ્યોને આપ્યો હતો. જયારે ચોથો સ્તુપ કુશીનારા કે કુશીનગર ખાતે નિર્મિત કરવામાં આવ્યો જયાં ગૌતમ બુધ્ધ ૮૦ વર્ષની વયે મહાપરિનિર્વાણ પામીને સદગત થયા હતા.

ગૌતમ બુધ્ધના અવશેષો જયાં સાચવવામાં આવ્યા હતા તે તમામ સ્થળો તેમના જીવન સાથે સંકળાયેલ મહાન ઘટનાઓને ઉદઘાટિત કરે છે. એટલું જ નહિં તે તમામ સ્થળો ભારતના મહત્વપૂર્ણ સ્થાપત્ય સ્થળો છે. બૌધ્ધ ધર્મમાં માનનાર અને સંઘમાં જીવન જીવનાર બૌધ્ધ સાધુઓ અને સાધ્વીઓ(ભિખ્ખુઓ અને ભિખ્ખુણીઓ)ના રહેવાના સ્થળો આજે અગત્યના તીર્થધામો બન્યા છે. જેને

વિહારો અથવા મઠો તરીકે ઓળખવામાં આવે છે. આ બૌધ્ધ સાધુઓ અને સામાન્ય પ્રથા વચ્ચે વિચારગોષ્ઠિ માટે તથા સાધુઓના સેવા પુજાના સ્થળ માટે વિશિષ્ટ સભાખંડો પણ બાંધવામાં આવતા હતા. જેને ચૈત્યો તરીકે ઓળખવામાં આવે છે.

બૌધ્ધ અને જૈન ધર્મના ઉપર્યુક્ત સ્થાપત્યોથી જોઈ શકાય છે કે હવે ધર્મ સ્થાપત્ય કળાને પ્રભાવિત કરી રહયો છે. બૌધ્ધ અને જૈન ધર્મીઓએ આવા ધાર્મિક સ્થાપત્યો બાંધવાનું શરૂ કર્યું. ત્યાર પછી ગુપ્તકાળમાં પ્રથમ વખત હિંદુ ધર્મના મંદિર બાંધવાની પ્રવૃત્તિ શરૂ થઈ.

## પાઠગત પ્રશ્નો ૧૩.૧

૧. ભારતીય સંસ્કૃતિના વિકાસને તમે કઈ રીતે સમજાવશો ?

.........................................................................

૨. હડપ્પીય પ્રજાએ પોતાની સભ્યતાને કેવી રીતે ટકાવી રાખી ?

.........................................................................

૩. હડપ્પીય પ્રજાની બાંધકામક્ષેત્રે ઈજનેરી કલાના પુરાવા આપો.

.........................................................................

૪. ગૌતમ બુધ્ધનું નિર્વાણ કયા સ્થળે થયું હતું ?

.........................................................................

૫. બૌધ્ધ સ્તુપો કયા સ્થળોએ જોવા મળે છે ?

.........................................................................

૬. ભારતમાં પ્રથમ વખત મંદિર સ્થાપત્ય ક્યારે થયું ?


.........................................................................

૭. સ્તુપ, વિહાર અને ચૈત્ય વિશે તમે શું જાણો છો ?

.........................................................................

૮. હડપ્પીય સભ્યતામાં બંદર અને તેનો ધક્કો કયા સ્થળેથી મળી આવ્યા છે ?

.........................................................................









## ૧૩.૩ પ્રારંભિક ઐતિહાસિક યુગ :

ભારતીય સ્થાપત્ય કળાનો મહત્વપૂર્ણ તબક્કો મૌર્ય સામ્રાજ્ય સાથે શરૂ થાય છે. મૌર્યોની ભૌતિક સમૃધ્ધિ અને નવીન ધાર્મિક ચેતનાને પરિણામે તેમણે અનેક ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરી. સેલ્યુક્સ નિકેટરના ગ્રીક રાજદુત મેગેસ્થનિઝે મૌર્ય રાજદરબારમાં ઘણો સમય વિતાવ્યો હતો. તેણે ચંદ્રગુપ્ત મૌર્યના રાજમહેલને અલૌકિક સિધ્ધિ તરીકે બિરદાવ્યો છે. જે લાકડા પર કોતરણી કરીને બનાવવામાં આવેલ વિશાળ મહેલ હતો.



Buddhist Monuments at Sanchi

મૌર્યકાલીન સમયમાં(ઈ.સ. પૂર્વે ૩૨૨ થી ઈ.સ. પૂર્વે ૧૮૫) ખાસ કરીને અશોકકાલીન સ્થાપત્ય એ મહાન પરંપરાનું દ્યોતક છે. મૌર્યકલા અને સ્થાપત્ય ફારસી અને ગ્રીક પ્રભાવ દર્શાવે છે. અશોકના શાસનકાળ દરમિયાન અનેક એકાશ્મ પથ્થરોમાંથી સ્તંભોનું નિર્માણ કરવામાં આવ્યું જેના પર ધમ્મના ઉપદેશો કોતરવામાં આવ્યા હતા. અત્યંત ચળકતા અને તેના મથાળે પ્રાણીઓની આકૃતિઓથી સુશોભિત આ સ્તંભો બેજોડ અને વિચક્ષણ છે. સારનાથના સ્તંભ પર રહેલ સિંહની આકૃતિ ભારતીય પ્રજાસત્તાકના રાષ્ટ્રીય ચિન્હ તરીકે સ્વીકૃતિ પામી છે. દરેક સ્તંભ ૫૦ ટન વજન ધરાવતો અને ૫૦ ફૂટની ઉંચાઈ ધરાવતો હતો.



સાંચી અને સારનાથના સ્તુપો મૌર્ય સ્થાપત્યકલાના પ્રતીકો છે. સાંચીના સ્તુપના પ્રવેશદ્વાર ઉપર જાતકકથાના પ્રસંગો રજૂ કરતા સુંદર શિલ્પકામ છે. તે તત્કાલીન કલાકારોની સૌંદર્ય દૃગિટ અને તેમની કલાકૌશલ્યનો સુંદર નમુનો છે.

ગ્રીક સ્થાપત્ય કલા અને ભારતીય સ્થાપત્યકલાના સંમિશ્રણથી ગાંધાર કલા નામની એક વિશિષ્ટ કલાશૈલીનો જન્મ થયો. તે સિવાય ભારતની મહત્વપુર્ણ કલા અને સ્થાપત્ય શૈલીઓમાં મથુરા શૈલી અને અમરાવતી શૈલીનો સમાવેશ થાય છે. આ શૈલીઓ સ્થાનિક શૈલીઓ હતી. તેના કલાકારોએ બુધ્ધની મોટા પ્રમાણમાં મૂર્તિઓ બનાવી જે ઈ.સ.ની ૧ લી સદીના કુગાણ શાસન સમયની જણાય છે. ગાંધાર કલાશૈલીમાં દષ્ટિગોચર થતા બુધ્ધ અને બોધિસત્વ ગ્રીક દેવતાઓને મળતા આવે છે. જેમાં વિચારો અને પ્રતીકો તથા વિગાયો ભારતીય છે. આ શૈલીમાં શરીરસૌષ્ઠવને ઘણું મહત્વ અપાયું છે. અને આભુષણોયુકત બુધ્ધ દર્શાવાયા છે. આ સ્થાપત્યો પથ્થર, માટી, સીમેન્ટ જેવી સામગ્રીમાંથી તૈયાર થયા છે.



મથુરા શૈલીના સ્થાપત્યો લાલ પથ્થરમાં મળી આવ્યા છે. જે આધ્યાત્મિક અનુભૂતિથી યુકત છે. અહીયા બૌધ્ધ સિવાય જૈન સ્થાપત્ય પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે.



અમરાવતી સ્થાપત્ય શૈલીનો વિકાસ આંધ્રના સાતવાહન શાસકોના સંરક્ષણ હેઠળ થયો. ગોદાવરી નદીના નીંચાણવાળા ભાગમાં આવેલ અમરાવતીમાં એક વિશાળ સ્તુપ મળી આવ્યો છે. સ્તુપની દિવાલો ઉપસાવેલી આકૃતિઓવાળા ચંદ્રકો અને તક્તિઓથી શણગારવામાં આવી છે. આવું જ એક અન્ય બૌધ્ધ સ્થાપત્યનું બીજું સ્થળ નાગાર્જુન કોંડા ગણાવી શકાય.

સતંભો વગરના સ્વતંત્ર હિંદુ મંદિરોના સ્થાપત્ય નિર્માણની શરૂઆત એ ગુપ્તયુગની વિશેષતા છે. ઝાંસી જિલ્લામાં આવેલ દેવગઢનું મંદિર તેનું ઉત્તમ ઉદા. છે. જેમાં વચ્ચેના ભાગમાં ગર્ભગૃહ છે અને તેમાં ભગવાનની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. કાનપુર જિલ્લામાં આવેલ ભિતરી ગામ આ સમયના મંદિર સ્થાપત્યનો બીજો અગત્યનો પુરાવો છે.

**ગુફા સ્થાપત્ય :**



Group of Monuments at Mahabalipuram

ભારતીય સ્થાપત્યના ઈતિહાસમાં ગુફા સ્થાપત્યનો વિકાસ એક અન્ય વિરલ લાક્ષણિક્તા અને મહત્વનો તબક્કો દર્શાવે છે. ઈ.સ. પૂર્વે ૨ જી સદીથી લઈને ઈ.સ.ની ૧૦મી સદી સુધીના સમયગાળામાં ૧૦૦૦ કરતા પણ વધારે ગુફા સ્થાપત્યના પુરાવા ઉત્ખનન દરમિયાન મળી આવ્યા છે. તેમાં સૌથી મશહુર મહારાષ્ટ્રમાં આવેલ અજંતા અને ઈલોરાની ગુફાઓ તથા ઓરીસ્સામાં આવેલ ઉદયગીરીની ગુફાઓ છે. આ ગુફાઓમાં બૌધ્ધ વિહારો, ચૈત્યો, હિંદુ દેવદેવીઓના સ્તંભોવાળા મંદિરો અને મંડપોનો સમાવેશ થાય છે.


**શૈલ મંદિરો(ખડકોમાંથી કોતરેલા મંદિરો) :**

આ પ્રકારના મંદિરો વિશાળ ખડકોને કોતરીને બનાવવામાં આવ્યા છે. ઈ.સ.ના શરૂઆતના વર્ષોમાં

પશ્ચિમ-દખ્ખણમાં આ પ્રકારના મંદિરો નિર્મિત થયા હતા. જે ઉત્ખનન દરમિયાન મળી આવ્યા છે. કાર્લે નામના સ્થળે આવેલ ચૈત્ય તેની ઉંચાઈ અને ચમકદાર દિવાલોવાળા સ્થાપત્યનું અસાધારણ ઉદાહરણ છે. રાષ્ટ્રકૂટ રાજાએ ઈલોરા ખાતે બનાવેલ કૈલાસ મંદિર અને પલ્લવરાજાઓએ મહાબલિપુરમ ખાતે નિર્મિત કરાવેલ રથમંદિર ખડકમાંથી કોતરીને બનાવેલ મંદિર સ્થાપત્યના વિશિષ્ટ ઉદાહરણો છે. મોટેભાગે એવું જણાય છે કે ખડકનું સ્થાયીપણું અને મજબુતાઈ આ પ્રકારના સ્થાપત્ય નિર્માણનો ઉદભવ કરવામાં આકર્ષણ પુરુ પાડયું હશે. જેમાં સુંદર શિલ્પો ઘડી મંદિરોને શણગારવામાં આવતા હતા.

**સ્વતંત્ર ઉભા મંદિરોની શૈલીઃ**

ગુપ્ત શાસન દરમિયાન ઉદભવ પામેલી મંદિર સ્થાપત્યની આ શૈલી સતત વિકસિત થતી રહી. દક્ષિણ ભારતમાં પલ્લવો, ચૌલો, પાંડયો, હોયસળો અને વિજયનગરના શાસકો મંદિર સ્થાપત્યના મહાન નિર્માતાઓ હતા. પલ્લવોએ મહાબલિપુરમમાં તટીય મંદિરનું નિર્માણ કર્યુ તથા કૈલાસનાથ અને વૈકુંઠ પેરુમલ મંદિરનું નિર્માણ કર્યુ. તો ચોલવંશી રાજાઓએ પણ અનેક મંદિરોનું નિર્માણ કર્યુ. જેમાં તાંજોરનું બૃહદેશ્વર મંદિર સૌથી વધુ વિખ્યાત છે. ચૌલોએ મંદિર સ્થાપત્યની એક અનોખી શૈલી વિકસાવી જેને ભારતીય સ્થાપત્ય શૈલીમાં દ્રવિડ શૈલી તરીકે ઓળખવામાં આવે છે. તેમાં વિમાન કે શિખર ઉંચી દિવાલો અને પ્રવેશદ્વાર ગોપુરમથી સુસજ્જ કલાશૈલીનો સમાવેશ થાય છે. બેલુરમાં આ પ્રકારના પથ્થરની કોતરણીવાળા ઉત્કૃષ્ટ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતુ. ઉત્તર અને પૂર્વ ભારતમાં પણ કેટલાક ભવ્ય મંદિરો આપણને જોવા મળે છે. ઉત્તરપૂર્વ ભારતની મંદિર સ્થાપત્યની આ શૈલી નાગરશૈલીથી ઓળખાય છે. તેમાંના મોટાભાગના શિખરો સર્પાકાર કે કમાનાકાર હોય છે. તેમાં ગર્ભગૃહો અને સભામંડપો સ્તંભોવાળા ખડકોથી સુસજ્જ બનાવવામાં આવતા. ઓરીસ્સા સુંદર મંદિર સ્થાપત્યના પુરાવા આપે છે. લિંગરાજનું મંદિર જે ગંગશાસકોએ બંધાવ્યું હતું અને બૃહદેશ્વરનું ભુવનેશ્વરનું મુકતેશ્વર મંદિર તેમજ પુરીનું જગન્નાથ કે જગદીશ મંદિર ભારતના મંદિર સ્થાપત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.



૧૩મી સદીમાં ગંગ શાસક નરસિંહદેવ પ્રથમે બંધાવેલ કોણાર્કનું સૂર્યમંદિર ભગવાન સૂર્યને સમર્પિત કરવામાં આવ્યું હતુ. આ મંદિરનું નિર્માણ ૧૨ પૈડાના ચક્રોવાળા રથના આકારમાં કરવામાં



Kandariya Mahadev Temple

Khajuraho Temples

આવ્યું છે.

૧૦મી અને ૧૧મી સદીમાં મધ્યપ્રદેશના બુંદેલખંડના ચંદેલશાસકોએ નિર્મિત કરાવેલ ખજુરાહો ભારતીય મંદિર સ્થાપત્યમાં અત્યંત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેમાંનું કંદારીયા મહાદેવનું મંદિર સર્વાધિક મહત્વપૂર્ણ છે.

રાજસ્થાનમાં આવેલ માઉન્ટ આબુ એ જૈન તિર્થંકરોને સમર્પિત દેલવાડાના દેરા માટે જાણીતુ સ્થળ છે. સફેદ સંગેમરમરથી તેનું નિર્માણ થયું છે. તે અત્યંત ઉત્કૃષ્ટ કોતરણીથી સુશોભિત છે. જે ગુજરાતના સોલંકીવંશી રાજાઓના પ્રોત્સાહનથી બંધાયા હતા. ગુજરાતમાં આવેલ સોમનાથ મંદિર, બનારસનું વિશ્વનાથ મંદિર, મથુરાનું ગોવિંદ મંદિર, ગુવાહાટીનું કામાખ્યા મંદિર, કાશ્મીરનું શંકરાચાર્ય મંદિર અને કલકત્તાના કાલિઘાટમાં આવેલ કાલી મંદિર ભારતીય ઉપખંડમાં મંદિર સ્થાપત્ય શૈલીના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. જે દર્શાવે છે કે સમગ્ર ભારતમાં મંદિર નિર્માણની પ્રવૃત્તિ સ્વાભાવિક હતી.

## પાઠગત પ્રશ્નો ૧૩.૨

૧. ચંદ્રગુપ્ત મૌર્યના મહેલ વિશે મેગેસ્થનિઝે કરેલ વિવરણ દર્શાવો.

૨. મૌર્ય સ્થાપત્યકળાની સિધ્ધિ દર્શાવતા બે સ્તુપોના નામ આપો.

૩. અશોકના સમયમાં ધમ્મનો ઉપદેશ ક્યાં દર્શાવવામાં આવતો હતો.

૪. પ્રારંભિક ઐતિહાસિકકાળની સ્થાપત્ય શૈલીઓના નામ આપો.

૫. ઉદયગીરી ગુફાઓ કયા આવેલી છે ?

૬. એલોરાનું કૈલાસમંદિર કોણે બંધાવ્યું છે ?

૭. મહાબલિપુરમના રથમંદિરનું નિર્માણ કોણે કરાવ્યું હતુ ?

૮. સ્થાપત્યકલાની દ્રવિડ શૈલીના લક્ષણો દર્શાવો.

૯. તંજોરના ચોલ રાજાઓએ બંધાવેલા મંદિરોના નામ આપો.

૧૦. સ્થાપત્યની નાગરશૈલીની લાક્ષણિકતાઓ જણાવો.

૧૧. કોણાર્કના સુર્યમંદિરનું નિર્માણ કોણે કરાવ્યું હતુ ?

૧૨. રાજસ્થાનના માઉન્ટ આબુમાં આવેલા વિખ્યાત જૈન મંદિરોનું નામ આપો.

## ૧૩.૪ મધ્યકાલીન ભારતીય સ્થાપત્ય :



### દિલ્હી સલ્તનત સમયનું સ્થાપત્ય :

૧૩મી સદીમાં ભારતના તુર્કોના આગમન સાથે સ્થાપત્ય કળામાં એક નવી શૈલીનો જન્મ થયો. પર્શીયા, અરેબીયા અને મધ્ય એશીયાની સ્થાપત્ય શૈલીઓ તુર્ક પ્રજા ભારતમાં લઈને આવી. આ શૈલીની ઈમારતોમાં જે ઈજનેરી લક્ષણો જોવા મળે છે. તેમાં ગુંબજો-ઘુમ્મટો, કમાન અને મીનારાઓનો સમાવેશ થાય છે. દિલ્હી સલ્તનતના શાસકોએ નિર્મિત કરેલા મહેલો મસ્જિદો અને મકબરાઓમાં આ શૈલી સ્પષ્ટ જોવા મળે છે. તેમછતાં આ સ્થાપત્ય કળાના લક્ષણોમાં કેટલાક ભારતીય તત્વો પણ દૃષ્ટિગોચર થાય છે. કારણકે આ ઈમારતોમાં ભારતીય કલાકારોએ કાર્ય કર્યું. એનો અર્થ એ થયો કે આ કાળની સ્થાપત્ય કળા ઈસ્માલિક અને ભારતીય સ્થાપત્ય કળાનું સંમિશ્રણ હતુ. આ પ્રક્રિયા વધુ પરિસ્કૃત થઈ અને મોગલ યુગમાં મહાન સિધ્ધિ હાંસલ કરી. સાદગીસભર ઈસ્માલિક સ્થાપત્ય અને ભારતીય સ્થાપત્ય શૈલી વચ્ચે એકરૂપતા સધાઈ.

સલ્તનતકાળના પ્રારંભિક સ્થાપત્યોમાં સૌપ્રથમ દિલ્હીની કુવત્તુલ ઈસ્લામ અને કુતુબમિનારનો સમાવેશ થાય છે. કુતુબમિનાર ૭૦ મીટરની ઉંચાઈ ધરાવતો અને ઉપર તરફ જતા સાંકડી ગોળાઈ ધરાવતો ૫ માળનો ટાવર છે. મસ્જિદ અને મીનારા એમ બંને પર સુંદર અક્ષરો ચિત્રિત છે. પછીથી આવેલા સુલતાનોએ અનેક ઈમારતો નિર્મિત કરી. અલાઉદદીન ખિલજીએ કુવત્તુલ ઈસ્લામ મસ્જિદને વિકસાવી અને તેની બહાર મોટા દરવાજાનું નિર્માણ કર્યુ. જેને અલાહી દરવાજા કહેવામાં આવે છે. જે અત્યારે પણ સ્થાપત્ય કળાનો સુંદર નમુનો ગણવામાં આવે છે. આ ઉપરાંત અલાઉદદીન ખિલજીએ દિલ્હીમાં હોજ-એ-ખાસ નામના સરોવરનું નિર્માણ કરાવ્યું. મહમદ તુઘલકનો મકબરો, ફિરોઝ તુઘલકે બનાવેલ તુઘલખાબાદ આવા જ મહત્વપૂર્ણ સ્થાપત્ય કળાના ઉદાહરણો છે. તે બહુ સુંદર નથી. પરંતુ સશકત છે. અને અસરકાર છે. અફઘાન સુલતાનોના સમયમાં દિલ્હીમાં ઈબ્રાહીમ લોદીનો મકબરો, અને સસારામમાં શેરશાહનો મકબરો મહત્વના સ્થાપત્ય શિલ્પો છે. આ સ્થાપત્યો દર્શાવે છે કે તેના નિર્માતાઓએ કેવી રીતે ભારતીય સ્થાપત્ય શૈલીને ઈસ્લામિક સ્થાપત્ય શૈલી સાથે મિશ્રિત કરી છે. આ કાળમાં તુર્ક સુલતાનો સ્થિર થઈ રહયા હતા. અને મંગોલ આક્રમણોનો ખતરો તેમના પર સતત રહેતો હતો. જેઓ અત્યંત તીવ્રતાથી ઉત્તરના ભાગેથી ભારત પર હુમલા કરતા હતા. સ્વાભાવિક છે કે તેની સામે રક્ષણ મેળવવા સલ્તનત કાળની ઈમારતો મજબુત, બુલંદ અને વ્યવહારીક છે.

### પ્રાદેશિક સ્થાપત્યો :

આ સમય દરમિયાન અસ્તિત્વમાં આવેલા કેટલાક પ્રાદેશિક રાજ્યોએ પણ પોતાની આગવી સ્થાપત્ય શૈલી વિકસાવી હતી. જેમાં બંગાળ, ગુજરાત અને દખ્ખણનો સમાવેશ થાય છે. જામા મસ્જિદ, સિદી સૈયદ મસ્જિદ અને સિદી સૈયદની જાળી તથા ઝુલતા મિનારા એ અમદાવાદ(ગુજરાત)ની સ્થાપત્ય શૈલીના ઉત્તમ નમુના છે. મધ્યભારતમાં આવેલ માંડુમાં જામા મસ્જિદ, હિંડોળા મહેલ અને જહાજ મહેલનો સમાવેશ થાય છે. દખ્ખણના સુલતાનોએ અનેક ઈમારતો તૈયાર કરાવી જેમાં ગુલબર્ગાની જામા મસ્જિદ, બિડરમાં મહમુદ ગવાની મદરેસા, બીજાપુરમાં ગોળગુંબજ અને ઈબ્રાહિમ રોજા તથા ગોલકુંડાના કિલ્લાનો મહત્વપૂર્ણ સ્થાપત્ય કળામાં સમાવેશ થાય છે. ગોળગુંબજ વિશ્વનો સૌથી મોટો ઘુમ્મટ છે. આ બધી ઈમારતોની શૈલી ઉત્તર ભારતની શૈલીથી થોડી ભિન્ન જણાય છે. બંગાળમાં સ્થાપત્ય શૈલીએ પોતાના આકાર અને છતના સ્થાપત્યમાં વિશિષ્ટતા હાંસલ કરી. આવા સ્થાપત્યોમાં મદીના મસ્જિદ અને પાંડુઆમાં આવેલ જલાલુદદીનનો મકબરો તથા ખિલ દરવાજા અને ગોરમાં આવેલ કાન્તિપરાની મસ્જિદનો સમાવેશ થાય છે. સરકી શાસકોએ બંધાવેલ જોનપુરની અટાલા મસ્જિદ વિશાળ ઘુમ્મટનો નમુનો પુરો પાડે છે. તો માલવામાં આવેલ હોસંગશાહનો મકબરો પણ સંપુર્ણ સંગેમરમરમાં બનાવેલ પીળા અને કાળા રંગમાં સજ્જ સુંદર ઈમારત છે. વિજયનગરના શાસકોએ અનેક સુંદર સ્થાપત્ય કલાન નમુના નિર્મિત કરાવ્યા હતા. જેમાં વિશાળ મંદિરોનો સમાવેશ થાય છે. જોકે તેમાંથી વિઠ્ઠલ સ્વામી અને હજારરામાના મંદિરો જે હમ્પીમાં નિર્મિત કરવામાં આવ્યા હતા તે અસ્તિત્વમાં છે.

### બહમનીનું સ્થાપત્ય :

બહમનીના સુલતાનોએ પર્શીયા, સીરીયા, તુર્ક અને દક્ષિણ ભારતીય મંદિર સ્થાપત્ય શૈલીનો સમન્વય કરી અનેક સ્થાપત્યો નિર્માણ કરાવ્યા. તેમાંથી સૌથી ઉત્તમ નમુનો ગુલબર્ગાની જામા મસ્જિદો ગણાવી શકાય. તેની ફરતે બાંધવામાં આવેલ દિવાલમાં અનેક ઘુમ્મટો જોવા મળે છે. આ એકમાત્ર એવી મસ્જિદ છે જે ચારે તરફથી દિવાલથી રક્ષિત છે.



### મુગલકાલીન સ્થાપત્ય શૈલી :

સ્થાપત્ય કળામાં મુગલોએ એક નવીન યુગનો પ્રારંભ કર્યો. અત્યાર સુધી વિભિન્ન શૈલીઓનું જે સંમિશ્રણ ચાલતુ આવ્યુ હતુ. તે અહીયા પરાકાગઠાએ પહોંચ્યુ. મુગલ શૈલીની શરૂઆત અકબરના સમયથી ગણાવી શકાય. દિલ્હીમાં હુમાયુનો મકબરો જે લાલ પથ્થરથી બંધાયેલ છે. અને બગીચા સાથે બનાવવામાં આવેલો છે. તે તાજમહેલ પૂર્વેનો વિશિષ્ટ સ્થાપત્યનો નમુનો ગણાય છે. અકબરે આગ્રા અને ફતેપુર સિક્રીમાં બંધાવેલ કિલ્લાઓ આ કાળના મહત્વના સ્થાપત્ય શિલ્પો છે. બુલંદ દરવાજા એ

મુગલ સામ્રાજ્યની શાન-શોકતને પ્રતિબિંબીત કરતું મહાન ઉદાહરણ છે. જે અકબરના ગુજરાત વિજયની યાદમાં તૈયાર કરવામાં આવ્યો હતો. આ દરવાજો ૪૧ મીટરની ઉંચાઈ ધરાવે છે અને વિશ્વનો કદાચ સૌથી મોટો દરવાજો છે. સલીમ ચિસ્તીનો મકબરો, જોધાબાઈનો મહેલ, ઈબાદતખાના, બિરબલનું નિવાસસ્થાન જેવી અનેક ઈમારતો ફતેપુર સિક્રીમાં તૈયાર કરવામાં આવી હતી. જે ફારસી(પર્શિયન) અને ભારતીય સ્થાપત્ય શૈલીનું સંમિશ્રણ છે. જહાંગીરના કાળમાં આગ્રા પાસે આવેલ સિકંદરામાં અકબરનો મકબરો સુંદર સ્થાપત્ય શિલ્પ છે. સાથે સાથે એતમાદ-ઉદ-દૌલાનો મકબરો પણ સંપૂર્ણ આરસમાંથી બનાવેલ અદભૂત ઈમારત છે. શાહજહાં એ મોગલકાળનો મહાનતમ સ્થાપત્યકાર હતો. જેણે આરસનો ભરપુર ઉપયોગ કર્યો. જડતરકાર્યમાં સુંદર આકૃતિઓ કે આકારો જેને પિએટ્રાડયુરો કહેવામાં આવે છે. તે તેના સ્થાપત્યની વિશેષતા હતી. સુંદર કમાનો અને મિનારાઓ તેની સુંદરતામાં વધારો કરતા. દિલ્હીમાં નિર્મિત લાલકિલ્લો અને જામા મસ્જિદ અને આ બધાથી પર તાજમહેલ એ શાહજહાંએ બંધાવેલ મુગલ સ્થાપત્યના ઉચ્ચતમ શિખરો છે. તાજમહેલ એ શાહજહાની પત્ની મુમતાજમહલની યાદમાં તૈયાર કરવામાં આવેલ કબર છે. જે સફેદ સંગેમરમરમાંથી નિર્મિત કરવામાં આવી છે. તેમાં મુગલયુગ દરમિયાન વિકસિત સ્થાપત્ય કળાના તમામ લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. તેમાં એક કેન્દ્રવર્તી ઘુમ્મટ છે. ચાર ભવ્ય મિનારા છે. મુખ્ય દરવાજો છે. અને સમગ્ર ઈમારતમાં જડતરકાર્ય કરેલું છે. અને ઈમારત ફરતે વિશિષ્ટ બગીચો બનાવવામાં આવેલો છે. સ્થાપત્યની આ વિશિષ્ટ શૈલીએ પછીની અનેક સ્થાપત્ય શૈલીઓને નવી જ દિશા આપી. પ્રાચીન ભારતીય શૈલીનો પ્રભાવ પણ જાણે કે અહીં જોવા મળે છે. જેમાં પ્રથમ વખત સ્થાપત્ય શિલ્પોમાં હાથી, સિંહ, મોર અને અન્ય સુંદર પક્ષીઓને સ્થાન આપવામાં આવ્યું છે.

મુગલયુગ બાદ આવેલ અંગ્રેજોએ લગભગ ૨૦૦ વર્ષ સુધી ભારત પર શાસન કર્યુ. જેમણે પાશ્ચાત્ય સ્થાપત્ય કળાનો વારસો ભારતને આપ્યો. જેને આપણે સંસ્થાનવાદી શૈલી અથવા તો સંસ્થાનવાદી સ્થાપત્યોથી ઓળખીએ છીએ.

**અકબરે ફતેપુર સિક્રીમાં બંધાવેલ મહત્વપૂર્ણ સ્થાપત્યોઃ**

અકબરના સમયથી મુગલ સ્થાપત્યોની શરૂઆત થાય છે. જેણે મહત્વપૂર્ણ ઈમારતોને જન્મ આપ્યો. પોતાની નવીન રાજધાની ફતેપુર સિક્રીમાં જે આગ્રાથી ૪૦ કિ.મી. દુર આવેલ છે ત્યાં વિભિન્ન સ્થાપત્યકળાના નમુના તૈયાર કરાયા. સિક્રી એ પથ્થરોમાં પ્રેમનું પ્રતિક છે. બુલંદ દરવાજો વિશ્વમાં શ્રેષ્ઠતમ કહી શકાય તેવી ઈમારત છે. સલીમ ચિસ્તીનો મકબરો એની સુંદરતાને કારણે અદભુત છે. તો જોધાબાઈનો મહેલ એ પ્રાચીન ભારતીય સ્થાપત્યકલાનો ઉત્કૃષ્ટ નમુનો છે. ફારસીકલા શૈલીને ઉજાગર કરતી જામા મસ્જિદ પણ બેનમુન છે. દિવાન-એ-આમ અને દિવાન-એ-ખાસ એ આયોજનબધ્ધ અને સુશોભિત સ્થાપત્ય કલાના નમુના છે. તો ઈબાદતખાના અને પંચમહલ અત્યંત નોંધનીય ઈમારતો છે. પંચમહલ એ પીરામીડ પ્રકારનું પાંચ માળનું સ્થાપત્ય શિલ્પ છે. જે બૌધ્ધ વિહારની પ્રેરણા લઈને બનાવવામાં આવેલ છે.

ઈ.સ. ૧૫૨૬થી મુગલ સ્થાપત્ય શૈલીએ મકબરાના સ્થાપત્યમાં વિશિષ્ટતા દર્શાવી હતી. તે ઉંચા પ્લેટફોર્મ(પગથાર) પર નિર્મિત કરવામાં આવતા. જેની ચારે તરફ બગીચો બનાવવામાં આવતો અને ફુવારાઓથી સુશોભિત કરવામાં આવતો. આ પ્રકારનું ઉત્તમ ઉદાહરણ ફતેપુર સિક્રીની મસ્જિદ છે. જે ૨૯૦ ★ ૪૭૦ ફૂટના ૩ ઘુમ્મટો ધરાવે છે. જેની સાથે ૨ રાજવી મકબરાઓ સમાવિષ્ટ છે.

અન્ય એક મકબરો કે કબર એ અકબરની સિકંદરા(ઈ.સ. ૧૫૯૩ થી ૧૬૧૩)માં બનાવવામાં આવ્યો હતો. આગ્રામાં શાહજહાં દ્વારા નિર્મિત તાજમહેલ(ઈ.સ. ૧૬૩૦) દુનિયાની અજાયબીમાં સ્થાન પામ્યો છે. આ રાજવી કબર સંગેમરમરમાં નિર્મિત અને ૧૮ ફૂટ ઉંચા અને ૩૧૩ ફૂટ ચોરસના પ્લેટફોર્મ પર તૈયાર કરવામાં આવી છે. તેનો મધ્યઘુમ્મટ ૮૦ ફૂટની ઉંચાઈ અને ૫૮ ફૂટનો વ્યાસ ધરાવે છે. જસપાર અને અજેટ જેવા અમૂલ્ય પથ્થરોથી તે તૈયાર કરવામાં આવે છે. જમુના નદીને કિનારે આવેલ આ સ્થાપત્ય સંગેમરમરના ઝરુખાઓથી અને ફુવારાઓથી સજ્જ તથા સાયપ્રસ વૃક્ષોથી આચ્છાદીત છે. મુગલ સામ્રાજ્યના અંત સાથે મોગલ સ્થાપત્ય પણ ધીમે ધીમે પતન તરફ ગયુ.

મુગલ સ્થાપત્યના વિકાસનો અજોડ નમુનો એ તેમણે બનાવેલા સુંદર બગીચાઓ છે. જે મકબરાઓ અને ઈમારતોની ફરતે નિર્મિત કરવામાં આવ્યા હતા. કાશ્મીરનો શાલીમાર બગીચો અને લાહોરનો બગીચો જહાંગીર અને શાહજહાંએ તૈયાર કરાવેલ ઉત્તમ સ્થાપત્ય શિલ્પ ગણાવી શકાય. મુગલોએ ભારતીય સંસ્કૃતિ અને સ્થાપત્યના વિકાસમાં બેનમુન યોગદાન આપ્યું છે.

## પાઠગત પ્રશ્નો ૧૩.૩

૧. તુર્ક શાસકોએ સ્થાપત્યના ક્ષેત્રે કઈ શૈલીનો આવિસ્કાર કર્યો.

.........................................................................

૨. સલ્તનત યુગ દરમિયાન બંધાયેલ મસ્જિદો અને મકબરાઓના નામ આપો.

.........................................................................

૩. વિશ્વમાં સૌથી મોટો ઘુમ્મટ કયા નિર્મિત થયો હતો.

.........................................................................

૪. પિયેટ્રાડયુરા એટલે શું ?

.........................................................................

૫. મુગલ સામ્રાજયમાં નિર્મિત કઈ ઈમારતો મહાન આશ્ચર્યો જન્માવે છે ?

.........................................................................

## ૧૩.૫ સાંસ્થાનિક સ્થાપત્ય અને સ્થાપત્યનો આધુનિક યુગ

ભારતમાં સંસ્થાનવાદી સ્થાપત્યો મોટે ભાગે તેમના કાર્યાલયોના મકાનોમાં જોઈ શકાય છે. ૧૬મી સદીમાં આવેલ યુરોપીયનોએ અનેક ચર્ચ અને ઈમારતો નિર્મિત કરાવી. ગોવામાં પોર્ટુગીઝોએ ઘણા ચર્ચો બંધાવ્યા. જેમાંના સૌથી પ્રખ્યાત બેસીલીકા બોમજીસસ અને સંત ફ્રાન્સીસના ચર્ચ ગણાવી શકાય. બ્રિટીશરોએ બંધાવેલ વહીવટી અને નિવાસી ઈમારતોમાં સાંસ્થાનવાદી કીર્તિ જોવા મળે છે. તેમના સ્થાપત્ય પર ગ્રીક અને રોમનશૈલીનો પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. દિલ્હીમાં આવેલ સંસદ ભવન અને કોનોટ પેલેસ તેના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. નુટ્યુન્સ નામના સ્થપતિએ રાષ્ટ્રપતિ ભવન જે તે પૂર્વે વાઈસરોયનું નિવાસસ્થાન હતુ તેની રચના કરી હતી. રેતીના પથ્થરોમાંથી તૈયાર કરવામાં આવેલ આ ઈમારતમાં રાજસ્થાની જાળી અને છતની શૈલીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલકતાનું વિકટોરીયા મેમોરીયલ(સ્મારક) જે બ્રિટીશ ભારતનું દિલ્હી પૂર્વેનું રાજધાની સ્થળ હતુ. તે આરસની ભવ્ય ઈમારત છે. વર્તમાનમાં તે બ્રિટીશ કલાકૃતિઓનું ભવ્ય સંગ્રહાલય છે. કલકતાનું રાઈટર્સ બિલ્ડીગ જયાં બ્રિટીશ કાળમાં અનેક સરકારી અધિકારીઓએ કાર્ય કર્યુ છે. તે સ્વતંત્રતા બાદ પણ બંગાળનું પ્રસાસનિક કેન્દ્ર છે. કલકતાના સંત પોલ કેથેડ્રન જેવા ચર્ચની ઈમારતમાં ગોથિક શૈલી દૃષ્ટિગોચર થાય છે. મુંબઈમાં વિકટોરીયા ટર્મિનસ જેવું અત્યંત પ્રભાવી રેલ્વે સ્ટેશન અંગ્રેજ સ્થાપત્યનો મહામુલો પુરાવો છે. તેમની આ શૈલી ૧૯૪૭માં ભારતને મળેલ સ્વતંત્રતા પછી પણ ચાલતી રહી છે. જેમ કે ફ્રેંચ આર્કિટેક કાર્બુજિયરે નિર્મિત કરાવેલ ચંદીગઢ તથા દિલ્હીમાં ઓસ્ટ્રિયન સ્થપતિ સ્ટેઈને તૈયાર કરાવેલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર અત્યારે પણ વૈશ્વિક કક્ષાની ઉત્કૃષ્ટ ઈમારતો છે. રાજધનાનીમાં બૌધ્ધિક પ્રવૃત્તિઓના કેન્દ્રસમાન ઈન્ડિયા હેબીટેટ સેન્ટર બ્રિટીશ સ્થાપત્યોનો ઉત્તમ નમુનો છે.

છેલ્લા કેટલાક દસકાઓ દરમિયાન અનેક પ્રખર ભારતીય સ્થપતિઓએ ભારતીય સ્થાપત્યમાં પ્રતિભાવંત સ્થાપત્યો આપ્યા. તેમાંના કેટલાક દિલ્હીની વિખ્યાત સ્કુલ ઓફ પ્લાનીગ એન્ડ આર્કિટેકચરમાંથી પ્રશિક્ષિત થયા હતા. રાજ રેવલ અને ચાર્લ્સ કોરેએ જેવા સ્થપતિઓ નવી પેઢીના પ્રતિનિધિઓ છે. રાજરેવલે સ્કોપ કોમ્પલેક્ષ અને જવાહર વ્યાપાર ભવન જેવા સ્થાપત્યોની દિલ્હીમાં સ્થાપના કરી. તે રેતીના પથ્થરો જેવી દેશી બાંધકામ સામગ્રી વાપરવામાં ગર્વ અનુભવતા હતા. જેમાં રોમન પ્લાજા અને સીડીની શૈલીનું મિશ્રણ કરી ઉત્તમ ઈમારતો તૈયાર કરતા હતા. દિલ્હીનું સી.આઈ.ઈ.ટી. બિલ્ડીગ તેનો ઉત્તમ નમુનો છે. મુંબઈના ચાર્લ્સ કોરેએ કોનોટ પ્લેસ દિલ્હીમાં જીવન વીમા ભવનનું નિર્માણ કર્યુ. જેમાં તેમણે ઉંચી ઈમારતમાં પ્રકાશના પરાવર્તન માટે કાચના અગ્રભાગોનો પ્રયોગ કરીને બુલંદ ઉંચાઈનો આભાસ ઉત્પન્ન કર્યો.

છેલ્લા દસકામાં ઘરેલું સ્થાપત્યમાં ઘર બાંધનારી સહકારી મંડળીઓ બિલાડીના ટોપની માફક મોટા પ્રમાણમાં જોવા મળે છે. તો ઘણી જગાએ ઉચ્ચતમ આયોજન અને સૌંદર્ય દૃષ્ટિ સાથે ઉપયોગીતાના સમન્વયરૂપ સ્થાપત્યો પણ જોવા મળે છે.

### પાઠગત પ્રશ્નો ૧૩.૪

૧. પોર્ટુગીઝોએ ગોવામાં સ્થાપેલ સૌથી વિખ્યાત ચર્ચનું નામ જણાવો.

...........................................................................

૨. રાષ્ટ્રપતિ ભવનના નિર્માણ સાથે સંકળાયેલ સ્થપતિનું નામ જણાવો.

...........................................................................

૩. બ્રિટીશકાલીન ઈમારતોમાં કઈ સ્થાપત્ય શૈલી જોવા મળે છે.

...........................................................................

૪. વિક્ટોરીયા મેમોરીયલ બિલ્ડીગનો અત્યારે કલકત્તામાં શેને માટે ઉપયોગ થાય છે?

...........................................................................

૫. ચંદીગઢ શહેરની ડિઝાઈન કોણે તૈયાર કરી.

...........................................................................

૬. દિલ્હીના ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટરની ડિઝાઈન કયા સ્થપતિએ તૈયાર કરી?

...........................................................................

૭. આધુનિક ભારતના કેટલાક વિખ્યાત સ્થાપત્ય શિલ્પોના નામ આપો?

...........................................................................

## ૧૩.૬ નગરો અને ભારત શહેરો

તમે આ પ્રકરણમાં પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સમયના ભારતીય સ્થાપત્ય વિશે જાણ્યું તે પૂર્વે સ્કૂલ ઓફ પ્લાનીગ એન્ડ આર્કિટેક્ચર ઈન દિલ્હી તથા તેની સાથે સંકળાયેલ બાબતોને પણ પિછાણી. આ પ્લાનીગ એ હકીકતમાં ટાઉન પ્લાનીગનો નિર્દેશ કરે છે જે શહેરી વિકાસની સાથે સંકળાયેલ છે. આ વિભાગમાં આપણે ભારતમાં કસ્બાબો અને શહેરોના વિકાસને પ્લાનીગ અને શહેરી વિકાસના સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કરીશું. આ અત્યંત રસિક કથા છે. ભારતના મુખ્ય ચાર શહેરો ચેન્નઈ, મુંબઈ, કોલકાતા અને દિલ્હી વિશે પણ તલસ્પર્શી જાણકારી મેળવીશું. તેના મૂળભૂત તત્વો અને તેના મહત્વપૂર્ણ સ્થાપત્યો અને ઈમારતો વિશે પણ જાણકારી મેળવીશું.

તમને જાણીને નવાઈ લાગશે કે હડપ્પીય સભ્યતાના સમયથી લઈને વર્તમાનકાળ સુધીનો ટાઉન પ્લાનીગ(નગર આયોજન)નો એક લાંબો અને ભવ્ય ઈતિહાસ ભારત ધરાવે છે. જે ઈ.સ. પૂર્વે

૨૩૫૦થી આપણે જોઈ શકીએ છીએ. હડપ્પા અને મોહેંજોદડોમાં જોવા મળતી ગટર યોજના રસ્તાઓનું આયોજન અને કિલ્લાઓ જેવી બિલ્ડીંગો નીચલું નગર કાલિબંગન જે રાજસ્થાનમાં આવેલું છે તે અને ગુજરાતના કચ્છમાં આવેલ સુરકોટડામાં પણ આવું જ નગર આયોજન જોવા મળે છે. તો શહેરીકરણનો દ્વિતીય તબક્કો ઈ.સ. પૂર્વે ૬૦૦ આસપાસ ફરી એક વખત આપણને જોવા મળે છે. જે આર્ય અને દ્રવિડ સભ્યતાના સમન્વય જેવો છે. રાજગીર, વારાણસી, અયોધ્યા, હસ્તિનાપુર, ઉજ્જૈન, શ્રાવસ્તિ, કપિલવસ્તુ, કોસાંબી જેવા અનેક શહેરો આ સમયમાં દૃષ્ટિગોચર થાય છે. મૌર્ય સમયમાં અને એ પૂર્વે નાના શહેરો તરીકે ઓળખાતા જનપદો અને મોટા શહેરો તરીકે ઓળખાતા મહાજનપદો પણ મોટી સંખ્યામાં જોવા મળે છે.

મુસ્લિમોના આગમન સાથે ભારતમાં ઈસ્લામિક અસર નગર આયોજનમાં પણ દેખાય છે. મસ્જિદો, કિલ્લાઓ અને મહેલો તેના દ્યોતક છે. અબુલફઝલના મતે ઈ.સ. ૧૫૯૪માં ભારતમાં ૨૮૩૭ જેટલા નગરો અસ્તિત્વ ધરાવતા હતા. મોટા ગામડાંઓ આવા કસ્બાઓ કે નગરોમાં પરીવર્તિત થતા હતા. જે સ્થાનિક કસબીઓ અને કૌશલ્ય ધરાવતા હસ્તકારીગરીના લોકોને કારણે ધીમે ધીમે તેમનું મહત્વ વધારતા જતા મોટા શહેરોમાં રૂપાંતરીત થતા જતા તેમની હસ્તકારીગરીના ક્ષેત્રે વિશેષતાઓને કારણે પણ તે ઓળખાતા. જેમ કે, આરસપહાણ અને ચર્મ ઉદ્યોગ ક્ષેત્રે આગ્રા, સુતરાઉ કાપડના ક્ષેત્રે સિંધ, સુવર્ણ અને રેશમી દોરાઓ સાથે વણાટકામના ક્ષેત્રે ગુજરાત જેવા ક્ષેત્રો સમગ્ર ભારતમાં પથરાયેલા હતા.

તમે જાણો છો તેમ ૧૬મી સદી દરમિયાન દરીયાઈ માર્ગે આવેલી યુરોપીયનોએ નવા બંદરોનો વિકાસ કરી બંદરીય શહેરોની રચના કરી જેમ કે, ગોવામાં ૧૫૧૦માં પણજી, મહારાષ્ટ્રમાં ૧૫૩૨માં મુંબઈ, ૧૬૦૫માં મછલીપટ્ટનમ, ૧૬૫૮માં નાગપટ્ટનમ, ૧૬૩૯માં મદ્રાસ, ૧૬૯૦માં કલકતા. આ પ્રકારના બંદરીય શહેરો વિકસાવવા પાછળ બ્રિટીશરોનો હેતુ તેમના ઔદ્યોગિક હિતોને જાળવી રાખવાનો હતો. કારણકે તે સમયે ઈંગ્લેંડ વિશ્વમાં સૌથી મોટું ઔદ્યોગિક અર્થકારણ ધરાવતું રાષ્ટ્ર હતું. તો સામે પક્ષે ભારત દુનિયામાં સૌથી વધુ કાચો માલ ઉત્પન્ન કરતું રાષ્ટ્ર હતું. ઈંગ્લેંડની ઔદ્યોગિક વસાહતો માટે આ માલનો ઉપયોગ કરવા બ્રિટીશરોએ તખ્તો ગોઠવ્યો. ૧૮૫૩ બાદ ભારતમાં રેલ્વે લાઈન નાંખવામાં આવી. તે પણ ભારતીય કાચામાલને ઈંગ્લેંડ મોકલવાના ઈરાદાથી અને ઈંગ્લેંડના ઉદ્યોગોને ફાયદો કરવાન હેતુથી તૈયાર કરવામાં આવી. ૧૯૦૫ સુધીમાં ૨૮૦૦૦ માઈલની રેલ્વે લાઈનો ભારતમાં નંખાઈ જે બ્રિટીશરોના આર્થિક, રાજકીય અને લશ્કરી હિતોને સંતોષતી. ટપાલ અને તાર લાઈનો પણ સંદેશાવ્યવહારના હેતુથી ભારતભરમાં ગોઠવવામાં આવી.

૨૦મી સદીના પ્રારંભે બોમ્બે(હવે મુંબઈ), કલકતા(હવે કોલકાતા) અને મદ્રાસ(હવે ચેન્નઈ) બહું જ મહત્વપૂર્ણ વહીવટી વેપારી ઔદ્યોગિક શહેરો તરીકે ઉભરી ચુકયા હતા. કેટલાક જાણીતા સ્થળોમાં કલકતામાં ડેલહાઉસી સ્કવેર, મદ્રાસમાં ફોર્ટ સેંટ જ્યોર્જ, દિલ્હીમાં કોનોટ પ્લેસ અને મુંબઈમાં

મરીન ડ્રાઈવ બ્રિટીશરોને યુરોપની યાદ અપાવતા. જોકે તેઓને ભારતની આબોહવા માફક ન આવતા તેમણે કેટલાક ગીરીમથકોને શહેરોમાં રૂપાંતરીત કર્યા. જેથી ભારતના આકરા ઉનાળાથી બચી શકાય. આવા શહેરોમાં ઉત્તર ભારતમાં મસુરી, સિમલા અને નૈનીતાલ. પૂર્વ ભારતમાં દાર્જીલિંગ અને સિલોંગ તથા દક્ષિણ ભારતમાં નીલગીરી અને કોડાઈકેનાલનો સમાવેશ થાય છે.

નવીન રહેણાંક વિસ્તારો જેવા કે સીવીલ લાઈન્સ અને કેન્ટોનમેન્ટસ કેમ્પ પણ શહેરોમાં વધવા લાગ્યા. સીવીલ લાઈન્સમાં મોટે ભાગે સરકારી અધિકારીઓના નિવાસસ્થાનો આવેલા હતા. જ્યારે કેન્ટોનમેન્ટમાં બ્રિટીશ સેનાના અધિકારીઓના આવાસોનો સમાવેશ થતો હતો. શું તમે જાણો છો ? કે વર્તમાન સમયમાં પણ આ બે પ્રકારના વિસ્તારો અસ્તિત્વ ધરાવે છે.

હવે આપણે ભારતના કેટલાક મુખ્ય મહાનગરોનો ઉલ્લેખ કરીએ. જેમ કે, ચેન્નઈ, કોલકાતા, મુંબઈ અને દિલ્હી. તમે આ શહેરો વિશે જાણતા જ હશો.

## પાઠગત પ્રશ્નો ૧૩.૫

૧. પ્રાચીન ભારતમાં અસ્તિત્વમાં આવેલ પાંચ શહેરોના નામ આપો.

(૧)...................... (૨)...................... (૩)......................

(૪)...................... (૫)......................

૨. બ્રિટીશરોએ સ્થાપેલા પાંચ બંદરોના નામ આપો.

(૧)...................... (૨)...................... (૩)......................

(૪)...................... (૫)......................

૩. બ્રિટીશરોએ વિકસિત કરેલ કોઈ પણ પાંચ ગીરીમથકોના નામ આપો.

(૧)...................... (૨)...................... (૩)......................

(૪)...................... (૫)......................

૪. સીવીલ લાઈન્સમાં કોના નિવાસસ્થાન આવેલ હતા.

..........................................................................

૫. કેન્ટોનમેન્ટ એટલે શું ?


..........................................................................

### ૧૩.૬.૧ ચેન્નઈ

ચેન્નઈ જે પહેલા સામાન્ય રીતે મદ્રાસ તરીકે ઓળખાતું હતુ. તે તામિલનાડુની રાજધાની છે. જે ભારતનું મહત્વપૂર્ણ મહાનગર છે. આ શહેર ફોર્ટ સેંટ જ્યોર્જની આસપાસ વિકસિત છે. અને આસપાસના કસ્બાઓ અને ગામડાંઓને સમાવિષ્ટ કરીને તૈયાર થયું છે. ૧૯મી સદીમાં મદ્રાસ પ્રેસિડેન્સીમાં આવતું આ શહેર બ્રિટીશ સામ્રાજ્યના દક્ષિણ વિભાગનું મુખ્યાલય હતું. ઈ.સ. ૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા બાદ તે મદ્રાસ રાજ્યની રાજધાની બન્યું. ૧૯૬૮માં મદ્રાસ રાજ્યને તામિલનાડું નામ આપવામાં આવ્યું. જે તેની તમિલ હિન્દુ સંસ્કૃતિ સાથે સંકળાયેલ છે. મદ્રાસ ભારતીય અને વિદેશી સંસ્કૃતિઓનું જાણે કે મિલન સ્થળ છે. અનેક બ્રિટીશ સ્થાપત્યો જેવા કે કેથેડ્રલ્સ(ચર્ચ) અનેક વિશાળ ભવનો અને વિશાળ વૃક્ષો સાથેના મકાનો જોવા મળે છે.



૧૮૯૨માં બંધાયેલ હાઈકોર્ટ ભવન એ લંડન કોર્ટ પછીનું વિશ્વનું મોટું ભવન ગણાતુ. ફોર્ટ સેંટ જ્યોર્જ તેના સુશોભિત મિનારાઓ, પરસાળો અને નવીન સ્થાપત્ય શૈલીને કારણે અદભુત લાગે છે.



આઈસ હાઉસ નામના સ્થાપત્યની પ્રેરણા ઉત્તર અમેરિકામાંથી લેવામાં આવી છે. જ્યાં કાપેલા બરફના સરોવરનો અહેસાસ થાય છે. ભારતમાં રેફ્રિજરેશનના હેતુસર આ પ્રકારના ભવનો બંધાતા.

એવું જ એક સુંદર સ્થાપત્ય સેંટ જહોનના ચર્ચનું છે. જે વિશાળ ગોથિક શૈલીમાં કાચની બારીઓના ઉપયોગથી બનાવવામાં આવેલું છે. ટાવર ધરાવતું આ અગત્યનું ભવન છે. તેની દિવાલો ઈંટોના નાના ટુકડાઓથી અને કુર્લા નામના પથ્થરોથી રચવામાં આવેલી છે. તેમાં પોરબંદરના પથ્થરોનો ઉપયોગ થયો છે. લાકડાના છાપરાવાળા આ ભવનમાં ઈંગ્લેંડથી મંગાવવામાં આવેલી ટાઈલ્સથી ભોંયતળિયું બનાવવામાં આવેલું છે.



આ સમય દરમિયાન બનેલ એક અન્ય મહત્વપૂર્ણ ઈમારતમાં ૧૮૭૨માં પૂર્ણ થયેલ પોસ્ટ ઓફિસનો સમાવેશ થાય છે. જેને જનરલ પોસ્ટ ઓફિસ કહેવામાં આવતી. એ બહુ જ વિશાળ મધ્યસ્થ હોલ અને ઉંચા ડોમ સાથે બાંધવામાં આવેલ. બેસાલ્ટ ખડક અને કુર્લા અને ધ્રાંગધ્રાના પથ્થરોમાંથી તેનું નિર્માણ કાર્ય થયેલું. આ એક અત્યંત મહત્વનું પ્રવાસ સ્થળ છે. આ ઈમારત બ્રિટીશ સત્તાની સમૃધ્ધિ અને શક્તિનું ઘોતક છે.

### ૧૩.૬.૨ કોલકાતા

કલકતાનો મૂળભૂત ઈતિહાસ અત્યંત રસિક છે. શું તમે જાણો છો? કે કલકતા બ્રિટીશ ભારતનું ૧૯૧૧ સુધી પાટનગર હતું. બ્રિટીશરોએ ૧૬૮૬માં કલકતા સ્થાપ્યું હતું. ૧૭૫૬ સુધીમાં તે વિકાસ પામ્યું. જયારે બંગાળના નવાબ સિરાજ-ઉદ-દૌલા અને બ્રિટીશરો વચ્ચે ૧૭૫૭માં સંઘર્ગા થયો ત્યારે તે બ્રિટીશરોના હાથમાં આવ્યું. રોબર્ટ ક્લાઈવે પ્લાસીના યુદ્ધમાં વિજય મેળવી નવાબને હરાવી આ શહેર પર કબજો જમાવ્યો.



ઈ.સ. ૧૭૭૪માં કલકતામાં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી. ઈ.સ. ૧૯૧૧માં નવી દિલ્હીને કલકતાની જગ્યાએ રાજધાનીનું શહેર બનાવવામાં આવ્યું. ઈ.સ. ૨૦૦૧માં કલકતાનું નવું નામાભિધાન કોલકાતા કરવામાં આવ્યું. આ શહેરના વર્તમાન મહત્વપૂર્ણ ભવનો પર આપણે દષ્ટિ ફેરવીએ.



હુગલી નદી પર બંધાયેલ હાવરા બ્રિજ જે હાવરાને કલકતા સાથે જોડે છે. તે સૌથી મહત્વપૂર્ણ સ્થાપત્ય ગણાવી શકાય. ૨૭૦ ફૂટની ઉંચાઈવાળા પિલર પર કોઈ પણ જાતના નટ અને બોલ્ટ વગર બંધાયેલ આ પુલ કલકતાનું પ્રતિક બની ગયો છે. વિશ્વનો એ સૌથી પ્રવૃત્ત પુલ ગણાય છે.



ઉત્તર કલકતામાં ૧૮૩૫માં બંધાયેલ માર્બલ પેલેસ આર્ટ ગેલેરી તરીકે પ્રચલિત છે. તેમાં કલા, સ્થાપત્ય, ચિત્ર અને તૈલચિત્રોનું અનોખું સંગ્રહાલય આવેલું છે. જેમાં પ્રાણી સંગ્રહાલય પણ છે. જેમાં ભાતભાતના પક્ષીઓ અને પ્રાણીઓ જોવા મળે છે. એટલું જ નહિં વિલુપ્ત થતી જતી પક્ષીઓની કેટલીક વિશિષ્ટ જાતો પણ અહીં સંગ્રહાયેલી છે.



હુગલી નદીના કિનારે આવેલ ફોર્ટ વિલીયમ ૧૬૯૬માં રોબર્ટ ક્લાઈવના વડપણ હેઠળ બંધાવો શરૂ થયો જે ૧૭૮૦માં પૂર્ણ થયો. મોટેભાગે આ કિલ્લાને બનાવવા પાછળ લશ્કરી કારણ રહેલું હતું. વર્તમાન



સમયમાં આ કિલ્લામાં પ્રદર્શનો અને મેળાઓ યોજવામાં આવે છે.

૧૯૨૧માં તૈયાર થયેલ વિક્ટોરીયા મેમોરીયલ હોલ કલકતાનું વિશ્વ પ્રસિદ્ધ સંગ્રહાલય છે. વિશ્વભરના પ્રવાસીઓ ઈતિહાસ જાણવાના હેતુથી તેની મુલાકાત લે છે. કલકતાના સૌથી શ્રેષ્ઠ કલા સંગ્રહાલય તરીકે તે ઓળખાય છે. ૬૪ એકરમાં પથરાયેલ અને ૧૮૪ ફૂટ ઉંચું આ અપૂર્વ બાંધકામ છે.



શું તમે જાણો છો? કે ઈડન ગાર્ડનસ ક્રિકેટ કલબ છેક ૧૮૬૪માં કલકતામાં અસ્તિત્વમાં આવી હતી. વર્તમાન સમયમાં તેની ક્ષમતા ૧૨૦૦૦૦ લોકોને સમાવવાની છે. આ પણ કલકતાનું મહત્વપૂર્ણ જોવાલાયક સ્થળ છે.

૧૬૯૦માં કલકતામાં આકાર પામેલ રાઈટર્સ બિલ્ડીંગ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નવોદીત લેખકો માટે બંધાયુ હતું. ગોથિક શૈલીનું આ સ્થાપત્ય ૧૮૭૭માં લેફટન્ટ ગવર્નર એસ્લે એડનના સમયમાં વિખ્યાત થયું.

### ૧૩.૬.૩ મુંબઈ



અરબી સમુદ્રના કિનારે આવેલું મુંબઈ પશ્ચિમ ભારતનું મહત્વપૂર્ણ શહેર છે. એ સાત ટાપુઓનું બનેલું છે. આદ્ય ઐતિહાસિક સમયથી ત્યાં માનવ હોવાના પુરાવા પ્રાપ્ત થયા છે. ૧૭મી સદીમાં બ્રિટીશરોએ તેના પર કબજો જમાવ્યો અને તે બોમ્બે તરીકે ઓળખાયું. આ પ્રથમ શહેર હતું. જ્યા રેલ્વેની શરૂઆત થઈ. કલકતા સિવાયનું આ એક માત્ર નગર હતું. જ્યાં વર્તમાનપત્રોની સ્થાપના થઈ.



૧૯મી સદીના ઉતરાર્ધમાં મુંબઈમાં અનેક જાહેર ઈમારતો સ્થપાઈ જે વિક્ટોરીયન ગોથિક શૈલીની હતી. જેમાં ૧૮૭૪નું સચિવાલય, ૧૮૭૬નું ધારાગૃહ અને ૧૮૯૦ની એલ્ફીન્સ્ટન કોલેજનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અત્યંત આકર્ષક એવું વિકટોરીયા ટર્મિનસ(હાલમાં છત્રપતિ શિવાજી ટર્મિનસ) નામનું વિશાળ રેલ્વે સ્થાપત્ય ૧૮૮૭માં અસ્તિત્વમાં આવ્યું. ઉભરતી દિવાલો અને

કાચના સંયોજનથી બનાવેલું આ સ્થાપત્ય મુંબઈની આગવી ઓળખ છે.

બહું જ વિખ્યાત એવું સ્થાપત્ય ગેટ વે ઓફ ઈન્ડિયા ઈન્ડો-યુરોપીયન શૈલીમાં પીળા પથ્થરોથી બંધાયેલું છે. તે ઈંગ્લેંડના રાજા જ્યોર્જ પંચમ અને રાણી બેરીના ભારત પ્રવાસની ખુશીમાં બંધાવવામાં આવેલ. ૨૪ લાખ રૂપિયાના ખર્ચે ૧૯૨૪માં આ ઈમારત પૂર્ણ થઈ. જે તે સમયનું આશ્ચર્ય ગણાવી શકાય. તે ૨૬મીટરની ઉંચાઈ ધરાવે છે. અને પીળા બેસાલ્ટના પથ્થરો કાપીને તેને આકારવામાં આવ્યું છે.

સ્વતંત્રતા બાદ મુંબઈ ભારતનું મહત્વપૂર્ણ વેપારી અને ઔદ્યોગિક શહેર રહયું છે. સ્ટોક એક્ષચેન્જ અનેક ઔદ્યોગિક વસાહતો, ફિલ્મઉદ્યોગ જે બોલીવુડથી પ્રચલિત છે. મુંબઈ આધુનિકીકરણ અને પશ્ચિમીકરણનું જાણે કે ભારતીય મુખ્યાલય છે. કાપડઉદ્યોગ ફિલ્મ ઉદ્યોગ જેવા મહત્વપૂર્ણ ઉદ્યોગો અહીં છે. જે વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવે છે. અનેક હિન્દી ફિલ્મો અહીં બને છે. ગેટ વે ઓફ ઈન્ડિયા આપણને મુંબઈમાં બ્રિટીશ શાસનની યાદ અપાવે છે.

## પાઠગત પ્રશ્નો ૧૩.૬

૧. ચેન્નઈના ચાર વિખ્યાત સ્થળોના નામ આપો.

(૧)................................... (૨)...................................

(૩)................................... (૪)...................................

૨. કલકત્તાના ચાર પ્રસિદ્ધ સ્થળોના નામ આપો.

(૧)...................................

(૨)...................................

(૩)...................................

(૪)...................................



૩. મુંબઈના ચાર પ્રસિદ્ધ સ્થળોના નામ આપો.

(૧)...................................

(૨)...................................

(૩)................................... (૪)...................................

### ૧૩.૬.૪ દિલ્હી

શું તમે જાણો છો? કે દિલ્હી બ્રિટીશ ભારતનું ૧૯૧૧માં પાટનગર બન્યુ હતું. ૨૦૧૧માં

દિલ્હીએ પોતાની શતાબ્દિ ઉજવી. ૧૯૧૧માં નવા દિલ્હીની રચના થઈ. જોકે દિલ્હી ઘણો જુનો ઈતિહાસ ધરાવે છે. અને તેમાં મહત્વપૂર્ણ સાત શહેરોનો સમાવેશ થાય છે. જે ભેગા મળીને દિલ્હીની રચના કરે છે. પ્રથમ દિલ્હી યમુનાના જમણા કાંઠે યુધિષ્ઠિર દ્વારા બાંધવામાં આવેલ. પાંડવોએ તેને ઈન્દ્રપ્રસ્થ નામ આપ્યું હતું. તમે મહાભારતમાં આ નામ અવારનવાર જુઓ છો. દંતકથાઓ અનુસાર દિલ્હીની સ્થાપના રાજા ધિલુએ કરી હતી. ઈ.સ.ની ૨જી સદીમાં ટોલેમી નામના વિશ્વપ્રસિદ્ધ ભૂગોળવેત્તાએ પોતાના નકશામાં દિલ્હીને દઈદાલા તરીકે સ્થાન આપ્યું છે.




દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં આ પ્રમાણે દિલ્હી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે. પ્રાચીન કાળથી જ દિલ્હી વિકસતું રહયું છે. વર્તમાન ભારતનું અગ્રગણ્ય મહાનગર છે. વિશ્વમાં પણ તેની આગવી ઓળખ છે.

એક અત્યંત રસપ્રદ દંતકથા દિલ્હી સાથે જોડાયેલી છે. આ કથામાં વાસુકિ(નાગરાજ) જે પાતાળમાં રહેતા તે કુતુબમિનારની નીચે લોખંડના પિલરની નીચે પોતાનું સ્થાન ધરાવતા હતા. જે અશોકના સમયમાં બંધાયેલો હતો. અનેક વર્ગો બાદ અનંગપાલ નામના તોમર વંશના રાજાએ લાલ કોટની દિલ્હીમાં રચના કરી. અને તેણે આ પિલરને ઉખાડવાનો પ્રયત્ન કર્યો. તે સમયે ભવિષ્યવાણી થઈ કે દિલ્હી પર કોઈ પણ સત્તા લાંબા સમય સુધી શાસન કરી શકશે નહી. તોમરો પછી ચૌહાણો આવ્યા જેમણે આ શહેરનું નામ કિલારાયપિઠોરા આપ્યું. જે લાલકોટમાં મેહરોલી પાસે આવેલું છે. પુથ્વીરાજ ચૌહાણ આ વંશનો મહત્વપૂર્ણ રાજવી હતો. જે મેહરોલીથી શાસન કરતો હતો.



દિલ્હી ફરી એક વખત ગુલામવંશી રાજાઓના સમયમાં પ્રચલિત થયું. કુત્બુદદીન ઐબક દ્વારા સ્થાપિત વિખ્યાત કુતુબમિનાર જે પછીથી ઈલ્તુતમિશે પૂર્ણ કર્યો. ત્યારથી દિલ્હીમાં મુસ્લિમ સ્થાપત્યની શરૂઆત થઈ.

બાદમાં અલાઉદદીન ખિલજી દિલ્હીન સુલતાન થતાં સીરી સત્તા કેન્દ્રમાં આવ્યું. સીરીનો કિલ્લો જે શાહપુર જત તરીકે દિલ્હીમાં ઓળખાય છે. મંગોલ આક્રમણોથી બચવા માટે અલાઉદદીન ખિલજીએ દિલ્હીમાં આ પ્રકારની કિલ્લેબંધી કરાવી હતી. અલાઉદદીન ખિલજીએ કિલ્લાની બહાર રહેલા મંગોલોને પકડીને તેમની ખોપરીઓને સળગાવી શહેરની દિવાલમાં ચણી લીધેલી તેવી પણ દંતકથા



દિલ્હી સાથે સંકળાયેલી છે. શિરનો અર્થ થાય છે માથું. જે શિરીના કિલ્લાને આપણી સમક્ષ અર્થસભર મુકે છે.

થોડા વર્ષો બાદ તુઘલક વંશ દિલ્હીમાં સત્તાસ્થાને આવ્યો. સુલતાન ગ્યાસુદીન તુઘલકે તુઘલકાબાદની સ્થાપના કરી. તેના મૃત્યુ પછી તેના મિત્ર મહંમદબીન તુઘલકે આગળના દર્શાવેલા શહેરોના ભાગોને જોડી. જહાંપનાહ નામના નગરની સ્થાપના કરી.

મહમંદબીન તુઘલકના દરબારમાં આવેલા વિશ્વવિખ્યાત યાત્રી ઈબ્નબતુતાએ દિલ્હી શહેર વિશે ખુબ રસપ્રદ માહિતી આપી છે. તેણે લખ્યું છે ભારતનું આ મહાનગર છે. અત્યંત વિશાળ અને સુંદર તથા સુદૃઢ શહેર. તેની ચારે તરફ કિલ્લેબંધી કરવામાં આવી છે. જે વિશ્વમાં અજોડ છે. ભારતનું તો તે સૌથી મોટું શહેર છે. મુસ્લિમ સામ્રજ્યોમાં કોઈ તેની તોલે આવી શકે તેમ નથી.

તુઘલક વંશમાં ફિરોજશાહ તુઘલક પણ એટલા જ અગત્યના સુલતાન હતા. તેના સમયમાં દિલ્હીની વસતિમાં અને વિસ્તારમાં ખાસ્સો વધારો થયેલો. તેણે ફિરોઝાબાદ જે ફિરોઝશા કોટલા પાસે આવેલું છે બંધાવ્યું હતું. સમરકંદના રાજા તેમુરે ઈ.સ. ૧૩૯૮માં દિલ્હી પર આક્રમણ કરી જહાંપનાહ સહિત સમગ્ર દિલ્હીને નગટ કરી નાંખ્યું હતું. તે ભારતીય સ્થપતિઓને અને કડીયાઓને પોતાની સાથે સમરકંદ લઈ જઈ. મસ્જિદો બનાવવા ઈચ્છતો હતો. ત્યાર પછીના શાસકોએ આગ્રાને પોતાની રાજધાનીનું શહેર બનાવ્યું.

મુઘલશાસન કાળમાં હુમાયુએ પ્રાચીન ઈન્દ્રપ્રસ્થની જગાએ દિનપનાંહ નામના નવા નગરનો પાયો નાંખ્યો. હુમાયુના પ્રપૌત્ર શાહજહાંએ દિલ્હીનું સૌંદય અને પ્રતિષ્ઠા ફરી એક વખત સ્થાપિત કર્યા. ૧૬૩૯માં શરૂ થયેલ અને ૧૬૪૮માં પૂર્ણ થયેલ લાલ કિલ્લાનું બાંધકામ તેના દ્વારા થયેલું મહત્વપૂર્ણ સ્થાપત્ય છે. તેણે ૧૬૫૦માં જામી મસ્જિદ બંધાવી એટલું જ નહિં શાહજહાંએ બંધાવેલું દિલ્હી શાહજહાંનાબાદથી પ્રખ્યાત થયું. મહાન કવિઓ અને ગઝલકારો જેવા કે દર્દ, મીરતકી મીર અને મિરઝા ગાલીબ અને અન્ય મહાન ઉર્દુ કવિઓ આ સમયમાં થયા એવું કહેવાતું શે શાહજહાંનાબાદ ઈરાકના બગદાદ અને તુર્કીના કોન્સ્ટેન્ટીનોપલ કરતા વધારે સુંદર છે. ઈ.સ. ૧૭૩૯માં નાદીરશાહ નામના ઈરાની રાજા અને ૧૭૪૮માં અહેમદશાહ અબ્દાલીએ પોતાના આક્રમણોથી દિલ્હીને ખંડિત કર્યું. આ બધી અડચણો હોવા છતાં દિલ્હી સતત વિકસતું રહયું. અને સંગીત, નૃત્ય, નાટક અને વૈવિધ્યપૂર્ણ વ્યંજનોને કારણે તથા ભદ્ર સંસ્કૃતિ, ભાષા અને સાહિત્યથી વિખ્યાત થતું રહયું.

એવું કહેવાતું કે દિલ્હી ૨૪ જેટલા વિખ્યાત સુફી સંતોનું નિવાસસ્થાન હતું. જે જહાંપનાહમાં રહેતા હતા. તેમાંના કેટલાક જોઈએ તો

૧. કુત્બુદદીન બખત્યારકાકી જેમની ખાનકાહ(આસર) મેહરોલીમાં આવેલો હતો.

૨. નિઝામુદદીન ઓલીયા જેમનો ખાનકાહ નિઝામુદદીનમાં આવેલો હતો.

૩. શેખ નસીરુદદીન મહમુદ જે અત્યારે પણ ચિરાગ-એ-દિલ્હી તરીકે પ્રસિદ્ધ છે.

૪. મહાન કવિ વિદ્વાન અમીર ખુશરો.

૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ બાદ મુગલ સત્તા નબળી પડતાં દિલ્હી પણ નિર્બળ થયું. ઈ.સ. ૧૮૦૨-૦૩માં અંગ્રેજોએ દિલ્હી જીતી લીધું. કાશ્મીર ગેટ એટલે કે કાશ્મીર દરવાજો અને સીવીલ લાઈન્સ હવે દિલ્હીના અગત્યના સ્થળો બન્યા. જયાં બ્રિટીશરોએ અનેક ઈમારતોની રચના કરી. ૧૯૧૧માં દિલ્હીને ભારતનું પાટનગર બનાવવામાં આવ્યું અને નવા શહેરની સ્થાપના કરવામાં આવી. જે નવી દિલ્હી તરીકે ઓળખાય છે. ઈન્ડિયા ગેટ વિકટરી હાઉસ જે અત્યારે રાષ્ટ્રપતિ ભવન છે, સંસદભવન તથા નોર્થ અને સાઉથ બ્લોક બ્રિટીશ શાસનના આધારસ્તંભો હતા. જે બ્રિટીશ સર્વોપરીતાના પ્રતિક હતા. ૧૯૩૨માં નવી દિલ્હી પૂર્ણ થયું. કોનોટપ્લેસ એ દિલ્હીની મહત્વપૂર્ણ વાણિજિયક ઈમારત હતી. દિલ્હી આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય રીતે ભારતનું કેન્દ્ર રહયું છે. વિશાળ ભવનો, સુંદર બગીચાઓ, વિશાળમાર્ગો, મેટ્રો ટ્રેન, સુંદર એરપોર્ટ, શૈક્ષણિક સંસ્થાઓ, સંગ્રહાલયો, બજારો અને વિશ્વના તમામ દેશોના હાઈકમિશનરોની ઓફિસો દિલ્હીને સૌંદર્ય બક્ષે છે. એવું કહેવાય છે કે દિલ્હી હૈ દિલવાલોંકી.

## પાઠગત પ્રશ્નો ૧૩.૭

૧. દિલ્હીના આપેલા સ્થળોને તેની સાથે જોડાયેલ રાજા સાથે ગોઠવી.

| ક્રમ | શહેરનું નામ | તેને બંધાવનાર રાજાનું નામ |
|---|---|---|
| ૧. | ઈન્દ્રપ્રસ્થ | પૃથ્વીરાજ ચૌહાણ |
| ૨. | લાલકોટ | મોહંમદબીન તુઘલક |
| ૩. | મેહરોલી | યુધિષ્ઠિર |
| ૪. | સીરી | ફિરોઝશાહ તુઘલક |
| ૫. | જહાંપનાહ | હુમાયુ |
| ૬. | તુઘલગાબાદ | શાહજહાં |
| ૭. | ફિરોઝાબાદ | અલાઉદદીન ખિલજી |
| ૮. | દિનપનાંહ | અનંગપાલ તોમર |
| ૯. | શાહજહાંનાબાદ | ગ્યાસુદીન તુઘલક |

૨. જહાંનાહમાં નિવાસ કરનાર ચાર વિખ્યાત સુફી સંતોના નામ આપો.

(૧)................................... (૨)...................................

(૩)................................... (૪)...................................

## તમે આ પાઠમાંથી શું શીખ્યા ?

- ભારતીય સ્થાપત્ય અને શિલ્પકલાનો ઈતિહાસ હડપ્પીય સભ્યતા જેટલો જ જુનો છે.
- ભારતીય સ્થાપત્ય કળા એ ભારતીય સાંસ્કૃતિક વૈવિધ્યને દેશના તમામ પ્રદેશોની સાથે તાદાત્મ્ય સાધ્યું છે. તે સાંસ્કૃતિક પરંપરાઓ, ધાર્મિક રીત-રીવાજોને વિભિન્ન સમયના સંદર્ભમાં સમજાવે છે.
- બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મે ભારતીય સ્થાપત્ય કલાના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે. જેમકે, સ્તુપ, વિહાર અને ચૈત્ય ભવન
- ગુપ્તકાલ પલ્લવો અને ચૌલોના સમયમાં મંદિર સ્થાપત્યનો ઘણો વિકાસ થયો છે.
- દિલ્હી સલ્તનત અને મોગલયુગ દરમિયાન ભારતીય સ્થાપત્ય કલામાં ફારસી સ્થાપત્ય કલાનો સમાવેશ થઈ એક નવીન શૈલી ઈન્ડો-પર્શીયનનો ઉદભવ થયો.
- બ્રિટીશર્સ અને અન્ય સંસ્થાનવાદી યુરોપીયન દેશોએ ભારતીય સ્થાપત્ય કલામાં ઘણો પ્રભાવ પાથર્યો. તેનાથી ભારતીય કલા સંસ્થાગત કલામાં રૂપાંતરીત થઈ. તેમના દરબારો અને તેમની ઓફીસો, ન્યાયલયો જેવા ભવનમાં યુરોપીયન શૈલી આપણને દષ્ટિગોચર થાય છે.
- હડપ્પીય સભ્યતાના કાળથી નગર આયોજનનો વિશિષ્ટ ઈતિહાસ ભારત ધરાવે છે. જેની શરૂઆત ઈ.સ. પૂર્વે ૨૩૫૦માં થઈ.
- તે સમયે અનેક શહેરો અસ્તિત્વમાં આવ્યા.
- ૧૫૯૪માં ભારતમાં શહેરોની સંખ્યા ૨૮૩૭ જેટલી હતી.
- ૨૦મી સદીની શરૂઆતમાં મુંબઈ, કોલકાતા અને ચેન્નઈ બહું જ મહત્વપૂર્ણ વહીવટી ઔદ્યોગિક અને વાણિજ્યિક શહેરો તરીકે વિકાસ પામ્યા.
- ઈ.સ. ૧૯૧૧માં દિલ્હી બ્રિટીશ ભારતનું પાટનગર બન્યું. જોકે દિલ્હીનો ઈતિહાસ ઘણો જુનો છે.
- એ સ્પષ્ટ છે કે લગભગ ૭ જેટલા મહત્વપૂર્ણ જુના શહેરોએ ભેગા મળીને દિલ્હીની રચના કરી છે. તેમાં ઈન્દ્રપ્રસ્થ, લાલકોટ, મેહરોલી, સીરી, તુઘલખાબાદ, ફિરોઝાબાદ અને શાહજહાંનાબાદનો સમાવેશ થાય છે.

## પાઠાંત સ્વાધ્યાય

૧. હડપ્પીય સભ્યતાની સ્થાપત્ય શૈલીઓનું વર્ણન કરો.

૨. ગુપ્ત પલ્લવો અને ચૌલ શાસકોના મંદિર સ્થાપત્ય કલાનું ભારતીય સ્થાપત્ય કલામાં યોગદાન સ્પષ્ટ કરો.

૩. ભારતમાં શિલ્પ અને સ્થાપત્યની વિભિન્ન શૈલીઓ કયાં કયાં જોવા મળે છે.

૪. બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મે ભારતના સ્થાપત્ય ક્ષેત્રે વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે- વિધાન ચર્ચો.

૫. દિલ્હી સલ્તનતના સમય દરમિયાન બાંધકામ અને સ્થાપત્યોના વિભિન્ન પ્રકારોની ચર્ચા કરો.

૬. મુગલકાળ દરમિયાન ભારતીય, ફારસી, મોંગલ અને મુગલ કળાઓનો સ્થાપત્ય કલામાં કેવી રીતે સંગમ થયો. તેની સ્પષ્ટ સમજુતિ આપો.

૭. તમારા શબ્દોમાં દિલ્હીની કથાનું વર્ણન કરો.

૮. દિલ્હી હૈ દિલવાલોંકી એ શબ્દના સત્યને પ્રદર્શિત કરી તેના પર એક નિબંધ તૈયાર કરો. તેના માટે ઈન્ટરનેટ અથવા સારા પુસ્તકાલયનો ઉપયોગ કરો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો

**૧૩.૧**

૧. મહાન સામ્રાજયના ઉત્થાનથી ભારતીય દ્વિપકલ્પમાં ભારતીય સંસ્કૃતિનો વિકાસ થયો.

૨. મોહેંજો દડોમાં મળી આવેલ જાહેર સ્નાનાગાર તેમના યંત્રવિદ્યાની કુશળતા પ્રદર્શિત કરે છે.

૩. કુશીનગર

૪. લુમ્બિની, સારનાથ, બોધિવૃક્ષ અને કુશીનગર

૫. ગુપ્તકાળ દરમિયાન

૬. ભગવાન બુધ્ધ સાથે સંકળાયેલ ધાર્મિક સ્થાપત્ય

૭. ગુજરાતમાં આવેલ લોથલમાં

**પાઠગત પ્રશ્નોના ઉત્તરો ૧૩.૨**

૧. એક વિશાળ મહેલ જે લાકડામાંથી બનાવવામાં આવેલ.

૨. સાંચી સ્તુપ અને સારનાથ સ્તુપ

૩. સુક્ષ્મ પાષાણ પથ્થરોના પિલ્લરો પર

૪. ગાંધાર કલા, મથુરા શાળા અને અમરાવતી શાળા

૫. ઓરીસ્સામાં

૬. રાષ્ટ્રકુટો

૭. પલ્લવો

૮. મંદિર સ્થાપત્ય શૈલીમાં વિમાન અથવા તો શિખર ઉંચી દિવાલો અને ગોપુરમથી શોભતા પ્રવેશદ્વારોનો સમાવેશ થાય છે.

૯. બૃહદેશ્વર મંદિર

૧૦. મંદિર બનાવટમાં શિખર, ગર્ભગૃહ અને મંડપનો સમાવેશ થાય છે.

૧૧. નરસિંહદેવ પ્રથમ

૧૨. દેલવાડાના મંદિરો

**પાઠગત પ્રશ્નોના ઉત્તરો ૧૩.૩**

૧. ગોળાર્ધ, બાણાગ્ર અને મિનારા

૨. દિલ્હીમાં આવેલ કુવત્તુલ ઈસ્લામ

દિલ્હીમાં આવેલ કુતુબમિનાર

મહંમદ તુઘલકનો મકબરો

ફિરોઝ તુઘલકનો મકબરો

દિલ્હીમાં આવેલ ઈબ્રાહિમ લોદીનો મકબરો

સસારામમાં શેરશાહ સુરનો આવેલ મકબરો

૩. ગોળગુંબજ

૪. મુગલકાળ દરમિયાન ભવનોના બાંધકામમાં સુશોભિત કાર્ય કરવામાં આવતું.

૫. બુલંદ દરવાજા

**પાઠગત પ્રશ્નોના ઉત્તરો ૧૩.૪**

૧. બેસીલીકા, બોમ જીસસ અને સંત ફ્રાન્સીસના ચર્ચ

૨. લુટિયન્સ

૩. ગ્રીક અને રોમન સ્થાપત્ય શૈલીઓ

૪. સંસ્થાનવાદી કલાશૈલીથી પુર્ણ ગૃહ સંગ્રહાલય

૫. ફ્રેન્ચ સ્થપતિ કાર્બુઝિયર

૬. ઓસ્ટ્રિયન સ્થપતિ સ્ટેઈન

૭. (૧) રાજરેવાલ (૨) ચાર્લ્સ કોરીયા

**પાઠગત પ્રશ્નોના ઉત્તરો ૧૩.૫**

૧. આ પ્રકરણમાં હડપ્પા, મોહેંજો દડો, કાલિબંગન, સુરકોટડા, રાજગીર, વારાણસી, અયોધ્યા, હસ્તિનાપુર, ઉજ્જૈન, શ્રાવસ્તિ, કપિલવસ્તુ, કૌશાંમ્બિ સિવાય અન્ય શહેરોનો સમાવેશ થતો નથી.

૨. પણજી, મુંબઈ, મછલીપટ્ટનમ, નાગપટ્ટનમ, મદ્રાસ અને કલકતા સિવાય આ પાઠમાં સમાવેશ થતો નથી.

૩. મસુરી, સિમલા, નૈનીતાલ, દાર્જિલિંગ, શિલોંગ, નીલગીરી અને કોડાઈકેનાલ સિવાય આ પાઠમાં સમાવેશ થતો નથી.

૪. સરકારી અધિકારીઓના નિવાસો

૫. લશ્કરી અધિકારીઓના નિવાસો

**પાઠગત પ્રશ્નોના ઉત્તરો ૧૩.૬**

૧. હાઈકોર્ટ ભવન, આઈસ હાઉસ, સેંટ જહોનનું ચર્ચ, જનરલ પોસ્ટ ઓફિસ સિવાય તેમાં સમાવેશ થતો નથી.

૨. હાવડા બ્રિજ, મારબલ પેલેસ, રાઈટર્સ બિલ્ડીગ, ફોર્ટ વિલીયમ, ઈડન ગાર્ડન અને વિકટોરીયા મેમોરીયલ સિવાય અન્ય સ્થળોનો આ પાઠમાં સમાવેશ થતો નથી.

૩. સચિવાલય, ધારાગૃહ, એલ્ફિન્સ્ટન કોલેજ, વિકટોરીયા ટર્મિનસ અને ગેટવે ઓફ ઈન્ડિયા સિવાય અન્ય સ્થળોનો સમાવેશ થતો નથી.

**પાઠગત પ્રશ્નોના ઉત્તરો ૧૩.૭**

૧.

| ક્રમાંક | શહેરનું નામ | શહેર બંધાવનાર રાજા |
|---|---|---|
| ૧. | ઈન્દ્રપ્રસ્થ | યુધિષ્ઠિર |
| ૨. | લાલકોટ | અનંગપાલ તોમર |
| ૩. | મેહરોલી | પૃથ્વીરાજ ચૌહાણ |
| ૪. | સીરી | અલ્લાઉદ્દીન ખિલજી |
| ૫. | જહાંપનાહ | મોહંમદબીન તુઘલક |
| ૬. | તુઘલકાબાદ | ગ્યાસુદીન તુઘલક |
| ૭. | ફિરોઝાબાદ | ફિરોઝશાહ તુઘલક |
| ૮. | દિનપનાંહ | હુમાયુ |
| ૯. | શાહજહાંનાબાદ | શાહજહાં |

૨. કુત્બુદદીન બખત્યિાર કાકી, નિઝામુદીન ઓલિયા, શેખ નસીરુદદીન મેહમુદ અને અમીર ખુશરો સિવાય અન્ય સુફી સંતોનો સમાવેશ આ પાઠમાં કરવામાં આવ્યો નથી.

# ૧૪

# ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

*વિશ્વમાં વસતા કોઈપણ વ્યક્તિને વૈજ્ઞાનિક વિચારોમાં રસરુચિ હોય છે. જે અજાણ્યું છે તે જાણવામાં અને પ્રયોગશીલ રીતે તેનું નિરીક્ષણ કરવું એ વૈજ્ઞાનિક માનસિકતા દર્શાવે છે. આ કલ્પના જ્યારે સચ્ચાઈ ધારણ કરે છે ત્યારે તેની અનેકવિધતા અને જટિલતાને પણ પ્રદર્શિત કરે છે. વૈજ્ઞાનિકોની એ જવાબદારી છે કે સત્ય પાછળ છુપાયેલા રહસ્યોને માનવતાવાદના વિકાસ માટે ઉજાગર કરે. હવે પછીના આ પ્રકરણમાં તમે આવી જ સત્યની શોધસભર જ્ઞાનના ક્ષેત્રની શોધખોળો અને પ્રયોગો તથા ભારતના લોકોના રોજિંદા જીવનમાં થતાં તેના ઉપયોગ વિશે જાણકારી મેળવશો.*

## હેતુઓ

*આ પાઠને અંતે તમે જાણી શકશો કે*

૧. *ભારતમાં વિજ્ઞાનનો વિકાસ કેવી રીતે થયો.*

૨. *વિભિન્ન વૈજ્ઞાનિક ક્ષેત્રોને અને કયા ભારતીયોએ તેમાં પ્રદાન આપ્યું છે તે.*

૩. *વિભિન્ન સમયે ભારતમાં થયેલ વૈજ્ઞાનિક વિકાસની પાછળ રહેલા પરિબળો અને કારણોને જાણી શકશો.*

૪. *તમે આધુનિક ભારતીય વિજ્ઞાન અને તેના સમૃધ્ધ વૈજ્ઞાનિક વારસાનું સંધાન સાધી શકશો.*

## ૧૪.૧ પ્રાચીન ભારતમાં વિજ્ઞાનનો વિકાસ

*ગણિત જેમાં અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, જ્યોતિષ અને ખગોળવિદ્યાનો સમાવેશ થતો હતો તે ભારતમાં પ્રાચીન કાળથી જ પ્રચલિત હતુ. અંકગણિતને અનેકવિધ નામોથી ઓળખવામાં આવતું. જેમકે, પટ્ટીનગણિત(પાટી પર ગણાતા દાખલા) અંકગણિત આંકડાઓની સાથે ગણાતા દાખલા. ભૂમિતિને રેખાગણિત તરીકે અને બીજગણિતને બીજીવગલેગાણ તરીકે તથા જ્યોતિષ અને ખગોળવિજ્ઞાનને જ્યોતિષની પરિભાષામાં ગણવામાં આવતા.*

### ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજી

*ભારત પાસે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો અતુલ્ય વારસો છે. પ્રાચીનકાળથી જ ધર્મ અને વિજ્ઞાન બહું જ નજીકથી જોડાયેલા છે. આપણે આ વિકાસને ક્રમશઃ જોવાનો પ્રયત્ન કરીએ.*

### ખગોળશાસ્ત્ર

*ખગોળશાસ્ત્રનો ઉત્તમ વિકાસ થયેલો જોવા મળે છે. ગ્રહોની હિલચાલ અને તેનું નિરીક્ષણ તેની સાથે જોડાયેલ છે. જ્યોતિષ વેદાંગ નામનો ગ્રંથ એ ખગોળવિદ્યા ક્ષેત્રે ઉત્તમ ગ્રંથ હતો. જે ઈ.સ.ની ૪૯૯માં આર્યભટ્ટ દ્વારા રચાયેલો. તેમની કૃતિ આર્યભટ્ટીય ૧૨૧ પ્રકરણોમાં વહેંચાયેલી જ્યોતિષવિદ્યાની અદભૂત કૃતિ ગણાય છે. તેમાં વિભિન્ન વિભાગોમાં ખગોળવિદ્યાની વ્યાખ્યાઓ તેના ભાગો, તેની પદ્ધતિઓ અને તેની સાચી સ્થિતિની સમજણ અને તેની હિલચાલની પરિસ્થિતિ તથા સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના ગણતરીપૂર્વકના ઉલ્લેખો જોવા મળે છે. તેમણે કહયું કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે અને તેનો પડછાયો ચંદ્ર પર પડતા ચંદ્રગ્રહણ થાય છે. એવી જ રીતે ચંદ્રનો પડછાયો પૃથ્વી પર પડતાં સૂર્યગ્રહણ સર્જાય છે. આ બધા જ નિરીક્ષણોની વિશદ ચર્ચા વરાહમિહિરે તેમના વિખ્યાત ગ્રંથ પંચસિદ્ધાંતિકામાં આપેલા છે. જેને ખગોળવિદ્યાની પાંચ શાખાઓ સમાવિષ્ટ કરતું મહાન પુસ્તક ગણવામા આવે છે. આર્યભટ્ટે વૈદિક ખગોળવિદ્યાને વૈજ્ઞાનિક પદ્ધતિએ મુકી અને તેમના અનુગામીઓ માટે એક માર્ગદર્શિકા તૈયાર કરી. પ્રાચીનકાળમાં જ્યોતિષવિદ્યા અને કુંડળીનું શિક્ષણ અપાતું હતું. આર્યભટે પરંપરાગત ચાલ્યા આવતા ખ્યાલોને વૈજ્ઞાનિક પ્રયોગમૂલક બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો.*

### ગણિત

*હડપ્પીય સભ્યતામાં જોવા મળતું નગરઆયોજન તેમના ભૂમિતિ અને માપવિદ્યાના જ્ઞાનને દર્શાવે છે. ઈ.સ.ની ૩જી સદીમાં ગણિતશાસ્ત્ર એક સ્વતંત્ર વિજ્ઞાન તરીકે ઉપસી આવ્યું. શૂલ્વસૂત્ર એ ભારતમાં ગણિતશાસ્ત્રની પરીપાટી શરૂ કરનાર મહત્વપૂર્ણ ગ્રંથ છે.*

*ઈ. પૂ. ની બીજી સદીમાં આપસ્તંભ નામનો ગ્રંથ બહું જ સુક્ષ્મતાથી ખુણાઓને દર્શાવી ભૂમિતિમાં પોતાનું અમુલ્ય પ્રદાન દર્શાવે છે. તેની મદદથી તત્કાલીન પ્રજા અગ્નિવેદીઓ તૈયાર કરતી. ગણિતશાસ્ત્રમાં મુખ્ય ત્રણ પદ્ધતિઓ આ સમયે અસ્તિત્વમાં આવેલી જણાય છે. જેમાં શુન્યનો ઉપયોગ દશાંસ પદ્ધતિ*

અને માપપદ્ધતિનો સમાવેશ થાય છે. આ નંબરોને રોમન અંકશાસ્ત્ર સાથે સરખાવવામાં આવતા હતા. શુન્યની શોધ ઈ.સ. પૂર્વે બીજી સદીમાં ભારતમાં થયેલી જણાય છે. બ્રહ્મગુપ્તનો બ્રહ્મસ્ફૂટનો સિદ્ધાંત એ પ્રથમ ગ્રંથ હતો. જેણે શૂન્યને એક અંક તરીકે પરિષ્કૃત કર્યો હતો. તેણે શૂન્યને ઉપયોગમાં લેવાના નિયમો પણ તૈયાર કર્યા હતા અને બીજા અંકો સાથ તેને કેવી રીતે જોડી શકાય. તે પણ સ્પષ્ટ કર્યુ હતું. આર્યભટ્ટે બીજગણિત અને ત્રિકોણને પરિષ્કૃત કરી ત્રિકોણમિતિનો આવિસ્કાર કર્યો હતો.

સૂર્યસિદ્ધાંત નામનો બહું જ વિખ્યાત ગ્રંથ આ સમયમાં જોવા મળે છે. ઈ.સ.ની ૬ઠ્ઠી સદીમાં વરાહમિહિરનું બૃહદસંહિતા અન્ય એક ખગોળશાસ્ત્રનું પાયાનું કાર્ય જોવા મળે છે. તે પ્રમાણે ચંદ્ર પૃથ્વીની આસપાસ અને પૃથ્વી સૂર્યની અસપાસ પ્રદક્ષિણા કરે છે. તેવું વૈજ્ઞાનિક સત્ય તેમણે તેમાં જણાવ્યું છે. ત્યારપછી થયેલ મોટા ભાગની ખગોળશાસ્ત્રીય શોધખોળો આ સિદ્ધાંત પર આધારીત હતી. ગણિત અને ખગોળવિદ્યા સંયુક્ત રીતે સમય અને બ્રહ્માંડના રહસ્યોનો પામવામાં કાર્ય કરી રહી હતી. જે હવે પછીના વિકાસના પાયામાં રહેવાની હતી.

### વૈદકશાસ્ત્ર

રોગ તેનું નિદાન અને તેના ઔષધોને સંયુક્ત રીતે સમજાવવા સર્વપ્રથમ અથર્વવેદે કાર્ય કર્યુ. તાવ, શરદી, કંપવા, ઝાડા, રક્તપિત, ઓરી, અછબડા જેવા અનેક રોગોનો તેમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે. પુરાણી માન્યતાઓમાં કોઈ ભેદી તત્વ માણસના શરીરમાં પ્રવેશી આવા રોગ ઉત્પન્ન કરતું તેવું મનાતું અને તેને માટે જાદુઈવિદ્યા અજમાવવામાં આવતી.

ઈ.સ. પૂર્વે ૬ઠ્ઠી સદી એ તાર્કિક વિજ્ઞાનની સદી ગણાવી શકાય. તક્ષશિલા અને વારાણસી જેવા વૈદિક શાસ્ત્રના મહત્વપૂર્ણ કેન્દ્રો આ સમયે અસ્તિત્વમાં આવે છે. ચરક દ્વારા રચિત ચરકસંહિતા અને સુશ્રુત દ્વારા રચિત સુશ્રુતસંહિતા પ્રાચીન ભારતના સૌથી મહત્વના ગ્રંથો હતા. ચીન, મધ્યએશિયા જેવા અનેક દૂરના પ્રદેશોમાં પણ તેમનું આ જ્ઞાન પહોંચ્યું હતું અને વિભિન્ન ભાગાઓમાં તેમના કાર્યનો અનુવાદ પણ થયો હતો.

વનસ્પતિનો વૈદકશાસ્ત્રમાં દવાઓ તરીકે ઉપયોગ થઈ શકે તેવું ચરકસંહિતાએ સ્પષ્ટ કર્યુ. ૪ થી સદીમાં વાઢકાપવિદ્યા(શસ્ત્રક્રિયા) પણ શરું થઈ. આ શસ્ત્રક્રિયાની વિદ્યાના જનક તરીકે સુશ્રુતને ગણવામાં આવે છે. એમણે ૧૨૧ જેટલા વાઢકાપવિદ્યાના સાધનોની ચર્ચા કરી છે અને શસ્ત્રવિદ્યાને વૈદકશાસ્ત્રમાં સૌથી ઉચ્ચસ્થાન આપ્યું છે. તેમણે ઓપરેશનની પદ્ધતિ, હાડકા સાંધવાની પદ્ધતિ, આંખના મોતિયાની સારવાર જેવી વિભિન્ન બાબતોને સ્પષ્ટ રીતે ચર્ચી છે. પ્લાસ્ટિક સર્જરીથી પણ પ્રાચીન ભારતના લોકો પરિચિત હતા જેમાં નાક, કાન અને હોઠની સર્જરી કરવામાં આવતી. સુશ્રુત ૭૬૦ જેટલી વનસ્પતિનો ઉપયોગ વૈદકશાસ્ત્રમાં થતો હતો તેમ સ્પષ્ટ કરે છે. વનસ્પતિના મૂળ, ડાળીઓ, ફૂલો અને પાંદડાંઓ જુદાં જુદાં રોગોમાં ઉપયોગમાં લઈ શકાય તેમ પણ સ્પષ્ટ કરે છે. માનસિક તાણ, આહારની ખોટી ટેવોને લીધે ઉત્પન્ન થાય છે તેવું પણ સ્પષ્ટ કરે છે અને મીઠાં વગરના આહારની

ભલામણ કરતાં ડાયેટ પ્લાન પણ આપે છે. ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા એ ભારતીય વૈદકશાસ્ત્રના વિકાસમાં પાયારૂપ ભૂમિકા ભજવે છે. જોકે શરૂઆતમાં વાઢકાપવિદ્યા વાળંદના સાધનોથી થતી હતી.

**ધાતુવિદ્યા**

હડપ્પીય સભ્યતામાં મળી આવેલ ગિલીટ કરેલ વાસણો અને તામ્ર તથા કાંસ્યના ઓજારો દર્શાવે છે કે તેમની પાસે અત્યંત વિકસિત ધાતુવિદ્યાનું જ્ઞાન હોવું જોઈએ. વૈદિકયુગના લોકો અનાજ અને શાકભાજીને સાચવી રાખવાનું જાણતા તેમજ ડાઈ બનાવવાનું પણ જ્ઞાન વિકસ્યું હતું.

ઈ.સ.ની પ્રથમ સદીથી લોખંડ, તાંબુ, જસત, સોનુ, પિત્તળ વગેરેનું સ્વતંત્ર ઉત્પાદન મોટા પાયા પર ભારતમાં થતું હતું. લોહસ્તંભ જે કુતુબમિનાર પાસે આવેલો છે. એ તેનું ઉત્તમ ઉદાહરણ છે. એસિડ અને બેઈઝનો ઉપયોગ દવાઓ બનાવવા થતો હતો. રંગો અને ડાઈ બનાવવાની પ્રૌદ્યોગિકીનો વિકાસ પણ થયો હતો. ખાસ કરીને કાપડ ઉદ્યોગમાં તે સૌથી વધારે ઉપયોગમાં લેવાતી. અજંતાના ચિત્રો રંગોની શ્રેષ્ઠતા દર્શાવે છે. જે આજ સુધી રંગકલાના વૈશ્વિકક્ષેત્રે ઉત્તમ નમુના છે.

ભાગલપુર પાસે આવેલ સુલતાનગંજમાંથી મળી આવેલ ૨ મીટર ઉંચી બુધ્ધની કાંસ્યપ્રતિમા એ ધાતુવિદ્યાનું ભારતનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ ગણાવી શકાય.

**ભૂગોળ**

મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સાતત્યસભર ચાલતા સંવાદનું પ્રતિક આપણને ભૂગોળના વિકાસમાં જોવા મળે છે. લોકો પોતાની ભૌગોલિક પરિસ્થિતિથી જ્ઞાત હતા. એટલું જ નહિં ચીન અને પશ્ચિમના દેશો જયારે પૃથ્વી અને પોતાની ભૌગોલિક પરિસ્થિતિથી અજાણ હતા. ત્યારે ભારતીયોએ આ ક્ષેત્રે ખાસ્સું પ્રદાન કર્યુ હતું. દરિયાઈ વહાણોના બાંધકામનો ઉદ્યોગ પ્રાચીન ભારતનો પ્રમુખ ઉદ્યોગ હતો. જે ભારતીયોના દિશાઓ પરત્વેના જ્ઞાનને અને ભૌગોલિક પરિસ્થિતિના જ્ઞાનને દર્શાવે છે. ગુજરાતમાં મળી આવેલ હડપ્પીય સ્થળ લોથલમાં બંદરનો ધક્કો મળી આવ્યો છે. જે તત્કાલીન સમયે દરિયાઈ માર્ગે વિશ્વ સાથે ભારતનું જોડાણ સ્પષ્ટ કરે છે. તીર્થ અને તીર્થયાત્રા જેવા ખ્યાલો જે શરૂઆતના મધ્યયુગીન સમયમાં જોવા મળે છે. તે બહું જ મોટા સમુહના ભૌગોલિક જ્ઞાનને જાણીતું કરવા મદદરૂપ થતાં તેનાથી લોકોને વિભિન્ન સ્થળોની ભૌગોલિક માહિતી મળતી. પુરાણ અને સ્થળપુરાણ જેવા ખ્યાલોએ પણ આ જ્ઞાનમાં વધારો કર્યો.

**પાઠગત પ્રશ્નો ૧૪.૧**

૧. વૈજ્ઞાનિક વિકાસનું મહત્વ શું છે ?

..........................................................................

૨. આર્યભટ્ટનું ખગોળવિદ્યા પરત્વે શું પ્રદાન હતું ?

.........................................................................

૩. આપસ્તંભ શું છે ? ગણિતશાસ્ત્રમાં તેનું પ્રદાન ચર્ચો.

.........................................................................

૪. પ્રાચીન ભારતમાં ગણિતશાસ્ત્રના ક્ષેત્રે મુખ્ય ત્રણ શાખાઓની ચર્ચા કરો.

.........................................................................

૫. પ્રાચીન ભારતનો કયો વૈદકગ્રંથ વનસ્પતિનો દવાઓ તરીકે ઉપયોગ થાય છે તેવું દર્શાવે છે.

.........................................................................

૬. સુશ્રુતસંહિતામાં વાઢકાપવિદ્યાના કેટલા સાધનોની ચર્ચા કરવામાં આવી છે.

.........................................................................

૭. ભારતીય વૈદકશાસ્ત્રમાં મહત્વપૂર્ણ બે ગ્રંથોના નામ આપો.

.........................................................................

૮. પ્રાચીન ભારતના લોકો દવા તરીકે ઉપયોગમાં લેવાતી કેટલી વનસ્પતિને જાણતા હતા.

.........................................................................

## ૧૪.૨ મધ્યકાલીન ભારતમાં વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકીય વિકાસ

મધ્યકાલીન સમય (૧૧મી સદીથી ૧૮મી સદી) દરમિયાન ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકના વિકાસને બે ભાગમાં વહેંચી શકાય. એક વિભાગ જે પરંપરાગત રીતે ચાલ્યો આવતો હતો. તે અને બીજો જે કેટલીક નવીન બાબતો સાથે ખાસ કરીને ઈસ્લામ અને યુરોપીયન પ્રજાના પ્રભાવથી ઉત્પન્ન થયો તેને ગણાવી શકાય. મકતબ અને મદ્રેસા એ આ ક્ષેત્રે નવીનતમ જ્ઞાનનો ઉમેરો કર્યો. રાજદરબાર તેને મદદ કરતો. શેખ અબ્દુલા અને શેખ અઝિઝૂલ્લા નામના બે ભાઈઓ એ ભારતમાં તાર્કિક વિજ્ઞાનના પુરસ્કર્તા હતા. જેને ઈસ્લામી વિશ્વમાં મગુલત કહેવામાં આવે છે. તેઓ સંભલ અને આગ્રા મદ્રેસાના વડા હતા. અનેક વિદ્વાનો અરેબીયા, ફારસ અને મધ્યએશિયાથી આવી મદ્રેસાઓમાં શિક્ષણ આપવા માટે ખાસ આમંત્રિત કરાતા.

આ સમયે ભારતમાં અનેક કારખાનાનો જન્મ આપણે જોઈએ છીએ. જેની શરૂઆત ખુદ સુલતાનો અને ઉમરાવો કરતા એટલું જ નહિ. તેમની જરુરીયાતો સંતોષવા કારખાનાઓના અલાયદા સરકારી વિભાગો પણ ઉભાં કરવામાં આવતાં. કારખાનાઓમાં પ્રૌદ્યોગિક અને ઉત્પાદનની તાલીમ

પણ અપાતી હતી. કારખાનામાં તૈયાર થયેલ તાલીમબધ્ધ લોકોને અન્ય સ્થળોએ મોકલવામાં આવતા અને ક્રમશઃ તેનો વિકાસ કરવામાં આવતો.

મુસ્લિમ શાસકોએ ભારતમાં પ્રાથમિક શિક્ષણમાં ઘણાં સુધારા કર્યા હતા. જેમાં અંકગણિત, ભૂમિતિ, ખગોળશાસ્ત્ર, નામું, જાહેરવહિવટ અને કૃષિવિભાગનો સમાવેશ થાય છે. જોકે વિજ્ઞાનનો બહુ મોટો વિકાસ થયેલો જણાતો નથી. આ બધા પ્રયત્નો ભારતીય પરંપરાગત વૈજ્ઞાનિક સંસ્કૃતિની સાથે તાદાત્મ્ય સાધવાના હતા.

### જૈવવિદ્યા

હમસાદેવાએ ૧૩મી સદીમાં રચેલ માર્ગા-પાસી-શાસ્ત્ર નામનો ગ્રંથ જીવવિદ્યા ક્ષેત્રે મહત્વપૂર્ણ ગણાવી શકાય. મધ્યકાલીન શાસકો યોધ્ધાઓ હતા અને શિકારના શોખીન હતા. તેઓ ઘોડા, કુતરા, ચિત્તા જેવા ઘરેલું અને જંગલીપ્રાણીઓ સાથે કામ પાર પાડતાં. અકબરે ઘરેલું પ્રાણીઓના વિકાસ માટે અને તેમની ઉત્તમ ઓલાદો ઉભી કરવાના ખાસ પ્રયત્નો કર્યા હતા. જેમાં હાથી અને ઘોડાનો સમાવેશ થાય છે. તુઝુક-એ-જહાંગીરીમાં જહાંગીરના સમયમાં પ્રાણીઓની ઉચ્ચતમ ઓલાદો વિકસાવવાના થયેલા પ્રયોગો વિશે ચર્ચા થયેલી છે. જહાંગીર પ્રાણીઓની ૩૬ સંકર જાતો વિશે ખુબ વિશદ ચર્ચા કરે છે. તેના દરબારમાં પ્રાણીઓના અદભૂત ચિત્રો દોરનાર મહાનચિત્રકાર મનસુર હતો. તેના ચિત્રો અત્યારે પણ સંગ્રહાલયમાં સંગ્રહિત છે. જહાંગીર પ્રકૃતિપ્રેમી હતો. તેણે ૫૭ જેટલા વિભિન્ન ફૂલછોડની વિશદ ચર્ચા પણ કરી છે.

### ગણિત

૭મી સદીમાં બ્રહ્મગુપ્તાએ ગણિતક્ષેત્રે વિસ્તૃત ચર્ચા કરી ઋણ નંબરની પદ્ધતિ અને ધન નંબરની પદ્ધતિને વિકસાવી હતી. જે દર્શાવે છે કે પ્રાચીન ભારતીયો ગણિતનો જીવનમાં પણ કેટલો ઉપયોગ કરતા હશે.

શરૂઆતના મધ્યયુગીન સમયમાં બે ઉત્તમ કાર્યો ગણિત ક્ષેત્રે થયાં જેમાં ગણિતસારા જે શ્રીધરે અને ભાસ્કરે રચેલ લીલાવતીનો સમાવેશ થાય છે. ગણિતસારા ગુણાકાર, ભાગાકાર, ચોરસ અને લંબચોરસ એ બધી બાબતોને સમાવે છે. લીલાવતી પર ગણેશ દૈવજ્ઞ નામના વિદ્વાને રચેલ ટીકા બુધ્ધિવિલાસીની તરીકે જાણીતી છે. જે અંકગણિતમાં ઉત્તમ સંશોધન દર્શાવે છે. ફૈદી નામના વિદ્વાને લીલાવતીનો ૧૬મી સદીમાં ફારસીમાં અનુવાદ કર્યો. તો બીજગણિતનો અનુવાદ શાહજહાંના સમયમાં આતાઉલ્લારશિદીએ કર્યો. અકબરના દરબારમાં બિરાજતા નિલકંઠ જ્યોતિર્વિદે તાઝિક નામે ફારસી પ્રૌદ્યોગિકી પર કાર્ય કર્યુ. અકબરે શિક્ષણમાં ગણિતને એક વિષય તરીકે ખાસ સ્થાન આપવા હુકમ કર્યો હતો. બહાઉદદીન અમુલી, નસીરુદીન તુસી, આરક અને અલકશી એ ગણિતના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રદાન કર્યુ હતું. નસીરુદીન તુસી એ મરઘાં નિરીક્ષણનો સ્થાપક નિર્દેશક હતો.

### રસાયણશાસ્ત્ર

*પ્રાચીન ભારતીય સાહિત્ય કાગળની શોધ પૂર્વે તાડપત્ર અને ભોજપત્ર પર લખાતું. મધ્યકાલીન સમયમાં ભારતમાં કાગળનો ઉપયોગ શરુ થયો. કાશ્મીર, શિયાલકોટ, જાફરાબાદ, પટણા, મુર્શીદાબાદ, અમદાવાદ, ઔરંગાબાદ, મૈસુર જેવા ક્ષેત્રો કાગળના ઉત્પાદનમાં ખ્યાતિ પામ્યા હતા. ટિપુ સુલતાનના સમયમાં મૈસુરમાં કાગળ બનાવવાની ફેક્ટરી પણ સ્થાપિત થઈ હતી. જે સામાન્ય કાગળ ઉપરાંત સોનાની સપાટી ધરાવતા કાગળો તૈયાર કરતી. પેપર બનાવવાની આ પદ્ધતિ લગભગ સમગ્ર દેશમાં એક સાથે ચાલી. જોકે જુદી જુદી જગ્યાએ તેની બનાવટનું સ્વરૂપ અલગ-અલગ હતું.*

*મોગલયુગમાં ભારતમાં દારૂગોળો બનાવવાની પદ્ધતિ પ્રચલિત થઈ હતી. વિસ્ફોટક સામગ્રી બનાવનારા કારીગરો પણ ઉપલબ્ધ હતા. સલ્ફર, ચારકોલ અને સોલ્ટપીટરનો રાસાયણિક ઉપયોગ કરી આવા વિસ્ફોટકો તૈયાર થતાં. હવામાં છોડવા માટેના રોકેટસ અને આગ ઉત્પન્ન કરતા સાધનો પણ તૈયાર થતાં તુઝક-એ-બાબરીમાં બાબરે આ પદ્ધતિઓનો ચિતાર આપ્યો છે. આઈન-એ-અકબરીમાં પણ અકબરકાલીન યુધ્ધસામગ્રીનો ચિતાર આપવામાં આવ્યો છે. ગુલાબનું અત્તર બનાવવાની પરંપરા આ સમયે પ્રખ્યાત થઈ હતી. જે નુરજહાંની માતાએ શોધી હતી. ગ્લેઝડ ટાઈલ્સ અને મૃદબાંડો પણ આ કાળે વિશિષ્ટરૂપે વિકસ્યા.*

### ખગોળશાસ્ત્ર

*મધ્યકાલીન યુગમાં ભારતમાં ઉજ્જૈન, વારાણસી, મથુરા અને દિલ્હી જેવા ક્ષેત્રોમાં વેધશાળાઓ સ્થપાઈ હતી. ફિરોઝશાહ તુઘલકે દિલ્હીમાં મહત્વપૂર્ણ વેધશાળા શરુ કરાવી હતી. તો દોલતાબાદમાં ફિરોઝશાહ બહમનીએ હકીમ હુસેન ગિલાની અને સઈદ મુહમ્મદ કાઝિમીની મદદથી વેધશાળાની સ્થાપના કરી હતી. ચંદ્રપંચાગ અને સૂર્યપંચાગ એમ બંને પંચાગ આ સમયે ઉપયોગમાં લેવામાં આવતાં.*

*ફિરોઝશાહ તુઘલકના રાજદરબારમાં રહેતા વિખ્યાત ખગોળવેત્તા મહેન્દ્રસુરીએ યંત્રજા નામના મહત્વપૂર્ણ ખગોળશાસ્ત્રીય સાધનનો વિકાસ કર્યો હતો. આ સમયના અન્ય જાણીતા ખગોળવેત્તાઓમાં પરમેશ્વરા અને મહાભાસ્કર્યાનો સમાવેશ થાય છે. તેમણે પણ ખગોળશાસ્ત્રના યંત્રોની શોધ કરી હતી. નિલકંઠ સોમસુતવન નામના વિદ્વાને આર્યભટ્ટ પર પોતાની ટીકા રચી હતી. કમાલકર નામના એક વિદ્વાને ઈસ્લામી ખગોળશાસ્ત્રનું ઉંડાણથી અધ્યયન કર્યુ હતું. જયપુરના મહારાજા સવાઈ જયસિંહ બીજાએ પાંચ જેટલી વેધશાળાઓ દિલ્હી, ઉજ્જૈન, વારાણસી, મથુરા અને જયપુર ખાતે સ્થાપિત કરી હતી.*

### વૈદકશાસ્ત્ર

*હૃદયના ધબકારા અને પેશાબના નિરીક્ષણની પદ્ધતિઓ અને તેના પરથી રોગનિદાન કરવાની રીતો આ સમયે પ્રચલિત બની હતી. સારંગધર સંહિતા એ વૈદકશાસ્ત્રમાં અફીણનો દવા તરીકે મહત્વપૂર્ણ*

ઉપયોગ થઈ શકે છે તેવું સ્પષ્ટ કર્યું. રસચિકિત્સા પદ્ધતિ અને વિભિન્ન ખનીજોનો દવાઓ તરીકે ઉપયોગ પણ આ સમયના મહત્વપૂર્ણ લક્ષ્યાંકો હતા. તુહફત-ઉલ-મોમીનીન નામનું મહત્વપૂર્ણ પુસ્તક ૧૭મી સદીમાં મહમ્મદમુનીન દ્વારા રચાયું હતું. જેમાં અનેકવિધ વૈદકપદ્ધતિઓ અને અનેક વૈદોના મતોનું સાયુજય જોવા મળે છે.

વૈદકશાસ્ત્રમાં ભારતમાં યુનાની પદ્ધતિ પણ પ્રચલિત બની હતી. અલી-બીન-રબ્બાન નામના વિખ્યાત વૈદકશાસ્ત્રીએ ગ્રીક વૈદિક પદ્ધતિ અને ભારતીય વૈદિક પદ્ધતિના જ્ઞાનનું સંમિશ્રણ કરતું મહત્વપૂર્ણ પુસ્તક ફિરદોશું-હિકમત પ્રસિદ્ધ કર્યું હતું. મુસ્લિમો યુનાની પદ્ધતિને ભારતમાં લઈ આવ્યા અને ૧૧મી સદીથી તે ભારતમાં વિકસિત થઈ હતી. હકીમ લિયા મોહમ્મદે મઝિની-એ-દિયા નામનું મહત્વપૂર્ણ પુસ્તક વૈદકશાસ્ત્ર પર લખ્યું જેમાં અરબી, પારસી અને ભારતીય આયુર્વેદ વૈદકજ્ઞાનનો સમન્વય જોવા મળે છે. ફિરોઝશાહ તુઘલકે પણ તિબ્બ-એ-ફિરોઝશાહી નામનો વૈદકશાસ્ત્ર પરનો ગ્રંથ લખ્યો. ઔરંગઝેબના દરબારી વૈદ્યે તિબ્બી ઔરંગઝેબી નામનો આયુર્વેદ પર આધારીત મહત્વપૂર્ણ ગ્રંથ રચ્યો. તો દારાશિહોકની સાથે સંકળાયેલ અન્ય એક વિદ્વાન વૈદ્ય નુરુદીન મહમ્મદે મશાલજતી દારાશિકોહી નામનો ગ્રીક વૈદકશાસ્ત્ર પર આધારીત ગ્રંથ રચ્યો.

### કૃષિ

મધ્યકાલીન ખેતી પદ્ધતિ મોટેભાગે પ્રાચીન ભારતીય ખેતી પદ્ધતિ જેવી જ હતી. સમયાંતરે કેટલાક મહત્વપૂર્ણ પરીવર્તનો તેમાં આવ્યા. વિદેશી પ્રવાસીઓએ આ ક્ષેત્રે નવા પાકો વૃક્ષો અને ફુલછોડની શરૂઆત કરાવી. આ સમયના મહત્વપૂર્ણ ખેતીપાકોમાં ઘઉં, ચોખા, બાજરી, દાળો, તેલીબીયા, કપાસ, શેરડી અને ગળી હતા. પશ્ચિમઘાટમાં મરી અને તજ ઉત્તમ કક્ષાના થતાં તો કાશ્મીરમાં ફળો અને કેસરની ખેતી પ્રચલિત હતી. તામિલનાડુમાં ચંદન, આદુ, તજ અને નાળિયેરની ખેતી થતી. જેમાં કેરળ પણ જોડાયું. તમાકુ, મરચા, બટાકા, જામફળ, કાજુ, પાઈનેપલ જેવા પાકો ૧૬મી - ૧૭મી સદીમાં ભારતમાં પ્રચલિત થયાં. માળવા અને બિહારમાં અફિણની ખેતી પુગકળ પ્રમાણમાં થતી. બાગબગીચાઓ અને ફુલોની ખેતી પણ મોટા પ્રમાણમાં વિકસી હતી. ગોવામાં ખ્રિસ્તીઓએ ૧૬મી સદીમાં પરંપરાગત પદ્ધતિથી અલગ રહીને વ્યવસ્થિત રીતે કેરીની ખેતી કરી હતી.

સિંચાઈ વ્યવસ્થામાં આ સમયે કુવાઓ, ટાંકીઓ, નહેરો અને રહટ તથા ચારસ તેમજ ઢેંકલીનો ઉપયોગ થતો. આ મોટાભાગના સાધનોમાં બળદનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થતો. પર્શિયન વીલ આગ્રા જેવા ક્ષેત્રમાં સિંચાઈ વ્યવસ્થામાં ઉપયોગમાં લેવામાં આવતા. કૃષિ પેદાશો અને તેની આવક રાજયની મહત્વપૂર્ણ આવક ગણાતી હોઈ ખેતીની જમીનની માપણી, જમીનનું વિશ્લેષણ અને તેની ફળદ્રુપતા વધારવાના પ્રયત્નો જેવા પગલાં પણ આ સમયમાં લેવાયા.

## પાઠગત પ્રશ્નો ૧૪.૨

૧. મધ્યકાલીન ભારતમાં કારખાનાઓ શું કાર્ય કરતા ?

...........................................................................

૨. ૧૩મી સદીમાં રચાયેલ માર્ગપક્ષીશાસ્ત્રનું સંયોજન કોણે કર્યું હતું ?

...........................................................................

૩. મરઘા નિરીક્ષણ પદ્ધતિના પુરસ્કર્તા કોણ હતા ?

...........................................................................

૪. ફારસી ભાગામાં લીલાવતીનો અનુવાદ કરનાર વિદ્વાનનું નામ આપો.

...........................................................................

૫. કયા મુગલ બાદશાહે ગણિતને એક વિષય તરીકે અભ્યાસક્રમમાં દાખલ કરાવ્યો.

...........................................................................

૬. કાગળની શોધ પૂર્વે સાહિત્યને કયા માધ્યમથી સંગ્રહવામાં આવતું હતું.

...........................................................................

૭. કયું પુસ્તક મધ્યકાલીન ભારતના અગ્રગણ્ય વૈદકશાસ્ત્રનું નિદર્શન કરે છે ?

...........................................................................

૮. નૂરજહાંની માતાએ કયા અત્તરની શોધ કરી હતી ?

...........................................................................

૯. આઈન-એ-અકબરી શેની વિશદ ચર્ચા કરે છે ?


...........................................................................

૧૦. મહારાજા સવાઈ જયસિંહ બીજાએ કેટલી વેધશાળાઓની સ્થાપના કરી હતી ? આ વેધશાળાઓ કયાં આવેલી છે.

...........................................................................

૧૧. યંત્રજા નામના સાધનનો વિકાસ કોણે કર્યો.

...........................................................................





૧૨. યંત્રજા એટલે શું ?

........................................................................

૧૩. કઈ યુનાની વૈદકપદ્ધતિઓ ભારતમાં મુગલયુગ દરમિયાન આવી.

........................................................................

૧૪. રસચિકિત્સા પદ્ધતિ વિશે જણાવો.

........................................................................

૧૫. ૧૬મી અને ૧૭મી સદીના ભારતમાં કયા નવીનતમ ફુલફોડ અસ્તિત્વમાં આવ્યા ?

........................................................................

## ૧૪.૩ આધુનિક ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

સ્વતંત્રતા પછી ભારતમાં વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીના વિકાસને જોતા પૂર્વે આપણે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો અર્થ સમજવા પ્રયત્ન કરીએ. વિજ્ઞાનને આપણે ભૌતિક જગતના જ્ઞાનપ્રાપ્તિની આયોજીત પદ્ધતિ તરીકે મુલવી શકીએ. જ્યારે આ જ્ઞાનનો ઉપયોગ કરી વિકાસ કે ઉત્પાદન કરવાની પ્રવૃત્તિને આપણે પ્રૌદ્યોગિકીથી ઓળખી શકીએ. આ વ્યાખ્યા પ્રમાણે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વર્તમાન સમયમાં એક બીજા સાથે સ્પષ્ટ રીતે સંકળાયેલા છે.

ભારતના રાષ્ટ્રીય વિકાસમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો ફાળો સમજવા સરકારે કરેલા સુનિયોજિત પ્રયત્નોને સમજવા રહયા. બીજી પંચવર્ષીય યોજનાના આધુનિક વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીને સૌથી મહત્વનું પરીબળ ગણવામાં આવ્યું હતું. ઈ.સ.૧૯૭૧માં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના નવીન આયામો ઉભા કરવા ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(ડીએસટી)ની સ્થાપના કરવામાં આવી. એટલું જ નહિં રાજયોમાં પણ આવા જ પ્રકારની કાઉન્સિલની રચના કરવામાં આવી. રાષ્ટ્રીય નીતિના એકભાગરૂપે કેન્દ્ર સરકાર અનેક વૈજ્ઞાનિક સંશોધનો અને વિકાસની યોજનાઓ બનાવી ભારતમાં વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ વધે તે માટે સતત પ્રયત્નશીલ રહેશે. તેમાંની કેટલીક યોજનાઓ અને મુખ્ય પ્રવાહોને આધુનિક ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિશિષ્ટ સંદર્ભે સમજવાનો આપણે પ્રયત્ન કરીશું.

### કૃષિ

એ બાબત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના વિકાસને જ આભારી છે કે કૃષિક્ષેત્રે ભારત આજથી ૩૦ વર્ષ પૂર્વે ૫૦ લાખ ટન અનાજનું ઉત્પાદન કરતું હતું. તે વધીને અત્યારે ૧૩૫ લાખ ટન સુધી પહોચ્યું છે. પાકોની નવીન જાતો, સંકર બિયારણ અને ઉર્જાના મેનેજમેન્ટથી આ શકય બન્યું છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચરલ રીસર્ચ(આઈ.સી.એ.આર) નામની રાષ્ટ્રીય કૃષિ સંસ્થાએ આ ક્ષેત્રે મોખરાનું યોગદાન આપ્યું છે. ૭૩ જેટલી કૃષિ યુનિવર્સિટીઓ, ૩૨ જેટલી વેટરનરી સંસ્થાઓ, ૮ જેટલી કૃષિ ઈજનેરી


કોલેજો અને ડેરી ઉદ્યોગને લગતી કોલેજો સ્થાપીને ભારતે કૃષિક્ષેત્રે હરણફાળ ભરી છે. આઈ.સી.એ.આર. સંસ્થાએ કૃષિના વૈજ્ઞાનિક અભ્યાસને મહત્વ આપી સાથે સાથે તેના લાભાર્થીઓ એવા ખેડૂતોને પણ જાગૃત કરવા માટે તથા તેઓને કૃષિની સાથે જોડાયેલ ઉદ્યોગ ધંધાઓ જેમકે, પ્રાણીઉછેર, મત્સ્યોદ્યોગ અને જંગલોના વિકાસમાં પણ માર્ગદર્શન પુરું પાડયું છે. ચોખાના ઉત્પાદનનો વિસ્તાર ક્રમશઃ વધતો રહયો છે. તો દાળ અને તેલીબીયા જેવા રોકડિયા પાકો હેઠળ આવતી જમીનમાં પણ ખેડાણ કાર્ય વધ્યું છે. સામાજિક વનીકરણનો એક નવો જ ખ્યાલ વિકસ્યો છે. જે અંતર્ગત રાસાયણિક ખાતરોને બદલે જૈવિક કે કુદરતી ખાતરનો પ્રયોગ મુખ્ય છે.

### ઔદ્યોગિકીકરણ

આધુનિક વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીએ ભારતમાં ઔદ્યોગિકીકરણ ક્ષેત્રે ક્રાંતિકારી કાર્ય કર્યું છે. ઔદ્યોગિક વિકાસને ક્ષેત્રે ભારત સરકાર વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો વધુને વધુ ઉપયોગ કરવાના પક્ષમાં રહી છે. બે સરકારી સંસ્થાઓ કાઉન્સિલ ઓફ સાઈન્ટીફીક રીસર્ચ(સી.એસ.આઈ.આર) અને ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન(ડી.આર.ડી.ઓ.) આ ક્ષેત્રે મહત્વપૂર્ણ કાર્ય કરી રહી છે. જેમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રે સામાન્ય લોકોના ભલા માટે અને લશ્કરી હેતુઓ સર મોટા પાયે સંશોધન કાર્ય કરવામાં આવે છે. સી.એસ.આઈ.આર. સંસ્થાએ ઔદ્યોગિક ઉત્પાદનોમાં વેગ લાવવા મોટા પ્રમાણમાં પ્રયોગશાળાઓ ઉભી કરી છે. જેમાં ખાસ કરીને કૃષિ મશીનરી, રસાયણો, દવાઓ, ખાતરો, પાકના રોગ નિવારણ માટેના જંતુનાશકો તથા ફૂડ ટેક્નોલોજી અને ચર્મઉદ્યોગ ક્ષેત્રે તથા કાચ અને સિરામિક, રંગીન ટેલિવીઝન અને અન્ય અનેક ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ સંશોધનોના ઉપયોગથી કોલસાની ખાણોમાંથી ઉત્પાદિત કોલસો અને તેમાંથી ઉત્પન્ન થતી વીજળીનું મહત્તમ ઉત્પાદન થયું છે. લશ્કરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીને ક્ષેત્રે ભારતે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી છે. મિસાઈલોનું ઉત્પાદન કરી ભારતે આ ક્ષેત્રે પોતાના સંશોધનનો પરચો આપ્યો છે. કેટલીક મિસાઈલ તો આવનારા સમયની આવશ્યકતા સમજી વિકસિત કરાઈ ચૂકી છે.

### આણ્વિક ઉર્જા

આણ્વિક ઉર્જાનો વિકાસ કરવાનો ભારતનો હેતુ શાંતિપૂર્ણ છે. તે પ્રજાના હિત માટે વિકસાવી રહયું છે. છેલ્લા ૬૦ વર્ષો દરમિયાન અને ઈ.સ.૧૯૪૮માં એટોમિક એનર્જી કમિશનની સ્થાપના થઈ ત્યારથી ભારતે આ ક્ષેત્રે મહત્વપૂર્ણ વિકાસ કર્યો છે. ટ્રોમ્બેમાં ઈ.સ.૧૯૫૭માં ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર(બી.એ.આર.સી.)ની સ્થાપના કરવામાં આવી. ભારતની આ સૌથી મોટી વૈજ્ઞાનિક સંસ્થા ગણાવી શકાય. તારાપુર(મહારાષ્ટ્ર) ખાતે ન્યુક્લિયર પાવર સ્ટેશન પણ ઉભું કરવામાં આવ્યું. તો આવા જ ન્યુક્લિયર પાવર સ્ટેશન કોટા(રાજસ્થાન), કલપક્કમ(તામિલનાડુ), નરોરા(ઉત્તરપ્રદેશ) અને કાંકરાપાર(ગુજરાત) ખાતે ઉભાં કરવામાં આવ્યા. ત્યારપછીના વિકાસના તબક્કામાં ભારતે ન્યુક્લિયર પાવર રીએક્ટર સ્થાપવાનું શરું કર્યું. પરીણામે આજે ભારત વિશ્વના એવા ગણ્યાગાંઠ્યા





રાષ્ટ્રોમાંનું એક છે. જેણે સ્વતંત્રપણે પોતાના આગવા સંશોધનથી ન્યુક્લિયર રીએક્ટર્સ ઉભાં કર્યા હોય. એટલે કે કોઈપણ પ્રકારની વિદેશી ટેકનોલોજીની મદદ વગર ભારતે આ ક્ષેત્રે વિશ્વમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું. ન્યુક્લિયર વિજ્ઞાન ઉપરાંત ભારતે વિકાસન કાર્યોમાં ખુબ અગત્યના સંશોધનો કર્યા જેમાં ઈલેક્ટ્રોનિક્સ, જીવવિદ્યા, કૃષિ, દવા અને ધાતુવિદ્યા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

## અંતરિક્ષ પ્રૌદ્યોગિકી

ભારતનો અંતરિક્ષ વિકાસનો કાર્યક્રમ રાષ્ટ્રના વિકાસ માટે સ્વતંત્ર પ્રૌદ્યોગિકી વિકસાવવનો રહયો છે. ભારતે આ ક્ષેત્રે ખાસ્સી સફળતા પ્રાપ્ત કરી છે. ૧૯૭૫માં સૌ પ્રથમ વખત અવકાશમાં આર્યભટ્ટ નામનો ઉપગ્રહ તરતો મુકી ભારતે અંતરિક્ષ પૌદ્યોગિકી ક્ષેત્રના મંડાણ કર્યા. ત્યારબાદ ભાસ્કર પ્રથમ અને ભાસ્કર દ્વિતીય સોવિયેત રશિયાથી અંતરિક્ષમાં તરતા મુકવામાં આવ્યા. સંપુર્ણ ભારતીય બનાવટનું એસ.એલ.વી.-૩ રોહિણી નામનો ઉપગ્રહ અને એપલ ઉપગ્રહ યુરોપીય એરિયાના રોકેટ પણ અંતરિક્ષમાં છોડવામાં સફળતા પ્રાપ્ત કરી. અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને તેમજ સામાન્ય પ્રજાને ઉપગ્રહ આધારીત શિક્ષણ આપવાનો પણ પ્રયોગ કરવામાં આવ્યો. એસ.આઈ.ટી.ઈ.ની આ માટે ૧૯૭૫માં રચના કરવામાં આવી. તો સાથેસાથે ઈન્સેટ-૧ આઈ.બી. ૧૯૮૩માં અવકાશમાં તરતો મુકવામાં આવ્યો. જેનો ઉપયોગ રેડીયો, ટેલિવિઝન, સંચાર અને સંદેશાવ્યવહાર તથા આબોહવાની આગાહી સંદર્ભે થવા લાગ્યો. ૧૯૮૫ થી ૧૯૯૫ના દસકામાં ભારતે બૃહદ અંતરીક્ષ કાર્યક્રમનું આયોજન કર્યું. જેનો હેતુ સ્પેસ ટેકનોલોજીને સમગ્ર રાષ્ટ્રમાં સંદેશાવ્યવહાર, સર્વે અને કુદરતી સંસાધનોની શોધખોળનો હતો.

## ઈલેક્ટ્રોનિક્સ

સ્વતંત્રતા મળી ત્યારથી જ ભારતે વિભિન્ન ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓને ક્ષેત્રે બહોળા ઉત્પાદનની ક્ષતા ઉભી કરી હતી. રેડીયો, ટેલિવિઝન, સંચારવ્યવસ્થા, બ્રોડકાસ્ટીગના સાધનો, રડાર, ન્યુક્લિયર રીએક્ટર્સ, પાવર કન્ટ્રોલ સીસ્ટમ્સ અને અન્ડર વોટર સીસ્ટમ વિકસાવી હતી. આ બધી બાબતો માટે ખુબ મોટા પ્રમાણમાં જરુરી સાધનોનું ઉત્પાદન પણ ભારતે સ્વતંત્રપણે કર્યુ. છેલ્લા દસકામાં ૧૮% જેટલો વિકાસદર આ ક્ષેત્રે ભારતે મેળવ્યો છે. ભારત અત્યારે વિશ્વના અનેક દેશોમાં ઈલેક્ટ્રોનિક વસ્તુઓના વિભિન્ન ભાગોને નિકાસ કરે છે. કોમ્પ્યુટરે આ ક્ષેત્રે વધુ ક્ષમતા ઉભી કરવામાં મદદ કરી છે. ચંદીગઢમાં સેમીકન્ડક્ટર લીમીટેડ તો મુંબઈમાં નેશનલ કોમ્પ્યુટર સેન્ટર અને દિલ્હી ખાતે નેશનલ ઈન્ફર્મેશન સેન્ટર જેવા પ્રાદેશિક કોમ્પ્યુટર સેન્ટર ઉભા કરી ભારતે ઈલેક્ટ્રોનિક્સના ઉદ્યોગમાં હરણફાળ ભરી છે.

## આરોગ્ય અને દાકતરી વિજ્ઞાન

દવાશાસ્ત્ર અને દવાઓના ઉત્પાદનને ક્ષેત્રે ભારતે ઘણો વિકાસ કર્યો છે. અનેક રોગોની દવાઓ ભારત

બનાવી શકે છે. શીતળા અને ઓરી જેવા રોગોને ભારત નાથી શક્યું છે. તો ભારતમાં ટી.બી., મેલેરીયા, ફાઈલેરીયા, ગળસૂંઢો અને કેન્સર જેવા રોગો માટે દવાઓ વિકસાવવાનું શકય બન્યું છે. તેને માટે ભારત આ ક્ષેત્રોમાં સંશોધનને ખૂબ પ્રોત્સાહન આપે છે. ભારતમાં આ ક્ષેત્રે થયેલા કાર્યોથી મૃત્યુંદરમાં ખાસ્સો ઘટાડો નોંધાયો છે. એટલુંજ નહિં રસીકરણના કાર્યક્રમોને કારણે બાળમૃત્યુંદર પણ ઘણો ઘટી ચૂકયો છે. સરકારી ચિકિત્સાલયો, ડિસ્પેન્સરી, રીસર્ચ કાઉન્સિલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની એક સાંકળ રચી ભારતે ગ્રામીણ ક્ષેત્ર સુધી લોકોના સ્વાસ્થ્ય સુધારવા પ્રયત્ન કર્યા છે.

### સમુદ્રવિજ્ઞાન અને દરીયાઈ વિકાસ

દરીયાઈ વિકાસને ક્ષેત્રે પણ ભારતે ઘણું કાર્ય કર્યુ છે. દરીયાના પેટાળમાં રહેલા ખનીજતેલ પ્રાપ્ત કરવા સંશોધનો હાથ ધર્યા છે. એટલુંજ નહિં મત્સ્યોદ્યોગનો પણ ઘણો વિકાસ ભારતમાં થયો છે. ઓસન ડેવલપમેન્ટ નામના એક સ્વતંત્ર વિભાગની ૧૯૮૧માં સ્થાપના કરવામાં આવી. જેના પ્રમુખપદે ભારતના પ્રધાનમંત્રી બિરાજે છે. આ વિભાગ સમુદ્રને લગતા સંશોધનો કરે છે. આ વિભાગ પાસે બે સમુદ્રીવાહકો છે જે અનુક્રમે ઓ.આર.વી. સાગરકન્યા અને એફ.ઓ.આર.વી. સાગરસંપદાથી ઓળખાય છે. આ વિભાગ સમુદ્રશાસ્ત્ર, સમુદ્રના રસાયણો, સમુદ્રના પેટાળમાં ચાલતી પ્રવૃત્તિઓ, સમુદ્રીજીવો અને સમુદ્રીખનીજતત્વો વિશે સંશોધન કરે છે. છેલ્લા થોડા વર્ગોમાં ભારતે સમુદ્રમાં ખાણ કાર્ય પણ શરું કર્યુ છે. આવા જ સંશોધન માટેના સમુદ્રીવાહકો ગવેષણા અને દક્ષિણ ગંગોત્રીને એન્ટાર્કટિકા ખંડમાં સંશોધન માટે મોકલવામાં આવ્યા છે.

### અન્યક્ષેત્રો

ઉપર્યુક્ત મુખ્ય બાબતો સિવાય ભારતે અન્ય ક્ષેત્રો જેવા કે ખનીજતેલના ઉત્ખનન માટે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન(ઓ.એન.જી.સી.)ની સ્થાપના કરી છે. સાથેસાથે તેની રીફાઈનરીઓની રચના કરવામાં આવી છે. પર્યાવરણના રક્ષણ માટે નેશનલ કમિટિ ફોર એન્વાયરમેન્ટલ પ્લાનીંગ તેમજ સૂર્ય ઉર્જાના વિકાસ માટે સોલર એનર્જી વિભાગની પણ સ્થાપના કરી છે. સેન્ટ્રલ ગંગા ઓથોરીટી નામનો વિભાગ ગંગા નદીમાં થતાં પ્રદુષણને રોકવા માટે ખાસ ઉભો કરવામાં આવ્યો છે. જેના અંતર્ગત ગંદા પાણીને ચોખ્ખા પાણીમાં બદલવાના પ્રયોગો થઈ રહયા છે.

### વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસનું મૂલ્યાંકન

એ સ્પષ્ટ છે કે ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો વિકાસ ખૂબ સારો થયો છે. અનેક નવીન પદ્ધતિઓ, ઉચ્ચ ગુણવત્તાની ચીજવસ્તુઓ, ઉત્પાદનમાં વૃધ્ધિથી દેશનો વિકાસ થયો છે. ભારત ખૂબ ઝડપથી આ ક્ષેત્રે આગેકૂચ કરી રહ્યું છે. ખાસ કરીને અંતરીક્ષ વિજ્ઞાન અને એટોમિક એનર્જીના ક્ષેત્રમાં ભારત પાસે આધુનિક પ્રૌદ્યોગિકીનો મજબુત પાયો છે. એટલું જ નહિં ભારત વિશ્વમાં ત્રીજા નંબરનું વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકી માનવસંસાધન ધરાવતું રાષ્ટ્ર છે.

ભારતની આ વિકાસગાથામાં કેટલાક અગત્યના પ્રશ્નો પણ છે. પાયાના ઉત્પાદનો જેવા કે કાપડ ઉદ્યોગ અને સ્ટીલ હજી પણ વિદેશી પ્રૌદ્યોગિકી ઉપર આધારીત છે. ભારત આ ક્ષેત્રે નવીન ટેકનોલોજી વિકસાવી શકયું નથી. અનેક અગત્યના ક્ષેત્રો જેમકે, લશ્કરમાં અત્યાધુનિક શસ્ત્રાસ્ત્રો વિકસાવવામાં ભારત હજું સફળ થયું નથી. વિકસિત રાષ્ટ્રો કરતાં ભારત આ દિશામાં ઘણું પછાત છે. ગરીબો માટેના રહેઠાણ જેવી બાબતોમાં પણ ભારત ઘણું પછાત છે. ન્યુક્લિયર એનર્જી અને અંતરીક્ષ ક્ષેત્રે ભારતે ઘણાં સંશોધનો કર્યા છે. પરંતુ તેનાથી મોટી સંખ્યામાં રહેલા ગરીબોને કોઈ મદદ મળી નથી. આપણે એમ કહી શકીએ કે જયાં સુધી સંપુર્ણ ભારતીય પ્રજામાં સમાનતા લાવે તેવી આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભારતે વિકાસ કરવો જોઈએ.

## પાઠગતપ્રશ્નો ૧૪.૩

૧. વિજ્ઞાન એટલે શું ?

.........................................................................

૨. પ્રૌદ્યોગિકીની વ્યાખ્યા આપો.

.........................................................................

૩. ભારત સરકારે ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની સ્થાપના કયારે કરી ?

.........................................................................

૪. સામાન્ય લોકો માટે અને લશ્કરના હેતુઓ માટે કાર્ય કરતી બે સરકારી સંસ્થાઓના નામ આપો. જે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે સંશોધન કરતી હોય.

.........................................................................

૫. ભારતમાં આવેલા ૫ ન્યુક્લિયર પાવર સ્ટેશનોના નામ આપો.

.........................................................................

૬. ભાભા એટમિક રીસર્ચ સેન્ટરની સ્થાપના કયાં અને કયારે કરવામાં આવી ?

.........................................................................

૭. ભારતનો પ્રથમ અંતરીક્ષ ઉપગ્રહ કયો છે ?

.........................................................................

૮. ઈન્સેટ-૧ બી ઉપગ્રહનું કાર્ય શું છે ?

.............................................................................

૯. રસીકરણના કાર્યક્રમથી ભારતને શું ફાયદો થયો ?

.............................................................................

૧૦ દક્ષિણ ગંગોત્રી નામની પરીયોજના ભારતે ક્યાં અમલી બનાવી છે ?

.............................................................................

૧૧. સમુદ્રી વિજ્ઞાનનો વિભાગ કયા ક્ષેત્રમાં વિભિન્ન પ્રવૃત્તિઓ કરે છે ?

.............................................................................

૧૨. ગંગાનદીમાં થતાં પ્રદુષણને રોકવા માટે કઈ સંસ્થા કાર્યકરત છે ?

.............................................................................

૧૩. ખનીજતેલનું ઉત્ખનન કરતી અને કુદરતી વાયુઓની રીફાઈનરી ધરાવતી રાષ્ટ્રીય સંસ્થાનું નામ આપો.

.............................................................................

૧૪. ભારતમાં વિદેશી ટેકનોલોજીની આયાતના ગેરફાયદા જણાવો.

.............................................................................

## તમે શું શીખ્યા

- પ્રાચીન ભારતીય લોકો વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે ઘણાં વિકસિત હતા.
- જ્યોતિષવિદ્યા, ખગોળશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ધાતુવિદ્યાન અને રસાયણશાસ્ત્રના તેમના જ્ઞાનની અસરો આધુનિક વૈજ્ઞાનિકો પર પણ પડી છે.
- મધ્યકાળ દરમિયાન ભારતીયો આરબોના વૈજ્ઞાનિક જ્ઞાનથી માહિતગાર થયા.
- તુર્ક અને મુગલ શાસકોએ વિસ્ફોટક સામગ્રી બનાવવાની શરૂઆત કરી.
- ઉજ્જૈન, વારાણસી, મથુરા, જયપુર અને દિલ્હીમાં વેધશાળાઓ આવેલી છે.
- આધુનિક ભારતમાં સરકાર પંચવર્ષીય યોજનાઓ દ્વારા વૈજ્ઞાનિક વિકાસ સાધવાનો પ્રયત્ન કરે છે.

- ન્યુક્લિયર એનર્જીનો ઉપયોગ શાંતિપૂર્ણ હેતુઓ માટે થાય છે.
- ભારતીય અંતરીક્ષ કાર્યક્રમ એ સ્વનિર્ભર ટેકનોલોજીના વિકાસથી રાષ્ટ્રીય વિકાસનો ઉદેશ ધરાવે છે.

## સત્રાંત સ્વાધ્યાય

૧. પ્રાચીન ભારતીયોની ધાતુવિદ્યા સંદર્ભે ચર્ચા કરો.

૨. મધ્યકાલીન ભારતમાં રસાયણશાસ્ત્રના ક્ષેત્રે કોઈપણ બે સંશોધન વિશે વિગતે ચર્ચા કરો.

૩. વૈદકશાસ્ત્ર અને સ્વાસ્થ્ય સંબંધી સેવાઓના ક્ષેત્રે ભારતે કરેલો વિકાસ સવિસ્તર ચર્ચો.

૪. કૃષિ અને કૃષિ સાથે સંકળાયેલ ઉત્પાદનોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગથી થયેલ કાર્યો વિશે નોંધ તૈયાર કરો.

૫. આધુનિક ભારતમાં વિજ્ઞાનનો વિકાસ દર્શાવી ભારતનો વૈજ્ઞાનિક વારસો સ્પષ્ટ કરો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો

**૧૪.૧**

૧. વિજ્ઞાન એ આપણે કુદરત પર ઓછો આધાર રાખવા માટેનો વિકાસમાન પરિબળ છે.

૨. તેમણે વૈદિક ખગોળવિદ્યાનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કર્યો

૩. આપસ્તંબ એ ઈ.સ. પૂર્વે ૨ જી સદીમાં ગણિતશાસ્ત્ર સંબંધે લખાયેલ છે. તેમાં ભૂમિતિનું સચોટ જ્ઞાન છે.

૪. (અ) અંકપદ્ધતિ (બ) દશાંસ પદ્ધતિ (ક) શુન્યનો ઉપયોગ

૫. ચરકસંહિતા

૬. ૧૨૧ જેટલા શસ્ત્રક્રિયાના સાધનોનો સમાવેશ થાય છે.

૭. ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા

૮. ૭૬૦ જેટલા ફુલછોડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૪.૨

૧. તેઓ ચીજવસ્તુઓની બનાવટ ઉપરાંત તે બનાવવાની તકનિકો શીખવવા યુવાનોને તાલીમ આપવાનો પ્રબંધ કરતા.

૨. હમ્શાદેવા

૩. નાસીરુદદીન

૪. ફૈઝી

૫. અકબર

૬. તે પામના છોડવાઓ દ્વારા દક્ષિણ ભારતમાં સાચવવામાં આવતા જ્યારે કાશ્મીરમાં સાહિત્યને ભોજપત્ર પર લખીને સાચવવામાં આવતું.

૭. તુઝુક-એ-બાબરી

૮. ગુલાબમાંથી તૈયાર થયેલું અત્તર

૯. તેમાં અકબરના સમયમાં અત્તરના ઉપયોગ વિશે માહિતી સંકળાયેલ છે.

૧૦. આ પાંચ વેધશાળાઓમાં દિલ્હી, ઉજ્જૈન, વારાણસી, મથુરા અને જયપુરનો સમાવેશ થાય છે.

૧૧. ફિરોઝશાહ તુઘલકના દરબારમાં મહેન્દ્રસુરી નામના ખગોળશાસ્ત્રી રહેતા હતા.

૧૨. તે ખગોળશાસ્ત્રીય સાધન છે.

૧૩. યુનાની પદ્ધતિ સાથે સંકળાયેલ છે.

૧૪. તે સૈધ્ધાંતિક રીતે ખનીજતત્વોમાંથી બનાવવામાંથી આવતી દવાઓ સાથે સંકળાયેલ છે. જેના ઉપયોગમાં ધાતુઓ પણ સમાવિષ્ટ થતી.

૧૫. તમાકુ, મરચું, બટાકા, જામફળ, સફરજન, કાજુ અને અનાનસ.

૧૪.૩

૧. તે ભૌતિક વિશ્વના સુવ્યવસ્થિત જ્ઞાનને પ્રકાશમાં લાવે છે.

૨. તે વિજ્ઞાનના જ્ઞાનને ઉત્પાદનના ક્ષેત્રોમાં ઉપયોગમાં લાવે છે.

૩. ઈ.સ. ૧૯૭૧માં

૪. સી.એસ.આઈ.આર. (કાઉન્સિલ ફોર સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ) અને ડી.આર.ડી.ઓ. (ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન)

૫. તારાપુર(મહારાષ્ટ્ર), કોટા(રાજસ્થાન), કલ્પક્કમ(તામિલનાડુ), નરોરા(ઉત્તરપ્રદેશ) અને કાંકરાપાર(ગુજરાત)

૬. ટ્રોમ્બે ખાતે ઈ.સ.૧૯૭૧માં

૭. આર્યભટ્ટ

૮. આ સંસ્થા રેડિયો, ટેલિવિઝન, સંદેશાવ્યવહાર, હવામાનશાસ્ત્રની સેવાઓ આપે છે.

૯. તે બાલમૃત્યુદરને ઘટાડે છે.

૧૦. એન્ટાર્કટિકામાં

૧૧. આ સંસ્થા ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ભુસ્તરવિજ્ઞાન, સમુદ્રશાસ્ત્ર અને હવામાનશાસ્ત્રના ક્ષેત્રે કાર્ય કરે છે.

૧૨. મધ્યગંગા સત્તામંડળ

૧૩. ઓ.એન.જી.સી. (પ્રાકૃતિક વાયુ અને તેલ પંચ)

૧૪. તે દર્શાવે છે કે આપણે નવીન પ્રૌદ્યોગિકીનો વિકાસ કરવામાં ઓછી લાયકાત ધરાવીએ છીએ.

# ૧૫

# પ્રાચીન ભારતના વૈજ્ઞાનિકો

અગાઉના પ્રકરણમાં તમે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વચ્ચેનો સહ સંબંધ સમજ્યા. આ પ્રકરણમાં તમે પ્રાચીન ભારતમાં વિજ્ઞાન ક્ષેત્રે મહત્વપૂર્ણ વૈજ્ઞાનિકોનું પ્રદાન જાણી શકશો. ગણિત, વિજ્ઞાન અને તેમાં સમાવિષ્ટ વૈદક શાસ્ત્ર, આયુર્વેદ, યોગ, જ્યોતિષ અને ખગોળવિદ્યા જેવા વિભિન્ન વિજ્ઞાનોના થયેલ પ્રદાનને સમજી શકશો. તમને જાણીને આશ્ચર્ય થશે કે, અનેક વર્ષો પૂર્વે ભારતીયો કેટલું સારૂ વૈજ્ઞાનિક જ્ઞાન ધરાવતા હતા.

## હેતુઓ

આ પ્રકરણ વાચ્યા બાદ તમે,

(૧) વિજ્ઞાન અને ગણિતના ક્ષેત્રમાં ભારતીયોના પ્રદાનની વૈશ્વીક ક્ષેત્રે યાદી તૈયાર કરી શકશે.

(૨) પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિકો ખાસ કરીને બૌધાયાન, આર્યભટ્ટ, બ્રહંમગૃપ્ત, ભાષ્કરાચાર્ય, કણાદ, વરામીહીર, નાગાર્જુન, શુશ્રુત, ચહક, પતાજંલીનું પ્રાચીન ભારતના વૈજ્ઞાનિક જ્ઞાનમાં પ્રદાન સ્પષ્ટપણે સમજી શકશો.

## ૧૫.૧ ગણિત અને ખગોળશાસ્ત્ર

વિજ્ઞાન અને ગણિત પ્રાચીન ભારતમાં ખાસ્સા વિકાસ પામ્યા હતા. પ્રાચીન ભારતીયો ગણિત અને તેની વિભિન્ન શાખાઓ વિશે ઘણું જ્ઞાન ધરાવતા હતા. આ વિભાગમાં આપણે ગણિત અને ગણિતઆ આશિશ્કારો સાથે જોડાયેલી કેટલીક બાબતો તેના ઘણા સિદ્ધાંતો વિશે વાંચીશું જો કે, પ્રાચીન કાળથી ગણિતનું દસ્તાવેજી કરણ જેમ આધુનિક પ્રશ્ચિમમાં જોવા મળે છે તેવું પ્રાચીન ભારતમાં મળતું નથી.

### ૧૫.૧.૧ બૌદ્ધાયાન

*બૌદ્ધાયાન તે પ્રથમ ગણિત શાસ્ત્રી હતા. જેમણે ગણિતના અનેક ખ્યાલો આપ્યા જે પછીથી પશ્ચિમના વિશ્વ સુધી પણ પહોચ્યા. પાઈની સૌ પ્રથમ વખત ગણતરી કરનાર તેઓ મહાન ગણિત શાસ્ત્રી હતા. તમે જાણો છો કે, ગાણિતીય બાબતોમાં પાઈનું કેટલું બધુ મહત્વ છે. ખાસ કરીને ગોળાકાર સાથે સંકળાયેલ તમામ ગણતરીઓમાં પાઈનું મહત્વપૂર્ણ સ્થાન રહેલું છે. આપણે જેને પાઈથાગોરશનો સિદ્ધાંત કહીએ છીએ તે મૂળભૂત રીતે તો બૌધ્ધાયાનના શુલ્વસૂત્રમાં એ પૂર્વે જ સાબિત થઈ ચુકયો હતો. જે પાઈથાગોરશ કરતા ઘણા વર્ષો પહેલા લખાયો હતો.*

### ૧૫.૧.૨ આર્યભટ્ટ

*પાંચમી સદીમાં થઈ ગયેલ આર્યભટ્ટ ગણિતશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી, જ્યોતિષવિદ અને શરીરશાસ્ત્રી પણ હતા. ભારતીય ગણિતના તેઓ સ્થાપક ગણાય છે. ૨૩ વર્ગાની ઉંમરે તેઓએ આર્યભટ્ટીય નામનો વિખ્યાત ગણિત ગ્રંથ લખ્યો. જે ચાર વિશિષ્ટ પ્રકરણોમાં સમાવિષ્ટ છે.*

*પ્રથમ ભાગમાં દર્શાશ પદ્ધતિઓની સાથે સંકળાયેલ કેટલાક ખ્યાલો આપવામાં આવ્યા છે. તો બીજામાં અંકની પદ્ધતિઓ, ભૂમિતિ, ત્રિકોણમીતી અને બીજગણિત સમજાવવામાં આવ્યા છે. જયારે અન્ય બે વિભાગોમાં ખગોળશાસ્ત્રની વિશદ ચર્ચા કરવામાં આવી છે.*

*આર્યભટ્ટે એ સાબિત કર્યૂ કે શૂન્યનું એક પ્રતિક તરીકે ખ્યાલાત્મક મહત્વ છે. શૂન્યના આવિષ્કારે તેમને પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંતરનાં સંશોધન માટે પ્રર્યા એટલું જ નહી શૂન્યના આવિગકારે ઋણ અંકનો ખ્યાલ પણ ઉભો કર્યો*

*આર્યભટ્ટના ખગોળશાસ્ત્રીય ભાગોમાં વૈજ્ઞાનિક અભિગમથી જ્યોતિષને સમજાવવાનો પ્રયત્ન થયો છે.*

*પ્રાચીન ભારતમાં ખગોળશાસ્ત્ર ઘણું વિકસ્યુ હતુ. નાંલદામાં એક વેદશાળા આવેલી હતી. જયાં આર્યભટ્ટે શિક્ષણ લીધુ હતુ. વિજ્ઞાનના આ ભાગનો વિકાસ કરવા પાછળનો હેતુ સ્પષ્ટ પંચાગ તૈયાર કરવાનો તથા વરસાદ અને વાતાવરણને સમજવાનો હતો. એટલું જ નહી તેની સાથે સંકળાયેલ કૃષિ પાકો, વિભિન્ન ઋતુઓ અને તેની સાથે સંકળાયેલ ઉત્સવો દિશાઓ, સમયનું માપન, કુંડળીનું જ્ઞાન અને જ્યોતિષનું ફલ શોધવાનો પણ હતો. ખગોળશાસ્ત્રનો એક અન્ય હેતુ દરિયાની ભરતી અને ઓટ તથા તારા અને નક્ષત્રને જાણવાનો પણ હતો. જેનાથી વેપાર વાણીજયમાં ઘણી મદદ થતી. રણ અને દરિયાઓ રાત્રીના સમયે પ્રસાર કરવા પાછળ પ્રાચીન ભારતીયોનું ખગોળજ્ઞાન જવાબદાર હતુ.*

*આપણી જુની માન્યતા પ્રમાણે આપણો ગ્રહ પૃથ્વી અચલા કહેવાયો છે. આર્યભટ્ટે પૃથ્વી પોતાની ધરી પર સૂર્યની આસપાસ ફરે છે તેવો ખ્યાલ આપ્યો. તેમણે એ સ્પષ્ટ કર્યુ કે, પૂર્વ અને પશ્ચિમમાં સૂર્ય*

ઉગે કે આથમે છે તે અસત્યથી ભરેલું છે. જ્યારે કોઈ એક વ્યક્તિ નાવમાં સફળ કરે છે ત્યારે કિનારે રહેલા વૃક્ષો તેની વિરૂધ્ધ દિશાએ જોવા મળે છે. ચંદ્ર અને અન્ય ગ્રહો સૂર્યથી પ્રકાશીત છે તેવું તેમણે સ્પષ્ટ કર્યુ. એટલું જ નહી સૂર્ય અને ચંદ્રના ગ્રહણોને વૈજ્ઞાનિક આધારોથી સમજાવ્યા. તેમણે એ વાતનું ખંડન કર્યુ કે, રાહુ અથવા કેતુ અથવા રાક્ષસો દ્વારા સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ થાય છે. હવે તમને સ્પષ્ટ થયુ હશે કે શા માટે ભારતે સૌપ્રથમ વખત અંતરીક્ષમાં મોકલેલ ઉપગ્રહને આર્યભટ્ટ નામ આપ્યુ છે.

### ૧૫.૧.૩ બ્રહ્મગૃપ્ત

સાતમી સદીમાં થઈ ગયેલ બ્રહંમગૃપ્તે પોતાના ગણિતના જ્ઞાનથી ઉચ્ચતમ સ્થાન ઉભુ કર્યુ. ખાસ કરીને ગુણાકારની તેમની પદ્ધતિઓ અને ગણિતના મુખ્ય ભાગ જેમાં મૂલ્યોનો સિદ્ધાંત રહેલો છે એ આજે પણ એટલા જ પ્રચલિત છે. તેમણે ઋણ અંકોને શૂન્ય સાથે નિર્દેશિત કરી ગણતરીના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યુ. તેમણે બ્રહ્મસ્ફુટ સિદ્ધાતિકા નામનો મહાગ્રંથ રચ્યો. જેનાથી આરબ લોકો ખુબ પ્રભાવિત થયા.

### ૧૫.૧.૪ ભાસ્કરાચાર્ય

૧૨મી સદીમાં થઈ ગયેલ ભાસ્કરાચાર્યનો જન્મ કર્ણાટકના બિજાપુરમાં થયો હતો. સિદ્ધાંત સિણોમરી નામના ગણિતના મહાગ્રંથથી તેઓ ભારતભરમાં પ્રસિદ્ધ થયા. તે ચાર વિભાગમાં વિભાજીત છે. લીલાવતી (અંકગણિત), બીજગણિત, ગોળાધ્યાય અને ગૃહગણિત (ગ્રહોની ગાણીતીય બાબતો), ભાસ્કરાચાર્યે બીજગણિતના ક્ષેત્રે ચંક્રિય મેથડ જેને ચક્રાવત પદ્ધતિ કહેવામાં આવે છે તેની શોધ કરી. આ પદ્ધતિ યુરોપમાં છેક ૬૦૦ વર્ગા બાદ ઉપયોગમાં લેવાઈ. ૧૯ મી સદીમાં જેમ સ્ટેલર નામના અંગ્રેજે લીલાવતીનું અંગ્રેજીમાં ભાગાતર કરી ભાસ્કરાચાર્યના આ મહાન કાર્યને સમગ્ર વિશ્વમાં જાણીતુ કર્યુ.

### ૧૫.૧.૫ મહાવિરાચાર્ય

જૈન સાહિત્યમાં (ઈ.સ.પૂર્વે ૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૦૦) અનેક ગણિત શાસ્ત્રીઓની ચર્ચા કરવામાં આવી છે જેમાં ઘણા બધા વિધ્વાનો જૈન ધર્મગુરૂઓ હતા. તેમણે બીજગણિતના સિદ્ધાંતો લોગના સિદ્ધાતોને શૂવ્યવસ્થિત રીતે સમજાવ્યા છે. આવા જ એક જૈન ધર્મ ગુરૂ મહાવિરાચાર્યે ઈ.સ.૮૫૦ માં ગણિતસાર સંગ્રહ નામનો મહત્વપૂર્ણ ગ્રંથ લખ્યો જે વર્તમાન સમયમાં મળી આવતું ગણિતનું પ્રથમ પાઠયપુસ્તક ગણાવી શકાય. વર્તમાન ગુણાકાર પદ્ધતિઓ અને અંકગણિતની મહત્વપૂર્ણ પદ્ધતિઓ જેમાં લઘુતમ, સામાન્ય અવયવોનો સમાવેશ થાય છે. તેનો તેમણે વિશદ અભ્યાસ કરી આ ગ્રંથમાં સમાવિષ્ટ કર્યો છે. જોન નેપીયર કરતા અનેક વર્ગો પહેલા ભારતીયો ગણિતના આ જ્ઞાનને જાણતા હતા. જે વિશ્વે પછીથી જાણ્યુ.

## પાઠગત પ્રશ્નો ૧૫.૧

૧. ગણિતના ક્ષેત્રે બૌદ્ધાયાને આપેલ કોઈ પણ બે પ્રદાન સમજાવો.

.............................................................................

૨. શૂન્યની શોધ કોણે કરી ?

.............................................................................

૩. બ્રહ્મસ્ફુટ સિદ્ધાતનું મહત્વ શું છે ?

.............................................................................

૪. નીચે આપેલ ગણિત શાસ્ત્રીઓને તેમના ગણિતના જ્ઞાન-ગ્રથો સાથે સરખાવો.

| જ્ઞાનગ્રથો | ગણિતશાસ્ત્રી |
|---|---|
| ૧. સૂલ્વસૂત્ર | આર્યભટ્ટ |
| ૨. આર્યભટ્ટીય | મહાવિરાચાર્ય |
| ૩. બ્રહ્મસ્ફુટ સિદ્ધાતીકા | બૌદ્ધાયાન |
| ૪. સિદ્ધાંત શિરોમણી | બ્રહ્મગૃપ્ત |
| ૫. ગણિત સાર સંગ્રહ | ભાસ્કરાચાર્ય |

## ૧૫.૨ વિજ્ઞાન

ગણિતની જેમ જ પ્રાચીન ભારતીયોએ વિજ્ઞાનના ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદાન આપ્યુ છે. પ્રાચીન ભારતના મહત્વપૂર્ણ વૈજ્ઞાનિકો વિશે જાણવાનો આપણે પ્રયત્ન કરીશું.

### ૧૫.૨.૧ કણાંદ

વૈશેશિકા શાખાના મહાન વૈજ્ઞાનિક કણાંદ છઠ્ઠી સદીમાં થઈ ગયા. આ વૈશેશિકા શાખા ભારતીય તત્વજ્ઞાનની ૬ શાખાઓ પૈકીની એક મહત્વપૂર્ણ શાખા છે. કણાંદનું મૂળ નામ ઔલુકય હતુ. અણું-કણ (એટમ) ના અધ્યયનને કારણે તેઓ કણાંદથી વિખ્યાત થયા. તેમની આ એટોમીક પદ્ધતિ આધુનિક એટોમીક પદ્ધતિ સાથે સરખાવી શકાય તેટલી સ્પષ્ટ છે. કણાંદના મતે સમસ્ત બ્રહ્માંડ અણુંથી (એટમ) બનેલું છે. જે માનવ ઈન્દ્રીયો દ્વારા જોઈ શકાતા નથી. જે અવિભાજય છે. તેનો નાશ શકય નથી કે તે જોઈ શકવા શકય નથી. આધુનિક અણુ વિજ્ઞાન પણ કણાંદના આ સૂત્રને સ્પષ્ટ સ્વીકારે છે.

### ૧૫.૨.૨ વરાહમિહીર

અન્ય એક મહાન પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિક વરાહમીહીર હતા. તેઓ ગૃપ્તકાળમાં થઈ ગયા. ભૂસ્તરવિજ્ઞાન, પાણી વિજ્ઞાન અને વાતાવરણ પરના તેમના મહાન પ્રદાનથી તેઓ જાણીતા બન્યા. તેઓ પ્રથમ વૈજ્ઞાનિક હતા જેમણે સ્પષ્ટ કર્યુ કે વનસ્પતિ ભૂસ્તરમાં રહેલ પાણીને પોતાના મૂળ દ્વારા શોગો છે અને જીવંત રહે છે. તેમણે ૬ જેટલા પ્રાણીઓની ૩૦ જેટલી વનસ્પતિઓની ચર્ચા કરીને તેમનામાં રહેલા પાણી તત્વની ચર્ચા કરી. તેમણે લાકડાનો નાશ કરનાર ઉધઈની પણ ચર્ચા કરી છે. એટલું જ નહી જમીનમાં પાણી તત્વની હાજરી અને તેના પ્રમાણને માપીને ઘર સુધી પહોચાડવાની પદ્ધતિઓનો પણ આવિસ્કાર કર્યો. ભૂકંપ શાસ્ત્ર વિષયના તેમના અનુસંધાને સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યુ છે. તેમના બૃહત સહિતા નામના મહાન ગ્રંથમાં આ જ્ઞાન સમાવિષ્ટ છે. ૩૨ જેટલા પ્રકરણ ધરાવતા આ ગ્રંથમાં ભૂકંપ શાસ્ત્રનો સમાવેશ થાય છે. ગ્રહોની અસર, દરિયાઈના પેટાળમાં થતી ગતિવિધીઓ, ભૂર્ગભજળ અને વાદળોની સ્થિતિ તથા પ્રાણીઓના અસાધારણ વર્તનની મદદથી ભૂંકપ જાણી શકાય છે. તેવું તેમણે નિદાન કર્યુ.

વરાહમીહીરે ખગોળશાસ્ત્ર અને જ્યોતિષવિજ્ઞાનમાં પણ વિશિષ્ટ પ્રદાન કર્યુ છે જે પ્રાચીન ભારતમાં ખૂબ ઉચ્ચસ્થાન ધરાવતુ હતુ. તેમણે જ્યોતિષનો અર્થ પ્રકાશનું વિજ્ઞાન એવો કર્યો છે જે મૂળતહ વેદમાં પણ જોવા મળે છે. આર્યભટ્ટ અને વરાહમીહીરે વૈજ્ઞાનિક પદ્ધતિસહ તેનું સંશોધન કર્યુ. તમે જોઈ ચુકયા છો કે આર્યભટ્ટે પોતાના પુસ્તકમાં જ્યોતિષવિજ્ઞાન પર ઘણી ચર્ચા કરી છે. આ વિજ્ઞાન ભવિષ્યનું કથન કરતુ વિજ્ઞાન કહેવાય છે. વિક્રમઆદિત્યના નવ રત્નોમાં વરાહમીહીર વિશિષ્ટ સ્થાન ધરાવતા તેમનુ ભવિષ્ય કથન ખુબ ચોકક્સ હોવાને કારણે વિક્રમઆદિત્યએ તેમની વરાહની ઉપમા આપી હતી.

### ૧૫.૨.૩ નાગાર્જુન

નાગાર્જુન ૧૦ મી સદીમાં થયેલ વૈજ્ઞાનિક હતા. તેમનું મુખ્ય સંશોધન ક્ષેત્ર સૂર્વણકણોમાં રહેલા પ્રયોગો હતા. જેમકે પશ્ચિમ વિશ્વમાં એલકેમીસ્ટના સંશોધનો થયા છે તેમ જો કે તેમનું આ કાર્ય પૂર્ણતા સુધી પહોચ્યુ ન હોતુ પરંતુ સુવર્ણ જેવો ચળકાટ ધરાવતા પદાર્થને શોધવા સફળ રહયા હતા. આ પ્રૌધોગિકી ઈમીટેશન જવેલરીના ક્ષેત્રમાં અત્યારે પણ એટલી જ પ્રચલીત છે. રસરત્નાકર નામના મહત્વપૂર્ણ ગ્રંથમાં ધાતુઓ જેવી કે, સોનુ, ચાંદી અને તાંબાની વિભિન્ન પદ્ધતિઓને અને તેમાં કરી શકાતા પરિવર્તનોની ચર્ચા તેમણે કરી છે.

### પાઠગત પ્રશ્નો ૧૫.૨

૧. કણાંદ કોણ હતા ? કણાંદ નામ તેમને કેવી રીતે મેળવ્યુ ?

.........................................................................

૨. બૃહદસંહિતાના રચઈતા કોણ હતા.?

.........................................................................

૩. નાગાર્જુને કઈ સફળતા પ્રાપ્ત કરી હતી. ?

.........................................................................

૪. રસરત્નાકરમાં નાગાર્જુનનું કયા ક્ષેત્રમાં સંશોધન જોવા મળે છે ?

.........................................................................

## ૧૫.૩ પ્રાચીન ભારતમાં વૈદકશાસ્ત્ર (આર્યુવેદ અને યોગ)

તમે આગળ અધ્યયન કર્યુ તે પ્રમાણે વૈજ્ઞાનિક જ્ઞાનને ક્ષેત્રે પ્રાચીન ભારતમાં ખાસુ કાર્ય થયુ હતુ. સાથે સાથે વૈદક વિજ્ઞાન કે દાક્તરી વિદ્યાનો વિકાસ પણ પ્રાચીન ભારતમાં સુપેરે થયો હતો. આર્યુવેદ એ પ્રાચીન ભારતની પોતાની વૈજ્ઞાનિક દાક્તરી વિદ્યા હતી. આર્યુવેદનો અર્થ થાય છે નિરોગી રહેવુ અને સ્વસ્થ જીવન જીવવું. પ્રાચીન ભારતની આ દાક્તરી વિદ્યા માત્ર રોગ નિદાન પૂરતી મર્યાદીત ન રહેતા રોગ થવા પાછળ કયા કારણો જવાબદાર છે તેની અને રોગના કયા ચિહનો છે તેનું પણ સંશોધન કરતી હતી. એક રીતે તે સ્વસ્થ અને માંદા લોકો માટે માર્ગદર્શિકા પણ હતી. ત્રિદોષ નામની રોગ પારખવાની તેમની એક વિશિષ્ટ પદ્ધતિ હતી. રોગ નિદાન માટેની દવાઓ પ્રકૃતિમાંથી જ મેળવવામાં આવતી અને તેની મૂળગામી સારવાર કરવામાં આવતી. તેનો મૂળ હેતુ મનુગયનું લાંબુ અને નિરોગી જીવન હતો. આપણા ગ્રહ પરની તે સૌથી જુની દાક્તરી વિદ્યા છે. ઐતરેયસંહિતા એ વિશ્વનો સૌથી જુનો દાક્તરી ગ્રંથ ગણાવી શકાય. ચરક નામના વિધ્વાને આર્યુવેદની દવા શાખાના પિતા ગણાવી શકાય અને શ્રુસુતને આર્યુવેદની શસ્ત્ર વિદ્યાના પિતા ગણાવી શકાય. શ્રુસુત, ચરક, માધવ, વાઘભટ્ટ અને જીવક જેવા મહાન આર્યુવેદાચાર્યો પ્રાચીન ભારતમાં થઈ ગયા. આર્યુવેદ પછીથી તો પશ્ચિમ વિશ્વમાં ખુબ પ્રચલિત થયુ. કારણ કે આધુનિક વૈદક શાસ્ત્ર જેને આપણે એલોપેથી કહીએ છીએ જે પશ્ચિમના વિશ્વમાં શોધાઈ તેના કરતા આર્યુવેદના ગુણો વધુ ફળદાયી છે.

### ૧૫.૩.૧ શ્રુસુત

શ્રુસુત એ ભારતમાં શસ્ત્રક્રિયાના સ્થાપક હતા. તેમણે શરીર વિદ્યાનુ અધ્યયન કરી શસ્ત્રક્રિયાની અનેકવિધ પદ્ધતિઓ શોધી હતી. તેમણે મૃત માનવ શરીરનું નિરીક્ષણ કરી શરીર વિજ્ઞાન વિકસાવ્યુ

હતુ. શ્રુસુત સંહિતાના ૧૧૦૦ જેટલા રોગો વિશે તેમણે ચર્ચા કરી છે. જેમાં ૨૬ જેટલા તાવ વિશે, ૮ જેટલા કમળા વિશે અને ૨૦ જેટલા પેશાબના રોગો વિશે વિશદ છણાવટ કરી છે. ૭૬૦ જેટલા છોડ દવા તરીકે ઉપયોગમાં આવે છે. તેની તેમણે ચર્ચા કરી છે. વૃક્ષના કે ફુલ છોડના મુળીયા, શાખાઓ, રસ, ફુલોનો રસ વિગેરેથી રોગ પર કાબુ મેળવી શકાય છે તેની સહદષ્ટાંત સમજણ તેમણે આપી છે. આદુ, હળદર, લંવીગ, તજ જેવી ઘરગથ્થુ ચીજોનો દવાઓ તરીકે ઉપયોગ થઈ શકે છે તેવું તેમણે સ્પષ્ટ કર્યુ છે.

શ્રુસુત સંહિતાના મૃત માનવ શરીરને દાકતરી વિદ્યાના વૈજ્ઞાનિક અધ્યયન માટે સાચવવાની વિશિષ્ટ પદ્ધતિની પણ તેમણે ચર્ચા કરી છે. મૃત માનવ શરીર જે રોગીસ્ટ હોય તેનો અભ્યાસ કરવામાં આવતો નહી. મૃત શરીર રોગ વિહીન હોવુ જોઈએ અને તેને સાચવવા વૃક્ષની છાલનો ઉપયોગ કરવામાં આવતો. ૭ દિવસ સુધી આવા શબને વ્યવસ્થિત રીતે નદીમા રાખી બહાર કાઠવામાં આવતુ અને બ્રશ દ્વારા તેને સાફ કરી વાશની મદદથી તેના વાળ અને અન્ય બાબતોનુ નિરીક્ષણ કરવામાં આવતુ ત્યાર બાદ મૃત શરીરના આંતરીક અને બાહ્ય ભાગોનું નિરીક્ષણ કરી અધ્યયન કરવામાં આવતુ.

પ્લાસ્ટીક સર્જરી ક્ષેત્રે પણ શ્રુસુતનુ મહાન પ્રદાન રહયુ છે એટલુ જ નહી મોતીયાના ઓપરેશનની પદ્ધતિ પણ તેમણે વિકસાવી હતી. તે સમયમાં દોગિતોના નાક-કાન કાપવાની સજા સામાન્ય હતી તો સાથે સાથે યુધ્ધમાં યોધ્ધાઓના નાક-કાન કાપવાની પ્રથા ખુબ પ્રચલિત હતી. શ્રુસુત સંહિતાના કપાયેલા આવા ભાગોની પ્લાસ્ટીક સર્જરી કરવાની સુવ્યવસ્થિત પદ્ધતિ અને ઓપરેશનનું વિસદ વર્ણન જોવા મળે છે. વર્તમાન સમયના તબીબો પણ શ્રુસુતની આ પદ્ધતિને અનુસરે છે. શ્રુસુત સહિતામાં શસ્ત્ર ક્રિયામાં વપરાતા ૧૦૧ જેટલા સાધનોની ચર્ચા કરવામાં આવી છે. ગર્ભાશય બહાર કાઢવાના ગંભિર ઓપરેશનો પણ કરવામાં આવતા, મૂત્રાશયમાંથી પથરી કાઢવાના ઓપરેશનની વિગતો પણ તેમા આપવામાં આવી છે. શું આ બધુ આપણને અત્યંત રસપ્રદ લાગતુ નથી ?

### ૧૫.૩.૨ ચરક

પ્રાચીન ભારતીય વૈદક શાસ્ત્રના પિતા તરીકે ચરકને ઓળખવામાં આવે છે. તેઓ કનિષ્કના રાજવૈદય હતા. વૈદક શાસ્ત્રના મહાનતમ ગ્રંથ ચરક સંહિતાના તેઓ રચઈતા હતા. અનેક રોગો અને તે થવા પાછળના કારણો અને રોગ નિદાનની પદ્ધતિઓથી લઈને તેની ચિકિત્સાની રીતો આ ગ્રથમાં સમાવિષ્ટ છે. ચયાપચયની ક્રિયાઓ પાચનતંત્ર અને રોગપ્રતિકારક શકિતની ચર્ચા કરવા વાળા તે પ્રથમ મહાન વૈદક શાસ્ત્રી હતા. તેમણે રોગની ઉત્પતીને જ દુર કરવાના ઉપાયો દર્શાવીને રોગની મૂળગામી સારવારનો પાયો નાખ્યો. જલીલ વિદ્યાના મૂળભૂત ખ્યાલો પણ તેમણે આપ્યા. આજથી ૨૦૦૦ વર્ગા પૂર્વે ભારતમાં આટલુ બધુ વિકસીત વૈદક શાસ્ત્રનું જ્ઞાન હોવું એ અત્યંત આશ્ચર્યની અને આનંદની બાબત આપણે માટે ગણાય.

### ૧૫.૩.૩ યોગ અને પંતજલી

*પ્રાચીન ભારતમાં આર્યુવેદ વિજ્ઞાનની જેમ જ યોગ વિજ્ઞાન પણ વિકસ્યુ હતુ. જેમાં દવા વગર શારીરિક અને માનસીક સ્વસ્થતાની ચર્ચા કરવામાં આવી છે. યોગ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ યોક્ત્રા પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે પોતાની અંદર જોવું અને મનને સ્થિર રાખી આંતર જગતનું અધ્યયન કરવું અન્ય વિજ્ઞાનોની જેમ તેના મૂળ પણ વેદોમાં જોવા મળે છે. તે ચિતની વિભિન્ન બાબતો જેમ કે, વિચારો, લાગણીઓ, આકાક્ષાઓ અને માનવ ચેતનાઓ, જાગૃતિની ચર્ચા કરે છે. તે એવા ઉદિપકને સર્જે છે જે દૈવિ તત્વ સાથે માનવ ચેતનાને સંકોળે છે. યોગ એ શારીરિક અને માનસીક ક્રિયા છે. શારીરિક યોગને હઠ યોગ પણ કહેવાય છે. સામાન્ય રીતે તેનો હેતુ શરીરને રોગ મુક્ત કરી સ્વસ્થ રાખવાનો છે. માનસિક યોગને રાજયોગ કહેવામાં આવતો જેમાં સ્વની ઓળખ અને આધ્યાત્મીક ઉન્નતિ સમાવિષ્ટ હતી.*

*યોગની વિભિન્ન પદ્ધતિઓ પેઢીઓ દર પેઢી મૌખિક પરંપરાથી આગળ વધી પંતજલી જેવા મહાન વૈજ્ઞાનિકે યોગને વ્યવસ્થિત રીતે સમજાવવા પ્રયત્ન કર્યો. આ માટે તેમણે યોગસુત્રનું સર્જન કર્યુ. ઓમ એ ઈશ્વરનુ પ્રતિક છે અને તે પરબ્રહ્મનો સાદ છે જેનું વારંવાર ઉચ્ચારણ મનુષ્યને ચેતના સભર બનાવે છે. યોગસુત્ર સિવાય પંતજલીએ વૈદક શાસ્ત્ર પર મહત્વપૂર્ણ કાર્ય કર્યુ અને પાણીનીના વ્યાકરણ ગ્રંથ પર મહાભાષ્ય નામની ટિકા પણ રચી.*

### પાઠગત પ્રશ્નો ૧૫.૩

૧. *આર્યુવેદ એટલે શું ?*

..............................................................................

૨. *વૈદક શાસ્ત્રનું સૌથી પ્રાચીન પુસ્તક કયુ ?* ............................................

૩. *શ્રુસુત સંહિતા કયા ક્ષેત્રનું પુસ્તક છે ?* ..............................................

૪. *પ્રાચીન ભારતીય વૈદક શાસ્ત્રના પિતા કોને ગણવામાં આવે છે તેમણે કયુ પુસ્તક લખ્યુ?*

૫. *યોગનો અર્થ શું થાય છે ?*

..............................................................................

### તમે શું શીખ્યા?

- *પ્રાચીન ભારતમાં વિજ્ઞાન અને ગણિતનો ઉચ્ચતમ વિકાસ થયો હતો.*

- *પ્રાચીન ભારતના મહત્વપૂર્ણ ગણિતશાસ્ત્રીઓમાં બોધાયન, આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય અને મહાવીરાચાર્યનો સમાવેશ થાય છે.*
- *પ્રાચીન ભારતના મહાન વૈજ્ઞાનિકોમાં કણાદ, વરાહમિહિર અને નાગાર્જુનનો સમાવેશ થાય છે.*
- *પ્રાચીન ભારતમાં વૈદકશાસ્ત્ર પણ ખુબ વિકસ્યું હતું.*
- *પ્રાચીન ભારતમાં આયુર્વેદ જેવી ઉચ્ચતમ ચિકિત્સાપદ્ધતિનો વિકાસ થયો હતો. આયુર્વેદનો અર્થ સારા સ્વાસ્થ્ય અને લાંબા જીવનનું વિજ્ઞાન કરી શકાય.*
- *ચરક નામના વિદ્વાન આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિના પિતા ગણાય છે. જ્યારે સુશ્રુત નામના વિદ્વાન શસ્ત્રક્રિયાના પિતા ગણાય છે. સુશ્રુતનું મહાન પ્રદાન પ્લાસ્ટીક સર્જરી અને આંખના મોતીયાની શસ્ત્રક્રિયા ક્ષેત્રે હતું.*
- *ભારતીય વૈદકશાસ્ત્રમાં ચરક દ્વારા રચિત ચરકસંહિતા સૌથી મહત્વપૂર્ણ ગ્રંથ ગણાવી શકાય.*
- *આયુર્વેદની સાથે સંકળાયેલ વિજ્ઞાનમાં યોગનું વિજ્ઞાન મહત્વપૂર્ણ હતું. જે દવા વગર શારીરિક અને માનસિક શાંતિ મેળવવાનું માધ્યમ હતું.*
- *પતંજલિએ વૈજ્ઞાનિક ઢબે યોગસુત્રનું નિર્માણ કરી યોગને સાયન્સની કોટી પર મુકી આપ્યું.*

## સત્રાંત સ્વાધ્યાય

૧. *આર્યભટ્ટે ખગોળવિજ્ઞાન ક્ષેત્રે આપેલ સિદ્ધાંતોની ચર્ચા કરો.*

૨. *ભાસ્કરાચાર્યના સિદ્ધાંત શિરોમણીના લક્ષણોની ચર્ચા કરો.*

૩. *ગણિતશાસ્ત્રનું પ્રથમ પુસ્તક લખનાર મહાનુભાવનું નામ જણાવી. તેમણે આપેલ કેટલાક વિષયોની છણાવટ કરો.*

૪. *વૈજ્ઞાનિક જ્ઞાનક્ષેત્રે વરાહમિહિરના પ્રદાનને સ્પષ્ટ કરો.*

૫. *ઈમિટેશન જવેલરી(ઘરેણાં)ના ક્ષેત્રે નાગાર્જુનનું પ્રદાન સ્પષ્ટ કરો.*

૬. *પ્રાચીન ભારતીય વૈદકવિજ્ઞાન પર એક નિબંધ તૈયાર કરો.*

૭. *નીચેની બાબતોને વિગતે સમજાવો.*

*(અ) સુશ્રુતસંહિતમાં દર્શાવવામાં આવેલ મૃત માનવશરીરને સાચવવાની પદ્ધતિ.*

*(બ) હઠયોગ અને રાજ્યોગ*

(ક) ચરકની ત્રિદોગા ચિકિત્સા પદ્ધતિ

(ડ) યોગના ક્ષેત્રમાં ચિત્તનો ખ્યાલ

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો.

**૧૫.૧**

૧. (૧) તેઓ પ્રથમ ગણિતશાસ્ત્રી હતા જેમણે પાઈનું મૂલ્ય શોધ્યું હતું.

(૨) આ સિદ્ધાંત વર્તમાન સમયમાં પાયથાગોરસનો સિદ્ધાંત કહેવાય છે.

૨. આર્યભટ્ટ

૩. આરબો નીચે જણાવેલ વિદ્વાનોના ગણિતના જ્ઞાનથી આકર્ષિત થયા હતા.

| ગણિતક્ષેત્રનું જ્ઞાન | તેના પુરસ્કર્તા |
|---|---|
| શૂલ્વસૂત્ર | બોધાયન |
| આર્યભટ્ટીય | આર્યભટ્ટ |
| બ્રહ્મસ્ફૂટસિદ્ધાંત | બ્રહ્મગુપ્ત |
| સિદ્ધાંતશિરોમણી | ભાસ્કરાચાર્ય |
| ગણિતસારસંગ્રહ | મહાવીરાચાર્ય |

**૧૫.૨**

૧. વૈશેષિકા શાખાના છઠ્ઠી સદીના મહાન વૈજ્ઞાનિક કણાદે કણ-અણુનો સિદ્ધાંત આપ્યો.

૨. વરાહમિહિર

૩. પદાર્થને સુવર્ણ જેવા ચળકાટ તરફ પરિવર્તિત કરતી પદ્ધતિ

૪. તેઓએ સુવર્ણચળકાટ જેવી પદ્ધતિનો આવિસ્કાર કર્યો એટલું જ નહિં અનેક ધાતુઓ વચ્ચે રાસાયણિક પ્રક્રિયાઓનો સિદ્ધાંત સ્થાપ્યો. જેવી કે સોનું, ચાંદી, એલ્યુમીનીયમ અને તાંબુ

**૧૫.૩**

૧. પ્રાચીન ભારતમાં વૈદકશાસ્ત્રની આગવી પદ્ધતિ જેને આયુર્વેદ કહેવામાં આવે છે. તેનો અર્થ સ્વાસ્થ્યસભર અને લાંબુ જીવન એવો થાય છે.

૨. અત્રેયસંહિતા

૩. શસ્ત્રક્રિયા ક્ષેત્રે

૪. ચરક દ્વારા રચિત ચરકસંહિતા

૫. ચિત્તને કેન્દ્રમાં રાખી પોતાની જાતમાં જોવાની દૃષ્ટિ

**પ્રવૃત્તિઓ**

૧. શું તમે વૈદિક ગણિત વિશે સાંભળ્યું છે? વર્તમાન સમયમાં પણ શાળાકીય ક્ષેત્રે તે ખુબ જાણીતું છે. તેના વિશે શોધખોળ કરી એક નિબંધ તૈયાર કરો.

૨. આયુર્વેદ અને વર્તમાન એલોપથી ચિકિત્સા પદ્ધતિઓ વચ્ચેનો તફાવત જાણવાનો પ્રયત્ન કરો.

પશ્ચિમના દેશોમાં વધારેને વધારે લોકો આયુર્વેદ પદ્ધતિ તરફ આકર્ષિત થઈ રહ્યા છે. તે સંદર્ભે એક અહેવાલ તૈયાર કરો.

૩. યોગ પદ્ધતિ પણ ખૂબ જ જાણીતી બની છે. તેના વિશે વધારે જાણવાનો પ્રયત્ન કરી અષ્ટાંગમાર્ગ એટલે કે યોગના આઠ તબક્કાઓ પર એક અહેવાલ તૈયાર કરો.

# ૧૬

# મધ્યકાલીન ભારતમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો

તમે પ્રાચીન ભારતના વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો વિશે આગળ સમજ મેળવી ચૂકયા છો. મધ્યકાલીન યુગ દરમિયાન વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ભારતમાં બે પાસાં જોવા મળે છે. ૧. જે પરંપરાથી ચાલ્યો આવતો હતો તે વિકાસ અને ૨. ઈસ્લામ અને યુરોપીય લોકોની અસરથી ઉભો થયેલો વિકાસ. આપણે આ બંને સંદર્ભોને ધ્યાનમાં રાખીને ભારતમાં આ ક્ષેત્રે થયેલા વિકાસને આ પ્રકરણમાં સુપેરે સમજવાનો પ્રયત્ન કરીશું.

## હેતુઓ

આ પ્રકરણ વાંચ્યા પછી તમે

- મધ્યકાળ દરમિયાન શિક્ષણની પદ્ધતિના ઉદભવ અને વિકાસને સમજી શકશો.
- મધ્યકાલીન ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના વિકાસને જાણી શકશો.
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે જાણીતા થયેલા વિદ્વાનોના નામની યાદી તૈયાર કરી શકશો અને તેમના પ્રદાનને સમજી શકીશું.

## ૧૬.૧ મધ્યકાલીન યુગમાં વિજ્ઞાન

તમે જાણો છો તેમ મધ્યકાળ એ ભારતમાં ઈસ્લામના આગમનનો સમય છે. ત્યારથી પરંપરાગત ભારતીય શાસ્ત્રીય શૈક્ષણિક અને અન્ય બાબતો શીખવવાની પદ્ધતિમાં થોડું પરીવર્તન આવે છે. ધીમેધીમે ભારત શિક્ષણની આરબ દેશો જેવી પદ્ધતિને અપનાવતું રહ્યું. પરીણામે ભારતમાં મકતબો અને મદ્રેસાઓ

સ્થપાવા લાગ્યા. આ સંસ્થાઓને રાજદરબારનું પીઠબળ હતું. આવી અનેક મદ્રેસાઓ અનેક સ્થળોએ ઉભી કરવામાં આવતી. જે અભ્યાસક્રમ ઘડવાનું કાર્ય કરતી. બે ભાઈઓ શેખ અબ્દુલ્લા અને શેખ અઝીઝુલ્લા આ ક્ષેત્રે ખુબ જ નામાંકિત હતા. જેમણે તાર્કિક વિજ્ઞાનને અભ્યાસક્રમમાં સમાવી સાંબલ અને આગ્રાની મદ્રેસાઓમાં મહત્વપૂર્ણ કાર્ય કર્યુ. ભારતીય સ્થાનિક વિદ્વાનો ઉપરાંત ઘણાં વિદ્વાનો આરબ, ફારસ અને મધ્ય એશિયાથી આ મદ્રેસાઓમાં શિક્ષણ આપવા આવતાં.

શું તમે જાણો છો કે મુસ્લિમ શાસકોએ પ્રાથમિક શાળામાં ચાલતાં અભ્યાસક્રમોને સુધારવા પ્રયત્ન કર્યો હતો. તેમણે અંકગણિત, બીજગણિત, ખગોળશાસ્ત્ર, નામાપદ્ધતિ, જાહેરવહીવટ અને કૃષિ જેવા વિષયોને પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું હતું. જોકે વિદ્વાનને હજી એટલું બધું મહત્વ મળતું ન હતું. પરંપરાગત ભારતીય વૈજ્ઞાનિક જ્ઞાન અને સંસ્કૃતિનું અધ્યયન કરવામાં આવતું તથા મધ્યકાલીન વિશ્વની સાથે તેનો તુલનાત્મક અભ્યાસ થતો. અ સમય દરમિયાન વિકાસના કેટલાક ચોક્કસ ક્ષેત્રોને જોવાનો આપણે પ્રયત્ન કરીશું.

મોટી કાર્યશાળાઓ જેને કારખાના કહેવામાં આવે છે. તેનો નિભાવ વસ્તુઓના ઉત્પાદન માટે, ગોડાઉન માટે થતો આ કારખાના રાજવી કુટુંબ અને સરકારી વિભાગો માટે ચીજવસ્તુઓ તૈયાર કરતાં. આ કારખાના માત્ર ચીજવસ્તુઓ જ બનાવવા પુરતા મર્યાદિત ન રહેતા તેણે યુવાન લોકોને તાલીમ આપવાનું કાર્ય પણ કર્યુ. કારખાનામાં તાલીમ પામેલા લોકો જુદી જુદી જગ્યાએ જઈ પોતાના સ્વતંત્ર કારખાના પણ સ્થાપી શકતા.

### ૧૬.૧.૧ ગણિતશાસ્ત્ર

આ સમય દરમિયાન ગણિતશાસ્ત્રમાં સીમાચિહનરૂપ કાર્ય થયા. નરસિંહ દૈવજ્ઞના પુત્ર નારાયણ પંડિત આ સમયના મહાન ગણિતશાસ્ત્રી ગણાવી શકાય. તેમણે ગણિતકૌમુદી અને બીજગણિતવાતમશા ની રચના કરી હતી. ગુજરાતના ગંગાધર પણ મહત્વપૂર્ણ ગણિતશાસ્ત્રી હતા. જેમણે લીલાવતી, કરમદિપીકા, સુધાંતાદિપીકા અને લીલાવતીવ્યાખ્યા જેવા ગણિતના મહત્વપૂર્ણ ગ્રંથોની રચના કરી હતી. ત્રિકોણમીતીના મહત્વપૂર્ણ સુત્રોને તેમણે ઉજાગર કરી સાઈનથીટા, કોસથીટા જેવા મહત્વપૂર્ણ ગાણિતીય સુત્રો અને તેના કાર્યો પ્રચલિત કર્યા હતા. નીલકંઠ, સોમસુતવન નામના વિદ્વાને તંત્રસંગ્રહની રચના કરી જે ત્રિકોણમીતીના પાયાના ખ્યાલો અને નિયમો સમજાવતો ગ્રંથ છે.

ગણેશદૈવજ્ઞ નામના વિદ્વાને લીલાવતી ગણિત પર બુધ્ધિવિલાસીની નામની ટીકા રચી અંકપદ્ધતિની સ્પષ્ટ ચર્ચા કરી. વાલહલ્લાહ કુટુંબમાંથી આવતા ક્રિષના નામના મહાનુભાવે નવકુંરની રચના કરી. ભાસ્કરા દ્વિતીયના બીજગણિત પર સંશોધન કર્યુ. એટલુંજ નહિ પ્રથમ અને દ્વિતીય ગણિતના સુત્રોને વ્યવસ્થિત ઓપ પણ આપ્યો. નીલકંઠ જ્યોર્તિવિદે તાઝિક નામનો ગ્રંથ રચી લાંબા અંકોને સમાવતું ફારસી પદ્ધતિનું જ્ઞાન ઉપયોગમાં લેતું શાસ્ત્ર શોધ્યું. અકબરના રાજદરબારી ફૈઝીએ ભાસ્કરાચાર્યના બીજગણિતનું ભાષાંતર કર્યુ. અકબરે અભ્યાસક્રમમાં ગણિતને ખાસ સ્થાન આપવાનો આગ્રહ રાખ્યો

હતો. નસીરુદદીન અત-તુશી નામના મહત્વપૂર્ણ ગણિતશાસ્ત્રી આ સમયમાં થઈ ગયા.

### ૧૬.૧.૨ જીવવિજ્ઞાન

જીવવિજ્ઞાન ક્ષેત્રે પણ સમાંતરે વિકાસનો તબક્કો ચાલતો હતો. હમશાદેવા નામના વિદ્વાને જીવવિજ્ઞાન ક્ષેત્રે ખાસ્સું પ્રદાન આપ્યું. માર્ગપક્ષીશાસ્ત્ર એ ૧૩મી સદીમાં રચાયેલ જીવવિજ્ઞાનનો મહામુલો ગ્રંથ છે. જોકે તે પ્રાણીઓ અને પક્ષીઓની સામાન્ય માહિતી આપે છે. મુસ્લિમ સુલતાનો જેઓ લડવૈયાઓ અને શિકારી હતા તેમણે વિભિન્ન પ્રાણીઓને નિભાવ્યા હતા. જેમાં ઘોડા અને કુતરાનો ખાસ સમાવેશ થતો. તેઓ ચિત્તા અને સાબરનો શિકાર કરતા. ઘરેલું પશુઓ અને જંગલી પશુઓનો આ પુસ્તકમાં વ્યવસ્થિત ચિતાર આપવામાં આવ્યો છે. પોતાની રાજકીય કારકિર્દીમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં બાબર અને અકબર પક્ષી અને પ્રાણી વિજ્ઞાનના ક્ષેત્રમાં ખુબ જ રસ લેતા હતા. અકબરે ઘરેલું પ્રાણીઓની વિશિષ્ટ જાતો વિકસાવવા વૈજ્ઞાનિક ઢબે પ્રયત્ન કર્યા હતા. તેણે હાથી અને ઘોડા પર શોધકાર્ય કરવા વિદ્વાનોને આવાહન કર્યુ હતું. જહાંગીરે તેના પુસ્તક તુઝુક-એ-જહાંગીરીમાં પશુપક્ષીઓની ૩૬ જેટલી જાતિઓ પર તેણે કરેલા નિરીક્ષણ અને સંકર જાતિ ઉત્પન્ન કરવાના તેના જીવવિજ્ઞાનીઓના પ્રયોગોને સ્થાન આપ્યું છે. તેના દરબારમાં બિરાજતા મહાન ચિત્રકાર મનસુરે પ્રાણીઓના અને પક્ષીઓના અદભૂત ચિત્રો તૈયાર કર્યા હતા. જે અત્યારે પણ અનેક સંગ્રહાલયોમાં સંગહિત છે. જહાંગીર આ ક્ષેત્રે એક પ્રકૃતિવિજ્ઞાન જેટલી જાણકારી અને રસ ધરાવતો. ફુલછોડના ક્ષેત્રે પણ તેનું વિશિષ્ટ જ્ઞાન આપણને જોવા મળે છે. તેના કલાકારે વિભિન્ન પ્રકારના ૫૭ જેટલા છોડવાઓનું મહત્વપૂર્ણ માહિતી આપતા ચિત્રો તૈયાર કર્યા હતા.

### ૧૬.૧.૩ રસાયણશાસ્ત્ર

શું તમે જાણો છો કે મધ્યકાળ દરમિયાન કાગળનો ઉપયોગ શરૂ થયો હતો? કાગળના ઉત્પાદન પાછળ રસાયણશાસ્ત્રનું જ્ઞાન જવાબદાર હતું. કાશ્મીર, સિયાલકોટ, જાફરાબાદ, પટણા, મુર્શીદાબાદ, અમદાવાદ, ઔરંગાબાદ અને મૈસુર જેવા ક્ષેત્રોમાં કાગળનું ઉત્પાદન થતું હતું. કાગળ બનાવવાની પદ્ધતિ આખાય દેશમાં લગભગ એકસમાન હતી. માત્ર તેના પ્રાદેશિક કક્ષાએ મળતા જુદાં જુદાં કાચામાલને કારણે તેમાં થોડું વૈવિધ્ય આવતું.

મુગલોએ ગન પાવડર (સ્ફોટક પદાર્થ)નો વિકાસ કરી લશ્કરમાં તેનો બહોળો ઉપયોગ કર્યો હતો. એ સિવાય રસાયણશાસ્ત્રે તેનો માનવઉપયોગનો હિસ્સો ઉજાગર કર્યો હતો. ભારતીય કારીગરો સ્ફોટક પદાર્થોને બનાવવાનું જ્ઞાન ધરાવતા હતા. શુક્રાચાર્યને સમર્પિત કરવામાં આવેલ ગ્રંથ શુક્રનીતિમાં આ સ્ફોટક પદાર્થોના ઉપયોગ વિશે અને તેની બનાવટમાં ઉપયોગમાં આવતા ગંધક, કોલસો, ક્ષારનું આવરણ જેવા પદાર્થોનું જ્ઞાન આપવામાં આવ્યું છે. એટલું જ નહિં વિભિન્ન પ્રકારના રસાયણો વિભિન્ન રીતે વાપરવાની ચર્ચા પણ કરવામાં આવી છે. હવામાં આગ લગાડવાના પદાર્થો, જમીન પર વિસ્ફોટ

કરવાના રસાયણો જેવી બાબતોની પણ સ્પષ્ટ ચર્ચા તેમાં કરવામાં આવી છે. આઈન-એ-અકબરી અકબરના સમયમાં ઉત્પન્ન થતાં અત્તર વિશે ચર્ચા કરે છે. ગુલાબમાંથી બનાવવામાં આવતું અત્તર ખુબ જ પ્રચલિત બન્યું હતું. જેની શોધ નુરજહાંની માતા અસ્મતબેગમે કરી હતી.

**પાઠગત પ્રશ્નો ૧૬.૧**

૧. મધ્યકાલીન યુગમાં પ્રાથમિક શાળાઓમાં કયા વિષયોનો અભ્યાસ કરાવવામાં આવતો હતો?

.......................................................................................

૨. અકબરે કયા વિષયને ફરજીયતપણે પ્રાથમિકશાળાના અભ્યાસક્રમમાં સ્થાન અપાવ્યું હતું?

.......................................................................................

૩. કારખાનાના મુખ્ય બે કાર્યો જણાવો.

.......................................................................................

૪. નીચે આપેલ વિદ્વાનોને તેમના પ્રદાનની સાથે સરખાવો.

| વિદ્વાનનું નામ | તેમણે આપેલું પ્રદાન |
|---|---|
| ૧. નારાયણ પંડિત | ૧. બુધ્ધિવિલાસીની |
| ૨. ગંગાધર | ૨. માર્ગપક્ષીશાસ્ત્ર |
| ૩. ગણેશદૈવજ્ઞ | ૩. ગણિતકૌમુદી |
| ૪. હંસદેવા | ૪. લીલાવતીવ્યાખ્યા |
| ૫. જહાંગીર | ૫. તાઝિક |
| ૬. શુક્રાચાર્ય | ૬. તુઝુક-એ-જહાંગીરી |
| ૭. નીલકંઠ જ્યોતિર્વિદ | ૭. શુક્રનીતિ |

૫. મધ્યકાલીન સમય દરમિયાન ભારતમાં કાગળનું ઉત્પાદન કરતા કોઈપણ ચાર સ્થળો વિશે જણાવો.

.......................................................................................

### ૧૬.૧.૪ ખગોળશાસ્ત્ર

આ સમય દરમિયાન ખગોળશાસ્ત્રનો પણ વિકાસ થયો. ખગોળશાસ્ત્રમાં અનેક ટીકાઓ જે

આ પુર્વે રચાઈ ચુકી હતી તેના પર કાર્ય પણ થયું.

ફિરોઝશાહ તુઘલકના દરબારમાં બિરાજતા મહાન ખગોળશાસ્ત્રી મહેન્દ્રસુરીએ યંત્રજા નામના વિશિષ્ટ સાધનની શોધ કરી હતી. કેરળમાં પરમેશ્વર અને મહાભાસ્કર્યા નામના બે વિખ્યાત કુટુંબો ખગોળશાસ્ત્ર ક્ષેત્રે જાણીતા બન્યા હતા. તેઓ જ્યોતિષવિજ્ઞાન અને કુંડળીવિજ્ઞાનક્ષેત્રે પણ જાણીતા હતા. નીલકંઠ સોમસુતવન નામના વિદ્વાને આર્યભટ્ટ પર ટીકાની રચના કરી હતી. કમલકર નામના અન્ય એક વિદ્વાને ઈસ્લામી ખગોળશાસ્ત્રના સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. અને તે આ ક્ષેત્રે સૌથી વિશિષ્ટ સ્થાન ધરાવતો હતો. જયપુરના મહારાજા સવાઈ જયસિંહ બીજાએ ખગોળશાસ્ત્રના અધ્યયનને ખાસ્સુ પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે દિલ્હી, ઉજ્જૈન, વારાણસી, મથુરા અને જયપુર જેવા પાંચ ક્ષેત્રોમાં પાંચ ખગોળીય વેધશાળાઓની સ્થાપના કરી હતી.

### ૧૬.૧.૫ દવાશાસ્ત્ર

આયુર્વેદ જેટલું પ્રાચીન ભારતમાં વિકસ્યું હતું. જેટલું મધ્યકાલીન ભારતમાં વિકસી શક્યું નહિં. કારણકે તેને રાજ્ય તરફથી કોઈ સહાય મળી નહી. તેમછતાં આયુર્વેદમાં સારંગધર સંહિતા અને ચિકિત્સાંગ્રહ જેવા ગ્રંથોના રચયિતા વાગ્સેન તથા યાગ્રતબજુરા અને ભાવપ્રકાશ જેવા ગ્રંથના રચયિતા ભાવમિશ્રએ મહત્વપૂર્ણ કાર્ય કર્યુ. સારંગધરસંહિતાની રચના ૧૩મી સદીમાં થઈ હોવાનું મનાય છે. જેમાં અફીણનો દવા તરીકેનો ઉપયોગ અને રોગનિદાન માટે મુત્રનિરીક્ષણની પદ્ધતિઓનો ઉલ્લેખ થયો છે. દવાઓ તરીકે કેટલીક ધાતુઓના ઉપયોગને રસચિકિત્સાપદ્ધતિ કહેવામાં આવતી તેનો પણ ઉપયોગ પ્રચલિત થયો હતો.

રસચિકિત્સા પદ્ધતિ એ ધાતુઓમાંથી દવાઓ બનાવતી પારાના ઉપયોગ અને પારાવગરની દવાઓ સાથે સંકળાયેલી વિશિષ્ટ પદ્ધતિઓથી તામિલનાડુમાં સિદ્ધ પદ્ધતિ નામની ચિકિત્સાપદ્ધતિ પ્રચલિત હતી. તેમાં ધાતુઓનો દવા તરીકે બહોળો ઉપયોગ થતો હતો.

મધ્યયુગ દરમિયાન ભારતમાં યુનાની તિબ્બ પદ્ધતિનો પણ વિકાસ થયો. અલિબીનરબ્બાન નામના વિદ્વાને આ ગ્રીક પદ્ધતિને પ્રકાશમાં લાવી ભારતીય દવાશાસ્ત્ર સાથે સાંકળવાનો પ્રયત્ન કરતા મહત્વપૂર્ણ પુસ્તક ફિરદોશુ-હિકમતની રચના કરી. આ યુનાની ગ્રીક દવા પદ્ધતિ ૧૧મી સદીમાં મુસ્લિમો ભારતમાં લઈ આવ્યા તેમ મનાય છે. હકીમગિયામહંમદે આરબ, ફારસ અને આયુર્વેદિક ચિકિત્સાપદ્ધતિનો સમન્વય કરી મઝિની-એ-દિયા નામના ચિકિત્સાગ્રંથની રચના કરી. સુલતાનફિરોઝશાહ તુઘલકે તિબ્બ-એ-ફિરોઝશાહી નામનો ચિકિત્સાગંથ રચ્યો હતો. તો આયુર્વેદિક આધારો પણ રચાયેલ તિબ્બી-ઔરંગઝેબી નામનો ગ્રંથ ઔરંગઝેબને અર્પણ કરવામાં આવ્યો હતો. નુરુદીનમહંમદે મુસલજતી દારાશિકોહી નામનો વૈદકગ્રંથ દારાશિકોહને અર્પણ કર્યો હતો. જેમાં યુનાની ગ્રીક વૈદકપદ્ધતિ તેના સિદ્ધાંતો અને આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિનો સમન્વય કરવામાં આવ્યો હતો.

### ૧૬.૧.૬ કૃષિ

મધ્યકાલીન ભારતમાં કૃષિમાં પરંપરાગત પદ્ધતિઓ પ્રચલિત હતી. કેટલાક મહત્વપૂર્ણ પરીવર્તનો વિદેશી વેપારીઓએ નવીન પાકોમાં અને ફુલછોડમાં કર્યા હતા. મૂળભૂત પાકો ઘઉં, ચોખા, દાળ, તેલીબીયા, કપાસ, શેરડી, ગળી જેવા રહ્યા હતા. પશ્ચિમઘાટમાં કાળામરી અને કાશ્મીરમાં કેસર અને ફળોની ખેતી થતી હતી. તમિલનાડુમાં આદુ અને લવિંગ, તજ, ચંદનની જ્યારે કેરળમાં નાળિયેરની ખેતી પ્રચલિત હતી. તમાકુ, મરચા, બટાકા, જામફળ, સફરજન, કાજુ અને અનાનસ એ ભારતમાં ૧૬મી અને ૧૭મી સદી દરમિયાન આવેલા આયાતી પાકો હતા. માલવા અને બિહારના કેટલાક પ્રદેશોમાં અફીણની ખેતી પણ કરવામાં આવતી હતી. બાગાયતી ખેતીનું પ્રચલન પણ ખાસ્સું વિકસ્યું હતું. પરંપરાગત પદ્ધતિથી જુદી અને આયોજિત પદ્ધતિ દ્વારા કેરીનું ઉત્પાદન કરવામાં આવતું હતું. આ પદ્ધતિ ખ્રિસ્તી પાદરીઓ દ્વારા ગોવામાં ૧૬મી સદીના મધ્યમાં અમલમાં મુકવામાં આવ્યું. મુગલ સામ્રાજ્ય તેના અદભૂત બગીચાઓ માટે વિખ્યાત થયું હતું. જ્યાં મોટા વિસ્તારમાં ફળોના બગીચાઓ બનાવવામાં આવ્યા હતા.

સિંચાઈના સાધનોમાં કુવા, ટાંકી, નહેરો, રહટ, ચારસ, ઢેંકલી ચારસ(બળદ દ્વારા કોસ જોડીને ચામડાના પાત્રથી કુવામાંથી પાણી કાઢવાનું સાધન)નો ઉપયોગ થતો હતો. આગ્રા જેવા પ્રદેશમાં પર્શીયન વ્હીલ મોટે ભાગે વપરાતું હતું. મધ્યયુગ દરમિયાન જમીનની માપણી અને જમીનનું વિશ્લેષણ તત્કાલીન સુલતાનોએ કર્યુ.

### પાઠગત પ્રશ્નો ૧૬.૨

૧. જયપુરના મહારાજા સવાઈ જયસિંહ બીજાએ કયા કયા શહેરોમાં ખગોળીય વેધશાળાઓની સ્થાપના કરી હતી?

.....................................................................

૨. મધ્યકાળ દરમિયાન આયુર્વેદક્ષેત્રે રચાયેલ બે મહત્વપૂર્ણ ટીકાઓના નામ આપો.

.....................................................................

૩. ફિરદોશું-હિકમત એટલે શું ?

.....................................................................

૪. કયા પુસ્તકમાં અરબી, ફારસી અને આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિઓનો સમન્વય જોવા મળે છે ?

.....................................................................

૫. મધ્યયુગીન ભારતમાં શરૂ થયેલ કોઈ પણ ચાર પ્રકારના પાકની માહિતી આપો.

..........................................................................

## તમે શું શીખ્યા?

- શૈક્ષણિક પદ્ધતિમાં આવેલું પરીવર્તન.
- અરબી શિક્ષણ પદ્ધતિનું વધેલું પ્રચલન.
- મદ્રેસાઓ અને મકતબોની મોટાપ્રમાણમાં થયેલી સ્થાપના.
- સુલતાનોએ કરેલા શૈક્ષણિક સુધારા.
- ગણિત, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રના ક્ષેત્રે થયેલા અનેકવિધ કાર્યો અને આ સંદર્ભે લખાયેલ મહત્વપૂર્ણગ્રંથો.
- મોટાભાગના વૈજ્ઞાનિક કાર્યો પરંપરાગત કાર્યોને આગળ ધપાવનારા હતા.
- અનેક મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક કાર્યો ખગોળશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર અને અન્ય વિજ્ઞાનમાં થયા. તેમાંના કેટલાકનું સંસ્કૃતમાંથી ફારસી-અરબીમાં ભાષાંતર થયું. તો કેટલાકનું ફારસી-અરબીમાંથી સંસ્કૃતમાં ભાષાંતર થયું.

## સત્રાંત સ્વાધ્યાય

૧. મધ્યયુગ દરમિયાન વિકસિત શૈક્ષણિક પદ્ધતિઓની ચર્ચા કરો.

૨. મધ્યકાળ દરમિયાન વૈદકશાસ્ત્રના વિકાસનું ચિત્રણ કરો.

૩. મધ્યયુગીન ભારતમાં પ્રચલિત સિંચાઈ પદ્ધતિઓની રૂપરેખા આપો.

૪. 'મધ્યકાલીન ભારતમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો' એ વિષય પર એક નિબંધ તૈયાર કરો.

## પાઠગત પ્રશ્નોના જવાબો

**૧૬.૧**

૧. અંકગણિત, બીજગીણત, ભૂમીતી, ખગોળશાસ્ત્ર, નામાપદ્ધતિ અને કૃષિ.

૨. ગણિતશાસ્ત્ર.

૩. (૧) ઉત્પાદન એકમો (૨) યુવાનોને તાલીમબધ્ધ કરતા તાલીમકેન્દ્રો

૪.

| વિદ્વાનનું નામ | તેમનું પ્રદાન |
|---|---|
| નારાયણ પંડિત | ગણિતકૌમુદી |
| ગંગાધર | લીલાવતીવ્યાખ્યા |
| ગણેશદૈવજ્ઞ | બુધ્ધિવિલાસીની |
| હંસદેવ | માર્ગપક્ષીશાસ્ત્ર |
| જહાંગીર | તુઝુક-એ-જહાંગીરી |
| શુક્રાચાર્ય | શુક્રનીતિ |
| નીલકંઠ જ્યોતિર્વિદ | તાઝિક |

૫. તેમાંના ચાર સ્થળોમાં કાશ્મીર, સિયાલકોટ, જાફરાબાદ, પટના, મુર્શીદાબાદ, અહેમદનગર, ઔરંગાબાદ અને મૈસુરમાંથી કોઈપણ ચારનો સમાવેશ કરી શકાય.

૧૬.૨

૧. દિલ્હી, ઉજ્જૈન, વારાણસી, મથુરા અને જયપુર

૨. સારંગધરસંહિતા, ચિકિત્સાંગ્રહ, યાગ્રતવજ્ઞ અને ભાવપ્રકાશ

૩. અલીબીનરબ્બાને ગ્રીક અને ભારતીય વૈદકશાસ્ત્રનો સમન્વય કરી ગ્રંથની રચના કરી હતી.

૪. મઝિની-એ-દિયા


૫. તમાકુ, મરચાં, બટાકા, જામફળ, કાજુ અને અનાનસનો સમાવેશ થાય છે.

**પ્રવૃત્તિઓ**

૧. જયપુરના મહારાજા સવાઈ જયસિંહ બીજાએ સ્થાપેલ કોઈપણ એક ખગોળીય વેધશાળાની મુલાકાત લઈ તેના ઉપયોગ વિશે અને ત્યાં જોવા મળતાં વિવિધ પ્રકારના સાધનો વિશે નોંધ તૈયાર કરી કાર્ય કરો.

૨. કાગળનું ઉત્પાદન કરતાં કારખાનાની મુલાકાત લઈ તેના ઉત્પાદનની પદ્ધતિ વિશે એક અહેવાલ તૈયાર કરો.

૩. તમે પ્રાચીન ભારતમાં પ્રચલિત આયુર્વેદચિકિત્સા પદ્ધતિ અને મધ્યકાલીન ભારતમાં ઈસ્લામના આગમનથી આવેલી યુનાની તિબ્બ નામની બે ચિકિત્સા પદ્ધતિઓનું અધ્યયન કર્યુ છે. તમે





જાણો છો કે તમે જ્યારે બીમાર પડો છો ત્યારે ડોક્ટરની મુલાકાત લો છો આ ડોક્ટર એલોપેથિક પદ્ધતિથી તમારી સારવાર કરે છે. આ સારવાર પદ્ધતિ આધુનિકકાળમાં ભારતમાં બ્રિટીશ પ્રજા લઈ આવી હતી. તમે આ ત્રણેય ચિકિત્સાપદ્ધતિઓના મૂળભૂત લક્ષણોને શોધી કાઢવાનો પ્રયત્ન કરો અને તે ત્રણેય કઈ કઈ બાબતોમાં એકબીજાથી અલગ પડે છે. તે સ્પષ્ટ કરો. આ માટે માહિતી એકત્રિત કરવા તમે નીચે મુજબનું કાર્ય પણ કરી શકો.

(અ) તમારા શિક્ષણ સાથે ચર્ચા કરો.

(બ) ગ્રંથાલયમાંથી પુસ્તકો એકત્રિત કરી આ સંદર્ભે વાંચન કરો.

(ક) ઈન્ટરનેટ ના માધ્યમથી શોધવાનો પ્રયત્ન કરો.

(ડ) ડોક્ટરને મળીને તેમની સાથે આ સંદર્ભે ચર્ચા કરો.

ઉપર્યુક્ત બાબતોને ધ્યાને લઈ તમારો અહેવાલ તૈયાર કરો.

૪. ભારતમાં મધ્યયુગ દરમિયાન નવીન પાક તરીકે આવેલા કોઈપણ બે પાક વિશે સંશોધન કરો. અને શોધી કાઢો કે તેમનું મૂળ ક્યાં છે અને તે ક્યારે ભારતમાં પ્રચલિત થયાં. આ સંદર્ભે વાર્તા સ્વરૂપે લખાણ કરો.

# ૧૭

# આધુનિક ભારતના વૈજ્ઞાનિકો

આધુનિક ભારતમાં વૈજ્ઞાનિક વિકાસ પાછળ મહાન વૈજ્ઞાનિકોનું અભુતપૂર્વ પ્રદાન રહેલું છે. ૧૯મી સદીના ઉતરાર્ધમાં શ્રી સી. વી. રામને ભારતીય વૈજ્ઞાનિક વિચારધારામાં અભુતપૂર્વ પરીવર્તન આણ્યું. ડો. હોમી જે. ભાભા આણ્વિક ભૌતિકશાસ્ત્રના પિતા ગણાયા. જેમણે ભવિષ્યના ભારતીય વિજ્ઞાનનો પાયો નાંખ્યો. જીવશાસ્ત્ર ક્ષેત્રે ડો. જે. સી. બોઝ મહત્વપૂર્ણ પ્રદાન કરી ચૂકયા હતા. તો આણ્વિક ઉર્જા અને તેના ઔદ્યોગિકીકરણમાં ઉપયોગ ક્ષેત્રે ડો.વિક્રમ સારાભાઈએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. લશ્કરી ટેક્નોલોજીને ક્ષેત્રે ડો. એ.પી.જે. અબ્દુલકલામે મહત્વપૂર્ણ સંશોધનો કર્યા. આધુનિક ભારતના આ મહાન વૈજ્ઞાનિકોએ વિજ્ઞાનક્ષેત્રે ક્રાંતિકારી પરીવર્તનો લાવી ભારતમાં વૈજ્ઞાનિક સમૃધ્ધિના દ્વાર ખોલી આપ્યા.

## હેતુઓ

આ પ્રકરણ વાંચ્યા બાદ તમે

- મહાન ભારતીય વૈજ્ઞાનિકોએ આધુનિક સમયમાં વિજ્ઞાનને ક્ષેત્રે મેળવેલ મહત્વપૂર્ણ સિદ્ધીઓને જાણી શકશો.
- માનવ સમાજની સેવામાં પોતાના જ્ઞાનથી તેમણે કરેલા પ્રદાનને સમજી શકશો.

## ૧૭.૧ શ્રીનિવાસ રામાનુજન(ઈ.સ.૧૮૮૭ થી ૧૯૨૦)

શ્રીનિવાસ આયંગર રામાનુજન એ ભારતના મહાન ગણિતશાસ્ત્રી હતા. જેઓ ૨૨ ડિસેમ્બર, ૧૮૮૭માં તમિલનાડુના ઈરોડ નામના ગામમાં જન્મ્યા હતા. તેમના માતાપિતા મદ્રાસથી ૧૬૦ કિ.મી. દૂર આવેલ કુંમ્બકોણમમાં ઈરોડથી સ્થળાંતરીત થયા હતા. રામાનુજને કુંમ્બકોણમની ટાઉનહોલ શાળામાં

શિક્ષણ લીધું હતું. ગણિતના આંકડાઓ જાણે કે તેને આકર્ષતા હતા. ૧૩ વર્ગાની વયે તેમણે જી.એસ.કાર નામના મહાન ગણિતશાસ્ત્રીના પુસ્તક સિનોપ્સીસ ઓફ એલીમેન્ટરી રીઝલ્ટ ઈન પ્યોર મેથેમેટીક્સનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમણે ગણિતક્ષેત્રે પોતાના વિચારો વિકસિત કરવા કાર્ય શરૂ કર્યું. તેમણે કરેલા કાર્યની તેઓ ઝિણવટપૂર્વક નોંધ રાખતા.

આપણને તેમના ત્રણ સંશોધનગ્રંથો મળે છે. જેને રામાનુજનની નોંધપોથીઓ તરીકે ઓળખવામાં આવે છે. પોતાના ગણિતના સંશોધનને કારણે તેમણે કોલેજ શિક્ષણનો ત્યાગ કર્યો હતો. પોતાના સંશોધનોને તેઓ ખુબ વિખ્યાત જર્નલ ઓફ ઈન્ડિયન મેથેમેટીકલ સોસાયટીમાં મોકલતા હતા. બર્નોલી નંબર્સ નામનું એક મહત્વપૂર્ણ સંશોધન આ જર્નલ(સામયિક)માં ૧૯૧૧માં તેમણે રજૂ કર્યું. આ સંશોધને તેમને મદ્રાસમાં ગણિતજૂથમાં ખૂબ જ પ્રતિષ્ઠા અપાવી.

સામાન્યતઃ કોલેજ શિક્ષણ ન લેવાને કારણે નોકરી મેળવવામાં તેમને ખુબ મુશ્કેલી પડી અને તેઓ એક સામાન્ય કારકુન તરીકે મદ્રાસ પોર્ટ ટ્રસ્ટની ઓફીસમાં નોકરી મેળવી શકયા. જોકે અહીંયા તેમણે અનેક લોકોને ગણિતની તાલીમ આપવાનું કાર્ય કર્યું. જી.એસ. હાર્ડીના વિશ્વ વિખ્યાત પુસ્તક ઓર્ડર્સ ઓફ ઈન્ફીનીટીનો અભ્યાસ કર્યો. એટલુંજ નહિં આ મહાન લેખકને ૧૨૦ જેટલી ગાણિતીય પદ્ધતિઓનો સમાવેશ કરતો એક મોટો પત્ર લખ્યો. શ્રી હાર્ડીએ તેમના જ્ઞાનને વખાણી અને તેમને લંડન આવવાનું આમંત્રણ આપ્યું. તેમને ટ્રીનીટી કોલેજમાં વિજ્ઞાનના સ્નાતકની પદવી માટે બે વર્ગા શિક્ષણકાર્ય લેવા પ્રવેશ આપવામાં આવ્યો. અહીંયા તેમણે શ્રી હાર્ડી તથા એવા જ જાણીતા જે. ઈ. લીટલવુડ સાથે ગણિતના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સંશોધનો કરવાની શરૂઆત કરી. લંડનમાં તેમણે અનેક સંશોધન પત્રો રજૂ કર્યા. તેઓ એવા બીજા ભારતીય હતા જે રોયલ સોસાયટી ઓફ લંડનના સદસ્ય બન્યા હતા અને એવા પ્રથમ ભારતીય હતા જેઓ ટ્રીનીટી કોલેજના ફેલો બન્યા હોય.

ઈ.સ. ૧૯૧૭માં તેઓ ગંભીર માંદગીમાં સપડાયા તેમ છતાં ગણિતનું સંશોધન તેમણે આગળ ધપાવ્યું. બદનસીબે તેઓ ગંભીર બીમારીમાં પટકાતા ઈ.સ.૧૯૧૯માં ભારત પાછા ફર્યા. ભારતમાં આવ્યા ત્યારે એક મહાન વૈજ્ઞાનિક તરીકે તેમને નવાજવામાં આવ્યા. ઈ.સ.૧૯૨૦માં તેમનું અવસાન થયું. તેમના ગણિતના મહત્વપૂર્ણ પ્રદાને એ સ્પષ્ટ કર્યુ કે ભારત ગણિતના સિદ્ધાંતોનું જન્મસ્થાન છે.

## ૧૭.૨ ચંદ્રશેખર વી. રામન(ઈ.સ.૧૮૮૮ થી ૧૯૭૦)

સી. વી. રામન તરીકે જાણીતા ચંદ્રશેખર વી. રામન માત્ર મહાન વૈજ્ઞાનિક જ નહોતા પરંતુ ઉચ્ચ કોટીના માનવી પણ હતા. ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રમાં વૈશ્વિક પ્રદાન કરવા બદલ તેમને નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું. આ એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ એશિયન હતા.

સી. વી. રામનનો જન્મ તામિલનાડુના તિરુચિરાપલ્લીમાં ૭ નવેમ્બર, ૧૮૮૮માં થયો હતો. તેમના પિતા ભૌતિકશાસ્ત્ર અને ગણિતના અધ્યાપક હતા. તેમનો ઉછેર સંસ્કૃત સાહિત્ય, વિજ્ઞાન અને

સંગીતના વાતાવરણમાં થયો હતો. પ્રકૃતિએ જાણે કે તેમને એકાગ્રતા, બુધ્ધિમતા અને કુતુહલવૃત્તિની ભેટ આપી હતી. તેઓ ઈન્ડીયન ઓડિટ એન્ડ એકાઉન્ટસ એક્ઝામીનેશન નામની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ આવ્યા હતા અને માત્ર ૧૯ વર્ગાની વયે કલકત્તામાં નાણાં મંત્રાલય ખાતે આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ જનરલ તરીકે નિયુક્ત થયા હતા. પોતાના વિજ્ઞાન પરત્વેના પ્રેમને કારણે આટલી ઉચ્ચ નોકરીનો ત્યાગ કરી કલકત્તા યુનિવર્સિટીમાં સાયન્સ કોલેજ ખાતે ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે કાર્ય શરૂ કર્યુ. એટલુંજ નહિં સંગીતમાં પણ અપ્રતિમ રસ હોવાને કારણે તેઓ વીણા, વાયોલિન, તબલા અને મૃદંગની સોબત પણ માણતા અને તેના પર સંશોધનકાર્ય પણ કરતા. ઈ.સ. ૧૯૨૧માં તેમણે રોયલ સોસાયટી ઓફ લંડનમાં સંગીતના ઉપર્યુક્ત સાધનોના સિદ્ધાંત પાછળના વિજ્ઞાન પર એક સંશોધનપત્ર રજૂ કર્યુ. ઈ.સ. ૧૯૨૪માં તેઓ રોયલ સોસાયટીના ફેલો બન્યા. પોતાના ઈંગ્લેંડ પ્રવાસ વખતે દરીયાના વાદળી રંગે તેમને ખુબ આકર્ષિત કર્યા અને તેમને મન થયું સંશોધન કરવાનું કે સમુદ્રના પાણીનો રંગ મોજાઓ ઉછળવા છતાં વાદળી શા માટે લાગે છે. સૂર્યપ્રકાશ પાણીના બિંદુઓ પર પડતા તેનું પરાવર્તન વાદળી રંગમાં થાય છે તેવું તેમણે સાબિત કર્યુ. આ ક્ષેત્રે હવે તેમણે ઉંડું સંશોધન હાથ ધર્યુ અને એ સંશોધનને રોયલ સોસાયટી ઓફ લંડનમાં પ્રસ્તુત કર્યુ. તેમની કુશાગ્ર બુધ્ધિથી વિજ્ઞાનવિશ્વ સ્તબ્ધ થઈ ગયું.

**રામન ઈફેકટ**

જયારે એક જ કલરવાળી સપાટી ધરાવતા પારદર્શક પદાર્થ પર પ્રકાશ પસાર થાય છે ત્યારે તે પરાવર્તિત થાય છે. રામને આ તૂટતા પ્રકાશકિરણોનો અભ્યાસ કરી પોતાનું સંશોધન રજૂ કર્યુ. પ્રકૃતિની આ મહાન રમતનો તાગ તેમણે મેળવ્યો અને તેમના આ સંશોધનોને રામન ઈફેકટ નામ આપવામાં આવ્યું. તેમણે પ્રકાશના આ કણોને ફોટોનનું નામ આપ્યું.

ડો. રામન મહાન શિક્ષક અને મહાન માર્ગદર્શક હતા. પોતાના વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો સંચાર કરતા. તેમના એક વિદ્યાર્થીએ એક કિલોવોટ પાવરનું એક્સ-રે મશીન તૈયાર કર્યુ હતું. ત્યારે ઈંગ્લેંડના વૈજ્ઞાનિકો પાંચ કિલોવોટ પાવરના એક્સ-રે મશીન પર કાર્ય કરતા હતા. ડો. રામનના માર્ગદર્શનથી તેમનો આ વિદ્યાર્થી દસ કિલોવોટ પાવરના એક્સ-રે સાધન સુધી સંશોધન કરી શકયો.

ડો. રામનનું જીવન આપણા સૌ માટે અનુકરણીય મહાન ઉદાહરણ છે. ભારત અંગ્રેજ સત્તા હેઠળ હતું. ત્યારે ભારતીયોને સામાન્ય સગવડો કે વૈજ્ઞાનિક શોધખોળો માટે પણ ઝઝુમવું પડતું એવે સમયે પોતાના મનને જ લેબોરેટરી બનાવી કોઈપણ જાતની સરકારી મદદ વગર તેમણે મહત્વપૂર્ણ સંશોધનો હાથ ધર્યા. જાણેકે તેમનું જીવન જ તેમનો સંદેશો હતું.

## ૧૭.૩ જગદીશચંદ્ર બોઝ(ઈ.સ.૧૮૫૮ થી ૧૯૩૭)

જે. સી. બોઝ આધુનિક ભારતના મહાન વૈજ્ઞાનિકોમાંના એક હતા. જેમણે રાષ્ટ્રને વિજ્ઞાનના ક્ષેત્રે મહાન સિધ્ધિ અપાવી. તેમનો જન્મ ૩૦ નવેમ્બર, ૧૮૫૮ના રોજ માયમેનસિંગ નામના ગામમાં

થયો હતો. જે અત્યારે બાંગ્લાદેશમાં આવેલું છે. ત્યાં જ તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું હતું. ઉચ્ચ શિક્ષણ તેમણે કલકત્તાની સેંટ ઝેવિયર્સ કોલેજમાં પ્રાપ્ત કર્યું. ઈ.સ.૧૮૮૫માં તેઓ ભૌતિકશાસ્ત્રના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે પ્રેસિડેન્સી કોલેજમાં નિમણૂક પામ્યા. અંગ્રેજ અધ્યાપક કરતાં અડધો પગાર મળવાને કારણે તેમણે આ નોકરીનો વિરોધ સાથે ત્યાગ કર્યો. આ ઘટનાથી તેમણે નિર્ધાર કર્યો કે તેઓ વૈજ્ઞાનિક ક્ષેત્રે મહત્વપૂર્ણ સંશોધનો કરી પ્રાચીન ભારતના વૈજ્ઞાનિક વારસાને ઉજાગર કરશે. તેમણે વિદ્યુત તરંગોનું અધ્યયન શરૂ કર્યું. ૧૯૧૭માં તેમણે ધ ઈલેક્ટ્રોમેગ્નેટીક રેડીયેશન એન્ડ પોલરાઈઝેશન ઓફ ઈલેક્ટ્રીક રે પર વિખ્યાત સંશોધનપત્ર રજૂ કર્યું. આ સંશોધનપત્રે ૧૯૨૦માં તેમને રોયલ સોસાયટી ઓફ લંડનના ફેલો બનાવ્યા. ભૌતિકશાસ્ત્રના વૈજ્ઞાનિક તરીકે આવું બિરૂદ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા.

ક્રિસ્કોગ્રાફ પરના તેમના સંશોધને ડૉ.બોઝને વિશ્વવિખ્યાત બનાવ્યા. ફુલછોડના વિકાસની પાછળ પ્રકાશસંશ્લેષણની જે ગતિવીધી થાય છે અને કોગાના જીવનને આગળ ધપાવે છે તે પ્રકારના સંશોધનોએ તેમને ખુબ ખ્યાતિ અપાવી.

ડૉ.બોઝે અનેક વૈજ્ઞાનિક સાધનોની શોધ કરી હતી જેને વૈજ્ઞાનિક વિશ્વમાં બોઝ સાધનો તરીકે ઓળખવામાં આવે છે. ધાતુઓ પર પણ વાતાવરણની અસરો થાય છે. તેના પર પર તેમણે સંશોધન કર્યું.

તેમણે વાયરલેસ પદ્ધતિનો વિકાસ કરવા પાછળ સંશોધન કર્યું. સર્વપ્રથમ વખત વાયરલેસ રેડીયો સિગ્નલ ડીટેક્ટર નામના સાધનની તેમણે શોધ કરી વિદ્યુતતરંગો પર કાર્ય કર્યું. વિજ્ઞાનનું સંશોધન માનવ જીવનના ઉપયોગ માટે થવું જોઈએ તેમ તેઓ સ્પષ્ટ માનતા.

## પાઠગત પ્રશ્નો ૧૭.૧

૧. ભારતીય અણુ વિજ્ઞાનના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?

.........................................................................

૨. શ્રીનિવાસ રામાનુજને કયા ક્ષેત્રમાં પ્રદાન કર્યું?

.........................................................................

૩. જર્નલ ઓફ ઈન્ડિયન મેથેમેટીકલ સોસાયટીમાં રામાનુજને કયું સંશોધનપત્ર રજૂ કર્યું હતું?

.........................................................................

૪. ઓર્ડર ઓફ ઈન્ફીનીટી નામના મહાન વૈજ્ઞાનિકગ્રંથના રચયિતા કોણ હતા?

...........................................................................

૫. ભૌતિકશાસ્ત્રમાં ડો.સી.વી.રામનને કયાં વર્ષમાં નોબેલ પારિતોષિક મળ્યું?

...........................................................................

૬. ઈંગ્લેંડના પ્રવાસ દરમિયાન કઈ બાબતે ડો.સી.વી.રામનનું ધ્યાન આકર્ષિત થયું હતું?

...........................................................................

૭. રોયલ સોસાયટી ઓફ લંડનમાં ડો.સી.વી.રામને રજૂ કરેલ સંશોધનપત્રનું નામ આપો.

...........................................................................

૮. રામન ઈફેક્ટ એટલે શું ?

...........................................................................

૯. ફોટોન્સનો અર્થ સમજાવો.

...........................................................................

૧૦. લંડનમાં કયા કાર્યથી જગદીશચંદ્ર બોઝને નાઈટનો ખિતાબ મળ્યો હતો?

...........................................................................

૧૧. ક્રિસ્કોગ્રાફની શોધ કોણે કરી હતી?

...........................................................................

૧૨. ક્રિસ્કોગ્રાફ રેકોર્ડનું કાર્ય જણાવો?

...........................................................................

૧૩. કોણે વાયરલેસ રેડીયો સિગ્નલ ડીટેક્ટર નામના સાધનની શોધ કરી હતી?

...........................................................................

## ૧૭.૪ હોમી જહાંગીર ભાભા(ઈ.સ.૧૯૦૯ થી ૧૯૬૬)

ડો. હોમી જહાંગીર ભાભા ભારતને અણુયુગમાં લઈ જનાર મહાન વૈજ્ઞાનિક હતા. ભારતના આણ્વિક વિજ્ઞાનના પિતા તરીકે તેમને ઓળખવામાં આવે છે. તેમનો જન્મ ૩૦મી ઓક્ટોબર, ૧૯૦૯ના રોજ ભારતના પ્રસિદ્ધ પારસી કુટુંબમાં થયો હતો. યુવાવસ્થા દરમિયાન જ કુશાગ્ર બુધ્ધિથી તેમણે અનેક ઈનામો પ્રાપ્ત કર્યા હતા. શરૂઆતનું શિક્ષણ તેમણે મુંબઈમાં મેળવ્યું હતું. તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં

મિકેનિકલ એન્જિનીયરીંગ પ્રથમ વર્ષમાં પાસ કર્યું હતું. અને ત્યાં જ ૧૯૩૫માં પીએચ.ડી. પૂર્ણ કર્યું હતું. બીજા વિશ્વયુધ્ધના સમયે તેઓ ભારત આવ્યા હતા.

ભારતમાં આવ્યા પછી તેઓ ડો. સી. વી. રામનની વિનંતીને માન આપી બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્સટીટયૂટ ઓફ સાયન્સ ખાતે રીડર તરીકે જોડાયા અને ટૂંકાગાળામાં જ ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિમણુંક પામ્યા. ભૌતિકશાસ્ત્રની અનેક શાખાઓમાં સંશોધન કરવા માટે સંશોધન સંસ્થા ઉભી કરવાનો વિચાર તેમણે પ્રસ્તુત કર્યો. શ્રી દોરાબજી ટાટાને પત્ર લખી ભારતમાં ન્યુક્લિયર પાવર સ્ટેશન સ્થાપવા મહત્વપૂર્ણ કાર્ય કરવા અનુરોધ કર્યો. આ ઈન્સ્ટીટયૂટ સ્થપાવાથી ભારત વિશ્વના કોઈપણ દેશની મદદ વગર આ ક્ષેત્રના નિષ્ણાંતો તૈયાર કરે તેવો તેમનો મત હતો. પરીણામે ૧૯૪૫માં ટાટા ઈન્સ્ટીટયૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ(ટી.આઈ.એફ.આર)ની ડો. ભાભાના વડપણ હેઠળ સ્થાપના કરવામાં આવી.

ઈન્ડિયાના આ પ્રથમ આણ્વિક સંશોધન કેન્દ્રને અત્યારે ભાભા એટમિક રીસર્ચ સેન્ટર(બી.એ.આર.સી.) તરીકે ઓળખવામાં આવે છે. જે ટ્રોમ્બે ખાતે સ્થાપવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ ભારતનું પ્રથમ એટોમિક રીએકટર અપ્સરા પણ શરૂ કરવામાં આવ્યું હતું. ૧૯૪૮માં ભારત સરકારે સ્થાપેલ એટોમિક એનર્જી કમિશનના તેઓ પ્રથમ અધ્યક્ષ બન્યા હતા. તેમના એટમિક એનર્જી(આણ્વિક ઉર્જા) પરના સંશોધનોએ સમગ્ર વિશ્વમાં ઘણી નામના મેળવી હતી. તેઓ આંતરરાષ્ટ્રીય પરિસંવાદોના ચેરમેન તરીકે અવારનવાર વિશ્વભરમાં પ્રવાસ કરતા. યુનાઈટેડ નેશન્સના શાંતિદૂત તરીકે તેમણે આણ્વિક ઉર્જાનો શાંતિ માટે ઉપયોગ કરવાની ઝૂંબેશ ચલાવી હતી. ભારત સરકારે તેમના આ અપ્રતિમ યોગદાન બદલ તેમને પદમભૂષણનો ઈલકાબ આપ્યો હતો. ઈ.સ.૧૯૬૬માં એક વિમાન અકસ્માતમાં ડો.ભાભાનું અકસ્માતે મૃત્યુ થયું.

## ૧૭.૫ ડો.વિક્રમ અંબાલાલ સારાભાઈ(ઈ.સ.૧૯૧૯ થી ૧૯૭૦)

આધુનિક ભારતના મહાન વૈજ્ઞાનિકોમાં ડો. વિક્રમ અંબાલાલ સારાભાઈનું અગ્રગણ્ય સ્થાન છે. ભારતના પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ અને અંતરિક્ષવિજ્ઞાનના વિકાસ પાછળ તેમનુ યોગદાન રહેલું છે. તેમના માતાપિતાએ સ્થાપેલી શાળામાં જ તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું હતું. ડો. સી.વી. રામનના માર્ગદર્શન હેઠળ કોસ્મિક રેઝ વિગાય પર કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી તેમણે પીએચ.ડી. કર્યું હતું. બ્રહ્માંડના રહસ્યો પામવા અંતરિક્ષ વિજ્ઞાન પર તેમણે સંશોધન કાર્ય શરૂ કર્યું. સૂર્યકિરણો પૃથ્વી પર આવતા સુધીમાં કેવા કેવા રૂપો ધારણ કરે છે તે પર તેમણે અધ્યયન કર્યું.

ડો.સારાભાઈ એ બહુમુખી પ્રતિભા ધરાવતા મહામાનવ હતા. તેઓ મહાઉદ્યોગપતિ હતા. તેમણે સારાભાઈ કેમિકલ્સ, સારાભાઈ ગ્લાસ, સારાભાઈ મર્કેન્ટાઈલ લીમીટેડ જેવા અનેક ઉદ્યોગો સ્થાપ્યા હતા. લશ્કરી સંસાધનોનું ઉત્પાદન કરી ભારતના કરોડો રૂપિયા બચાવવાનું ભગીરથ કાર્ય તેમણે કર્યુ હતું. એટલું જ નહિં એન્ટીબાયોટીક દવાઓ અને પેનીસીલીનનું ઉત્પાદન ભારતમાં કરાવવા

આગ્રહ રાખ્યો હતો. તેઓ એહમદાબાદ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીયલ એસોસીયેશન અને મીલ ઓનર એસોસીયેશનના સ્થાપક હતા. આ સંસ્થાઓના નેજા હેઠળ ગુજરાતમાં અનેક ઉદ્યોગગૃહો સ્થાપવામાં તેઓ સફળ થયા હતા.

ડો. વિક્રમ અંબાલાલ સારાભાઈએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અનેક સંસ્થાઓ સ્થાપી હતી. જેમાંની મહત્વપૂર્ણ સંસ્થામાં ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટસ (આઈ.આઈ.એમ.એસ.)નો સમાવેશ થાય છે. જે વૈશ્વિક કક્ષાનું મેનેજમેન્ટ જ્ઞાન આપતી સંસ્થાઓ છે.

તેઓ ઈન્ડીયન નેશનલ કમિશન ફોર સ્પેશ રીસર્ચ(આઈ.એન.સી.ઓ.એસ.પી.એ.આર) અને એટોમિક એનર્જી કમિશનના અધ્યક્ષ રહયા હતા. તેમના વડપણ હેઠળ થુમ્બા ઈક્વેટોરીયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન(ટી.ઈ.આર.એલ.એસ.) સ્થપાયું હતું. ગ્રામીણ અને અંતરીયાળ વિસ્તારમાં વસતા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે ઉપગ્રહ આધારીત શિક્ષણ વ્યવસ્થાના તેઓ સ્થાપક હતા. ૧૯૬૬માં ભારત સરકારે તેમને પદમભૂષણથી નવાજયા હતા. તેમના મૃત્યું બાદ તેમને મરણોત્તર પદમવિભુષણનો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેમના મૃત્યુંને કારણે ભારતે વિજ્ઞાનક્ષેત્રે મોટો ખાલીપો અનુભવ્યો છે.

## ૧૭.૬ ડો.એ.પી.જે. અબ્દુલકલામ

ડો. એ.પી.જે. અબ્દુલકલામ ભારતના મહાન વૈજ્ઞાનિક અને ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત થયેલ આધુનિક ભારતના ઘડવૈયા પૈકીના એક છે. તામિલનાડુના રામેશ્વરમ નામના કસ્બામાં ૧૫ ઓકટોબર, ૧૯૩૧માં તેમનો જન્મ થયો. ભારતના સર્વોચ્ચ ખિતાબ ભારતરત્નથી ૧૯૯૭માં તેમનું સન્માન કરવામાં આવ્યું. વિજ્ઞાન અને ઈજનેરીક્ષેત્રે તેમના મહાનતમ પ્રદાનથી તેઓ વિશ્વભરમાં જાણીતા બન્યા છે.

ડો.કલામે રામેશ્વરમાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યુ. તેમણે એરોનોટીકલ એન્જીનીયરીંગની ડીગ્રી પદવી મદ્રાસ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી પ્રાપ્ત કરી.

ઈ.સ.૧૯૬૩થી ૧૯૮૨ સુધી તેમણે ઈન્ડિયન સ્પેશ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો) ખાતે વિક્રમ સારાભાઈ સ્પેશ સેન્ટરમાં ફરજ બજાવી. સેટેલાઈટ લોન્સ વ્હીકલ(એસ.એલ.વી.-૩)નો આવિસ્કાર કર્યો. રોહિણી નામના ઉપગ્રહને અવકાશમાં મુકનાર આ વ્હીકલ તેમના દ્વારા નિર્મિત થયું હતું. ૧૯૮૨માં તેઓ ડિફેનસ રીસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન(ડી.આર.ડી.ઓ.) ના નિયામક બન્યા. તેમણે ઈન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત ભારતને અવકાશક્ષેત્રે મોખરાનું સ્થાન અપાવવા જવાબદારી વહન કરી. આ માટે પાંચ જેટલા પ્રોજેક્ટ પૃથ્વી, ત્રિશૂળ, આકાશ, નાગ અને અગ્નિ જેવા શરૂ કર્યા. અંતરિક્ષ વિજ્ઞાનને ક્ષેત્રે તેમણે ભારતને આત્મનિર્ભર બનાવ્યું. જમીન પરથી જમીન પર પ્રહાર ક્ષમતા ધરાવતા અગ્નિ મિસાઈલનું સંશોધન અને તેની સફળતા એ તેમની

મહાન ઉપલબ્ધિ હતી. આ ઉપલબ્ધિએ ભારતને વિશ્વના વિકસિત દેશોની હરોળમાં મુકી આપી. ત્યારબાદ ઓછા વજન ધરાવતા અગ્નિ મિસાઈલ ઉભા કરવામાં તેમણે સફળતા મેળવી. એટલું જ નહિં તેનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં પણ સફળતા મેળવી. તેમણે પોલીયોગ્રસ્ત લોકો માટે કાર્બન પદાર્થોની ડિઝાઈન દ્વારા પોતાના સંશોધનનો ઉપયોગ કરી અગ્નિની ટેક્નોલોજીને પોલીયોના નિદાનમાં ઉપયોગી બનાવી હતી. હૃદયરોગના દર્દીઓ માટે એન્જીયોપ્લાસ્ટી નામની જે બલુન પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે તે તેમની આ શોધને આભારી છે એટલે વિજ્ઞાનનો ઉપયોગ માનવીના ભલા માટે થઈ શકે છે તે તેમણે સ્પષ્ટ કર્યુ.

ડો.કલામનું જીવન ભારતના આત્મવિશ્વાસનું પ્રતિક છે. તેઓ ભારતીય પરંપરા અને ધર્મનું અનુસરણ કરતા મહાન વૈજ્ઞાનિક છે. તેમણે વિજ્ઞાનને ધર્મ અને તત્વજ્ઞાન સાથે જોડવાનો અનન્ય પ્રયત્ન કર્યો. માનવીની આંતરિક ચેતના પર તેમનો અપ્રતિમ વિશ્વાસ દષ્ટિગોચર થાય છે. તેઓ કહે છે કે મેં કંઈ મેળવ્યું નથી કંઈ બાંધ્યુ નથી કંઈ આપ્યું નથી મારે નથી કોઈ પરીવાર કે પુત્ર કે પુત્રી હું આ કશામાં માનતો નથી. મનુષ્યે પોતાની જાતથી ઉપર ઉઠી અંદરના અવાજને ઓળખી કાર્ય કરવું જોઈએ.

## પાઠગત પ્રશ્નો ૧૭.૨

૧. ડો.હોમી જે. ભાભાએ કયા ક્ષેત્રમાં સંશોધન કર્યુ હતું?

........................................................................

૨. ડો.ભાભાના પૈતૃક વારસાગત ઘર(ટ્રોમ્બે ખાતે)માં ઈ.સ. ૧૯૪૫માં કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી?

........................................................................

૩. ભારતના પ્રથમ એટમિક રીએક્ટરનું નામ આપો.

........................................................................

૪. બ્રહ્મકિરણો એટલે શું ?

........................................................................

૫. ડો.વિક્રમ સારાભાઈએ કેવી રીતે ભારતીય નાણાંનો બચાવ કર્યો હતો?

........................................................................

૬. ટી.આઈ.આર.એલ.એસ. એટલે શું ?

........................................................................

૭. એ.પી.જે. અબ્દુલકલામે વિકસાવેલી લશ્કરી સેવા માટેના પ્રોજેક્ટનું નામ આપો.

.......................................................................

૮. પોલીઓગ્રસ્ત લોકોના ભલા માટે ડો.એ.પી.જે. અબ્દુલકલામે શું કાર્ય કર્યુ હતું?

.......................................................................

## તમે શું શીખ્યા?

- શ્રીનિવાસ રામાનુજન ભારતના મહાન ગણિતશાસ્ત્રી હતા જેમણે આ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સિદ્ધીઓ હાંસલ કરી હતી.
- ઈ.સ.૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મેળવનાર સી.વી.રામન મહાન ભારતીય વૈજ્ઞાનિક હતા. તેમના પ્રકાશના કિરણો પરના સંશોધનો અને પ્રકાશના કણો જેને ફોટોન તરીકે ઓળખવામાં આવે છે. તેવા સંશોધનોને રામન ઈફેક્ટ નામ આપવામાં આવ્યું છે.
- ડો. જે. સી. બોઝ ક્રિસ્કોગ્રાફના શોધક અને છોડના વિકાસ માટેના સંશોધનોમાં માહિર હતા એટલું જ નહિં આ માટે તેમણે બનાવેલા અનેક સાધનોને બોઝ સાધનોથી ઓળખવામાં આવે છે. ભારતને અણુયુગમાં લઈ જનાર ડો.હોમી ભાભા ભારતના મહાન વૈજ્ઞાનિક હતા.
- ડો.વિક્રમ સારાભાઈ આધુનિક ભારતના દીર્ઘદૃષ્ટા એવા વૈજ્ઞાનિક હતા જેમણે ભારતના પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટને અંતરિક્ષમાં મુકવાનું કાર્ય કર્યુ એ મહાન ઉદ્યોગપતિ પણ હતા. તેમણે અનેક ઉદ્યોગોની સ્થાપના કરી હતી. તેઓ આઈ.એન.સી.ઓ.એસ.પી.એ.આર. અને ધ એટોમિક એનર્જી કમિશનના અધ્યક્ષપદે રહી ચૂકયા હતા.
- ભારતના પૂર્વરાષ્ટ્રપતિ અને મહાન મહાન વૈજ્ઞાનિક ડો.એ.પી.જે. અબ્દુલકલામે એસ.એલ.વી.-૩ નામના પ્રક્ષેપાસ્ત્રનું સર્જન કરી રોહિણી ઉપગ્રહને ભ્રમણકક્ષામાં મુકવાનું કાર્ય કર્યુ. તેઓ ડી.આર.ડી.ઓ.ના નિયામક પણ રહ્યા. તેમણે પૃથ્વી, ત્રિશૂલ, આકાશ, નાગ અને અગ્નિ જેવા પાંચ મિસાઈલ પ્રોજેક્ટ પૂર્ણ કરાવ્યા. વર્તમાન સમયમાં પણ ભારતીય યુવાનો માટે તેઓ પ્રેરણામૂર્તિ ગણાય છે.

## સત્રાંત સ્વાધ્યાય

૧. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે જગદીશચંદ્ર બોઝનું પ્રદાન સ્પષ્ટ કરો.

૨. ભારતને સુપર ન્યુક્લિયર પાવર બનાવવા માટે ડો. હોમી જે. ભાભાએ કરેલ પ્રયત્નોની નોંધ કરો.

૩. ડો. સી. વી. રામન કેવી રીતે માનસિક શક્તિઓના વિકાસથી વિજ્ઞાનના મહાન સિદ્ધાંતો રચવામાં સફળ થયા હતા તે સમજાવો.

૪. ડો. કલામનું જીવન ભારતની સાચી ભાવનાનું પ્રતિક છે આ વિધાન સવિસ્તર ચર્ચો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો

**૧૭.૧**

૧. હોમી જે. ભાભા

૨. ગણિતશાસ્ત્ર

૩. ગણિતના બારનોલી અંકો પર કરેલ સંશોધનપત્ર

૪. જી.એચ.હાર્ડી

૫. ઈ.સ.૧૯૩૦માં

૬. સમુદ્રના વાદળી કલરે

૭. એક કણ પ્રકાશના કિરણોને વિભાજીત કરે છે.

૮. વિભાજિત પ્રકાશ બે રેખાઓમાં સમાંતરે પ્રકાશ પાથરે છે.

૯. આ અણુઓ ભેગા મળીને પ્રકાશસંરચના ઉદ્ઘાટિત કરે છે.

૧૦. તેમના સંશોધનપત્ર ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન એન્ડ પોલરાઈઝેશનથી

૧૧. જગદીશચંદ્ર બોઝ

૧૨. છોડવાના સેન્ટીમીટરનો ૧૦ લાખમાં હિસ્સાનો વિકાસ

૧૩. જગદિશચંદ્ર બોઝ


**૧૭.૨**

૧. બ્રહ્માંડીય કિરણોત્સર્ગ

૨. ટાટા ઈન્સ્ટીટયૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ(ટી.આઈ.એફ.આર.)

૩. અપ્સરા

૪. બ્રહ્માંડીય કિરણોએ બાહ્ય જગાએથી આવતાં ઉર્જાના બિંદુઓ છે.



૫. તેમણે લશ્કરી બાબતો સાથે સંકળાયેલ ચીજોનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું તથા રોગોને નાથવા પેનીશીલીન અને એન્ટીબાયોટીક દવાઓનું ભારતમાં ઉત્પાદન કરાવવુ શરૂ કરાવ્યું.

૬. થુમ્બા ઈક્વેટોરીયલ રોકેટ લોન્ચીગ સ્ટેશન

૭. પૃથ્વી, ત્રિશૂલ, આકાશ, નાગ અને અગ્નિ

૮. તેમણે કેલિપર્સનું વજન ચાર કિલોગ્રામથી ઘટાડી માત્ર ૪૦૦ ગ્રામ કરવામાં સફળતા મેળવી.

# ૧૮
# ભારતમાં શિક્ષણ

*અત્યારસુધી તમે સંસ્કૃતિના વિભિન્ન ખ્યાલોથી માહિતગાર થયા છો જેમ કે કલા, સ્થાપત્ય, ધર્મ અને વિજ્ઞાન. સંસ્કૃતિનું અન્ય એક મહત્વપૂર્ણ અંગ એ શિક્ષણ પણ છે. પરંતુ શિક્ષણ એટલે શું તમે કહી શકો કે શિક્ષણ એટલે શાળામાં કે પુસ્તકો દ્વારા કંઈક શીખવું તે જોકે અંશતઃ સાચું છે. શિક્ષણ એ શીખવાનો અનુભવ છે. પરંતુ શીખવું એ જીવનભર ચાલતી પ્રક્રિયા છે. શીખવાની કેટલીક પદ્ધતિઓ આકસ્મિક કે પ્રાકૃતિક હોય છે. પરંતુ શૈક્ષણિક અનુભવ એ પૂર્વનિર્ધારીત અને હેતુસભર ચાલતી પ્રક્રિયા છે. જેમાં વર્તન અને વ્યક્તિગત એમ બંને બાબતોનો અભ્યાસ થાય છે. તમે આ પ્રકરણમાં આવા જ અનુભવમાંથી પસાર થશો. શું તમને તે જાણીને આશ્ચર્ય થયું કે શિક્ષણ સંસ્કૃતિ સાથે કઈ રીતે સંકળાય છે. સંસ્કૃતિ એ એકત્રિત અનુભવનો સમુચ્ચય છે અને આગળની પેઢીએ મેળવેલ સિધ્ધિઓ પછીની પેઢીઓને અપાતી પ્રક્રિયા છે. જે સમાજમાં નિરંતર ચાલે છે. સંસ્થાગત પ્રક્રિયામાંથી પસાર થઈ સામુહિક રીતે અનુભવ પામી સિદ્ધિઓ મેળવવાની ક્રિયાને આપણે શિક્ષણ કહી શકીએ એટલે શિક્ષણનો અર્થ માત્ર એક પેઢી બીજી પેઢીને સાંસકૃતિક માન્યતાઓ અને વિચારો આપે તેટલો જ નથી. પરંતુ તે આ સાંસ્કૃતિક માન્યતાને આકાર આપવાનું અને તે સંસ્કૃતિનો એક ઘટક ન બને ત્યાં સુધી મથ્યા રહેવાનું સામર્થ્ય છે. સંસ્કૃતિમાં અવતા પરીવર્તનોની અસર શૈક્ષણિક પદ્ધતિઓ પર પણ પડે છે. આ પ્રકરણમાં તમે ચોકકસ શિક્ષણ પદ્ધતિઓનું મૂલ્યાંકન કરી શકશો અને ભારતમાં છેક પ્રાચીન કાળથી અપાતા શિક્ષણ અને સમાજમાં શિક્ષણના પ્રચલનને જાણી સમજી શકશો.*

## હેતુઓ

*આ પ્રકરણ વાંચ્યા બાદ તમે*

- *ભારતીય ઈતિહાસના પ્રાચીન, મધ્ય અને આધુનિકકાળમાં શિક્ષણનું સ્વરૂપ સમજી શકશો.*

- જૈન અને બૌધ્ધધર્મ સાથે સંકળાયેલ શિક્ષણ પદ્ધતિઓનું પ્રદાન સમજી શકશો.
- સમાજમાં સ્ત્રીઓનું શૈક્ષણિક સ્તર જાણી શકશો અને તેને મુલવી શકશો.
- શૈક્ષણિક બાબતોમાં દિલ્હી સલ્તનતના સમયમાં લેવાયેલા કેટલાક પગલાંઓ વિશે માહિતી મેળવી શકશો.
- શિક્ષણને વધુ તાર્કિક બનાવવાના મોગલ શાસકોના પ્રયત્નોને બિરદાવી શકશો.
- સાંસ્થાનિકકાળ(બ્રિટીશકાળ) દરમિયાન આધુનિક શિક્ષણના ફેલાવાનું નિરીક્ષણ કરી શકશો.
- સ્વતંત્રતાપ્રાપ્તિ બાદ ભારતમાં પાયાના શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રે થયેલા મહત્વપૂર્ણ પ્રયત્નોને સમજી શકશો.

## ૧૮.૧ પ્રાચીન સમયમાં શિક્ષણ

### ૧૮.૧.૧ વૈદિક કાળ

*પ્રાચીન ભારતમાં શિક્ષકોને ગુરૂ કહેવામાં આવતા જે પોતાના વિદ્યાર્થીઓને ભેગા કરી તેમની સાથે જ તેમના કુટુંબના સદસ્ય બનાવી જ્ઞાન આપવાનું કાર્ય કરતા. આ સ્થળને ગુરૂકુળ કહેવાતું. ગુરુકુળનું કાર્ય ઘરેલુ શાળા જેવું હતું. આશ્રમમાં બાળકો ગુરુના હાથ નીચે વ્યક્તિગત સૂચનાઓનું પાલન કરી શીખવાનું અને વિકસવાનું કાર્ય કરતા. મોટેભાગે શિક્ષણ ઉચ્ચ જ્ઞાતિઓને જ આપવામાં આવતું. ગુરુશિષ્ય પરંપરા અનુસાર શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે એક વિશિષ્ટ સંબંધ બંધાતો. શીખવાની પદ્ધતિની શરૂઆત ધાર્મિક પ્રાર્થનાઓથી થતી. ઉપનયન સંસ્કાર આપી શિક્ષણની શરૂઆત કરાવવામાં આવતી. શિક્ષણમાં સામાન્યતઃ મૌખિક પદ્ધતિઓનો ઉપયોગ થતો. વેદ અને ધર્મસુત્રો પૂર્ણ કે અંશતઃ યાદ રાખીને તૈયાર કરવામાં આવતા. વ્યાકરણ, તર્કશાસ્ત્ર અને તત્વજ્ઞાનનુ અધ્યયન પણ કરાવવામાં આવતું હતું. મૈત્રેયની ઉપનિષદ આ સંદર્ભે પ્રકાશ પાડતા જણાવે છે કે જ્ઞાન એ શીખેલ વિદ્યા, ચિંતન અને તપનું પરિણામ છે. આત્મવિશ્લેષ્ણા એટલે સત્વનો સ્વાભુનવ, મનનું શુધ્ધિકરણ અન આત્માનો સંતોગા જેવા તબક્કાઓ શિક્ષણ સાથે સંકળાયેલા રહેતા. ઉચ્ચતમ જ્ઞાનપ્રાપ્તિના માધ્યમ તરીકે સ્વશિક્ષણની પદ્ધતિ આ સમયમાં શ્રેષ્ઠ ગણવામાં આવતી. તૈતરીય ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે વરૂણના પુત્ર ભૃગુ તેમના પિતાને બ્રાહમણનો અર્થ પૂછે છે ત્યારે તેમના પિતા તેને ધ્યાન દ્વારા પોતાની જાતમાં જ શોધવાનો ઉત્તર આપે છે.*

### ૧૮.૧.૨ મૌર્યકાળ

*મૌર્ય અને મૌર્યયુગ પછીના સમયમાં ભારતીય સમાજમાં મહત્વપૂર્ણ પરીવર્તનો આવ્યા અનેક શહેરો વેપારી કેન્દ્રો, વેપારી સમુદાયો સમાજમાં મહત્વના સ્થાન પર બેસવા લાગ્યા. પરીણામે વેપારીઓને શિક્ષણ આપવાની કેટલીક શિક્ષણ પદ્ધતિઓનો આવિસ્કાર આ સમયમાં થયો. જોકે આ શિક્ષણ કેન્દ્રોમાં તેમને તકનિકી શિક્ષણ અપાતું અને ખાણ, ધાતુવિજ્ઞાન, સુથારીકામ, વણાટકામ અને*

ડાઈ બનાવવાનું શિક્ષણ આપવામાં આવતું. મકાનો અને સ્થાપત્યમાં નવીન પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી. શહેરી જીવનનો ઉદભવ થતાં નવીન શહેરી સ્થાપત્યકળા વિકસી. શાહુકારોન પેઢઓએ ખગોળવિદ્યા, તારાઓના સ્થાન જેવા શિક્ષણને ખુબ પ્રોત્સાહન આપ્યું જે તેમને દરીયામાં દિશાસૂચન માટે અત્યંત ઉપયોગી હતું. ખગોળવેત્તાઓ અને બ્રહ્માંડ પર અધ્યયન કરવાવાળાઓએ કાળ એટલેકે સમયની ચર્ચાનો આરંભ કર્યો. તેનાથી સમયનું તિક્ષ્ણ જ્ઞાન ઉભું થયું જે આ પૂર્વેના જ્ઞાન કરતાં જુદું અને વિકસિત હતું. વૈદકશાસ્ત્રક્ષેત્રે આયુર્વેદે વ્યવસ્થિત શિક્ષણનું સ્વરૂપ લીધું. જેને આપણે ભારતીય વૈદકશાસ્ત્ર કહીએ છીએ. આ માટે સ્વસ્થ શરીર રાખવા ત્રણ તત્વોનું યોગ્ય સમન્વય જરૂરી છે તેમ મનાતું. દવાઓ તરીકે ઉપયોગમાં લેવાતા કુદરતી તત્વોનું જ્ઞાન અને તેનો ઉપયોગ ખુબ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો હતો. આ ક્ષેત્રે ચરક ખુબ વિખ્યાત થયા હતા જ્યારે શસ્ત્રક્રિયામાં સુશ્રુત બહુ જ જાણીતા હતા. દવાશાસ્ત્ર પર ચરક દ્વારા રચાયેલ ગ્રંથ ચરકસંહિતા સૌથી વધુ અધિકૃત બન્યો હતો.

ચોક્કસપણે તમે ચાણકય વિશે જાણતા જ હશો જે ખૂબ જાણીતા તત્વચિંતક, વિદ્વાન અને શિક્ષક હતા. તેમણે અર્થશાસ્ત્ર નામનો મહાનગ્રંથ રચ્યો હતો. અર્થશાસ્ત્રમાં રાજકુંવરોને કયા પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ. તેનો વિગતે અભ્યાસક્રમ અને પદ્ધતિ આપવામાં આવી છે. ઉપનયન સંસ્કારબાદ રાજકુમારે ચારેય વેદોનો અને વેદ સાથે સંકળાયેલ વિજ્ઞાનનું અધ્યયન કરવું જોઈએ. એટલુંજ નહિં તેમણે તર્કશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રનું અધ્યયન પણ કરવું જોઈએ. તે સમયે શિક્ષણ મૂળતઃ વર્તમાન શિક્ષણ કરતાં ઘણું જુદું હતું. રામાયણમાં ધનુર્વેદ, નીતિશાસ્ત્ર, હાથીઓ અને રથકારો માટેની શિક્ષા, આલેખ્યા અને લેખ્યા(રંગકર્મીઓ અને લેખાકારો માટેની શિક્ષા), લાંઘણા(કુદવાનું શિક્ષણ) અને તૈરણા(તરવાનું શિક્ષણ)નો સમાવેશ થાય છે. જે રાજકુમારોને શિક્ષણના ભાગરૂપે શીખવવામાં આવતું.

### ૧૮.૧.૩ ગુપ્તકાળ

ગુપ્તકાળમાં જૈન અને બૌધ્ધ શિક્ષણ પદ્ધતિએ શિક્ષણને જુદી જ દિશા આપી. બૌધ્ધ સાધુઓ વિદ્યાર્થીઓને ૧૦ વર્ગો માટે શિક્ષણ આપવાની વ્યવસ્થા કરતા. શરૂઆતની પદ્ધતિ મૌખિક રહેતી અને ક્રમશઃ વાંચન અને લેખનની પ્રવૃત્તિઓનો આરંભ થતો. તેઓ પુસ્તકાલયો રાખતા જેમાં મહત્વપૂર્ણ હસ્તપ્રતો અને તેની નકલોનો સંગ્રહ રહેતો. ચીન અને દક્ષિણ પૂર્વીય એશિયામાંથી આવા બૌધ્ધ વિદ્યાકેન્દ્રોમાં શિક્ષણ લેવા માટે વિદ્યાર્થીઓ આવતા. બૌધ્ધ વિદ્યાધામોને રાજા દ્વારા તથા ધનાઢય વેપારીઓ દ્વારા નાણાંકીય લાભ કે અનુદાન આપવામાં આવતાં. તેઓ પ્રાદેશિક અને બહારના વિદ્વાનોને આમંત્રણ આપતા. ફાહિયાન નામના ચીની યાત્રીએ પાટલિપુત્રમાં બૌધ્ધ ધર્મનું જ્ઞાન લેવા ઘણાં વર્ષો શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. પાટલિપુત્ર સિવાય વારાણસી, મથુરા, ઉજ્જૈન અને નાસિક બૌધ્ધવિદ્યા કેન્દ્રમાં જાણીતા બન્યા હતા. નાલંદા વિશ્વવિદ્યાલય તેના ઉચ્ચતમ ધોરણોથી અને વિદ્વતાસભર અભ્યાસક્રમોથી સમગ્ર એશિયામાંથી જાણતું બન્યું હતું. વેદાંત તત્વજ્ઞાન, પુરાણવિદ્યા, મહાકાવ્યો, વ્યાકરણ, તર્કશાસ્ત્ર,

ખગોળશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર જેવા વિષયો ભણાવવામાં આવતા. માધ્યમની ભાષા સંસ્કૃત રહેતી. જૈન વિદ્યાકેન્દ્રોમાં પણ આદિપર્વના અને યશતિલકા જેવા સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરાવવામાં આવતો. શિક્ષણ જાણીતું થતાં જૈનવિદ્યા કેન્દ્રોમાં પ્રાકૃત અને અન્ય પ્રાદેશિક ભાષાઓ જેવી કે તમિલ અને કન્નડને સ્થાન આપવામાં આવ્યું. જૈન અને બૌધ્ધ ધર્મના પુસ્તકાલયોમાં પામવૃક્ષના પાંદડાઓ પર લખાયેલ શિક્ષણની વિગતો મળી આવી છે. જેને ગ્રંથ કહેવામાં આવતા. ધીમે ધીમે જૈન અને બૌધ્ધ વિદ્યા કેન્દ્રોને રાજ્ય તરફથી મળતી આવક બંધ થતાં તેમનું પતન થયું. બ્રાહ્મણો દ્વારા સ્થપાયેલ મઠ બૌધ્ધ અને જૈન મઠોની જેમ શિક્ષણ કેન્દ્ર તરીકે ચાલતાં હતા. તેમનું કાર્ય આશ્રમમાં રહી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા જેવું હતું.

### ૧૮.૧.૪ ગુપ્તકાળ પછીનો સમય

હર્ષના સમયમાં કલા અને સંસ્કૃતિ ઉચ્ચતમ શિખરે પહોંચ્યા હતા. તેને તમામ પ્રકારના શિક્ષણને પ્રોત્સાહન આપ્યુ હતું. મંદિરો અને મઠોમાં શિક્ષણ અપાતું. તક્ષશિલા, ઉજ્જૈન, ગયા અને નાલંદા ઉચ્ચ શિક્ષણના મહત્વપૂર્ણ કેન્દ્રો હતા. હયુએનશ્વાંગ નામના ચીની બૌધ્ધિકે નાલંદામાં બૌધ્ધ ધર્મને લગતી હસ્તપ્રતોનું અધ્યયન કરવા ઘણાં વર્ષો વિતાવ્યા હતા. શીલભદ્ર નામના વિખ્યાત વિદ્વાન આ વિશ્વવિદ્યાલયના વડા હતા.

૭મી અને ૮મી સદીમાં મહાશાળાઓ જેને ઘટીકાઓ તરીકે ઓળખવામાં આવે છે તેવી મંદિરમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓનો ઉદય થયો. આ ઘટીકાઓ બ્રાહ્મણીય શિક્ષણ પદ્ધતિઓના કેન્દ્રો હતી. જેમાં શિક્ષણનું માધ્યમ સંસ્કૃત હતી. મંદિરમાં ચાલતી આ મહાશાળાઓમાં ઉચ્ચવર્ગોને પ્રવેશ અપાતો. જેમને દ્વિજ કહેવામાં આવતા. સંસ્કૃત ભાષા માધ્યમ તરીકે હોવાથી સામાન્ય લોકો તેનાથી દૂર રહયા હતા. શિક્ષણ ઉપલા વર્ગના સમાજ પુરતું જાણેકે મર્યાદિત થઈ ગયું.

## ૧૮.૨ શિક્ષણના હેતુઓ

પ્રાચીન ભારતમાં શિક્ષણનો હેતુ વ્યક્તિગત વિકાસનો હતો. વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ એ તેમનું ધ્યેય હતું. આ હેતુ સાથે અપાતું શિક્ષણ તેના વિકાસ અને આત્મખોજને વિભિન્ન પ્રવિધિઓ, નિયમો અને પદ્ધતિઓ સાથે સાંકળતું હતું. એવું માનવામાં આવતું કે મનુષ્યનો વિકાસ તાલીમબધ્ધ રીતે અને સંસ્થાકીય ધોરણે આપવામાં આવે તો જ્ઞાનસભર થાય છે. આ જ્ઞાન તેના સર્જનાત્મક સામર્થ્યનું દ્યોતક હતું. મનનશકિત એ વિચારપ્રક્રિયાનો સિદ્ધાંત હતો જે વિષય પરના વિચાર કરતા વધુ મહત્વનો હતો. એટલે શિક્ષણનો મુળભૂત વિષય મનુષ્યનું મન સ્વયં હતું.

## ૧૮.૩ વિષયો

જ્ઞાનને સંબંધિત વિજ્ઞાનો જેવા કે ધાતુવિદ્યા, ઈંટો બનાવવાની પદ્ધતિ, લાદીઓ બનાવવાની પદ્ધતિ, પ્રદેશનું માપન અને જથ્થાનું દળ માપન જેવા વિષયો પ્રાચીન ભારતમાં ખ્યાતિ પામ્યા હતા.

પશ્ચાદ વૈદિક સમયમાં દાક્તરીક્ષેત્રે વૈજ્ઞાનિક પદ્ધતિનો વિકાસ થયો. તક્ષશિલા અને વારાણસી જેવા મહાન શૈક્ષણિક કેન્દ્રોમાં વૈદકશાસ્ત્ર કેન્દ્રનું સ્થાન ધરાવતો. ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા જેવા ઉત્કૃષ્ટ કાર્યો આ ક્ષેત્રે થયા. સુશ્રુત દ્વારા શોધાયેલ શસ્ત્રક્રિયાએ ચિકિત્સા પદ્ધતિને મહત્વપૂર્ણ વિભાગોમાં વિભાજીત કર્યુ. ગણિતમાં અંકગણિત, બીજગણિત, ભૂમિતી, ખગોળશાસ્ત્ર અને જ્યોતિષવિદ્યાનો સમાવેશ થતો હતો. વેપાર અને વાણિજ્યમાં રસને કારણે અંકગણિત ખાસ્સુ વિકસ્યુ હતું. આર્યભટ્ટે ગણિતશાસ્ત્ર પર રચેલ આર્યભટ્ટીય ગ્રંથ ગણિતમાં સૌથી ઉત્કૃષ્ટ પ્રદાન ગણાવી શકાય. બ્રાહમણવાદી અંધશ્રધ્ધા હેઠળ ખગોળશાસ્ત્ર દબાઈ ગયું હતું. સૂર્યસિદ્ધાંત નામનો મહત્વપૂર્ણ ગ્રંથ ખગોળશાસ્ત્રનું વૈજ્ઞાનિક અધ્યયન કરતો અને ચોક્કસ નિરીક્ષણ પદ્ધતિઓ ધરાવતો હતો. કાંસ્ય અને તામ્ર જેવી ધાતુઓ છેક સિંધુખીણ સભ્યતાથી જાણીતી બનેલી હતી. જે તેમના રસાયણશાસ્ત્ર અને ધાતુવિજ્ઞાનના વિકસિત જ્ઞાનનું દ્યોતક હતી. ચામડાની વસ્તુઓ બનાવવાની પદ્ધતિ, ડાઈ બનાવવાની પદ્ધતિ જેવી પદ્ધતિઓ આ સમયમાં વિકસી.

## ૧૮.૪ ભાષા

પ્રાચીન ભારતમાં સંસ્કૃત ભાષાનું આગવું સ્થાન રહેલું છે. તે બ્રાહમણવિદ્યાનું માધ્યમ હતી. ઉચ્ચવર્ગના લોકો તથા હિંદુ શાસનકર્તાઓ અને રાજદરબારીઓ સંસ્કૃત ભાષાનું અધ્યયન કરતા. બૌધ્ધધર્મના ઉદયથી પ્રાકૃત ભાષા વિકાસ પામી. જે સામાન્ય લોકોની ભાષા બની. મહાન મૌર્ય સમ્રાટ અશોક પોતાના અભિલેખોમાં પ્રાકૃત ભાષાનો પ્રયોગ કરતા હતા. એ બહું રસપ્રદ અને નોંધનીય બાબત છે કે સંસ્કૃત નાટકોમાં સ્ત્રીઓ અને નિમ્ન ચરિત્ર ભજવતા કલાકારો પ્રાકૃત ભાષા બોલતા. પ્રાકૃતમાંથી પાલી ભાષાનો જન્મ થયો. બૌધ્ધ ધર્મનું મહત્વપૂર્ણ લેખનકાર્ય પ્રાકૃત અને પાલી ભાષામાં થયું હતું. તો કેટલુંક સંસ્કૃત ભાષામાં પણ લખાયું હતું. ગુજરાત અને રાજસ્થાનમાં વસતા જૈન ધર્મીઓએ અપભ્રંશ નામની અન્ય એક ભાષામાં કવિતાઓના સંગ્રહ વિકસિત કર્યા. દ્રવિડિયન ભાષાઓમાં તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમનો સમાવેશ થતો જે ભારતના દક્ષિણ ભાગમાં ઉપયોગમાં લેવાતી. આ ભાષાઓમાં ઘણું બધું સાહિત્ય આ સમયમાં રચાયું છે.

પ્રાચીન ભારતમાં સૌથી મહત્વપૂર્ણ અને ઉદાહરણીય કહી શકાય તેવી બાબત નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના હતી. વિશ્વવિખ્યાત ચીની મુસાફર હયુએનશ્વાંગે નાલંદા વિશ્વવિદ્યાલય અનુસ્નાતક પદવી આપતું અને ઉચ્ચતમ કક્ષાનું શિક્ષણ અને સંશોધન કરતું વિશ્વવિદ્યાલય હતું તેવી નોંધ કરી છે. નાલંદા તેની વાદ-વિવાદ શાખાઓ(જ્ઞાન આધારીત) માટે પણ જાણીતું હતું. આ વાદ-વિવાદ આ વિશ્વવિદ્યાલયમાં રહેતા વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા સ્વરૂપે કરવામાં આવતો. રાજા બાલપુત્રદેવે જાવાના વિદ્યાર્થીઓ માટે નાલંદામાં એક મંદિરની સ્થાપના કરી હતી. જેથી આ વિદ્યાર્થીઓ ત્યાં રહી નાલંદામાં અભ્યાસ કરી શકે.

નોંધ

## પાઠગત પ્રશ્નો ૧૮.૧

૧. શિક્ષણ કેવી રીતે સંસ્કૃતિ સાથે સંકળાય છે?

...........................................................................

૨. ઉપનયન સમારંભ એટલે શું ?

...........................................................................

૩. પ્રાચીનકાળમાં શિક્ષણની પદ્ધતિઓ જણાવો.

...........................................................................

૪. પ્રાચીનકાળમાં ભારતીયોની વૈદકશાસ્ત્રીય પદ્ધતિઓનું મૂળ તપાસો.

...........................................................................

૫. બે અગત્યના સાહિત્યિક કાર્યો જણાવો જેની રચના પ્રાચીન ભારતના જૈનધર્મીઓએ શિક્ષણક્ષેત્રે કરી હતી.

...........................................................................

૬. સામાન્ય માણસો પ્રાચીન કાળમાં શિક્ષણથી વંચિત રહેવાના કારણોની તપાસ કરો.

...........................................................................

## ૧૮.૫ મધ્યકાળમાં શિક્ષણ

દિલ્હી સલ્તનતની સ્થાપના થવાથી મધ્યકાલીન ભારતમાં ઈસ્લામી શિક્ષણ પદ્ધતિ દાખલ થઈ. બગદાદના અબ્બાસીએ ઉભી કરેલી પરંપરા અનુસાર ભારતમાં શિક્ષણ પદ્ધતિનો વિકાસ થયો. પરીણામે સમરકંદ, બુખારા અને ઈરાનમાંથી ભારતીય વિદ્વાનોને માર્ગદર્શન આપવા અનેક શિક્ષણવિદો ભારત આવતાં. અમીરખુસરો નામના પ્રતિભાવાન વિદ્વાન આ સમયમાં થયા. જેમણે લેખનકલાનો વિકાસ કર્યો. એટલુંજ નહિં કવિતા પર મહત્વપૂર્ણ કાર્ય કર્યું અને સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તેને અનુરૂપ નવી ભાષા ઉદઘાટિત કરી. કેટલાક સમકાલીન ઈતિહાસકારો જેવા કે, મિનહાઝ ઉસસિરાજ, ઝિયાઉદદીન બરની અને અફિફે ભારતીય વિદ્વાનો અને ભારતીય શિક્ષણ પદ્ધતિ પર ખાસ્સું લખાણ કર્યું છે.

મખ્તબ નામની સંસ્થાઓ શાળાકીય શિક્ષણ આપતી જ્યારે મદ્રેસા નામની સંસ્થાઓ ઉચ્ચશિક્ષણના કેન્દ્રો હતી. મખ્તબ લોકોના દાનથી ચાલતી સંસ્થા હતી જ્યારે મદ્રેસાઓ શાસકો અને ઉમરાઓ દ્વારા ચલાવવામાં આવતી. આ સમયે આપણને છ જેટલી વિભિન્ન પ્રકારની સંસ્થાઓ જોવા

મળે છે. જેમાં ૧. એવી સંસ્થાઓ જે શાસકે અને ઉમરાઓએ શરૂ કરી હોય. ૨. એવી સંસ્થાઓ જે વ્યક્તિગત રીતે કોઈ વિદ્વાને શરૂ કરી હોય અને રાજ્ય તેને મદદ કરતું હોય. ૩. એવી સંસ્થાઓ જે મસ્જિદો સાથે સંકળાયેલ હોય. ૪. એવી સંસ્થાઓ જે મકબરાઓ સાથે સંકળાયેલ હોય. ૫. એવી સંસ્થાઓ જે વ્યક્તિગત રીતે વિદ્વાન દ્વારા જ ચલાવવામાં આવતી હોય. અને ૬. એવી સંસ્થાઓ જે સુફી સંતો સાથે સંકળાયેલ હોય. આવી વિખ્યાત મદ્રેસાઓમાં મૈઝી, નાસીરી અને ફિરોઝી દિલ્હીમાં આવેલી હતી. તો બિડરમાં મહમંદ ગવાને એક મદ્રેસાની સ્થાપના કરી હતી. અને ફતેપુર સિક્રી ખાતે અબુલફઝલે કરેલી મદ્રેસાની સ્થાપનાનો સમાવેશ થાય છે. શિરત-ઈ-ફિરોઝશાહી નામનો ગ્રંથ તે સમયમાં ભણાવવામાં આવતા ચૌદ વિષયોની છણાવટ કરે છે. જેમાં ન્યાય પદ્ધતિ, સમયનું પ્રબંધન, કુરાન વાંચનની પદ્ધતિનો સમાવેશ થાય છે.

ઈસ્લામી શિક્ષણ પદ્ધતિનું મુખ્ય લક્ષણ એ હતું કે તે ભાવનાત્મક રીતે પરંપરાવાદી હતું અને અભ્યાસક્રમની દૃષ્ટિએ ધાર્મિક હતું. અભ્યાસક્રમને બે વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. ૧. પરંપરાગત(મનકુલત) અને ૨. તાર્કિક(મકુલત) વિજ્ઞાનો. પરંપરાગત પદ્ધતિમાં કાયદો, ઈતિહાસ અને સાહિત્યનો સમાવેશ થાય છે. જ્યારે તાર્કિક વિજ્ઞાનોમાં તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, વૈદક, ગણિત અને ખગોળશાસ્ત્રનો સમાવેશ થાય છે. પછીથી તાર્કિક વિજ્ઞાનો પરંપરાગત શાસ્ત્રોથી વધુ મહત્વ પામ્યા. પરંપરાગત વિષયો મોટે ભાગે ઈલ્તુત્મિશ(ઈ.સ.૧૨૧૦થી૧૨૩૬)થી સિકંદર લોદી(ઈ.સ.૧૪૮૯થી ૧૫૧૭ સુધી) પ્રભાવી રહયા. સિકંદર લોદીએ બે ભાઈઓ શેખ અબ્દુલા અને શેખ અઝિઝૂલ્લાને મુલ્તાનથી દિલ્હી શિક્ષણક્ષેત્રે નવીનીકરણ કરવા આમંત્રિત કર્યા ત્યારથી શિક્ષણક્ષેત્રે મહત્વપૂર્ણ પરિવર્તનોની શરૂઆત થઈ. આ બંને શિક્ષણશાસ્ત્રીઓએ તત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રને અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કર્યા.

**મહાન મુગલોના સમયમાં શિક્ષણ પદ્ધતિ :**

શિક્ષણની બાબતમાં મુગલ સમયે મહત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. મુગલ સમ્રાટો શીખવાની કળાને ખૂબ પ્રેમ કરતા. તેથી તેમને શિક્ષણનો વ્યાપ વધારવા અનેક પગલાં લીધાં. તેમણે પાઠશાળાઓ, વિદ્યાપીઠો, મકતબો અને મદ્રેસાઓની મોટાપ્રમાણમાં સ્થાપના કરી શિક્ષણનો વ્યાપ વધાર્યો. અકબર શૈક્ષણિક સંસ્થાઓને અનુદાન આપતા હતા. જામા મસ્જિદની પાસે તેમણે એક મહાશાળા પણ શરૂ કરાવી હતી. તે સમયે શિક્ષણ એ રાજ્યનો વિષય ગણાતો નહી. સામાન્ય રીતે મંદિર અને મસ્જિદોમાં શિક્ષણકાર્ય થતું હતું અને તેઓ શાસકોના દાન પર આધારીત હતા. ધનાઢય લોકો અને દાતાઓ તેમને દાન આપતા. મંદિરોમાં સંસ્કૃત ભાષામાં અને મસ્જિદોમાં ફારસી ભાષામાં શિક્ષણ અપાતું. સ્ત્રીઓના શિક્ષણ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નહી. રાજવી કુટુંબની સ્ત્રીઓ અને ધનાઢય કુટુંબોની સ્ત્રીઓ ઘરમાં જ શિક્ષણ લેતી હતી.

મુગલ શાસકો સાહિત્ય અને શિક્ષણના પુરસ્કર્તા હતા. ફારસી અને હિંદી ભાષાના સમન્વયથી ઉર્દુ જેવી ભાષાનો ઉદય થયો. આ ઉદય તુર્ક મુસ્લિમો અને ભારતીયો વચ્ચે લાંબા સમય સુધીના સંપર્કને

આભારી હતો. બાબરે તુઝુક-ઈ-બાબરી નામે આત્મકથા લખી હતી. હુમાયુએ ગણિત, ખગોળશાસ્ત્ર અને ભૂગોળ જેવા વિષયોને દિલ્હીમાં ચાલતી મદ્રેસાઓમાં સ્થાન અપાવ્યુ હતું. તેના આ કાર્યથી શિક્ષણક્ષેત્રમાં વ્યાપેલ પૂર્વગ્રહ દૂર થયા અને અનેક હિંદુઓ ફારસી ભાષાનું અધ્યયન કરવા પ્રોત્સાહિત થયા. એટલું જ નહિં સંસ્કૃતમાંથી ફારસી ભાષામાં મોટા પ્રમાણમાં ભાષાંતરકામ થયું. અકબરે નામાપદ્ધતિ, જાહેરવહીવટ, ભૂમીતી જેવા વિષયો ચલાવતી સંસ્થાની પોતાના રાજમહેલ પાસે સ્થાપના કરી હતી. તે જાતે આ કાર્યશાળાનું નિરીક્ષણ કરવા જતા તેણે ધર્મનિરપેક્ષ અને વૈજ્ઞાનિક શિક્ષણપદ્ધતિઓ વિકાસ કર્યો. જે રૂઢિચૂસ્ત બાબતોને નકારતી હતી. અકબરનું આ કાર્ય સદીઓ સુધી ચાલતુ રહયું. ૧૮મી સદીમાં કેટલાક ઉમરાવોએ ભારતમાં દાખલ થયેલી પશ્ચિમી શિક્ષણપદ્ધતિનો વિરોધ કર્યો. આ પદ્ધતિ કુતુહલવૃત્તિ, નિરીક્ષણપદ્ધતિ, તપાસ અને પ્રયોગના પાયા પર ઉભી હતી. મુસ્લિમ શિક્ષણપદ્ધતિ જે મદ્રેસાઓમાં ચલાવવામાં આવતી હતી. તેમાં ચર્ચા, લેખન અને યાદશકિતને મહત્વ આપવામાં આવતું હતું. અકબર અનેક વિદ્વાનોને પ્રોત્સાહિત કરનાર સમ્રાટ હતો. આવા વિદ્વાનોમાં અબુલફઝલ, ફૈઝી, રાજા ટોડરમલ, બિરબલ અને રહિમનો સમાવેશ થાય છે. આ વિદ્વાનો તેના રાજદરબારના નવરત્નોમાં સમાવિગટ હતા. જેમણે સંસ્કૃતિ અને શિક્ષણના વિકાસ અને વ્યાપ માટે અકબરને મદદ કરી હતી.

## પાઠગત પ્રશ્નો ૧૮.૨

૧. મધ્યકાળ દરમિયાન કઈ સંસ્થાઓ શાળાકીય શિક્ષણ સાથે સંકળાયેલ હતી?

..........................................................................

૨. મધ્યકાળમાં મદ્રેસાઓનું રાખરખાવ કોણ કરતું હતું?

..........................................................................

૩. મધ્યકાળની પ્રખ્યાત મદ્રેસાઓના નામ આપો.

..........................................................................

૪. ઈસ્લામી શિક્ષણ પદ્ધતિના મુખ્ય લક્ષણોની ચર્ચા કરો.

..........................................................................

૫. મધ્યકાળ દરમિયાન પશ્ચિમના રાષ્ટ્રોએ કેવા પ્રકારની શિક્ષણ પદ્ધતિ અપનાવી હતી.

..........................................................................

૬. અકબરે શિક્ષણક્ષેત્રે પરીવર્તન લાવવા માટે કેવા પગલાં લીધાં.

..........................................................................

## ૧૮.૬ આધુનિક ભારતમાં શિક્ષણઃ

### ૧૮.૬.૧ ૧૮મી સદી : આધુનિક કાળનો પ્રારંભ

*ભારતનું સામાજિક જીવન જોતાં અનેક પરંપરાગત પદ્ધતિઓ દ્વારા શિક્ષણ પ્રવૃત્તિઓ ચાલતી રહી હતી. તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, જગદદલ, વલભી અને કાંચી જેવી મહાન સંસ્થાઓએ સદીઓ સુધી શિક્ષણની સેવા સુપેરે આપી. બીજી તરફ ઈસ્લામના આગમનથી મુસ્લિમ રાજાઓ અને ઉમરાવોએ ઈસ્લામી શિક્ષણ પદ્ધતિનો વિકાસ કર્યો. હિન્દુ વસતિ મોટા પ્રમાણમાં હોવાને કારણે દેશી સાહિત્ય અને શાસ્ત્રીય કાર્યોને શિક્ષણ આપવાનું કાર્ય તેમણે પણ ચાલુ રાખ્યું. ૧૮૯૧માં થોમસ નામના લેખકે લખ્યું અહિંયા કોઈ રાષ્ટ્ર નથી. જ્યાં શીખવા પરત્વે પ્રેમ હોય અને સુસજ્જ શૈક્ષણિક પદ્ધતિ પ્રચલિત હોય તેના પ્રમાણે અંગ્રેજોએ ભારતમાં પાયાનું અને ઉચ્ચ શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો. આ પૂર્વે શિક્ષણ વ્યવહારિક સ્વરૂપ ધરાવતું હતું. અને સાહિત્ય તત્વજ્ઞાન અને ધર્મ શૈક્ષણિક અભ્યાસક્રમના પાયામાં હતા.*

*લગભગ ૧૫૦ વર્ષના અંગ્રેજકાળ દરમિયાન તેમણે અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સાથે શૈક્ષણિક બાબતોનો વિકાસ કરવાનું કાર્ય કર્યું. ઈ.સ.૧૭૮૧માં વોરન હેસ્ટિંગ્ઝે કલકત્તા મદ્રેસા શરૂ કરી તેના નિભાવ માટેના પ્રબંધનથી પૌરાત્ય શિક્ષણ પદ્ધતિને આગળ ધપાવી. વહીવટી કારણોસર તેણે પ્રાથમિક શિક્ષણમાં ઘણાં સંશોધનો કરાવ્યા. ૧૭૯૨માં વારાણસીના નિવાસી અને અંગ્રેજ જોનાથન ડંકને સંસ્કૃત કોલેજનો પાયો નાંખી હિંદુઓના સહકારથી યુરોપીયનોને સંસ્કૃત શીખવવા સંસ્થા ઉભી કરી.*

*તદુપરાંત ખ્રિસ્તી મિશનરીઓએ પાશ્ચાત્ય શિક્ષણ પદ્ધતિને ભારતમાં દાખલ કરવા અનેક શાળાઓ શરુ કરી. તેમણે સમાજના પછાતવર્ગોને પણ આ શિક્ષણમાં દાખલ કર્યા.*

### ૧૮.૬.૨ ૧૯મી સદી

*૧૯મી સદીનો પૂર્વાર્ધ શૈક્ષણિકક્ષેત્રે પ્રયોગશીલ રહયો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ૧૮૧૩ના ચાર્ટર અનુસાર કંપની શિક્ષણ પાછળ અને શિક્ષણની બાબતો સાથે સંકળાયેલ પ્રવિધિઓ પાછળ વાર્ષિક ૧ લાખ રૂપિયાનો ખર્ચ કરશે. બ્રિટીશ ભારતમાં વિજ્ઞાનના જ્ઞાનનો વ્યાપ વધારવા પણ આ ચાર્ટરમાં જણાવાયું હતું. આ સમયે પૌરાત્યવાદીઓ અને બ્રિટીશરો વચ્ચે અવારનવાર શિક્ષણના માધ્યમ અને તેના વ્યાપ વિશે સતત ચર્ચા ચાલતી. છેવટે ૧૮૩૫માં લોર્ડ વિલીયમ બેન્ટિકના સમયમાં મેકોલેની પદ્ધતિ શિક્ષણક્ષેત્રે સ્વીકારવામાં આવી. તે પ્રમાણે સરકારી અનુદાન યુરોપીયન સાહિત્ય અને વિજ્ઞાનના વિકાસ માટે ભારતમાં આપવામાં આવશે. લોર્ડ વિલીયમ બેન્ટિકે અંગ્રેજી ભાષાને કાર્યાલયની અને સરકારી ભાષા તરીકે માન્યતા આપી. લોર્ડ હાર્ડિંગે ૧૮૪૪માં એવા ભારતીયોને અનુદાન આપવાની શરૂઆત કરી જેમણે અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કર્યુ હોય.*

*ઈ.સ.૧૮૫૪નો વુડનો ખરીતો શિક્ષણ પદ્ધતિના હેતુઓ સ્પષ્ટ કરતો મહત્વપૂર્ણ ઠરાવ હતો.*

તેણે યુરોપની કલાઓ, વિજ્ઞાન, તત્વજ્ઞાન અને સાહિત્યને અંગ્રેજી અથવા આધુનિક ભારતીય ભાષામાં અભ્યાસ કરાવવાનું ઠરાવ્યું. તેણે એ પણ કહયું કે ભારતમાં વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરવી જોઈએ. આ ખરીતાથી મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઈ. તેણે ખાનગી પ્રયોજકોને પણ અનુદાન પદ્ધતિમાં આવરી લઈ શિક્ષણ સંસ્થાઓ ઉભી કરવા અને શિક્ષકોને તાલીમ આપવા તથા સ્ત્રીશિક્ષણ શરુ કરવા આવાહન આપ્યું. ઈ.સ. ૧૮૫૭માં આપણે આગળ જોયું તેમ આ જ ખરીતાથી મુંબઈ, મદ્રાસ અને કલકત્તાની યુનિવર્સિટીઓ સ્થપાઈ. આ સિવાય ૧૮૮૨માં પંજાબ અને ૧૮૮૭માં અલાહાબાદ વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઈ.

### ૧૮.૬.૩ ૨૦ સદીનો પૂર્વાર્ધ

૧૯૦૧માં લોર્ડ કર્ઝને નિયામકોના પરિસંવાદમાં શૈક્ષણિક સુધારણા કેટલાક મુદ્દાઓ અમલમાં મુકવા જણાવ્યું. ૧૯૦૪માં ઈન્ડિયન યુનિવર્સિટી એક્ટ પસાર કરી યુનિવર્સિટીને કોલેજોનું નિરીક્ષણ કરવા. શિક્ષણપદ્ધતિઓમાં સુવ્યવસ્થિત ફેરફારો કરવા અને ગુણવત્તાસભર ઉચ્ચશિક્ષણ ઉભું કરવા આદેશ કર્યો.

સાંસ્થાનિક શાસન હેઠળ મોટા સમુહના શૈક્ષણિક પ્રશ્નોને હાથ પર લેવામાં આવ્યા નહોતા. આ સમયે મોટેભાગે શહેરોમાં રહેતા ઉચ્ચ વર્ગના લોકો શિક્ષણ મેળવતા. જેઓ પ્રજા અને શાસકો વચ્ચે મહત્વપૂર્ણ કડી બની રહેતા. હાઈસ્કૂલ અને યુનિવર્સિટી કક્ષાએ પરીક્ષા પદ્ધતિ પણ પ્રચલિત થઈ. જોકે અંગ્રેજી શિક્ષણે બહું મોટો ફરક પાડયો નહોતો. શહેરોમાં ગામડાંઓ કરતા શિક્ષણનું સ્તર વધુ વ્યાપ્ત હતું. એનો અર્થ એ થયો કે મોટા ભાગના ગામડાંઓ શિક્ષણથી વંચિત હતા. જોકે અંગેજી શિક્ષણનો એક ફાયદો ચોક્કસ થયો કે તેનાથી શિક્ષિત થયેલો એક એવો વર્ગ ભારતમાં ઉભો થયો. જેણે રાજકીય નેતૃત્વ અને સામાજિક સુધારક તરીકેની મહત્વપૂર્ણ ભૂમિકાઓ પુરી પાડી એટલું જ નહિં આ જ વર્ગે ભારતીય સ્વતંત્રતા સંગ્રામનું પણ નેતૃત્વ લીધું. વર્તમાનપત્રો અને ચોપાનીયા દ્વારા આ જ વર્ગે ભારતના મોટા જનસમુહને જાગૃત કરવાનો મહત્વપૂર્ણ પ્રયત્ન આદર્યો.

### ૧૮.૬.૪ અંગ્રેજી શિક્ષણની અસરો

અંગ્રેજોએ અંગ્રેજી ભાષાને શાળાઓ અને કોલેજોમાં દાખલ કરી કારકુનો અને કર્મચારીઓ મેળવવાનો પોતાનો પ્રાથમિક હેતુ સિદ્ધ કર્યો. તેનાથી તેમને વહીવટી બાબતોમાં સરળતા પડી. ખ્રિસ્તી મિશનરીઓએ પણ અંગ્રેજી શાળાઓનો વિકાસ કર્યો. તમે અત્યારે પણ તે સમયે ઉભી કરવામાં આવેલ શાળાઓને જોઈ શકો છો. દિલ્હીમાં આવેલ કોન્વેન્ટ આવી જ એક શાળા છે. જે અત્યારે પણ સુંદર શૈક્ષણિક કાર્ય કરી રહી છે. અનેક ભારતીયો આ પ્રકારની શાળાઓમાં પોતાના બાળકોને અભ્યાસ માટે મોકલતાં જેથી સરકારી કાર્યાલયોમાં તેમને સરળતાથી નોકરી ઉપલબ્ધ થાય.

*બ્રિટીશ શાસકોએ પોતાના સ્વાર્થ માટે શરૂ કરેલ અંગ્રેજી કેળવણી જરા જુદી રીતે ભારતીયોને ખુબ ઉપયોગી સાબિત થઈ. કારણકે ભારતમાં અનેક પ્રાદેશિક વિભિન્નતાઓની સાથે પ્રાદેશિક ભાષાઓનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો હતો. જુદી જુદી ભાષાઓ સાથે જીવતી આ પ્રજા કોઈ એક ભાષા સાથે એક મંચ પર આવી શકે તેમ નહોતી. અંગ્રેજી ભાષા અને તેના શિક્ષણે સમગ્ર ભારતમાં અંગ્રેજી કેળવણી પામેલા મધ્યમવર્ગી અને ઉચ્ચવર્ગી લોકોને જોડવાનું કાર્ય કર્યુ. અંગ્રેજી પુસ્તકો અને વર્તમાનપત્રો વિશ્વભરના સમાચારોથી તેમને વાકેફ કરતાં. પાશ્ચાત્ય વિચારો જેવા કે સ્વતંત્રતા, લોકશાહી, સમાનતા અને ભ્રાતૃભાવે ભારતીયોને આકર્ષિત કર્યા અને અંગ્રેજી ભાષાને કારણે એક રાષ્ટ્રીય ચેતના પ્રગટી. આ જ અંગ્રેજી કેળવણી પામેલા વર્ગે બ્રિટીશ શાસનની સામે સ્વતંત્રતાનો યજ્ઞ શરૂ કર્યો.*

## ૧૮.૭ સ્વાતંત્ર્યોત્તરકાળમાં ભારતીય શિક્ષણ

*આપણે જાણીએ છીએ કે ભારતે ૧૯૪૭માં અંગ્રેજી શાસનમાંથી મુક્તિ મેળવી અને એક જવાબદાર ભારતીય સરકાર તરીકે શિક્ષણનું સુવ્યવસ્થિત આયોજન કરવા પગલાં લીધાં. સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને વ્યક્તિગત એમ વિભિન્નક્ષેત્રે શિક્ષણ દ્વારા વિકાસની તરેહ અપનાવવામાં આવી. સમગ્ર ભારતમાં એક સમાન શૈક્ષણિક પદ્ધતિ દાખલ કરી વિભિન્ન પ્રદેશોની ભાષાકીય, સામાજિક અને સાંસ્કૃતિક વિભિન્નતાને ધ્યાને રાખી શિક્ષણનીતિ ઘડવામાં આવી. રાષ્ટ્રમાં વિદ્યાર્થીઓ માટે એકસમાન અભ્યાસક્રમ ઘડાય એટલુંજ નહિં વૈવિધ્ય ધરાવતા આ રાષ્ટ્રમાં તેમની પ્રાદેશિકતા અખંડિત રહે તે પ્રમાણે શિક્ષણનીતિનું આયોજન કરવામાં આવ્યું.*

*આર્થિક અસમાનતા, ધાર્મિક અસંતુલન અને સામાજિક રીતે પછાત જેવી ભારતની તત્કાલીન સામાજિક સમસ્યાઓને ધ્યાનમાં લેવી ખુબ જરુરી હતી. તેના નિરાકરણ માટે કોઠારી કમિશનના નામથી ઓળખાતું ઈ.સ.૧૯૬૬માં એક પંચ નીમીને તેનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો. જેણે શિક્ષણને શાંતિથી સામાજિક પરીવર્તનના માધ્યમ તરીકે સ્વીકાર્યુ. ૧૯૭૬માં બંધારણીય સુધારા દ્વારા શિક્ષણને સંયુક્ત યાદીમાં મુકવામાં આવ્યું હતું અને એ નક્કી કરવામાં આવ્યું કે શિક્ષણ એ રાજ્ય અને કેન્દ્ર એમ બંને સરકારની સંયુક્ત જવાબદારી છે.*

### ૧૮.૭.૧ પ્રાથમિક શિક્ષણ

*પ્રાથમિક શિક્ષણ એ શિક્ષણનો સૌથી અઘરો પ્રકાર રહયો છે. કારણકે બાળકના પ્રથમ આઠ વર્ગો એટલેકે ધોરણ-૧ થી ૮ નું શિક્ષણ એ તેના વ્યક્તિત્વના વિકાસનો પાયો ગણાય છે. એટલું જ નહિં તેના આત્મવિશ્વાસ, ટેવો, અભિગમો, જીવનપદ્ધતિ, ભાષાનો વિકાસ વગેરે બાબતો તેની સાથે સંકળાયેલી છે. આથી ભારતીય બંધારણે બંધારણની ૪૫ મી કલમ પ્રમાણે ૧૪ વર્ષા સુધીના બાળકને ફરજિયાત અને મફત શિક્ષણ આપવાની જોગવાઈ કરી છે. આ જોગવાઈને કારણે શિક્ષણને મુળભૂત અધિકાર તરીકે સમાવવામાં આવ્યો છે. આપણે આગળના પ્રકરણમાં તેની વિગતે ચર્ચા કરીશું. ઈ.સ.*

૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણનિતિએ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે કરેલી મહત્વપૂર્ણ જોગવાઈઓ જોઈએ તો, ૧. મહત્તમ બાળકો આ શિક્ષણ પાછળ જોડવા જોઈએ. ૨. વૈશ્વિક ધારા-ધોરણો પ્રમાણે ૧૪ વર્ષા સુધીના બાળકોને શાળાનું શિક્ષણ મળવું જોઈએ. ૩. ગુણવત્તાસભર શિક્ષણથી બાળક ઉચ્ચતમ વિકાસ કરી શકે તેવું આયોજન કરવું જોઈએ.

પ્રાથમિક શિક્ષણને વૈશ્વિકકક્ષાએ મુકવા ભારત સરકારે ઈ.સ. ૨૦૦૧માં સર્વશિક્ષા અભિયાન નામનો રાષ્ટ્રીય કાર્યક્રમ ઘડી કાઢી શિક્ષણના વિકાસમાં મહત્વપૂર્ણ પ્રયત્ન કર્યો.

### ૧૮.૭.૨ માધ્યમિક શિક્ષણ

માધ્યમિક શિક્ષણનો સમય એ બાળકના શારીરિક પરિવર્તનો અને સ્વની ઓળખનો ગણાય છે. એટલુંજ નહિં આ ઉંમરમાં બાળક ઉર્જાસભર હોય છે.

સ્વતંત્રતા બાદ આ ક્ષેત્રે ઘણું કાર્ય થયું છે. ધોરણ-૯ થી ૧૨ નો ગાળો એટલેકે બાળકની ઉંમરનો ૧૪ થી ૧૮ વર્ષાની વયનો ગાળો તેમાં આવરી લેવામાં આવે છે. ઈ.સ. ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ૮૮.૫ મિલીયન બાળકો માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ્યા હતા. જોકે ૨૦૦૧-૦૨માં સરકારે બહાર પાડેલ અહેવાલ મુજબ તેમાંના ૩૧ મિલીયન બાળકો એ હાજરી આપી હતી. પરીણામે સરકારે આ સમસ્યાના નિવારણ માટે મોટા પ્રમાણમાં શાળાઓની સ્થાપના કરવાનું અને શિક્ષકોની સંખ્યા વધારવાનું નક્કી કર્યું. કારણકે આ સમસ્યાના મૂળમાં શિક્ષક અને વિદ્યાર્થીઓનું પ્રમાણ બરાબર નહોતું. જો ભારતે વૈશ્વિક કક્ષાનો શૈક્ષણિક વિકાસ કરવો હોય તો શિક્ષણનો વ્યાપ વધારવો જ રહયો. આ બાબતોને ધ્યાનમાં રાખી સરકારે માધ્યમિક શિક્ષણને ૧૦માં ધોરણ સુધી મર્યાદિત કરી વધુને વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ લે તેવી યોજના ઘડી કાઢી. પ્રાથમિક શાળામાંથી થોડા ઓછા ગુણાંકે પસાર થયેલા વિદ્યાર્થીઓને પણ માધ્યમિક શાળામાં શિક્ષણ પ્રાપ્ત થાય તેવું આયોજન ગોઠવાયું. સર્વશિક્ષાઅભિયાનના માધ્યમથી જેમ પ્રાથમિક શાળાના શિક્ષણક્ષેત્રે સરકારને સફળતા સાંપડી હતી. તેનો અનુભવ લઈ સરકારે માધ્યમિક શિક્ષણમાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન દ્વારા માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવાનો પ્રયોગ આરંભ્યો જેની વિગતે ચર્ચા આપણે ૧૮.૯ માં કરવાના છીએ.

તાલીમ સાથે સંકળાયેલ શિક્ષણ જેને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કહેવામાં આવે છે તે વિદ્યાર્થીઓની વિભિન્ન પ્રવૃત્તિઓને ધંધા રોજગાર સાથે જોડવાનું કાર્ય કરે છે. ઉચ્ચતર માધ્યમિક શાળામાં આવું તાલીમી શિક્ષણ ખુબ મહત્વનું સ્થાન ધરાવે છે. જેને ૧૯૬૮ની શિક્ષણનીતિમાં અગ્રિમતા આપવામાં આવી હતી. જોકે તેને બહુ મોટી સફળતા હજી સુધી મળી નથી. ૫૦% જેટલા વિદ્યાર્થીઓ ૧૦ વત્તા ૨ ની તરેહમાં જાય છે તેમાંના ઘણાં ઓછા તાલીમી શિક્ષણમાં પ્રવિગટ થાય છે. આયોજનપંચના ૧૧ મી પંચવર્ષીય યોજનાના અહેવાલ પ્રમાણે ભારતમાં ૫૧૧૪ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ૫૭ ઈજનેરી અને ૫૦ બિનઈજનેરી ટ્રેડ ધરાવતી સંસ્થાઓ છે. આ ક્ષેત્રે સુવ્યવસ્થિત કાર્યક્રમ ઘડી કાઢવા સરકારે નેશનલ

સ્કીલ ડેવલપમેન્ટ મિશન એન્ડ ટ્રેનિંગ નામની મહત્વપૂર્ણ યોજના અમલમાં મુકી છે.

### ૧૮.૭.૩ ઉચ્ચ શિક્ષણ

ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ ભારતીય આધુનિકતાના ઉદગાતા હતા. તેમણે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આધુનિકીકરણનો પાયો નાંખતા જણાવ્યું હતું કે વિશ્વવિદ્યાલયોમાં જો ઉત્તમ કાર્ય થશે તો એ રાષ્ટ્ર માટે પણ એટલુ જ હિતકારક હશે. ઉચ્ચશિક્ષણ ઉચ્ચતર માધ્યમિક બાદ એટલેકે ધોરણ-૧૨ પછી શરુ થાય છે. વિદ્યાર્થી હવે વિશ્વવિદ્યાલયનો કોલેજ દ્વારા એક ભાગ બને છે. ઉચ્ચશિક્ષણમાં તેનો સ્પષ્ટ વિકાસ થાય છે. અનેક મહાશાળાઓ અને વિશ્વવિદ્યાલયો શૈક્ષણિકક્ષેત્રે ઉચ્ચતમ પ્રદાન કરી રહી છે. જોકે સામાન્યતઃ રાગટ્રે હજુ આ ક્ષેત્રે ઘણુ કાર્ય કરવાનું બાકી છે.

૧૮ વર્ષથી ૨૦ વર્ષની વયના વિદ્યાર્થીઓની સંખ્યા ઉચ્ચ શિક્ષણમાં ઘણી ઓછ જણાય છે. ખાસ કરીને કેટલાક પ્રદેશોમાં સ્ત્રીઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછુંછે. ગ્રામીણ ક્ષેત્રો પણ ગુણવત્તાયુકત ઉચ્ચ શિક્ષણક્ષેત્રે હજુ હાંસિયામાં જ છે. કોલેજમાં સંસાધનોની ખુબ જરૂરીયાતો હોય છે. એ ખુબ જ અગત્યનું છે કે ઉચ્ચ શિક્ષણમાં એવા કાર્યક્રમો અને અભ્યાસક્રમો ઘડાવા જોઈએ. જે જીવનપયોગી હોય તથા વ્યક્તિત્વનો વિકાસ કરનારા હોય. વિદ્યાર્થીમાં શીખવાની અને પારખવાની ક્ષમતા બક્ષતા હોય. રાજ્ય ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ઘણું કાર્ય કરે છે. મહાશાળાના વિદ્યાર્થીઓ પણ નજીવા દરે ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તેવું આયોજન થયું છે. સરકાર મોટે ભાગે ઉચ્ચ શિક્ષણમાં ઘણો બધો ખર્ચ કરે છે. આ રૂપિયા નાગરિકોના છે અને એનો સદુપયોગ એમના ઉચ્ચ શિક્ષણ માટે થવો જોઈએ એવો હેતુ પણ સરકાર સમક્ષ રહેલો છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણ પરના એક અહેવાલ પ્રમાણે ઈ.સ.૧૯૫૦-૫૧માં ૧૨માં ધોરણ પછી ઉચ્ચ શિક્ષણમાં દાખલ થતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ ૦.૭%થી વધીને ૨૦૦૬-૦૭માં ૧૧% જેટલું થયું છે અને ૧૧મી પંચવર્ષીય યોજનાને અંતે એટલેકે ઈ.સ.૨૦૧૨ સુધીમાં તે વધીને ૧૫% સુધી પહોંચશે તેવી આશા રખાય છે.

### પુખ્ય વયના લોકો માટે શિક્ષણ

પુખ્ત વયના લોકો માટે શિક્ષણનો ખાસ હેતુ ભારતમાં જણાયો છે. ૧૫ વર્ષથી ૩૫ વર્ષની વય ધરાવતા લોકોને ૬ઠ્ઠી યોજનામાં આ ક્ષેત્રે આવરી લેવાયા તેને માટે નેશનલ લીટરસી મીશન નામનો એક વિશિષ્ટ કાર્યક્રમ પણ ઘડી કાઢવામાં આવ્યો. જેનાથી અભણ રહેલા ૮૦ મિલીયન લોકોને સામાન્ય શિક્ષણ આપવાનું ઠરાવવામાં આવ્યું. સ્વતંત્રતા બાદ ભારતનો સાક્ષરતા દર ૭% જેટલો ૧૯૫૧માં વધ્યો હતો. જ્યારે વસતિનો દર ૧૮.૩% વધ્યો હતો. ૨૦૧૧માં આ દર ૭૪% જેટલો થયો છે. પુરુષોનો સાક્ષરતા દર ૮૨.૧૪% અને સ્ત્રીઓનો ૬૫.૪૬% જોવા મળ્યો છે.

### ૧૮.૭.૪ તાંત્રિકી અને રોજગારલક્ષી તાલીમ ક્ષેત્રે શિક્ષણ વ્યવસ્થા

પ્રૌદ્યોગિકીનું શિક્ષણ નકારવું એ વિકસતા સમાજમાં અશકય બાબત છે. ભારત વિશ્વનું મોટા

રાષ્ટ્રો પૈકીનું એક છે. જેની પાસે ખુબ મોટા પ્રમાણમાં તાલીમ લઈ શકે તેવું માનવસંસાધન છે. પ્રૌદ્યોગિકી અને સંચાલન જેવા અભ્યાસક્રમો અત્યારની ભવિગયની ઔદ્યોગિક જરુરીયાતોને પહોંચી વળવા તૈયાર કરવા એ સમયની માંગ છે. પ્રૌદ્યોગિકી શિક્ષણ પ્રાપ્ત વ્યક્તિ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિકાસનો પુરાવો છે એવું હંમેશા કહેવાયું છે કે પ્રતિભાવંત ઈજનેર વિદ્યાર્થી તેને જોઈતી નોકરી મેળવી શકતો નથી. એટલુંજ નહિં તેને મળેલી નોકરીથી તેને સંતોગા પણ મળતો નથી. ભારતમાંથી વિકસિત રાષ્ટ્રોમાં પલાયન કરી જતાં આવા વિદ્યાર્થીઓને બ્રેઈનડ્રેઈન સંજ્ઞા આપવામાં આવી છે. જે પ્રતિભાશાળી યુવાન પુરુગો કે સ્ત્રીઓ ઉચ્ચતમ શિક્ષણ પ્રાપ્ત કરે છે તેઓ વધારે આવકની આશાથી વિદેશગમન કરે છે. આ પ્રક્રિયાને ભારતના બુધ્ધિ ધનનું બહાર ચાલ્યા જવું કહેવામાં આવે છે. ભારતમાં પ્રૌદ્યોગિકીનું જ્ઞાન આપતાં અનેક મહત્વપૂર્ણ સંસ્થાનો વિકસાવવામાં આવ્યા છે. જેમકે, ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી અને ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ


**રાષ્ટ્રીય શિક્ષણનીતિ**

સ્વતંત્રતા મળી ત્યારથી જ ભારતે શિક્ષણ પાછળ રાષ્ટ્રના સંસાધનોનું ખાસ્સું એવું રોકાણ કર્યું છે. એટલું જ નહિં શૈક્ષણિક સંસ્થાઓની કાર્યપ્રણાલીમાં પણ વ્યાપક બદલાવો આણ્યા છે. ૧૯૬૮માં રાષ્ટ્રે પ્રથમ નેશનલ એજ્યુકેશન પોલીસી અખત્યાર કરી સ્વાતંત્ર્યોતર ભારતના ઈતિહાસમાં શૈક્ષણિકક્ષેત્રે ઉદાહરણીય પગલું ભર્યું. તેનો હેતુ રાષ્ટ્રનો વિકાસ કરવાનો હતો સાથેસાથે નાગરિકશાહી અને સંસ્કૃતિ તથા રાષ્ટ્રીય ઐકયનો પણ વિકાસ કરવાનો હતો. સ્વાભાવિક છે કે આ નીતિએ શૈક્ષણિક પદ્ધતિમાં જડમૂળથી ફેરફાર કરવા પર ખાસ ભાર મૂકયો. પ્રૌદ્યોગિકી નૈતિક મૂલ્યો અને શિક્ષણની સાથે પ્રજાજીવનને જોડવા માટે આ નીતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૧૮૮૬માં બહાર પાડવામાં આવી. તેણે આ પૂર્વે મળેલી સિધ્ધિઓને ધ્યાનમાં રાખી શિક્ષણનીતિને ઘડવાનો પ્રયત્ન કર્યો. ભારતમાં શાળાઓનો વ્યાપ ઘણો વધી ચૂકયો હતો. રાષ્ટ્રની ૯૫% જેટલી વસતિ ૧ કિ.મી. કરતા પણ નજીક પ્રાથમિક શિક્ષણ પામી શકે અને ૮૦% જેટલી વસતિ ૩ કિ.મી.ની અંદર માધ્યમિક શિક્ષણ મેળવી શકે તેવું આયોજન કરવામાં આવ્યું. ૧૮૮૬ની આ નિતીના સંયુકત કાર્યક્રમને નેશનલ લીટરસી મીશન(એલ.એન.એમ.) સાથે સાંકળવામાં આવ્યું. જે ૧૫ થી ૩૫ વર્ગાની વયજુથના લોકો માટે યોજવામાં આવ્યું હતું.

ભારતમાં રેડિયો અને દૂરદર્શનના ઘણાં બધાં કેન્દ્રો આવેલા છે. ઉપગ્રહે અને ટેલિવિઝન નેટવર્કથી સમસ્ત ભારતની પ્રજાને જોડવાનું સામર્થ્ય રાષ્ટ્ર ધરાવે છે. તેને શિક્ષણનીતિ સાથે જોડવાનું એક અભુતપૂર્વ પ્રયોગ કરવામાં આવ્યો. જેને દૂરવર્તી શિક્ષણપદ્ધતિનું કે કાર્યક્રમનું નામ આપવામાં આવ્યું.

દરેક જિલ્લામાં નવોદય વિદ્યાલયોની સ્થાપના એ પણ એટલું જ મહત્વપૂર્ણ પગલું શિક્ષણક્ષેત્રે ગણાવી શકાય. લોકોને શિક્ષિત કરવાનું કેન્દ્ર સરકારનું આ માત્ર વચન જ નહોતું પરંતુ સૌને શિક્ષણક્ષેત્રે સમાન ધોરણે લાવવાનું મહાન કાર્ય હતું. ગ્રામીણક્ષેત્રોના અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા એમ વિવિધ



વિદ્યાર્થીઓ ગુણવત્તાસભર શિક્ષણ લઈ શકે અને તેમના માતાપિતાની સામાન્ય આર્થિક પરિસ્થિતિમાં પણ રાજ્ય દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવી આ યોજના હેતુસભર છે.

### મુકત અને દૂરવર્તીશિક્ષણ પદ્ધતિ

એવા અનેક વિદ્યાર્થીઓ છે જેઓ કોઈપણ કારણોસર પરંપરાગત શિક્ષણથી વંચિત રહ્યા છે. નાણાંકીય, ભૌગોલિક, શૈક્ષણિક કે સ્વાસ્થ્ય સંબંધી કારણો તેને માટે જવાબદાર હોઈ શકે. મુકત અને દૂરવર્તી શિક્ષણ(ઓ.ડી.એલ.) આવા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. કોઈ પણ જાતના વર્ગો ભર્યા સિવાય દૂરવર્તી શિક્ષણ આપતા કેન્દ્ર સાથે જોડાઈ પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરી તે શિક્ષણ મેળવે છે. તેમાંના ઘણાં વિદ્યાર્થીઓ નોકરી કે ધંધામાં જોડાયેલા હોવાથી આ પ્રકારનું શિક્ષણ તેમના માટે અત્યંત લાભદાયી છે.


આ શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીનો નાતો શિક્ષક સાથે જોડાતો નથી. બન્ને વચ્ચે અંતર હોય છે. મુક્ત શાળાઓ ૧૦માં ધોરણના અને ૧૨માં ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. જેમ તમે આવા મુકત શિક્ષણના સહભાગી થયા છો તમારા નિયમિત ધંધા રોજગારી છોડયા વગર આવા મુકત શાળાના વાતાવરણમાં તમે અભ્યાસ કરી શકો છો. અહી આપવામાં આવતાં પાઠક્રમ તૈયાર કરવામાં ખૂબ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ મુકત પદ્ધતિ છે. એટલે સ્થળ, સમય જેવી બાબતોમાં તરલ છે. તેમાં મનગમતા વિષયો અને પોતાની રૂચિ અનુસારના વિષયો રાખવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે. એટલુંજ નહિં તેનો ગાળો પણ પાંચ વર્ગા જેટલો લાંબો રાખવામાં આવ્યો છે. ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે આવું કાર્ય ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી કરી રહી છે.

આવી સંસ્થાઓ એવા ભારતીય નાગરિકોને શિક્ષણ આપવાનું કાર્ય કરે છે જેઓ પરંપરાગત કે નિયમિત શિક્ષણ પામતા નથી. આ યોજનાથી શિક્ષણનો વ્યાપ વધ્યો છે. રાષ્ટ્રના વિકાસ માટે ઐકય માટે સમાનતા જેવા ગુણો માટે અને ઉત્કૃષ્ટતા માટે મનુષ્યને પરિપૂર્ણ કરતી આ પદ્ધતિ ખૂબ ફળદાયી નીવડી છે. તેનાથી રાષ્ટ્રનો પ્રત્યેક બાળક લઘુતમ શિક્ષણ તો પ્રાપ્ત કરી જ શકે છે. તેના સર્વાંગી વિકાસ માટે આ પ્રકારનું વાતાવરણ સર્જવું અત્યંત જરુરી છે. નવીનતમ વિચારો આ શિક્ષણને વધુ પુષ્ટ બનાવે છે.

## ૧૮.૮ વર્તમાન સમયમાં શિક્ષણમાં વિકાસ

### રાઈટ ટુ એજયુકેશન એકટ(શિક્ષણનો મૂળભૂત અધિકાર)

ભારતની સંસદે ઈ.સ.૨૦૦૨માં ભારતીય બંધારણના ૮૬માં સુધારા દ્વારા નાગરિકો માટે શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે જાહેર કર્યો છે. મુકત અને ફરજિયાત શિક્ષણ એ બાળકનો અધિકાર છે. ધ રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રિ એન્ડ કમ્પલસરી એજયુકેશન એકટ આ નામનો ધારો મૂળભૂત અધિકાર આપે છે જે ભારતીય સંસદે એપ્રિલ, ૨૦૧૦માં પસાર કર્યો.



કાયદાના નિષ્ણાંતોએ એ સ્પષ્ટ કર્યુ છે કે ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકોને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને રાજ્ય સરકારો કે તેમના ઘરની આસપાસ જ પ્રાથમિક શિક્ષણ પુરું પાડવા પ્રયત્ન કરવાનો રહેશે. વર્તમાન સમયમાં ૨૨ કરોડ જેટલા બાળકો ૬ થી ૧૪ વર્ષની વયજૂથના છે. જેમાંના ૯૨ લાખ જેટલા બાળકો હજુ પણ શિક્ષણથી વંચિત રહયા છે.

આ કાયદા અનુસાર શાળા પ્રબંધન સમિતી અથવા તો સ્થાનિક સત્તા શાળામાંથી ઉઠી જતાં ૬ વર્ષથી વધુ વયના બાળકોને શાળામાં મોકલવા પ્રયત્ન કરશે. એટલુંજ નહિં તેમની વય પ્રમાણે તેમને ખાસ તાલીમ આપવાનું આયોજન પણ કરશે.

### રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન(આર.એમ.એસ.એ.)

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન એ કેન્દ્ર સરકારે ઉત્તમ શિક્ષણ આપવા અને ગુણવત્તાસભર શિક્ષણને વૈશ્વિક કક્ષાનું બનાવવા ૧૧મી પંચવર્ષીય યોજનામાં તૈયાર કરેલ કાર્યક્રમ છે. તેનો હેતુ માધ્યમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવો અને વધુને વધુ વિદ્યાર્થીઓ જેઓ ૧૫-૧૬ વર્ગાની વયના છે અને ધોરણ-૧૧ -૧૨માં પ્રવેશવાલાયક છે તેમને ખાસ આ યોજનામાં સમાવવા. ૨૦૧૫ સુધીમાં વસાહતના ૫ કિ.મી.ની અંદર માધ્યમિક શાળાની સ્થાપના કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓએ શાળાએ આવતા થાય તેવું આ યોજનાનું આયોજન છે. સાથેસાથે વસાહતના ૭ કિ.મી.ના વિસ્તારમાં એક ઉચ્ચતર માધ્યમિક શાળાની સ્થાપના કરી ધોરણ-૧૧ અને ૧૨માં પ્રવેશ મેળવવા અથવા તો પ્રવેશલાયક વિદ્યાર્થીઓને ઘર આંગણે શૈક્ષણિક સુવિધા આપવાનો છે. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના હેતુઓ

૧. માધ્યમિક શાળાઓની સંખ્યા વધારવી એવા મુળભૂત ઉદેશ્ય સાથે આર.એમ.એસ.એ.ના મુખ્ય હેતુઓ નીચે મુજબના જણાવાયા છે.

(અ) માધ્યમિક શિક્ષણને વધુ સુવિધાપૂર્ણ બનાવવા વર્ગખંડો, લેબોરેટરી, કોમ્પ્યુટર સેન્ટર, લાયબ્રેરી રૂમ, છોકરાઓ અને છોકરીઓ માટે અલગ ટોયલેટ જેવી પાયાની બાબતો વધારી એના ગુણોત્તરમાં શિક્ષકોની નિમણુંક કરવી.

(બ) હાલ ચાલતી માધ્યમિક શાળાઓને વધુ વિસ્તૃત કરવા તેમાં વધારાના વર્ગખંડો, કોમ્પ્યુટર લેબોરેટરી, ટોયલેટ જેવા સંસાધનો વધારવા સાથેસાથે શિક્ષકોની ઘટ પૂરી કરવી. તેની વર્તમાન વિજ્ઞાન વિષયની લેબોરેટરીને વધુ સુવિધાપૂર્ણ બનાવવી. જરુર હોય તો તેની મરમ્મત કરાવવી અને શાળાના મકાનને વધુ સુવિધાપૂર્ણ બનાવવા તેમાં ફેરફારો કરવા.

૨. સામાજિક અસમાનતાઓને ટાળવા પ્રયત્ન કરવો અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, લઘુમતિ અને સમાજના અન્ય પછાત વર્ગોને ખાસ પ્રોત્સાહન આપી તેઓને શિક્ષણાભિમુખ કરવા.

૩. ગુણવત્તાસભર શિક્ષણ આપવા નીચેની બાબતો પર ખાસ ભાર મુકવો. જેમકે,

(અ) પુસ્તકાલય અને વિજ્ઞાન વિષયોની લેબોરેટરીની સ્થાપના કરવી.

(બ) શિક્ષકોને યોગ્ય તાલીમ આપવી.

(ક) શાળાના આચાર્યને નેતૃત્વની તાલીમ આપવી.

(ડ) અભ્યાસક્રમ સુધારવો.

(ઇ) વિજ્ઞાન અને ગણિતના શિક્ષણ પર ખાસ ભાર મૂકવો.

(ઈ) કોમ્પ્યુટરનું શિક્ષણ આપવું અને એને આધારીત શૈક્ષણિક પદ્ધતિ વિકસાવવી.

(ઉ) શિક્ષણેતર પ્રવૃત્તિઓનો સાથેસાથે વિકાસ કરવો અને એ પ્રવૃત્તિઓને સુચારુરૂપે ચલાવવી.

(ઉ) શૈક્ષણિક સાધનોની અછત નિવારવી.

## પાઠગત પ્રશ્નો ૧૮.૩

૧. ૧૮૩૫નો લોર્ડ બેન્ટિંકનો ધારો શેના પર કેન્દ્રિત હતો.

.........................................................................

૨. કોણે અંગ્રેજી ભાષાને સરકારી ભાષા તરીકે સ્થાન આપ્યું.

.........................................................................

૩. કયા વર્ગમાં ઈન્ડિયન યુનિવર્સિટી એક્ટ પસાર થયો.

.........................................................................

૪. ઈ.સ. ૧૮૫૭માં કઈ ત્રણ યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી.

.........................................................................

૫. સાંસ્થાનિક ભારતમાં શિક્ષણ આપવાનો મુખ્ય હેતુ કયો હતો ?

.........................................................................

૬. સ્વાતંત્રતા પૂર્વે ભારતમાં અંગ્રેજી શિક્ષણનું કયું હકારાત્મક પાસુ જણાય છે.

.........................................................................

૭. ક્યારે શિક્ષણને કેન્દ્ર અને રાજ્ય એમ બંને યાદીમાં બંધારણમાં સમાવવામાં આવે?

.............................................................................

૮. શિક્ષણની નવી રાષ્ટ્રીય નીતિ કયા વર્ષમાં અમલી બનાવવામાં આવી.

.............................................................................

૯. પ્રાથમિક શાળાના શિક્ષણક્ષેત્રે હજુ પણ કઈ બાબતો ખુટતી જણાય છે?

.............................................................................

૧૦. માધ્યમિક શિક્ષણનું મહત્વ શું છે ?

.............................................................................

૧૧. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સ્થિતિમાં કઈ બાબતો ચિંતાજનક છે?

.............................................................................

૧૨. પુખ્તવયના શિક્ષણ માટે કઈ વયજુથ ગણવામાં આવે છે.

.............................................................................

## તમે શું શીખ્યા

- વૈદિકકાળમાં આશ્રમ એ શિક્ષણનું માધ્યમ હતા જેમાં ઉચ્ચવર્ગના લોકોને શિક્ષણ આપવામાં આવતું.
- ઈ.સ. પૂર્વે ૨૦૦થી ઈ.સ. ૩૦૦ દરમિયાન ઉભાં થયેલા વેપારીવર્ગે પોતીન પેઢીઓ દ્વારા ટેકનિકલ શિક્ષણને પ્રોત્સાહન આપ્યું.
- બૌધ્ધમઠો અને જૈનધર્મ સાથે સંકળાયેલ કેન્દ્રો એ ભારતીય શિક્ષણના ક્ષેત્રે ખુબ મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે એટલુંજ નહિં તેમના પ્રયત્નોથી ભારત વૈશ્વિકક્ષેત્રે મહત્વપૂર્ણ શિક્ષણ કેન્દ્ર બન્યું હતું.
- દિલ્હી સલ્તનતની સ્થાપનાથી ભારતમાં મૂસ્લિમ શિક્ષણ પદ્ધતિ દાખલ થઈ. તેણે પ્રાથમિક શિક્ષણની સાથે ઉચ્ચશિક્ષણને જોડવાનો પ્રયત્ન કર્યો.
- પાશ્ચાત્ય શિક્ષણપદ્ધતિએ ભારતના શિક્ષણમાં કેટલાક મહત્વપૂર્ણ પરીવર્તનો કર્યા. તેણે બધા માટે શિક્ષણએ રૂપરેખા પર અસ્પૃશ્યોને પણ શિક્ષણ સાથે જોડયા.

- ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ એ ભારતીય શિક્ષણના ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવે.

## સત્રાંત સ્વાધ્યાય

૧. પ્રાચીનકાળમાં શિક્ષણના વિકાસને ટૂંકમાં સમજાવો.

૨. મધ્યકાળકાળમાં દિલ્હી સલ્તનતની સ્થાપનાથી શિક્ષણક્ષેત્રે આવેલા પરીવર્તનો અને શિક્ષણક્ષેત્રે લેવાયેલ પગલાંની ચર્ચા કરો.

૩. મુગલકાળ દરમિયાન શૈક્ષણિક પદ્ધતિમાં કેવા કેવા પરીવર્તનો આવ્યા.

૪. ઈ.સ. ૧૮૫૪થી ૧૯૦૪ દરમિયાન ભારતમાં શિક્ષણના વિકાસને આલેખો.

૫. સ્વતંત્ર ભારતે નિરક્ષરતા નિવારણ અર્થે લીધેલા પગલાંઓને સવિસ્તર સમજાવો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો.

**૧૮.૧**

૧. શિક્ષણપદ્ધતિ સંસ્કૃતિમાં આવતા બદલાવ સાથે બદલાય છે.

૨. શિક્ષણની શરૂઆત બાળકને યજ્ઞોપવિત સંસ્કાર આપવાથી થતી.

૩. આશ્રમ

૪. વાય, કફ અને પિત

૫. આદિપુરાણ અને યશતિલક

૬. (અ) શિક્ષણમાત્ર સમાજના ઉચ્ચવર્ગો પુરતું મર્યાદિત હતું.

(બ) શિક્ષણમાં સંસ્કૃત ભાષા માધ્યમ તરીકે હતી.

**૧૮.૨**

૧. મકતબો.

૨. શાસકો અને ઉમરાવો.

૩. માઈઝિ, નાસીરી અને ફિરોઝી એ ત્રણ - દિલ્હીમાં,

મહંમદ ગવાનની મદ્રેસા - બિડરમાં,

અબુલફઝલની મદ્રેસા - ફતેપુર સિક્રિમાં

૪. તે ભાવનાત્મક રીતે પરંપરાગત હતી અને વિષયની દૃષ્ટિએ ધાર્મિક હતી.

૫. આ શૈક્ષણિક પદ્ધતિમાં શોધ, નિરીક્ષણ, પ્રયોગ અને તપાસનો સમાવેશ થતો હતો.

૬. તેમણે ધર્મનિરપેક્ષ અને વૈજ્ઞાનિક શિક્ષણપદ્ધતિનો આવિસ્કાર કર્યો.

૧૮.૩

૧. તેનો હેતુ યુરોપિયન સાહિત્ય અને વિજ્ઞાનને શિક્ષણમાં સ્થાન આપવાનો હતો.

૨. વિલીયમ બેન્ટિક

૩. ૧૯૦૪

૪. મુંબઈ, મદ્રાસ, કલકત્તા

૫. આ શિક્ષણ દ્વારા એવો શિક્ષિત શહેરી વર્ગ ઉભો કરવાની યોજના હતી જે શાસક અને પ્રજા વચ્ચે દુભાષિયાની ભૂમિકા ભજવી શકે.

૬. આ શિક્ષણથી સામાજિક સુધારણાક્ષેત્રે અને રાજકીય નેતૃત્વક્ષેત્રે એક નવો જ વર્ગ ઉભો થયો જેણે રાષ્ટ્રના સ્વતંત્રતાસંગ્રામમાં પણ નેતૃત્વ લીધું.

૭. ૧૯૭૬ના બંધારણીય સુધારા દ્વારા

૮. ઈ.સ. ૧૯૮૬માં

૯. (અ) તમામ વિદ્યાર્થીઓને શાળાઓમાં પ્રવેશ આપવા પ્રયત્ન કરવો.

   (બ) ૧૪ વર્ષની વય સુધીના તમામ બાળકોને શિક્ષણક્ષેત્રે આવરી લેવા.

   (ક) બાળક પોતાની ઉંમર પ્રમાણે જ ગુણવત્તાસભર શિક્ષણ મેળવી વિકસિત થાય તે હેતુ રહેલો છે.

૧૦. જ્ઞાનની મુળભૂત શાખાઓથી બાળક પરિચિત થાય તે.

૧૧. (અ) ૧૮થી ૨૦ વર્ષની વયજુથના વિદ્યાર્થીઓ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણક્ષેત્રે ઘણી ઓછી સંખ્યામાં જોવા મળે છે.

   (બ) સ્ત્રીઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિતજનજાતિ જેવા સામાજિક વર્ગોના બાળકો ઉચ્ચશિક્ષણમાં પુરતા પ્રમાણમાં જતા નથી.

૧૨. ૧૫થી ૩૫ વર્ષ.

૧૯

# ભારતીય સામાજિક માળખું

આપણે ભારતીય સંસ્કૃતિના વૈવિધ્યસભર વારસાને આગળના પ્રકરણોમાં સુપેરે સમજ્યા છીએ. ભારતીય સમાજની પરંપરાઓ અને રીવાજો તથા તેમની વિભિન્ન જીવનશૈલીનો પરિચય આપણે કર્યો છે. આખાય વિશ્વમાં કદાચ ભારત એક માત્ર એવો દેશ હશે જયાંની પ્રજા આવી વિવિધતાસભર જોવા મળે છે. તેની અનેકવિધ ઓળખ પ્રસ્થાપિત થઈ છે. જેમકે, પ્રાદેશિક ભિન્નતાઓ (ઉત્તર ભારતીય, દખ્ખણ અને દક્ષિણ ભારતીય) તથા ધાર્મિક વૈવિધ્ય જેમકે, હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તિ, બૌધ્ધ, જૈન, શીખ, પારસી, યહુદી વગેરે. આ બધા વચ્ચે આંતરીક અને બાહય સામાજિક સંબંધો પ્રસ્થાપિત થયા છે. તેમના સામાજિક માળખા જુદાં જુદાં છે. તેમ છતાં તેઓ એક તાંતણે જોડાયેલા છે. માટે જ ભારતીય સામાજિક માળખાને સમજવું આપણા માટે અત્યંત જરુરી છે જેનાથી ભારતીય સમાજમાં સમાવિષ્ટ તમામ વિભિન્ન પરિવેશમાં આવતાં લોકો વચ્ચેના આંતરસંબંધોને આપણે સમજી શકીએ. આ બાબત આપણને સામાજિક સંસ્થાઓ અને કાળક્રમે તેમાં આવેલ પરીવર્તન વિશે પણ સમજણ પુરી પાડશે. આ પ્રકરણમાં ભારતીય સમાજની પ્રગતિ અને સમયાંતરે તેમાં આવતાં બદલાવને જાણવાનો આપણે પ્રયત્ન કરીશું.

## હેતુઓ

આ પ્રકરણનું અધ્યયન કર્યા બાદ તમે

- ભારતીય સમાજનું માળખું તપાસી શકશું.
- ભારતીય સમાજવ્યવસ્થામાં અસ્પૃશ્યતા વિશે જાણી શકશો.
- ભારતીય સમાજમાં ગુલામીપ્રથા વિશે સમજી શકશો.

- પુરૂષાર્થ, આશ્રમ અને સંસ્કારને સમજી શકશો.
- યજમાની પ્રથા વિશે જાણી શકશો.
- ભારીતય સમાજવ્યવસ્થામાં કુટુંબ અને લગ્નસંસ્થાનો દરજ્જો માપી શકશો.
- ભારતીય સામાજિક માળખામાં સ્ત્રીઓના સ્થાન વિશે સમજણ પ્રાપ્ત કરી શકશો.
- ભારતમાં વનવાસીઓની - આદિવાસીઓની પરિસ્થિતિનું ચિત્રણ કરી શકશો.

## ૧૯.૧ ભારતીય સમાજનું માળખું

સામાજિક સંગઠનના પ્રાદુર્ભાવરુપે આપણે જનજાતિને મુકી શકીએ. મુંડા, હો, ઓરાઉન, ભીલ, ગડ્ડી, સંથાલ, કોલ, કંધ, ખાસી, ગારો, મિઝો, નાગા જેવી જનજાતિઓ ભારતના જુદાં જુદાં પ્રદેશોમાં વસે છે. આ બધી જનજાતિઓ ભેગી થઈને ભારતીય બંધારણમાં અનુસૂચિત જનજાતિ તરીકે સ્થાન પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જનજાતિ એટલે શું ? અને એક જનજાતિ બીજી જનજાતિથી કઈ રીતે જુદી પડે છે. જાતિ કે વર્ણ જેવી વ્યવસ્થા સાથે તેનું જોડાણ છે કે કેમ? આ પ્રશ્નનો જવાબ આવી સંસ્થાઓને તપાસવાથી મળી શકે. જનજાતિઓની ઓળખને આપણે આ પ્રમાણે મુલવી શકીએ. (૧) આ જનજાતિના તમામ સભ્યો એકબીજા સાથે લોહીના સંબંધોથી જોડાયેલ હોય. (૨) તમામ સભ્યોનું સ્થાન એકસમાન હોય. (૩) તમામ સભ્યો એમ માનતા હોય કે એ તમામ એકજ પ્રકારના રીત-રીવાજોથી સંકળાયેલા છે. (૪) તમામ સભ્યો એક જ પ્રકારના સંસાધનોનો ઉપયોગ કરતા હોય. (૫) ખાનગી મિલકતનો અભાવ હોય. (૬) સામાજિક જુદાપણું માત્ર ઉંમર અને લિંગને કારણે જ હોય અન્યથા નહિં. જનજાતિઓ ઘણીવાર વિભિન્ન જાતિઓમાંથી પણ ઉતરી આવી હોય. તેમનું ગોત્ર જેવી બાબતો અને સંસ્થાઓ તેમની ઓળખરુપે પ્રસ્થાપિત થાય.

વૈદિકકાળમાં કેટલીક જનજાતિઓ આપણને જોવા મળે છે. ભરત, યદુ, તુર્વસા, દ્રુયુસ, પુરુ અને અનુગા જેવી ટોળીઓ વધુ મહત્વ ધારણ કરતી હતી. આ ટોળીના વડાને રાજા કહેવામાં આવતા. જે આ ટોળીમાંની જ એક વ્યક્તિ હોય. મહદ અંશે આ સમાજમાં વર્ણ અથવા તો કલરને કારણે લોકોમાં ભિન્નતા આવી. એટલેકે વૈદિક ટોળીઓથી જે વ્યક્તિ સંકળાયેલ ન હોય તે દાસ વર્ણમાં સમાવિષ્ટ થતો. આવા લોકો કાળા કલરના અને અજાણી ભાષા બોલનારા તેમજ એમનાથી જુદા દેવતાઓને પુજનારા હતા.

આ જ જુદાપણું પછીથી ભારતમાં એક સંકુલ વર્ણવ્યવસ્થાનું સ્વરૂપ ધારણ કરે છે. જયારે આ ટોળીઓ સમાજમાં બ્રાહમણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જેવી સમાજવ્યવસ્થામાં રૂપાંતરીત થાય છે. આ સામાજિક કક્ષાઓ પછીથી વધુ દ્રઢ બનવાનું કારણ ટોળીઓ-ટોળીઓ વચ્ચેના અને આંતરિક રીતે તેમજ બાહય રીતે વિભિન્ન ટોળીઓ સાથે થયેલા યુધ્ધો હતું. યુધ્ધના નેતાને લૂંટમાંથી મળેલા નાણાં કે

સંપત્તિ પછીથી અસમાન રીતે વહેંચવામાં આવતું.

બ્રાહ્મણ વર્ણ સાથે સંકળાયેલ સભ્યો પુરોહિતનું કાર્ય કરતા જ્યારે ક્ષત્રિય વર્ણ સાથે સંકળાયેલ સભ્યોનું કાર્ય રાજ્યવ્યવસ્થાનું સંચાલન કરવાનું હતું. વૈશ્ય વર્ણના લોકો મોટેભાગે કૃષિ સાથે સંકળાયેલા હતા. જ્યારે શુદ્ર વર્ણના લોકો સેવક વર્ગની કક્ષામાં આવતા. પ્રથમ કક્ષામાં આવતાં બંને વર્ણોએ વૈશ્ય વર્ણનું મોટા પ્રમાણમાં શોષણ કર્યુ અને પછીથી તો ઉપરના ત્રણ વર્ણોએ શુદ્ર વર્ણના લોકોનું મહત્તમ શોષણ કર્યુ. ઉપરના ત્રણ વર્ણોને ઉપનયનનો સંસ્કાર આપવામાં આવતો અને આ સંસ્કાર પ્રાપ્ત કરતાં તેઓ દ્વિજ કહેવાતાં.

પશ્ચાદ વૈદિક કાળમાં અર્થવયવસ્થામાં મહત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા. આ પરીવર્તનના પાયામાં બૌધ્ધ ધર્મ જેવી ધાર્મિક - સામાજિક સુધારક ચળવળનો પણ મોટો ફાળો હતો. જોકે બૌધ્ધ ધર્મ જ્ઞાતિ વ્યવસ્થાને નાશ કરી શકયો નહિં. બૌધ્ધ ધર્મના મત પ્રમાણે ક્ષત્રિય એ વર્ણવ્યવસ્થામાં સૌથી ઉપરની કક્ષામાં હોવા જોઈએ. બ્રાહ્મણવાદથી શોષિત થયેલા વૈશ્ય વર્ણના લોકો બૌધ્ધ ધર્મમાં મોટા પ્રમાણમાં પ્રવિષ્ટ થયા. જોકે બૌધ્ધ અને જૈન ધર્મ જાતિવાદમાં કે વર્ણવ્યવસ્થામાં માનતા નહિં. વર્ણ અને જાતિવ્યવસ્થામાં મહત્તમ પરિવર્તનો ભારતમાં બહારથી આવનાર શક, કુષાણ, પાર્થિયન અને ભારતીય ગ્રીક રાજાઓ અને લોકોના આવવાથી થયા. અર્થવ્યવસ્થા આ પરીવર્તનનું મૂળ કારણ તો હતું જ તેને લીધે શહેરીકરણ થયું. ઉત્પાદનમાં વધારો થયો અને વેપાર-વાણિજ્ય વિકસતા શ્રેણીઓ અને પેઢીઓની સ્થાપના થઈ. જે પછીથી ક્રમશઃ જાતિઓમાં વહેંચાતી ગઈ. આવી પેઢીઓ કે શ્રેણીઓની આગવી ઓળખ હતી. તેમનો અલગ દરજ્જો અને અલગ ન્યાય વ્યવસ્થા પણ હતા. જેને શ્રેણીધર્મ કહેવામાં આવતું. બેંકો જેવું કાર્ય તેમનું રહેતું. તેઓ નાણાંના ધીરધાર સાથે કામ કરતા અને નાણાંના ટ્રસ્ટી પણ રહેતા. શ્રેષ્ઠી એ વેપારીઓનો એવો વર્ગ હતો. જે આ શ્રેણીઓના વડા તરીકે કાર્ય કરતો હતો. (વર્તમાન સમયમાં ઉત્તર ભારતમાં શેઠ તરીકે ઓળખાતાં અને દક્ષિણ ભારતમાં ચેટ્ટી અને ચેટીયાસ અથવા તો શેટીયાસ તરીકે ઓળખાતા લોકો.) ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. ૫૦૦ સુધીનો સમયગાળો જોઈએ તો તે જાતિ વ્યવસ્થામાં મહત્વપૂર્ણ પરીવર્તનો લાવનાર ગણાવી શકાય. અનેક નવા ઉદ્યોગ ધંધાઓ અને ઘણી બધી જાતિઓના ભારતમાં થયેલા આગમનથી તેમજ આંતરજ્ઞાતિય લગ્નોથી આવી પરિસ્થિતિ ઉભી થઈ. આવી જાતિઓ કે ટોળીઓ ક્રમશઃ જ્ઞાતિઓમાં પરીવર્તિત થતી ગઈ. ધર્મશાસ્ત્રો અને સ્મૃતિઓમાં દરેક જ્ઞાતિની ફરજો વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી છે. જ્ઞાતિઓ વચ્ચેના સંબંધો તેઓ કયા વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેના પર નિર્ભર રહેતા.

૫ મીથી ૭ મી સદી દરમિયાન વર્ણ કે જાતિના સંગઠનમાં કેટલાક પરીવર્તનો જોવા મળે છે. જમીનદારોના ઉભાં થયેલા નવા જ વર્ગે વૈશ્યોનું ખેડૂતોમાં રૂપાંતરણ કર્યુ. ખેતીક્ષેત્રે સંકળાયેલી બીજી અનેક ટોળીઓને કે જૂથોને શુદ્ર વર્ણમાં મુકવામાં આવ્યા. હવે આ શુદ્રો ખેતી સાથે સંકળાયા. ગંગા નદીના વિસ્તારમાં જરા જુદું જ સામાજિક ચિત્ર જોવા મળે છે. તો બંગાળ અને દક્ષિણ ભારતમાં મોટે

ભાગે બે જાતિઓ જોવા મળે છે. બ્રાહમણ અને શુદ્ર ઉત્તર ભારતીય સમાજમાં રાજપુતોનો ઉદય એ ૭ મી સદીની મહત્વપૂર્ણ ઘટના ગણાવી શકાય. આ સમયગાળામાં જાતિ વ્યવસ્થા પૂર્ણપણે ભારતીય માનસમાં સ્થાપિત થઈ ચૂકી હતી. એટલે સુધી કે છોડવાઓને પણ જાતિના આધારે ઓળખવામાં આવતા. એક પુસ્તકમાં વર્ણવ્યવસ્થા પ્રમાણે તેમના ઘરોનું નિદર્શન પણ કરવામાં આવ્યું છે.

એક મહત્વપૂર્ણ વિકાસ આ ક્ષેત્રે મધ્યકાલીન ભારતમાં આપણને ખાસ કરીને દક્ષિણ ભારતમાં જોવા મળે છે. જેમાં શુદ્ર બે કક્ષાઓમાં સત અને અસત વહેંચાય છે. દક્ષિણ ભારતમાં જેમને ઈડંગઈ એટલેકે ડાબો હાથ અને વેલંગઈ એટલેકે જમણો હાથ કહેવામાં આવે છે. મનુએ ૬૧ જેટલી મિશ્ર જાતિઓની(સંકર જાતિઓની) સૂચિ આપી છે. જે પછીથી ૧૦૦ જેટલી સંખ્યા પર પહોંચે છે. રાજપુતોની જેમ જ આ સમયમાં કાયસ્થ નામની અન્ય એક જાતિ કે જ્ઞાતિનો ઉદય પણ મહત્વપૂર્ણ છે. પરંપરાગત રીતે આ કાયસ્થ લહિયાઓનું કામ કરતા. જે પછીથી એક અલગ જ્ઞાતિનો દરજ્જો પામ્યા. ખત્રી ઉત્તર ભારતની અગત્યની જ્ઞાતિ હતી. જે પોતાને ક્ષત્રિયોમાંથી ઉતરી આવે છે તેમ દર્શાવતી. પરંતુ વેપાર-વાણિજ્ય સાથે સંકળાયેલી અને એક અલગ જ્ઞાતિનું જ રૂપ ધારણ કરતી વૈશ્ય કક્ષામાં ગોઠવાયેલી હતી. એ જ પ્રમાણે ગુર્જર, ઝાટ અને આહિરો પણ પોતાનું મૂળ ક્ષત્રિય વર્ણમાં હતું તેમ દર્શાવતી અને પછીથી એમનો સામાજિક દરજ્જો નિમ્ન થયો તેમ માનતી. આ આખીયે પ્રક્રિયા ૧૯૫૦ સુધી ચાલતી રહી જ્યારે ભારતીય બંધારણે પછાત જાતિઓને સરકારી નોકરીઓમાં અને યોજનાઓમાં આરક્ષણ આપ્યું ત્યાં સુધી.

જ્ઞાતિપ્રથાને પોતાના પ્રાદેશિક લક્ષણો હતા. ૮ મી સદીમાં આવેલા પ્રાદેશિક પરીવર્તનોએ તેમાં ખાસ્સો ભાગ ભજવ્યો. ઉત્તર ભારતના બ્રાહમણો માત્ર ગોત્રથી જ નહિં પરંતુ તેમના નિવાસસ્થાનોથી પણ જુદા પડવા લાગ્યા. કાન્યકુબ્જ સરયુપરિયર અને મૈથીલા બ્રાહમણો જેઓ કનોજ, સરયુ નદી અને મિથિલા પ્રદેશમાં રહેતા તેનાથી ઓળખાતા. તો એ જ રીતે રાજપુત સમાજ પોતાના મુળભૂત જાતિ કે ટોળીઓના નામથી ઓળખાતી જેમકે, તોમર, કછવાહા, હાડા અને ચૌહાણ આવી આંતરજાતિઓને પણ પોતાના ગોત્ર હતા. આમ મધ્યકાળમાં જ્ઞાતિ, પેટાજ્ઞાતિ અને ગોત્રની સંખ્યા ઉત્તરોત્તર વધવા લાગી. મરાઠા પણ એક જ્ઞાતિ જ હતા.

આધુનિક સમયમાં જ્ઞાતિ વ્યવસ્થાએ કેટલાક નવીન લક્ષણો ધારણ કર્યા છે. જ્ઞાતિનું સૂચન નામ સાથે કરવામાં આવે છે. ઘણીવાર એક કરતાં વધારે પેટા જાતિ સાથે એક જ જાતિના લોકો સંકળાયેલા હોય તેવું પણ બને. અનેક ઉદાહરણો આવા જોવા મળે છે. જ્ઞાતિ અને પ્રતિજ્ઞાતિ ચળવળોથી આધુનિક સમયમાં બીજી નવીન જ્ઞાતિઓનો ઉમેરો થતો જાય છે. જેમકે, બ્રહ્મસમાજી એ જ્ઞાતિને મળતો દરજ્જો દર્શાવે છે.

જ્ઞાતિ વ્યવસ્થા ઉપર પ્રમાણે જોતાં જણાય છે કે અત્યંત સંકુલ કાર્યશૈલીથી ઉભી થઈ છે. તેમાં

અનેક પ્રાદેશિક વિભિન્નતાઓ છે. ઘણીવાર તો તેનું મૂળ શોધવું અત્યંત મુશ્કેલ હોય છે. કારણકે પ્રદેશ, પ્રદેશનો પણ કોઈ એક ભાગ તેનો આર્થિક દરજ્જો, રાજકીય સત્તા સાથે તેનું નિકટપણું તેની સાથે સંકળાયેલ ધંધો રોજગાર જેવી અનેક બાબતો પરીવર્તનશીલ રીતે જ્ઞાતિ સાથે સંકળાયેલ હોય છે. તેથી તે કહેવું અઘરું છે કે મૂળતઃ આ જ્ઞાતિ કેવી રીતે ઉતરી આવી.

જ્ઞાતિપ્રથાનો ઘણો પ્રભાવ ભારતીય સમાજ પર પડયો છે. મધ્યકાલીન સમાજસુધારકોએ જ્ઞાતિ વ્યવસ્થાના દુષણો પર ખાસ્સું લેખન પણ કર્યુ છે. બાસવ, રામાનંદ અને કબીર જેવા સંતોએ તેમના અનુયાયીઓને જ્ઞાતિ વ્યવસ્થાનો ત્યાગ કરવાનો સંદેશો આપ્યો છે. શીખ પણ જ્ઞાતિ વ્યવસ્થાથી ઉપર આવી શકયા નથી. મુસ્લિમોમાં પણ આવા જ્ઞાતિસમુહો છે. કેરાલાના સીરીયન ખ્રિસ્તિઓ પણ વિભાજિત થઈ અને જ્ઞાતિ પરંપરામાં પરિવર્તિત થયા છે. અનેક ખ્રિસ્તીઓ તેમની સાથે થયેલા પૂર્વગ્રહોને કારણે તથા ઉચ્ચ જ્ઞાતિઓના શોષણને કારણે પોતાની મૂળ જ્ઞાતિઓમાંથી ખ્રિસ્તી સમાજમાં પરીવર્તિત થયા છે.

## પાઠગત પ્રશ્નો ૧૯.૧

(૧) સામાજિક સંગઠનનું પ્રાથમિક લક્ષણ કયું હતું ?

..........................................................................

(૨) વૈદિક સમય દરમિયાન અસ્તિત્વમાં રહેલી કોઈ પણ બે ટોળીઓ - જાતિઓના નામ આપો.

..........................................................................

(૩) દ્વિજ શબ્દનો અર્થ શું થાય છે ?

..........................................................................

(૪) ભારતમાં જ્ઞાતિ વ્યવસ્થાક્ષેત્રે અનેક પરિવર્તનો લાવનાર કયા કયા સમુહો વિદેશમાંથી ભારતમાં આવ્યા હતા ?

..........................................................................

(૫) શુદ્ર સમાજનું સત અને અસતમાં થયેલ વિભાજન કોની સાથે સંકળાયેલ છે.

..........................................................................

## ૧૯.૨ અસ્પૃશ્યતા

ભારતીય સમાજમાં શુધ્ધતા અને પ્રદુષણના ખ્યાલને અસ્પૃશ્યતાની વિભાવનાથી સમજાવવામાં આવ્યા છે. અત્યંત તરીકે ઓળખાતો આ સમાજ બ્રાહમણ સમાજથી બહાર ગણાતો. અસ્પૃશ્યતા આપણને પશ્ચાદ વૈદિક સમયમાં જોવા મળે છે. ખાસ કરીને ગૌતમ બુધ્ધના સમયમાં તે સ્પષ્ટ દેખાય છે. કયારેક

તેને પાંચમાં વર્ણ તરીકે ઓળખાવાયો છે. અશ્પૃશ્યો માટે ચાંડાલ શબ્દ પ્રયોજાયો છે. તેઓ ગ્રામમાં આવી શકતા નહિં અને તેમને માટે ખાસ ગામની બહાર આવાસ-નિવાસની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. મોટે ભાગે તેમનું કાર્ય મૃત પશુઓને લઈ જવાનું અને સ્મશાનમાં કાર્ય કરવાનું હતું. તેઓ માત્ર લોખંડમાંથી બનાવેલા ઘરેણા પહેરી શકતા અને તૂટેલા ફૂટેલા વાસણોમાં ખાવાનું ખાઈ શકતા. ગુપ્તકાળ દરમિયાન તેમનો દરરજો વધારે નીચે ઉતર્યો. તેઓ હવે ગામમાં પ્રવેશતી વખતે પાછળ જાડું બાંધીને પ્રવેશી શકતા. શિકારી(નિસદ), માછીમાર(કૈવર્ત), ચામડાનું કામ કરનાર(ચર્મકાર), પાયખાના સાફ કરનાર(કુકુશ) અને ટોપલીઓ બનાવનાર(વેંદ) જેવી જ્ઞાતિઓ અશ્પૃશ્ય ગણાતી. એટલેકે ઉચ્ચ વર્ણના લોકો તેમને અડતા પણ નહિં. દોમ અને દોમ્બ નામની બે ટોળી કે જ્ઞાતિસમુહ પણ ગુપ્તકાળ દરમિયાન અશ્પૃશ્ય જ્ઞાતિ શ્રેણીમાં મુકાયા. આપણે ઘણા શુદ્ર રાજાઓમાં દોમ્બ રાજાઓ વિશે સાંભળ્યું છે. મલેચ્છ પણ અશ્પૃશ્યોની શ્રેણીમાં મુકાયા હતા. અશ્પૃશ્યતા વર્તમાન સમય સુધી પ્રચલિત છે. અશ્પૃશ્યતા એ કાયદાકીય રીતે ગુનો ગણવામાં આવતું હોવા છતાં તે પ્રચલિત છે. મહાત્મા ગાંધીએ અશ્પૃશ્યતા વિરોધી ખુબ મોટી ચળવળો ચલાવેલી. તેમને અશ્પૃશ્યોને હરીજન નામ પણ આપ્યું હતું. ભારત સરકારે અશ્પૃશતા વિરોધી અનેક કાયદાઓ ઘડી તેને નાબૂદ કરવા પુરતા પ્રયત્નો હાથ ધર્યા છે. શિક્ષણ અને સામાજિક સુધારણા ચળવળોએ તેમાં મોટો ફાળો આપ્યો છે. આ અમાનવીય પ્રથા બહુ ઝડપથી નાશ પામે તેવી આપણે આશા રાખીએ.

## ૧૯.૩ ગુલામી

શાસ્ત્રીય રીતે જોઈએ તો ગ્રીક અને રોમન સમાજોમાં જોવા મળતી ગુલામી પ્રથાથી ભારતીય ગુલામી પ્રથા ઘણી જુદી છે. મેગેસ્થનિઝે એટલા માટે જ લખ્યું હતું કે ભારતમાં ગુલામી પ્રથા જોવા મળતી નથી. તેનું આ કથન સત્યથી વેગળું છે. ભારતમાં ગુલામી પ્રથા એ કાયદાકીય રીતે અને સામાજિક સંસ્થા તરીકે બહુ સ્પષ્ટ રીતે જોવા મળે છે. કોઈ ગુલામ સ્ત્રીને તેના માલિક દ્વારા બાળક અવતરે તો તેને માલિકના પુત્ર તરીકે સ્થાન મળતું એવા ઉલ્લેખો આપણને સાંપડે છે. અર્થશાસ્ત્ર જેવા ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે કોઈ પણ વ્યક્તિ જન્મથી કે સ્વેચ્છાએ અથવા તો યુધ્ધમાં પકડાય ત્યારે અથવા તો કાયદાકીય રીતે ગુનેગાર હોય ત્યારે તે ગુલામ બની શકે. સંસ્કૃત ભાષામાં ગુલામ માટે દાસ શબ્દનો ઉપયોગ થયો છે. જેનો અર્થ એવા લોકો જે આર્યો દ્વારા જિતાયેલા હતા. દાસ મોટે ભાગે ઘરેલુ નોકર તરીકે અને અંગત નોકર તરીકે કાર્ય કરતા. માલિકના સહાયક તરીકે પણ કાર્ય કરતા. જોકે માલિકને તેના જીવન પર કોઈ અધિકાર નહોતો. એટલું જ નહિ ભારતમાં શરૂઆતમાં ગુલામોની કોઈ બજારો પણ જોવા મળતી નથી. જે ઈ.સ.ની શરૂઆતની સદીઓમાં ખ્રિસ્તી વિશ્વમાં જોવા મળે છે તે આ સમયે પશ્ચિમ વિશ્વમાં ગુલામોનો વેપાર થતો. જોકે એવા પણ ઉલ્લેખ મળે છે કે ભારત અને રોમન સામ્રાજ્ય વચ્ચે ગુલામ છોકરીઓનો વેપાર થતો હતો. પછીના ઉલ્લેખો પ્રમાણે ૧૬મી સદીમાં વિજયનગર સામ્રાજ્યમાં ગુલામોના બજારોનો સ્પષ્ટ ઉલ્લેખ આપણને મળે છે.

દિલ્હી સલ્તનતના સમયમાં ગુલામી પ્રથા જેને બંદગાન કહેવાય છે તે મોટા પ્રમાણમાં જોવા મળે છે. જોકે તેમની પરિસ્થિતિ જરા જુદા પ્રકારની હતી. મલેક કાફુર નામનો અલાઉદદીન ખિલજી નામનો ગુલામ પછીથી તેની સેનાનો સેનાધ્યક્ષ બન્યો હતો. ૧૬મી સદીમાં પોર્ટુગલ પ્રજાએ ગુલામી વેપારને ખુબ મહત્વપૂર્ણ બનાવ્યો. લિન્સોટેન નામના એક વ્યક્તિએ ગોવામાં પોર્ટુગીઝો દ્વારા થતાં ગુલામી વેપારનો ખાસ ઉલ્લેખ કર્યો છે. એણે કહ્યું છે તેઓ ગુલામોને એવી રીતે ચલાવે છે જેવી રીતે આપણે ઘોડાઓને હંકારીએ છીએ. ખાલીસા પ્રકારની જમીન(રાજાના તાબા હેઠળની) અને કારખાનાઓમાં આવા ગુલામો ખુબ મોટા પ્રમાણમાં કાર્ય કરતા. બ્રિટીશકાળ દરમિયાન પણ આ પ્રકારની ગુલામી વ્યવસ્થા ચાલુ જ રહી હતી. પરંતુ લોર્ડ કોર્નવોલિસે તેના પર પ્રતિબંધ મુકતા ભારતમાં ગુલામી પ્રથા નાબુદ થઈ.

## ૧૯.૪ પુરુષાર્થ, આશ્રમ અને સંસ્કાર

પુરૂષાર્થ, આશ્રમ અને સંસ્કાર આ ત્રણેય ખ્યાલો એકબીજા સાથે સંકળાયેલા છે. પુરૂષાર્થનો અર્થ થાય છે. જીવનને ચાર આશ્રમોમાં વહેંચવું અને દરેક આશ્રમ સંસ્કારમાં વહેંચાયેલો છે. વર્ણાશ્રમધર્મ એવું આપણે સાંભળીએ છીએ એનો અર્થ થાય છે વર્ણનો ધર્મ અને જીવનમાં તેનું સ્થાન. જીવનના ચાર ઉદ્દેશો ધર્મ(સાચું જીવન), અર્થ(જીવન જીવવા માટેના સાધનો), કામ(ઈચ્છાઓ) અને મોક્ષ(પ્રપતિ).

ચાર પુરૂષાર્થ સાથે જોડાયેલા વ્યક્તિનું જીવન ચાર આશ્રમ અથવા તો જીવનના તબકકાઓમાં વહેંચાય છે. એક આશ્રમ પછી બીજા આશ્રમમાં જાણે ચાર પગથિયા ઉપરથી નીચે ઉતરતા હોય તેમ સમજાવાયું છે.

પ્રથમ આશ્રમને બ્રહ્મચર્યાશ્રમ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વ્યક્તિ ઉપનયન સંસ્કાર એટલેકે જનોઈ ધારણ કરવાનો સંસ્કાર પ્રાપ્ત કરે છે. આ આશ્રમના સમયગાળા દરમિયાન તે શિક્ષણ મેળવે છે તથા શિસ્ત ઈચ્છાશકિત અને લાગણીઓ વિશે જાણે છે. તે પોતાના ગુરુ સાથે જંગલમાં આવેલા આશ્રમમાં જ આ સમયગાળા દરમિયાન રહી ગુરુની આજ્ઞાનું પાલન કરે છે. ગુરુ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવાની અને આશ્રમને સાફ રાખવાની જવાબદારી પણ નિભાવે છે. સાદુ જીવન અને ઉચ્ચ વિચાર સાથે આ આશ્રમ સંકળાયેલો છે. રાજકુમારો પણ આ જ પ્રમાણે આ આશ્રમમાં ફરજ બજાવતા. બ્રહ્મચર્યનો આ તબકકો વ્યક્તિગત વિકાસનો અને ગૃહસ્થી જીવન શરૂ કરવા માટેની જવાબદારીઓ સમજવાનો હતો.

ગૃહસ્થાશ્રમ એ વ્યક્તિના જીવનનો સૌથી મહત્વપૂર્ણ તબક્કો ગણાતો. જેમાં તે અર્થ અને કામને ધર્મની સાથે સાંકળીને વ્યવહાર કરતો. તે લગ્ન કરતો. બાળકોને જન્મ આપતો અને કુટુંબનું ભરણપોષણ કરતો એટલું જ નહિં સામાજિક ઉતરદાયિત્વ પણ નિભાવતો.

ગૃહસ્થાશ્રમ પછીના તબક્કાને વાનપ્રસ્થઆશ્રમ તરીકે ઓળખવામાં આવતો જેમાં વ્યક્તિ પોતાના કુટુંબને ત્યજીને જંગલમાં રહી. નિવૃત્ત જીવન ગાળતો. અહિંયા તે સમગ્ર જગતને જાણવા પ્રયત્ન કરતો. ફળ અને શાકભાજી તથા કંદમૂળ ખાઈ સાદા કપડા પહેરી જીવન વિતાવતો. ધ્યાન અને પુજા અર્ચના કરતો. આ દરમિયાન જો તેનું મૃત્યું થાય તો તે મોક્ષ પામ્યો છે તેમ કહેવાતું અન્યથા તે હવે પછીના તબકકા સંન્યાસઆશ્રમમાં પ્રવેશતો. જ્યાં તે પૂર્ણ રીતે ઈશ્વર પ્રત્યે પોતાન જાતને ન્યોચ્છાવર કરતો. તમામ સામાજિક સંબંધો ફગાવી દઈ માત્ર મોક્ષ માટે જ જીવન વ્યતિત કરતો.

આ આખીયે પ્રથા આદર્શ જીવન દર્શાવે છે. પરંતુ વ્યવહારિક રીતે એ પૂર્ણપણે જાળવી શકાતી નહિં. મોટા ભાગના લોકો આ પ્રકારનું જીવન જીવવામાં નિષ્ફળ જતાં. થોડાક લોકો બીજા આશ્રમથી ઉપર ઉઠી શકતા. શિક્ષણ, સામાજિક જીવન અને વ્યક્તિ જીવન જીવવાના તબકકાઓ પૂર્ણપણે મોટા ભાગના લોકો પાળી શકતા નહિં. બૌધ્ધ અને જૈન ધર્મે યુવાનોને પણ ગૃહસ્થ જીવન જીવતાં જીવતાં મોક્ષપ્રાપ્તિ માટે સત્કાર્યો દ્વારા કાર્ય કરી શકાય તેવો સંદેશ આપી પોતાની તરફ આકર્ષિત કર્યા. જે રૂઢિગત આશ્રમ વ્યવસ્થામાં જોવા મળતી નથી.

આશ્રમ વ્યવસ્થાના આ ચાર તબકકાઓ માનવીના ભૌતિક જન્મની સાથે નહિં પરંતુ તેના ઉપનયન સંસ્કારથી માનસિક જન્મથી શરૂ થતાં. બાળક ઉપનયન સંસ્કાર ધારણ કરે પછી જ સમાજનો સભ્ય ગણાતો. જીવનનો આ મહત્વપૂર્ણ ઉત્સવ હતો. આવા ૪૦ જેટલા સંસ્કારો આપણને જોવા મળે છે. જેમાંના કેટલાક જોઈએ તો ગર્ભાધાન, પુસંવન, સીમંતોન્નયન, જાતકર્મ, નિગક્રમણ, અન્નપ્રાસન, ચુડાકર્મ, ઉપનયન, સંવર્તન, વિવાહ અને અંત્યેગિટ આ બધા જ સંસ્કારો ઉપરના ત્રણ વર્ણો માટે જ હતા. શુદ્ર અને અશ્પૃશ્યો આ સંસ્કાર માટે અયોગ્ય ગણાતા. જોકે ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ પણ મોટા ભાગના સંસ્કારોથી વંચિત જ રહેતી.

## ૧૯.૫ જજમાની પ્રથા

પૂર્વ મધ્યકાલમાં જજમાની પ્રથા બહુ જ મહત્વપૂર્ણ સંસ્થા તરીકે ઉભરી આવી. જે આધુનિક કાળે પણ ગ્રામીણ સમાજમાં પ્રચલિત છે. આ પ્રથામાં જાગીરદાર અને ગામના કારીગરો વચ્ચે સામાજિક વ્યવહારનો નિર્દેશ જોવા મળે છે. સેવાઓ સાથે સંકળાયેલી જ્ઞાતિઓ જમીનદારને સેવા આપતી તો સામે જમીન સાથે સંકળાયેલ મોટા ખેડૂતો કે જાગીરદારો પરંપરાગત રીતે નકકી કરેલા અનાજ તેમની સેવાના બદલામાં આપતા. એટલુંજ નહિં કેટલાક કિસ્સામાં જમીનો પણ ભેટમાં આપતા મોચી, વાળંદ, પુરોહિત, માળી, ખેડૂત, લુહાર, સુથાર જેવી જ્ઞાતિઓ આવા જાગીરદાર સાથે જજમાની પ્રથાથી જોડાતાં. કેટલાક ખાસ પ્રસંગોએ તેમની સેવાઓને બિરદાવી મોટા જાગીરદારો તેમને જમીનો ભેટમાં આપતાં. જોકે અમુક જ્ઞાતિઓ પોતાની ચીજવસ્તુઓ અને સેવાઓ વેચી શકવા પણ સમર્થ હતા. સેવા સાથે સંકળાયેલ આ સામાજિક સંબંધ નગરીકરણ અને ઔદ્યોગિકીકરણને કારણે બંધ થયો. મધ્યકાળમાં આ પ્રકારના સંબંધો એક રીતે ફાયદાકારક હતા.

## પાઠગત પ્રશ્નો ૧૯.૨

**ખાલી જગ્યા પૂરો.**

૧. ..................ને પાંચમાં વર્ણ તરીકે ઓળખાવાયા છે.

૨. મહાત્મા ગાંધીએ અસ્પૃશ્યતા નિવારણ અર્થે ઘણું કાર્ય કર્યુ તેમણે અસ્પૃશ્યોને .................. નામ આપ્યું હતું.

૩. ........................નામના ગ્રીક મુસાફરે ભારતમાં ગુલામી પ્રથાનું અસ્તિત્વ નથી તેવું નોંધ્યું છે.

૪. વ્યક્તિ જન્મથી, સ્વેચ્છાથી પોતાની જાતને વેચીને, યુધ્ધમાં યુધ્ધકેદી તરીકે, અથવા તો કાયદાકીય રીતે ગુનેગાર સાબિત થયો હોય ત્યારે તે ગુલામ બની શકે છે તેવું ................. નામના ગ્રંથમાં જણાવાયું છે.

૫. 'પુરૂષાર્થ' એ ચાર ......................માં વિભાજિત થાય છે.

૬. જજમાની પ્રથા તૂટવાનું અથવા તો બંધ થવાનું કયું મહત્વપૂર્ણ કારણ તમને જણાય છે.

..............................................................................

## ૧૯.૬ કુટુંબ

પરંપરાગત ભારતીય કુટુંબ એ મોટેભાગે સંયુકત કુટુંબની વ્યાખ્યામાં આવે તેવો સમુહ છે. જેમાં એક કરતા વધારે પેઢીઓ એક છત નીચે એક સાથે રહેતી હોય. બધા જ સભ્યોની સામુહિક સંપત્તિ હોય. ઘરના મુખ્ય વડીલ એ સમગ્ર ઘરની અને સંપત્તિના વડા તરીકે ભૂમિકા ભજવતા હોય. આધુનિક કસબાઓમાં મોટા પ્રમાણમાં સુક્ષ્મ કુટુંબોને આપણે જોઈએ છીએ જેમાં પતિ, પત્ની અને તેમના બાળકોનો સમાવેશ થાય છે. કેટલીક જગાએ આપણને સંયુકત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. ભારતના કેટલાક ભાગોમાં સંયુકત કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રીની કુટુંબના વડા તરીકે ભૂમિકા પણ ધ્યાનાકર્ષક છે. ખાસ કરીને કેરલ અને નાગાલેન્ડ તથા મેઘાલયમાં આ પ્રકારની સમાજ વ્યવસ્થા જોવા મળે છે.

કુટુંબની પ્રકૃતિ ગમે તે હોય પરંતુ તે સમાજનું પ્રાથમિક ઘટક છે. શ્રધ્ધા નામનું તત્વ કુટુંબના તમામ સભ્યોને જોડતું તત્વ છે. સપિંડ એટલેકે એક જ કુળ અને એ પરત્વેની શ્રધ્ધા કુટુંબના તમામ સભ્યો સાથે સંકળાયેલી છે. જેને સપિંડ ઉત્સવ સાથે પણ જોડવામાં આવ્યો છે. આ પ્રકારની વ્યવસ્થા તમામ સભ્યને સામાજિક સુરક્ષા પ્રદાન કરે છે. દરેક સભ્ય એકબીજા સાથે નિકટતાથી જોડાયેલ હોય છે. ઉત્સવો અને લગ્નોમાં આ પ્રકારની કુટુંબ ભાવનાથી તેઓ કાર્ય કરતા જોવા મળે છે.

પરંપરાગત ભારતીય કુટુંબ વ્યવસ્થા કાયદો અને રિવાજ નામના તત્વોથી સંચાલિત વ્યવસ્થા છે. તેનો પાયો કાયદાકીય રીતે આપણને મિતાક્ષરા અને દાયભાગમાં જોવા મળે છે. બંગાળ અને આસામ જેવા પ્રદેશોના મોટા ભાગના કુટુંબો દાયભાગ વ્યવસ્થા સાથે સંકળાયેલા છે. જ્યારે બાકીના ભારતીય કુટુંબો મિતાક્ષરા પદ્ધતિથી જોડાયેલા છે. સંયુક્ત કુટુંબની સંપત્તિ એ વ્યક્તિગત સંપત્તિથી વધારે મહત્વ ધારણ કરે છે. મધ્યકાળ સુધી સંપત્તિનું સ્વરૂપ આવું અવિભાજીત રહ્યું છે. ભારતમાં સ્વતંત્રતા બાદ ભારતીય બંધારણે તમામ ધર્મના લોકોને કે સમુદાયોને તેમના અંગત રીત રીવાજો પ્રમાણે લગ્ન, છુટાછેડા, બાળકને દત્તક લેવું, ભરણપોષણ કરવું વગેરેની છૂટ આપે છે. આ વ્યવસ્થા હિંદુ સિવાયના સમુદાયને લાગુ પાડવામાં આવે છે. જ્યારે હિંદુ, બૌધ્ધ, શીખ અને જૈન સમુદાય ૧૯૫૫-૫૬ના હિંદુ કાયદા પ્રમાણે વર્તે છે. મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી પોતાના ધર્માનુસાર કાયદાનું પાલન રીત-રીવાજોના મામલે કરે છે.

## ૧૯.૭ લગ્ન

કુટુંબ એ લગ્ન નામના મહત્વપૂર્ણ સંસ્કારનું પરીણામ છે. તેની પ્રકૃતિમાં તે ઘણા પ્રકારે વહેંચાય છે. જેને અનુલોમ અને પ્રતિલોમ લગ્નો તરીકે ઓળખવામાં આવે છે તેવા લગ્નોમાં પુરૂષ કે સ્ત્રી પોતાના વર્ણને છોડી અન્ય વર્ણની વ્યક્તિ સાથે લગ્ન કરે છે. આ પ્રકારના ઘણા બધા લગ્નો વિશે ભારતીય સમાજમાં ખાસ્સા ઉદાહરણો પ્રાપ્ત થાય છે. પરંપરાગત રીતે જોઈએ તો લગ્નની જવાબદારી માતા-પિતાની જ ગણાય છે. જેને શ્રેષ્ઠ લગ્ન કહેવામાં આવે છે. જેમાં માતા-પિતા પોતાના પુત્ર કે પુત્રીને માટે પોતાના જ વર્ણના યુવક કે યુવતીની પસંદગી કરે છે. જોકે તેમાં એક બાબતનો ખાસ ખ્યાલ રાખવામાં આવે છે કે તેમનું ગોત્ર એક જ હોવું જોઈએ નહિં. પ્રવર અને ગોત્ર એ દ્વિજ સાથે સંકળાયેલ ખ્યાલો છે. જે નિમ્ન વર્ણને તેમાંથી બાકાત રાખે છે. જોકે મોટા ભાગના સમુદાયોને પોતાના ગોત્ર હોય છે. પ્રવર શબ્દ પ્રતિબંધિત સાથે જોડાયેલો છે. જેમાં એવા પ્રકારના લગ્નો પર પ્રતિબંધ મુકવામાં આવે છે. જેમાં તેઓ કોઈને કોઈ રીતે યુવક અને યુવતી સાથ પેઢીઓમાં સંબંધ ધરાવતા હોય. દક્ષિણ ભારતમાં આવા નિયમનું પાલન થતું હોય તેવું આપણને જણાતું નથી. તેમાં પિતરાઈ વચ્ચે પણ લગ્નો થાય છે અને તેને કાયદો અને સમાજ માન્યતા આપે છે.

એકપત્નીત્વની પ્રથા પરંપરાગત રીતે સ્વીકારવામાં આવી હતી. જોકે બહુપત્નીત્વની પ્રથા પણ પ્રતિબંધિત નહોતી. અમીર અને શકિતશાળી લોકો એક કરતા વધારે પત્નીઓ રાખતાં તેની પાછળ કેટલાક કારણો જોવા મળે છે. રાજા અન્ય શકિતશાળી જુથોના નેતા સાથે પોતાનો સામાજિક સંબંધ સ્થાપિત કરવા તેમની પુત્રીઓ સાથે લગ્ન દ્વારા જોડાતો. એટલેકે આ પ્રકારના લગ્નોમાં રાજકીય કારણ દૃગિટગોચર થાય છે. ચંદ્રગુપ્ત મૌર્ય અને અકબર જેવા મહાન શાસકો આના શ્રેષ્ઠ ઉદાહરણો છે. જો ધાર્મિક કારણ જોઈએ તો રાજાને વારસદાર તરીકે પુત્ર હોવો જરુરી છે. એટલે બહુપત્નીત્વ પુત્ર જન્મની સાથે પણ સંકળાયેલ. આધુનિક કાયદાઓ પ્રમાણે બહુપત્નીત્વ પ્રથા ગેરકાયદેસર છે. માત્ર

મુસ્લિમ સમુદાયના લોકો તેમના ધાર્મિક કાયદા અનુસાર ચાર વખત લગ્ન કરી શકે છે.

સાત ફેરાની સાથે હિંદુ સમાજમાં લગ્નપ્રથા જોડાયેલી છે. જેમાં યુવક અને યુવતી સાથે મળીને અગ્નિની સાક્ષીએ શપણ ગ્રહણ કરે છે. સંયુક્ત રીતે જીવવાના શપથથી એ સ્પષ્ટ થાય છે કે છુટાછેડાને તેમાં કોઈ સ્થાન નથી. અર્થશાસ્ત્ર નામનો ગ્રંથ ખાસ કિસ્સામાં છુટાછેડાને સ્વીકારે છે. પછીથી આ વ્યવસ્થામાં ઘણા પરીવર્તનો આવ્યા. નિમ્ન ગણાતી જ્ઞાતિઓમાં વર્તમાન સમયમાં પણ છુટાછેડા જ્ઞાતિના નિયમો પ્રમાણે બહુ સરળતાથી અપાય છે. આધુનિક સમયમાં કાયદાકીય રીતે બંને તરફથી પુરતા પ્રમાણ આપવામાં આવે તો છુટાછેડા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

આપણે દ્રૌપદી પાંચ પાંડવ ભાઈઓ સાથે પરણી હતી તે જાણીએ છીએ. આને બહુપતિત્વપ્રથાના લગ્નનું ઉદાહરણ ગણાવી શકાય. કેટલાક સમુદાયોમાં આ પ્રકારના લગ્નો થતા હતા. મોટેભાગે એક સ્ત્રી તેના પતિના ભાઈઓ સાથે લગ્ન કરતી એવું કેટલાક સમુદાયોમાં બનતું. જ્યારે કેટલાક સમુદાયોમાં આ પ્રકારના લગ્નને અસામાજિક ગણવામાં આવતા. ઘણી જગ્યાએ તેને શરમ ગણવામાં આવતું. તો ઘણી જગ્યાએ તેને અભિમાન.

## ૧૯.૮ ભારતીય સમાજ અને સ્ત્રીઓ

ભારતમાં સ્ત્રીઓનો ઈતિહાસ એ વિકાસાત્મક પછાતપણાની કહાની છે. વૈદિકકાળમાં સ્ત્રીઓ પુરૂષની જેમ જ તમામ પ્રકારના હક્કોનો ઉપયોગ કરતી એટલુજ નહિ ટોળીઓ સાથે સંકળાયેલી સ્ત્રીઓ યુધ્ધમાં પણ ભાગ લેતી. તેઓ વેદોની ઋચા લખનાર વિદુષીઓ તરીકે પણ જોવા મળે છે. એટલુંજ નહિં લગ્ન માટે પોતાની પસંદગી અનુસાર પાત્રને પસંદ કરતી પણ આ કાળમાં જોવા મળે છે. પશ્ચાદ વૈદિક સમયમાં આવી ટોળીઓની કે જાતિઓની સંસ્થાઓએ સ્ત્રીઓના દરજ્જાનેક્રમશઃ નિમ્ન કક્ષાનો બનાવ્યો ત્યાં સુધી કે શરૂઆતના ભારતીય કાયદા પુસ્તકોમાં સ્ત્રીનું સ્થાન શુદ્રને સમકક્ષ મુકવામાં આવ્યું. સ્ત્રીધન સિવાય કોઈપણ પ્રકારની સંપત્તિની તે માલિક નહોતી. વૈદિક જ્ઞાન સ્ત્રીઓની સાથે ઘણું ગાઢ રીતે સંકળાયેલું હોવા છતાં ધર્મના સંપ્રદાયોએ અને ધર્મ સાથે સંકળાયેલ લોકોએ વૈદિક યજ્ઞો પુરતું સ્ત્રીઓનું મહત્વ રહેવા દીધું. મધ્યકાળમાં ઉભરી આવેલા તાંત્રિક સંપ્રદાયોએ તેમના સંપ્રદાયમાં સ્ત્રીઓને મહત્વપૂર્ણ સ્થાન આપ્યું. એટલુંજ નહિં તેમના આશ્રમોમાં સ્ત્રીઓ સંતની કોટી પણ પામી.

સામાન્ય રીતે એમ કહી શકાય કે પ્રારંભિક ઈતિહાસકાળમાં એટલેકે પશ્ચાદ વૈદિક સમયમાં અને ત્યાંથી લઈ મધ્યકાળના ભારતીય સમાજમાં સ્ત્રીઓને બૌધ્ધિક પ્રવૃત્તિઓથી દૂર રાખવામાં આવી. તેમનું મુળભૂત કાર્ય લગ્ન કરી કુટુંબની સંભાળ રાખવાનું ગણાવાયું. ઉચ્ચકુળની સ્ત્રીઓ કેટલું શિક્ષણ લઈ શકતી જેમાંની કેટલીક સ્ત્રીઓ કવયિત્રીઓ અને નાટયકાર તરીકે પણ પ્રખ્યાત થઈ હતી. મુખ્યસ્ત્રી ચરિત્રો સંસ્કૃત નાટકોમાં વાંચન, લેખન અને સંગીતની વ્યવસ્થા સાથે સંકળાયેલા હતા. મધ્યકાળમાં સંગીત અને નૃત્ય ઉચ્ચકુળની સ્ત્રીઓ માટે વર્જ્ય ગણાતું અને તે માત્ર નિમ્નકુળની સ્ત્રીઓ અને વેશ્યાઓ

માટે જ હોય તેમ મનાતું. જોકે શરૂઆતના કાળમાં આવું જોવા મળતું નથી. ઋગ્વેદના કાળ પછી ક્રમશઃ સ્ત્રીઓનો દરજ્જો ઘટયો. કારણકે બાળલગ્ન પ્રથાથી તેનો માનસિક વિકાસ અટકયો. તો મધ્યકાળમાં સતીપ્રથાએ ખુબ મોટા સામાજિક અનિષ્ટનું સર્જન કર્યુ. વિદેશી યાત્રી ઈબ્નેબતુતાએ સતીપ્રથા વિશે ખાસ્સી વાતો તેના વિદેશપ્રવાસના વર્ણનમાં લખી છે. વિધવાના પુનર્વિવાહ થતા નહિં. જોકે કેટલાક કિસ્સાઓમાં વિધવાને સંપત્તિનો અધિકાર આપવામાં આવતો.

મધ્યકાળમાં પડદાપ્રથા કે લાજપ્રથા ખૂબ પ્રચલિત હતી. ખાસ કરીને ઉચ્ચવર્ણની સ્ત્રીઓ તેની સાથે સંકળાયેલી હતી. આરબો અને તુર્ક મુસ્લિમો આ ઈરાની પરંપરાને પોતાની સાથે ભારત લઈ આવ્યા હતા. ઉત્તર ભારતમાં તેમના પ્રસારને કારણે ઉત્તર ભારતીય સમાજમાં પડદાપ્રથાનું મોટાપ્રમાણમાં ચલણ વધ્યું. સ્ત્રીના દેખાવને યોગ્ય કરવાના હેતુથી અથવા તો રજોકાળ દરમિયાન પાળવાના નિયમના ભાગરૂપે પ્રાચીન ભારતીય સમાજમાં બહુ જ ઓછા પ્રમાણમાં આ પ્રથા હતી તેવું કેટલાક વિદ્વાનો માને છે. પરંતુ મધ્યકાળમાં આ પ્રથા ઉચ્ચ વર્ગ અને ઉચ્ચ સમાજના પ્રતિક તરીકે એટલુંજ નહિં તેમના સામાજિક મોભા સાથે પણ જોડાઈ ગઈ. પછાતવર્ગની સ્ત્રીઓ ઉચ્ચ વર્ણની સ્ત્રીઓને જોઈને અથવા તો સંસ્કૃતિકરણના ભાગરૂપે પડદાપ્રથા અપનાવતી ગઈ. જોકે ઉચ્ચવર્ણની સ્ત્રીઓ જેટલી જડ માન્યતા તેમનામાં નહોતી.

મુગલ સામ્રાજયના અંત પછી ભારતમાં બ્રિટીશ શાસન સ્થપાયું ત્યારથી આધુનિક વિચારો સાથે ભારતીય સમાજનો નાતો બંધાયો. આધુનિક શિક્ષણની અસર તળે ૧૯મી સદીમાં સ્ત્રીઓ સાથે સંકળાયેલા અનેક અનિષ્ટો સામે ઘણી બધી સમાજસુધારણાની ચળવળો ચાલી જેણે સ્ત્રીઓના સ્થાનમાં મહત્વપૂર્ણ પરીવર્તન આણ્યું. રાજારામ મોહનરાય અને લોર્ડ વિલીયમ બેન્ટિકના પ્રયત્નોથી સતીપ્રથા પર પ્રતિબંધ મુકતો કાયદો ૧૮૨૯માં પસાર કરવામાં આવ્યો ત્યારથી સતીપ્રથાનો અંત આવ્યો. ૧૮૫૬માં મહાન સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પ્રયત્નોથી વિધવા પુનર્વિવાહનો કાયદો ઘડાયો. ૧૮૬૦માં પંડિત વિષ્ણુશાસ્ત્રીએ વિધવાવિવાહ સંસ્થાની સ્થાપના કરી. આ બધાને પરીણામે સ્ત્રીઓના સ્થાન અને દરજ્જામાં સુધારો થયો. ૧૮૯૫માં બાળકીને દૂધપીતી કરવાની પ્રથા પર પ્રતિબંધ મુકતો કાયદો ઘડવામાં આવ્યો અને બાળકીને દૂધપીતી કરવાની ક્રિયાને હત્યાનો ગુનો ગણવામાં આવી. ૧૯૫૫ના હિંદુ લગ્નધારા પ્રમાણે બાળલગ્નને પ્રતિબંધિત કરવામાં આવે અને સ્ત્રીના લગ્ન ૧૮ વર્ષ પૂર્વે ન થઈ શકે એવું ઠરાવવામાં આવ્યું. તાજેતરમાં જ ભારતની સર્વોચ્ચ અદાલતે પુત્રીને પોતાની સંપત્તિમાં પુત્ર જેટલું જ મહત્વ આપી સરખો હિસ્સો આપતો કાયદો કરી તેમના સ્થાનમાં પરીવર્તન લાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. ભવિષ્યમાં સામાજિક જાગૃતિ આવવાને કારણે અને કાયદાની સ્પષ્ટ ભૂમિકાને કારણે સ્ત્રીઓના સ્થાનમાં ખાસ્સા પરીવર્તન આવશે અને તેઓ પુરૂષ જેટલી જ સ્વતંત્રતા પામી શકશે તેવા સમાજનું નિર્માણ થશે તેવી આપણે આશા રાખીએ છીએ.

## પાઠગત પ્રશ્નો ૧૯.૩

૧. અનુલોમ અને પ્રતિલોમ લગ્નો કોને કહેવામાં આવે છે.

..........................................................................

૨. બહુપત્નીત્વની પ્રથા એટલે શું ?

..........................................................................

૩. પરંપરાગત ભારતીય કુટુંબના રીવાજ અને કાયદાનું બયાન કરતી બે મહત્વપૂર્ણ પદ્ધતિઓના નામ આપો.

..........................................................................

૪. પ્રાચીન ભારતમાં સ્ત્રીઓની પોતાની સંપત્તિને શું કહેવામાં આવતું જેના સિવાય તેઓ અન્ય કોઈ પણ પ્રકારની સંપત્તિ ધરાવી શકતી નહિં.

..........................................................................

## ૧૯.૯ ભારતના જનજાતિ સમુદાયો

જનજાતિ શબ્દ એ આધુનિક કાળમાં ખુબ પ્રાચીન સમુદાયો માટે વપરાય છે. જે આ ઉપખંડના સૌથી જુના નિવાસીઓ હતા. સામાન્યતઃ જનજાતિ સમુદાયો નીચે મુજબની લાક્ષણિકતાઓ ધરાવે છે.

૧. પ્રાચીન કાળથી જ જનજાતિ સમુદાયોના મુળ આ જ ધરતી સાથે જોડાયેલા છે.

૨. તેઓ મોટે ભાગે પર્વતીય પ્રદેશો અને જંગલોમાં અન્ય સમાજથી દૂર રહે છે.

૩. તેમનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ અત્યંત જરુરી મનાયો છે.

૪. તેમના સાંસ્કૃતિક લક્ષણો(તેમની ભાષા, તેમની સંસ્થાઓ, તેમની માન્યતાઓ અને તેમના રીત-રીવાજો) તેમની જીવનપદ્ધતિ સમાજના બીજા ભાગો કરતા ઘણા જુદા છે.

જનજાતિઓને ચોથા વિશ્વ તરીકે અથવા તો ચોથા વિશ્વના લોકો તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ રાષ્ટ્રની મુળ જાતિઓ અથવા તો મુળ નિવાસીઓ તરીકે ઓળખાય છે. પરંતુ વર્તમાનમાં પોતાની સરહદો અને પોતાના હક્કોથી પૂર્ણતઃ અથવા અંશતઃ દુર ફેંકાઈ ગયા છે. તેમની સંસ્કૃતિ, તેમનો ધર્મ, તેમની સામાજિક અને આર્થિક સંસ્થાઓ આ બધું જ સમાજના અન્ય ભાગો કરતાં મોટા પ્રમાણમાં અલગ પડે છે. બહારના લોકોથી તેમનું શોષણ થાય છે. કેટલાક લોકો ધાર્મિક રીતે તો કેટલાક આર્થિક રીતે તેમનું શોષણ કરે છે. તેમના સાંસ્કૃતિક લક્ષણોને જાળવી રાખવા છે. તેઓ ભૂતકાળના

સંસ્થાનવાદના ભોગ બન્યા છે. કેટલાક લોકો પોતાની સંસ્કૃતિના પ્રદર્શન દ્વારા પેટ ભરે છે. તો કેટલાક કલ્યાણ યોજનાઓ સ્વીકારીને જીવે છે. ઘણાં બધાં લોકો કારખાનાઓમાં કામ કરવા જાય છે. તો બહું જ ઓછા અન્ય રોજગારીમાં જોડાયેલા છે. તેઓ બહું દૃઢતાપૂર્વક પોતાની જમીન સાથે અને સંસ્કૃતિ સાથે જીવવા માગે છે. તેમના સામુદાયિક જીવન અને એ પરત્વેના અભિગમ તેમને જીવન જીવવાનું બળ પુરું પાડે છે.

ભારતમાં સામાન્ય રીતે જનજાતિઓને આદિવાસી કે મુળ નિવાસી તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય સાહિત્ય તત્કાલીન સમયમાં રહેતી અનેક જનજાતિઓનો ઉલ્લેખ કરે છે. બ્રાહમણયુગી જ્ઞાતિ વ્યવસ્થા આવી તે પૂર્વે સમાજ જુદી જુદી જાતિઓમાં જ કે ટોળીઓમાં તેમની જેમ જ વહેંચાયેલો હતો.

ભારત સરકારે ૪૨૭ જેટલા સમુદાયોને અનુસુચિત જનજાતિનો દરજ્જો આપ્યો છે. તેમને ખાસ સંરક્ષણ આપવામાં આવે છે અને ભારતીય બંધારણે તેમના વિકાસ માટે પુરતું નિર્દેશન આપ્યું છે.

વસ્તીની દૃગિટએ જોઈએ તો ગોંડ, ભીલ અને સાંથાલ જનજાતિઓ ૩૦ લાખ કરતાં પણ વધારે વસતિ ધરાવતી મહત્વની જનજાતિઓ છે. ત્યારબાદ મીણા અને મુંડા ૫ લાખ કરતા વધારે વસતિ ધરાવે છે. ત્યારબાદ ૫ લાખ સુધીની વસતિ ધરાવતી ૪૨ જેટલી અનુસુચિત જનજાતિઓ ભારતમાં નોંધાયેલી છે. ભારતીય જનજાતિમાં સમાવિષ્ટ આ સમુદાયો અનુસુચિત જનજાતિ તરીકે ભારતીય બંધારણમાં ૮.૪૩ કરોડ જેટલી વસતિ ધરાવતા અને ભારતીય વસતિના ૨૦૦૧ની ગણતરી પ્રમાણે ૮.૨% ભાગ ધરાવતા લોકો છે.

ભારતીય જનજાતિઓને તેમન વસતિ અને વિસ્તારની દૃગિટએ ૭ જેટલા વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

### ૧. ઉત્તર વિભાગ

ઉત્તર વિભાગમાં હિમાચલપ્રદેશ, પંજાબ, હિમાલય સાથેનો ઉત્તરપ્રદેશનો ભાગ અને બિહારનો સમાવેશ થાય છે. ત્યાં વસતિ મુખ્ય જનજાતિઓમાં ખાસા, થારુ, ભોકસા, ભોટીયા, ગુજ્જર અને જૌનસારીનો સમાવેશ થાય છે. ખાસા અને ભુટીયા જેવી જનજાતિઓ કાપડવણાટ અને શેતરંજીઓના કાર્ય સાથે સંકળાયેલ છે. જે ભારતની ચીન સરહદેથી મોટાપ્રમાણમાં વેપારનું માધ્યમ છે. આ જનજાતિઓનો સૌથી મોટો પ્રશ્ન નિરક્ષરતા, ગરીબી, જમીનનો અભાવ અને સંદેશાવ્યવહારનો અભાવ ગણાવી શકાય.

### ૨. ઉત્તર-પૂર્વીય વિભાગ

આ વિભાગમાં ઉત્તર-પૂર્વીય સાત રાજ્યોની જનજાતિઓનો સમાવેશ થાય છે. જેમાં નાગા, ખાસી, ગારો, મીશીગ, નીરી, કારબીનો સમાવેશ થાય છે. ઉત્તરપૂર્વીય ભારતની આબોહવા અને

ખેતપદ્ધતિઓની અવિકસિત પરિસ્થિતિ તેમના વિકાસ આડેના મુખ્ય પરીબળો છે. આ જનજાતિઓ ખુબ ઉચ્ચ પ્રદેશોમાં રહે છે એટલું જ નહિં ભારતીય પ્રજાના મુખ્ય પ્રવાહોથી પણ ઘણી અજાણ રહે છે. તો સાથે સાથે તેમના વિશે ભારતીય સમાજના અન્ય ઘટકો પણ કશું જાણી શકતા નથી.

### ૩. મધ્યવિભાગ

આ વિભાગમાં અનુસૂચિત જનજાતિઓનો સૌથી મોટો સમુદાય વસવાટ કરે છે. દક્ષિણ મધ્યપ્રદેશથી લઈ દક્ષિણ બિહાર અને ઉત્તર ઓરિસ્સાનો મોટો ભાગ આ સમુદાયોથી ભરેલો છે. તેમાંની મુખ્ય જનજાતિઓમાં સાંથાલ, હો, બૈગા, અભુજનરીયા, મુરીયા, મુંડા અને બિરહોરનો સમાવેશ થાય છે. જમીનની અછત અને નિરક્ષરતા એ તેમને સતાવતા પ્રશ્નો છે. બહુ મહત્વપૂર્ણ બાબત એ છે કે આ પ્રદેશની સાંથાલ જનજાતિને પોતાની આગવી લિપિ છે જેને ઓલેચીકી તરીકે ઓળખવામાં આવે છે. બૈગાસ ખેતી સાથે સંકળાયેલ જનજાતિ છે. પરંતુ બિરહોર આ પ્રદેશની ખુબ પછાત જનજાતિ છે અને સૌથી વધુ શોષણનો ભોગ બની છે.

### ૪. દક્ષિણ વિભાગ

આંધ્રપ્રદેશ અને નીલગીરી પર્વતમાળા તથા કર્ણાટકને સાંકળતો આ વિભાગ તોડા, કોયા, ચેનચુ અને અલ્લર જેવી જનજાતિઓ સાથે સંકળાયેલો છે. મોટે ભાગે પશુચારણ સાથે તેમનો નાતો છે. અલ્લાર ગાયો પાળે છે અને ઝાડ પર રહે છે. ચેન્ચુ જનજાતિ માત્ર શિકાર પર આધારીત જનજાતિ છે. આ બધી જ જાતિઓ આર્થિક રીતે ખુબ પછાત છે. ભાષાના પ્રશ્નોને કારણે પણ તેમનો વિકાસ અટકી ગયો છે.

### ૫. પૂર્વવિભાગ

પશ્ચિમ બંગાળ અને ઓરીસ્સાના આ વિભાગમાં પારજા, કોંઢા, બોંડા, ભુમિયા, ગદાબસ અને સ્કોરા જેવી જનજાતિઓ સંકળાયેલ છે. જે આર્થિક રીતે ખુબ પછાત છે. વન અધિકારીઓ અને જંગલમાં કામ કરતાં ઈજારાદારોથી તાડિત આ પ્રજા શોષિત છે. ત્યાં ઉભા થયેલા ઉદ્યોગોથી તેમને કેટલાક વિચિત્ર રોગ પણ લાગુ પડયા છે.

### ૬. પશ્ચિમ વિભાગ

રાજસ્થાન અને ગુજરાતને સાંકળતા આ વિભાગમાં ભીલ, ગરાસિયા અને મીણા જેવી જનજાતિઓનો સમાવેશ થાય છે. તેમાંની મીણા જનજાતિ શૈક્ષણિક રીતે ખુબ વિકસિત થઈ છે.

### ૭. ટાપુ વિભાગ

આંદામાન-નિકોબાર, લક્ષદ્વિપ, દમણ અને દિવનો ટાપુ વિભાગમાં સમાવેશ થાય છે. મહાન આંદામાની, સેન્ટાઈનેલિસ, જારવા, ઓંગેસ, નિકોબારી, સંપેન જેવી જનજાતિઓ આ વિભાગમાં

સમાવિષ્ટ છે. જેમાંની મોટા ભાગની પછાત છે. તેમાંની કેટલીક જનજાતિઓ પાષાણયુગીન જીવન જીવે છે. ભાષાથી લઈને અન્ય જનજાતિઓની જેમ અનેક હકકોથી તેઓ વંચિત છે.

સરકારનો મુખ્ય હેતુ આ જનજાતિઓને રક્ષણ આપી તેમનો આર્થિક વિકાસ થાય અને તેઓ અન્ય સમાજના લોકોની જેમ સામાન્ય પ્રવાહમાં ભળી જાય તે રહયો છે. ટ્રાઈબલ સબ પ્લાન નામની એક યોજના ૫ મી પંચવર્ષીય યોજનામાં ખાસ મુકવામાં આવી હતી. જે તેમના સર્વાંગી વિકાસ સાથે સંકળાયેલી હતી. આ યોજનાના મુળભુત ઉદ્દેશોમાં જનજાતિઓનું શોષણ દૂર કરવું અને તેમનો સામાજિક આર્થિક વિકાસ થાય તેમજ તેમનું જીવન ગુણવત્તાસભર બને તેનો સમાવેશ થાય છે.

## પાઠગત પ્રશ્નો ૧૯.૪

૧. જનજાતિ સમુદાયના બે લક્ષણોની ચર્ચા કરો.

.............................................................................

૨. મુળ નિવાસીઓ એટલે શું ?

.............................................................................

૩. જનજાતિઓ માટે ભારતમાં કયો શબ્દ પ્રયોજાયો છે ?

.............................................................................

૪. ભારતમાં કેટલા સમુદાયોને અનુસૂચિત જનજાતિમાં સમાવવામાં આવ્યા છે ?

.............................................................................

૫. ભારતમાં અનુસૂચિત જનજાતિની વસતિ કેટલાક ટકા છે ?

.............................................................................

૬. ભારતમાં જનજાતિ સમુદાયને નડતા પ્રશ્નો કયા કયા છે ?

.............................................................................

૭. કયા બે લક્ષણોથી જનજાતિની ઓળખ પ્રસ્થાપિત કરી શકાય છે.

.............................................................................

૮. ઉત્તર ભારતની પ્રમુખ જનજાતિઓના નામ આપો.

.............................................................................

૯. પૂર્વીય વિભાગની જનજાતિઓની સમસ્યાઓ ચર્ચો.

.......................................................................

૧૦. એવી જનજાતિઓના નામ આપો જેમની વસ્તી ખુબ ઓછી હોય.

.......................................................................

૧૧. ટ્રાયબલ સબ પ્લાન યોજના ક્યારે શરૂ કરવામાં આવી ?

.......................................................................

૧૨. ટ્રાયબલ સબ પ્લાનના મુળભૂત ઉદ્દેશો ક્યા ક્યા છે ?

.......................................................................

## તમે શું શીખ્યા

- ભારત એ વિવિધતાસભર દેશ છે. જેમાં અનેક ધર્મો, ભાષાઓ અને પ્રદેશો પોતપોતાની ખાસ સામાજિક લાક્ષણિકતાઓ સાથે સદીઓથી એક સાથે જોવા મળે છે.
- ટોળી કે જાતિ એ પ્રારંભિક સામાજિક માળખું દર્શાવે છે. જે વૈદિકકાળમાં પણ દૃષ્ટિગોચર થાય છે.
- પ્રારંભના કાળે જાતિઓ વચ્ચે ભેદભાવનું કારણ રંગ હતું. જે પછીથી જટિલ વર્ણવ્યવસ્થા તરીકે જોવા મળે છે. જેમાં બ્રાહમણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જેવી કોટીઓ દ્રશ્યમાન થાય છે.
- પશ્ચાદ વૈદિક સમયમાં વર્ણવ્યવસ્થા વધુ પ્રચલિત થતી જોવા મળે છે. બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મના ઉદયથી લઈ ભારતમાં આવેલા શક, કુષાણ, પહલવો અને ભારતીય ગ્રીક પ્રજા આ વર્ણવ્યવસ્થામાં સમાવિષ્ટ થતી ગઈ.
- પ્રાદેશિક વિભિન્નતાઓએ જ્ઞાતિવ્યવસ્થાને જન્મ આપ્યો. ખાસ કરીને ૮ મી સદી પછી તે વધુ જટિલ બન્યો. જ્ઞાતિઓની પણ પેટા જ્ઞાતિઓ મધ્યકાલીન ભારતમાં મોટા પ્રમાણમાં ઉભરી આવી.
- અસ્પૃશ્યતા નામની ઘ્રુણાસ્પદ વ્યવસ્થા પશ્ચાદ વૈદિક સમયમાં ભારતીય સમાજમાં જોવા મળે છે જે બુધ્ધનો સમય આવતા સુધીમાં એક અલગ ઓળખ ધરાવતી થાય છે.
- શાસ્ત્રીય રીતે ગ્રીક અને રોમન સામ્રાજ્યમાં જોવા મળતી ગુલામી પ્રથા કરતાં જુદા પ્રકારની ગુલામી પ્રથા ભારતમાં આપણને જોવા મળે છે.

- પુરૂષાર્થ, આશ્રમ અને સંસ્કાર એકબીજા સાથે સંકળાયેલા ખ્યાલો છે.
- જજમાની પ્રથા નામની એક વિશિષ્ટ વ્યવસ્થા ગ્રામીણ ક્ષેત્રોમાં જાગીરદાર અને અન્ય કારીગર વર્ગોને સમાજવ્યવસ્થામાં સાંકળતી જોવા મળે છે. આધુનિક ભારતીય ગ્રામીણ સમાજમાં પણ થોડા સમય સુધી તે જોવા મળી પરંતુ શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણની અસરે આ વ્યવસ્થા તૂટી ગઈ.
- લગ્ન નામના મહત્વપૂર્ણ સંસ્કારના પરિણામ કુટુંબનો જન્મ થયો. લગ્નોના કેટલાક ખાસ પ્રકારો ભારતમાં જોવા મળ્યા છે. વિભિન્ન વર્ણો વચ્ચે થતાં લગ્નોને અનુલોમ અને પ્રતિલોમ લગ્નો કહેવામાં આવે છે. તો અન્ય લગ્નોમાં એકપત્નીત્વ, બહુપત્નીત્વ અને બહુપતિત્વ જેવી સમાજવ્યવસ્થા પણ ભારતીય સમાજમાં જોવા મળે છે.
- પરંપરાગત ભારતીય સમાજ સંયુક્ત કુટુંબ સાથે સંકળાયેલ છે. મિતાક્ષરા અને દાયભાગ જેવી બે પ્રચલિત કાયદા પદ્ધતિઓ કાયદાકીય રીતે તેને મુલવે છે.
- ભારતમાં સ્ત્રીઓનો ઈતિહાસ એ વિકાસાત્મક પછાતપણાની કહાની છે. સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં ક્રમાનુસાર ઘટાડો થતો જોવા મળે છ. પાશ્ચાત્ય શિક્ષણ અને સામાજિક-ધાર્મિક સુધારક ચળવળોએ ભારતીય સ્ત્રીઓના સ્થાનમાં વ્યાપક પરીવર્તન લાવવા ખાસ્સા પ્રયત્નો કર્યા.

## સત્રાંત પ્રવૃત્તિ

૧. ભારતની વિવિધતાસભર ઓળખના મુળ વિશે સવિસ્તર ચર્ચા કરો.

૨. વર્ણ અને જ્ઞાતિવ્યવસ્થા વચ્ચેના તફાવતો સ્પષ્ટ કરો.

૩. ભારતમાં જ્ઞાતિવ્યવસ્થાની લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

૪. સમજાવો કે પુરૂષાર્થ, આશ્રમ અને સંસ્કાર એક બીજા સાથે સંકળાયેલા છે.

૫. ભારતીય સમાજમાં જોવા મળતા વિભિન્ન પ્રકારના લગ્નો વિશે નોંધ તૈયાર કરો.

૬. ભારતીય સમાજના ઈતિહાસમાં સ્ત્રીઓના સ્થાન વિશે ટીકાત્મક પરીક્ષણ કરો.

૭. જજમાની પ્રથા એટલે શું ? વર્તમાન સમયમાં આ પ્રથા નાબુદ થવાના કારણો દર્શાવો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો

**૧૯.૧**

૧. ટોળી

૨. ભરત, યદુ, પુરુ વગેરે

૩. બે વખત જન્મ ધારણ કરનાર.

૪. શક, કુષાણ, પહલવ અને ભારતીય ગ્રીક વગેરે

૫. મધ્યકાલીન ભારતમાં

**૧૯.૨**

૧. અસ્પૃશ્યતા

૨. હરીજન

૩. મેગેસ્થનિઝ

૪. અર્થશાસ્ત્ર

૫. આશ્રમો

૬. શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણ

**૧૯.૩**

૧. તેનું મુળ વિભિન્ન વર્ણ વચ્ચે થતાં લગ્નોમાં જોવા મળે છે.

૨. એવા લગ્ન જે વ્યક્તિ એક જ વ્યક્તિ સાથે એક સમયે કરે છે.

૩. મિતાક્ષરા અને દાયભાગ

૪. સ્ત્રીધન

**૧૯.૪**

૧ (અ) જનજાતિઓના મુળ ઘણાં પ્રાચીનકાળથી આ જમીન સાથે જોડાયેલા છે.

(બ) તેઓ પર્વતીય પ્રદેશો અને જંગલોમાં સમાજના અન્ય ઘટકોથી અલગ જીવન વિતાવે છે.

૨. જનજાતિઓ

૩. આદિવાસી

૪. ૪૨૭ સમુદાયો

૫. ૮.૨%

૬. એવા સમુદાયો જેમને વહીવટી અને રાજકીય દૃષ્ટિકોણથી ઉપર ઉઠાવવાની જરુરીયાત છે. જેઓ અલગ પરિસ્થિતિઓમાં જંગલ અને પર્વતીય પ્રદેશોમાં રહે છે અને વિકાસના મામલે ઘણા પછાત છે.

૭. તુલનાત્મક દૃષ્ટિએ અલગ પડતાં અને પછાતવર્ગો છે.

૮. ખાસા, થારુ, ભોક્સા, ભોટીયા, ગુજ્જર અને જૌનસારી

૯. આર્થિક પછાતપણું અને વન અધિકારીઓ તથા જંગલમાં કામ કરતાં ઠેકેદારોથી શોષિત તેમજ જમીનના અભાવથી અને તેમના વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોથી અનેક રોગોનો ભોગ બને છે. આવી સમસ્યાઓ તેમની સાથે સંકળાયેલી છે.

૧૦. મહાન આંદામાની, જોરવા, નિકોબાર અને શમ્પુર

૧૧. ૫ મી પંચવર્ષીય યોજનામાં

૧૨. આ યોજનાના મુખ્ય ઉદ્દેશોમાં અનુસુચિત જનજાતિઓનું શોષણ દૂર કરી તેમનો સામાજિક-આર્થિક વિકાસ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે જેનાથી અન્ય સમાજના અને તેમની વચ્ચે વિકાસની ખાઈ પુરી થઈ શકે એટલું જ નહિં તેઓ ગુણવત્તાસભર જીવન વ્યતિત કરી શકે.

# ૨૦

# સમકાલીન ભારતના સામાજિક-સાંસ્કૃતિક મુદ્દાઓ

અગાઉના પાઠમાં તમે ભારતીય સામાજિક માળખા વિશે મહત્વપૂર્ણ જાણકારી મેળવી તમે જનજાતિઓ, ગ્રામીણ અને શહેરી સમાજો, વર્ગ અને જાતિના સ્તરીકરણ વિશે, કુટુંબ, લગ્ન અને ભારતીય સમાજમાં સ્ત્રીઓના સ્થાન વિશે તે પાઠમાં વાંચ્યું છે. ભારતીય સમાજ અનેક યુગોથી વિભિન્ન પ્રકારના વિચારો અને સામાજિક પરીવર્તનોમાંથી પસાર થયેલો વૈવિધ્યસભર છે. ભારતીય સમાજના સમાજસુધારા વિશે પણ તમે અધ્યયન કર્યુ છે. દરેક સમાજમાં સામાજિક-સાંસ્કૃતિક મુદ્દાઓ હોય છે. જે જે તે સમાજની ઓળખ સમાન અને તે સમાજમાં ચર્ચાતા રહે છે. લોકોની સુરક્ષા ખાસ કરીને પછાતવર્ગ, સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધોની એ સમકાલીન ભારતીય સમાજમાં સૌથી અગત્યનો મુદ્દો ગણાવી શકાય.

આ પાઠમાં આપણે ધ્યાન માંગી લેતા મુખ્ય સામાજિક-સાંસ્કૃતિક મુદ્દાઓને સમજવાનો પ્રયત્ન કરીશું. જેથી આપણાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી થઈ શકે. જ્ઞાતિવાદ, દહેજપ્રથા, કોમવાદ, નશો કરવો જેવી અનેક સામાજિક બદીઓ સમકાલીન ભારતમાં વિદ્યમાન છે. જેના વિશે વિશદે ચર્ચા થવી જોઈએ. આ સિવાય પણ ઘણા બધા મુદ્દાઓ સમકાલીન ભારતની સમસ્યાઓ તરીકે આપણી નજરે ચડે છે. જેના વિશે આપણે વિચારવું રહ્યું. શું તમે આવા મુદ્દાઓની યાદી બનાવી શકો.

## હેતુઓ

આ પ્રકરણ વાંચ્યા બાદ તમે

- સમકાલીન ભારતીય સમાજની કેટલીક મહત્વપૂર્ણ સમસ્યાઓ વિશે જાણી શકશો.
- જ્ઞાતિપ્રથા, દહેજપ્રથા જેવા સામાજિક દુષણો વિશે ચર્ચા કરી શકશો.

- બાળકો, સ્ત્રીઓ અને વૃધ્ધોની સમસ્યાઓ અને તેમને લગતા મુદ્દાઓની છણાવટ કરી શકશો.
- ગરીબી અને બેરોજગારી જેવા આર્થિક પ્રશ્નોની ચર્ચા કરી શકશો.

## ૨૦.૧ જ્ઞાતિવ્યવસ્થા

અગાઉના પાઠમાં તમે ચાર વર્ણો વિશે જાણી ચૂકયા છો તેને તમે યાદ કરો.

..................................................................................

..................................................................................

જ્ઞાતિપ્રથાનું મૂળ આપણને પ્રાચીન ભારતમાં જોવા મળે છે. આશ્રમ ધર્મે પ્રબોધેલા નિયમો અને ફરજોના સંદર્ભથી વ્યકિતગત જીવનને વહેંચવાનો ઉપક્રમ આપણે જોયો. પછીથી વર્ણ અથવા જ્ઞાતિવ્યવસ્થા અંતર્ગત વ્યકિતએ પોતાની ફરજો પોતાની જાતિ પ્રમાણે બજાવવાની રહેતી. શરૂઆતના સામાજિક માળખામાં સામાજિક રીતે સૌ સમાનતા, કોઈપણ વ્યકિત કોઈપણ કાર્ય કે વ્યવસાય કરી શકતો. એટલું જ નહિં અન્ય ધંધારોજગાર ધરાવતા લોકો સાથે ખાવાપીવાનો અને લગ્નનો વ્યવહાર પણ ચાલતો હતો. પરંતુ વંશાનુગત વ્યવસાયનો જન્મ થવાથી આ પરિસ્થિતિમાં બદલાવ આવ્યો અને હવે કર્મ પ્રમાણે નહિં પરંતુ જન્મ પ્રમાણે જ્ઞાતિવ્યવસ્થા ઉભી થતી ગઈ. સામાજિક અને આર્થિક વિકાસની સાથે સંકળાયેલ આ પ્રક્રિયા પછીથી જડ સામાજિક પ્રથામાં બદલાતી ગઈ અને અંતતોગત્વા સમાજ ઉચ્ચ જ્ઞાતિઓ અને નિમ્ન જ્ઞાતિઓ વચ્ચે વહેંચાઈ ગયો. આંતરજ્ઞાતીય લગ્નવ્યવસ્થા કે આંતરજ્ઞાતીય ભોજનવ્યવસ્થા પર પ્રતિબંધ મુકાયા. જે લોકો નિમ્ન જ્ઞાતિઓ સાથે સંકળાયેલા હતા. તેમનું શોષણ થતું રહ્યું અને તેમની પરિસ્થિતિ વધારેને વધારે ખરાબ થતી ગઈ. તેઓ ગરીબ હતા અને સામાજિક અસમાનતાનો ભોગ બનેલા હતા. એટલુંજ નહિં ઉચ્ચ જ્ઞાતિઓના વિસ્તારના કુવાઓમાંથી પાણી પણ ભરી શકતા નહિં તથા મંદિરોમાં પણ જઈ શકતા નહિં. આમ જ્ઞાતિ વ્યવસ્થાએ એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાને બદલે જન્મ આધારીત અને વ્યવસાય આધારીત સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરી ગુણવત્તાયુકત સમાજને ઈન્કાર્યો.

આ જાતિ વ્યવસ્થાએ ભારતમાં લોકશાહીના વિકાસને પણ અવરોધે છે. આખો સમાજ કૃત્રિમ જુથોમાં વહેંચાઈ ગયો છે. સમગ્ર ચૂંટણી વ્યવસ્થા જ્ઞાતિ આધારીત થઈ છે અને જ્ઞાતિ આધારીત હિંસા પણ ઉદ્ભવી છે. જે તે વ્યક્તિ ધારાગૃહમાં ચૂંટાવા માટે કેટલો લાયક છે તે જોવાને બદલે તેની જ્ઞાતિના મતો કેટલા છે તેના પર ભારતીય લોકશાહી જાણે કે ઉભી છે. ભારતીય લોકશાહીના સ્વાસ્થ્ય માટે આ પ્રક્રિયા અત્યંત ખરાબ છે. તેનાથી આપણા દેશનો વિકાસ અવરોધાયો છે.

સ્વતંત્રતા બાદ સરકારે કાયદાકીય રીતે આ સમસ્યાને નિવારવા કેટલાક પગલાં લીધા. આવા પગલાંથી થોડોઘણો સુધારો નોંધાયો છે પરંતુ હજી આ મુદ્દે ઘણું કરવાનું બાકી છે.

તમારાથી ભિન્ન જ્ઞાતિસમુહમાંના કોઈ એક વ્યકિતના ઘરની મુલાકાત લઈ તપાસ કરો કે તમારી અને



તેની વચ્ચે જીવન જીવવાના તથા ભોજન જેવી બાબતોમાં કેટલો તફાવત છે. આ તફાવતના અને સમાનતાના મુદ્દાઓ ટાંકી એક નિબંધ તૈયાર કરો.

## ૨૦.૨ સ્ત્રીઓ સાથે સંકળાયેલ સમસ્યાઓ

આપણા બંધારણે પુરૂષો અને સ્ત્રીઓને સમાન હક્કો આપ્યા છે. આજે સ્ત્રીઓ મતાધિકાર, સંપત્તિનો અધિકાર જેવા અધિકારોને ભોગવે છે. એટલુંજ નહિં બંધારણે સ્ત્રીઓને નબળા ભાગ તરીકે સ્વીકારી તેમના વિકાસ માટે પગલાં લેવાનું ખાસ સૂચન કર્યુ છે. ઈ.સ.૧૯૪૭થી જ અનેક કાયદાઓ સ્ત્રીઓના સ્થાનમાં ઉન્નતિ લાવવા ઘડવામાં આવ્યા છે. લગ્ન, સંપત્તિ, છુટાછેડા અને દહેજ પ્રતિબંધક કાયદાઓનો તેમાં સમાવેશ થાય છે. ૧૯૭૬માં ઘડાયેલ એક કાયદા પ્રમાણે એક જ પ્રકારના કામ માટે પુરૂષ જેટલું જ વળતર સ્ત્રીઓને પણ આપવું તેવું ઠરાવાયું છે.

તાજેતરમાં બાળકીઓના વિકાસ માટે અને તેમના રક્ષણ માટે સરકારે લાડલી નામની મહત્વપૂર્ણ યોજના અમલમાં મુકી છે. આ યોજના પ્રમાણે બાળકીના જન્મ સમયે સરકાર એક નિશ્ચિત રકમ એ બાળકીના નામે મુકે છે. જે તેને ૧૮ વર્ગા પૂર્ણ થતાં મળે છે. આ રકમ તેના શિક્ષણ અને લગ્ન માટે પણ વાપરી શકાય તેવી વ્યવસ્થા છે. જચ્ચા-બચ્ચા સ્કીમ નામની યોજના રાજ્ય સરકારો દ્વારા અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત નવજાત શિશુ અને બાળકોને દવાઓનો ખર્ચ આપવાની વ્યવસ્થા છે.

તેમ છતાં સ્ત્રીઓની સ્થિતિમાં પરીવર્તન લાવવા જોઈએ તેટલું ધ્યાન કેન્દ્રિત કરી શકાયું નથી. એટલું જ નહિ સ્ત્રીઓની સાથે સંકળાયેલી અનેક સમસ્યાઓ સમકાલીન ભારતમાં આપણને દૃષ્ટિગોચર થાય છે.

### ૨૦.૨.૧ લિંગ આધારીત અન્યાય

ભારતમાં સ્ત્રીઓને અનેક ક્ષેત્રે અન્યાયનો સામનો કરવો પડે છે. આરોગ્ય, શિક્ષણ અને નોકરીઓમાં તેઓ સ્ત્રી હોવાને કારણે ઈન્કારાય છે. કન્યા દહેજપ્રથાનો ભોગ પણ બને છે. એટલુંજ નહિં દહેજ સાથે લઈ પોતાના માતા-પિતાનું ઘર ત્યજી લગ્નગ્રથિથી બંધાય છે. તેમ છતાં સમાજમાં તેના સ્ત્રી હોવાને કારણે પુરૂષ જેટલો દરજ્જો તે પામતી નથી. માત્ર છોકરી હોવાને કારણે જ ભ્રુણરૂપે તેની હત્યા થાય છે અને લગભગ વિકાસની તમામ બાબતોમાં તેને તરછોડવામાં આવે છે. રાજસ્થાન જેવા રાજયમાં સ્ત્રીઓની પરિસ્થિતિ ખુબ ખરાબ છે. તો હરીયાણા જેવા રાજયમાં છોકરાઓના જન્મ કરતા છોકરીઓનો ઓછો જન્મ એટલેકે ઘટતું જતું સ્ત્રીજન્મનું પ્રમાણ ખુબ ચિંતાજનક છે. આ સમસ્યાને નિવારવા સરકારે સ્ત્રીઓ માટે શૈક્ષણિક સુવિધાઓમાં વધારો કર્યો છે. સાથેસાથે નોકરીઓમાં સ્ત્રીઓને ખાસ આરક્ષણ આપવામાં આવ્યું છે. તેમજ રોજગાર મેળવતી સ્ત્રી સગર્ભા બને ત્યારે છ માસની રજા આપવાનું કાયદાકીય પ્રબંધન કર્યુ છે.

વર્લ્ડ બેંકના દસ્તાવેજ એ ન્યુ એજન્ડા ફોર વુમન્સ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન(વોશિંગ્ટન ૧૯૯૫) પ્રમાણે વિકાસશીલ રાષ્ટ્રોમાં ૪૫૦ મીલીયન પુખ્ત વયની સ્ત્રીઓ અનેક સમસ્યાઓથી પીડાય છે. જેમાં ખાસ કરીને કુપોગાણ અને પ્રોટીનયુકત આહારનો અભાવ મુખ્ય છે. સ્ત્રીઓને બાળવયથી જ આ સમસ્યાઓ જોવા મળે છે. અનેક સમાજોમાં સ્ત્રીઓ અને છોકરીઓને હલકી કક્ષાનું અને ઓછીમાત્રામાં ખાવાનું આપવામાં આવે છે. જયારે તે જ સમાજમાં છોકરા કે પુરૂષને સારું ખાવાનું મળે છે. બીમાર સ્ત્રીઓની સારસંભાળ લેવામાં આવતી નથી. જયારે રોગ ભયંકર સ્વરૂપ ધારણ કરે ત્યારે જ તેમને ગંભીરતાથી લેવાય છે. વૈશ્વિક કક્ષાના આ દસ્તાવેજે એ સ્પષ્ટ કર્યુ છે કે વિશ્વમાં સ્ત્રીઓ સાથે ભેદભાવભર્યુ વર્તન કરવામાં આવે છે અને સ્વાસ્થ્ય જેવી મૂળભૂત બાબતોમાં પણ પુરૂષ કરતાં તેના પરત્વે ઓછું ધ્યાન આપવામાં આવે છે.

મોટા ભાગના રાષ્ટ્રોમાં પુરૂષો કરતાં સ્ત્રીઓનો સાક્ષરતા દર ઘણો નીચો છે. ૬૬ જેટલા રાષ્ટ્રોમાં પુરૂષ સાક્ષરતા દર સ્ત્રી સાક્ષરતા દર કરતા ૧૦% કરતા વધારે જોવા મળે છે. તો ૪૦ જેટલા રાષ્ટ્રોમાં પુરૂષોનો સાક્ષરતા દર સ્ત્રીઓના સાક્ષરતા દર કરતા ૨૦% વધારે જોવા મળે છે. ૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે પુરૂષોનો સાક્ષરતા દર સ્ત્રીઓ કરતાં ૧૬.૭% વધારે છે. ૮૨.૧૪% પુરૂષોની સામે ૬૫.૪૬% સ્ત્રીઓ સાક્ષર છે. વિશ્વભરમાં લગભગ ૨૪.૫% એટલેકે લગભગ ૮૫ મીલીયન બાળાઓએ શાળાકીય શિક્ષણ લીધું નથી. તેની સામે ૧૬.૪% પુરૂષ બાળકો શાળાએ ગયા નથી.

મોટાભાગના ભારતીય કુટુંબમાં બાળકીના જન્મને આવકારવામાં આવતો નથી. પ્રાચીનકાળમાં સ્ત્રીઓને ઘણું સન્માન આપવામાં આવતું હતું. એવું આપણે જોયું છે. તેઓ પરંપરાની વાહક હોવા છતાં શિક્ષણ, રીત-રીવાજો અને સામાજિક ક્રિયાઓમાં પુરૂષ જેટલું મહત્વ પામતી નથી. સમાજનો આ દૃગિટકોણ સ્ત્રીના વિકાસને રુંધી નાખે તેવો છે. તાજેતરમાં જ પ્રકાશિત થયેલ એક અહેવાલ પ્રમાણે સ્ત્રી એ દુનિયાની સૌથી વધુ તિરસ્કૃત ભેટ છે. તે અમુલ્ય એવી માનવતા ધરાવતું તત્વ હોવા છતાં સમગ્ર વિશ્વમાં સામાન્ય જરૂરીયાતો પણ પોતાની રીતે પૂર્ણ કરી શકવા અસમર્થ છે. એટલું જ નહિં તેને તેના પ્રાથમિક હક્કોથી પણ વંચિત રાખવામાં આવે છે.

સ્ત્રીઓની જરૂરીયાતો અનુસાર ભોજન, કપડાં, મકાનો, સ્વાસ્થ્ય સુવિધા, શિક્ષણ, તેમની પ્રતિભા ખીલે તેવી વ્યવસ્થા તેમજ તેમની રમતગમત માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. સલામતી, સ્વતંત્રતા અને શોષણથી મુક્તિ જેવા તેમના અધિકારો તેમને મળવા જોઈએ.

સ્ત્રી બાળક સાથે પૂર્વગ્રહયુક્ત વ્યવહાર કરવામાં આવે છે. તેનું ઉદા. આપણે જોઈએ તો ૨૦૧૧ની વસતિગણતરીમાં પ્રતિ હજાર પુરૂષ બાળકની સરખામણીએ માત્ર ૯૧૪ સ્ત્રી બાળક જોવા મળે છે. જે ૨૦૦૧ની વસતિગણતરીમાં ૯૨૭ હતી અને ૧૯૬૧માં ૯૭૬ હતી. આમ પુરૂષ બાળકોની સરખામણીએ સ્ત્રી બાળકોની સંખ્યા સતત ઘટતી જોવા મળે છે.

### ૨૦.૨.૨ દહેજપ્રથા

દહેજપ્રથા એ સૌથી ખરાબ સામાજિક અનિષ્ટ છે જે આપણી સંસ્કૃતિને હાનિ પહોંચાડે છે. ૧૯૬૧માં ભારત સરકારે દહેજપ્રતિબંધક કાયદો ઘડીને મહત્વપૂર્ણ પગલું ભર્યું તેમ છતાં દહેજપ્રથાનો સમુળગો નાશ થયો નથી. ગ્રામીણ અને શહેરી તમામ વિસ્તારમાં આ કુપ્રથા જોવા મળે છે અને કાયદો હોવા છતાં બેરોકટોક આ પ્રથા ચાલે છે. દહેજને કારણે થતા મૃત્યું ચિંતાજનક છે. એટલુંજ નહિં આ પ્રથાને કારણે સ્ત્રી ઘરેલું હિંસાનો ભોગ બને છે અને તેનાથી માનસિક અને શારીરિક ત્રસ્ત થાય છે. રોજબરોજ ઘરેલું હિંસાથી અનેક સ્ત્રીઓ પીડાય છે. આ પ્રથા અત્યંત કડક હાથે દાબી દેવાનો સમય જાણે કે થઈ ગયો છે. સામાજિક, આર્થિક, રાજકીય અને વહીવટી પગલાંઓ લઈ સામુહિક રીતે ભારતીય સમાજના આ રોગને દૂર કરી. ભારતીય સમાજને રોગમુક્ત કરવો જોઈએ.

તમારી આસપાસના વિસ્તારમાં એવી બાળા શોધી કાઢો જે શાળાએ જતી ન હોય તેના માતાપિતાને મળી સરકારની લાડલી યોજના વિશે તેમને જણાવો અને સમજાવો કે આ યોજના બાળકીના ભવિષ્ય માટે ખુબ જ અગત્યની છે. જેનાથી બાળકી તેમના માટે ભારરુપ નથી. તેથી તેઓ તે બાળકીને શિક્ષણથી વંચિત ન રાખે.

### પાઠગત પ્રશ્નો ૨૦.૧

૧. જ્ઞાતિવ્યવસ્થા ભારતમાં લોકશાહીને કેવી રીતે અસર કરે છે?

........................................................................

૨. ભારત સરકારની લાડલી યોજના વિશે જણાવો.

........................................................................


૩. દહેજ પ્રતિબંધક કાયદો ક્યારે અમલમાં આવ્યો.

........................................................................

## ૨૦.૩ વ્યસન અને તેની સાથે સંકળાયેલ સમસ્યાઓ

દારૂ, તમાકુ, બીડી-સિગરેટ, ડ્રગ્સ જેવા વ્યસનો પણ ભારતની મહત્વપૂર્ણ સામાજિક સમસ્યાઓ ગણાવી શકાય. વ્યસન કરતા લોકોની સંખ્યા વધતી જ જાય છે. ખાસ કરીને યુવાનોમાં તેનું વધતું પ્રમાણ ચિંતાજનક છે. આ સમસ્યા પાછળ અનેક કારણો જવાબદાર છે. ઘરનું વાતાવરણ અને સમવયસ્ક જુથોના દબાણો તેમજ માનસિક તાણ જેવા કારણો તેની પાછળ હોય તેવું જણાય છે.

મનોવૈજ્ઞાનિક મદદથી આ પ્રકારના વ્યસનોનો સામનો કરી શકાય. માતાપિતાની જાગૃતિ અને



સમજ આવા વ્યસનોથી તેમના બાળકોને દૂર રાખી શકે. તરુણાવસ્થા એ કુદરતી રીતે જ મનુષ્યના વૈચારિક અને સામાજિક સંબંધો માટે મહત્વપૂર્ણ તબકકો છે. આ તબક્કામાં જો તેને યોગ્ય વાતાવરણ ન મળે તો તે આવા વ્યસનનો ભોગ બની શકે છે. સમાજનું વાતાવરણ કુટુંબનું વાતાવરણ શિક્ષણ અને સારા મિત્રો તરુણને આવી સમસ્યાથી દૂર કેરી શકે છે. નશાકારક પીણાં અને ધુમ્રપાન એ આપણા દેશમાં સામાન્ય રીતે મોટા પ્રમાણમાં જોવા મળતી સમસ્યા છે.

નશો કરતા પદાર્થોનું સેવન(ખાસ કરીને દારૂ) આપણા સમાજની ગંભીર સમસ્યા છે. લોકો એવું સમજે છે કે પોતાના દુઃખો, તનાવ દૂર કરવા માટે કે તેને ભુલવા માટે દારૂ પીવો જોઈએ. અને અંતે તે આ વિષચક્રમાં જકડાય છે. ખૂબ ઓછી આવક ધરાવતા લોકો પણ આવા વિષચક્રમાં સપડાયેલા છે. ઘણીવાર લઠ્ઠા જેવા અત્યંત વિષમય પદાર્થોનું સેવન પણ આવા લોકો કરી પોતાનો જીવ ગુમાવે છે. નશો કર્યા પછી તેઓ પોતાનું ભાન ગુમાવે છે. ઘણીવાર નશાને કારણે કાયમી ખોડખાંપણ કે મૃત્યું પણ થાય છે. મોટેભાગે આવા લોકોના બાળકો અને પત્નીઓને ઘણું સહન કરવાનું આવે છે.

ધુમ્રપાન પણ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક બાબત છે. ધુમ્રપાન કરનાર વ્યકિત જેટલી જ અસર તેની આસપાસ રહેલા લોકોને થાય છે. કારણકે વાતાવરણમાં આ દુષિત વાયુઓ ભળે છે. જો આપણે લોકોના અધિકારોને માન આપતા હોઈએ તો જાહેર સ્થળોએ ધુમ્રપાન ટાળવું જોઈએ. ખાસ કરીને બસ, રેલ્વે, બજાર, કાર્યાલયોમાં ધુમ્રપાન થવા દેવું જોઈએ નહિં. પ્રદુષણ માટે પણ ધુમ્રપાન જવાબદાર છે. તો કેન્સર, હૃદયરોગ અને શ્વાસના રોગો માટે પણ ધુમ્રપાન જવાબદાર છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા પ્રમાણે તમાકુ અને ધુમ્રપાનનો ઉપયોગ કરતાં લોકોનું મૃત્યું વિશ્વમાં સૌથી વધારે થાય છે. સંઘીય પ્રધાનમંડળે જાહેર સ્થળોએ ધુમ્રપાન પર પ્રતિબંધ મુકવાનું ઠરાવ્યું છે. શાળાઓ અને કોલેજોની આસપાસ તમાકુનું વેચાણ ગેરકાયદેસર ઠરાવવવામાં આવ્યું છે. તમાકુના ઉત્પાદનર્તાઓ માટે એ અત્યંત આવશ્યક છે કે તેની ખરાબ અસરો જણાવતી ચેતવણી તે ઉત્પાદન પર અંકિત કરે.

## ૨૦.૪ કોમવાદ

ભારત અનેક ધર્મસંપ્રદાયોનો બનેલો દેશ છે. અનેક સમુદાયો જેવા કે હિંદુ, શીખ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી વગેરે ભારતમાં રહે છે. કોઈ એક કોમ બીજી કોમ પ્રત્યે પૂર્વગ્રહયુકત અને આક્રોશપૂર્ણ વ્યવહાર કરી સામાજિક તાણ ઉત્પન્ન કરે તેવી અવસ્થાને આપણે કોમવાદ કહી શકીએ. કોમી રમખાણોમાં સેંકડો લોકોના મૃત્યું થયા છે. આ સમસ્યા ભારતની સૌથી મોટી સામાજિક સમસ્યા ગણાવી શકાય. ભારતીય લોકશાહી માટે આ સમસ્યા એક પડકાર છે. તેનાથી આપણા રાષ્ટ્રનો વિકાસ રુંધાયો છે. શિક્ષણ દ્વારા સમાજમાં સૌહાર્દની ભાવના ઉભી કરી આ સમસ્યા દુર કરી શકાય. આપણે એ યાદ રાખવું જોઈએ કે સૌથી પહેલાં આપણે માનવ છીએ પછી આપણે કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે સંકળાયેલ વ્યકિત છીએ. આપણે તમામ ધર્મોને માન આપવું જોઈએ. આપણું રાષ્ટ્ર બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે. જેનો અર્થ એ થાય છે કે તમા ધર્મો સમાન છે અને દરેક વ્યકિત સ્વતંત્રપણે પોતાનો ધર્મ પાળવા મુકત છે.

ધુમ્રપાન, ડ્રગ, જુગારી કે દારૂનો નશો કરતી કોઈ વ્યક્તિને મળી તેને આ વ્યસનોથી થતી હાનિ વિશે સમજાવી તેમાંથી બહાર આવવા મદદ કરો.

## ૨૦.૫ વૃધ્ધો સાથે સંકળાયેલ મુદ્દાઓ

વિશ્વની વસતિમાં વૃધ્ધોની સંખ્યા મહત્તમ છે અથવા તો તે વધી રહી છે. ૧૯૫૦માં વિશ્વમાં ૮% વૃધ્ધો હતા. તો ઈ.સ. ૨૦૦૦માં તે સંખ્યા વધીને ૧૦% થઈ છે અને અનુમાનતઃ ૨૦૫૦માં તે વધીને ૨૧% થશે. ભારતમાં ૧૯૬૧માં ૫.૮% જેટલા વૃધ્ધોનું પ્રમાણ નોંધાયું છ. જયારે ૧૯૯૧માં તે વધીને ૬.૭% અને ૨૦૧૧માં ૮.૧% તથા ૨૦૨૧ સુધીમાં ૧૩૭ મીલીયન વૃધ્ધો અનુમાનિત છે. ૬૦ વર્ગા કે તેથી વધારે વયના લોકોની સંખ્યા આવનારા દસકામાં વધશે. સામાજિક, આર્થિક અને મનોવૈજ્ઞાનિક મદદથી તેમનો મુળભુત અને સામાજિક વિકાસ કરી શકાય.

ખાસ કરીને શહેરી વિસ્તારોમાં સંયુકત કુટુંબ વ્યવસ્થા તૂટી પડવાથી નાના કુટુંબોનો જન્મ થયો છે. તેનાથી વૃધ્ધોની સમસ્યામાં ઘણો વધારો થયો છે. વૃધ્ધો પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવું અને તેમને મદદ કરવી અત્યંત આવશ્યક બાબત છે. આપણી સંસ્કૃતિ વડીલોને માન આપવાની છે. જો યુવા પેઢી તેમને જાળવવાની ક્ષમતા કેળવશે તો તેમની સમસ્યા હલ કરી શકાશે. આ વૃધ્ધો પણ એક સમયે યુવાન હતા અને તેમણે તેમની જવાબદારીઓ સારી રીતે નિભાવી છે. તે આપણે ભુલવું જોઈએ નહિં. એટલા માટે જ તમારે તમારા વૃધ્ધ દાદા-દાદીઓને સાચવવાની જવાબદારી લેવી જોઈએ.

કોઈ વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ તેમની જીવનશૈલી નિહાળો. તમે તેમના સુખી જીવન માટે શું કરી શકો તે વિચારી તેમને મદદરૂપ થવા પ્રયત્ન કરો.

## પાઠગત પ્રશ્નો ૨૦.૨

૧. વ્યસન એટલે શું ? તેના પ્રકારો વિશે ચર્ચા કરો.

........................................................................

૨. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કયા વ્યસનને પ્રથમ નંબરના ખુની તરીકે જાહેર કરેલ છે.

........................................................................

૩. ૨૦૨૧માં સુધીમાં વિશ્વમાં વૃધ્ધોની જનસંખ્યા કેટલી થવાનો સંભવ છે?

........................................................................

૪. શા માટે વૃધ્ધ વ્યક્તિઓ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી ?

........................................................................

## ૨૦.૬ ગરીબી અને બેરોજગારી સાથે સંકળાયેલ સમસ્યાઓ.

*વિસ્તારની દષ્ટિએ ભારત ઘણો વિશાળ દેશ છે. વિશ્વની ભૂમિનો ૨.૪% ભાગ તે રોકે છે. પરંતુ ભારતની જનસંખ્યા વિશે વિચાર કરીએ ત્યારે આપણને સમજાય છે કે વસતિવધારો એ ભારતની ખુબ મોટી સમસ્યા છે. ૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે વિશ્વમાં ભારતની વસતિનો દર ૧૬.૭% છે અને ભારતીન કુલ વસતિ ૧૨૧૦ મીલીયન છે. આટલી વિશાળ વસતિને કારણે અનેક આર્થિક સમસ્યાઓનો જન્મ થયો છે. ખાસ કરીને બેરોજગારી, ફુગાવો, ગરીબી અને ભાવવધારો ભારતની મહત્વપૂર્ણ આર્થિક સમસ્યાઓ છે. આપણા દેશનો એક મોટો હિસ્સો ગરીબી રેખાની નીચે જીવી રહ્યો છે. બેરોજગારી, ફુગાવો અને ભાવવધારો તેમાં વધારો કરે છે.*

*ગરીબી રેખાની નીચે જીવતા લોકો ગુણવત્તાવગરનું જીવન જીવે છે. તેઓમાં રોગોનું પ્રમાણ વધે છે. તેમનો સાક્ષરતા દર ખુબ નીચો છે. તેઓ કુપોષણનો ભોગ બનેલા છે. અને તેમના બાળકો મજદુરી કરે છે. ભારતની વસતિનો ૨૫% જેટલો હિસ્સો ગરીબી રેખાની નીચે જીવે છે. ગરીબી એ દષ્ટિએ જોતાં ભારતની મુળભૂત સમસ્યા છે.*

*બેરોજગારીની સમસ્યા પણ ભારતની મહત્વપૂર્ણ સમસ્યા છે. વ્યક્તિ કામ મેળવવામાં નિષ્ફળ જાય ત્યારે જીવન જીવવા માટે જોઈતી સુવિધાઓનો અભાવ સર્જાય છે. પ્રછન્ન બેકારી અને ગરીબી માનવમૂલ્યોનો હ્રાસ કરે છે. ગરીબીને કારણે માતાપિતા પણ પોતાના બાળકોને મજુરી કરવા મોકલી તેમનો માનસિક અને શારીરિક વિકાસ રુંધે છે. અનેક બાળકો પોતાનું બાળપણ ગુમાવે છે. તેઓ શિક્ષણ, રમતગમત જેવી મહત્વપૂર્ણ બાબતોથી વિમુખ થઈ ગરીબીના ખપ્પરમાં હોમાય છે.*

### ૨૦.૬.૧ ભીખની સમસ્યા

*ભારતમાં આપણે ફરીએ ત્યારે અવારનવાર આ દુ:ખદ સમસ્યાનો અનુભવ કરીએ છીએ. બજારો, રેલ્વેસ્ટેશન, દવાખાનાઓ, મંદિરો અને રસ્તા પર પણ આપણે હાથ ફેલાવીને ઉભા રહેતા ભિખારીઓને જોઈએ છીએ. તેઓ પૈસા અને ખોરાકની માંગણી કરતા હોય છે. આપણે અનેક બાળકોને પણ શેરીઓમાં ભીખ માંગતા જોઈએ છીએ. ભારતની આ મોટી અને વિચિત્ર સામાજિક સમસ્યા છે. ગરીબી અને બેરોજગારી તેને માટે જવાબદાર છે. અત્યારે ગુનેગારોની ઘણી ટોળીઓ આવા લોકોનો ઉપયોગ કરી તેમને ચોરી જેવા વ્યવસાયમાં ધકેલે છે. આ સામાજિક સમસ્યાનું ઉન્મૂલન કરવું જ રહ્યું. તમે રસ્તા પર કે અન્ય જગાએ આવા ભિખારીઓને જુઓ ત્યારે તેમને સમજાવો કે ભીખ માંગવી તે કાયદાકીય ગુનો છે. ભીખ આપવી પણ ગુનો છે.*

## ૨૦.૭ બાળકોની સમસ્યાઓ

*કોઈ પણ રાષ્ટ્ર બાળકોના વિકાસ સિવાય વિકસિત થઈ શકતું નથી. કારણકે બાળકો એ રાષ્ટ્રનું ભવિષ્ય છે. જે બાળકો સ્વસ્થ વાતાવરણમાં ઉછરે છે. તે રાષ્ટ્રની શકિત અને વિકાસનું પ્રતીક બને છે.*

આપણા દેશમાં બાળકોની સંખ્યા ખુબ મોટી છે. તેથી આપણી એ ફરજ બને છે કે તેમને તકો આપીએ તેમને સારું શિક્ષણ આપીએ અને તેમના સારા સ્વાસ્થ્ય માટે કામ કરીએ.

ગરીબીને કારણે અનેક બાળકો શાળાએ જઈ શકતા નથી. શાળાએ જવાને બદલે બાળકો કારખાનાઓ, ઈંટોના ભઠ્ઠા, હોટેલોમા, રેસ્ટોરન્ટોમાં, દુકાનોમાં કામ કરતા જોવા મળે છે. તેનાથી તેમનો શારીરિક અને માનસિક વિકાસ રુંધાય છે. તેઓ સતત અપમાનજનક પરિસ્થિતિમાં જીવે છે. અને રાષ્ટ્ર માટે ઉત્તમ નાગરિક બનવાને બદલે ગરીબ અને બેહાલ વ્યકિત તરીકે જીવન વિતાવે છે.

૬ થી ૧૪ વર્ષ ની વય ધરાવતા તમામ બાળકો શાળાએ જવા જ જોઈએ. પરંતુ બદનસીબે ૨૦૦ મીલીયન ભારતીય બાળકોમાંથી ૧૧.૩ મીલીયન બાળકો શાળાએ જવાને બદલે મજુરીનું કાર્ય કરે છે. કેટલાક એન.જી.ઓ.ના મતે આવા બાળકોની સંખ્યા ૬૦ મીલીયન જેટલી વધારે છે. બે લાખ જેટલા બાળકો તો ઘરોમાં કામ કરતા જોવા મળ્યા છે. તેમનું શારીરિક અને માનસિક શોગાણ થાય છે. તેમના પર ત્રાસ ગુજારવામાં આવે છે. તેમને મારવામાં આવે છે અને તેમનું જાતીય શોષણ પણ કરવામાં આવે છે. અત્યંત ગંભીર એવી આ સમસ્યાને બાળકો પ્રત્યેની ક્રુરનીતિ અથવા તો બાળસતામણી કહેવામાં આવે છે. ઈ.સ.૨૦૦૯માં શિક્ષણનો અધિકાર દ્વારા તમામ બાળકને શિક્ષણ હેઠળ આવરી લેવામાં આવ્યા. શિક્ષણનો જો આ હેતુ સફળ થાય તો એટલું ચોકકસ છે કે બાળકો વધારે સારી રીતે જીવન જીવી શકશે.

## પાઠગત પ્રશ્નો ૨૦.૩

૧. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ભારતની જનસંખ્યા કેટલી છે ?

..........................................................................

૨. શા માટે લોકો પૈસા, ખોરાક અને કપડાંની ભીખ માંગે છે ?

..........................................................................

૩. તમે કોઈ ભિખારીને મળો તો તેને શું સલાહ આપશો ?

..........................................................................

૪. બાળસતામણી કોને કહેવામાં આવે છે ?

..........................................................................

## તમે શું શીખ્યા

વર્તમાન સમયમાં ભારતમાં ખુબ મોટા અનિષ્ટ તરીકે દહેજપ્રથા, બાળમજદુરી, બાળકો સાથે ક્રૂરતાપૂર્ણ વ્યવહાર અને વ્યસનનો સમાવેશ થાય છે. સ્ત્રીઓ અને બાળાઓ સાથે જાતીય અન્યાયપૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે. તેનાથી તેમને તેમના મુળભૂત હક્કો મળતા નથી. સંયુકત કુટુંબ વ્યવસ્થા તૂટી પડવાથી અને સુક્ષ્મ કુટુંબ વ્યવસ્થાનો જન્મ થવાથી ભારતમાં વૃધ્ધોની સમસ્યામાં વધારો થયો છે. ગરીબી અને બેરોજગારી સમાજમાં ગુણવત્તાસભર જીવન સામે સૌથી મોટો પડકાર છે.

## સત્રાંત સ્વાધ્યાય

૧. જ્ઞાતિવ્યવસ્થાનો ઉદભવ કેવી રીતે થયો ?

૨. દહેજપ્રથા એ એક સામાજિક સમસ્યા છે ચર્ચા કરો.

૩. સ્ત્રીવિકાસ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં શું ભુમિકા ભજવી શકે ?

૪. બાળક એ રાષ્ટ્રની સંપત્તિ છે - તમે આ વિધાન સાથે સહમત થાવ છો.

૫. ૧૯૬૧નો દહેજપ્રતિબંધક ધારો દહેજ સમસ્યાને દૂર કરવા માટે કેટલો ઉપયોગી નીવડયો છે તેના વિશે ચર્ચા કરો.

૬. સ્ત્રી એ દુનિયાની સૌથી વધુ તિરસ્કૃત ભેટ છે ચર્ચા કરો.

૭. ગરીબી અને બેકારી અનેક સામાજિક સમસ્યાઓનું મૂળ છે સવિસ્તર ચર્ચો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો.

૨૦.૧

૧. સમાજ કૃત્રિમ રીતે અનેક ભાગોમાં વહેંચાઈ ગયો જે વ્યક્તિ પોતાની જ્ઞાતિ સાથે સંકળાયેલો હોય અને એ જ્ઞાતિની જનસંખ્યા વધારે હોય તે અયોગ્ય હોવા છતાં ઉમેદવાર બની શકે છે.

૨. આ યોજના સ્ત્રી બાળકને રક્ષણ આપતી યોજના છે. તે પ્રમાણે બાળકીના જન્મ સમયે એક નિશ્ચિત રકમ બાળકીના નામે જમા કરવામાં આવે છે અને તે રકમ બાળકીના ૧૮ વર્ષ પૂર્ણ થતાં તેને પરત કરવામાં આવે છે. આ રકમનો ઉપયોગ બાળકીના શિક્ષણ અને લગ્ન માટે જ થાય તેવું પ્રાવધાન છે.

૩. ૧૯૬૧નો દહેજ પ્રતિબંધક કાયદો.

૨૦.૨

૧. દારૂ પીવો, તમાકુ-બીડી-સિગારેટ અને ડ્રગ જેવા વ્યસનોનો સમાવેશ થાય છે.

૨. તમાકુ

૩. ૧૩૭ મીલીયન

૪. સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટવાને કારણે અને ખાસ કરીને શહેરોમાં સુક્ષ્મ કુટુંબ વ્યવસ્થનું ચલણ વધવાને કારણે વૃધ્ધો કુટુંબમાં નિમ્ન સ્થાન ધરવતા સભ્યો બન્યા અને તેનાથી તેમની સમસ્યાઓમાં વધારો થયો.


૨૦.૩

૧. ૧૨૧૦ મીલીયન

૨. ગરીબી અને બેકારી

૩. ભીખવૃત્તિ અથવા તો ભીખ માંગવી અને ભીખ આપવી એ કાયદાકીય રીતે ગુન્હો છે.

૪. ૬ થી ૧૪ વર્ગાની વયના બાળકો શાળાએ જવા જ જોઈએ પરંતુ બદનસીબે ૨૦૦ મીલીયન ભારતીય બાળકોમાંથી ૧૧.૩ મીલીયન બાળકો મજુરી કરે છે. એન.જી.ઓ.ના મત પ્રમાણે ૬૦ મીલીયન બાળકો શાળાએ જતા નથી અને ૨ લાખ જેટલા બાળકો ઘરકામ કરે છે. એટલા જ બાળકો મજદુરી કરે છે. આ બાળકો શારીરિક અને માનસિક રીતે શોષિત છે. તેમના પર ત્રાસ ગુજારવામાં આવે છે અને તેનું જાતીય શોષણ પણ થાય છે. આ આખીયે સમસ્યાને સામાન્ય રીતે ચાઈલ્ડ એબ્યુઝ(બાળ સતામણી) કહેવામાં આવે છે.





# ૨૧

# ભારત બહાર ભારતીય સંસ્કૃતિનો પ્રસાર

*આજે લોકો મોટા પ્રમાણમાં પ્રવાસ કરે છે. રસ્તા માર્ગે, હવાઈ માર્ગે, દરિયાઈ માર્ગે અને રેલ માર્ગે તથા અન્ય માર્ગોથી પણ લોકો આવાગમન કરે છે. પરંતુ શું તમે જાણો છો કે ભુતકાળમાં ભારતમાં રેલવે કે વિમાનો નહોતા ત્યારે પણ લોકો લાંબા અંતર કાપીને મુસાફરી કરતા હતા. ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષો પહેલાં પણ ભારતીય પ્રજા ભારત બહારની પ્રજા સાથે વેપાર-વાણિજ્ય અને સાંસ્કૃતિક બાબતોથી જોડાયેલી હતી. ભારતની ત્રણ બાજુ દરીયો છે અને ઉત્તરમાં હિમાલય જેટલો મોટો પર્વત હોવા છતાં ભારતીયો વૈશ્વિક પ્રવાહોથી ક્યારેય અળગા રહયા નથી. ઉલટાનું તેઓ દુરના અંતરો સુધી વિશ્વભરમાં પોતાની સાંસ્કૃતિક છાપ છોડી શકયા છે. બહાર જઈને ભારત પરત આવતાં ભારતીયો પ્રાચીનકાળથી જ વિશ્વભરના વિચારો, પરંપરાઓ, રીત-રીવાજો અને ત્યાંની અસરો ભારતમાં લઈ આવતાં. આ બધી બાબતોની સાથે ભારતીય સંસ્કૃતિ પણ જોડાયેલી છે. વિશ્વભરમાં જયાં જયાં ભારતીયો ગયા છે દા.ત. મધ્ય એશિયા, દક્ષિણ પૂર્વ એશિયા, ચીન, જાપાન, કોરીયા વગેરેમાં ભારતીય સભ્યતાની અનેક બાબતો દૃષ્ટિગોચર થાય છે. સંસ્કૃતિનો પ્રસાર એ મહત્વપૂર્ણ હતો. એ કોઈ ચીજવસ્તુ દ્વારા કે વિજય દ્વારા કે ભય દ્વારા પ્રસર્યુ નહોતું પરંતુ સ્વૈચ્છિક રીતે જ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય આધ્યાત્મિક મૂલ્યો વિશ્વભરમાં પ્રસર્યા હતા. આ પ્રકરણમાં આપણે ભારત બહાર ભારતીય સંસ્કૃતિના પ્રસારને જાણી શકીશું. આ પ્રકરણ અન્ય રાષ્ટ્રો સાથે આપણાં સુમેળભર્યા અને શાંતિપૂર્ણ મૈત્રીસંબંધો વિશે પણ સમજાવશે. અન્ય સમાજ, ધર્મો અને સંસ્કૃતિઓને પણ આપણે જાણી શકીશું.*

## હેતુઓ

આ પ્રકરણ વાંચ્યા પછી તમે

- ભારતીય સંસ્કૃતિ ભારત બહાર કયા માધ્યમથી પ્રસરી તે સમજાવી શકશો.
- ભારતીય સંસ્કૃતિના સાંસ્કૃતિક રાજદુતો તરીકે વેપારી માર્ગો અને વેપારીઓને જાણી શકશો.
- પ્રાચીન ભારતમાં ભારતની શિક્ષણ સંસ્થાઓ(યુનિવર્સિટી), શિક્ષકો, સેવાભાવી સંસ્થાઓએ કેવી રીતે ભારતીય સંસ્કૃતિને પ્રસરાવી તે જાણી શકશો.
- પૂર્વએશિયા અને દક્ષિણ પૂર્વ એશિયાના રાષ્ટ્રોમાં ભારતીય સંસ્કૃતિના પ્રસારને સમજી શકશો.
- રોમન સામ્રાજ્ય સાથે ભારતના વેપાર સંબંધોને જાણી શકશો.
- શાંતિના ધર્મ તરીકે ઓળખાતા બૌધ્ધ ધર્મને અનેક રાષ્ટ્રોમાં પ્રસરતો જોઈ શકશો.
- સંસ્કૃત ભાષા અને સાહિત્ય અન્ય રાષ્ટ્રોમાં કેવી અસર પાડી શકયા છે તેનું નિરીક્ષણ કરી શકશો.
- ભારતીય મહાકાવ્યો, ભારતીય તત્વજ્ઞાન અને ભારતીય વહીવટીતંત્ર તથા કાયદાઓ અન્ય રાષ્ટ્રોમાં કેવી રીતે સ્વીકૃત બન્યા તેની રુપરેખા આપી શકશો.
- વિશાળ મંદિરો, સ્થાપત્યો, ચિત્રો, ચીજવસ્તુઓ સદીઓથી ભારતીય વારસાને વિશ્વરભરમાં મુકતા માધ્યમ તરીકે જાણી શકશો.
- આરબ સભ્યતા સાથે ભારતીય સંસ્કૃતિનું સામંજસ્ય સમજી શકશો.

## ૨૧.૧ વેપારીઓ, શિક્ષકો અને સેવાભાવી સંસ્થઓના માધ્યમથી ભારતીય સંસ્કૃતિનો પ્રસાર

પ્રાચીનકાળે ભારતમાંથી વેપારીઓ નવીન વેપારી તકોની શોધમાં ભારત બહાર આવાગમન કરતા. પશ્ચિમમાં તેઓ રોમ સુધી અને પૂર્વમાં ચીન સુધી તેઓ પહોંચ્યા હતા. ઈ.સ.ની પ્રથમ સદીમાં સોનાની શોધમાં તેઓ ઈન્ડોનેશિયા અને કમ્બોડીયાની યાત્રા કરી ચુકયા હતા. જાવાના અનેક ટાપુઓ સુમાત્રા અને મલાયા પણ તેમનાથી અજાણ નહોતા. આ તરફના પ્રદેશોને એટલા માટે જ સુવર્ણદ્વિપ કહેવામાં આવે છે. કાશી, મથુરા, ઉજ્જૈન, પ્રયાગ અને પાટલિપુત્ર જેવા તત્કાલીન મહત્વપૂર્ણ ભારતીય નગરોના વેપારીઓ આ સ્થળોએ પહોંચ્યા હતા. મામલ્લપુરમ, તામ્રલિપ્તિ, પુરી અને કાવેરીપટ્ટનમ જેવા પૂર્વીય ભારતના બંદરો સમુદ્ર માર્ગે વેપાર-વાણિજયમાં રત રહેતા. કલિંગ નામના રાજ્યે અશોકના સમયમાં શ્રીલંકા સાથે વેપારી સંબંધો બાંધ્યા હતા. જયારે જયારે વેપારીઓ આવા રાષ્ટ્રોમાં જતાં ત્યારે ત્યાંની પ્રજા સાથે સાંસ્કૃતિ સંપર્કો ઉભા થતાં. આથી એમ કહી શકાય કે આ બધા વેપારીઓ ભારતીય સંસ્કૃતિના રાજદુતો હતા તથા જે તે રાષ્ટ્ર સાથે સાંસ્કૃતિક સંબંધો બાંધનાર માધ્યમ હતા.

પૂર્વ ભારતના દરિયાકિનારાની જેમ પશ્ચિમ ભારતના દરિયાકિનારાના સ્થળો પણ આવી જ રીતે ભારત બહાર સાંસ્કૃતિક આદાન-પ્રદાન કરતા રહયા. કાર્લે, ભજ, કન્હેરી, અજંતા અને ઈલોરા એ આવા મહત્વપૂર્ણ સ્થળોમાં સ્થાન પામ્યા છે. આ બધા સ્થળો બૌધ્ધ ધર્મ સાથે સંકળાયેલા છે.

સાંસ્કૃતિક આદાન-પ્રદાનનું સૌથી મહત્વપૂર્ણ માધ્યમ એ ભારતીય શિક્ષણ સંસ્થાઓ કે વિશ્વવિદ્યાલયો હતા. તેમણે વિશ્વભરમાંથી વિદ્યાર્થીઓ અને તજજ્ઞોને પોતાની તરફ આકર્ષાયા હતા. ભારત બહારથી અનેક વિદ્વાનો નાલંદા યુનિવર્સિટીના ગ્રંથાલયમાં અધ્યયન અર્થે આવતા. આ ગ્રંથાલય સાત માળનું ભવન હતું. આવા વિદ્વાનો શિક્ષણની સાથે ભારતીય સાંસ્કૃતિક વારસાને પણ પોતાને ત્યાં લઈ જતા. ચીન યાત્રી હયુ-એન-શ્વાંગે તત્કાલીન ભારતીય વિશ્વવિદ્યાલયો વિશે પ્રચુર માહિતી આપી છે. તેણે નાલંદા અને વલભી વિશ્વવિદ્યાલય વિશે ખાસ્સી માહિતી આપતા તેમની ભુમિકાને મહત્વપૂર્ણ માની છે.

આવી જ અન્ય એક યુનિવર્સિટી ગંગા નદીના જમણા કિનારે વિક્રમશીલા નામની હતી. તારાનાથ નામના તિબેટિયન વિદ્વાને તેના વિશે ખુબ ચર્ચા કરી છે. અહીના વિદ્વાનો ખુબ જ પ્રખ્યાત હતા. તિબેટના રાજાએ આ યુનિવર્સિટીમાં એક પ્રતિનિધિમંડળ મોકલી ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણ વિશે જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

આ સમયમાં બિહારમાં ઉદાંતાપુરી નામની પાલ રાજાઓના આશ્રય નીચે ચાલતી એક મહત્વપૂર્ણ યુનિવર્સિટી જોવા મળે છે. અહીથી અનેક બૌધ્ધ સાધુઓ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ તિબેટ જઈ વસ્યા હતા. બે મહત્વપૂર્ણ શિક્ષકો ચીની રાજવીના આગ્રહથી અને આમંત્રણથી ઈ.સ. ૬૭માં ચીન પહોંચ્યા હતા. તેમાંના એક હતા. કશ્યપમાર્તંગ અને અન્ય હતા ધર્મરક્ષિતા. તેમને નાલંદા, તક્ષશિલા, વિક્રમશીલા અને ઉદાંતાપુરીના અનેક શિક્ષકો અનુસર્યા હતા. જ્યારે આચાર્ય કુમારજીવ નામના મહાન વિદ્વાન ચીન ગયા ત્યારે ચીનના રાજાએ તેમને સંસ્કૃત પુસ્તકોનો ચીની ભાષામાં અનુવાદ કરવા વિનંતી કરી હતી. એક અન્ય વિદ્વાન બોધિધર્મા યોગ અને તત્વજ્ઞાનના મહાન શિક્ષક હતા. જેમણે ચીન અને જાપાનમાં તેમની વિદ્યાનો પ્રસાર કર્યો હતો.

નાલંદા વિશ્વવિદ્યાલયના આચાર્ય કમલાશીલને તિબેટના રાજાએ ખાસ આમંત્રણ આપ્યું હતું. તેમના મૃત્યું પછી તિબેટના રાજ્યે લ્હાસામાં સ્મારક બનાવ્યું હતું.

જ્ઞાનભદ્ર નામના અન્ય એક મહાન વિદ્વાન તેમના બે પુત્રો સાથે તિબેટ શિક્ષણાર્થે ગયા હતા. ઉદાંતાપુરી વિશ્વવિદ્યાલયના નમુના પર તિબેટમાં પણ આ જ પ્રકારનું ભવન બાંધવામાં આવ્યું હતું.

વિક્રમશીલા વિશ્વવિદ્યાલયના વડા આચાર્ય અતિશા જેઓ દિપંકર શ્રીજ્ઞાના તરીકે પણ ખ્યાત થયા હતા. તેઓ પણ ૧૧મી સદીમાં બૌધ્ધ મતનો પ્રચાર-પ્રસાર કરવા અને શિક્ષણ આપવા તિબેટ ગયા હતા. થોન્મીસંભોતા નામના તિબેટના મંત્રી નાલંદા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી હતા તેવું ચીની

યાત્રાળું હયુ-એન-શ્વાંગે નોંધ્યું છે. તેઓ અહીથી ભણી બૌધ્ધ મતનો પ્રચાર-પ્રસાર તિબેટમાં કરતા હતા. અનેક તિબેટીઓ બૌધ્ધ ધર્મનું અધ્યયન કરવા ભારતમાં આવતા. ત્યાંના રાજા પણ બૌધ્ધ ધર્મમાં માનતા અને છેલ્લે બૌધ્ધ ધર્મને રાજ્યધર્મ તરીકે સ્વીકારતા જોવા મળે છે. ૫ મી સદીમાં કુમારજીવ સૌથી મહત્વપૂર્ણ વિદ્વાન ગણાવી શકાય. જેમણે ભારતીય શિક્ષણને ઉત્તરમાં પ્રસરાવ્યું હતું.

## ૨૧.૨ ભારતીય સંસ્કૃતિનો અન્ય માધ્યમો દ્વારા પ્રસાર

રોમસ અથવા જિપ્સી પ્રકારના ભારતીય સમુહો જેને આપણે વણઝારા કહીએ છીએ તેઓ મોટી સંખ્યામાં ભારત બહાર આવાગમન કરતા. તેઓ પોતાની જાતને રોમસ કહેતા અને પોતાની ભાષાને રોમાની તરીકે ઓળખાવતા. પરંતુ યુરોપમાં તેઓ જિપ્સી તરીકે પ્રચલિત થયા હતા. તેઓ વર્તમાન પાકિસ્તાન અન અફઘાનિસ્તાનના માર્ગે પશ્ચિમ વિશ્વમાં જતા તથા તેમની સાથે મોટા પ્રમાણમાં બળદગાડા, ઘોડાગાડી, પશુઓ(કારવાં)નો સમુહ રહેતો અને આ રીતે તેઓ ઈરાન, ઈરાક થઈ તુર્કસ્તાન સુધી જતા હતા. ત્યાંથી પર્શીયા, તૌરીશની પહાડીઓ ઓળંગી કોન્સ્ટેન્ટીનોપલ થઈ યુરોપના અનેક દેશોમાં પ્રસરતા. અત્યારે પણ તેઓ ગ્રીસ, બલ્ગેરીયા, યુગોસ્લાવીયા, રોમાનીયા, હંગેરી, ઝેક, શ્લોવેક, રશિયા, પોલેન્ડ, સ્વીઝર્લેન્ડ, ફ્રાન્સ, સ્વીડન, ડેન્માર્ક અને ઈંગ્લેંડમાં જોવા મળે છે. લગભગ ઈ.સ.ની શરૂઆતની ૪ સદીઓ સુધી તેઓ આ રાજ્યોમાં પ્રસર્યા અંતે તેઓ પોતાનું મૂળ વતન ભુલી ગયા. પરંતુ તેમની ભાષા, રીવાજો, જીવનપદ્ધતિ અને રોજગાર સદીઓ સુધી તેમણે જાળવી રાખ્યા.

રોમસ તેમના સંગીત અને નૃત્ય માટે ખુબ જાણીતા છે. એવું કહેવાય છે કે દરેક રોમા સંગીતકાર અને સક્ષમ કલાકાર હોય છે.

### પાઠગત પ્રશ્નો ૨૧.૧

૧. આપણી સંસ્કૃતિને કોણે ભારત બહાર પ્રસરાવી.

..........................................................................

૨. હયુ-એન-શ્વાંગે કયા બે વિશ્વવિદ્યાલય વિશે ચર્ચા કરી છે જેની તેમણે મુલાકાત લીધી હતી.

..........................................................................

૩. વિક્રમશીલા વિશ્વવિદ્યાલય વિશે કયા તિબેટીયન વિદ્વાને નિરીક્ષણ કર્યુ છે. ઈ.સ. ૬૭માં ચીનમાં ગયેલ બે શિક્ષકોના નામ આપો.

..........................................................................

૪. આચાર્ય કુમારજીવ શા માટે ચીન ગયા હતા.

..........................................................................

૫. પ્રાચીન સમયમાં જિપ્સી કોને કહેવામાં આવતા.

.....................................................................................

## ૨૧.૩ મધ્ય એશિયામાં ભારતીય સંસ્કૃતિ

ઈ.સ. પૂર્વેની ૨ જી સદીથી ભારતે ચીન, મધ્ય એશિયા, પશ્ચિમ એશીયા અને રોમન સામ્રાજ્ય સાથ વેપારી સંબંધો કેળવ્યા હતા. મધ્ય એશિયા એ રીતે મહત્વપૂર્ણ હતું. કારણકે ચીન, રશિયા, તિબેટ, ભારત અને અફઘાનિસ્તાન સાથે જમીન માર્ગે તે જોડાયેલું હતું. ચીની વેપારીઓ અનેક વિડંબણાઓ છતાં વેપાર અર્થે આ પ્રદેશમાં આવતા. પછીથી આ વેપારી માર્ગ સિલ્કરુટ(રેશમ માર્ગ) તરીકે વિશ્વવિખ્યાત થયો. રેશમ સાથે આ માર્ગનું નામાભિધાન એટલા માટે થયું કારણકે આ માર્ગ પર ચીની રેશમનો વેપાર મોટા પ્રમાણમાં થતો હતો. પછીથી આ વેપારી માર્ગે અનેક વિદ્વાનો અને સેવાભાવી લોકો આવાગમન કરવા લાગ્યા. આ માર્ગ જાણે કે વિશ્વની અનેક સંસકૃતિઓને સાંકળતો મહાન માધ્યમ બન્યું. ભારત સંસ્કૃતિનો પ્રસાર મધ્ય એશીયામાં તેને કારણે થયો.

મધ્ય એશિયાના રાજ્યોમાં કુચી મહત્વપૂર્ણ હતું. જ્યાં ભારતીય સંસ્કૃતિનો ખાસ્સો પ્રસાર થયો હતો. અહીયા રેશમ માર્ગ ફન્ટાતો હતો અને ચીન નહી દુન હુવાંગ ગુફાઓ તરફ જતો હતો. અહીથી ઉત્તર અને દક્ષિણના રેશમમાર્ગો ઉભા થતા હતા. ઉત્તરના માર્ગો સમરકંદ, કાશગર્હ, તુંમ્શુક, અક્ષુ, કારાસહર, તુરફાન અને હામી થઈને જતા. જ્યારે દક્ષિણ રેશમમાર્ગ યારકંદ, ખોતાન, કેરીયા, ચેરચેન અને મીરાન થઈને જતો. અનેક ભારતીય અને ચીની વિદ્વાનો આ માર્ગે બૌધ્ધ તત્વજ્ઞાનનું અધ્યયન કરવા અને કરાવવા આવાગમન કરતા.

પ્રાચીન કાળે બંધાયેલ સ્તુપ, મંદિરો, મઠો, પ્રતિમાઓ અને ચિત્રોમાંથી ભારતીય સંસ્કૃતિનો મધ્ય એશિયાના રાષ્ટ્રોમાં થયેલો પ્રસાર જાણી શકાય છે. આ માર્ગોમાં બૌધ્ધ સાધુઓને આરામ કરવા માટેના વિહારો પણ જોવા મળે છે. એટલું જ નહિં યાત્રાળુંઓ અને વેપારીઓને રહેવાની સગવડતા ધરાવતા અનેક સ્થળો પણ જોવા મળે છે. આ બધા સ્થળો બૌધ્ધ ધર્મના અધ્યયન કેન્દ્રો પણ હતા. રેશમ, ઘોડા, કિંમતી ચીજવસ્તુઓ, વેપાર-વાણિજ્યમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા. પરંતુ બૌધ્ધ મતનો પ્રચાર-પ્રસાર એ સૌથી શ્રેષ્ઠ બાબત હતી. તેનાથી વેપારી માર્ગો ધર્મ પ્રસારના તથા તત્વજ્ઞાન, વિચારો, માન્યતાઓ, ભાષા, સાહિત્ય, કલા અને સંસ્કૃતિના માર્ગો બન્યા.

દક્ષિણ રેશમ માર્ગમાં આવેલું ખોતાન આ બધામાં શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. ભારતના તેની સાથેના સાંસ્કૃતિક સંબંધો ૨૦૦૦ વર્ષો જુના છે. ખોતાન તેના રેશમના કારખાનાઓ, નૃત્ય, સંગીત, સાહિત્ય, વેપારી પ્રવૃત્તિઓ અને સોના તથા કિંમતી જવેરાત માટે પ્રખ્યાત હતું.

ભારત અને ખોતાન વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનનો ઈતિહાસ અનેક શિક્ષકો અને બૌધ્ધ સાધુઓથી ભરેલો છે જેઓ ખોતાન જતા હતા. પ્રથમ સદીમાં મળી આવતા સિક્કાઓમાં ચીની અને

ખરોષ્ઠિ લિપિ જોવા મળે છે. જે ખોતાનમાં વિભિન્ન સંસ્કૃતિઓનો સુમેળ દર્શાવે છે. અનેક સંસ્કૃત હસ્તપ્રતો, અનુવાદો અને બૌધ્ધ ધર્મના પુસ્તકો અહીયાથી મળી આવ્યા હતા. જે પછીથી સંદ નામના સ્થળે બાળી નાંખવામાં આવ્યા હતા.

## ૨૧.૪ પુર્વ એશીયામાં ભારતીય સંસ્કૃતિ

### ચીન

ઈ.સ. પૂર્વેની ૨ જી સદીથી ભારત અને ચીન વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન શરૂ થયાનું મનાય છે. ભારતીય સંસ્કૃતિને ચીનમાં લઈ જનાર બે બૌધ્ધ વિદ્વાનો કશ્યપમાર્તંગ અને ધર્મરક્ષિતા હતા જેઓ ઈ.સ. ૬૭માં ચીનના રાજા મીગ-તી ના આમંત્રણથી ચીન ગયા હતા. ત્યારબાદ અનેક વિદ્વાનો ભારતથી ચીન અને ચીનથી ભારત ભ્રમણ કરતા રહયા. ચીની પ્રજા ખુબ ભદ્ર હતી. તેઓ બૌધ્ધ કથાઓ સાંભળવા સદા તત્પર રહેતા. તત્કાલીન સમયના ચીની યાત્રાળુઓએ ભારત અને ભારતીય સંસ્કૃતિ વિશે પ્રચુર માત્રામાં લખ્યું છે. જે ભારતના ઈતિહાસ જાણવાનો પણ મહત્વપૂર્ણ સ્રોત છે. વિદ્વાન શિક્ષકો જે ભારતીય વિશ્વવિદ્યાલયોમાંથી ચીનમાં જતા તેઓ ત્યાં ખુબ ખ્યાતિ પામતા હતા. બાધિ ધર્મ નામના કાંચીપુરમના એક વિદ્વાન જેમણે નાલંદા વિશ્વવિદ્યાલયમાં અધ્યયન કર્યુ હતું. તેઓ ચીન ગયા હતા. ધ્યાન અને યોગના તત્વજ્ઞાનનો ચીનમાં મહત્વપૂર્ણ પ્રચાર-પ્રસાર તેમના દ્વારા થયો હતો. જેને ચીનમાં પછીથી ચાન તરીકે ઓળખવામાં આવતા. એવા જ મહત્વપૂર્ણ વિદ્વાન બોધિ ધર્મ હતા જેમણે ચીન અને જાપાનને ભારતીય તત્વજ્ઞાનને પ્રસરાવ્યું હતું. ચીની વિદ્વાનોને બૌધ્ધ ધર્મના તત્વજ્ઞાને ખાસ આકર્ષાયા હતા. કારણકે કોન્ફ્યુશિયસ નામના મહાન વિદ્વાને ચીનમાં તત્વજ્ઞાનની શાખાઓ ઉભી કરી હતી.

ઈ.સ.ની ૪ થી સદીમાં વે-ઈ વંશના રાજાઓ ચીનમાં સતા સ્થાને આવ્યા તેમણે બૌધ્ધ ધર્મને રાજ્ય ધર્મનો દરજજો આપ્યો. તેનાથી ચીનમાં બૌધ્ધ ધર્મનો મહત્વપૂર્ણ પ્રસાર થયો. આ સમયમાં હજારો સંસ્કૃત પુસ્તકોનો ચીની ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો. અનેક અડચણોનો સામનો કરી સાહસિકતાપૂર્ણ સફળ ખેડી બુધ્ધનું જન્મસ્થાન એવા ભારતની ભુમિની મુલાકાતે ચીની પ્રજા આવતી. એટલુંજ નહિં ભારતમાં આવી બૌધ્ધ ધર્મ સાથે સંકળાયેલા સ્થળોની મુલાકાત લઈ બૌધ્ધ ધર્મ સાથે સંકળાયેલી હસ્તપ્રતો એકઠી કરી ભારતીય શિક્ષણ સંસ્થાઓમાં અધ્યયન પણ કરતા. ચીનમાં બૌધ્ધ ધર્મના પ્રસારથી ત્યાંના સ્થાપત્યોમાં બૌધ્ધ સ્થાપત્યોનો પણ પ્રસાર થયો. પથ્થરો અને ગુફાઓમાં આવા અનેક સ્થાપત્યો જોવા મળે છે જેમાં બૌધ્ધ કથાઓ ચિત્રિત કરવામાં આવતી. દુન હુવાંગ, યુન કાંગ અને લુંગમેન આવી વિશ્વવિખ્યાત ગુફાઓ છે. અહીયા ભારતીય સંસ્કૃતિની અસર સ્પષ્ટપણે જોવા મળે છે. આ વિદ્વાનો અને બૌધ્ધ સાધુઓ સાંસ્કૃતિક સંપર્કો અને વિચારના આદાન-પ્રદાન સાથે સંકળાયેલા હતા.

**કોરીયા**

ચીનના ઉત્તર-પૂર્વ ભાગ તરફ કોરીયા આવેલું છે. તેણે ચીન પાસેથી ભારતીય સંસ્કૃતિના ઘણાખરા તત્વો અપનાવ્યા હતા. સુંદો નામના બૌધ્ધ સાધુ કોરીયા જનાર પ્રથમ ભારતીય હતા જેમણે ઈ.સ. ૩૫૨ માં કોરીયામાં બુધ્ધ સુત્રો અને બુધ્ધ પ્રતિમા સાથે ભ્રમણ કર્યુ હતું. તેઓ મલ્લાનંદા નામના આચાર્યના શિષ્ય હતા. જેઓ ૩૮૪માં ત્યાં ગયા હતા. ઈ.સ. ૪૦૪માં ભારતીય બૌધ્ધ સાધુઓએ કોરીયાના પ્યોંગયાંગ નામના શહેરમાં બે બૌધ્ધ મંદિરોની સ્થાપના કરી હતી. અનેક ભારતીય બૌધ્ધ શિક્ષકો તેમને અનુસર્યા હતા. તેમણે તત્વજ્ઞાન, ધર્મ, મૂર્તિકલા, ચિત્રકલા અને ધાતુવિદ્યાને કોરીયામાં પ્રસરાવ્યા હતા. કોરીયામાંથી પણ અનેક વિદ્વાનો જ્ઞાનની શોધમાં ભારત આવતા રહયા હતા. તેઓ ખાસ કરીને ખગોળશાસ્ત્ર, જયોતિષવિદ્યા, વૈદક અને જ્ઞાનના અન્ય ક્ષેત્રોમાં અધ્યયન કરતા હતા. સમગ્ર કોરીયામાં બૌધ્ધ મઠો અને મંદિરો આ કાળે સ્થપાયા હતા. જે અધ્યયન કેન્દ્રો તરીકે મોટી નામના ધરાવતા હતા. અહીયા અનેક બૌધ્ધ પુસ્તકોનો કોરીયાની સ્થાનિક ભાષાઓમાં અનુવાદ પણ થતો હતો.

ઈ.સ.ની ૮ મી અને ૯ મી સદીમાં ભારતનું ધ્યાનયોગનું તત્વજ્ઞાન કોરીયામાં પહોંચ્યું. કોરીયાના રાજા, રાણી, રાજકુમારો, મંત્રીઓ, સેનાપતિઓ આ બધા પર ધ્યાનયોગની ખાસ્સી અસર પડી હતી. ૬૦૦૦ હજાર ભાગોમાં બૌધ્ધ ગ્રંથોને કોરીયન ભાષામાં રૂપાંતરીત કરવામાં આવ્યા. તેમના દ્વારા જ ભારતીય લિપિશાસ્ત્ર પણ કોરીયા પહોંચ્યું.

**જાપાન**

આજથી ૧૫૦૦ વર્ષો પૂર્વે જાપાનમાં ભારતીય સંસ્કૃતિએ પ્રવેશ કર્યો હોવાનું મનાય છે. ઈ.સ. ૫૫૨ માં ભારતીય સંસ્કૃતિનો મહત્વપૂર્ણ પુરાવો ઐતિહાસિક દસ્તાવેજ તરીકે જાપાનમાં આપણને જોવા મળે છે. કોરીયાના રાજાએ બુધ્ધની મૂર્તિઓ, સુત્રો અને પુજાને લગતી સામગ્રી સ્થાપત્યો, ચિત્રો વગેરે જાપાનના રાજાને ભેટ તરીકે મોકલ્યા હતા. પછીથી જાપાનમાં બૌધ્ધ ધર્મે રાજધર્મનું સ્થાન ગ્રહણ કર્યુ. હજારોની સંખ્યામાં જાપાની પ્રજા બૌધ્ધ સાધુઓ અને સાધ્વીઓ તરીકે દીક્ષા ગ્રહણ કરી બૌધ્ધ ધર્મમાં વિશ્વાસ દાખવતા થયા.

સંસ્કૃત ભાષા જાપાનમાં ખૂબ ખ્યાતિ પામી હતી. અહીના સાધુઓને સંસ્કૃત મંત્રો અને અભ્યાસક્રમો દ્વારા સંસ્કૃતનું શિક્ષણ આપતી ખાસ તાલીમ શાળાઓ ઉભી કરવામાં આવી હતી. તેઓ તેને સિત્તાન કહેતા. આ સિત્તાન સિધ્ધમનું સ્વરૂપ હતી. અને તેની લિપિ સિદ્ધી તરીકે પ્રચલિત થઈ હતી.

આજે પણ જાપાની વિદ્વાનો સંસ્કૃત ભાષા શીખવા ખુબ ઉત્સાહી હોય છે. બૌધ્ધ પ્રાચ્ય વિદ્યાના ભાષાકીય નમુનાઓ જે સંસ્કૃતમાં છે તે ભારત અને જાપાન વચ્ચે સાંસ્કૃતિક સામંજસ્યના મહત્વપૂર્ણ પુરાવા છે. ચીની ભાષામાં થયેલ બૌધ્ધ સુત્રો જાપાનના રાજવી સોતોકુતૈષીના સમયમાં ૭ મી સદીમાં જાપાન પહોંચ્યા. આ રાજા બૌધ્ધ તત્વજ્ઞાનથી ખુબ જ પ્રભાવિત થયા હતા.

### તિબેટ

ઉત્તર હિમાલયમાં આવેલું તિબેટ મહત્વપૂર્ણબૌધ્ધ કેન્દ્ર તરીકે ખ્યાત છે. તિબેટના રાજા નરદેવાએ પોતાના મંત્રી થોન્મીસંભોતને ૧૬ વિદ્વાનો સાથે ભારતીય વિદ્વાનોની નિશ્રામાં અધ્યયન કરવા મગધ મોકલ્યા હતા. થોન્મીસંભોત કાશ્મીર પણ ગયા હતા. ૭ મી સદીમાં બ્રાહમી લિપિ પરથી તેમણે તિબેટની નવી લિપિ ઉભી કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ હતું. આજપર્યંત તિબેટમાં આ જ લિપિ ચાલી રહી છે. સાથેસાથે મંગોલિયા અને મંચુરીયાની લિપિઓ પર પણ તેણે પ્રભાવ પાથર્યો છે.

થોન્મીસંભોત તેમની સાથે અનેક પુસ્તકો લઈ ગયા હતા. તિબેટ પહોંચી આ પુસ્તકોના આધાર પરથી નવીન વ્યાકરણનો તેમણે આવિર્ભાવ કર્યો જે ભારતીય મહાન સંસ્કૃત વ્યાકરણકાર પાણિનિના અગયાધ્યાયી પર આધારીત હતું. તેઓ જે પુસ્તકો લઈને તિબેટ ગયા હતા. તેનાથી તિબેટના રાજા ખુબ ખુશ થયા હતા. એટલું જ નહિં તિબેટની ભાષામાં આ પુસ્તકોનો અનુવાદ કરાવવા તેમણે પ્રબંધ કર્યો હતો. પરીણામે ૭ મી સદીથી લઈ ૧૭ મી સદી સુધી સતત આ પુસ્તકોનું અનુવાદકાર્ય ચાલતું રહ્યું. જેનાથી ૯૬,૦૦૦ સંસ્કૃત પુસ્તકોનો તિબેટીયન ભાષામાં અનુવાદ શક્ય બન્યો.

### પાઠગત પ્રશ્નો ૨૧.૨

૧. ચીન તરફ જતાં માર્ગને શા માટે રેશમ માર્ગ કહેવામાં આવતો હતો?

.............................................................................

૨. કુચી કયાં આવેલું હતું અને તે શેને માટે વિખ્યાત હતું ?

.............................................................................

૩. ચીની, પ્રાકૃત અને ખરોગિઠ લિપિમાં મળી આવેલ પ્રથમ સદીનો સિક્કો કયા સ્થળેથી શોધાયો છે ?

.............................................................................

૪. ટુન હુવાંગ, યુન કાંગ અને લુંગમેન શું છે ?

.............................................................................

૫. કોરીયામાં ધ્યાનયોગ નામનું તત્વજ્ઞાન કયારે પહોંચ્યું?

.............................................................................

૬. જાપાનમાં ભારતીય સંસ્કૃતિ કેવી રીતે પહોંચી ?

.............................................................................

૭. જાપાનમાં જાણીતી બનેલ સિત્તાન શેની સાથે સંકળાયેલ છે ?

.............................................................................

૮. ૭ મી સદીથી લઈને ૧૭મી સદી સુધી તિબેટમાં કેટલા સંસ્કૃત પુસ્તકોનો અનુવાદ કરવામાં આવ્યો હતો.

.............................................................................

## ૨૧.૫ શ્રીલંકા અને દક્ષિણ પૂર્વ એશિયામાં ભારતીય સંસ્કૃતિ

### શ્રીલંકા

તમે ચોક્કસપણે મહાન મહાકાવ્ય રામાયણ વિશે વાંચ્યું જ હશે. જેમાં ભગવાન રામ જેઓ અયોધ્યાના રાજા હતા અને પોતાના પત્ની સીતાજીને લેવા માટે શ્રીલંકા ગયા હતા. શકય છે કે તે લંકા તે સમયે કદાચ કોઈ જુદી જ જગાએ હશે. સમ્રાટ અશોકે ભારત બહાર બૌધ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર કરવા મહાન પ્રયત્નો કર્યા હતા. તેણે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને બૌધ્ધ ધર્મનો સંદેશો લઈ તેનો પ્રચાર-પ્રસાર કરવા શ્રીલંકા મોકલ્યા હતા. અનેક વિદ્વાનો તેમની સાથે જોડાયા હતા. એવું કહેવાય છે કે તેમણે બોધિવૃક્ષ જે બોધગયામાં આવેલું છે. તેની એક શાખા શ્રીલંકામાં રોપી હતી. દેવાનાંમ પિયા તિસ્સા તે સમયે શ્રીલંકાના રાજા હતા. તે સમયે બૌધ્ધ ધર્મનું શિક્ષણ ભારતથી ગયેલા લોકો દ્વારા શ્રીલંકાની પ્રજાને મૌખિક સ્વરૂપે આપવામાં આવતું હતું. લગભગ ૨૦૦ વર્ષો બાદ શ્રીલંકાએ મહેન્દ્ર દ્વારા આવેલ બૌધ્ધ ધર્મના ગ્રંથોને ત્યાંની ભાષામાં ગ્રંથસ્થ કર્યા. શ્રીલંકામાં મહાવિહાર અને અભયગીરી નામના બે મઠો પણ આ સમયે સ્થપાયા.

આજે પણ શ્રીલંકા બૌધ્ધ ધર્મને ચુસ્તપણે પાળે છે. તેમની સાહિત્યની ભાષા પણ પાલિ છે. શ્રીલંકાની સંસ્કૃતિને ઉજાગર કરવામાં બૌધ્ધ ધર્મનો ફાળો મહાન છે. દીપવંશ અને મહાવંશ શ્રીલંકાના જ નહિં પરંતુ સમગ્ર બૌધ્ધ ધર્મના સિદ્ધાંતો જાણવાના મહત્વપૂર્ણ ગ્રંથો છે.

બૌધ્ધ ધર્મની સાથે સાથે ભારતીય કલાઓએ પણ શ્રીલંકામાં પ્રવેશ કર્યો. ભારતીય સ્થાપત્ય વિદ્યા, ચિત્રકલા, નૃત્યકલા, લોકનૃત્યો વગેરે ભારતથી શ્રીલંકા પહોંચ્યા. ગુફાચિત્રો પણ ભારતથી જ શ્રીલંકામાં ગયા હતા. સિગીરીયા નામના સ્થળે આવેલ બૌધ્ધ મઠમાં આવા ગુફાચિત્રો ખાસ્સી સંખ્યામાં મળી આવ્યા છે. ૫ મી સદીમાં રાજા કશ્યપે ૪૫ જેટલા સ્થળોએ બૌધ્ધ સ્થાનકો ઉભા કર્યા. ભારતની અમરાવતી સ્થાપત્ય શૈલીથી આકર્ષિત થયેલા અનેક ચિત્રો અહીયા જોવા મળે છે.

### મ્યાનમાર

ઈ.સ.ની શરુઆતમાં જ ભારતીય સંસ્કૃતિ ભારતીય પ્રજા દ્વારા મ્યાનમારમાં પહોંચી હતી. ભારતથી ચીન તરફ જવાના માર્ગ પર મ્યાનમાર આવેલું છે. અમરાવતી નામના બંદરીય નગરથી

લોકો આવન-જાવન કરતા. એટલુંજ નહિં તામ્રલિપ્તિ પણ મ્યાનમાર જવા માટેનું ભારતનું મહત્વપૂર્ણ બંદર હતું. અનેક વેપારીઓ, બ્રાહ્મણો, કલાકારો, કારીગરો મ્યાનમાર આવાગમન કરતા હતા.

બર્માનું પેગાન નામનું સ્થળ બૌધ્ધ સંસ્કૃતિનું ૧૧ મી થી ૧૩મી સદી દરમિયાન મહત્વપૂર્ણ કેન્દ્ર હતું. આજે પણ આ સ્થળ તેના વિશિષ્ટ પેગોડાને કારણે વિશ્વવિખ્યાત છે. રાજા અનિરુદ્ધ જેઓ મહાન ભવનોના બાંધકામમાં રસ લેતા હતા. તેમણે સ્વેઝેગોન પેગોડા અને લગભગ ૧૦૦૦ જેટલા મંદિરોની સ્થાપના કરી હતી. મ્યાનમારે પોતાની આગવી પાલિ ભાષા ઉભી કરી બૌધ્ધ અને હિંદુ દસ્તાવેજોનું અધ્યયન કરવા તેમાં અનુવાદ કરાવ્યો હતો.

બર્માના રાજદરબારમાં ભારતીય પરંપરાઓ ખુબ મોટા પ્રમાણમાં જોવા મળતી હતી. હમણા સુધી રાજ્યના અધિકારીઓ જેઓ મોટે ભાગે બ્રાહ્મણો હતા તેમને પન્નાસ તરીકે ઓળખવામાં આવે છે. રાજ્યના ખગોળશાસ્ત્રીઓ અને વિદ્વાનો ભારતીય પરંપરાઓ નિભાવતા જોવા મળે છે. એવું મનાય છે કે તેઓ મણીપુર થી સ્થળાંતરીત થયા હશે. પોતાના વિજ્ઞાન, વૈદક અને જ્યોતિષ વિદ્યાના જ્ઞાનથી આવા પંડિતો બર્મામાં ખુબ પ્રખ્યાત થયા હતા.

### થાઈલેન્ડ

ઈ.સ. ૧૯૩૯ સુધી થાઈલેન્ડ તેના મુળભૂત નામ સિયામથી જાણીતું હતું. લગભગ પ્રથમ સદીથી જ ભારતીય સંસ્કૃતિની અસરો અહીયા જોવા મળે છે જે ભારતીય વેપારીઓ અને વિદ્વાનો દ્વારા અહીં આવી હતી. થાઈ રાજાઓએ અનેક સંસ્કૃત નામોને સ્વીકાર્યા હતા. જેમકે દ્વારાવતી, શ્રીવિજય, સુખોદયા અને અયુથિયા. એટલું જ નહિં થાઈલેન્ડના શહેરોના નામ પણ ભારતીય નામોને મળતા આવે છે. જેમકે, કંચનાબુરી એ કંચનાપુરી ઉપરથી ઉતરી આવ્યું છે તો રાજબુરી રાજપુરી પરથી ઉતરી આવ્યું છે. લોબપુરી લાવાપુરી ઉપરથી તેમજ પ્રાચીનબુરી સીધાબુરી જેવા અન્ય શહેરોના નામો પણ સંસ્કૃત ભાષા પરથી ઉતરી આવ્યા છે. એટલે સુધી કે શહેરોની ગલીઓના નામ પણ રાજારામ, રાજારાની, મહાજ્યા, કકરાયમશા જેવા જોવા મળે છે જે થાઈલેન્ડમાં રામાયણનો સ્પષ્ટ પ્રભાવ દર્શાવે છે.

હિંદુ ધર્મ સાથે સંકળાયેલ પ્રતિમાઓ અને બૌધ્ધ મંદિરો ૩ જી અને ૪ થી સદીમાં અહીયા બંધાયા હતા તેના અનેક પુરાવા પ્રાપ્ત થાય છે. ભગવાન વિષ્ણુની સૌ પ્રથમ વખત મૂર્તિઓ થાઈલેન્ડમાં મળી આવી છે.

સમયના પ્રવાહે જોઈએ તો થાઈલેન્ડના રાજાઓ એક જગાએથી બીજી જગાએ પોતાની રાજધાનીનું સ્થળાંતર કરતાં રહયા છે. તેઓ આ તમામ સ્થળે મંદિરો બંધાવતા. અયુથિયા(અયોધ્યા) આવું જ એક મહત્વપૂર્ણ સ્થળ હતું જ્યાં મોટા પ્રમાણમાં મંદિરો બાંધવામાં આવ્યા હતા જે આજે પણ ભારતીય સંસ્કૃતિની યાદ તાજી કરે છે. થાઈલેન્ડના પાટનગર બેંગ્કોકમાં ૪૦૦ જેટલા આવા મંદિરો જોવા મળે છે.

### કંબોડિયા

*બહું જ વિખ્યાત ચંપા(અન્નમ) અને કમ્હુજા(કંબોડીયા)ના રાજ્યો મુળતઃ ભારતીય મૂળના રાજાઓના હાથ નીચે વિકસિત થયા હતા. ભારત અને કંબોડિયા વચ્ચે સાંસ્કૃતિક સંપર્કોનો ઈતિહાસ ઘણો જુનો છે. લગભગ પ્રથમ અને બીજી સદીમાં ભારતીય મુળના રાજવીઓ અહીયા રાજ્ય કરતા જોવા મળે છે. કંબુજામાં કૌંડુનિયા રાજવંશ જે મુળતઃ ભારતીય હતા. તેમનું ઈ.સ.ની પ્રથમ સદીમાં શાસન પ્રવર્તતું હતું. આપણે અનેક સંસ્કૃત શિલાલેખો અને સાહિત્યમાંથી આ પ્રકારનો ઈતિહાસ જાણી શકીએ છીએ. સાથેસાથે આ સમય દરમિયાન બંધાયેલા મંદિરોમાંથી પણ આ જ પ્રકારનો ઈતિહાસ આપણને સાંપડે છે. કંબોડિયાની પ્રજાએ ભગવાન શિવ, વિષ્ણુ, બુધ્ધ અને અન્ય હિંદુ દેવતાઓ તેમજ ભારતીય મહાકાવ્યો અને પુરાણકથાઓના કથાનક ઉપર આધારીત વિશાળ મંદિરો અને સ્થાપત્યોનું નિર્માણ કર્યુ હતું. ૧૪મી સદી સુધી કંબોડિયાની વહીવટી ભાષા તરીકે સંસ્કૃત ભાષાનો દબદબો રહયો હતો.*


*ત્યાંના રાજાઓ સંસ્કૃત નામ ધારણ કરે છે એટલુંજ નહિં બ્રાહ્મણ પરંપરાઓ અને હિંદુ રાજનીતિના સિદ્ધાંતોથી સમગ્ર સરકાર ચાલતી હતી. મંદિરોમાં આશ્રમ વ્યવસ્થા પ્રમાણે અધ્યયન કેન્દ્રો પણ ચાલતા હતા. અનેક સ્થળોને ભારતીય નામો મળ્યા હતા. જેમકે, તામ્રપુર, ધ્રુવપુર અને વિક્રમપુર તેમના કેલેન્ડરના મહિનાઓમાં પણ ચેત, બિસાબ, જેસ, અસાઢ જેવા ભારતીય નામો જોવા મળે છે. થોડાં ઘણાં શબ્દભેદે હજારો શબ્દો કમ્બોડિયાની પ્રજાએ ભારતીય સંસ્કૃતિમાંથી સ્વીકાર્યા છે.*

*અંગકોરવાટ જે ભગવાન વિષ્ણુ સાથે સંકળાયેલ છે. તેમના સ્થળને વૈકુંઠધામ કહેવાય છે. તેના પરથી ઉતરી આવ્યું છે. સુમેરુ પર્વત પર આવેલા આ મંદિરને ૫ ટાવર છે. સૂર્યવર્મન નામના રાજાએ વિષ્ણુની આસ્થામાં તેનું નિર્માણ કરાવ્યું હોવાનું મનાય છે. એક ચોરસ માઈલ જેટલા વિસ્તારમાં ફેલાયેલું હિંદુ ધર્મનું મહાન આ સ્થાનક છે. આ મંદિરની દિવાલો ઉપર રામાયણ અને મહાભારત સાથે સંકળાયેલ કથાનકો અંકિત કરવામાં આવ્યા છે. સમુદ્રમંથનની કથાનું સુંદર ચિત્રણ ખુબ ભવ્ય રીતે આ મંદિરમાં કરવામાં આવ્યું છે.*

*૧૧ મી સદીમાં બંધાયેલું આવું જ એક મહાન મંદિર યશોધરપુરમાં જોવા મળે છે. જેને બાફુઓનથી ઓળખવામાં આવે છે. રામાયણના મહત્વપૂર્ણ પ્રસંગ રામ અને રાવણ વચ્ચેના યુધ્ધના કથાનક પર તથા કૈલાસ પર્વત પર શીવ અને પાર્વતી તેમજ શીવના હાથે થયેલ કામદેવના મર્દનનું ચિત્રણ અહી ભવ્યતાપૂર્ણ કરાયું છે.*

### વિયેટનામ (ચંપા)

*રાજકુમારો અને વેપારીઓ એ વિયેટનામમાં પોતાના રાજકીય અને આર્થિક વિચારો લઈ જઈ ભારતીય સંસ્કૃતિને આગળ ધપાવી ઈન્દ્રપુર, અમરાવતી, વિજય, કૌથાર અને પાંડુરંગા જેવા શહેરોના નામો પરથી એ સ્પષ્ટ થાય છે કે સંપુર્ણ વિયેટનામ પર ભારતીય સંસ્કૃતિની અમીટ છાપ જોવા મળે છે.*





ચંપાના લોકો ચામ તરીકે ઓળખાતા તેમણે અનેક હિન્દુ અને બૌધ્ધ મંદિરોનું નિર્માણ કર્યુ હતું. ચામ લોકો શીવ, ગણેશ, સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી, બુધ્ધ અને લોકેશ્વરની પુજા કરતાં. શીવલિંગ અને આગળ જણાવ્યા તે દેવતાઓની મૂર્તિઓ મોટા પ્રમાણમાં તેમના ઘરોમાં અને વિયેટનામના મંદિરોમાં આપણને જોવા મળે છે. જે વર્તમાન સમયે પણ એટલા જ ખ્યાત છે.

### મલેશિયા


પ્રાચીનકાળથી જ મલેશિયા સાથે ભારતીય સંસ્કૃતિનો સંપર્ક રહયો છે. રામાયણ, જાતકકથાઓ, મિલિન્દપાન્હો, શિલ્પદીકારમ, રઘુવંશ જેવા અનેક મહાનગ્રંથો એ બાબતની સાક્ષી આપે છે કે મલેશિયામાં શૈવપંથ ખૂબ પ્રચલિત હતો. વેલેસ્લીના સમયમાં કેદાહમાં આ પ્રમાણેના ઉલ્લેખો સ્પષ્ટ મળ્યા છે. માતૃકાદેવીની મૂર્તિઓ પણ મળી છે. ગ્રેનાઈટ પથ્થરથી નિર્મિત નંદીની મૂર્તિ, દુર્ગાની મૂર્તિ, ગણેશ અને અનેક શિવલિંગ ૭ મી ૮મી સદીના અહીંયાથી મળી આવ્યા છે જે મલેશિયાના લગભગ તમામ સ્થળોએથી પ્રાપ્ત થયા છે. પ્રાચીન મલેશિયાની લિપિ પણ બ્રાહમી લિપિ જ હતી. કેદાહમાંથી બૌધ્ધ ધર્મના પુસ્તકો મળી આવ્યા છે. સંસ્કૃત ભાષામાં પણ ઘણું સાહિત્ય રચાયું છે. આજે પણ તેમની ભાષામાં અનેક સંસ્કૃત શબ્દો જોવા મળે છે. જેમકે, સ્વર્ગ, રસ, ગુણ, દાહદા, મંત્રી, ધીપતિ અને લક્ષ, હનુમાન અને ગરૂડ મલેશિયામાં દૈવીગુણવત્તાયુક્ત નિરુપાયા છે.

મલેશિયામાં મળી આવેલા સંસ્કૃત ભાષાના શિલાલેખો મલેશિયા સાથે ભારતીય સંસ્કૃતિનો સમન્વય દર્શાવે છે. ઈ.સ.૪ થી ૫મી સદીના આવા અનેક પુરાવા આપણને પ્રાપ્ત થયા છે. લિગોર નામના સ્થળેથી ખુબ મહત્વપૂર્ણ સંસ્કૃતિ અભિલેખો પ્રાપ્ત થયા છે. આ જગાએ ૫૦ જેટલા મંદિરો પણ મળી આવ્યા છે.

### ઈન્ડોનેશિયા

ધાર્મિક સ્થાપત્યોમાં ખૂબ મોખરાનું સથાન ધરાવતા મહાન શિવ મંદિરનું નિર્માણ ઈન્ડોનેશિયાના જાવામાં થયું હતું. જે પ્રબનનથી અળખાય છે. ૯મી સદીમાં તૈયાર થયેલ આ શિવમંદિરની સાથે બ્રહ્મા અને વિષ્ણુના મંદિરો પણ આવેલા છે. તેની સામેની તરફ તેમના વાહનોના મંદિરો પણ છે. જેમકે શિવના વાહન તરીકે નંદી, વિષ્ણુના વાહન તરીકે ગરૂડ અને બ્રહ્માના વાહન તરીકે હંસના મંદિરો પ્રાપ્ત થયા છે. આ બંનેની વચ્ચે દુર્ગા, ગણેશના ૮ મંદિરો અને બીજા નાના ૨૪૦ જેટલા મંદિરોનો સમુહ જોવા મળે છે. સ્થાપત્યકળાનું વૈશ્વિક કક્ષાનું આ બેનમૂન ઉદાહરણ છે. આ મંદિરની દિવાલ પર રામાયણ અને શ્રીકૃષ્ણની કથાઓ અંકિત થયેલી છે. વિશ્વનું આ પ્રકારનું આ સૌથી પ્રાચીન નિરૂપણ ગણાય છે.

પુજાના સમયે તેઓ સંસ્કૃત શ્લોકોનું ગાન કરતા. ૫૦૦૦ જેટલા શ્લોકો આપણને અહીંયા જોવા મળે છે. શિવ, બ્રહ્મા, દુર્ગા, ગણેશ, બુધ્ધ અને અન્ય દેવી-દેવતાઓ સાથે સંકળાયેલ મહત્વપૂર્ણ



નોંધ



સ્તોત્ર બાલીમાંથી મળી આવ્યા છે. બાલી એ એકમાત્ર એવો દેશ છે. જ્યાં હિંદુ સંસ્કૃતિ વિકસી અને ટકી રહી છે. આજે ઈન્ડોનેશિયામાં ઈસ્લામ ધર્મ પળાય છે. પરંતુ બાલિ અત્યારે પણ હિંદુ ધર્મ અને સંસ્કૃતિને અનુસરે છે.

જાવામાં હિંદુ સંસ્કૃતિને લગતા અનેક પુરાવા પ્રાપ્ત થયા છે. પામ વૃક્ષના પાંદડાં પર કાવિ નામની પ્રાચીન લિપિથી તે લખાયેલા છે. કાવિ લિપિ બ્રાહમી લિપિ ઉપરથી જ ઉતરી આવી છે. તેમાં સંસ્કૃત ભાષાની છાંટ પણ જોવા મળે છે. મુખ્યત્વે શૈવ સંપ્રદાય અને તેની ફિલોસોફી સાથે તે સંકળાયેલ છે. અહીના સૌથી જુના મહત્વપૂર્ણ ગ્રંથ તરીકે ભુવનકોશાને ગણાવી શકાય. તેમાં સંસ્કૃત ભાષામાં ૫૨૦ શ્લોકોનો સમાવેશ કરતા શૈવ તત્વજ્ઞાનના મહત્વપૂર્ણ ઉલ્લેખો છે. એટલુંજ નહિં આ શ્લોકોના અર્થ પણ તેની સાથે સમાવિગટ છે.

કદાચ દક્ષિણ-પૂર્વ એશિયાનો એક પણ પ્રદેશ એવો નહિં હોય જ્યાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મનો પ્રભાવ ન પડયો હોય. સંસ્કૃત અભિલેખો અને ભારતીય લિપિઓના મળેલા પુરાવા આ જ વસ્તુ સાબિત કરે છે. અહિંની તમામ ભાષાઓ ઉપર ભારતીય ભાષાઓની ખાસ્સી અસર જોવા મળે છે. એટલુંજ નહિં ભારતીય ધર્મ, રાજનીતિ, સાહિત્ય અને સામાજિક સંસ્થાઓની અસર પર દક્ષિણ-પૂર્વ એશિયામાં પ્રચુર માત્રામાં જોવા મળે છે. ભારતીય વર્ણવ્યવસ્થા અહીયા પણ જોવા મળે છે. જોકે ભારત જેટલી તે જડ નથી. વૈદિક ભારતના સમાજની સાથે તે મળતી આવે છે. ખાસ કરીને બાલીમાં આ બાબત સ્પષ્ટપણે જોવામાં આવે છે. તેમના લગ્નના રીવાજો પણ ભારતીય સમાજને સમાંતર છે.

દક્ષિણ-પૂર્વ એશિયામાં રામાયણ અને મહાભારત પર આધારીત અને ભારતીય સંસ્કૃતિમાં જેને આપણે કઠપુતળી કહીએ છીએ તે પ્રકારના મનોરંજનો ખુબ ખ્યાત છે.



## પાઠગત પ્રશ્નો ૨૧.૩

૧. શ્રીલંકા ગયેલ પ્રથમ બે બૌધ્ધ વિદ્વાનોના નામ આપો.

..............................................................................

૨. શ્રીલંકામાં બૌધ્ધ ધર્મનો પ્રસાર કેવી રીતે થયો ?


..............................................................................

૩. શ્રીલંકાની સાહિત્યની ભાષા કઈ છે ?

..............................................................................

૪. અંગકોરવાટ વિશે જણાવો.

..............................................................................



નોંધ

૫. અંગકોરવાટમાં મળી આવેલ પાંચ મિનારા શું સુચવે છે ?

........................................................................

૬. અંગકોરવાટનું નિર્માણ કોણે અને શા માટે કરાવ્યું હતું ?

........................................................................

૭. અંગકોરવાટનું મંદિર શેનું પ્રતિનિધિત્વ કરે છે ?

........................................................................

૮. અંગકોરવાટ મંદિરની દિવાલો પર થયેલા નિરુપણ વિશે ચર્ચા કરો.

........................................................................

૯. અંગકોરવાટની દિવાલ પર ચિત્રિત થયેલ સૌથી મહત્વપૂર્ણ ચિત્ર વિશે જણાવો.

........................................................................

૧૦. બાફુઆન મંદિર પર થયેલ ભારતીય સંસ્કૃતિના નિરુપણ વિશે ચર્ચા કરો.

........................................................................

૧૧. ભારતીય સંસ્કૃતિ પર આધારીત એવા વિયેટનામ(ચંપા)ના બે શહેરોના નામ આપો.

........................................................................

૧૨. મલેશિયામાં શૈવમતના પુરાવા ક્યાંથી પ્રાપ્ત થયા છે.

........................................................................

૧૩. મલેશિયામાં મળી આવેલ મહત્વપૂર્ણ મૂર્તિઓ વિશે જણાવો.

........................................................................

૧૪. મલેશિયાની ભાષામાં જોવા મળતા સંસ્કૃત શબ્દોમાંથી કેટલાકના નામ આપો.

........................................................................

૧૫. ૪થી ૫ મી સદીઓના મલેશિયામાંથી મળી આવેલ સંસ્કૃત અભિલેખો વિશે જણાવો.

........................................................................

૧૬. લિગોરમાંથી કેટલા મંદિરો પ્રાપ્ત થયા છે ?

........................................................................

૧૭. પ્રંબનન એટલે શું ?

..............................................................................

૧૮. શિવ, વિષ્ણુ અને બ્રહ્માના મંદિરોની બરાબર સામે કયા સ્થાપત્યના નમુના પ્રાપ્ત થયા છે?

..............................................................................

૧૯. ઈન્ડોનેશિયાના જાવા ટાપુ પર કેટલા મંદિરો મળી આવ્યા છે ?

..............................................................................

૨૦. ઈન્ડોનેશિયાના મંદિરો પર કઈ કથાઓનું નિરૂપણ જોવા મળે છે ?

..............................................................................

૨૧. ઈન્ડોનેશિયાના બાલીમાં કઈ બાબતો સ્પષ્ટ થાય છે ?

..............................................................................

## ૨૧.૬ ભારતીય સંસ્કૃતિનો આરબ સભ્યતા સાથે સંપર્ક

પ્રાચીનકાળથી જ પશ્ચિમ એશિયા સાથે ભારત જમીન અને સમુદ્ર એમ બંને માર્ગે જોડાયેલું રહ્યું છે. જ્યારે રાષ્ટ્રનો ખ્યાલ પણ નહોતો ત્યારે પણ સાંસ્કૃતિક રીતે બંને વચ્ચે ખાસ્સુ આદાન-પ્રદાન રહ્યું છે. પશ્ચિમ એશિયામાં ઈસ્લામી સભ્યતાના ઉદય અને વિકાસની સાથે પણ આ પ્રવૃત્તિ ચાલતી જ રહી છે. આર્થિક ખ્યાલોને લક્ષમાં લઈ ૯મી સદીના મધ્યકાળમાં આપણે અનેક આરબ વેપારીઓ અને અન્ય મુલાકાતીઓને ભારત સાથે સંપર્ક સાધતા જોઈએ છીએ. અલ-મસુદિના વેપારી સુલેમાન, ઈબ્નહકમ, અલ-ઈદ્રીસી વગેરે વાણિજિયક આદાન-પ્રદાન માટે ભારત સાથે સતત સંપર્કમાં રહેતા. ૮મી સદી અને તે પૂર્વે સાંસ્કૃતિક સંપર્કોને લક્ષમાં લઈએ તો તેના અનેક પુરાવા પ્રાપ્ત થાય છે.

અનેક ક્ષેત્રોમાં ભારત અને પશ્ચિમ એશિયા વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનના પુરાવા મળ્યા છે. ઈસ્લામિક વિશ્વ પણ તેનાથી ખુબ પ્રભાવિત થયું હતું. તે આ બાબતથી સ્પષ્ટ થાય છે. ખગોળશાસ્ત્રના ક્ષેત્રમાં ભારતીય બ્રહ્મસ્ફૂટ સિદ્ધાંત જેને આરબોએ સિધિંન અને ભારતીય ખંડાખ્યાકા સિદ્ધાંત જેને આરબોએ આર્કદ તરીકે બગદાદ સુધી ફેલાવ્યા હતા. આ જ્ઞાનની પાછળ ભારતીય વિદ્વાનોનો ખુબ મોટો ફાળો રહયો છે. ભારતીય ખગોળવિદ્યાને અરબી ભાષામાં રૂપાંતરીત કરવાનું ભગીરથ કાર્ય અલફઝારી નામના વિદ્વાને યાકુબ-ઈન-તારીકની મદદથી કર્યું. આર્યભટ્ટ અને વરાહમિહિરના ખગોળશાસ્ત્ર પરના ગ્રંથો જાણેકે આરબ વિશ્વના વૈજ્ઞાનિક સાહિત્યનો ભાગ હતા.

અન્ય ભારતીય સંસ્કૃતિનું મહત્વપૂર્ણ પ્રદાન એ આરબ સભ્યતાને મળેલું ગણિતનું જ્ઞાન છે.

તેઓ ગણિતને હિંદીસા(ભારતમાંથી પ્રાપ્ત થયેલ) કહેતા. અલકિંદીએ ભારતીય ગણિતશાસ્ત્ર પર ખાસ્સુ કામ કર્યુ. આરબોમાં ગણિતનું પ્રચલન વધાર્યું. ભારતીય દસાંશ પદ્ધતિને તેમણે બહુ ઝડપથી સ્વીકારી લીધી. શુન્ય પણ એ જ રીતે તેમણે સ્વીકાર્યું. સિરીયાના મહાન વિદ્વાન લખે છે હુ એ કહેવા માંગુ છું કે નવ અંકો વિશે આપણે જાણીએ છીએ. ગ્રીકો તેના વિશે અભિમાન ધરાવે છે કે તેમણે વિજ્ઞાનની ક્ષિતિજ પ્રાપ્ત કરી છે. પરંતુ મારે એ કહેવું જોઈએ કે બીજાઓ પણ(ભારતીયો) આ ક્ષેત્રે ઘણું બધું જાણે છે.

બગદાદના ખલિફા હારુન-અલ-રશિદ(ઈ.સ.૭૮૬ થી ૮૦૯)ના સમયથી લઈને ૧૩ મી સદી સુધી ભારતીય વૈદકશાસ્ત્ર અને વૈદક પદ્ધતિઓ અરબી ભાષામાં રુપાંતરીત થતી રહી. આ ભાષાંતર કાર્યમાં અનેક ભારતીય વિદ્વાનોનો સમાવેશ થતો હતો. સુશ્રુતસંહિતાનું અરબીમાં રુપાંતર મંખ નામના એક ભારતીય વિદ્વાને કર્યુ હતું.

ખગોળશાસ્ત્ર ઉપરાંત જ્યોતિષવિદ્યા, ગણિત અને વૈદકશાસ્ત્રના ક્ષેત્રે આરબ અને ભારતીય સભ્યતાઓ વચ્ચે ખાસ્સો સંપર્ક રહ્યો. તેમણે અનેક ભારતીય ગ્રંથોનું અરબીમાં રૂપાંતરણ કરાવ્યું. એટલું જ નહિં તેને આગળ પણ ધપાવ્યું. સાપના વિષ, પશુવિજ્ઞાન-પશુચિકિત્સા તેમજ તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, નૈતિકતા, રાજ્યશાસ્ત્ર અને યુધ્ધના વિજ્ઞાન વિશે ભારતીય સંસ્કૃતિ પાસેથી અનેક બાબતો તેમણે ગ્રહણ કરી. વાહણબાંધકામના ઉદ્યોગને પણ તેમણે ભારતીય દષ્ટિકોણથી અપનાવ્યું. જેના પછીથી તેઓ માસ્ટર ગણાયા. વહાણઉદ્યોગ સાથે સંકળાયેલા અનેક ભારતીય શબ્દો અરબીભાષામાં જોવા મળે છે. જેમકે, હોરીમાંથી હુરતી, વાણિયામાંથી વનાવી અથવા વણિક, ડોંગીમાંથી ડોનિજ વગેરે.

## ૨૧.૭ ભારતનો રોમ સાથેનો સંપર્ક

દક્ષિણ ભારતની ચીજવસ્તુઓની માંગ પશ્ચિમમાં ખુબ જ હતી. ઈ.સ.ની પ્રથમ ત્રણ સદીઓમાં દરીયાઈ વેપાર ભારતની તરફેણમાં રહયો હતો. પશ્ચિમ વિશ્વમાં રોમન સામ્રાજ્ય ભારતનું સૌથી મોટું બજાર હતું. આ વેપારી સંપર્કોની માહિતી આપણને રોમન સિકકાઓમાં જોવા મળે છે. જે કોઈમ્બતુર અને મદુરાઈમાંથી મળી આવ્યા છે. તેમજ સાહિત્યિક સાધનો પણ તેની સાક્ષી પુરે છે. લવિંગ, મરી, તજ જેવા મહત્વપૂર્ણ મસાલા, કિંમતી પથ્થરો, હિરા, રૂબી, જેમ, મોતી, હાથીદાંત, રેશમ અને મસલિન કાપડની રોમમાં ખુબ જ માંગ હતી. રોમમાંથી ભારતમાં સોનું આવતું હતું. કનિશ્કના સમયમાં સુવર્ણમુદ્રાઓ ખુબ જ પ્રચલિત હતી. તમિલ રાજાઓ યવનોને પોતાના અંગરક્ષકો તરીકે નિયુકત કરતા. પ્રાચીન ભારતમાં પશ્ચિમ એશિયા અને ભુમધ્ય સાગરના વિસ્તારની પ્રજા તથા ગ્રીકો અને રોમનો માટે યવન શબ્દપ્રયોગ થયો છે. કેટલાક ઈતિહાસકારોને મતે યવન અંગરક્ષકો રોમન સેનામાંથી આવતા સૈનિકો હતા.

આ સમયે વિશ્વવેપારના મહત્વપૂર્ણ મથક તરીકે કાવેરીપટ્ટનમ ખુબ વિખ્યાત થયું હતું. અહીંયા વેપાર-વાણિજ્ય માટેના કોઠાર અન્ય ચીજવસ્તુઓ અને દરીયાઈ વેપારને પ્રોત્સાહન આપવા વહાણવટાનો ઉદ્યોગ અને વ્યવસ્થિત તૈયાર થયેલ જેટીનો સમાવેશ થાય છે. ચોલ રાજાઓના વાઘ

પ્રતિક આ ચીજવસ્તુઓ પર અંકિત કરવામાં આવતું હતું. વેપારીઓ પાસેથી ચોલ રાજાઓ આયાત કર ઉઘરાવી વેપારીઓને વેપાર કરવાની છૂટ આપતા. અહીયા યવન વેપારીઓ માટે રહેણાંકના મકાનોની સગવડતા ઉભી કરવામાં આવી હતી. અહીના વેપારીઓ વિદેશી વેપારીઓ સાથે વિભિન્ન ભાષાઓમાં વાત કરતા જોવા મળે છે. મોટા બજારની સ્થાપના પણ અહીયા સ્વાભાવિકપણે જ થઈ હતી. દરજી, માળી, રેશમનું કામ કરનાર, સુતરાઉ કાપડનું કામ કરનાર, મોતી અને ચંદનનું કામ કરનાર કારીગરો અને તેની સાથે સંકળાયેલ ઓજારોનું પણ મહત્વપૂર્ણ બજાર હતું. અહીયા અનાજના વેપારીઓ, ધોબીઓ, માછલી અને મીઠું વેચનારાઓ, સુથારો, સ્થાપત્યકારો, રમકડાં બનાવનારાઓ અને ચિત્રકારોનો મોટો સમુહ રહેતો હતો. સાથે સાથે દરીયાઈ વેપારમાંથી આવેલા ઘોડાઓનું પણ મોટું બજાર અહીયા હતું.

મોટા ભાગની ચીજવસ્તુઓની અહીથી નિકાસ થતી. જગવિખ્યાત મુસાફર પ્લીનીએ ભારતમાંથી થતી નિકાસની પોતાના ગ્રંથમાં ખાસ્સી ચર્ચા કરી છે. આ નિકાસમાં આદુ, લવિંગ, તજનો ખાસ સમાવેશ કર્યો છે. મસાલાઓ પશ્ચિમમાં સૌથી મોટી માંગ ધરાવતા. ખાસ કરીને રોમન સામ્રાજ્યમાં.

વિદેશો સાથે વેપારનું એક મહત્વપૂર્ણ પાસુ એ પણ છે કે ભારતીય રાજાઓ અને રોમન સામ્રાજ્ય વચ્ચે વેપારી પ્રતિનિધિ મંડળનું સતત આવાગમન થતું રહેતું. પાંડય રાજાએ રોમન સમ્રાટ ઓગસ્ટસના દરબારમાં ઈ.સ. પૂર્વેની પહેલી સદીમાં રાજદૂત મોકલ્યા હતા. એટલુંજ નહિં ઈ.સ. ૯૯માં અહીથી ટ્રોય ખાતે પણ એક દૂતમંડળ મોકલવામાં આવ્યુ હતું. સિલોનમાંથી કલાઉડિયસ તથા અન્ય રાજ્યોમાંથી ટ્રેઝન, એન્ટોન્મીસ, પુઈસ, ઈન્સ્ટીમેન્ટ જેવા અનેક રાજદૂતો ભારતીય રાજાઓના રાજદરબારમાં આવ્યા હતા.

સોપારા, ભરૂચ, રોમન સામ્રાજ્ય સાથેના વેપારના મુખ્ય બંદરો હતા. જે પશ્ચિમ તરફ આવેલા. તો કોરોમંડલ જેવા બંદરો પૂર્વ તરફના વેપાર સાથે સંકળાયા હતા. પૂર્વ તરફના વેપારને સુવર્ણભૂમિ (ગોલ્ડન ચેરસોનિઝ) અને સુવર્ણદ્વિપ (ગોલ્ડન ચાયસ) કહેવામાં આવતો. ચોલ રાજાઓએ પોતાના બંદરોમાં દિવાદાંડીની પણ રચના કરાવી હતી. પોંડિચેરી પાસે આવેલા અરીકમેડુમાંથી બહું જ પ્રખ્યાત ઈટાલિયન પોટરી (માટીના વાસણો) જેને એરેટાઈન કહેવામાં આવે છે તે ઈટાલિયન કુંભારોએ બનાવેલા અને તેમના દસ્તાવેજી છાપવાળા મળી આવ્યા છે. એટલુંજ નહિં રોમન દિવડા પણ અહીયાથી પ્રાપ્ત થયા છે.

આંધ્રપ્રદેશ સાથે પણ વિદેશી વેપાર એટલો જ પ્રચલિત હતો. પૈઠણ (પ્રતિષ્ઠાન) નામનું શહેર વિદેશ સાથે વેપારમાં સતત રત રહેતું. સુતરાઉ કાપડ, મસલિન અને કિંમતી પથ્થરોની અહીથી નિકાસ થતી. આંધ્રપ્રદેશના રાજા યજ્ઞેશ્રીએ અલભ્ય એવા સિકકાઓ બનાવડાવ્યા હતા જેના પર વહાણની આકૃતિ અંકિત કરવામાં આવી હતી. જે તેના રાજ્યના દરિયાઈ વેપારની પ્રતિષ્ઠા દર્શાવે છે.

## ૨૧.૮ વહાણો અને વિદેશ વેપાર

ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં ફેલાવવામાં વેપાર-વાણિજયનું ખુબ મોટું પ્રદાન રહેલું છે. ઘણાં પ્રાચીન કાળે પણ વહાણો દ્વારા વિદેશના દરીયામાં ભારતીય વેપારીઓએ વેપાર કર્યાના અનેક પુરાવા પ્રાપ્ત થયા છે. વિદેશી સાહિત્ય, કલા અને સ્થાપત્ય પર ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની અમીટ છાપ જોઈ શકાય છે. સુરીનામ અને કેરેબિયન ટાપુઓ પર તથા અમેરીકન દરીયાકિનારા સુધી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના પુરાવા મળી આવ્યા છે.

સમુદ્રગુપ્ત(ઈ.સ.૩૪૦ થી ૩૮૦) શકિતશાળી સેના ધરાવતો રાજા હોવા ઉપરાંત મહત્વપૂર્ણ અને સશકત નૌકાસેના પણ ધરાવતો હતો. મધ્યગંગા અને મલાયા પ્રદેશમાંથી મળી આવેલા કેટલાક અભિલેખોમાંથી તત્કાલીન ભારતીય નૌકાશક્તિનો પરિચય મળે છે. સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં આવેલ ચીની મુસાફર હયુ-એન-શાંગે ભારતના દરીયાઈ વેપાર અને વહાણો વિશે ઘણી બધી માહિતી આપી છે. ચોલ શાસકોએ પણ શક્તિશાળી નૌસેના ઉભી કરી દરીયાપાર સામ્રાજ્ય વિસ્તાર કર્યો હતો.

પોર્ટુગીઝ વેપારીઓ અને શાસકોએ નોંધ્યું છે કે અનેક ભારતીય વેપારીઓ પાસે તેમની પોતાની માલિકીના ૫૦ કરતા વધારે વહાણો છે. આ વેપારીઓ તેના દ્વારા દુનિયાભરના દેશો સાથે વેપાર કરે છે.

ઈજિપ્ત અને મેસોપોટેમીયાની સભ્યતા સાથે પણ ભારતીય સભ્યતાનો મેળાપ ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષથી ચાલ્યો આવે છે. ભારત આ સિવાય પ્રાચીન ફારસ, ગ્રીક અને રોમ સાથે પણ પોતાની સંસ્કૃતિનું આદાન-પ્રદાન કરતું રહયું. એટલુંજ નહિં ભારતીય ધર્મ અને રીત-રીવાજોનો પ્રભાવ પણ આ રાષ્ટ્રોમાં પડયો. વેપારના વિકાસે રોમન સામ્રાજ્ય સાથે ભારતના ગાઢ સાંસ્કૃતિક સંબંધો વિકસાવ્યા. રોમન ઈતિહાસકાર પ્લીની નોંધે છે તેમ રોમમાંથી સોનું ભારતમાં ઢસડાઈ જાય છે.

## ૨૧.૯ આ સંપર્કોથી ભારતીયોએ શું મેળવ્યું

ગ્રીક અને રોમન પ્રજા પાસેથી સુવર્ણ સિક્કાઓની બનાવટ અને તેનુ ચલણ ભારતમાં સર્વપ્રથમ આવ્યું. તેઓ ચીનના રેશમમાંથી સુંદર વસ્ત્રો બનાવતા. ભારતીયોએ વિદેશી સાથે વેપારી સંપર્કોથી સાંસ્કૃતિક આદાન-પ્રદાન પણ કર્યુ. ખાસ કરીને કલા અને સંસ્કૃતિના વિભિન્ન ઘટકો ભારતના વિદેશોમાં અને વિદેશોના ભારતમાં રૂપાંતરીત થયા.

### પાઠગત પ્રશ્નો ૨૧.૪

૧. ભારત અને આરબ દેશો વચ્ચે આર્થિક સંબંધો કેટલા જુના છે ?

.....................................................................................

૨. આરબના મહત્વપૂર્ણ મુસાફરોના નામ આપો.

..........................................................................

૩. ભારતે ખગોળશાસ્ત્રના ક્ષેત્રે આરબ વિશ્વને આપેલ બે મહત્વપૂર્ણ બાબતોની ચર્ચા કરો.

..........................................................................

૪. આરબોના ગણિતના જ્ઞાન સંદર્ભે ભારતનું પ્રદાન સ્પષ્ટ કરો.

..........................................................................

૫. સુશ્રુતસંહિતાનું અરબી ભાષામાં ભાષાંતર કોણે કર્યું હતું ?

..........................................................................

૬. અરેબિક ભાષામાં ભારતીય વૈદકશાસ્ત્ર અને ચિકિત્સાપદ્ધતિઓને લગતું કાર્ય કોણે કર્યું હતું?

..........................................................................

૭. આરબો ભારતીય જ્ઞાનના કયા કયા ક્ષેત્રોમાં રસરૂચિ ધરાવતા હતા ?

..........................................................................

૮. ભારતમાં રોમન સિક્કાઓ ક્યાંથી મળી આવ્યા છે ?

..........................................................................

૯. આરબમાં કઈ ચીજવસ્તુઓની ખાસ માંગ રહેતી હતી ?

..........................................................................

૧૦. કુષાણ સામ્રાજયમાં સુવર્ણ સિક્કાનું ચલણ કેવી રીતે અમલી બન્યું ?

..........................................................................

૧૧. યવનો કોણ હતા ?

..........................................................................

૧૨. પ્રાચીન ભારતમાં યવનોનું કાર્ય શું હતું ?

..........................................................................

૧૩. વિશ્વવિખ્યાત ઈટાલિયન પોટરી એરેટાઈન ભારતમાં ક્યાંથી મળી આવી છે ?

..........................................................................

૧૪. કયા આંધ્ર રાજાએ પોતાના સિક્કા પર વહાણની આકૃતિ અંકિત કરાવી હતી?

.........................................................................

## તમે શું શીખ્યા

- ભારતીય સંસ્કૃતિ પ્રાચીનકાળથી જ વિશ્વભરમાં વિભિન્ન રીતે પથરાયેલી જોવા મળે છે.
- ભારતના વિશ્વવિદ્યાલયો વિશ્વભરના વિદ્યાર્થીઓને આકર્ષતા મહાન અધ્યયન કેન્દ્રો હતા. આ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિના દૂત બનીને પોતાના દેશમાં જતા.
- સંસ્કૃત અને બૌધ્ધ ધર્મના અનેક ગ્રંથો વિશ્વની વિભિન્ન ભાષાઓમાં રૂપાંતરીત થયા જેમણે ભારતીય સંસ્કૃતિ પ્રસરાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.
- અનેક રાષ્ટ્રોમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મના પ્રતિક સમાન મંદિરો અને બૌધ્ધ મઠોની રચના કરવામાં આવી.
- અનેક રાષ્ટ્રોએ ભારતીય કલા સ્વીકારી.
- ભારતીય મહાકાવ્યો ખાસ કરીને રામાયણ અને મહાભારત દક્ષિણ પૂર્વ એશિયાના રાષ્ટ્રોમાં ખુબ જ ખ્યાતિ પામ્યા.
- શ્રીલંકા બૌધ્ધ ધર્મને અપનાવવાવાળું પ્રથમ રાષ્ટ્ર બન્યું.
- દક્ષિણ-પૂર્વ એશિયાના અનેક રાષ્ટ્રોમાં ભારતની બ્રાહમીલિપિ ઉપરથી અનેક લિપિઓ અને ભાષાનો જન્મ થયો.
- સંસ્કૃત અભિલેખો એશિયાના અન્ય રાષ્ટ્રોમાં મોટા પ્રમાણમાં મળી આવ્યા છે જે ભારત અને એશિયાના અન્ય રાજ્ય વચ્ચે સાંસ્કૃતિક સંપર્કના મહત્વપૂર્ણ સ્ત્રોત છે.
- બર્મા, થાઈલેન્ડ, શ્રીલંકા અને કંબોડિયા જેવા રાષ્ટ્રોમાં બૌધ્ધ ધર્મનો ખુબ પ્રસાર થયો. જે વર્તમાનમાં પણ પ્રચલિત છે.
- આરબ સભ્યતાને ભારતે આપેલી ગણિતની ભેટ તેમના માટે સૌથી મહાન બાબત હતી.

## સત્રાંત સ્વાધ્યાય

૧. ભારત બહાર ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કયા કયા ક્ષેત્રોમાં થયો ?

૨. ભારતીય સંસ્કૃતિને ભારત બહાર પ્રસરાવવામાં પ્રાચીન વિશ્વવિદ્યાલયોનો ફાળો સવિસ્તર સમજાવો.

૩. પૂર્વ એશિયાના રાષ્ટ્રોમાં શાંતિના ધર્મ તરીકે બૌધ્ધ ધર્મનો પ્રસાર કેવી રીતે થયો?

૪. થાઈલેન્ડમાં ભારતીય સંસ્કૃતિ વિશે મળી આવેલા નિરૂપણો ચર્ચો.

૫. ભારત અને રોમન સામ્રાજ્ય વચ્ચે વેપારી સંબંધોને ટૂંકમાં સમજાવો.

૬. ચર્ચા કરો - દરીયાઈ વેપાર અને વિદેશ વેપારના ક્ષેત્રે પ્રાચીન ભારતે મહાનતમ સિધ્ધિ હાંસલ કરી હતી.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો

૨૧.૧

૧. વેપારીઓ, શિક્ષકો, સાધુઓ અને ધર્મપ્રચારકો.

૨. નાલંદા અને વલભી વિશ્વવિદ્યાલયો.

૩. તિબેટિયન વિદ્વાન તારાના.

૪. કશ્યપ માર્તંગ અને ધર્મરક્ષિતા.

૫. તેઓ ચીનના રાજાની વિનંતીથી કેટલાક સંસ્કૃત ગ્રંથોને ચીની ભાષામાં અનુવાદ કરવા ચીન ગયા હતા.

૬. જે ભારતીયો યુરોપમાં જઈને વસ્યા હતા તેઓ ભારતીય સંસ્કૃતિના વૈશ્વિક દુતો હતા.

૨૧.૨

૧. કારણ કે રેશમ એ ચીનમાંથી આવતી મહત્વપૂર્ણ વેપારનું માધ્યમ હતું.

૨. મધ્ય એશિયામાં આવેલ કુચી ભારતીય સંસ્કૃતિનું મહત્વપૂર્ણ કેન્દ્ર હતું અહીંથી રેશમમાર્ગ વિભાજિત થતો હતો.

૩. ખોતાન અને ઓએસીસ સામ્રાજ્યો.

૪. વિશ્વની સુપ્રસિદ્ધ ગુફાઓ.

૫. ઈ.સ.ની ૮મી અને ૯મી સદી.

૬. જાપાનમાં ભારતીય સંસ્કૃતિ કોરીયાના માધ્યમથી પહોંચી. ઈ.સ. ૫૫૨માં કોરીયન રાજાએ બુધ્ધપ્રતિમા સુત્રો અને પુજાવિધિને લગતી સામગ્રી તથા સ્થાપત્ય, ચિત્રકારો જાપાનના સમ્રાટને ભેટ સ્વરૂપે મોકલ્યા હતા.

૭. સિત્તાન તરીકે ઓળખાતી લિપિ જેમાં મંત્રો અને ઉચ્ચારણને લખવામાં આવતા.

૮. ૯૬૦૦૦ જેટલા સંસ્કૃત ગ્રંથો.

૨૧.૩

૧. મહાવિહાર અને અભયગીરી.

૨. સમ્રાટ અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શ્રીલંકામાં એક પ્રતિનિધિમંડળ લઈ બૌધ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર અર્થે મોકલ્યા હતા. તેઓ તેમની સાથે બોધગયામાં આવેલ બાધિવૃક્ષની એક શાખા મિત્રતાના પ્રતિકરૂપે લઈને ગયા હતા.

૩. પાલી.

૪. વિષ્ણુ.

૫. સુમેરુ પર્વતની પાંચ ટોચ તરીકે તે ઓળખાય છે.

૬. રાજા સુર્યવર્મને વિષ્ણુના અવતારોનું નિરૂપણ કર્યુ છે.

૭. તે એક ચોરસ માઈલના વિસ્તારમાં પથરાયેલું ધર્મસ્થાન છે.

૮. આ મંદિરની દિવાલ પર રામાયણ અને મહાભારતના પ્રસંગોનું નિરૂપણ થયું છે.

૯. સમુદ્રમંથનનું દશ્ય

૧૦. રામ અને રાવણ તથા પાર્વતી સાથે કૈલાસ પર બિરાજેલા શિવ અને કામદેવનું મર્દન જેવા દશ્યો અંકિત થયેલા છે.

૧૧. ઈન્દ્રપુરા, અમરાવતી, વિજયા, કૌઠારા અને પાંડુરંગા

૧૨. કેદાહ નામનુ સ્થળ વેલેસ્લીના તાબામાં હતું.

૧૩. દેવીઓની મૂર્તિ, નંદી, દુર્ગા, ગણેશ અને શિવલિંગ.

૧૪. આવા શબ્દોમાં સ્વર્ગ, રસ, ગુણ, દાહદા, મંત્રી, ધીપતિ અને લક્ષનો સમાવેશ થાય છે.

૧૫. લિગોર નામના સ્થળેથી સૌથી મહત્વનો અભિલેખ પ્રાપ્ત થયો છે.

૧૬. ૫૦ કરતા પણ વધારે મંદિરો.

૧૭. જાવાના ટાપુ પર આવેલ ભગવાન શિવના બૃહદ મંદિરને પ્રંબનન કહેવામાં આવે છે.

૧૮. અહીયા શિવ, વિષ્ણુ અને બ્રહ્માના વાહનોના મંદિરો આવેલા છે.

૧૯. આઠ મોટા મંદિરો જેની આસપાસ ૨૪૦ નાના મંદિરોનો સમાવેશ થાય છે.

૨૦. રામાયણ અને શ્રીકૃષ્ણ.

૨૧. ભગવાન શિવને સમપ્રિત ૫૦૦૦ કરતા વધુ શ્લોકો અને સ્તોત્ર તથા બ્રહ્મા, દુર્ગા, ગણેશ અને ભગવાન બુધ્ધ સાથે સંકળાયેલ બાબતો અહીંથી મળી આવ્યા છે.

૨૧.૪

૧. ઈ.સ.ની ૯મી સદીથી તેની શરુઆત થઈ હતી.

૨. સુલેમાન(મહાન વેપારી), અલમસુદી, ઈબ્નહકલ અને અલઈદ્રીસી.

૩. અ. બ્રહ્મસ્ફૂટ સિદ્ધાંત અરબસ્તાનમાં સિંધીન તરીકે ઓળખાતો.

બ. ખંડાખધ્યકા એ અરબી ભાષામાં આર્કંડથી ખ્યાત હતું.

૪. શુન્ય સાથે સંકળાયેલ દસાંશ પદ્ધતિનો ખ્યાલ.

૫. માન્ખ

૬. ખલિફા હારુન-અલ-રશીદ

૭. સર્પના વિષ, પશુચિકિત્સાની કલા, તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, નૈતિકતા, રાજ્યશાસ્ત્ર, વિજ્ઞાન અને અન્ય.

૮. મદુરાઈ અને કોઈમ્બતુરમાંથી.

૯. તજ, લવિંગ, મસાલા, કિંમતી પથ્થરો, હિરા, રુબી, મોતી, હાથીદાંત, રેશમ, મસલિન.

૧૦. રોમ સાથેના વેપારમાંથી ભારતમાં મોટા પ્રમાણમાં સોનું આવતું હતું તેને કારણે કુષાણ સામ્રાજ્યમાં સુવર્ણમુદ્રા પ્રચલિત થઈ.

૧૧. પશ્ચિમ એશિયા અને ભુમધ્ય સાગરમાં રહેતા લોકો ગ્રીકો અને રોમનો યવન તરીકે ઓળખાતા.

૧૨. યુધ્ધભૂમિમાં તંબુઓ લગાવવાનું કાર્ય કરતા અને તેમણે મદુરાઈનો દરવાજો તૈયાર કર્યો હતો.

૧૩. પોંડિચેરી પાસે અવોલ અરીકામેડુ નામનું સ્થાન.

૧૪. યજ્ઞશ્રી.

# ૨૨૩

# ભારતીય સંસ્કૃતિ અને વારસો

## અભ્યાસક્રમ

### ૧.૦ ભૂમિકા

ભારત એ વિશ્વની પ્રાચીનતમ સભ્યતાઓ ધરાવતા રાષ્ટ્રોમાંનું એક છે. જોકે ભારતીય સંસ્કૃતિ અન્ય સભ્યતાઓ કરતા કેટલીક બાબતોમાં નિરાળી છે. તેની પોતાની સાંસ્કૃતિક પરંપરાઓ હોવા ઉપરાંત અન્ય સભ્યતાઓ પાસેથી પણ અનેક પરંપરાઓ સ્વીકારીને તે સામુહિક સાંસ્કૃતિક વિરાસત ધરાવે છે. જે તેને વધુ મજબુત બનાવે છે. ભારતીય કલા, સ્થાપત્ય, સંગીત, ભાષા, તત્વજ્ઞાન અને ધર્મ વિવિધતાસભર હોવા ઉપરાંત અનેક સદીઓથી ચાલતા સાતત્યસભર વારસાનો સમુચ્ય છે. ભારતીય સંસ્કૃતિ અને વારસાનું આ સૌંદર્ય છે. એક ભારતીય નાગરિક તરીકે આપણે જરૂર તેનું ગૌરવ લઈ શકીએ. એટલુંજ નહિં આ સમૃધ્ધ વારસાનું અધ્યયન પણ કરીએ અને હેતુસભર તેનું મૂલ્યાંકન પણ કરીએ.

### ૨.૦ હેતુઓ

આ અભ્યાસક્રમના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

- વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ અને વારસાથી તેમજ તેના વિભિન્ન ખ્યાલોથી અવગત કરાવવા.
- ધર્મ, તત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા, શિક્ષણ, ભાષા અને સાહિત્યક્ષેત્રે મહાનુભાવોએ આપેલા પ્રદાનને વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરવું.
- ભારતીય સંસ્કૃતિના વિવિધતામાં એકતાના સુત્રને વિદ્યાર્થીઓ ચરીતાર્થ કરે.
- વિશ્વના વિભિન્ન રાષ્ટ્રોમાં ભારતીય સંસ્કૃતિની અસરો વિશે વિદ્યાર્થીઓ જાણતા થાય.
- ભારતીય સંસ્કૃતિમાં અન્ય સંસ્કૃતિઓના મિશ્રણને સમજતા થાય.
- વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય અને તેના સાંસ્કૃતિક વારસાને તેઓ સારી રીતે જાણી શકે.

## ૩.૦ અભ્યાસક્રમનું વિવરણ

| વિભાગ | શીર્ષક | ગુણ |
|---|---|---|
| ૧ | સંસ્કૃતિ | ૧૦ |
| ૨ | વિભિન્ન યુગોમાં ઈતિહાસ અને સંસ્કૃતિ | ૧૫ |
| ૩ | ભાષા અને સાહિત્ય | ૧૦ |
| ૪ | ધર્મ અને તત્વજ્ઞાન | ૧૨ |
| ૫ | ચિત્રકળા, નિદર્શનકળાઓ અને સ્થાપત્ય | ૧૨ |
| ૬ | વિજ્ઞાન અને પ્રોદ્યૌગિકી | ૧૦ |
| ૭ | શિક્ષણ | ૦૯ |
| ૮ | સામાજિક માળખું | ૧૦ |
| ૯ | ભારતીય સંસ્કૃતિઓ વિદેશોમાં પ્રસાર | ૧૨ |
| કુલ | ૧૦૦ | |

**અભ્યાસક્રમનું વિવરણ**

### વિભાગ-૧ સંસ્કૃતિ

**કુલ ગુણ ૧૦**

**અભ્યાસના કલાકો : ૨૦**

**અભિગમ**

આ વિભાગ વિદ્યાર્થીઓને સંસ્કૃતિનો અર્થ અને તેના વિકાસના વિભિન્ન ખ્યાલો સમજાવે છે. સાથેસાથે ભારતીય સંસ્કૃતિની મહત્વપૂર્ણ લાક્ષણિકતાઓની છણાવટ કરે છે.

**પ્રકરણ : ૧ સંસ્કૃતિ : પરિચય**

- સંસ્કૃતિનો ખ્યાલ
- સંસ્કૃતિ અને સભ્યતા
- સંસ્કૃતિ અને વારસો
- સંસ્કૃતિના સામાન્ય લક્ષણો
- સંસ્કૃતિના વિભિન્ન ખ્યાલો
- માનવજીવનમાં સંસ્કૃતિનું મહત્વ

**પ્રકરણ - ૨ ભારતીય સંસ્કૃતિ**

- *સંસ્કૃતિનો અર્થ*
- *ભારતીય સંસ્કૃતિની મૂળભૂત લાક્ષણિકતાઓ*
- *ભારતીય સંસ્કૃતિની ઓળખ : ધર્મ, પ્રદેશ અને વિચારો*
- *સાંસ્કૃતિક આદાનપ્રદાન*

## વિભાગ-૨ વિભિન્ન યુગોમાં ઈતિહાસ અને સંસ્કૃતિ

**કુલ ગુણ ૧૫**

**અભ્યાસના કલાકો : ૩૫**

**અભિગમ**

*આ વિભાગનો હેતુ ભારતમાં ઐતિહાસિક રીતે ભારતીય સંસ્કૃતિને સમજાવવાનો છે. વિભિન્ન યુગોમાં ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવવાનો છે. વિભિન્ન યુગોમાં જેમકે, પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિકમાં ભારતીય સંસ્કૃતિના અને ઈતિહાસના ખ્યાલોને દર્શાવવાના છે. તેમજ સાંસ્કૃતિક વિકાસની પરીપાટી આપવાનો છે.*

**પ્રકરણ - ૩ પ્રાચીન ભારત**

- *હડપ્પીય સભ્યતા*
- *વૈદિક સંસ્કૃતિઃ સમાજ અને ધર્મ, ભૌતિક જીવન અને અર્થવ્યવસ્થા*
- *અગત્યના ધાર્મિક સુધારા*
- *ભારતીય સંસ્કૃતિ પર ફારસી આક્રમણની અસરો*
- *ભારતીય સંસ્કૃતિ પર ગ્રીક આક્રમણની અસરો*
- *મહાન અશોક*
- *મૌર્ય અને પશ્ચાદમૌર્યકાલીન ભારતીય કલા અને સ્થાપત્યક*
- *ગુપ્તયુગઃ સ્થાપત્ય અને ચિત્રકળા*
- *વૈદિક બ્રાહ્મણવાદમાંથી પૌરાણિક હિન્દુવાદમાં પરીવર્તન*
- *વિદ્યાના મહાન કેન્દ્ર તરીકે નાલંદાનો ઉદય*
- *ભારતમાં ખ્રિસ્તીઓ*
- *દક્ષિણ ભારતઃ પલ્લવો અને ચોલ રાજવીઓ.*

**પ્રકરણ-૪ મધ્યકાલીન ભારત**

- *મુસ્લિમોનું આગમન*

- સુફીવાદનો ઉદય
- આ સમય દરમિયાન રાજકીય પશ્ચાદભૂમિકા
- ભારતમાં સાંસ્કૃતિક વિકાસ
- ધર્મ અને સમાજ પર તેનો પ્રભાવ
- લોકકલાઓ, સંગીત અને ચિત્રકલાનો વિકાસ
- આધુનિક ભારતીય ભાષાઓનો ઉદય
- નવીન ધર્મોનો ઉદયઃ શીખ અને પારસી
- દક્ષિણ ભારતઃ ચોલ રાજવંશ, વિજયનગર અને બહમની સામ્રાજ્યમાં સાંસ્કૃતિક વિકાસ

**પ્રકરણ-૫ આધુનિક ભારત**

- પશ્ચિમી નવજાગૃતિ અને ધર્મસુધારણા ચળવળોની ભારત પર થયેલી અસરો
- ૧૮મી સદીના અંતભાગનું ભારતઃ સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ
- સામાજિક અને ધાર્મિક સુધારકોઃ રામમોહન રોય, સ્વામી દયાનંદ સરસ્વતી, જ્યોતિબા ફૂલે, નારાયણ ગુરુ, પંડિતા રમાબાઈ
- પ્રેસ અને આધુનિક ભાષા તેમજ સાહિત્યનો વિકાસઃ વર્તમાનપત્રોનું પ્રદાન, કેટલાક મહત્વપૂર્ણ વર્તમાનપત્રો
- સ્વતંત્રતા સુધીનું ભારતઃ સામાજિક અને રાજકીય વિકાસ.

## વિભાગ-૩ ભાષા અને સાહિત્ય

**કુલ ગુણ ૧૦**

**અભ્યાસના કલાકો : ૨૫**

**અભિગમ**

આ વિભાગનો હેતુ વિદ્યાર્થીઓને ભારતના ભાષા અને સાહિત્યથી અવગત કરાવવાનો છે. પ્રાચીન ભારતમાં સંસ્કૃતના પ્રદાનને સમજાવી, સંસ્કૃત સાહિત્ય વિશે વિશદ માહિતી આપવાનો છે. સાથેસાથે પ્રાકૃત અને પાલી ભાષામાં રચાયેલ સાહિત્યનો સ્પર્શ પણ કરાવવાનો છે. તમિલ ભાષામાં રચાયેલ સંગમ સાહિત્ય તેમજ દક્ષિણ ભારતમાં તેલુગુ, કન્નડ અને મલયાલમ ભાષામાં રચાયેલ સાહિત્યથી વિદ્યાર્થીઓ અવગત થાય તે હેતુ રહેલો છે.

### પ્રકરણ - ૬ ભારતીય ભાષાઓ અને સાહિત્ય - ૧

- *ભારતીય ભાષાઓઃ સંસ્કૃત ભાષાનું પ્રદાન*
- *વેદોઃ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ*
- *ઉપનિગાદો*
- *મહાકાવ્યોઃ રામાયણ અને મહાભારત*
- *ભગવદગીતા*
- *પુરાણો અને સ્મૃતિઓ*
- *પાલી, પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં બૌધ્ધ અને જૈન સાહિત્યઃ ત્રિપિટક અને જાતક કથાઓ.*
- *અન્ય સંસ્કૃતિ સાહિત્યઃ ધર્મસુત્રો, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, શુદ્રક, કાલિદાસ, બાણભટ્ટ, વૈદકશાસ્ત્ર પરના ગ્રંથો, કાશ્મીરમાં સંસ્કૃતિ સાહિત્ય.*
- *સંગમ સાહિત્ય*
- *તેલુગુ, કન્નડ અને મલયાલમ સાહિત્ય*

### પ્રકરણ-૭ ભારતીય ભાષાઓ અને સાહિત્ય-૨

- *ઉત્તર ભારતીય ભાષાઓ અને સાહિત્ય તથા ભાષાનો વિકાસઃ બોલચાલની અને લખવાની ભાષા, બ્રાહમીલિપિ, હિન્દી અને તેની બોલીઓ*
- *ઉર્દુ અને ફારસી સાહિત્ય*
- *હિન્દી સાહિત્ય*
- *બંગાળી, આસામી અને ઉડિયા સાહિત્ય*
- *પંજાબી અને રાજસ્થાની સાહિત્ય*
- *ગુજરાતી સાહિત્ય*
- *સિંધી સાહિત્ય*
- *મરાઠી સાહિત્ય*
- *કાશ્મીરી સાહિત્ય*
- *ખ્રિસ્તી મીશનરીઓનો ફાળોઃ મિશનરી શાળાઓ, કોલેજો અને લિથોગ્રાફિક પ્રેસનું પ્રદાન*

## વિભાગ-૪ ધર્મ અને તત્વજ્ઞાન

**કુલ ગુણ ૧૨**

**અભ્યાસના કલાકો : ૨૫**

### અભિગમ

*આ વિભાગનો હેતુ વિભિન્ન યુગોમાં ભારતીય ધર્મ અને તત્વજ્ઞાનને સમજવાનો છે. મહત્વપૂર્ણ ધાર્મિક પરંપરાઓ અને તત્વજ્ઞાનીય વિચારધારાઓ વિદ્યાર્થીઓ સમજે તે છે. આ વિભાગમાં મહત્વપૂર્ણ ધાર્મિક ચળવળો અને વિભિન્ન ધર્મોને વિભિન્ન યુગો પ્રમાણે સમજાવવામાં આવ્યા છે.*

### પ્રકરણ - ૮ પ્રાચીન ભારતમાં ધર્મ અને તત્વજ્ઞાન

- *પૂર્વવૈદિક અને વૈદિક ધર્મ*
- *રૂઢિવાદિતા સામે ધાર્મિક ચળવળો: બૌદ્ધવાદ અને જૈનવાદ*
- *મહત્વપૂર્ણ ધર્મો - વૈગણવવાદ, શૈવવાદ અને શાક્તવાદ*
- *લોકસંપ્રદાયો - યક્ષ અને નાગની પુજા*
- *દક્ષિણ ભારતમાં શૈવ અને વૈષ્ણવ ધર્મની ચળવળો*
- *વૈદિક તત્વજ્ઞાન - સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિકા, મીમાંસા અને અદ્વૈત*
- *તત્વજ્ઞાનની ચાર્વાક શાખા*
- *જૈન તત્વજ્ઞાન*
- *બૌધ્ધ તત્વજ્ઞાન*

### પ્રકરણ-૯ મધ્યકાલીન ભારતમાં ધર્મ અને તત્વજ્ઞાન

- *સુફી ચળવળ-ચિસ્તી અને સુહરાવરદી પરંપરાઓ, સુફી ચળવળનું મહત્વ*
- *ભક્તિચળવળ - ભકિતની નિર્ગુણ અને સગુણ શાખાઓ: કબીર, નાનક, મીરાંબાઈ અને અન્ય મહાન સંતોનું પ્રદાન.*
- *મધ્યકાલીન ભારતમાં તત્વજ્ઞાન- વિશિષ્ટાદ્વૈત, શિવાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, શુધ્ધાદ્વૈત*

### પ્રકરણ-૧૦ આધુનિક ભારતમાં ધર્મસુધારણાની ચળવળો

- *બ્રહમોસમાજ અને રાજારામ મોહન હોય*
- *પ્રાર્થના સમાજ અને રાનડે*
- *આર્ય સમાજ અને દયાનંદ સરસ્વતી*
- *રામકૃષ્ણમિશન અને સ્વામી વિવેકાનંદ*

- થિયોસોફીકલ સોસાયટી અને એનીબેસન્ટ
- અલીગઢ ચળવળ અને સૈયદ અહેમદખાન

## વિભાગ-૫ ચિત્રકળા, નિદર્શનકળાઓ અને સ્થાપત્ય

**કુલ ગુણ ૧૨**

**અભ્યાસના કલાકો : ૨૫**

### અભિગમ

ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા તેના કલાત્મક પાસાંઓમાં રહેલી છે. ચિત્રકળા, સ્થાપત્યો, સંગીત અને નૃત્ય ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગો છે. આ વિભાગ ભારતમાં વિભિન્ન કલાઓ, કલાતત્વોને વિદ્યાર્થીઓ સમક્ષ મુકી આપે છે. જેમાં ચિત્રકળા, હસ્તકલા કારીગીરી, સંગીત, નૃત્ય, નાટક, સ્થાપત્ય અને શિલ્પકલાનો સમાવેશ થાય છે.

### પ્રકરણ - ૧૧ ભારતીય ચિત્રકળા

- પ્રાચીન ભારતમાં કલાઃ હડપ્પીય સભ્યતાની સર્જનાત્મક ચિત્રકળા, બૌધ્ધધર્મ સાથે સંકળાયેલ ચિત્રકળાના નમુનાઓ, ગુફાચિત્રો, ચિત્રશાળા અને શિલ્પશાસ્ત્ર
- મધ્યકાલીન ભારતીય કળા, મુગલકાલીન ચિત્રકલા, પહાડી ચિત્રકળા
- આધુનિક ભારતમાં ચિત્રકળાઃ રવીન્દ્રનાથ ટાગોર અને અવનીન્દ્રનાથ ટાગોરની અસરો, નંદલાલ બોઝ, એમ.એફ.હુસેન અને અન્ય મહત્વપૂર્ણ ચિત્રકારો.
- સુશોભન કલાઃ રંગોળી, અલ્પાના, એૈપન, રંગાવલિ, કુલ્લમ અને મેંડના
- લોક ચિત્રકલાઃ મિથિલા ચિત્રકળા, કલમકારી ચિત્રશૈલી, વાર્લી ચિત્રશૈલી અને કાલીઘાટ ચિત્રશૈલી
- ભારતીય હસ્તકલા કારીગરીઃ રાજસ્થાનની બાંધણી, આંધ્રપ્રદેશની બીડરી અને પોચમપલ્લી સાડીઓ, તામિલનાડુનું કાંજીવરમ રેશમ, મૈસુરનું રેશમ અને ચંદન, આસામનું વાંસનું ફર્નિચર અને બંગાળનું માટીકામ.

### પ્રકરણ-૧૨ નિદર્શનકળાઓઃ સંગીત, નૃત્ય અને નાટક

- નિર્દશન કલાનો ખ્યાલઃ તેનો ટૂંકો ઈતિહાસ
- ભારતીય શાસ્ત્રીય સંગીતની મુખ્યધારાઓઃ હિંદુસ્તાની અને કર્ણાટકી
- આધુનિક ભારતીય સંગીત અને લોકસંગીત
- ભારતના નૃત્યોઃ નૃત્યોના વિભિન્ન પ્રકારો, આધુનિક ભારતના વિખ્યાત નૃત્યકારો
- નાટકઃ શાસ્ત્રીય અને લોકનાટક, આધુનિક થિયેટરનો ઉદભવ, નાટકના વિભિન્ન પ્રકારો, મહત્વપૂર્ણ નાટકો, નાટ્યવિદો અને લેખકો.

- માનવીના વ્યકિતત્વ વિકાસમાં નિદર્શનકલાઓનો પ્રભાવ.

**પ્રકરણ-૧૩ ભારતીય સ્થાપત્ય**

- સ્થાપત્યઃ તેનું મુળ અને ભારતીય સંદર્ભ
- ભારતીય સ્થાપત્યકલાનો વિકાસઃ પ્રાગૈતિહાસિક, હડપ્પીય સમય, ઋગ્વેદિકકાળમાં થયેલો તેનો વિકાસ, શરુઆતના ઐતિહાસિક સમયનો વિકાસઃ ગુફા સ્થાપત્ય, પહાડો કાપીને બનાવવામાં આવતા મંદિરો, મંદિર સ્થાપત્ય અને મુગલકાળમાં સ્થાપત્ય.
- સંસ્થાનવાદી સ્થાપત્ય અને આધુનિકકાળ

## વિભાગ-૬ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

**કુલ ગુણ ૧૦**

**અભ્યાસના કલાકો : ૩૦**

**અભિગમ**

સંસ્કૃતિના વિભિન્ન પાસાંઓની સાથે સાથે ભારતવાસીઓએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે પણ અનેક સોપાનો સર કર્યા છે. આ વિભાગમાં આવા મહત્વપૂર્ણ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના વારસાને તેના ઉદભવથી લઈ વિકાસના તબક્કાઓ સુધી સમજાવવામાં આવ્યા છે. સાથેસાથે ભારતના મહાન વૈજ્ઞાનિકોને અને તેમના સંશોધનોના પ્રદાનને છેક પ્રાચીનકાળથી લઈ આધુનિક કાળ સુધી વિદ્યાર્થીઓ સમક્ષ નિરૂપવામાં આવ્યા છે.

**પ્રકરણ - ૧૪ ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

- પ્રાચીન ભારતમાં વિજ્ઞાનની વિભિન્ન શાખાઓનો વિકાસઃ આર્યભટ્ટ અને વરાહમિહિરનું ખગોળશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં પ્રદાન, ચરક અને સુશ્રુતનું વૈદકશાસ્ત્રમાં પ્રદાન, ભૂગોળ અને ધાતુવિદ્યામાં પ્રાચીન ભારતે કરેલ વિકાસ.
- મધ્યકાલીન ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો વિકાસઃ ઈસ્લામી વિશ્વ અને યુરોપનું ભારતના વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકીય વિકાસમાં પ્રદાનઃ મકતબ, મદ્રેસા અને કારખાનાઓનો ઉદ્ભવ અને તેમનો આ ક્ષેત્રે ફાળોઃ ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર અને વૈદકશાસ્ત્ર જેવા ક્ષેત્રોમાં થયેલ વિકાસઃ કૃષિ ક્ષેત્રમાં થયેલ નવસંશોધનો અને તેનાથી નવીન પાકો તથા નવીન ખેત પદ્ધતિઓ અને નવીન સિંચાઈ પધ્ધતિઓનો થયેલ વિકાસ.
- આધુનિક ભારતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીઃ જેવી સંશોધન સંસ્થાઓનો વિકાસઃ એટોમિક એનર્જી કમિશનની સ્થાપના, અંતરીક્ષમાં મુકવામાં આવેલ ઉપગ્રહો, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીથી ભારતનો થયેલો વિકાસ.

**પ્રકરણ - ૧૫ પ્રાચીન ભારતના વૈજ્ઞાનિકો**

- ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર
- બોધાયન

- આર્યભટ્ટ
- બ્રહમગુપ્ત
- ભાસ્કરાચાર્ય
- મહાવીરાચાર્ય
- વિજ્ઞાન
- કણાદ
- વરાહમિહિર અન નાગાર્જુન
- પ્રાચીન ભારતમાં વૈદકવિજ્ઞાન(આયુર્વેદ અને યોગ)
- સુશ્રુત
- ચરક
- પતંજલિ અને યોગશાસ્ત્ર

**પ્રકરણ - ૧૬ પ્રાચીન ભારતના વૈજ્ઞાનિકો**

- મધ્યકાલીન ભારતના વૈજ્ઞાનિકો
- મધ્યકાળ દરમિયાન વિજ્ઞાનની શાખાઓ
- ગણિતશાસ્ત્ર
- જીવવિજ્ઞાન
- રસાયણશાસ્ત્ર
- ખગોળશાસ્ત્ર
- ચિકિત્સાશાસ્ત્ર
- કૃષિવિજ્ઞાન

**પ્રકરણ - ૧૭ આધુનિક ભારતના વૈજ્ઞાનિકો**

- શ્રીનિવાસ રામાનુજનઃબારનોલી નંબર પરનું સંશોધન
- સી. વી. રામનઃ રામન ઈફેક્ટ
- જગદીશચંદ્ર બોઝઃ ક્રિસ્કોગ્રાફ અને વાયરલેસ સાધનોની શોધ
- હોમી જહાંગીર ભાભાઃ ટી.આઈ.એફ.આર.નો શરુઆત, એટોમિક એનર્જી કમિશનના પ્રથમ ચેરમેન
- ડૉ. વિક્રમ સારાભાઈઃ મહાન ઉદ્યોગપતિ, પેનીસીલીન અને લશ્કરી સાધનોનું ઉત્પાદન શરુ કરાવનાર મહાન વૈજ્ઞાનિક, ઈન્ડિયન નેશનલ કમિશન ફોર સ્પેશ રીસર્ચના અધ્યક્ષ, થુમ્બા રોકેટ લોન્ચિંગ સ્ટેશનના

નિયામક, પદમભુષણ અને પદમવિભુષણથી સન્માનિત મહાન વૈજ્ઞાનિક.

- ડો.એ.પી.જે. અબ્દુલકલામઃ ભારતના ૧૧મા રાષ્ટ્રપ્રમુખ, જેવી વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાઓના વડા, ભારતને આત્મરક્ષણક્ષેત્રે લઈ જનાર મહાન વૈજ્ઞાનિક.

## વિભાગ-૭ શિક્ષણ

**કુલ ગુણ ૯**

**અભ્યાસના કલાકો : ૩૦**

### અભિગમ

શિક્ષણ એ સંસ્કૃતિનું વાહક છે. એકઠા થયેલા જ્ઞાનને સમાજના પછીના વર્ગ સુધી લઈ જનાર મહત્વપૂર્ણ માધ્યમ છે. પ્રાચીનકાળથી ભારતે શિક્ષણના ક્ષેત્રે મહત્વપૂર્ણ સોપાનો સર કર્યા છે. જેની અસર વિશ્વની અન્ય સભ્યતાઓ પર પણ ખાસ્સી પડી. આ વિભાગ ભારતમાં વિભિન્ન સમયે અમલમાં આવેલી શૈક્ષણિક પદ્ધતિઓનો ચિતાર આપે છે. એટલું જ નહિં આ ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન કરનાર મહાનુભાવોનું ચિત્રણ પણ કરે છે. સાથેસાથે વિદ્યાર્થીઓ આધુનિક ભારતીય શિક્ષણ પદ્ધતિઓની સાથે એ પૂર્વેની શિક્ષણ પદ્ધતિઓનું તુલનાત્મક અધ્યયન અને પરીક્ષણ કરી શકે છે તે પ્રકારે નિરૂપણ કરવાં આવ્યું છે.

### પ્રકરણ - ૧૮ ભારતમાં શિક્ષણ

- પ્રાચીન ભારતમાં શિક્ષણઃ વૈદિક આશ્રમો, મૌર્ય અને પશ્ચાતમૌર્યકાલીન શિક્ષણ સંસ્થાઓ અને પેઢીઓ, જૈન અને બૌદ્ધ મઠોમાં આપવામાં આવતું શિક્ષણ, ઘટીકાઓ અથવા તો કોલેજ, શિક્ષણનો ઉદ્દેશ, આવરી લેવામાં આવતા અભ્યાસક્રમો અને વિષયો, સ્ત્રીઓમાં શિક્ષણનું સ્તર.
- મધ્યકાલીન ભારતમાં શિક્ષણઃ મદ્રેસા અને મકતબ, પરંપરાગત અને તાર્કિક વિજ્ઞાનો, નવીન વિષયો તરીકે લોકપ્રસાશન, ભુમિતિ અને નામાપદ્ધતિ(એકાઉન્ટન્સી)નો ઉદય.
- આધુનિક ભારતમાં શિક્ષણઃ સંસ્થાનવાદી શિક્ષણ પદ્ધતિ, મેકોલેનો ફાળો, વુડનો ખરીતો, ભારતીય વિશ્વવિદ્યાલયોનો કાયદો.
- સ્વાતંત્ર્યોતર ભારતમાં શિક્ષણઃ પ્રાથમિક શિક્ષણઃ વૈશ્વિક પ્રવાહનો સાથે ભળતું ભારત, માધ્યમિક શિક્ષણ, રોજગારલક્ષી શિક્ષણ, ઉચ્ચશિક્ષણ, પ્રૌઢશિક્ષણ, પ્રૌદ્યોગિકીનું શિક્ષણ અને સામાજિક અનિવાર્યતા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, દુરવર્તી શિક્ષણ, પત્રવ્યવહાર દ્વારા શિક્ષણની પદ્ધતિઓ.

**કુલ ગુણ ૧૦**

**અભ્યાસના કલાકો : ૩૦**

**અભિગમ**

*ભારતીય સંસ્કૃતિને જાણવા માટે ભારતીય સમાજનું માળખું સમજવું અત્યંત આવસ્યક છે. આ વિભાગ ભારતીય સમાજના વિભિન્ન ભાગોનું પરીક્ષણ કરે છે. સાથેસાથે સમકાલીન ભારતના સામાજિક અને સાંસ્કૃતિક પાસાંઓ તથા સમસ્યાઓની ચર્ચા કરે છે.*

**પ્રકરણ - ૧૯ ભારતીય સામાજિક માળખું**

- *પ્રાચીન જનજાતિઓ, વર્ણ અને જાતિ*
- *અસ્પૃશ્યતા*
- *ગુલામી*
- *પુરૂષાર્થ, આશ્રમ અને સંસ્કાર*
- *યજમાની પ્રથા*
- *ભારતમાં કુટુંબ અને લગ્નસંસ્થા*
- *ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન*
- *ભારતમાં અનુસૂચિત જનજાતિઓ*

**પ્રકરણ - ૨૦ સમકાલીન ભારતની સામાજિક-સાંસ્કૃતિક સમસ્યાઓ**

- *જ્ઞાતિપ્રથા*
- *સ્ત્રીઓની સાથે સંકળાયેલી સમસ્યાઓ*
- *દહેજપ્રથા*
- *સ્ત્રીઓ અને સગીર બાળાઓની સમસ્યાઓ*
- *સ્ત્રીઓ સાથે થતી ઘરેલું હિંસા*
- *કોમવાદ*
- *વૃદ્ધોની સાથે સંકળાયેલ સમસ્યાઓ*
- *ગરીબી અને બેરોજગારી*
- *ભીખ*
- *બાળકોનું જાતિય શોષણ અને તેમની સમસ્યાઓ*

## વિભાગ-૯ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર

**કુલ ગુણ ૧૨**

**અભ્યાસના કલાકો : ૩૦**

### અભિગમ

*ઘણાં પ્રાચીનકાળથી ભારતીયો ભારત બહારના વિશ્વ સાથે સંકળાયેલા હતા. તેઓ દૂર સુધી મુસાફરી કરતા અને પોતાની સાંસ્કૃતિક છાપ વિશ્વભરમાં પ્રસરાવતા. ઈતિહાસના અનેક બનાવોમાં આપણને આવું જોવા મળે છે. અનેક વિદેશી મુસાફરો ભારતમાં આવ્યા છે અને અહીંથી ભારતીય સંસ્કૃતિના મહાનતમ તત્વોને પોતાના રાષ્ટ્રમાં લઈ જનારા વાહક બન્યા છે. વિશ્વની અનેક સભ્યતાઓમાં ભારતીય સભ્યતાએ પોતાનો સુર પુરાવ્યો છે. આ વિભાગ આવા સાંસ્કૃતિક આદાન-પ્રદાનને સ્પષ્ટ કરી ભારતીય સંસ્કૃતિનો વિશ્વભરમાં થયેલ પ્રસાર-પ્રચાર સમજાવે છે.*

### પ્રકરણ - ૨૧ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર

- *સાંસ્કૃતિક આદાન-પ્રદાનના માધ્યમોઃ- વેપારીઓ, શિક્ષકો, રાજદુત મંડળો, સેવાભાવી સંસ્થાઓ, ધર્માધિકારીઓ-સાધુઓ અને જીપ્સીઓ.*
- *મધ્ય અને પૂર્વ એશિયામાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર*
- *શ્રીલંકા અને દક્ષિણ પૂર્વ એશિયામાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર*
- *આરબ સભ્યતા સાથે ભારતીય સંસ્કૃતિનો સંપર્ક*
- *રોમ સભ્યતા સાથે ભારતીય સંસ્કૃતિનો સંપર્ક*
- *ભારતીય સંસ્કૃતિના વૈશ્વિક પ્રસારમાં વિદેશ વેપાર અને વહાણવટાનું પ્રદાન.*

# ભારતીય સંસ્કૃતિ અને વારસો
## (૨૨૩)
## પ્રશ્નપત્રનું માળખું

**વિષય: ભારતીય સંસ્કૃતિ અને વારસો** **કક્ષા: માધ્યમિક**

**કુલ ગુણ: ૧૦૦** **સમય: ૩ કલાક**

**૧. ઘટકોનો ભારાંક**

| ઘટકો | ગુણ | કુલ ગુણમાં તેનો હિસ્સો |
|---|---|---|
| *જ્ઞાન* | ૫૦ | ૫૦% |
| *સમજણ* | ૩૦ | ૩૦% |
| *વિનિયોગ* | ૨૦ | ૨૦% |
| | **૧૦૦** | **૧૦૦%** |

**૨. પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ભારાંક**

| પ્રશ્નોનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | પ્રશ્નના ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|
| *લાંબા પ્રશ્નો* | ૫ | ૮ | ૪૦ |
| *ટૂંકા પ્રશ્નો* | ૯ | ૪ | ૩૬ |
| *વધુ ટૂંકા પ્રશ્નો* | ૮ | ૨ | ૧૬ |
| *વૈકલ્પિક પ્રશ્નો* | ૮ | ૧ | ૮ |
| | ૩૦ | | ૧૦૦ |

**૩. વિષયવસ્તુનો ભારાંક**

| ક્રમ | વિભાગ | ગુણ |
|---|---|---|
| ૧. | *સંસ્કૃતિ* | ૧૦ |
| ૨. | *વિભિન્ન યુગોમાં ઈતિહાસ અને સંસ્કૃતિ* | ૧૫ |
| ૩. | *ભાષા અને સાહિત્ય* | ૧૦ |
| ૪. | *ધર્મ અને તત્વજ્ઞાન* | ૧૨ |
| ૫. | *ચિત્રકળા, નિદર્શનકળાઓ અને સ્થાપત્ય* | ૧૨ |
| ૬. | *વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી* | ૧૦ |
| ૭. | *શિક્ષણ* | ૦૯ |
| ૮. | *સામાજિક માળખું* | ૧૦ |
| ૯. | *ભારતીય સંસ્કૃતિઓ વિદેશોમાં પ્રસાર* | ૧૨ |
| | **ગુણ** | **૧૦૦** |

# નમુનાનું પ્રશ્નપત્ર

## ભારતીય સંસ્કૃતિ અને વારસો (૨૨૩)

### માધ્યમિક અભ્યાસક્રમ

**મહત્તમ ગુણ : ૧૦૦** **સમય : ૩ કલાક**

૧. ખરોષ્ઠી લિપિ કેવી રીતે લખવામાં આવતી. ૧

(અ) જમણેથી ડાબે (બ) ડાબેથી જમણે

(ક) ઉપરથી નીચે (ડ) નીચેથી ઉપર

૨. પ્રાચીન ભારતમાં જૈનો અને બૌધ્ધો શિક્ષણનો પ્રસાર કરવા કયા માધ્યમનો ઉપયોગ કરતા. ૧

(અ) મંદિરો (બ) મઠો

(ક) શાળાઓ (ડ) પંચાયત ગૃહો

૩. દહેજ પ્રતિબંધક ધારો કયારે પસાર થયો ? ૧

(અ) ૧૯૫૧ બ) ૧૯૭૧

(ક) ૧૯૬૧ (ડ) ૧૯૮૧

૪. સ્ત્રીભ્રુણ હત્યા એટલે શું ?

(અ) પુરુષ બાળકની હત્યા (બ) સ્ત્રીબાળની હત્યા

(ક) માતાની મનોયાતના (ડ) અપર માતાની હત્યા

૫. સુક્ષ્મ કુટુંબ એટલે શું ? ૧

(અ) પતિ, પત્નિ અન (બ) માત્ર પતિ

(ક) માત્ર પત્ની (ડ) દાદા દાદી

૬. ઉપનયન સંસ્કાર એટલે શું ? ૧

(અ) મૃત્યું વેળાની વિધિ (બ) અંતિમ સંસ્કાર

(ક) જનોઈ આપવાની વિધિ (ડ) પ્રદુષણ માપવાની પદ્ધતિ

૭. બૌધ્ધ મતની મહાયાન અને હિનયાન શાખાઓમાં વૈચારિક મતભેદનું કારણ આપો. ૧

(અ) યુધ્ધ (બ) અસ્પૃશ્યતા

(ક) મૂર્તિપુજા (ડ) બાળકોનું શોષણ

૮. ઉત્તર ભારતીય કવિઓમાં કબીર પોતાના ઉપદેશોથી કઈ રીતે અલગ તરી આવે છે ? ૧

(અ) એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહેતા અને ધર્મની કોઈ સંસ્થામાં ન માનતા.

(બ) એક જ જગાએ રહેતા અને ધાર્મિક સંસ્થાઓમાં

(ક) ફરતા રહેતા અને ધાર્મિક સંસ્થાઓમાં માન્યતા ધરાવતા

(ડ) એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહેતા અને ધર્મની કોઈ સંસ્થામાં ન માનતા

૯. સંગમ સાહિત્યને ખ્યાતિ અપાવનાર બે કારણોની ચર્ચા કરો. ૨

૧૦. ઈન્ડોઈસ્લામિક સ્થાપત્ય કલાની ચાર લાક્ષણિકતાઓ જણાવો. ૨

૧૧. ૧૯મી સદીમાં મુસ્લિમ સમાજમાં શૈક્ષણિકક્ષેત્રે સૈયદ અહેમદખાનનું પ્રદાન સ્પષ્ટ કરો. ૨

૧૨. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે ડો.એ.પી.જે. અબ્દુલ કલામની સિદ્ધિઓ ટૂકમાં ચર્ચો. ૨

૧૩. આધુનિક સમયમાં કૃષિક્ષેત્રે વિદેશીઓએ કરેલ સંશોધનો અને નવીન પાકો જણાવો. ૨

૧૪. તમે કેવી રીતે કહી શકશો કે પ્રાચીન ભારત ચિકિત્સાવિજ્ઞાન ક્ષેત્રે સારું જ્ઞાન ધરાવતું હતું. ૨

૧૫ સંસ્કૃતિ સાથે શિક્ષણ કેવી રીત સંકળાયેલું છે ? ૨

૧૬. ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે શા માટે પ્રાથમિક શિક્ષણ ફરજીયાત બનાવવામાં આવ્યું છે. ૨

૧૭. ઘરેલુ હિંસા વિશે તમે શું સમજો છો ? ૪

૧૮. પ્રાચીન ભારતમાં જૈનધર્મ અને બૌધ્ધ ધર્મના ઉદય પાછળ જવાબદાર કોઈપણ ચાર કારણોની ચર્ચા કરો. ૪

૧૯. ૧૮મી સદીના આરંભમાં ઉર્દુ ભાષા કેવી રીતે વિખ્યાત થઈ ? ૪

૨૦. ભારતમાં સાહિત્યના વિકાસમાં ખ્રિસ્તી મિશનરીઓનો ફાળો સમજાવો. ૪

૨૧. પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ભારતની સ્થાપત્ય કલામાં આવેલા પરીવર્તનો સ્પષ્ટ કરો. ૪

૨૨. લશ્કરી શસ્ત્રસરંજામની બનાવટને ક્ષેત્રે મુગલકાલીન ભારતમાં થયેલ કાર્યો વિશે નોંધ કરો. ૪

૨૩. ઈ.સ. ૧૮૫૪ થી ઈ.સ. ૧૯૦૪ સુધી ભારતમાં શૈક્ષણિક સુધારા ક્ષેત્રે થયેલ પ્રયાસો ચર્ચો. ૪

૨૪. પ્રાચીન સમયમાં પશ્ચિમ એશિયામાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ સ્પષ્ટ કરો. ૪

૨૫. ભારતમાં એક જનજાતિ બીજી જનજાતિથી કઈ રીતે અલગ તરી આવે છે ? ૪

૨૬. છેક પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિએ વિવિધતામાં એકતા સુત્રને કેવી રીતે સાર્થક કર્યુ છે સમજાવો. ૮

૨૭. મધ્યકાલ દરમિયાન સામાજિક અને ધાર્મિક સુધારણા ચળવળે ભારતીય સમાજમાં કરેલ પરીવર્તનોની સવિસ્તર ચર્ચા કરી તેનું પ્રદાન સ્પષ્ટ કરો. ૮

૨૮. પ્રાચીન ભારતમાં ષડદર્શનથી ખ્યાત છ જુદાં જુદાં પ્રકારની તત્વજ્ઞાનીય શાખાઓ જણાવી કોઈ પણ એક વિશે સવિસ્તર નોંધ તૈયાર કરો. ૮

૨૯. ભારતમાં યુરોપીયનોના આગમનથી નાટ્યવિદ્યાક્ષેત્રે આવેલ પરીવર્તનો સ્પષ્ટ કરો. ૮

૩૦. ચીન અને દક્ષિણ પૂર્વ એશિયામાં ભારતીય સંસ્કૃતિના પ્રસારમાં ભારતીય વેપારીઓ અને ધર્માધિકારીઓના ફાળાનું મૂલ્યાંકન કરો. ૮